No Pages to Display

.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૪ મું
સંવત ૧૯૯૫

અંક ૧ લો
ફાલ્ગુન

:તંત્રીઓ:

જિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ બાળકને પોષણ આપે છે; છતાં તેઓ કદી પણ કહેતાં નથી કે અમે તમારે માટે આટલું બધું કરીએ છીએ.

ફૂલો, વૃક્ષો, પક્ષીઓ, પશુઓ બાળકના વિકાસમાં સહાય આપે છે; છતાં તેઓ કદી પણ કહેતાં નથી કે અમે તમારે માટે આટલું બધું કરીએ છીએ.

તેઓએ કદી પણ બદલો માગ્યો નથી; પણ માણસો વારંવાર બાળકને કહી સંભળાવે છે કે અમે તમારે માટે આટલું બધું કરીએ છીએ, આટલું બધું કરીએ છીએ.


તેઓએ વારંવાર બાળકો પાસેથી બદલો પણ માગેલો છે.

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

P
0.50
SH1-14
22971

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR
22971

આ પુસ્તક



શિક્ષણ પત્રિકા

(મોન્ટેસોરી સંઘ)

વર્ષ ૧૪ મું
સંવત ૧૯૯૫

અંક ૧ લો
ફાલ્ગુન

:તંત્રીઓ:

જિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ બાળકને પોષણ આપે છે; છતાં તેઓ કદી પણ કહેતાં નથી કે અમે તમારે માટે આટલું બધું કરીએ છીએ.

ફૂલો, વૃક્ષો, પક્ષીઓ, પશુઓ બાળકના વિકાસમાં સહાય આપે છે; છતાં તેઓ કદી પણ કહેતાં નથી કે અમે તમારે માટે આટલું બધું કરીએ છીએ.

તેઓએ કદી પણ બદલો માગ્યો નથી; પણ માણસો વારંવાર બાળકને કહી સંભળાવે છે કે અમે તમારે માટે આટલું બધું કરીએ છીએ, આટલું બધું કરીએ છીએ.

તેઓએ વારંવાર બાળકો પાસેથી બદલો પણ માગેલો છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૪] ફાલ્ગુન ૧૯૯૫ [અંક ૧

મનનો ૨૨૭૧

બીજાઇને ખુશામત કરવી, ગાળ દઇને માફી માગવી, ભૂલ કરીને પસ્તાવું, ખોટું બોલીને છુપાવવું, આ બધું બાળકોને શીખવ્યા જેવું તો નથી જ.

: ૨ :

પોતાનાં બે બાળકોમાં એકનાં વખાણ કરવાં અને બીજાની નિંદા કરવી એ પણ કર્યા જેવું તો નથી જ.

: ૩ :

ઘરનાં બાળકોમાં ભેદ પાડી તેમનામાં ઈર્ષ્યા, દ્વેષ અને કજીયો દાખલ કરવા એ પણ કરવા જેવું તો નથી જ.

: ૪ :

ઘડીક પોતાનાં બાળકોને અને ઘડીક બીજાંનાં બાળકોને નિંદવા જેવું પણ નથી જ.

: ૫ :

અનુકૂળતાએ બાળકોને રાજી કરવાં અને અનુકૂળતાએ તેમને કરાજી કરવાં એ પણ કરવા જેવું તો નથી જ.

: ૬ :

બીજાનાં બાળકોને ચડીઆતાં જોઈ પોતાનાં બાળકોને ઉતારી પાડવા જેવુંય નથી.

બાળકને પોતાના ગુસ્સાના, શોકના અને વિચિત્ર મનની સ્થિતિના વારંવાર ભોગ કરવા જેવું તો કદી પણ નથી.

: ૭ :

અવ્યવસ્થાથી મન અશાંત થાય છે. મન અશાંત હોય તો મગજ શાંત નહિ, અને મગજ શાંત નહિ તો વાણી શાંત નહિ.

: ૮ :

નવો શિક્ષક થવા માટે નવું મનુષ્યત્વ પ્રાપ્ત કરવું પડે છે. આ નવું મનુષ્યત્વ એટલે મનુષ્યની ઉત્કૃષ્ટ શક્તિની ખીલવણી.

: ૯ :

અણીદાર ખીલેા લાકડામાં ઝટ પેસે છે. અણીદાર એકાગ્રતા અભ્યાસમાં તુરત જ પેસે છે.

: ૧૦ :

અનેક શિક્ષા ગુરુઓમાં ત્રણ શિક્ષા ગુરુઓ ઉત્તમ છે. આ ત્રણ ગુરુઓ સંતસમાગમ, યાત્રા અને ગ્રંથવાચન છે, ત્રણે ગુરુઓ અભિમુખ શિષ્યને જ્ઞાન, વિજ્ઞાન અને કલ્યાણનેા માર્ગ બતાવે છે.

અ • નુ • ક્રં • મ

૧ મનનેા . . . . ગિ. ૨
૨ માતાના સંકલ્પેા . ગિ. ૩
૩ અમારા વાચકેાને . તં. ૩
૪ બાલમંદિરના શિક્ષકેાને ગિ. ૪
૫ બાલમંદિર કાઢનારાઓને ગિ. ૫
૬ બાલમંદિરના આચાર્યને પત્ર. . . . . ગિ. ૮
૭ આપણાં બાલસામાયિકેા અને બાલવિભાગેા . ગિ. ૧૦
૮ નૂતન ગણિતશિક્ષણ . શં. ૧૨
૯ બાળકેા માટે સંગ્રહસ્થાન વિ. ૧૬
૧૦ આપણાં બાળમંદિરેા . ૧૭
૧૧ સાભાર સ્વીકાર . . તં. ૧૭
૧૨ શિક્ષણ સમાચાર . તં. ૧૮

માતાના સંકલ્પો

જેમુઆરી.

૧ હું માતા છું. હું બાળકની અને જગતની માતા છું.
૨ હું બાળકને નિરોગી શરીરમાંથી નિરોગી દૂધ આપીને પોષીશ.
૩ હું બાળકને નિર્મળ મનમાંથી નિર્મળ માનસ આપી પોષીશ.
૪ પ્રાણવાન આત્મામાંથી બાળકને તેજસ્વી એવા પ્રાણ આપીશ.
૫ ગૃહની સ્વામિની તરીકે હું મારા બાળકને સર્વ પ્રકારની અનુકૂળતા આપીશ.
૬ મારા ઘરમાં મારા ને મારા પતિના સ્થાન કરતાં ઊંચું સ્થાન બાળકનું સમજીશ.
૭ મારા પ્રત્યેના મારા પતિના પ્રેમની પ્રત્યક્ષ પ્રતિમા તરીકે મારા બાળકને ઓળખીશ.
૮ પ્રેમની પ્રતિમા રૂપી બાળકને હું મારી સર્વ ક્રિયાઓ સમર્પિત કરતી રહીશ.
૯ બાળકને હું અંતર્બાહ્ય સંપૂર્ણ રીતે સમજવા પ્રયત્નશીલ રહીશ.
૧૦ બાળક સંબંધેની મારી સર્વ સમજણ હું મારા પતિને કહીશ.
૧૧ મારી નિર્બળતા કે મારાં અજ્ઞાનને લીધે બાળકને હું કદી પણ વઢીશ કે ધમકાવીશ નહિ.
૧૨ મારા પતિને હું બાળક પ્રત્યે રોષ કરતા અગર તેને વઢતા કે ધમકાવતા વારીશ.
૧૩ મારા મહેમાનો અને સગાંસંબંધીઓને હું બાળક પ્રત્યે કેમ વર્તવું તે બતાવીશ.
૧૪ મારા બાળક માટે હું જાતે તપાસ કરી ઉત્તમમાં ઉત્તમ શાળા પસંદ કરીશ.
૧૫ મારા બાળકના વિકાસ ખાતર હું તે શાળાના બધા નિયમો પાળીશ અને શિક્ષકની સાથે સહકાર કરીશ.
૧૬ મારા પતિએ મને આપેલા પ્રેમધનરૂપી બાળકને હું મારા પ્રાણ-

અમારા વાચકોને

ઈશ્વરકૃપાએ તેરમું વર્ષ પૂરું કરી આપણે ચૌદમા વર્ષમાં પ્રવેશીએ છીએ. ચાલો આપણે તેને નમીએ અને તેની અમીદૃષ્ટિ માગીએ.

પહેલી વિનતિ પત્રિકાના વાચકો વધારવાની છે. ધ્યાન ઉપર અને હાથ ઉપર લેશો.

બીજી વિનતિ પત્રિકા સબંધે અવારનવાર અમને સૂચન આપ્યા કરવાની છે.

ત્રીજી વિનતિ હરિજનવાચકોને માટે પત્રિકાઓ પહોંચાડવા માટે મદદ મોકલવાની છે. પત્રિકાની તેમજ હરિજનની આ પણ એક સેવા છે.

તમારાં બાળકોને અમારો છેલ્લો લેટ અંક કેવો ગમ્યો તે તમે અથવા બાળકો લખે તો સારું.

આપના તંત્રીઓ

થી પણ સદૈવ ચાહીશ.

૧૭ બાળકના આરોગ્ય અને વિકાસને અનુકૂળ મારા ઘરમાં રસોઈ થશે.

૧૮ બાળકના વિકાસનું હિત લક્ષમાં રાખીને જ હું ઘરના નોકરો ચાકરો પસંદ કરીશ.

૧૯ બાળકને હું ખોટાં કૌટુમ્બિક બંધનોમાંથી બચાવવા પ્રયત્ન કરીશ.

૨૦ બાળકને હું સામાજીક કુરૂઢીઓ ને વ્હેમોમાંથી બચાવવા પ્રયત્ન કરીશ.

૨૧ બાળકને બચાવવા ખાતર પ્રથમ હું મારી આસપાસનાં વિવિધ બંધનોમાંથી મુક્ત થઈશ અને મારા પતિને પણ મુક્ત કરીશ.

૨૨ બાળકને સમજવા ખાતર હું નિરંતર વાંચીશ, વિચારીશ અને જરૂર પડશે તો હું ભણીશ.

૨૩ બાળક મને આધીન ન રહેતાં પોતે સ્વાધીન થાય તેવી રચના હું મારા ઘરમાં રચીશ.

૨૪ બાળક વહેલી તકે પરાવલંબી મટે, સ્વાવલંબી થાય તે માટે હું તમામ યોજનાઓનો અમલ કરીશ.

૨૫ બાળકને કોઇની નાની નાની સેવા કરતું, કોઇને ઉદાર થઈ આપતું, કોઇની મૈત્રી કરતું, કોઇને માટે દુઃખી થતું રોકીશ નહિ.

૨૬ બાળકને હું સર્જનાત્મક પ્રવૃત્તિ કરતું રોકીશ નહિ અને તેને વારંવાર ટોકીશ નહિ.

૨૭ બાળકની ખાતર હું બદલાઈશ. મારી ખાતર તેને બદલીશ નહિ.

૨૮ બાળકને ખાતર હું મારી અપૂર્ણતાઓ દૂર કરીશ અને તેમ કરી હું તેને પૂર્ણ કરીશ. બાળકને માટે હું મારૂં જીવન એક પ્રકારનો યજ્ઞ સમજીશ.

ગિ.

બાલમંદિરના શિક્ષકોને

તમે સૌ ભાઇબેનો જુદે જુદે સ્થળે બાળકોને મદદ આપવા બેઠેલાં છો. બાલમંદિરનાં સુંદર કામ ઉપર તમારી બધી ફત્તેહનો આધાર છે. બાલમંદિરના કામ પાછળ તમે તમારી સમગ્ર શક્તિને રોકશો તો જ તમારે માટે ફત્તેહ છે. પણ એટલું કરવાની સાથે જ તમારે આજુબાજુનાં બાળકો કે જેઓ બાલમંદિરમાં નથી આવતાં તેમને તમારે ભૂલવાનાં નથી. તેમને માટે તમે પંદર દિવસે એક દિવસ આપો. તેમને તમે કુદરતમાં ફરવા લઈ જાઓ, રમાડો, સૃષ્ટિનિરીક્ષણ કરાવો, ગવડાવો, વાર્તા સંભળાવો, અને ભણતરથી થાકેલાં તેમનાં શરીર તથા મનને પાછાં તાજાં કરો. બાલમંદિરમાં ભણતાં બાળકોને થાક ઉતારવાપણું નથી. કામ તેમનો આનંદ છે. આનંદને લીધે થાક લાગતો નથી. પણ જ્યાં પરાણે ભણવાનું છે ત્યાં આનંદ મળતો નથી, પણ ખૂબ થાક લાગે છે. પ્રાથમિક શાળાની જૂની ઘરેડમાંથી પ્રાથમિક શાળાના શિક્ષકો, શાળાઓ અને નિશાળીઆઓ છૂટે નહિ ત્યાં સુધી આપણે તેને વારંવાર તાજા કર્યા કરીએ અને દુકાળમાં જેમ રાહત પહોંચાડવામાં આવે છે તેમ તેમને

રાહત પહોંચાડીએ. બની શકે તો તમે ગામનાં બાળકોને માટે ક્રીડાંગણો કાઢો. જેમ ગ્રામશિક્ષકે આખા ગામનું પરિવર્તન કરવાનું છે તેમજ બાલશિક્ષકે પોતાની આજુબાજુની બાલદુનિયામાં અગત્યના ફેરફારો કરવાનું છે. જ્યાં જ્યાં બાળકો હોય, તેમનાં જીવન હોય, તેમનાં સુખ દુઃખો હોય ત્યાં ત્યાં તમારે પહોંચી જઈ તેમને મદદ કરવાની છે. બાલશિક્ષકની યોગ્યતા અને પ્રતિષ્ઠા ત્યારે જ સાચી ઠરશે અને વધશે.

ગિ.

બાલમંદિર કાઢનારાઓને

સદ્‌ભાગ્યની વાત છે કે બાલમંદિરો નીકળવા લાગ્યાં છે. બાલમંદિર એટલે માતા અને પિતાઓની બાળકો પ્રત્યેની મમતા. બાલમંદિર એટલે બાળકેળવણી પરત્વે લોકોની જાગૃતિ. બાલમંદિર એટલે રાષ્ટ્રની, પ્રજાસમગ્રની કેળવણીની દીર્ઘ દૃષ્ટિ. બાલમંદિર એટલે રાષ્ટ્રના વિદ્યામંદિરનો બાતમુહૂર્તનો પત્થર.

એટલા જ માટે બાલમંદિર નીકળે છે એ સદ્‌ભાગ્યની વાત છે અને બાલમંદિર કાઢનારાઓને અભિનંદન ઘટે છે. પણ તેની સાથે જ બાલમંદિર કાઢનારાઓને ચેતવણી પણ ઘટે છે.

પહેલી ચેતવણી એ છે કે કોઇ પણ બાલમંદિર કાઢનાર વ્યક્તિ, કે મંડળ, કે સંસ્થાએ પ્રથમ બાલમંદિરને બરાબર ચલવે તેવો શિક્ષક પસંદ કરવો જોઇએ.

જેને પસંદ કરવામાં આવે તે બાલમંદિરનો શિક્ષક થતો નથી. જેને ગળ્યું કહીને બોલાવે તે ગોળ થતો નથી. દરેક કામ માટે તેનો જાણકાર જરૂરનો છે, તેમજ બાલમંદિર માટે પણ તેનો જાણકાર જરૂરનો છે. પસંદગી કરનારે તાલીમ પામેલા શિક્ષકને જ લેવો. તાલીમનો અર્થ તાક્ષીમ. જે કોઈ કહે કે હું તાલીમવાળો તે નથી ચાલતું. તાલીમ પામેલા ગવૈયા અને નહિ તાલીમ પામેલા ગવૈયામાં તફાવત છે. બાલમંદિર કાઢનારાઓએ તપાસ કરી લેવી કે તાલીમખાનાં ક્યાં છે, તાલીમ કેવી રીતે મળે છે, તાલીમનાં નિશાનો અને સાબીતી શી છે અને તાલીમ પામેલો કોને કહેવો. જ્યારે કોઈ વસ્તુની માગણી વધે છે ત્યારે જોઈતો માલ બજારમાં બડો થવા આવે છે પણ તે બધો વેચાવા યોગ્ય છે કે નહિ તે તો કુશળ વેપારીઓ નક્કી કરે છે અને ગમે તેવા સારા કોથળામાં સારા લેબલવાળો માલ અંદરથી જો બરાબર નથી હોતો તો તે પડ્યો રહે છે.

મતલબ યૂરોપ, અમેરિકા કે હિંદમાં કોઈ પણ ઠેકાણે બાલશિક્ષણમાં તાલીમ પામેલો શિક્ષક એ પ્રથમ જરૂરીઆત છે. મકાન પછી, સાધનો પછી, બાળકોની સંખ્યા પછી, મહેમાનો પછી, રિપોર્ટ પછી, બધું પછી; પણ પહેલું શિક્ષકની પસંદગી.

હવે બીજી વાત. દુનિયાનો નિયમ પસંદગીમાં પણ લાગુ પડે છે. સસ્તું એટલું બોંદું એ વાત ચોક્કસ છે. શિક્ષકને રાખવો નહિ અને રાખવો તો પગાર પૂરતો આપવો, પૂરતો એટલે હજાર એ હજાર તો નહિ. જો કે કોઈ

આપે તો હું તો રાજી થાઉં અને જરૂર આપનારને બહાદુર ગણું. પણ પૂરતો એટલે માણસ શિક્ષક તરીકે સભ્ય, માન મરતબાવાળી જીંદગી ગાળે તેટલો, શિક્ષકનો ઘરવ્યવહાર શાંતિથી અને શિષ્ટતાથી ચાલે તેટલો, શિક્ષકની વ્યવહારિક જીંદગી સરળતાથી ચાલી જાય તેટલો, શિક્ષકનાં બાઈડી છોકરાં લાંબી નોકરીને અંતે પણ રખડે નહિ એટલો. શિક્ષક પણ માણસ છે અને તેને પણ જોવું, જાણવું, ફરવું, હરવું, પહેરવું, ઓઢવું હોય તે બધું તેનાથી પ્રમાણિકપણે, કોઈના ઓશિયાળા થયા વિના અને તેટલો. કાંઈ લાખ બે લાખ રૂપિયા શિક્ષકને આપી દેવા પડતા નથી. પણ કેટલાક લોકો કઢી માટે વરો બગાડે છે તેમ એક સારા શિક્ષક માટે આખું શિક્ષણ અને બાળકનું હિત બગાડે છે. મકાનોમાં હજારો રૂપિયા ખર્ચવા તત્પર થએલા માણસે શિક્ષક પાછળ સેંકડો રૂપિયા તો ખર્ચવા જ જોઇએ. બી વાવવામાં મહેનત કર્યા પછી પાણી પાવાની મહેનત ન કરવાથી બી નકામું જાય છે, તેમજ હજારો રૂપિયાના મકાનો ચણી નાખી સાધારણ માસુલી, ઓછા પગારનો શિક્ષક બેસારી દેવાથી પૈસા પાણીમાં જાય છે. એટલે પૂરી પસંદગીવાળો શિક્ષક બેસાડી તેને પૂરતો પગાર આપવો. જે શિક્ષક ઓછામાં આવી કામ કરી દેવાની મીઠી વાત કરે, 'મને રાખો અને પેલાને ન રાખો; કારણકે હું સસ્તો છું, હું ઓછો પગાર લઇશ' એમ કહે, જે શિક્ષક પોતાના બોજા પ્રમાણે પગાર ન લે પણ ગમે તે આપો તે સ્વીકારવા ઉભો થાય તે નકામો છે એમ માનવું. તે સસ્તો પડતાં નકામો જશે. તે માત્ર પોતાનું પેટ જ ભરવા થોડા પગારની વાત કરે છે કે તેની જરૂરીઆતો જ એટલી છે એટલે તે ઓછો પગાર લે છે, કે તે કેવળ સેવાભાવી છે માટે તે ઓછો પગાર લે છે તે જોવું જોઇએ જ. વધારે એમ નહિ પણ પૂરતો પગાર લેનારા શિક્ષકો નચિંત રહેવા માગે છે, સ્થિર રહેવા માગે છે, વફાદાર રહેવા માગે છે. જ્યારે ઓછે પગારે અણછૂટકે નોકરી સ્વીકારનારા શિક્ષકો રહે છે ત્યારથી કે પહેલેથી જ બીજે વધારે પગારની નોકરીનું ચિંતન—નહિ કે બાળકોનું—હોય છે અને કરવાના હોય છે. જરા વધારે પગાર મળતાં તેઓ બીજે ચાલ્યા જશે અને શાળાનાં મોટાં મકાનો અને બાળકોનું વારંવારની બદલાબદલીથી હિત બગડશે. બાલશિક્ષક મકાન સાચવનાર કે બાળકો પૂરનાર માણસ નથી. તેના પગારની વાત દુકાને બેઠેલા કારકુનને સામે રાખીને જોવાની નથી. ડાહ્યા માણસોએ તો શિક્ષક કાયમ રહે તે જ વાત લક્ષમાં રાખી તેને સારા પગારો પહેલા આપવા, તેને ગ્રેડ બાંધી દેવા, તેને પ્રમોશન આપવાં, વગેરે સ્થિરતા અને સ્વાસ્થ્ય અને નચિંતપણાના લાભો આપવા. એમ ન કરવું હોય તો મકાનો બાંધવાં નહિ,- થોડા પણ પૈસા ખર્ચવા જ નહિ, આ કામ જ ઉપાડવું નહિ. ઘી, ગોળ, મશાલો, અનાજ વગેરે બરાબ રસોયા અગર ઓછા રોજે આણેલા રસોયા રાખીને તો અણસમજુજ માણસો બગાડે. સમજુ તો રસોયા પાછળ પૂરતા પૈસા ખરચે. લોકો કહે છે કે સારી ઘરવાળી હોય તો ધૂળમાંથી ધાન કરે અને મૂરખ હોય તો ધાનની ધૂળ કરે.

બાલમંદિરોમાં જ્યાં પસંદગી બરાબર નથી થઈ, જ્યાં ઓછા ખર્ચે સસ્તા શિક્ષકો લેવામાં આવેલ છે, ત્યાં મકાનોની કિંમત બરબાદ જાય છે અને શિક્ષણનાં સાહિત્યો ધૂળ ખાતાં રઝળે છે. બાલમંદિર કાઢનારોઓને ખબર નથી હોતી કે સારૂં કામ શું છે. તેઓ બાલમંદિર કાઢવાનો સંતોષ લઈને જે બેસી જાય અને શિક્ષકો સસ્તા લાવે તો તેના આશયો પાર પડે નહિ. દુકાનનું મોટું ભાડું ભરવાથી દુકાન ન ચાલે, પણ સારો માલ ભરવાથી દુકાન ચાલે. એવું ઝટ ઝટ ઉત્સાહમાં આવી મકાનો અને સાહિત્યો માટે પૈસા ખર્ચી નાખી પછી ઉતરતી શક્તિવાળા, સસ્તા શિક્ષકો રાખી બાલમંદિરો કાઢવાનો મોહ છોડી દેવો જોઈએ. એમાં બાળકોનું ભલું નથી. એમાં બાલમંદિરોનો પ્રચાર પણ નથી. એમાં તો ઉલટું બાલમંદિરોનું અપમાન છે.

હવે બીજી વાત. સાધનોનો કેટલો ખર્ચ થશે વગેરે માટે કેટલા પૈસા જોશે એ પ્રશ્ન પહેલો નથી, પણ સારો શિક્ષક, પૂરતા પગારવાળો શિક્ષક મેળવ્યા પછી નચિંતપણે તેના હાથમાં બધું મૂકી દેવું. જે સાચો જાણકાર છે અને પગારથી સંતોષ પામેલો છે તે બધા જ વિચાર વિવેકથી, તનમનથી કરશે. તે તાલીમ પામેલો છે તો પછી તેની તાલીમમાં કેટલાં સાધનો, કેવાં સાધનો વગેરે બધું તે શીખેલો છે. કારીગરને ઘેર બેસાડ્યો પછી તો તેને પૂછવું, 'બોલ ભાઈ શું અને કેટલું જોશે?' પણ આપણે તો ઉંધું કરીએ છીએ. પ્રથમ મકાન, પછી સાધનો અને પછી જે મળ્યો તે શિક્ષક.

યોગ્ય શિક્ષક મળ્યા પછી બાળકોની સંખ્યાના પ્રમાણમાં અને ગામની સંપત્તિના પ્રમાણમાં મકાનો, સાધનો, ફી વગેરેના નિયમો વગેરે વગેરે ઊભું કરવું.

વળી એક બીજી વાત. બાલમંદિર કાઢીને વ્યવસ્થાપકોએ તેના વહિવટ માટે અંદર અંદર લડવાનું નથી. બાલમંદિર નાતની વાડી જેવું નથી. તે આજકાલના મંદિરોના મકાન જેવું પણ નથી. મિલ્કત અને તેના વહિવટ માટે લડવાની પ્રથા બાલમંદિરને લાગુ પાડવી નહિ. કાઢનારાઓએ એકસંપથી બાળકોનું અને ગામનું ભલું કરવાના શુદ્ધ હેતુથી બાલમંદિર કાઢવું હોય તો જ કાઢવું. બાલમંદિર વ્યવસ્થાપકોએ આબરૂ લેવા માટે નથી તેમજ પોતાના સંગાંવહાલાંને માટે નાનીમોટી જગા કરવાને માટે પણ નથી. બાલમંદિરના નોકરો વહિવટદારોના નોકરો અને તેની ખુશામત કરે તે માટે પણ બાલમંદિર નથી. બાલમંદિર તો એક નવા પ્રકારનું મંદિર છે. અને તે નવી જ જાતની ઉપાસના માગે છે. વ્યવસ્થાપકો, શિક્ષકો અને નાનામાં નાના નોકરો સૌએ મળીને એક જ ધ્યેય લક્ષમાં રાખીને બાલમંદિરની સેવા ઉઠાવવાની છે. જ્યારે વ્યવસ્થાપકોને બાલમંદિરમાંથી અંગત લાભ લેવાની કે ખુશામત લેવાની મરજી થાય ત્યારે તેમણે બાલમંદિરનો વહિવટ છોડી દેવો.

વળી બાલમંદિરના શિક્ષકોને સ્થિર અને કાયમી રાખવા માટે તેમને તેમના કામમાં સંપૂર્ણ રીતે સ્વાધીન રાખવા જોઈએ. મોટું પાનાનું બજેટ રચી બજેટની મર્યાદામાં બાલમંદિરના હિતને પાર પાડવા માટે તેમને યોગ્ય લાગ્યા પ્રમાણે વર્તવા દેવું જોઈએ.

બજેટની મર્યાદામાં રહીને શિક્ષક બધું જ કરી શકે તે નીતિ અખત્યાર કરવી જ જોઇએ. તેમાં દખલગીરી ચલવવાથી શિક્ષકોનાં મન ઊંચાં થાય અને કામ બગડે. સંચાલકોએ ધ્યાનમાં રાખવું કે ભૂલેચૂકે પણ તેમણે શિક્ષકો કે કામદારો વચ્ચે ભેદનીતિ ઊભી કરવી નહિ. સામાન્ય પ્રકારની રાજનીતિ બાલમંદિરમાં કોઇએ વાપરવાની નથી. બાલમંદિરના શિક્ષકોની અધિકારની મર્યાદા પહેલેથી જેટલી બાંધવી હોય તેટલી વિશાળ અગર ટૂંકી ભલે વ્યવસ્થાપકો બાંધે, પણ પછીથી તો તેઓ આચાર્યોના કામમાં કોઈ પણ જાતની દખલગીરી કે ધોંચપરોણો કરે નહિ.

સંચાલકોની સામે બાળકોનું હિત અને બાલમંદિરની ફત્તેહ જોઇએ. આગળ કહ્યું તેમ તેનો મુખ્ય આધાર શિક્ષક ઉપર છે. એ શિક્ષકને સ્થિર રાખવા જેમ પૂરતો પગાર આપવાની જરૂર કહેવાઈ ગઈ તેમ જ તેને પૂરતી રજાઓ, વેકેશનો વગેરે મળે તેના વ્યવસ્થિત નિયમો પણ થવા જોઇએ. બાલમંદિર ઉગતી સંસ્થા છે. તેને બંધારણીય કરવાનું કામ આપણું સૌનું છે. બાલમંદિર છેક નાના બાળકોનું હોઈ હજી લોકો એમ માને છે કે તેની પાછળ ઓછામાં ઓછો ખર્ચ હોવો જોઇએ. ખરી રીતે એથી ઉલટું થવું જોઇએ. સારામાં સારો, ઊંચા પગારવાળો સગવડ ભોગવતો શિક્ષક બાલમંદિરમાં જોઇએ. પાયામાં માટી પૂરી તેના ઉપર કૉલેજનું સંગેમરમરનું મકાન લાંબો વખત નભશે નહિ. ઓછી શક્તિવાળા, ગરીબાઈથી પીડાતા અને બધો વખત કામ નીચે દબાતા વિશ્રાંતિ રહિત શિક્ષકોથી દેશનાં બાળકોને સમર્થ બનાવી શકાશે નહિ. ભારતમાતા કે હરેક દેશની જનનીનું ખરું મંદિર એ બાલમંદિર છે. આ સૂત્ર જેમ શિક્ષકે ધ્યાનમાં રાખવાનું છે તેમજ સંચાલકોએ ધ્યાનમાં રાખવાનું છે. ગિ.

બાલમંદિરના આચાર્યને પત્ર

પ્રિય ભાઈ,

હમણાંથી હું તમને પત્ર લખી શક્યો નથી. આજ કાલ મારા મનમાં જે એક વિચાર ઘોળાઈ રહ્યો છે તે આજે બહાર કાઢું છું. મને થાય છે કે જ્યાં સુધી બાળકોનાં માતપિતાઓ આપણા કાર્યનાં રહસ્ય, દિશા અને પરિણામો વિષે સારીરીતે જાણીતાં નહિ થાય ત્યાં સુધી આપણું કામ પાંગળું રહેવાનું. જ્યાં સુધી માબાપો અને આપણી વચ્ચે ચોકખી સમજણ નહિ થાય ત્યાં સુધી માબાપોની આશાઓ સંતોષાશે નહિ અને આપણું કામ દીપી નીકળશે નહિ. માબાપોને આપણાં બાલમંદિર ભણી વાળવાં, બાળકોના સાચા શિક્ષણ વિષે માહિતગાર કરવાં, એમાં ખરું હિત તો તેમનાં જ બાળકોનું છે અને આપણે મન પણ બાલમંદિર કરતાં બાળકો જ વધારે છે. છતાં જૂના જમાનાથી બાળકો વિષેની ઉપેક્ષાવૃત્તિ માબાપો અને બાલમંદિરો વચ્ચે જે પડ પેદા કરે છે તે આપણે ભેદી નાખવું જોઈએ.

એટલા માટે કે જો માબાપો સમજુ

ન હોય અને તેઓ પ્રવૃત્ત ન થાય તો જેઓ સમજુ હોવાનો દાવો કરે અને આપણો તેવો દાવો છે–તેણે તો પગલાં માંડવાં જ જોઈએ.

અલબત્ત કોઈ પણ વ્યક્તિગત બાલમંદિર માબાપોના પરિચયમાં આવવા પ્રયત્ન કરે છે, વળી કોઈ બાલમંદિરમાંથી માબાપો માટે પત્રિકાઓ પણ નીકળે છે અને તેની કંઈક સારી જ અસર થાય તેમ હું માનું છું. પણ એથી વધારે સંગીન પ્રયત્નો આપણા તરફથી થવા જોઈ એ. આ બાબતમાં મને જે કાંઈ સૂઝે છે તે આ પ્રમાણે છે.

૧ બાલમંદિરમાં દરમાસે માબાપોની સભા ભરવી જોઇએ. અલબત્ત આજના જમાનાની દોડધામમાં માબાપોને આ માટે નવરાશ નથી એમ સૌ કહે છે, એમાં થોડું સત્ય પણ છે, છતાં એ માબાપોએ આવી સભામાં હાજરી આપવી ઘટે છે. આજે આ દિશા ઉઘાડી પાંચ પગલાં માંડીશું તો જતે દહાડે માબાપોને હાજરી આપવી આકરી નહિ પડે એટલું જ નહિ પણ સભા પાછળ વખત ગાળવો ઉપયોગી લાગશે. સભામાં પિતાઓ ન આવે તો ચલવી લેવું. બાળકોની માતાઓ જો એક વાર બાલમંદિર પ્રત્યે અભિમુખ થશે અને તે વહેલી તકે થાયજ છે તો આપણું કામ જરૂર પાર પડશે. પિતાઓ બુદ્ધિવાળા છે તેથી તેઓ વધારે સમજે છે ને તેથી આપણને વધારે સારો સાથ મળશે એવી માન્યતા પાછળ હેરાન થવું નહિ. હુંતો એમ માનું છું કે બાળકોનું હિત જેટલું સ્પષ્ટતાથી અને ચોકસાઈથી માતાઓ સમજે છે અને મન પર લે છે તેટલું પિતાઓ નથી લેતા, નથી લઈ શકતા; કારણ કે તેઓ પિતાઓ છે અને માતાઓ નથી. તેઓનું દર્શન બુદ્ધિ દ્વારા છે, જ્યારે માતાઓનું દર્શન હૃદય દ્વારા છે.

આવી સભાઓ કરવામાં તમને મુશ્કેલી તો છે જ. બાલમંદિરના કામમાંથી ઊંચા આવો ત્યારે આવી સભા કરી શકો એ વાત સાવ સાચી છે. હું પણ બાળકોની સીધી ઉપાસનામાંથી તમને બહાર કાઢી બહિર્મુખ કરવા નથી માંગતો; પણ બાલમંદિરમાં અરધો દિવસ દરમાસે રજા રાખી બાલમંદિરના કાર્યક્રમ તરીકે જ આવી સભા ચલવો તો તે બની શકે તેવું છે. તમારી બીજી મુશ્કેલી સભાઓ ભરવા માટે થોડાએક ખર્ચ વગેરેની છે. બાલમંદિર પાછળ જે સંચાલકો જેટલું ખર્ચ કરે છે તેટલું ખર્ચ ઉગી નીકળે તે માટે અવશ્ય તેમણે સભા ભરવા માટે થતા થોડા એવા ખર્ચની બહાલી આપવી જ જોઇએ. ઉપરાંત જે વ્યવસ્થા તેઓએ કરી આપવી જોઈ એ તે તેમણે કરી દેવી જોઈ એ. માત્ર આવું બધું કામ તમારે જ માથે આવી પડતું હોય અને તેના પરિણામનો ઠપકો પણ તમારે જ માથે આવતો હોય તો તમારે સભા ભરવાનો આગ્રહ ન રાખવો એ જ સારૂં છે. એ વાત સાચી છે કે ઘણી વાર ભલા સંચાલકોને પણ માબાપોની સભા વગેરેમાં શ્રદ્ધા હોતી નથી અને તેથી તે બાબતમાં તેઓ ટાઢા હોય છે. પણ એવું હોય ત્યાં આપણાથી શકય તેટલા પ્રયત્ને તેમને સમજાવી લેવા ચૂકવું નહિ.

આપણે સભાઓમાં જઈ માબાપો આગળ તેઓ ન સમજે તેવી પંડિતાઈ રજુ કરવાની નથી. તેમ આપણે તેમને દબડાવવાના પણ નથી. જેવા આપણે છીએ તેવા જ તેઓ છે.

આપણા કરતાંયે તેમનું હિત વધારે મહત્ત્વનું અને અગત્યનું છે. આપણે તો બાળહિતની સાદી સાદી તેમનાથી થઇ શકે તેવી બાબતો તેમને સમજાવવાની છે અને તેઓ તે કેવી રીતે કરે તે બતાવીને તેમની પાસેથી કંઇક આશા રાખવાની છે. આપણે પોતે જે સમજી ન શકતા હોઇએ તે સમજાવવું નહિ. આપણે જે આપણે ત્યાં ન કરતા હોઇએ કે કહી શકતા ન હોઇએ તે પણ તેમની પાસેથી માગવું નહિ. માબાપોની શ્રદ્ધા જ્યાં સુધી આપણે ક્રિયામાં પહોંચ્યા હોઇશું ત્યાં સુધી રહેશે.

સભા ભરવી એટલે કે જાહેરાત કરવી એવું નથી. સભા દફ્તર શોભાવવા માટે પણ નથી. સભા બાલમંદિરમાં કામ ન થઇ શકે તેના બદલામાં સંતોષ લેવા માટે પણ નથી. અને સભા નવો સુધારો વધારો કરીએ છીએ તેનો દેખાડો કરવા માટે પણ નથી. સભા ગંભીર વસ્તુ છે. માબાપોમાં શ્રદ્ધા અને સન્માનપૂર્વક તે ચલાવવાની છે.

સભામાં બાળકોની ટીકા કરવાનું કે તેમની ઊણપો બતાવવાનું આપણું કામ નથી. તેમ કરવાથી માબાપોનાં હૃદય આપણાથી દૂર થાય છે. માબાપો બાળકો પ્રત્યે વધારે ઝીણવટથી અને કાળજીથી આદર અને સન્માનપૂર્વક વર્તે તે માટેની દૃષ્ટિ ઉઘાડવાનું અને વૃત્તિ જગાડવાનું કામ આપણું છે. જેટલી નમ્રતાથી અને સરળતાથી આપણે બાળકોનાં માબાપો પાસે જઇશું તેટલી જ નમ્રતા અને સરળતા આપણને સામેથી મળશે. પણ આપણા અહંભાવ અને ઘમંડનો પડઘો ઉલ્ટો પડશે અને માબાપો અને આપણા મતભેદો વચ્ચે બાળકને સહન કરવું પડશે. આપણો ઉદ્દેશ માબાપો સાથે એકમત થઇ સૌએ આગળ વધવાનો છે તે કદી ભૂલીશું નહિ.

બીજા મુદ્દાઓ વિષે હવે પછી.

તમારો ગિ.

આપણાં બાલસામયિકો અને બાલવિભાગો

૧૮–૨૦ વર્ષ પહેલાં બાલજીવન અને બાલમિત્ર માસિકો બાળકોનાં પહેલાં માસિકો તરીકે નીકળ્યાં. તે પહેલાં બાળશિક્ષક નીકળેલું અને પછીથી તે બંધ થયું ત્યાર પછી બાળક અને બીજાં સામયિકો નીકળ્યાં. વળી ધીમે ધીમે અઠવાડિકોમાં બાલવિભાગો શરૂ થયા. છેવટમાં જન્મભૂમિ દૈનિકમાં પણ બાલવિભાગ ઉઘડ્યો. આ રીતે અત્યારે પચ્ચીશ ઉપરાંત પત્રોમાં બાળકો માટે લખાણો કરવામાં આવે છે. આ સંખ્યાથી ઘણા લોકો અજાણ હશે. તેઓને કદાચ આશ્ચર્ય સાથે હર્ષ થશે કે બાળકો માટેના સાહિત્યમાં સારી પ્રગતિ થઇ રહી છે. તેઓ સાચે જ ગુજરાતની બાલસાહિત્યની પ્રવૃત્તિ માટે મગરૂર થશે. કેટલાકને એમ પણ થશે કે અરે! આ રાફડો શો? જરા કચવાતા હતા.

બરી રીતે ગુજરાત અને ખૂહદ્ ગુજરાતને હિસાબે આ સંખ્યા કેવળ મામુલી છે. યુરોપમાં કાઠિયાવાડ જેટલા કોઇ કોઇ ભાગોમાં બાળકો માટે બસો જેટલાં પત્રો નીકળે છે.

બાલગૃહ એટલે બાળકોનું ઘર

એ તો હવે સાબીત થઇ ચુકયું છે

સાબીતી માટે અમને ના પૂછાવતા.
પૂછજો તે બાળકોને જેઓ બાલગૃહમાં રહેતાં હોય.
પૂછજો તે માબાપોને જેમનાં બાળકો બાલગૃહમાં રહેતાં હોય.
પુછજો તે મુલાકાતીઓને જેમણે બાલગૃહની મુલાકાત લીધી હોય.
પુછજો તેમને જેમણે બાલગૃહના બાળક સાથે થોડીક મિનિટો પણ ગાળી હોય.

એ બધાંય કહેશે :

બાળકો કેવાં અભય છે.
બાળકો કેવાં વ્યવસ્થિત છે.
બાળકો કેટલી ઉચ્ચ સમજશક્તિ મેળવે છે.
બાળકો કેટલાં તંદુરસ્ત રહે છે.
બાળકો કેટલાં સુખી છે.
એ પૂછવાનું ન બને તો

બા લ ગૃ હ ને લ ખ જો

બાળકોનાં મ્હોંમાંથી માબાપોના પત્રોમાંથી ને મુલાકાતીઓએ પ્રસિધ્ધ કરેલા અભિપ્રાયોમાંથી બાલગૃહ, સંગ્રહેલ અભિપ્રાયોની પુસ્તિકા મોકલી આપને બાલગૃહનો સાચો ખ્યાલ આપશે.

ને ત્યારે આપ માનશો જ કે.....

બાલગૃહ તંદુરસ્તીનું ધામ છે.
બાલગૃહમાં શિક્ષણના અદ્યતન સાધનો છે.
બાલગૃહમાં ભાઇ જેવા પ્રેમળ શિક્ષકો છે.
બાલગૃહનું વાતાવરણ જ કેળવણીથી ભર્યું પૂર્યું છે.
બાલગૃહ સંપૂર્ણ પ્રેમ હુંફાળું બાળકોનું ઘર છે.

ને પછી શું આપ

ઓછામાં ઓછી એકવાર મુલાકાત લીધા વગર રહેશો!

નહિ જ રહો ને એનો લાભ આપનાં બાળકોને જરૂર આપશો.

પત્રવ્યવહાર : સંચાલકો : **દેવલાલી બાલગૃહ,** દેવલાલી કેમ્પ.

હજી આ તો પાશેરામાં પહેલી પુણી કહેવાય.

પણ જેમ જેમ પ્રગતિ થતી જાય તેમ તેમ જવાબદારી પણ વધતી જાય છે. આ જવાબદારી પત્રો ચલાવનારની તેમજ માબાપો બન્ને વર્ગની છે. પત્રો ચલાવનારે બાલભોગ્યસાહિત્ય આપવા માટે ખૂબ કાળજી રાખવી જોઇએ. બાલસાહિત્ય કોને કહેવું, તેની વસ્તુ તથા શૈલી કેવાં જોઇએ, તેની ભાષાની કક્ષા પોતાના પત્રના આશય પ્રમાણે કેવી જોઇએ વગેરે વિષે જાગૃત રહેવું જોઇએ. એટલું જ નહિ પણ તે વિષયમાં ખાસ અભ્યાસ કરવો જોઇએ અને એ અભ્યાસમાં મહત્ત્વનું સ્થાન બાળકોનું માનસ અને જરૂરીઆતોને સ્વીકારવાં જોઇશે. જેમ બાલસાહિત્ય વધશે તેમ તેની પસંદગીનું અને કસોટીનું ક્ષેત્ર પણ વિશાળ બનશે. પત્રકારોએ બાળકો માટેનું સાહિત્ય વર્તમાનપત્રકારની દૃષ્ટિએ લખવાનું નથી, પણ સાહિત્યકારની દૃષ્ટિએ લખવાનું છે. એટલું જ નહિ પણ તેમાં તે વસ્તુ એક કેળવણીકારની દૃષ્ટિએ આપવાનું છે. તેનો અભ્યાસ અને બાલપરિચય ઊંડાં જોઇએ. તે માત્ર ટેબલ પર બેસી, કારણકે પોતે પત્રનો તંત્રી કે વિભાગનો તંત્રી છે માટે લખી શકે એમ ન માનવાની નમ્રતા રાખે તો તે જરૂર બાળકોની સાચી સેવા કરશે. પત્રકારનો હેતુ પોતાના વાચકોને સાચી રીતે ઉપકારક થવાનો છે. બાળપત્રકારનો હેતુ બાળકોને આવતી કાલની જે દુનિયા છે તે દુનિયાની અમુક દૃષ્ટિ અને જ્ઞાન આપવાનો છે.

વળી માબાપોની જવાબદારી પણ વધી છે. પોતાને ત્યાં આવતાં પત્રોના બાલવિભાગો અને બાલમાસિકોમાંથી ક્યાં સારાં છે તે તેણે જરા તસ્દી લઈ તપાસી જવાની જરૂર છે. ગમે તે બાલવિભાગ, ગમે તે બાલમાસિક સારાં જ છે તેમ માની લેવાની કશી જરૂર નથી.

આજે તો હજી સદ્‌ભાગ્યની વાત છે કે બાલમાસિકો અને વિભાગોના લગભગ બધા તંત્રીઓ ચોકખી દૃષ્ટિથી પોતાનાં પત્રો ચલવે છે. તેમને તેમની સ્થિરતા અને સેવા માટે અભિનંદન છે તે ભલે, પણ પોતાનું કામ લાસરડિયું અને ગફલતવાળું બની ન જાય, જે આવ્યું તે છાપી મારો એવી ઢબનું બની ન જાય તે માટે સંપૂર્ણ કાળજી રાખવાની છે.

ગુજરાતનાં આજનાં બાલસામયિકોના તંત્રીઓને ધન્યવાદ. ગિ.

તા. ક. આ સાથે હાલમાં બહાર પડતાં બાલસામયિકોની અને બાલવિભાગોની યાદી આપી છે.

બાલમાસિકો.

૧ "બાલમિત્ર" તંત્રીઃ રામભાઈ પટેલ.
સોમાભાઇ ભાવસાર.
ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ.

૨ "બાલજીવન" તંત્રીઃ રમણલાલ નાનાલાલ શાહ. બાજવાડા, વડોદરા.

૩ "બાળક" તંત્રીઃ ભીખાભાઈ પુરૂષોતમ વ્યાસ. મજમુદાર સ્ટ્રીટ, ગોધરા.

૪ "બાલવાડી" તંત્રીઃ મિસ એલ. એફ. ઓસ્ટીન. મિશન, ગોધરા.

૫ "બાલસખા" તંત્રીઃ હિંમતલાલ ચુનીલાલ શાહ, માંડવીની પોળ.
લાલા વસાની પોળ, અમદાવાદ.

૬ "તોરણ" તંત્રી મણિલાલ ઠાકર ઇન્દુપ્રસાદ ભટ્ટ નડિયાદ.

૭ " ગાંડીવ " (પખવાડિક) તંત્રી નટવરલાલ વીમાવળા, સુમતિ વીમાવાળા હવાડિયા ચકલા, સુરત.

બાલવિભાગો

૮ સ્ત્રીબોધ 'બાળક' : અમદાવાદ.
૯ 'ગુણસુંદરી' 'બાલવિભાગ' તંત્રી : નાગરદાસ પટેલ, મલાડ.
૧૦ 'કલાકાર' ભાવનગર.
૧૧ 'અનાવિલબંધુ' 'બાલવિભાગ' સુરત.
૧૨ 'સમાજશિક્ષક' નવસારી.
૧૩ 'કિશોર' 'બાલવિભાગ' અમદાવાદ.
૧૪ 'છાયા' 'બાળવિભાગ' તંત્રી : અભયકુમાર મુંબઈ
૧૫ 'માયા' 'બાલવિભાગ' રમણલાલ ત્રિવેદી ભરૂચ.
૧૬ ફોરમ. મુંબઇ.

અઠવાડિકો

'પ્રેતાપ' 'આરામ' } બાલવિભાગઃ તંત્રી : શાંતિલાલ મહાજન હળધરવાસ

'લોકવાણી' તંત્રીઃ હિંમતલાલ મર્થક, રાજકોટ.
'નવગુજરાત' તંત્રીઃ રસુલભાઈ ન. વહોરા, વડોદરા.
'મહાગુજરાત' તંત્રીઃ ગૌરીશંકર ચાતુર્વેદી, ભાવનગર.
'જન્મભૂમિ' 'બાલજગત' તંત્રીઃ નાગરદાસ પટેલ, મલાડ.

ઉપરાંત ૨૨ ગુજરાતી, ૨૩ કુમાર, ૨૪ વિદ્યાર્થી, 'વેણી' વગેરેમાં બાળવિભાગો ચાલે છે.

કૈસરેહિંદ. બાલબુણો. સંપાદક ફરામરોઝ ધનભૂરા

અંગ્રેજી બાલસામાયિકો.

(i) Children's news, (ii) Pushpa, (iii) Illustrated weekly children's section, (iv) Treasure chest (v) Times of India, Junior's corner. (v) Bombay Chronicle, Children's corner.

હિંદી.

બાલસખા, બાળક, કિશોર, લાલ.

મરાઠી

આનંદ, બાળબોધ મેળા, બાલવાડી.

નૂતન ગણિતશિક્ષણ

(અનુસંધાન ગયા વર્ષના ૨૦૨ પાનાથી)

એકમનાં મોતી ગણીને કહેવું કે આ દશ મોતી બરાબર દશકનું એક મોતી. આપણે આ દશ મોતી આપીએ એટલે આપણને દશકનું એક મોતી મળે. દશ એકમ બરાબર એક દશક એવીજ રીતે દશકનાં દશ મોતી ગણીને કહેવું કે આ દશ મોતી બરાબર સોનું એક મોતી; આ દસ મોતી આપીએ એટલે આપણને સોનું મળે. દશ દશક બરાબર એક સો એવી જ રીતે એક મોતી સોનાં દશ મોતી ગણીને કહેવું કે આ દશ મોતી બરાબર હજારનું એક મોતી. આપણે સોનાં દશ મોતી આપીએ એટલે હજારનું એક મોતી મળે, દશ સો બરાબર એક હજાર. આ

વસ્તુ જો બાળકો આગળ ગણતરી બરાબર કરી હશે તો એના ખ્યાલમાં તરત જ આવી જશે, નહિતો પાઠની વધારે સ્પષ્ટતા કરવા ખાતર બાળકને બીજે દિવસે ઉપર પ્રમાણે પાઠ આપ્યા પછી કહેવું કે જેવી રીતે ચાર પૈસા આપીએ તો આપણને એક આનો મળે છે તેવી જ રીતે એકમનાં દશ મોતી આપીએ એટલે આપણને દશકનું એક મોતી મળે. આ પ્રમાણે બાળક પાસે એકમનો ને દશકનો, દશકનો અને સોનો, સોનો અને હજારનો સંબંધ સ્પષ્ટ કરવો. હવે હજારનું એક મોતી વટાવીએ તો આપણને સોનાં દશ મોતી મળે, સોનું એક મોતી વટાવીએ તો દશકનાં દસ મોતી મળે, અને દશકનું એક મોતી વટાવીએ તો એકમનાં દશ મોતી મળે. એનો પણ ઉપર પ્રમાણે પાઠ આપવો. આ પ્રમાણે બાળકને ઘોડીનો બરાબર પરિચય થાય છે અને એને ઉપરનાં મોતીનો એક બીજા સાથે શો સંબંધ છે તેની કલ્પના આવે છે. જો બાળકને ઉપરનો પાઠ આપ્યા પછી પણ એકમ, દશક અને સોના પરસ્પર સંબંધનો બરાબર ખ્યાલ આવ્યો ન હોય તો એને વળી પાછું સ્થૂળમાં લઇ જવું. આપણે હજારની સાંકળનો પાઠ આપતી વખતે જે એકમનાં મોતીનો,- દશકની સળીનો અને સો તથા હજારની સાંકળનો ઉપયોગ કર્યો હતો તે મૂકીને એનો ઘોડીનાં મોતી સાથે સંબંધ બાંધવો. ઘોડી ઉપરનું એકમનું મોતી અને પેલું એક મોતી બતાવી કહેવું, "એકમનું આ મોતી, આ મોતીની બરાબર છે." એવી જ રીતે દશકનું એક મોતી, બતાવીને કહેવું, "દશકના આ એક મોતી બરાબર દશકની આ સળી છે." એવી જ રીતે સોના એક મોતી બરાબર સોની સાંકળ છે અને હજારના એક મોતી બરાબર હજારની સાંકળ છે, એમ બતાવવું. આ પ્રમાણે સ્થૂળ વસ્તુઓ પ્રત્યક્ષ જોઇને બાળકને એકમ, દશક, સો તથા હજારના મોતીના સંબંધની સ્પષ્ટ કલ્પના આવશે.

આ પ્રમાણે ઘોડી ઉપર હજારનું સંખ્યા જ્ઞાન બરાબર થયા પછી બાળકને સંખ્યા લેખન ઉપર લઇ જવું. આના માટે ખાનાંવાળી આંકેલી સંખ્યાલેખનની કાપલીનો ઉપયોગ કરવાનો છે. આ કાગળ ઉપર આડી તથા ઉભી લીંટીઓ આંકેલી છે. આડી લીંટીઓ તો આપણે સાધારણ આંકેલો કાગળ વાપરીએ છીએ તેના જેવી જ હોય છે; એની વચ્ચેનું અંતર પણ એટલું જ હોય છે. ઊભી લીટીઓ જુદા જુદા રંગની હોય છે. જમણી બાજુએથી જોતાં પહેલી લીંટી લીલા રંગની હોય છે. એના ઉપરના ભાગમાં 'એકમ' એમ લખેલું હોય છે. ત્યાર પછી ભૂરી લીંટી હોય છે, એના ઉપરના ભાગમાં 'દશક' એમ લખેલું હોય છે. ત્યાર પછી લાલ લીંટી હોય છે અને એના ઉપર 'સો' એમ લખેલું હોય છે. અને પછી લીલી લીંટી હોય છે અને એના ઉપર 'હજાર' એમ લખેલું હોય છે. ત્યારપછી પાસે પાસે બે કાળી લીંટી દોરેલી હોય છે. ત્યાર પછી વળી પાછી લીલી, ભૂરી, લાલ અને લીલી લીંટીઓ આંકેલી હોય છે. અને એના ઉપર એકમ, દશક, સો અને હજાર એમ લખેલું હોય છે. આ પ્રમાણે એ કાપલીના બે ભાગ કરેલા હોય છે અને દરેક ભાગમાં એકમ, દશક, સો અને હજારની લીંટીઓ આંકેલી હોય છે. આ લીંટીઓનો રંગ એકમ, દશક, સો અને

હજારનાં મોતીના જેવોજ હોય છે. જો આપણે ઘોડી આડી મૂકીએ તો ઘોડીની તથા આ કાપલીની રચના બરાબર એક સરખી છે એમ આપણે જોઇ શકીએ. ઘોડી ઉપર જે રંગનાં મોતી હોય છે તે રંગની કાપલી ઉપર લીંટીઓ હોય છે; ઘોડી ઉપર જે પ્રમાણે એકમ, દશક, સો અને હજાર લખેલું હોય છે; તેજ પ્રમાણે કાપલી ઉપર હોય છે. આ પ્રમાણે ઘોડી આડી મૂકી બતાવવાથી બાળકને ઘોડી તથા કાપલીના સંબંધનો બરાબર ખ્યાલ આવશે.

હવે આપણે કાપલી ઉપર કેમ કામ શરૂ કરવું તેનો વિચાર કરીએ. પહેલાં ઘોડી ઉપર એકમની સળી ઉપર એક મોતી કાઢવું પછી, બાળકને પૂછવું. 'આ કેટલાં મોતી છે?" 'એક' મોતી એમ જવાબ મળશે, " કોનું મોતી છે?" 'એકમનું' જવાબ મળશે. હવે કાપલીઉપર એકમની જગ્યા કયાં છે? એકમનું મોતી કેવું છે? 'લીલું' તો આ લીલી લીંટી ઉપર લખીશું ને? " લીંટી ઉપર લખેલું શું છે." એકમ!' બરાબર તો એના ઉપર આપણે લખીએ. એવી રીતે ઘોડી ઉપર ૨–૩–૪ એમ ૯ સુધી મોતી કાઢતા જવું અને કાપલી ઉપર લખતા જવું. હવે ૯ આગળ થોભવું. બાળકને આપણે પાઠ તો આપી જ દીધો છે કે એકમનાં દશ મોતી બરાબર દશકનું એક મોતી છે. એ પાઠને હવે અહિંયા વ્યવહારમાં ઉતારવાનો છે. એકમની સળી ઉપર દશ મોતી થાય એટલે કહેવું, " એકમનાં દશ મોતી બરાબર દશકનું એક મોતી. એકમનાં આ દશ મોતી આપીને દશકનું એક મોતી લઈએ." એકમનાં મોતી સામી બાજુએ લઈ જવાં અને દશકનું એક મોતી લેવું. હવે કાપલી ઉપર કેમ લખીશું? એકમની સળી ઉપર મોતી છે? 'ના.' તો હવે એકમની લીંટી ઉપર લખવાનું નહિ. " દશકની સળી ઉપર મોતી છે?" 'હા.' કેટલાં મોતી છે? 'એક.' તો દશકની લીંટી ઉપર એક લખીએ. હવે દશકની સળી ઉપર મોતી કાઢવાં. બે દશ, ત્રણ દશ એમ નવ દશ પાસે આવીને અટકવું ત્યાં આગળ દશ દશ એટલે એક સો એમ પાઠ આપીને દશકની સળી ઉપરનાં દશ મોતી આપીને સોનું એક મોતી આપવું. પછી નવસો સુધી લખીને અટકવું અને હજારનો પાઠ આપવો. આ પ્રમાણે નવ હજાર સુધી લખવું. પછી બાળકને પોતાની મેળાએ મોતી કાઢીને લખવાનું કહેવું. બાળક ઘોડી ઉપર મોતી કાઢતું જાય અને એ પ્રમાણે કાપલી ઉપર લખતું જાય. આ પ્રમાણે નવ હજાર સુધી લખ્યા પછી બાળકને આગળનો પાઠ આપવો. આ આગળના પાઠને પરિણામે બાળકને દશમાં એક મીંડું શા માટે આવે છે, સો માં બે મીંડાં શા માટે આવે છે, હજારમાં ત્રણ મીંડાં શા માટે આવે છે તેનો ખ્યાલ આવશે આ માટે આપણે ઘોડી ઉપર એક બે એમ નવ સુધી મોતી કાઢી, સાથેસાથે કાપલી ઉપર એક, બે, ત્રણ એમ નવ સુધી લખવું. પછી એકમનાં દશ મોતી આપીને દશકનું એક મોતી લેવું અને દશકની લીંટી ઉપર એક દશ લખવું. હવે બાળકને પૂછવું, " એકમની જગ્યા ઉપર ઘોડી ઉપર શું છે?" 'કાંઈ નથી' કાંઈ ન હોય ત્યારે શું લખવું? 'મીંડું.' તો પછી એકમની જગ્યાએ કાપલી ઉપર મીંડું મૂકીએ. ત્યાર પછી ઘોડી ઉપર બે દશ કાઢીને

પૂછવું, "એકમની જગ્યાએ શું છે?" 'કાંઈ નથી' તો એની જગ્યાએ શું લખવું? 'મીંડું.' એ પ્રમાણે નવ દશ સુધી એકમની જગ્યાએ કાંઈ નથી એટલે મીંડું એમ કહીને કાપલી ઉપર મીંડું મૂકતાં જવું. હવે દશ દશક આપીને એક સો લેવા. હવે પૂછવું, "દશકની જગ્યાએ શું છે?" 'કાંઈ નથી.' તો તો શું લખીશું? 'મીંડું.' એકમની જગ્યાએ શું છે? 'કાંઈ નથી' તો ત્યાં શું લખીશું? 'મીંડું' તો દશકની જગ્યાએ મીંડું લખીએ અને એકમની જગ્યાએ પણ મીંડું લખીએ એવી જ રીતે બે સો, ત્રણ સો, ચાર સો, એમ નવસો સુધી દશકની જગ્યાએ કંઇ નથી માટે મીંડું, એકમની જગ્યાએ કંઈ નથી માટે મીંડું, એજ પ્રમાણે હજાર લખતી વખતે સોની જગ્યાએ કંઇ નથી માટે મીંડું, દશકની જગ્યાએ કંઇ નથી માટે મીંડું, અને એકમની જગ્યાએ કંઈ નથી માટે મીંડું મૂકવું. આ પ્રમાણે બાળક પાસે મીંડું શા માટે મૂકવું પડે છે તેનો બરાબર ખ્યાલ આવે છે. બાળક પોતાની આંખ સામે જુએ છે કે એકમ, દશક અને સોની જગ્યાએ કાંઇ નથી એટલે જ મીંડું મૂકવાનું હોય છે. બાળકને મીંડુ એટલે કાંઈ નહિ એનો ખ્યાલ તો બરાબર સ્પષ્ટપણે આવી ગએલો હોય છે. એટલે અહિંયાં તો વપરાશ જ કરવાનો હોય છે. બાળક પાસે એ વસ્તુ પણ સ્પષ્ટ થાય છે કે એકડે મીંડે દશ એટલે કે એકડા જોડે મીંડું મૂકવાથી દશ નથી થતા પણ મીંડું તો એટલા માટે મૂકીએ છીએ કે એકમની જગ્યાએ કાંઇ નથી, માટે જો આપણી પાસે એકમ, દશક વગેરેની આંકેલી લીંટીઓ હોય તો મીંડું મૂકીએ કે ન મૂકીએ એ ચાલી શકે એમ છે. મીંડું મૂકીએ અને ચોકડી મૂકીએ કે એવું બીજું કંઇ પણ ચિન્હ તેની કાંઇ પણ કિંમત ન હોય એ મૂકીએ તો પણ ચાલી શકે. આપણે તો એકમની જગ્યાએ કંઇ નથી તે બતાવવાનું છે. એવી જ રીતે એકડા પાસે બે મીંડાં મૂકવાથી સો નથી થતા પરંતુ દશક અને એકમની જગ્યાએ કંઇ નથી માટે દશકના સ્થાનમાં અને એકમના સ્થાનમાં મીંડાં મૂકવાં પડે છે. એવી જ રીતે હજારની અંદર સોના સ્થાનમાં, દશકના સ્થાનમાં અને એકમના સ્થાનમાં કંઈ નથી માટે ત્રણ મીંડાં મૂકવાં પડે છે.

અહીં આગળ આપણે બીજી બે વસ્તુનું પણ સૂચન કરી શકીએ છીએ. આ વસ્તુઓનું માત્ર સૂચનજ કરવાનું હોય છે, એના ઉપર વિવરણ કરવાનું હોતું નથી. એક વસ્તુતો બાળકના જ્ઞાન ઉપર એ મૂકવાની હોય છે કે ગણિતમાં નવ આંકડા જ હોય છે, ગણિતની કોઈ પણ સંખ્યા લ્યો એ નવ આંકડામાંજ આવી જશે. એકમમાં ૧, ૨, ૩ એમ ૯ સુધી આંકડા આવ્યા અને દશકમાં પણ ૧ દશ, ૨ દશ, ત્રણદશ એમ નવ દશ સુધી આંકડા આવે છે. સોમાં પણ એજ આંકડા હોય છે અને હજારમાં પણ એજ આંકડા હોય છે. ગણિતની આખી રમત એ નવ આંકડામાં સમાઈ રહે છે. ગણિતમાં એ નવ આંકડા લખતાં આવડયા એટલે પછી ગણિતની કોઇ પણ રકમ લખતાં આવડી ગઈ. આપણે જોઈ ગયા તે પ્રમાણે મીંડું તો માત્ર ખાલી સ્થાન બતાવવા માટે છે. જો સ્થળ નક્કી કરેલાં હોતતો મીંડું ન મૂકીએ તો પણ

ચાલે. ઉપરાંત મીંડાંને બદલે બીજું કોઈ નિશાન મૂકીએ તોપણ ચાલે. જેમકે ગુણાકારમાં આપણે આપણી જૂની પરિભાષામાં એકડી કાપીને ચોકડી મૂકીએ છીએ એ ખરી રીતે મીંડાંને બદલે જ મૂકીએ છીએ. ચોકડીને બદલે મીંડું મૂકીએ તો પણ ચાલે. એટલે ખરી રીતે ગણિત એ નવ આંકડાની રમત છે. આ વસ્તુ તરફ બાળકનું ધ્યાન ખેંચવું માત્ર ધ્યાનજ ખેંચવું એની ઉપર વધારે લાંબુ વિવરણ ન કરવું (અપૂર્ણ) શં.

બાળકો માટે સંગ્રહસ્થાન

[**નોંધ**:—જેમ ઘર અગર શાળામાં પુસ્તકાલય, ક્રીડાંગણ વગેરે જોઇએ જ તેમજ નાનું યા મોટું એવું સંગ્રહસ્થાન પણ શાળા અને ઘરમાં જોઇએ. સંપન્ન માણાપો તો પોતાનાં ઘરમાં સંગ્રહસ્થાન રાખી જ શકે, એવું સંગ્રહસ્થાન માત્ર પોતાનાં જ બાળકો માટે ન રહેતાં આજુબાજુનાં બાળકોને પણ તેનો લાભ મળી શકે.

બાલમંદિર કે શાળામાં પણ સંગ્રહસ્થાન જોઈએ જ. સંગ્રહસ્થાન ભૂગોળ, ઇતિહાસ, કુદરતનો અભ્યાસ અને ભૂસ્તર, ભૂતળ, પ્રાણી વિદ્યા વગેરેના પાયા નાખવા માટે બહુ અગત્યનું છે. હરેક શાળા પોતાની આજુબાજુની પરિસ્થિતિ માટે સંગ્રહસ્થાન કરી લઇ શકે. ગામને બાદર અને શીમમાં શિક્ષણની દૃષ્ટિએ એકકું કરવા જેવું ઘણું પડેલું છે. શિક્ષક વિદ્યાપીઠમાં સાથે જઇને લાવીને શાળાના એકાદ ખુણામાં કે કબાટમાં રાખી શકે.

સંગ્રહવા યોગ્ય તો અનેક વસ્તુઓ હોઇ શકે. અત્રે નાની એવી માર્ગદર્શક યાદી આપવામાં આવેલી છે. આ યાદી દ. મૂ. બાલમંદિરમાં કામ કરતા ભાઈ વિષ્ણુપ્રસાદ ભટ્ટે કરી છે. ગિ૦]

યાદી.

૧ પક્ષીઓનાં પીછાં. (૨) માળા (૩) ઝાડનાં પાંદડાં (૪) ફૂલો (૫) પશુઓની લીંડીઓ (૬) રંગબેરંગી પત્થરો (૭) રેતીઓ (૮) જાતજાતની માટી (૯) વનસ્પતિનાં મૂળો (૧૦) પશુઓનાં વાળનીજાતો (૧૧) શીમમાં થતાં ધાન્યોના કુંડાં (૧૨) કઠોળની શીંગો (૧૩) રૂના પ્રકારો (૧૪) કપાસીઆ વગેરે તેલી બીઆં (૧૫) અનનની જાતો (૧૬) ગામ અને આજુબાજુ વપરાતા માટીનાં અને ધાતુનાં વાસણો (૧૭) લાકડા તથા સુતાર કામના ઘરમાં વપરાતી ચીજોના નમુના (૧૮) સ્થાનિક રમકડાં (૧૯) જુના નવા સિક્કાઓ (૨૦) જમીનમાંથી નીકળતી મૂર્તિઓ વગેરે (૨૧) સ્થાનિક ઘરો તથા ઘરવખરીના માટીના કે લાકડાના નમુના, જો જગા હોય તો તો જેવાને તેવા જ રાખી શકાય (૨૨) ખેડનાં સાધનો તથા બીજા કારીગરોના સાધનોના નાનાં નમુના (૨૩) જુનાં ભરતચિત્ર વગેરે કારીગરીના નમુના (૨૪) જુનું જોકંધ હોય તે ઉપરાંત પશુપક્ષી વગેરેનાં ચિત્રો (૨૫) જાતજાતના નકશાઓ જેથી એકગામથી બીજે ગામ કેમ જવાય છે તે સમજી શકાય. (૨૬) વાહનોના નમુના (૨૭) પહેરવેશના નમુના (૨૮) જુનાં હથિયારો (૨૯) ગામમાં થતી તમામ કારીગરીના નમુના ચપ્પુ, કાતર, છત્રી, જોડા, વગેરે વગેરે (૩૦) ગામમાં વસતા લોકોની જાતોનાં ચિત્રો.

આપણાં બાલમંદિરો

(૩)

દેવલાલી બાલગૃહ–સ્થળ દેવલાલી કેમ્પ. સંચાલકોઃ જગન્નાથ કાનજી અને જયંતિલાલ સુંદરજી ઓઝા. આ સંસ્થા બાલમંદિર હોવા ઉપરાંત તે બાલગૃહ છે. તેમાં ત્રણથી દશ વર્ષની અંદરનાં બાળકોને દાખલ કરવામાં આંવે છે, અને ૧૨ વર્ષની વયે માધ્યમિક શિક્ષણ પૂરું થતાં તેમને મુક્ત કરવામાં આવે છે. પ્રવેશપત્ર સાથે ડિપોઝીટ રકમ રૂા. ૨૫) અને માસિક ફી રૂા. ૨૦) ગૃહ તથા બાલમંદિરના ખર્ચ પેટે લેવામાં આવે છે. ગૃહની બહારથી બાળકો બાલમંદિરમાં આવી શકે છે.

આ સંસ્થા ૧૯૩૭ ના જાન્યુઆરીમાં ખુલ્લી મૂકવામાં આવેલ છે. બધા કાર્યકરો નિવાસગૃહમાં રહે છે, અને બાળકોની બધી પ્રવૃત્તિઓમાં આવીને બાલગૃહમાં સજીવ કૌટુંબિક વાતાવરણની હુંફ આપે છે.

બાલગૃહ તથા બાલમંદિર નવીન શિક્ષણ સિદ્ધાંતો ઉપર ચલાવવામાં આવે છે.

બાલગૃહના શિક્ષણ વિષયો.

સંગીતઃ (ગીત, વાદન, નૃત્ય, કૂચ, રાસ, ગરબા, નાટક)

કલા કારીગીરીઃ (ચિત્રકળા, ફોટોગ્રાફી રાંગોળી, માટીકામ, શિવણભરત, ગુંથણ, કાતરકામ, સુતારકામ, લુહારકામ, કુંભારકામ, મોચીકામ, કડિયાકામ, રંગકામ, ધોબીકામ, કાંતણકામ, રાંધણકામ)

ભાષાઃ (ગુજરાતી, હિંદી, અંગ્રેજી)

ગણિતઃ (ગણિત, ભૂમિતિ, વ્યવહાર ઉપયોગી હિસાબકામ)

યંત્રઃ (મિકેનો, બિલ્ડર્સ, ઇલેકટ્રીક, સ્ટીમર, એન્જીનો)

વિજ્ઞાન. (રાસાયણિક મિશ્રણો, વનસ્પતિ, પ્રશુપક્ષી, જીવજન્તુ, કુદરતમાં બનતા બનાવોની વૈજ્ઞાનિક સમજણ)

ઇતિહાસઃ (ઐતિહાસિક પ્રસંગો, સ્ત્રી પુરુષો, સ્થાનો, વસ્તુઓની વાતો, પ્રવાસ દ્વારા અવલોકનો, વર્તમાનપત્રોની વાંતો, જગતના રાજબંધારણની વાતો)

ભૂગોળઃ (પ્રવાસ, વાર્તા, નકશાઓ, પૃથ્વીનો ગોળો, સૂર્યગ્રહમંડળ, પૃથ્વી પડોનું અવલોકન, ખાણ તેમજ બનિજ પદાર્થોનું જ્ઞાન)

આરોગ્યઃ (શરીર વિજ્ઞાન, હાડપિંજર, શરીર રચનાના નકશાઓ, હવા પાણી અને ખોરાકની માહિતી, વ્યાયામ, ક્રીડાંગણ)

જગત વ્યવહારઃ (બજારો, પોસ્ટઓફિસ, બેન્ક, સિક્કાઓ, ચલણ વગેરે)

રમતગમતઃ (આંતર બહિર્ દેશી રમતો, સાયકલ, ગાડી, ઘોડેસ્વારી.)

સાભાર સ્વીકાર

નોંધ—આ અંકથી અમે પુસ્તકો, કેળવણીવિષયક સાધનો, રેકર્ડો, ફિલ્મો (બાલભોગ્ય)નો સ્વીકાર કરીશું.

ખોરાકઃ લેખક, ચમનભાઈ વૈષ્ણવ. લો. સ. ગ્રંથમાળા. વ્યવસ્થાપક, મથુરાંદાસ ભૂતા, પોરબંદર.

ગુજરાતી મહાજનોઃ કિશોર ચરિત્રમાળા ગુચ્છ રજુંઃ લેખક, રસુલભાઇ ન. વહોરા. પ્રકાશક–ચરોત્તર એજ્યુકેશન સોસાયટી. આણંદ

૧ રણછોડલાલ છોટાલાલ	૭ ઝંડુ ભટજી
૨ દાદાભાઈ નવરોજજી	૮ જમશેદજી ટાટા
૩ દયાનંદ સરસ્વતી	૯ બહેરામજી મલબારી
૪ કરશનદાસ મૂળજી	૧૦ અબ્બાસ તૈયબજી
૫ કવિ નર્મદ	૧૧ નારાયણ હેમચંદ
૬ જયકૃષ્ણભાઈ	૧૨ અમૃતલાલ પઢિયાર

બાબાલવૃદ્ધ સૌને આદર્શપ્રેરક પુસ્તકો.

૧ બ્રહ્મબોધ } અનુવાદક તથા પ્રકાશકઃ
૨ જીવનબોધ } મણિભાઈ છોટાલાલ પરીખ.

બ્રહ્મોધર્મનું અભ્યાસ કરવા યોગ્ય સાહિત્ય.

ચાલે. ઉપરાંત મીંડાંને બદલે બીજું કોઈ નિશાન મૂકીએ તોપણ ચાલે. જેમકે ગુણાકારમાં આપણે આપણી જૂની પરિભાષામાં એકડી કાપીને ચોકડી મૂકીએ છીએ એ ખરી રીતે મીંડાંને બદલે જ મૂકીએ છીએ. ચોકડીને બદલે મીંડું મૂકીએ તો પણ ચાલે. એટલે ખરી રીતે ગણિત એ નવ આંકડાની રમત છે. આ વસ્તુ તરફ બાળકનું ધ્યાન ખેંચવું માત્ર ધ્યાનજ ખેંચવું. એની ઉપર વધારે લાંબુ વિવરણ ન કરવું. (અપૂર્ણ) શં.

બાળકો માટે સંગ્રહસ્થાન

[**નોંધ**:—જેમ ઘર અગર શાળામાં પુસ્તકાલય, ક્રીડાંગણ વગેરે જોઇએ જ તેમજ નાનું યા મોટું એવું સંગ્રહસ્થાન પણ શાળા અને ઘરમાં જોઇએ. સંપન્ન માબાપો તો પોતાનાં ઘરમાં સંગ્રહસ્થાન રાખી જ શકે, એવું સંગ્રહસ્થાન માત્ર પોતાનાં જ બાળકો માટે ન રહેતાં આજુબાજુનાં બાળકોને પણ તેનો લાભ મળી શકે.

બાલમંદિર કે શાળામાં પણ સંગ્રહસ્થાન જોઈએ જ. સંગ્રહસ્થાન ભૂગોળ, ઇતિહાસ, કુદરતનો અભ્યાસ અને ભૂસ્તર, ભૂતળ, પ્રાણી વિદ્યા વગેરેના પાયા નાખવા માટે બહુ અગત્યનું છે. હરેક શાળા પોતાની આજુબાજુની પરિસ્થિતિ માટે સંગ્રહસ્થાન કરી લઇ શકે. ગામને બાદર અને સીમમાં શિક્ષણની દૃષ્ટિએ એકઠું કરવા જેવું ઘણું પડેલું છે. શિક્ષક વિદ્યાપીઠમાં સાથે જઇને લાવીને શાળાના એકાદ ખુણામાં કે કબાટમાં રાખી શકે.

સંગ્રહવા યોગ્ય તો અનેક વસ્તુઓ હોઇ શકે. અત્રે નાની એવી માર્ગદર્શક યાદી આપવામાં આવેલી છે. આ યાદી દ. મૂ. બાલમંદિરમાં કામ કરતા ભાઈ વિષ્ણુપ્રસાદ ભટ્ટે કરી છે. ગિ૦]

યાદી.

૧ પક્ષીઓનાં પીછાં. (૨) માળા (૩) ઝાડનાં પાંદડાં (૪) ફૂલો (૫) પશુઓની લીંડીઓ (૬) રંગબેરંગી પત્થરો (૭) રેતીઓ (૮) જાતજાતની માટી (૯) વનસ્પતિનાં મૂળો (૧૦) પશુઓનાં વાળનીજાતો (૧૧) શીમમાં થતાં ધાન્યોના ડુંડાં (૧૨) કઠોળની શીંગો (૧૩) રૂના પ્રકારો (૧૪) કપાસીઆ વગેરે તેલી બીઆં (૧૫) અન્નની જાતો (૧૬) ગામ અને આજુબાજુ વપરાતા માટીનાં અને ધાતુનાં વાસણો (૧૭) લાકડા તથા સુતાર કામના ઘરમાં વપરાતી ચીજોના નમુના (૧૮) સ્થાનિક રમકડાં (૧૯) જુના નવા સિક્કાઓ (૨૦) જમીનમાંથી નીકળતી મૂર્તિઓ વગેરે (૨૧) સ્થાનિક ઘરો તથા ઘરવખરીના માટીના કે લાકડાના નમુના, જો જગા હોય તો તો જેવાને તેવા જ રાખી શકાય (૨૨) ખેડનાં સાધનો તથા બીજા કારીગરોના સાધનોના નાનાં નમુના (૨૩) જુનાં ભરતચિત્ર વગેરે કારીગરીના નમુના (૨૪) જુનું જોકંઇ હોય તે ઉપરાંત પશુપક્ષી વગેરેનાં ચિત્રો (૨૫) જાતજાતના નકશાઓ જેથી એકગામથી બીજે ગામ કેમ જવાય છે તે સમજી શકાય. (૨૬) વાહનોના નમુના (૨૭) પહેરવેશના નમુના (૨૮) જુનાં હથિયારો (૨૯) ગામમાં થતી તમામ કારીગરીના નમુના ચપ્પુ, કાતર, છત્રી, જોડા, વગેરે વગેરે (૩૦) ગામમાં વસતા લોકોની જાતોનાં ચિત્રો.

આપણાં બાલમંદિરો

(૩)

દેવલાલી બાલગૃહ–સ્થળ દેવલાલી કેમ્પ. સંચાલકોઃ જગન્નાથ કાનજી અને જયંતિલાલ સુંદરજી ઓઝા. આ સંસ્થા બાલમંદિર હોવા ઉપરાંત તે બાલગૃહ છે. તેમાં ત્રણથી દશ વર્ષની અંદરનાં બાળકોને દાખલ કરવામાં આંવે છે, અને ૧૨ વર્ષની વયે માધ્યમિક શિક્ષણ પૂરું થતાં તેમને મુક્ત કરવામાં આવે છે. પ્રવેશપત્ર સાથે ડિપોઝીટ રકમ રૂા. ૨૫) અને માસિક ફી રૂા. ૨૦) ગૃહ તથા બાલમંદિરના ખર્ચ પેટે લેવામાં આવે છે. ગૃહની બહારથી બાળકો બાલમંદિરમાં આવી શકે છે.

આ સંસ્થા ૧૯૩૭ ના જાન્યુઆરીમાં ખુલ્લી મૂકવામાં આવેલ છે. બધા કાર્યકરો નિવાસગૃહમાં રહે છે, અને બાળકોની બધી પ્રવૃત્તિઓમાં આવીને બાલગૃહમાં સજીવ કૌટુંબિક વાતાવરણની હુંફ આપે છે.

બાલગૃહ તથા બાલમંદિર નવીન શિક્ષણ સિદ્ધાંતો ઉપર ચલાવવામાં આવે છે.

બાલગૃહના શિક્ષણ વિષયો.

સંગીતઃ (ગીત, વાદન, નૃત્ય, કૂચ, રાસ, ગરબા, નાટક)

કલા કારીગીરીઃ (ચિત્રકળા, ફોટોગ્રાફી રાંગોળી, માટીકામ, શિવણભરત, ગુંથણ, કાતરકામ, સુતારકામ, લુહારકામ, કુંભારકામ, મોચીકામ, કડિયાકામ, રંગકામ, ધોબીકામ, કાંતણકામ, રાંધણકામ)

ભાષાઃ (ગુજરાતી, હિંદી, અંગ્રેજી)

ગણિતઃ (ગણિત, ભૂમિતિ, વ્યવહાર ઉપયોગી હિસાબકામ)

યંત્રઃ (મિકેનો, બિલ્ડર્સ, ઇલેકટ્રીક, સ્ટીમર, એન્જીનો)

વિજ્ઞાન. (રાસાયણિક મિશ્રણો, વનસ્પતિ, પ્રશુપક્ષી, જીવજન્તુ, કુદરતમાં બનતા બનાવોની વૈજ્ઞાનિક સમજણ)

ઇતિહાસઃ (ઐતિહાસિક પ્રસંગો, સ્ત્રી પુરુષો, સ્થાનો, વસ્તુઓની વાતો, પ્રવાસ દ્વારા અવલોકનો, વર્તમાનપત્રોની વાતો, જગતના રાજ્યબંધારણની વાતો)

ભૂગોળઃ (પ્રવાસ, વાર્તા, નકશાઓ, પૃથ્વીનો ગોળો, સૂર્યગ્રહમંડળ, પૃથ્વી પડોનું અવલોકન, ખાણ તેમજ બનિજ પદાર્થોનું જ્ઞાન)

આરોગ્યઃ (શરીર વિજ્ઞાન, હાડપિંજર, શરીર રચનાના નકશાઓ, હવા પાણી અને ખોરાકની માહિતી, વ્યાયામ, ક્રીડાંગણ)

જગત વ્યવહારઃ (બનરો, પોસ્ટઓફિસ, બેન્ક, સિક્કાઓ, ચલણ વગેરે)

રમતગમતઃ (આંતર બહિર્ દેશી રમતો, સાયકલ, ગાડી, ઘોડેસ્વારી.)

સાભાર સ્વીકાર

નોંધ—આ અંકથી અમે પુસ્તકો, કેળવણીવિષયક સાધનો, રેકર્ડો, ફિલ્મો (બાલભોગ્ય)નો સ્વીકાર કરીશું.

ખોરાકઃ લેખક, ચમનભાઈ વૈષ્ણવ. લો. સ. ગ્રંથમાળા. વ્યવસ્થાપક, મથુરાંદાસ ભૂતા, પોરબંદર.

ગુજરાતી મહાજનોઃ કિશોર ચરિત્રમાળા ગુચ્છ રજું: લેખક, રસુલભાઇ ન. વહોરા. પ્રકાશક–ચરોત્તર એજ્યુકેશન સોસાયટી. આણંદ

૧ રણછોડલાલ છોટાલાલ	૭ ઝંડુ ભટજી
૨ દાદાભાઈ નવરોજજી	૮ જમશેદજી ટાટા
૩ દયાનંદ સરસ્વતી	૯ બહેરામજી મલબારી
૪ કરશનદાસ મૂળજી	૧૦ અબ્બાસ તૈયબજી
૫ કવિ નર્મદ	૧૧ નારાયણ હેમચંદ
૬ જયકૃષ્ણભાઈ	૧૨ અમૃતલાલ પઢિયાર

બાબાલવૃદ્ધ સૌને આદર્શપ્રેરક પુસ્તકો.

૧ બુદ્ધબોધ	અનુવાદક તથા પ્રકાશકઃ
૨ જીવનબોધ	મણિભાઈ છોટાલાલ પરીખ.

બુદ્ધોધર્મનું અભ્યાસ કરવા યોગ્ય સાહિત્ય.

૧૯૩૯-૪૦ના અધ્યાપનમંદિરમાં અરજીઓ કરનારને

૧૯૩૯–૪૦ ના અધ્યાપનમંદિરમાં દાખલ થવા ઇચ્છતાં ભાઈ બેનોની અરજીઓ આવવા લાગી છે.

અરજી કરનારાઓએ એક આનાની ટિકિટ પોતાનું નામ રજીસ્ટર્ડ કરાવવા માટે બીડવી.

અધ્યાપનમંદિરના નવા નિયમો વગેરે માટે ઉતાવળા થવું નહિ. તે તૈયાર થયે અરજી કરનારાઓને મળશે.

અધ્યાપનમંદિર માત્ર બાલશિક્ષણનો અભ્યાસ કરવા માટે જ નથી, તે એક પ્રકારના સંસ્કારની કેળવણીનું સ્થળ છે.

અધ્યાપનમંદિરમાં માતાઓ, પિતાઓ પોતાનાં બાળકોની કેળવણી માટેની દૃષ્ટિ લેવા દાખલ થઇ શકે છે,

અધ્યાપનમંદિરમાં ગૃહશિક્ષિકાઓ થવા માટે દાખલ થઈ શકાય છે.

અધ્યાપનમંદિરમાં પ્રાથમિક શાળામાં નવી ઢબે જ્ઞાન કેમ આપવું તે માટે પણ દાખલ થઈ શકાય છે.

અધ્યાપનમંદિરમાં સુપરિચય અને વ્યાપક દૃષ્ટિ અને સામાન્ય જ્ઞાન મેળવવા માટે પણ આવી શકાય છે.

અધ્યાપનમંદિરમાં પ્રમાણપત્ર માટે નહિ પણ જ્ઞાન માટે આવનારને પહેલો આવકાર છે.

ગિજુભાઇ
આચાર્ય, બાલઅધ્યાપનમંદિર
સેવાકુલમ, જગંનાથ પ્લોટ
રાજકોટ.

શિક્ષણ સમાચાર

—ભાવનગરઃ શ્રી. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના વિનયમંદિર અને ગૃહ વિભાગો તા. ૧ માર્ચ ૧૯૩૯ થી બંધ થયા છે.

શ્રી. દક્ષિણામૂર્તિ બાલમંદિરમાંથી શ્રી. શંકરભાઈ શાહ, ૩૦ એપ્રીલ ૧૯૩૯ થી છૂટા થાય છે.

ભાવનગરમાં પ્રૌઢ શિક્ષણની યોજનાની શરૂઆત થોડા વખતમાં થવાની છે.

—ઔંધઃ ઔંધ સ્ટેટમાં નિરક્ષરતા ટાળવા માટે ખૂબ પ્રયત્નો કરવામાં આવે છે; ઔંધનું રાજકુટુંબ એમાં સારો રસ લઈ રહ્યું છે.

—નાગપુરઃ મધ્યપ્રાંતમાં કેળવણીનો પ્રચાર કરવા માટે 'વિદ્યામંદિરોની' યોજના શરૂ કરવામાં આવી છે.

—લખનૌઃ લખનૌ વિદ્યાર્થી મહામંડળે અક્ષર જ્ઞાનની હિલચાલ કરવા માટેનો નિર્ણય કર્યો છે. તા. ૧૬મી ફેબ્રુઆરીએ અઈશા બાગમાં એની શરૂઆત કરવામાં આવી છે.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી શિક્ષણ પત્રિકા, કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા પટેલ મૂળચંદ નરશીદાસે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૪ મું
સંવત ૧૯૯૫

અંક ૨ જો
ચૈત્ર

:તંત્રીઓ:

જિનુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

કાગળકામ કે માટીકામ, રાંગોળી કે કાંતણ, જે આપણે પોતે બનાવીએ છીએ તેની બરી કિંમત તે આપણે જાતે બનાવીએ છીએ તેમાં છે. માત્ર માલિકીપણાની, માત્ર કબજાની, માત્ર ભોગવટાની કિંમત જુદી છે અને જાતે બનાવવાની કિંમત જુદી છે. જાતે બનાવવું એનું નામ સ્વયંસર્જન. સ્વયં-સર્જન ઉપર બીજાની નહિ પણ આપણી પોતાની છાપ છે. સ્વયંસર્જન ઉછીનું નહિ પણ પોતાનું છે. સ્વયંસર્જન અનુકરણ નહિ પણ સ્વતંત્ર છે. સ્વયં-સર્જન પરપ્રેરિત નહિ પણ સ્વપ્રેરિત છે. સ્વયં-સર્જન પરસ્ફુરિત નહિ પણ સ્વયંસ્ફુરિત છે. બાલમંદિરમાં સર્જનને સ્થાન છે. કળાનો સાચો પાયો આવાં સર્જનો વડે નાખી શકાય છે. સ્વતં-ત્રતાના મંદિરના પાયામાં આવાં અનેક સ્વયંસર્જ-નોના પથ્થરોની આપણને જરૂર છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૪] ચૈત્ર ૧૯૯૫ [અંક ૨

મ ન નો

નાનું એવું ફોડિયું જ્યારે કહે છે કે હું પ્રકાશ આપું છું ત્યારે તેના ઉપર દયા આવા જેવું છે. તે જાણતું નથી કે પ્રકાશ તો આકાશે રહેલા સૂર્યમાંથી ઉતરેલો છે.

: ૨ :

એક નાનો એવો આગિયો જ્યારે કહે છે કે મારી પાંખો હલાવીને હું જગતને અજવાળું છું ત્યારે તેના ઉપર દયા આવા જેવું છે. તે જાણતો નથી કે એનો ચળકાટ કેવળ ખોટો છે. એ તેજ કે પ્રકાશ જ નથી.

: ૩ :

મોટી હાંડી કે ગ્લોબમાં પ્રકાશ નથી. જ્યોત કે બલ્બમાં પ્રકાશ નથી. પ્રકાશ વીજળીમાં છે-તેજમાં છે. સંપત્તિની વિપુલતામાં મહત્તા નથી. મહત્તા હૃદયના ઔદાર્યમાં છે.

: ૪ :

તે ખાઈ પીને ઊંઘે છે કેમકે તે જનાવર છે. તે વિચાર કરતો જાગે છે કેમકે તે માણસ છે.

: ૫ :

નિયમિતતા દાસી બને તો કોઈ વાર તે પ્રત્યાઘાત કરી રાણી થાય. નિયમિતતા રાણી રહે તો દાસીપણું અસહ્ય લાગે. નિયમિતતા સખી બનવી જોઇએ. તે આપણી સાથે જ રહે. આપણે તેની સાથે રહીએ.

: ૬ :

નિરાશા અને નિષ્ફળતાનું મૂળ અશ્રદ્ધા છે. શ્રદ્ધાનો પાયો દર્શનમાં છે. દર્શનનું સુભાગ્ય કૃપાંકિતને છે. કૃપાંકિત તે છે જે શરણે જાય છે. શરણાગતનું લક્ષણ નિરભિમાન છે.

: ૭ :

પરિણામ મહાન નથી, ગુણ મહાન છે.

: ૮ :

અભિમાન દૂધમાં પડતું મીઠું છે. અભિમાનની કાંકરી આખો દૂધપાક બગાડી નાખે છે.

: ૯ :

સ્વાર્થપ્રમાણ તત્ત્વજ્ઞાન એ આ યુગની લીલા છે.

: ૧૦ :

રૂડા દેખાવા માટેની ભલાઈ એ ભલાઈ નથી.

: ૧૨ :

વ્યવહાર એ એક પ્રકારનો ઢોંગ છે. ગિ.

અ • નુ • ક્રં • ઞ

૧	મનનો	ગિ. ૨૦
૨	બે અંજલિઓ . .	ગિ. ૨૧
૩	પ્રદર્શન	ગિ. ૨૧
૪	ગણિતનો પ્રશ્નપત્ર .	સો. ૨૨
૫	પિતાના સંકલ્પો. .	ગિ. ૨૩
૬	શાળામાં દવાખાનું .	ગિ. ૨૪
૭	શરીરવિકાસ. . .	ગિ. ૨૬
૮	આપણાં બાલમંદિરો.	... ૨૭
૯	બાલમંદિરના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો .	ગિ. ૨૮
૧૦	પેશાબ ક્યાં કરવો ?	ગિ. ૨૮
૧૧	અક્ષરજ્ઞાન યોજના .	ગિ. ૩૧
૧૨	માથે ચડાવેલ . .	ન. ૩૪
૧૩	સાભાર સ્વીકાર. .	તં. ૩૬
૧૪	શિક્ષણ સમાચાર .	... ૩૬

બે અંજલિઓ

સદ્ગત મોતીભાઈ

ચરોતર અને ચરોતરની બહારની કેટલીયે પ્રવૃત્તિઓના સફળયોજક, પુસ્તકાલય પ્રવૃત્તિના આત્મા, મોંટીસોરીપદ્ધતિના પ્રેમી અને તેના પ્રેરક, અને અનેક વિદ્યાર્થીઓના ઘડનાર સાચા મિત્ર અને આધારસંભા મોતીભાઇની ખોટ સમસ્ત ગુજરાતને જબ્બર છે. એના આત્માને પ્રભુ શાંતિ આપો.

○

સદ્ગત બળવંતરાય ઠાકોર

અમદાવાદના સફળ, યશસ્વી કાર્યકર્તા શ્રીઠાકોરની ખોટ ખોટ જ રહેશે. માધ્યમિક કેળવણીના લાંબા વખતના સુકાની જેવા, શહેરીજીવનના હિતેચ્છુ વડીલ જેવા, રાષ્ટ્રજીવનના ઘડતરમાં ચેતનારૂપ બળવંતરાય ઠાકોરના આત્માને શાંતિ હો.

આ બન્ને સુપુતોની પ્રવૃત્તિઓને આગળ ધપાવી, તેમની અધુરી આશાઓ અને ઉમેદોને પૂરી કરી; ગુજરાત પોતાનું ઋણ અદા કરશે અને તેમાં જ તેનું સાચું શ્રાદ્ધ સમજશે.

પ્રદર્શન

પ્રદર્શનવૃત્તિ અને પ્રદર્શનમાં ફેર છે. માણસ જ્યારે બહિર્મુખ થાય છે ત્યારે તે પોતાનામાં જે કાંઈ હોય તે બીજાને બતાવી તેની વાહ વાહ લેવાને ઇચ્છે છે. આ ઇચ્છાને પ્રદર્શનવૃત્તિ કહેવાય. પોતાનામાં જે કંઈ હોય તે બીજા જાણે, બીજાને તે જોતાં આનંદ અને લાભ થાય એ વાત અલગ છે. પણ બીજાને જણાવવા ખાતર જ અને એ જણાવવામાં જ જે પોતાનું જે કંઈ હોય છે તે બતાવવા નીકળે છે તે પ્રદર્શનવૃત્તિ. પ્રદર્શનવૃત્તિ બહિર્મુખતાનું એક ચોક્કસ લક્ષણ છે. પ્રદર્શનવૃત્તિનો ઉદય થતાં માણસ પ્રદર્શન વડે બીજાને આકર્ષવાને, તેને રાજી કરવાને ખેંચાય છે. બીજો તેનાથી આકર્ષાય છે તેમાં તેને રસ પડે છે. બીજાનું આકર્ષણ તેને પોતાની પાસે છે તેના કરતાં કિમતી લાગે છે. અર્થાત્ પોતાની પાસે જે કંઈ છે તેની કિંમત તેને મન બીજાના આકર્ષણ અને અભિપ્રાયમાં લાગે છે. પરિણામે તે પોતાનું સત્ત્વ, શક્તિ, સૌન્દર્ય, પ્રાણ વેચવા માગે છે. તેનો કોઇ ખોટો ઉપભોગ કરે કે સાચો તે વિષે તે બેપરવા બને છે, તેની વૃત્તિ હીન બને છે. પ્રદર્શનવૃત્તિમાં પોતાની નિર્મળતા ઉડી જાય છે, પોતાનું રક્ષણ ઉડી જાય છે, પ્રદર્શનવૃત્તિ વેશ્યાવૃત્તિ પેદા કરે છે.

પણ જે કંઇ પોતાના આનંદ માટે માણસે સર્જેલું છે અને જે પોતાના આનંદમાં બીજાઓને ભાગીદાર કરવાના હેતુથી પોતાનું સર્જન પ્રગટ કરે છે–પ્રદર્શિત કરે છે, તે પ્રદર્શનવૃત્તિથી મુકત છે. પોતાનું સર્જન સ્તુતિ માટે નહિ પણ કદર માટે મૂકનાર પ્રદર્શનવૃત્તિનો

ભોગ થઇ પડેલ નથી. પોતાનું સર્જન સૌન્દર્યની શોભામાં વધારો કરવા માટે રજુકરનાર પણ પ્રદર્શનવૃત્તિનો દાખલો નથી. આવો પ્રદર્શક પોતાના નમુનાઓ ઉપર પોતાનું નામ મૂકવા આગ્રહ રાખતો નથી. પોતાનું નામ તો માત્ર વર્ગી કરવા માટે કામનું છે એમ તે સમજે છે. પ્રદર્શન સમગ્ર સુંદર દેખાય છે અને લોકો તેનો વ્યકિત સાથે જોડાઇને નહિ પણ સમષ્ટિ સાથે જોડાઇને આનંદ લે છે, એમાં તેનો વ્યકિતગત આનંદ સમાઇ જાય છે.

પ્રદર્શનવૃત્તિ વિનાનો પ્રદર્શક બીજાના નમુનાની સાથે તુલના કરતો નથી. તેને પોતાનું સર્જન ગમે છે તે સારી રીતે તે મૂકી જવાની સ્પષ્ટરીતે ઇચ્છા રાખે છે પણ તે બીજાનો વિચાર કર્યો વિના તેમ કરે છે. તેના મનમાં એમ નથી કે મારૂં સર્જન બીજાથી સારૂં દેખાય છે. તે બીજાનું સર્જન જોઇને ઘણો આનંદ પામે છે. બીજાના સર્જનની યોગ્યજ કદર કરે છે. બીજાના સર્જનની સાથે પોતાના ઉચ્ચ કે નીચ કોટીના સર્જનની સરખામણી કરી બીજાના સર્જનને ઉતારી પાડતો નથી કે તેની અદેખાઈ કરતો નથી કે તેને વિશે ઉપેક્ષા રાખતો નથી. તેને બધાં સર્જનની વિશેષતા સમજાય છે અને તેને એ જાતની સૌથી વધારે મહત્વની વિશેષતા સમજાય છે કે સૌનાં સર્જનો સારાં છે; કારણ કે સૌએ ઉત્સાહથી, ઊર્મિથી આનંદ સાથે સરજેલાં છે.

પ્રદર્શનનો એ હેતુ છે કે સૌ ભેળા મળીને પોતાનો આનંદ લે. ઘેર ઘેરથી આણેલું ખાવાનું સાથે બેસીને ખાવામાં એક પ્રકારનો આનંદ છે. વ્યકિત સર્જન-વ્યકિત આનંદનું સંમેલન આવા સહભોજનમાં છે, એમજ વ્યકિત સર્જનનું સંમેલન પ્રદર્શનમાં છે. પ્રદર્શનમાં હરેક વ્યકિત સર્જન ભળે છે હળે છે, એક બીજાને જોઇને આનંદ પામે છે અને પોતાને અને બીજાને ધન્ય કરે છે.

આવાં પ્રદર્શનમાં સારા અને નરસા નમુનાની ભાષા નજ હોય. આવાં પ્રદર્શનમાં હાર જીત ન હોય. આવાં પ્રદર્શનમાં ખોટા નમુના ન હોય. આવા પ્રદર્શનમાં ઇનામ નહોય. આવાં પ્રદર્શન આનંદનો એક જલસો છે અને જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં તેને અવકાશ છે. **ગિ.**

શ્રીબાલઅધ્યાપન મંદિર : રાજકોટ : પ્રશ્નપત્ર સાતમો

વિષય : મોન્ટીસોરી ગણિત

કાઢનાર : **સોમાભાઈ પટેલ**

૧. ૧ થી ૧૦ સુધીનું સંખ્યાજ્ઞાન અને સંજ્ઞાજ્ઞાન કેવી રીતે આપશો તે લખો.

૨. મોન્ટીસોરી પદ્ધતિમાં ૧૦૦૦ સુધીના સંખ્યાલેખન વગેરેમાં વપરાતી ઘોડીની રચના, તેનો ઉપયોગ અને તે ઘોડી બાળકની આગળ પહેલવહેલી રજુ કરતાં કેવી રીતે પાઠ આપશો તે લખો.

૩. ગુણાકારના પાટીઆની રચના અને તેનો કેવી રીતે ઉપયોગ કરાવશો તે લખો.

૪. બોખું બનાવીને મોન્ટીસોરી રીતે નીચેની સંખ્યાઓનો ગુણાકાર કરો. ૫૪૩૬×૨૭૯=

૫. બાનાં પાડીને નીચેનો ભાગાકાર કરો અને તેને સમજાવો. ૧૨૬૨૪÷૧૬

પિતાના સંકલ્પો

માર્ચ

૧ બાળકોનો હું પિતા તો છું પણ તે તેમને પોષવા માટે, નહિ કે તેમને ચૂસવા માટે.

૨ હું ઘરનો વડીલ છું પણ બાળકો ઉપર વડીલાઈ કરવા માટે નહિ, પણ તેમને વિશાળતા આપવા માટે.

૩ હું સશકત છું તે બાળકોને દબાવવા માટે નહિ, પણ તેમને મદદ કરવા માટે.

૪ હું ભણેલો છું તે બાળકોને ભણાવવા માટે નહિ, પણ તેમને ભણતરમાં મદદ કરવા માટે.

૫ હું બાળકોને કંઈ નહિ તો મારી પોતાની વ્હાલી જાતને સમજવા માટે સમજું; કેમકે બાળકો મારૂં પોતાનું અંગ છે.

૬ શિક્ષા કરી બાળકોને હું દબાવી દઈશ નહિ અને તેમને મારકણા કરીશ નહિ.

૭ ભય બતાવી બાળકોને હું મને આધીન કરીશ નહિ અને બીકણ કરીશ નહિ.

૮ લાલચ આપી કે ફોસલાવી હું બાળકોને લાંચીઆ બનાવીશ નહિ અને હું ખુશા-મદખોર થઈશ નહિ.

૯ હું બાળકોની સ્તુતિ કરી તેમને અભિ-માની કરીશ નહિ અને તેમની નિંદા કરી તેમને હલકા પાડીશ નહિ.

૧૦ મારાં બાળકો બીજાને રાજી કરવાનાં રમકડાં નથી.

૧૧ મારાં બાળકો મારા ઘરની શોભા નથી પણ મારા જીવનની શોભા છે.

૧૨ મારાં બાળકો મારી ખાતર નથી અને મારા મિત્રો યા તો સગાંસંબંધીઓ ખાતર પણ નથી.

૧૩ મારાં બાળકો એટલે તે મારી મિલ્કત નથી અને હું તેનો શેઠ નથી.

૧૪ મારાં બાળકો એટલે હું તો માલીક અને તેઓ મારાં ગુલામ નથી.

૧૫ હું જેમ મારે માટે છું તેમ મારાં બાળકો પોતાને માટે છે.

૧૬ બાળકોના ઉછેર અને કેળવણીમાં તેની માતા જેટલો જ મને હક્ક છે; અને તેની માતાને શિરે જેટલી વધારે જવાબદારી છે તેનાં કરતાં મારી જવાબદારી વધારે છે; કેમકે હું પોતાની જાતને માતા કરતાંયે ડાહ્યો અને મોટો માનું છું.

૧૭ બાળકો પાસેથી છૂટવા માટે હું માતા તરફ તેમને ધકકેલી મૂકું નહિ.

૧૮ જવાબદારી ન ઉઠાવવા માટે હું માતાના પદના મોટાં મોટાં વખાણ કરૂં નહિ.

૧૯ દુકાનના કે ચોતરાના કારકુનો પાસેથી નાણાનો હિસાબ માગું એમ બાળકોની માતાઓ પાસેથી બાળકોનો હિસાબ માગું છું. હું કોઇ ઘરની પેઢીનો માલીક નથી પણ ભાગીઓ છું. મારે હિસાબ ન મગાય પણ મારે તો વેપાર જ કરાય.

૨૦ માને દબડાવવાની, તેને ઉતારી પાડવાની મારી ટેવ હું છોડી દઈશ.

૨૧ માને મૂરખ ઠરાવવાની મારી એ અદ્દખી
મારાં બાળકોને જોવા ન મળે તો સારૂં.
૨૨ બાળકો દ્વારા માનું અને માતા દ્વારા
હું બાળકોનું સન્માન કરૂં.
૨૩ માતા અને બાળકો મને નહિ પણ હું
તેમને સુખી કરૂં.
૨૪ ઘરનાં બીજાં કામોમાં અમે માતપિતા
વહેંચણ કરીએ પણ બાળકોના ઉછેરમાં
તો અમે પૂરેપૂરો ભાગજ રાખીએ.
૨૫ બાળકો મારાથી ડરે અને નાસી જાય,
બાળકો મારાથી રડે અને હિજરાય,
બાળકો મારાથી સંકોચાય અને શરમાય,
એમાં મારા જીવનની નિષ્ફળતા છે.
૨૬ હું મારા બાળકોને મારા જ્ઞાનના બોજાનો
અને ડહાપણના અભિમાનનો વારસો
નહિ આપું.
૨૭ હું મારા બાળકોને મારામાંથી અને
મારાઓમાંથી છોડાવીશ.
૨૮ હું મારા બાળકોને માટે તેમને માટે જે
યોગ્ય તે વધુ પસંદ કરીશ અને કહીશ
કરાવીશ.
૨૯ હું મારા બાળકોને માટે તેમની આંખે
જોઈશ અને તેમના મન વડે સમજીશ.
૩૦ ભૂત અને ભવિષ્ય કરતાં બાળકની
વર્તમાન સ્થિતિ પર હું પૂરેપૂરું ધ્યાન
આપીશ.
૩૧ હું બાળકોનો યોગ્ય પિતા થવા મારા
બધા પ્રયત્નો કરીશ. ગિ.

શાળામાં દવાખાનું

પ્રાથમિકશાળામાં જઈને બાળકોની દાક્તરી તપાસ કરશું તો કેટલાંક બાળકો જુદી જુદી રીતે પીડાતાં માલુમ પડશે કોઈને ગૂમડાં થયાં હશે, કોઈને ખસ થઈ હશે, કોઈના માથામાં જૂ પડી હશે, કોઈની આંખો આવી હશે, અને કોઈનો કાન વહેતો હશે. આ બધા રોગો નાનાં છોકરાંમાં વારંવાર થઈ આવે છે અને તે તેમને ઘણો લાંબો વખત પીડે છે.

આવા રોગો થવાનું કારણ ઘરની બેદરકારી, અસ્વચ્છતા અને કેટલાક રોગોનું ચેપીપણું છે. માબાપો કાં તો આળસુ હોય, અજ્ઞાન હોય અગર બહુ કામમાં હોય તેને લીધે બાળકોની સ્વચ્છતા સચવાતી નથી. તેને લીધે તેમને ચામડીના રોગો, જૂ ને ગૂમડાં, ખસ વગેરે થાય છે. વળી શાળા પોતે જ રોગો ફેલાવવાંનું એક સ્થાન છે. સારાં સ્વચ્છ ઘરનાં તન્દુરસ્ત બાળકોને ગંદા અને રોગી બાળકો ભેળા ભણવાનું હોવાથી તેઓને શાળામાંથી ચેપ લાગે છે અને દુઃખદાયક થઈ પડે છે.

ફરજ તો માબાપની છે કે તેમણે પોતાનાં બાળકોને સ્વચ્છ અને નિરોગી રાખવા જોઈએ. બાળકો પ્રત્યે બેદરકારી રાખનારાં માબાપો ઉપર કોઈપણ જાતની ચોકસાઈ રાખવી જોઈએ કે તેઓ બાળકો પ્રત્યે જાગૃત રહે. કડક થઈએ તો તેમની પાસેથી બાળકોને ઉપાડીલેવાં જોઈએ; કેમકે બાળકો માત્ર માબાપનાં નથી, બાળકો સમાજ અને રાષ્ટ્રના અંગભૂતો છે અને તેમ માબાપોની તેમના પ્રત્યેની બેદરકારી સમાજ તથા રાષ્ટ્રનો ગુન્હો લેખાવો જોઈએ.

પણ આ બધું તો ધીરે ધીરે થશે અને

થવાનું છે. દરમ્યાન શાળાએ બાળકોને બને ત્યાં સુધી ઉપર વર્ણવ્યા તેવા નાના નાના રોગોમાંથી બચાવી લેવાં જોઇએ. એટલા માટે દરેક શાળામાં જેમ પુસ્તકાલય હોય છે તેમજ દરેક શાળામાં એક નાનો એવો દવાનો કબાટ જોઇએ. અને શિક્ષકે તે દવા વાપરી જાણવી જોઇએ.

ચોમાસું આવે અને બાળકોની આંખો ઉપડે એટલે શાળામાં આંખો ધોવાનું અને દવા નાખવાનું શરૂ થઇ જવું જોઇએ. વળી શાળામાં દરરોજ માંદા સાજાની તપાસ થવી જોઇએ. જેમને તાવ આવ્યો હોય તેવાને ઘેર મોકલી આપવાં જોઇએ. જે બાળકોને શાળાની દવાથી સાજા કરી શકાય એમ ન હોય તેમને ચિઠ્ઠી લખી ઘેર મોકલી આપવાં અને સાજાં થાય ત્યારે પાછા આવવાનું જણાવવું જોઇએ. ભણાવવું એ પુણ્યકાર્ય છે પણ માંદાં બાળકોને ભણવા દેવાં કે ભણાવવું એ પુણ્યકાર્ય નથી. બીજાં બાળકો કે જેને કાન દુઃખવો, દાંતગંદા, આંખમાં ચીપડા હોય, જૂઓ હોય, તેમને શાળામાં સાફ બનાવીને જોઇતી દવા થવી જોઇએ. આવાં છોકરાં ગરીબ હોયતો ગરીબ માબાપની એ રીતે, અને પૈસાદારનાં હોયતો તેવા માબાપની એ રીતે દયા ખાઈને આપણે બાળકોને સંભાળી લેવાં જોઇએ.

શાળા એ દવાખાનું થઈ જવું ન જોઇએ. શિક્ષકને મોટા વૈદ કે દાકતરનું જ્ઞાન જોઇએ એમ નહિ. શિક્ષકે ઉપર લખ્યા સામાન્ય દરેકની દવાના ઉપયોગ વિશે જાણી લેવું અને સાધારણ કેસોમાં તેણે દવા કરવી જોઇએ.

વળી બહુ અસ્વચ્છ બાળકોને શાળામાં સાફ કરવાં જોઇએ. ગંદાં અને માંદાં બાળકોને ભણાવીને કરવું છે શું ? ચેપી રોગ ફેલાવવામાં કયો લાભ છે ? બરીરીતે શાળામાં ન્હાવાનો હોજ અથવા નળો જોઇએ. ગંદા બાળકોને ત્યાં નવરાવી લેવાં જોઇએ.

આ ઉપરાંત ચેપીરોગવાળાં બાળકોને અલગ બેસાડવાની કાળજી હોવી જોઇએ. બાળકોને એક બીજાની સાથે રાખવામાં રોગ અને ચેપની વાત તેઓ ભૂલી જાય છે. તેથી ચેપ સહેજે લાગી જાય છે. આવી સ્થિતિમાં શિક્ષકેજ કાળજીપૂર્વક ચેપી રોગવાળાં બાળકોને અલગ રાખવાં જોઇએ.

વળી દરેક બાલમંદિર કે પ્રાથમિકશાળામાં ટીંકચર આયોડીન કે બેન્જોઇન કે એવી દવાઓ રખાવી જોઇએ કે જેથી બાળક પડી જાય અને તેને લાગે કે લોહી નીકળે તુરત તે દવા લગાડી શકાય અને તાત્કાળિક મદદ પહોંચાડી શકાય.

શાળામાં બાળકોને ઘણા કલાકો કાઢવાના હોય છે. શાળા માત્ર ભણવા માટે ગોંધાઈ રહેવાની જગ્યા નથી. શાળા ચાર–છ–આઠ જેટલા કલાક આવે તેટલા કલાક બાળકોનું ઘર છે અને ત્યાં તેમની સંભાળ લેવી જોઇએ. ગિ.

મંગાવો, મોડું ન કરતાં

૧ મોન્ટીસોરી પદ્ધતિ ... ગિજુભાઈ ૨–૦–૦
૨ વસંત બાલશિક્ષણ પ્રચારમાળા
ભા. ૧–૨ ... ગિ. તા. ૧–૬–૦
૩ માબાપોના પ્રશ્નો ... ગિજુભાઇ ૦–૮–૦
૪ સ્વતંત્ર બાલશિક્ષણ... ગિજુભાઈ ૦–૧–૦
૫ મોન્ટીસોરી પ્રચારમાળા ગિ. તા. ૧-૧૦-૦
ટપાલ-ખર્ચ જુદું

લખો:–વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા,
કૃષ્ણનગર પ્લોટ–ભાવનગર

શારીર

૧ સમતોલતા કેળવવી
- ૧ ખુરશી ઉપર બેસવું
- ૨ કૂદવું
- ૩ આળોટવું
- ૪ આડા પડવું
- ૫ ટીંગાવું

૨ હરવું ફરવું, દોડવું કૂદવું

૩ આરામ લેવો
- ૧ સાધનો લેવાં, મૂકવાં, ધોવાં, ગોઠવવાં વગેરે
- ૨ આસનો પાથરવાં, ઊંચકવાં
- ૩ શ્વાસની ક્રિયા
- ૪ નાડીની ક્રિયા

૪ પ્રબોધક સાહિત્યવડે

૫ સામાજીક જીવનવડે
- ૧ પાણી પીવું તથા પાવું
- ૨ માથું ઓળવું
- ૩ વાળવું ચોળવું વગેરે


૬ પ્રાર્થના
- ૧ પાટિયા ઉપર
- ૨ પટા ઉપર
- ૩ લીંટા ઉપર
- ૪ છૂટા
- ૫ પાણી લઈને
- ૬ કિનારી ઉપર
- ૭ કઠેડા ઉપર

જાહેરાત

શિક્ષણપત્રિકાના જુદા જુદા વર્ષોના છુટક અંકો (સળંગ ફાઈલ નહિ) નીચેના ભાવથી મળી શકશે. પ્રચાર માટે જુજ કિંમતે કાઢી નાખવાના હોવાથી અંકોની પ્રત એક કરતાં વધારે આવશે.
૧૨ અંકો ૦ –૪–૦, ૨૫ અંકો ૦–૮–૦, ૫૦ અંકો ૦–૧૦–૦, ૧૦૦ અંકો ૦–૧૪–૦.
રેલ્વે સ્ટેશને મંગાવવાથી ડીલીવરી મફત. પોસ્ટમાં મંગાવનારને પોસ્ટેજ અલગ આપવું પડશે.

લખો: વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા, કૃષ્ણનગર પ્લોટ–ભાવનગર.

વિકાસ



× બાળકોને ખુલ્લામાં પુષ્કળ હરવા ફરવા દેવાં જોઈએ

આપણાં બાલમંદિરો

(૪)

ભારત બાલમંદિર, અમદાવાદ—આ બાલમંદિર તા. ૧૫ મી એપ્રીલ ૧૯૩૮ ને દિવસે શ્રી. રામનારાયણભાઈ પાઠકના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

સાત બાળકોની શરૂઆતથી આજે સંખ્યા ડીસેંબર આખર સુધીમાં ૩૧ સુધી પહોંચી છે.

અમદાવાદના અગ્રગણ્ય શહેરીઓ અને કેળવણીકારોનું બનેલું એક સલાહકારક મંડળ બાલમંદિરના સંચાલકોને દિશાસુચન કરવા માટે રાખેલું છે.

અક્ષરજ્ઞાન, સંગીત, ચિત્રકળા, અંગકસરત વગેરેની તાલીમ ઉપરાંત પ્રવાસ, વગેરે પ્રવૃત્તિઓ પણ આદરવામાં આવે છે.

તા. ૧૫ અને ૧૬ ડીસેમ્બરના દિવસોએ બાળકોના બનાવેલા નમુનાઓનું પ્રદર્શન શ્રી. રામનારાયણભાઈ પાઠકને હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સંચાલક: **ભાનુમતી ચોકસી.**

બાલમંદિરના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો

બાળકોનું સન્માન કરવું.
બાળકોમાં વિશ્વ સ રાખવો.
બાળકોને મારવાં નહિ.
બાળકોને ભય બતાવવો નહિ.
બાળકોને સ્વાધીન કરવાં.
બાળકોને સ્વતંત્ર રાખવાં.
બાળકોને હક્કો છે.
બાળકો મોટાનાં ગુલામો નથી.
બાળકો મોટાનાં રમકડાં નથી.
બાળકો મોટાનાં તાબેદાર નથી.
બાળકો સ્વચ્છ હવાના હક્કદાર છે.
બાળકો પુષ્કળ અવકાશના હક્કદાર છે.
બાળકો તંદુરસ્ત ખોરાકના હક્કદાર છે.
બાળકો રક્ષણ અને કેળવણીના હકદાર છે.
બાળકોને નાત જાત અને પરંપરાનો ધર્મ નથી.
બાળકોને ભૌગોલિક બંધન નથી.
બાળકોને વેચી ના શકાય.
બાળકોને વાપરી ના શકાય.
બાળકો પાસે મજુરી કરાવી ના શકાય.
બાળકોને ખરાબ સહવાસમાં રાખવા નહિ.
બાળકોને માટે સારામાં સારા શિક્ષકો જોઈએ.

બાળકોના શિક્ષણ માટે પૂરતો ખર્ચ થવો જોઈએ.

બાળકોના સુખનો વિચાર બાળકોની દૃષ્ટિએ થવો જોઈએ.

બાળકો માનવજાતની મુડી છે એટલે માનવજાતે તેનો સુંદર ઉછેર કરવો જોઈએ.

બાળકોની ખાતર બાલમંદિર છે. બાલમંદિરની ખાતર બાળકો નથી. બાળકોના હિતની વિરૂદ્ધ વ્યવસ્થા બાલમંદિરમાં ન હોય.

બાળકોને બાલમંદિરમાં કોઇને રાજી કરવા નચાવી કે ગવડાવી ન શકાય.

બાળકો વચ્ચે ભેદ ભાવ કરાવી ન શકાય.

બાળકો વચ્ચે સ્પર્ધા કરાવી ન શકાય.

બાળકો કેન્દ્રમાં હોય તે બાલમંદિર.

બાલમંદિરના શિક્ષકોને પૂરતો પગાર જોઈએ.

બાલમંદિરના શિક્ષકોનું સન્માન જોઈએ.

બાલમંદિરના શિક્ષકોને રજાઓ વગેરેથી આરામ જોઇએ

બાલમંદિરના શિક્ષકોએ પોતાની સમગ્ર શકિત બાલમંદિરને આપવી જોઇએ. ગિ.

પેશાબ ક્યાં કરવો ?

કોઈ સારા વ્યવસ્થિત ઘરનું કે સારા બાલમંદિરનું બાળક જરૂર પડશે ત્યારે પૂછશે, 'એકી ક્યાં જવું ?' આનું કારણ ઘરમાં તથા બાલમંદિરમાં તેને તાલીમ પડેલી હોય કે પેશાબ જ્યાં ત્યાં થાય નહિ પણ અમુક નકકી કરેલી જગ્યાએ જ થાય. આવી તાલીમ પામેલાં બાળકો જ્યારે ને ત્યારે પેશાબખાનું શોધશે.

પણ જે બાળકોને એવી તાલીમ નહિ મળી હોય તેઓ તો ઠીક લાગે ત્યાં બેસી જશે. આપણું અવલોકન આપણને કહેજ છે કે લોકો

આપણી બાલ-ગ્રંથમાળા



ચિંગસપુરા : ભરૂચ.

સ્થાપન ૧૯૩૭.

સંચાલકો : ભાઈલાલ પટેલ
પદ્માવતી દેસાઇ



વાર્ષિક લવાજમ
હિંદમાં રૂા. ૧)

* યોજના *

હિંદ બહાર
શિ. ૩

એક વર્ષમાં દર બે મહિને **નિયમિત** ૬ પુસ્તકો ફક્ત ૦–૧૧–૬ માં અને પોસ્ટેજ ૦–૪–૬ મળી કુલ્લે રૂા. ૧) માં વેર બેઠા પહોંચાડવામાં આવે છે.

નવું વર્ષ ઓગષ્ટ મહિનાથી શરૂ થાય છે.

બાલ-સાહિત્યમાં નવીન ભાત પાડતી ગ્રંથમાળાના પુસ્તકો નીચે પ્રમાણે છે.

પહેલું વર્ષ.

શું શીખ્યા ?	૦–૩–૦
*ગામડામાં	૦–૪–૦
બાલ–ચિત્રો	૦–૩–૦
હિંદી રાષ્ટ્રિય મહાસભા	૦–૪–૦
*ચાલો હિમાલયે ભા. ૧	૦–૩–૦
ભા. ૨	૦–૩–૦
	૧–૪–૦

* હાલમાં મળતાં નથી.

સરકારી કેળવણી ખાતામાં પહેલા વર્ગના પુસ્તકો મંજુર થયાં છે.

વડોદરા રાજ્યના પુસ્તકાલયે પણ પુસ્તકાલયો માટે મંજુર કર્યા છે.

બીજું વર્ષ

કેમ અને શા માટે ?	૦–૩–૦
આપણે ભજવીએ	૦–૩–૦
ભાઈ–બેન	૦–૩–૦

(પ્રગટ થઈ ચુકયાં છે.)

હવે પછી

નહાનપણની વાતો	૦–૩–૦
ઉડો આકાશમાં	૦–૩–૦
સાચી વાતો	૦–૩–૦
	૧–૨–૦

બીજાઓ શું કહે છે ?

'આપણી બાલ–ગ્રંથમાળા' ની પહેલી ચોપડી 'શું શીખ્યા ?' મને મળી. વાંચી ગયો. બાળકો તથા બાળાઓને માટે એ ઉપયોગી છે.

—ગિજુભાઇ બધેકા

* * * * *

.....તરફથી બાળકોને બોધદાયક વાર્તાઓના પુસ્તક પ્રસિદ્ધ થવા માંડ્યા છે. ચારિત્ર્યના ઘડતર માટે આવા પુસ્તકો ઘણાં ઉપયોગી છે.

—પુસ્તકાલય

* * * * *

.....એકંદરે આ છ પુસ્તકોમાં સુંદર બાલ–સાહિત્ય અપાયું છે અને વિવિધતા પણ સારી રીતે જળવાયાં છે. એક રૂપીઆમાં આટલું સાહિત્ય આપવાનું કામ પ્રશંસાને પાત્ર છે.

—જન્મભૂમિ

* * * * *

.....આમ આ ગ્રંથમાળાની પ્રત્યેક પુસ્તીકાઓ વિવિધતાથી ભરપુર છે.

—રવિવાર

* * * * *

ગ્રંથમાળાના પુસ્તકો બાળકો માટે બહુ ઉપયોગી વાંચન પુરૂં પાડે છે. સરળ ભાષામાં સુંદર મુદ્દાઓ ચિન્ત્યા છે. બાળકોને આ સરળ બોધદાયક વાંચનના પુસ્તકોની ઘણી જરૂર છે, એ જરૂરીઆત આ માળા પુરી પાડે છે.

શારદાબહેન મહેતા

મળવાનું ઠેકાણું

આપણી બાલ–ગ્રંથમાળા : ચિં ગ સ પુ રા; **ભરૂચ.**

આર. આર. શેઠની કું. : પ્રિન્સેસ સ્ટ્રીટ; **મુંબઇ.**

શ્રી પદ્મવિલાસ પ્રીં. પ્રેસ,–ભરૂચ. ૫૦૦૦. ૧૨–૩૮.

–નાનાં મોટાં–સૌ શેરીમાં ગમે ત્યાં પેશાબ કરવા બેસે છે અને બેસી શકે છે. ઘરની આજુ-બાજુ પણ દૂર નજીક પેશાબ થઈ શકે છે. શાળાની ભીંત પાસેય પેશાબ કરવા બેસી શકાય છે. વગર પૂછ્યે એક બીજાનું જોઇને લોકોએ કરી મૂકેલાં પેશાબખાનાં એટલે કે શાળાની ગલ્લીઓ અને ભીંતો અને આંગ-ણાના ખૂણા ગંદકીનાં અને દુર્ગંધનાં મોટાં સ્થાનકો થઈ પડેલાં છે.

ઘણીવાર એવું બને છે કે પ્રાથમિક-શાળામાં જતાં નાકે રૂમાલ દેવો પડે તેવી દુર્ગંધ આવે છે. ઘોંઘાટ એ જૂની પ્રાથમિકશાળાનું એક લક્ષણ છે અને પેશાબની દુર્ગંધ એ એનું બીજું લક્ષણ છે. અને એમાં વાંક કોનો ? નથી વાંક શિક્ષકનો કે નથી વાંક નિશાળીઆઓનો. શા-ળામાં જ્યાં બેસવાની પૂરતી જગ્યા નથી ત્યાં પેશાબખાનાની વાત કયાં કાઢે ? અને બાળકો તો બિચારાં પેશાબ કરવા જ્યાં ત્યાં બેસે નહિ તો શું કરે ?

પણ શાળાઓનાં બાળકોના લલાટે અંધારું, ઘોંઘાટ અને કેટલીક વાર ભેજ અને ધૂળ લખેલાં છે તેમજ દુર્ગંધ પણ લખેલી છે. લોકો આવીજ રીતે જીવતા આવ્યા છે, ગામમાં પણ સર્વત્ર આજ સ્થિતિ છે, ત્યાં કોને દુર્ગં-ધની દુર્ગંધ આવે અને તેની સાથે લડાઇ કરે ?

લોકોને તો મોટા મોટા ગંધાતા ઉકર-ડાની અને સડેલાં ગંધાતાં પાણીનાં બાબો-ચિયાં અને કુંડીઓની દુર્ગંધ આવતી નથી એટલે કે તે ચલાવી લેવાની મજબૂત ટેવ છે ત્યાં પેશાબની દુર્ગંધ કંઇ મોટી દુર્ગંધ નથી. એમ છતાં મોટાં લોકોની આ ટેવ બાળ-કોમાં અને તેનાં બાળકોમાં અને તેનાં બાળ-કોમાં ઉતરે તો આજે જે દશા આપણી છે તેવી જ દશા કાયમ રહે અને આપણું આરોગ્ય ઊંચે આવે નહિ.

ઘર અને શાળા માણસોને ઘડે છે એમ કહેવાય છે. શાળામાં પણ બાળકોના વલણો-પર કેટલીક છાપો કાયમની પડી શકે છે. શાળામાં વર્ષો સુધી સ્વચ્છતા અને સુંદરતા અનુભવનાર બાળક પોતાના જીવનમાં તે વસ્તુ લાવવા પ્રયત્ન કરશે. શાળામાં પેશાબની વ્ય-વસ્થા બરાબર કરવામાં આવે તો તે વ્યવસ્થા ધેર ધેર પહોંચશે. અને ધેર ધેર પહોંચેલી સ્થિતિ પુનઃ ગામની શેરીઓમાં અને ભાગો-ળોમાં પહોંચશે. આવા કેટલાક સંસ્કારો શા-ળામાં પણ આપી શકાય છે. શાળામાંથી જેમ ઘણું નઠારું બાળકો શીખી શકે છે તેમ બાળકો સારું પણ શીખી શકે. બાળકોને આવી બાબતમાં માત્ર ઉપદેશ નહિ આપો. ઉપદેશની સાથે જ તેમને માર્ગ બતાવવો જોશે.

બાલમંદિરમાં તો ઘણે ભાગે આ પ્રમાણે થાય છે. નવાં આવતાં બાળકોને શિક્ષક કહે છે, "ચાલો તમને પેશાબ કરવાની જગા બતાવું" પછી શિક્ષક નવું જૂનું ટોળું લઈ પેશાબ કરવા માટેની નક્કી કરેલી જગાએ જાય છે અને જગા બતાવીને કહે છે, "અહીં પેશાબ કરવા આવવું. આ જગા ખાસ પેશાબ માટે જ રાખી છે. આ ઈંટો પર બેસવું, પછી આ ધૂળ પેશાબ પર નાખવી; જ્યાં ત્યાં પેશાબ કરવાથી જમીન બગડે, ગંદું થાય, ગંધાય." આ બધું બાળકો સાંભળે છે. તેમના મનમાં ઊંડી અને સુંદર છાપ પડે છે. શા માટે અહીં પેશાબ કરવા આવવું

તે તે સમજે છે. પછીથી તે જ્યારે પેશાબ કરવો હોય ત્યારે ત્યાં જ આવે છે. કોઈ-વાર ઉતાવળ થઇ જવાથી રસ્તે જ પેશાબ થઇ જાય છે તો તેને સારૂં લાગતું નથી. કોઈ બીજું નવું આવેલું બાળક ગમે ત્યાં પેશાબ કરે છે તો તેને પેશાબ કરવાની જગા બતાવે છે. કોઇ બાળક વારંવાર ન કરવાની જગાએ પેશાબ કરે છે તો બધાં બાળકો તેને તેમ કર-વાની ના પાડે છે. તે બાબતની જાહેરાત કરે છે અને અટકવું જોઈએ તેવી માગણી કરે છે.

આવી જ રીતે ઘરમાં થઈ શકે છે. ઘરની ચોકડી પર અથવા આંગણામાં પેશાબની જગા ગોઠવી શકાય અને બાળકોને તે બતાવી દેવાય.

એટલી વાત તો ખરી છે કે બાળકો શ્રદ્ધા-વાળાં હોય છે. તેઓ આપણા બોલમાં વિશ્વાસ રાખે છે. તેઓ સરલ હોવાથી શા માટે કરવું એમ પૂછવાને બદલે કરવા માંડે છે પણ જો એકવાર તેની શ્રદ્ધા તૂટે છે તો તેઓ અવ્ય-વસ્થિત થઈ જાય છે. આ કારણે મોટાંઓએ પ્રણ બાળકો સાથે વ્યવસ્થિત રહેવાની બાસ કાળજીપૂર્વક ટેવો પાડવી.

શહેરના પ્રાથમિક શાળાના સેંકડો બાળકો માટે પેશાબખાનાં તૈયાર કરાવવાં જોઇએ. ગામોની પ્રાથમિક શાળાનાં બાળકો માટે હરકોઈ રીતે પેશાબ કરવાની નક્કી જગાઓ અને તે બરાબર સ્વચ્છ રહે તેવો બંદોબસ્ત કરવો જોઇએ. માત્ર જગા નક્કી કરવાથી નહિ ચાલે. તોતો તે જગા પેશાબનું તળાવ થઈ જાય અને બાળકોના પગ પણ પેશાબવાળા બની જાય. આવું બને પણ છેજ. આ કાંઇ કલ્પના નથી. પેશાબખાનાં કેમ ધોવાય અગર ત્યાં દવા કે માટી કેમ નખાય તે છોકરાંને બતાવી શીખવી શકાય. જે બાબતમાં તેમનો રસ કેળવી શકાય, નાનપણથી જો આવી પ્રથા દાખલ થાય તો મોટપણે આ પ્રશ્ન રહે નહિ.

હરિપુરા કોંગ્રેસે એક મહાન જીવંત પાઠ શૌચ અને સ્વચ્છતા ઉપર પ્રજાને આપેલ છે. એ પાઠ એટલો બધો વ્યવસ્થિત હતો કે એની વ્યવસ્થાને લીધે એ સંપૂર્ણ રીતે સફળ થયો હતો. એ ઢબે દરેક ગામમાં, ગામડામાં સ્વચ્છતાના જીવન્ત પાઠો ચાલુ થવા જોઇએ. દરેક ઘરમાં પણ એ પાઠ પહોંચવો જોઇએ. પ્રજા આખીનું આરોગ્ય અને સૌન્દર્ય આવા પાઠોનું દૃઢતાથી અને ઉમંગથી પાલન કર-વામાં છે.

નિશાળે તો આ પાઠ અમલમાં મૂકવો જ જોઈએ. પેસાબ, શૌચ, થૂંકવું, કચરો નાખવો વગેરે બાબતના સ્થળો અને નિયમો પ્રત્યેક શાળામાં જોઈએ જ. શિક્ષક ચોપડી ભણાવે તે પહેલાં આ બાબત ભણાવે–ગણાવે. પરીક્ષક પરીક્ષા લે તે પહેલાં આ બધું તપાસે. તે પણ એક દિ' માટે નહિ પણ શાળાના ૩૬૫ દિવસો માટે થયું હોય તો જ તે શાળાને અને શિક્ષ-કને પાસ કરે.

ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

અક્ષરજ્ઞાન યોજના

પ્રૌઢ શિક્ષણમાં અક્ષરજ્ઞાનને આવશ્યક સ્થાન છે. પ્રૌઢ શિક્ષણનાં બીજાં કામો સાથે અક્ષરજ્ઞાન આપવાનું કામ કેવી રીતે પાર પાડી શકાય તેની એક યોજના અત્રે આપવામાં આવી છે.

અક્ષરજ્ઞાન પ્રચારમાં નીચેનાં અંગો વિચારવાનાં છે:

૧ શિક્ષક

(૧) **શિક્ષકે શું કરવાનું છે:**—(૧) અક્ષરજ્ઞાન આપે. (૨) બાળકો, બેનો, ભાઇઓને મોઢેથી સામાન્યજ્ઞાન આપે. (૩) વાચનાલય તથા પુસ્તકાલય સંભાળે. (૪) ઉત્સવોમાં પ્રાણ પૂરે અને તે દ્વારા શિક્ષણ આપે. (૫) લોકોના આચાર વિચારને ક્રિયાત્મકરીતે સંસ્કારિતા આપે. ગામમાં કથાવાર્તા, હરિભજન કરે. (૬) ગામનાં બાળકોને રમાડે, બદીઓમાંથી તેમને છોડાવે અને સંસ્કાર આપે. અથવા સારૂં એવું ક્રીડાંગણ ચલવે. ગામની સફાઈ વગેરેનાં કામો રફતે રફતે હાથપર લે. (૭) ખાદી તથા ગ્રામસુધારણાનાં કામો તથા કાર્યકર્તા સાથે હમેશનો મેળ રાખે અને જરૂર પડે ત્યાં સહકાર આપે.

(૨) **શિક્ષક કેવો જોઇએ:**—(૧) અક્ષરજ્ઞાન આપવાનું કામ શિક્ષણનું હોવાથી તે ભણેલો જોઇએ. ઉપરાંત અક્ષરજ્ઞાન સરળતાથી સારી પદ્ધતિથી કેમ અપાય તે તેણે જાણેલું હોવું જોઇએ. મતલબ અક્ષરજ્ઞાનના વિષયમાં તે તાલીમ પામેલ હોવો જોઇએ. તેણે અક્ષરજ્ઞાન કેમ અપાય તેની કોઇપણ શાળામાં તાલીમ લીધેલી હોવી જોઇએ. (૨) શિક્ષક સ્થાનિક કે બહારનો બંને ચાલે. (૩) સ્ત્રીપુરૂષ બંને જોડે શિક્ષક તરીકે કામ કરે તો વધારે સારૂં (૪) શિક્ષકને આર્થિક ચિંતા વિનાનો એટલે ચોક્કસ પગાર મળતો હોવો જોઇએ. (૫) શિક્ષક ખટપટી, પક્ષવાળો ન જોઇએ. (૬) પોતાના પગાર સિવાય તેણે ગામના લોકો પાસેથી કશી લાલચ રાખવી ન જોઇએ. એટલે કે તે લાલચુ, લોભી, માગણ, ગામોટ, માત્ર કથા વાચવાવાળો કે ટીપણું જોનારો કે મંદિરનો બાવો ન જોઇએ. (૭) રાષ્ટ્રીય ભાવના અને સેવામાં સમજવાળો અને જ્ઞાનવાળો હોવો જોઇએ.

૨ પદ્ધતિ

બધા સ્થળે ભણાવાની પદ્ધતિ એક સરખી રાખવી આવશ્યક છે. પછી તે ગમે તેણે યોજેલી હોય. જે પદ્ધતિ પ્રયોગથી સારી માલુમ પડી હોય તે પદ્ધતિનો સ્વીકાર કરવો.

પદ્ધતિ એક સરખી રાખવાથી વહિવટ એકધારો ચાલે, સરળતા આવે, અને પરિણામોને તુલનાત્મક અને પ્રયોગાત્મક દૃષ્ટિથી માપી શકાય. પરિણામ એટલે પરીક્ષા નહિ. ઉપરાંત એકસરખી પદ્ધતિ રાખવાથી ગમે તેણે અધૂરૂં મુકેલું કામ બીજો માણસ અનુસંધાનથી ઉપાડી શકે.

પદ્ધતિને નકકી કરવા માટે આ કામના જાણકાર શિક્ષકોની સમિતિ નીમી શકાય.

વાચન શિક્ષણને પ્રથમ લેવું અને તેનાપર ભાર દેવો. લેખન તો એની પાછળ પાછળ આવશેજ. છતાં એ બાબતમાં જેમ અનુકૂળતા પડે તેમ કરવું.

ક, કા, કિ, કીની નાનાં બાળકોને શીખવવાની જૂની પદ્ધતિથી કંટાળો આવશે. તે પદ્ધતિ છોડી દેવી. શબ્દાધ કે વાકયાધ પદ્ધતિઓ પરદેશની ભાષાઓને માટે લાયક છે. પદ્ધતિ એવી જોઇએ કે ભણનારને બીજે ત્રીજે દિ' એમ લાગે કે પોતે વાચી શકશે. ભણનારને શ્રદ્ધા પેદા કરે તેવી અને અધરી ન પડે તેવી પદ્ધતિ અખત્યાર કરવી જોઇએ.

પદ્ધતિ અનુસાર પાઠયપુસ્તકો રચેલાં જોઇએ. વાચનાલયનું સારૂં જ્ઞાન થયા પછી આગળ વાચન ચાલુ ન રહે તો ભણતર ભૂલાઈ જાય. તે માટે આ-

ગળનાં પુસ્તકો અને વિશાળ વાચનનાં સાધનો પદ્ધતિ અનુસાર તૈયાર થવાં જોઇએ.

ગમે તે શિક્ષક ગમે તે પદ્ધતિ અને ગમે તે પાઠયપુસ્તકથી પોતાનું ગાડું ચલાવી ન શકે.

અક્ષરજ્ઞાન આપવાના કેટલાક અખતરા ચોકકસ પદ્ધતિ અને પાઠયપુસ્તકોના અભાવે નિષ્ફળ ગયા છે. પદ્ધતિ ભણનારને અનુકૂળ જોઇએ. ભણનાર તેને અનુકૂળ થાય તેમ નહિ. પદ્ધતિ ખુરશીપર બેસી રચાએલી નહિ પણ ભણાવતાં ભણાવતાં સ્વીકારવી પડેલી હોય તે કામ આવે.

૩ ભણનારાઓ

ભણનારાઓમાં તમામ અભણની ઉંમર, શક્તિ, સંપત્તિ વગેરે કોઈ પણ જાતનો બાધ રાખ્યા વગર સમાવેશ કરવો. બિલકુલ અભણ ગામ પ્રયોગ કરવા માટે ઉત્તમ સ્થળ છે.

ભણનારાઓને પૈસા કે બીજી લાલચ આપીને ભણાવવાથી અખતરો જોખમાશે. ભણનારને ભણતરનો આનંદ આવે. તેની બુદ્ધિમાં પ્રકાશ પડે. તેની સામે નવા વિચારો, નવી કલ્પનાઓ વગેરે બડાં થાય. ટૂંકમાં તેની આંખો દેખતી થાય તે જ ભણતરનું પ્રલોભન અને બદલો સમજવો. લોકો ઘરડા લોકોને વાંચતા જોશે કે તેમની શ્રદ્ધા બેસશે. સ્પર્ધા કરાવવાની જરૂર નથી પણ આનંદ કયાં છે તે બતાવવાની જરૂર છે. ચોપડીઓ, છાપાં, પત્રિકા, વગેરે ઘરબેઠાં વાંચીને દુનિયા કયાં છે તે ઝટ સમજાય. ધર્મનાં પુસ્તકો વાંચીને ઘડપણમાં કંઈક ભજન થાય છે. ખેતી વગેરેની પત્રિકા વાંચવાથી સુધારા કરી શકાય છે એ બ્યાસો ભણનારના મગજમાં અનુભવવડે દાખલ કરવા. શરૂઆતનું કામ પાકું થાય તે પછી પ્રવાહ તો ચાલે. ભણનારાઓને જ્યારે કુરસદ અને અનુકૂળતા હોય ત્યારે ભણાવવાં. બેજ કામ ઉપર બેઠેલો માણસ સવારે બાળકોને, બપોરે સ્ત્રીઓને, અને રાતે સીમમાં ગયેલાને ભણાવી શકે. મતલબે ભણાવવાનું કામ સવારથી રાતના બાર વાગ્યા સુધી ચાલ્યા કરે. જરૂરી જરૂરી મંડળી ભણવા આવે અથવા જુદાં જુદાં નક્કી કરેલાં સ્થળે નક્કી કરેલા સમયે શિક્ષક ભણાવી આવે. એકજ વર્ગ અને એક સમયથી કંઇ વળે નહિ. શિક્ષકના મનમાં એવું જોઇએ કે સ્થળે સ્થળે અજ્ઞાનના અંધકારને હાંકી કાઢવાં જ્ઞાન લઇને પહોંચ્યું અને નવરોજ ન પડું અને નવરા ન પડવા દઉં એનું નામ ધગશ.

૪ સાધનો

પાટી, પેન, પાટિયું, ચોક, બત્તી, ધાસલેટ, પાઠયપુસ્તકો અને સ્થળ.

સ્થળ ગામના લોકોએ કાઢી આપવું જોઇએ.

પાઠયપુસ્તકો ઓછાં ખરીદાવવાં અને તેનો ખર્ચ ભણનારા વ્યક્તિગત ઉપાડે. પાઠયપુસ્તકો તથા પાટીપેન સંયુકત માલિકીમાં રાખવાથી ખર્ચ ઓછો આવે. પાટિયું, ચોક, તથા દીવાબત્તીનું ખર્ચ ગામલોકો ઉપાડે. ભણતરની ફી ન લેવી. ઉત્તેજન બદલ પણ કંઈ ન આપવું.

ગામ પાસેથી પૈસા ઉઘરાવવાનું કામ તથા મકાનનો વહિવટ ગામનો અધિકારી કરે અથવા તે સ્થાનિક શિક્ષકને સોંપે. સાધનો પાછળ ઓછામાં ઓછો ખર્ચ કરવો. ધૂળમાં વતરણાથી પણ ભણાવી શકાય. કાગળ, પેન્સીલ, શાહીનો ખર્ચ કરાવવાની ઉતાવળ નથી.

૫ વહિવટ અને આર્થિક વ્યવસ્થા

૧ અગીઆર ગામોનું એક, એવાં વર્તુલો રચવાં.

૨ એક એક ગામમાં એક, એમ એક વર્તુલે ૧૧ શિક્ષકો રોકવા. ગામો નજીક નજીક હોય તો અને વસ્તી થોડી હોય તો બે ગામે કે ત્રણગામે એક શિક્ષક રોકવો.

૩ અગીઆર ગામમાંથી એક **વર્તુલગામ** તરીકે પસંદ કરવું.

૪ વર્તુલ ગામમાં અગીઆર ગામની કચેરી મૂકવી અને તેમાં એક શિક્ષક રોકવો. આ શિક્ષકને પદ્ધતિદર્શક નિરીક્ષક કહેવો.

૫ પદ્ધતિદર્શક શિક્ષકે નીચેનાં કામો કરવાં:– ૧ અગીઆર ગામનાં દફ્તરો રાખવાં. ૨ વસ્તી ગણતરી અને અક્ષરજ્ઞાન ગણતરી કરાવવી. ૩ અગીઆર ગામનાં ભણતર કાર્ય ઉપર ચક્કર મારતા રહી દેખરેખ રાખ્યા જ કરવી અને શિક્ષણનું કામ બરાબર કેમ ચાલે તે બતાવ્યા કરવું. થતી ભૂલો સુધારવી. તપાસણી કરવી. લોકોનો ઉત્સાહ ચાલુ રહે અને વિશ્વાસ વધ્યા કરે તેવાં પગલાં લીધા કરવાં. દર્શક શિક્ષક સાઈકલથી ફરે. સાઈકલ ગામ તરફથી અથવા અક્ષરજ્ઞાન મંડળ તરફથી મળે. દરેક ગામવાળાઓ દર્શક શિક્ષકને તે જ્યારે પ્રવાસે આવે ત્યારે ગામનો મહેમાન ગણે. તેનો ભોજન ખર્ચ ગામલોકો ઉઠાવે.

૬ અગીઆર ગામના શિક્ષકોને તે પગાર કરે.

૭ અગીઆરે ગામના શિક્ષકોનાં તથા લોકોનાં સંમેલનો તે ભરે. કામનું પ્રદર્શન તે કરે. શિક્ષકોને એકઠા કરીને નવી નવી વાતો કહે.

૮ કેન્દ્ર સંસ્થાના ઉપરી સાથે કામ પાડે.

૯ પુસ્તકો, સાધનો વગેરે જે પોતાની મર્યાદામાં રહીને મોકલવાનું હોય તે પોતે મોકલે. અથવા સ્થાનિક શિક્ષકને જે રીતે મદદ કરવાની હોય તે બધી તેને કરે.

૧૦ અગીઆરે ગામમાં એકધારો–જોઇતા અપવાદો સાથે કામનો અમલ કરાવે.

૧૧ સ્થાનિક શિક્ષક:–૧ સ્થાનિક શિક્ષકે દિવસ બધો કામ ચાલુ રાખવું. જુદા જુદા સ્થળે મંડળો રચી કામ ઉપાડવું. મંડળો કેમ પાડવાં તેનો વિચાર અમલ તેણે કરી લેવો. ૨. વધારેમાં વધારે અઢી માસમાં તેણે ભણનારને લખતાં વાંચતાં કરી દેવા યત્ન કરવો. જેમ આગલા વર્ગો વાંચતા લખતા થાય તેમ તેમ તેમને વાંચનાલય તથા પુસ્તકાલય તરફ ખેંચવા અને નવા વર્ગો ઉઘાડવા. ૩. તૈયાર થયેલ ભણેલામાંથી ભણાવનારા ઊભા કરવા. ૪. સંખ્યાને પહોંચી ન વળાય ત્યારે બીજો શિક્ષક અગર સ્વયંસેવક માગવો. ૫. ગામમાં ભણેલા હોય તેને સ્વયંસેવક તરીકે કામ કરવાનો સાથ આપવા પ્રેરવા અને અને મેળવવા. ૬. શિક્ષકનું કામ વ્યવસ્થિત ચાલે તે માટે બધું કરવું. દર્શક શિક્ષકને જવાબદાર રહેવું.

૬ સ્વયંસેવકો

નિરક્ષરતા દૂર કરવાનું કામ અઘરું છે એના કરતાં વિશાળ બહુ છે. તે માટે સેંકડો સ્વયંસેવકો જોઇએ.

૧ **સ્થાનિક શિક્ષકે, નિરીક્ષકે, અક્ષરજ્ઞાન મંડળે** સ્વયંસેવકોને મેળવવા પ્રયત્ન કર્યા કરવો.

૨ કોલેજો તથા હાઈસ્કૂલોમાં રજા પડે ત્યારે પ્રચાર કરી સ્વયંસેવકોને અગીઆર ગામોમાં વહેંચી દેવા. સ્વયંસેવકો વધી પડે ત્યારે એક એક ભણનારને એક એક સ્વયંસેવક લઇને બેસી જાય. સ્વયંસેવકમાં સેવિકાનો સમાવેશ કરવો.

૩ સ્વયંસેવકોને ગામડામાં મૂકતાં પહેલાં દર્શક શિક્ષકે બે કે ત્રણ દિ'માં પદ્ધતિની તાલીમ અને કામની માહિતી આપવાની છે. તે માટે દરવર્ષે અમુક સમયોએ તાલીમવર્ગો ખોલી સ્વયંસેવકોને આમંત્રણ આપવું.

૪ સ્વયંસેવકોનો ભોજન ખર્ચ દરગામે લોકોએ ઉપાડવો તેની વ્યવસ્થા નિરીક્ષકે ગોઠવી દેવી. સ્થાનિક શિક્ષકો તો મદદમાં હોય જ.

૫ સ્વયંસેવકો જેટલો વખત કામ કરે તેટલો વખત તેમનું કામ લેવું. બાકીનું રહેલું કામ સ્થાનિક શિક્ષકે પૂરું કરવું. કામ અધુરું રહેવાનો સંભવ છે જ.

૬ સ્વયંસેવકો સ્થાનિક શિક્ષકની સાથે ભળીને તેના સહકાર અને દેખરેખ તળે કામ કરે. સ્થાનિક શિક્ષક ભણકાર હોવાથી તેને યોગ્ય રીતે દોરી શકશે.

૭ જરૂર પડે તો દર્શક શિક્ષક અધુરા કામને માટે બીજાં ગામોમાંથી કે બીજી રીતે વ્યવસ્થા કરે.

૮ સ્વયંસેવકોનાં નામોઠામો તથા તેમના કામની નોંધ નિરીક્ષક શિક્ષક કરે.

૯ સ્થાનિક શિક્ષક કે નિરીક્ષક કે સ્વયંસેવક પોતાને જે કંઈ કાયદેસર મળતું હોય તેથી વધારે એક પાઈ કે એક ચીજ પણ મફત લઈ શકશે નહિ.

ગળનાં પુસ્તકો અને વિશાળ વાચનનાં સાધનો પદ્ધતિ અનુસાર તૈયાર થવાં જોઇએ.

ગમે તે શિક્ષક ગમે તે પદ્ધતિ અને ગમે તે પાઠયપુસ્તકથી પોતાનું ગાડું ચલાવી ન શકે.

અક્ષરજ્ઞાન આપવાના કેટલાક અખતરા ચોકકસ પદ્ધતિ અને પાઠયપુસ્તકોના અભાવે નિષ્ફળ ગયા છે. પદ્ધતિ ભણનારને અનુકૂળ જોઇએ. ભણનાર તેને અનુકૂળ થાય તેમ નહિ. પદ્ધતિ ખુરશીપર બેસી રચાએલી નહિ પણ ભણાવતાં ભણાવતાં સ્વીકારવી પડેલી હોય તે કામ આવે.

૩ ભણનારાઓ

ભણનારાઓમાં તમામ અભણની ઉંમર, શક્તિ, સંપત્તિ વગેરે કોઈ પણ જાતનો બાધ રાખ્યા વગર સમાવેશ કરવો. બિલકુલ અભણ ગામ પ્રયોગ કરવા માટે ઉત્તમ સ્થળ છે.

ભણનારાઓને પૈસા કે બીજી લાલચ આપીને ભણાવવાથી અખતરો જોખમાશે. ભણનારને ભણતરનો આનંદ આવે. તેની બુદ્ધિમાં પ્રકાશ પડે. તેની સામે નવા વિચારો, નવી કલ્પનાઓ વગેરે ખડાં થાય. ટૂંકમાં તેની આંખો દેખતી થાય તે જ ભણતરનું પ્રલોભન અને બદલો સમજવો. લોકો ઘરડા લોકોને વાંચતા જોશે કે તેમની શ્રદ્ધા બેસશે. સ્પર્ધા કરાવવાની જરૂર નથી પણ આનંદ કયાં છે તે બતાવવાની જરૂર છે. ચોપડીઓ, છાપાં, પત્રિકા, વગેરે ઘરબેઠાં વાંચીને દુનિયા કયાં છે તે ઝટ સમજાય. ધર્મનાં પુસ્તકો વાંચીને ઘડપણમાં કંઈક ભજન થાય છે. ખેતી વગેરેની પત્રિકા વાંચવાથી સુધારા કરી શકાય છે એ બ્યાસો ભણનારના મગજમાં અનુભવવડે દાખલ કરવા. શરૂઆતનું કામ પાકું થાય તે પછી પ્રવાહ તો ચાલે. ભણનારાઓને જ્યારે કુરસદ અને અનુકૂળતા હોય ત્યારે ભણાવવાં. એજ કામ ઉપર બેઠેલો માણસ સવારે બાળકોને, બપોરે સ્ત્રીઓને, અને રાતે સીમમાં ગયેલાને ભણાવી શકે. મતલબે ભણાવવાનું કામ સવારથી રાતના બાર વાગ્યા સુધી ચાલ્યા કરે. જરૂરી જરૂરી મંડળી ભણવા આવે અથવા જુદાં જુદાં નકી કરેલાં સ્થળે નકી કરેલા સમયે શિક્ષક ભણાવી આવે. એકજ વર્ગ અને એક સમયથી કંઇ વળે નહિ. શિક્ષકના મનમાં એવું જોઇએ કે સ્થળે સ્થળે અજ્ઞાનના અંધકારને હાંકી કાઢવાં જ્ઞાન લઇને પહોંચ્યું અને નવરોજ ન પડું અને નવરા ન પડવા દઉં એનું નામ ધગશ.

૪ સાધનો

પાટી, પેન, પાટિયું, ચોક, બત્તી, ધાસલેટ, પાઠયપુસ્તકો અને સ્થળ.

સ્થળ ગામના લોકોએ કાઢી આપવું જોઇએ.

પાઠયપુસ્તકો ઓછાં ખરીદાવવાં અને તેનો ખર્ચ ભણનારા વ્યક્તિગત ઉપાડે. પાઠયપુસ્તકો તથા પાટીપેન સંયુકત માલિકીમાં રાખવાથી ખર્ચ ઓછો આવે. પાટિયું, ચોક, તથા દીવાબત્તીનું ખર્ચ ગામલોકો ઉપાડે. ભણતરની ફી ન લેવી. ઉત્તેજન બદલ પણ કંઈ ન આપવું.

ગામ પાસેથી પૈસા ઉઘરાવવાનું કામ તથા મકાનનો વહિવટ ગામનો અધિકારી કરે અથવા તે સ્થાનિક શિક્ષકને સોંપે. સાધનો પાછળ ઓછામાં ઓછો ખર્ચ કરવો. ધૂળમાં વતરણાથી પણ ભણાવી શકાય. કાગળ, પેન્સીલ, શાહીનો ખર્ચ કરાવવાની ઉતાવળ નથી.

૫ વહિવટ અને આર્થિક વ્યવસ્થા

૧ અગીઆર ગામોનું એક, એવાં વર્તુલો રચવાં.

૨ એક એક ગામમાં એક, એમ એક વર્તુલે ૧૧ શિક્ષકો રોકવા. ગામો નજીક નજીક હોય તો અને વસ્તી થોડી હોય તો બે ગામે કે ત્રણગામે એક શિક્ષક રોકવો.

૩ અગીઆર ગામમાંથી એક **વર્તુલગામ** તરીકે પસંદ કરવું.

૪ વર્તુલ ગામમાં અગીઆર ગામની કચેરી મૂકવી અને તેમાં એક શિક્ષક રોકવો. આ શિક્ષકને પદ્ધતિદર્શક નિરીક્ષક કહેવો.

૫ પદ્ધતિદર્શક શિક્ષકે નીચેનાં કામો કરવાં:- ૧ અગીઆર ગામનાં દફ્તરો રાખવાં. ૨ વસ્તી ગણતરી અને અક્ષરજ્ઞાન ગણતરી કરાવવી. ૩ અગીઆર ગામનાં ભણતર કાર્ય ઉપર ચક્કર મારતા રહી દેખરેખ રાખ્યા જ કરવી અને શિક્ષણનું કામ બરાબર કેમ ચાલે તે બતાવ્યા કરવું. થતી ભૂલો સુધારવી. તપાસણી કરવી. લોકોનો ઉત્સાહ ચાલુ રહે અને વિશ્વાસ વધ્યા કરે તેવાં પગલાં લીધા કરવાં. દર્શક શિક્ષક સાઈકલથી ફરે. સાઈકલ ગામ તરફથી અથવા અક્ષરજ્ઞાન મંડળ તરફથી મળે. દરેક ગામવાળાઓ દર્શક શિક્ષકને તે જ્યારે પ્રવાસે આવે ત્યારે ગામનો મહેમાન ગણે. તેનો ભોજન ખર્ચ ગામલોકો ઉઠાવે.

૬ અગીઆર ગામના શિક્ષકોને તે પગાર કરે.

૭ અગીઆરે ગામના શિક્ષકોનાં તથા લોકોનાં સંમેલનો તે ભરે. કામનું પ્રદર્શન તે કરે. શિક્ષકોને એકઠા કરીને નવી નવી વાતો કહે.

૮ કેન્દ્ર સંસ્થાના ઉપરી સાથે કામ પાડે.

૯ પુસ્તકો, સાધનો વગેરે જે પોતાની મર્યાદામાં રહીને મોકલવાનું હોય તે પોતે મોકલે. અથવા સ્થાનિક શિક્ષકને જે રીતે મદદ કરવાની હોય તે બધી તેને કરે.

૧૦ અગીઆરે ગામમાં એકધારો-જોઇતા અપવાદો સાથે કામનો અમલ કરાવે.

૧૧ સ્થાનિક શિક્ષક:-૧ સ્થાનિક શિક્ષકે દિવસ બધો કામ ચાલુ રાખવું. જુદા જુદા સ્થળે મંડળો રચી કામ ઉપાડવું. મંડળો કેમ પાડવાં તેનો વિચાર અમલ તેણે કરી લેવો. ૨. વધારેમાં વધારે અઢી માસમાં તેણે ભણનારને લખતાં વાંચતાં કરી દેવા યત્ન કરવો. જેમ આગલા વર્ગો વાંચતા લખતા થાય તેમ તેમ તેમને વાંચનાલય તથા પુસ્તકાલય તરફ ખેંચવા અને નવા વર્ગો ઉઘાડવા. ૩. તૈયાર થયેલ ભણેલામાંથી ભણાવનારા ઊભા કરવા. ૪. સંખ્યાને પહોંચી ન વળાય ત્યારે બીજો શિક્ષક અગર સ્વયંસેવક માગવો. ૫. ગામમાં ભણેલા હોય તેને સ્વયંસેવક તરીકે કામ કરવાનો સાથ આપવા પ્રેરવા અને અને મેળવવા. ૬. શિક્ષકનું કામ વ્યવસ્થિત ચાલે તે માટે બધું કરવું. દર્શક શિક્ષકને જવાબદાર રહેવું.

૬ સ્વયંસેવકો

નિરક્ષરતા દૂર કરવાનું કામ અઘરું છે એના કરતાં વિશાળ બહુ છે. તે માટે સેંકડો સ્વયંસેવકો જોઇએ.

૧ **સ્થાનિક શિક્ષકે, નિરીક્ષકે, અક્ષરજ્ઞાન મંડળો** સ્વયંસેવકોને મેળવવા પ્રયત્ન કર્યા કરવો.

૨ કોલેજો તથા હાઈસ્કૂલોમાં રજા પડે ત્યારે પ્રચાર કરી સ્વયંસેવકોને અગીઆર ગામોમાં વહેંચી દેવા. સ્વયંસેવકો વધી પડે ત્યારે એક એક ભણનારને એક એક સ્વયંસેવક લઇને બેસી જાય. સ્વયંસેવકમાં સેવિકાનો સમાવેશ કરવો.

૩ સ્વયંસેવકોને ગામડામાં મૂકતાં પહેલાં દર્શક શિક્ષકે બે કે ત્રણ દિ'માં પદ્ધતિની તાલીમ અને કામની માહિતી આપવાની છે. તે માટે દરવર્ષે અમુક સમયોએ તાલીમવર્ગો ખોલી સ્વયંસેવકોને આમંત્રણ આપવું.

૪ સ્વયંસેવકોનો ભોજન ખર્ચ દરગામે લોકોએ ઉપાડવો તેની વ્યવસ્થા નિરીક્ષકે ગોઠવી દેવી. સ્થાનિક શિક્ષકો તો મદદમાં હોય જ.

૫ સ્વયંસેવકો જેટલો વખત કામ કરે તેટલો વખત તેમનું કામ લેવું. બાકીનું રહેલું કામ સ્થાનિક શિક્ષકે પૂરું કરવું. કામ અધુરું રહેવાનો સંભવ છે જ.

૬ સ્વયંસેવકો સ્થાનિક શિક્ષકની સાથે ભળીને તેના સહકાર અને દેખરેખ તળે કામ કરે. સ્થાનિક શિક્ષક ભણકાર હોવાથી તેને યોગ્ય રીતે દોરી શકશે.

૭ જરૂર પડે તો દર્શક શિક્ષક અધુરા કામને માટે બીજાં ગામોમાંથી કે બીજી રીતે વ્યવસ્થા કરે.

૮ સ્વયંસેવકોનાં નામોઠામો તથા તેમના કામની નોંધ નિરીક્ષક શિક્ષક કરે.

૯ સ્થાનિક શિક્ષક કે નિરીક્ષક કે સ્વયંસેવક પોતાને જે કંઈ કાયદેસર મળતું હોય તેથી વધારે એક પાઈ કે એક ચીજ પણ મફત લઈ શકશે નહિ.

૧૦ સ્વયંસેવકને પોતાના સ્થાનેથી ગામડામાં જવા આવવાના ખર્ચ બાબત કેન્દ્ર કાર્યાલયે–સંસ્થાયે વ્યવસ્થા કરવી–યોગ્ય કરવું.

૭ કેન્દ્ર સંસ્થા તથા આર્થિક વિચાર

૧ અગીઆર ગામનું એક વર્તુલ એમ નવ વર્તુલો ધીમે ધીમે રચી શકાય.

૨ આ નવ વર્તુલો કે જેટલાં રચાય તેટલાંની ઉપરી સંસ્થા તરીકે આ એક કેન્દ્ર સંસ્થા કાઢવી.

૩ આ કેન્દ્ર સંસ્થાનાં કામો:–૧. સમગ્ર કાર્યાલય તથા દફ્તર રાખવું. ૨. કેન્દ્ર અધિકારી તથા કામદારો રાખવા.

૮ કેન્દ્ર અધિકારીનાં કામો

૧ નવે વર્તુલો ઉપર દેખરેખ રાખનાર વર્તુલ અધિપતિઓ રાખવા. તેઓ નવે વર્તુલોનું નિરીક્ષણ કરે એની દિશા આંકી આપવી તથા તે બરાબર ચાલે તે ઉપર નજર રાખવી. નવ વર્તુલો માટે વધારેમાં વધારે વર્તુલ અધિકારી રાખવા ઠીક પડશે. કેન્દ્ર અધિકારી દર્શક નિરીક્ષક તથા અક્ષરજ્ઞાન શિક્ષક તથા સ્વયંસેવકો તથા લોકોના તમામ કામો ઉપર સીધીરીતે અગર વર્તુલ અધિકારીઓ મારફત દેખરેખ રાખશે તેમજ જરૂર પડયે કામ કરશે. કેન્દ્રઅધિકારી વર્તુલ અધિકારીઓ મારફત જ્યાં જ્યાં જરૂર હશે ત્યાં પગારો વગેરે કરશે તથા યોજનાને પાર પાડવા માટે લોકો તથા સરકાર પાસેથી નાણા મેળવવાની તથા મેળવેલા નાણાનું બજેટ કરવાની પ્રવૃત્તિ રાખશે.

૯ બજેટમાં નીચેની બાબતો સમાશે

૧. શિક્ષકોનો પગાર તથા ઈતર ખર્ચ. સ્વયંસેવકોનાં ભાડાં તથા કંઈ ઇતરખર્ચ. દર્શક નિરીક્ષકનાં પગારો તથા કાંઇ ઇતર ખર્ચ. વર્તુલ અધિકારીનો પગાર તથા ઈતર ખર્ચ. કેન્દ્રકાર્યાલયનો તમામ ખર્ચ. ૨. આ ખર્ચ કેમ મેળવવો, ક્યાંથી મેળવવો, તેની યોજના કેન્દ્ર અધિકારી કરશે. કેન્દ્રઅધકારી સરકાર નિયુક્ત હોય તો તેણે સરકારમાં બજેટ રજુ કરી તેનો અમલ કરવાનો છે. તે સરકાર નિયુક્ત ન હોય તો યોજના પાર પાડવા માટે નાણાં સરકાર કે લોકો પાસેથી મેળવવાનાં છે. ૩. કેન્દ્રઅધિકારીએ દર્શક શિક્ષકો તેમજ વર્તુલ અધિકારીઓને અક્ષરજ્ઞાન યોજનાની કેળવણી તથા વ્યહવારિક બાબતમાં તાલીમ આપવાની અગર તાલીમ લેવડાવવાની છે. દર નવ્વાણું ગામે એક કેન્દ્રકાર્યાલય એવાં ઘણાં કાર્યાલયો કલ્પી શકીએ. એવાં કાર્યાલયોની પથારી આખા દેશ ઉપર વિસ્તરી રહે તે વખતે કેન્દ્રોનું એક મહાન કેન્દ્ર કાર્યાલય કાઢવાનું રહેશે. એ મહાકેન્દ્ર કાર્યાલયની કલ્પના અત્રે મૂકવી બસ છે. તેની વિગતો તે કાર્યાલયમાંથી સંભાળી લેશે.

આ એક યોજના છે. એની પાછળ થોડો એવો અનુભવ પણ છે. જેમ જેમ ઠીક લાગે તેમ તેનો વધારે ઓછો ઉપયોગ કરે એવી નમ્ર વિનંતિ.

ગિ.

માથે ચડાવેલ

(અનુસંધાન અંક ૧૧. પાને ૧૮૧)

બીજે દિવસે સવારમાં સુરેશના ઓરડામાં જઈને જોઉં છું તો રૂમ ખાલી હતો. સુરેશ વહેલો ઉઠીને કયાંક ચાલ્યો ગયો હોય એમ લાગ્યું. મેં આખા મકાનમાં તપાસ કરી પણ મકાનમાં પણ એનો પત્તો કાંઈ ન મળ્યો. હું જરા ચિંતામાં પડ્યો. પારકા છોકરાની જવાબદારી લઈને બેઠો હતો એટલે જરા ચિંતા વધી. તરત જ બ્હારનીકળી ગયો અને ગામના મોટા સાર્વજનિક બાગ તરફ ઉપડ્યો. મને ખબર હતી કે સુરેશને બાગમાં આવવું ગમતું હતું.

દૂરના સિંહના પાંજરા પાસે સુરેશભાઈ ઊભા હતા.

" ચાલો સુરેશભાઈ, દૂધ ઠરી જાય છે." મેં સુરેશનો હાથ પકડતાં કહ્યું. મારા અવાજ માં કડકાઈ નહતી. અને એક મિત્રની સાથે જેમ વર્તાવ ચલાવવો જોઇએ એમ મેં એનો હાથ પકડ્યો હતો.

સુરેશ શરમાયો હતો. ગઇ કાલનું એનું ચંડેલું મોઢું ઠીક થઈ ગયું હતું. પણ હજુ આનંદીત કે પ્રફુલ્લિત નહોતું દેખાતું.

સુરેશ કાંઈ પણ વિરોધ ન કરી શકયો. કાંઇ બોલી પણ ન શકયો. હું જોતો હતો કે હવે અત્યારે સુરેશને વધુ બોલાવવા જેવું નથી. કારણકે મૌન આંસુનું સ્વરૂપ પકડી લે એમ હતું.

મૂંગા મૂંગા જ અમે ઘરે પહોંચ્યા. મૂંગા મૂંગા અમે બંનેએ ચ્હા–દૂધ લઇ લીધાં. પછી મેં સુરેશને કહ્યું, " સુરેશભાઈ, પાસેના ઓરડામાં ચિત્રોની થોડી ચોપડીઓ છે, અને ત્યાં જ બંગલા બનાવવાનાં સાધનો છે. તમને ગમે તો તેમાંથી બંગલા બનાવજો." મેં જવાબની આશા રાખી નહતી પણ મારા આશ્ચર્ય વચ્ચે મેં સુરેશને બોલતાં સાંભળ્યો. " ભલે હું રમીશ."

જેમ સવારમાં એણે મને આશ્ચર્ય પમાડ્યો, એમ મેં પણ સાંજે તેને આશ્ચર્ય પમાડવાનું નક્કી કર્યું. સાંજે ચ્હા પછી મેં સુરેશને કહ્યું, " અર્ધા કલાકમાં આપણે તમારે ત્યાં જવાનું છે. સાંજનું જમવાનું પણ ત્યાં જ છે એટલે કપડાં પહેરીને તૈયાર થઇ રહેજો." આ વાતની અસર મેં જેવી ધારી હતી તેવી જ થઈ.

અર્ધા કલાક પછી જોઉં છું તો સુરેશ સ્વચ્છ કપડાં, વ્યવસ્થિત વાળ અને સુંદર મુખાકૃતિ કરીને ગંભીર રીતે મારા દિવાનખાનામાં બેઠો હતો.

સ્વચ્છતા, વ્યવસ્થા કે શાંતી વિષે અલબત્ત મેં કાંઈ જ એને કહ્યું ન હતું.

મારી મૂંગી વાત એ સમજતો જતો હતો. પોતાની મેળે જ સ્વયંનિયંત્રિત બનતો જતો હતો. મેં પણ એને કાંઈ પણ વસ્તુ ખાસ મતાગ્રહ ભરી રીતે કહેવાનું રાખ્યું જ નહોતું.

તે દિવસનું સાંજનું ભોજન સુંદર રીતે થઈ ગયું. માબાપોએ સુરેશમાં થયેલો ફેરફાર, એની રીતભાતમાં આવેલી સફાઇ અને સુંદરતા જોઇ હતી. અલબત્ત સુરેશની હાજરીમાં એની વાત ન ચાલી.

ધીમે ધીમે સુરેશને મારૂં ઘર પોતાનાં ઘર જેવું થઈ ગયું. મારા ઘરમાં એ એક સ્વતંત્ર અને જવાબદાર વ્યક્તિ તરીકે રહેવા લાગ્યો.

માબાપોની સમજણ વિનાની હાજીહાથી થયેલું એનું અવ્યવસ્થિત મન પાછું સીધે પાટે ચડી ગયું અને એક દિવસ સુંદર સાંજે એ એને ઘરે રહેવા ચાલ્યો ગયો.

× × ×

ત્યાર પછીના એક રવિવારે સાંજે હું જરા નિરાંતથી સુરેશને ઘરે ગયો. સુરેશ ઘરે નહોતો. એતો એના એક મિત્ર સાથે પશુ પક્ષીના બાગમાં ફરવા ગયો હતો. બા અને બાપાએ મને બેસવા કહ્યું અને ચ્હા પાણી સાથે મને પૂછ્યું, " તમે એવું તે શું કર્યું કે અમારો સુરેશ આટલો બદલાઈ ગયો ? મેં કહ્યું, " મેં કાંઈજ કર્યું નથી. મેં તો એની સામે એક જ વસ્તુ મૂકી. અને તે પોતાની મેળે–સ્વતંત્રપણે એને વિચાર કરતો અને તે આચરતો કર્યો તે. નથી મેં એની

સામે ધમકી મૂકી કે નથી ફોસલાવ્યો. તમે એને વિચાર કરવા દીધો જ નહિ અને તમારી ઇચ્છાઓને આધીન રાખવા ધમકી યા લાલચથી એની સાથે કામ પાડતાં ગયાં, પરિણામે એ માથાભારે થયો, એને વિરોધનું વાતાવરણ મળ્યું. જ્યાં એ રોજ બીજાઈ કે કોઈ બીજા પ્રકારે પોતાનો વિરોધ જાહેર કરી શકતો હતો અને તમારા ઉપર એક પ્રકારનું સ્વામીત્વ ચલાવી શકતો હતો.

મારે ત્યાં એને લડવાનું કાંઈ બહાનું ન મળ્યું કે લડવા જેવું કાંઈ કારણ ન મળ્યું. અને મારા રચેલા વાતાવરણનો વિરોધ કરવામાં તો એને સહન કરવું પડ્યું અને તરત જ એને એની ભુલ સમજાઇ. એથી વિશેષ તો મેં કાંઇએ કર્યું નથી જ."

મારે વધારે કહેવાનું હતું નહિ. તે દિવસે સાંજે હું ઘેર આવ્યો અને આવા બીજા ઘણા સુરેશોનો વિચાર કરતો બેસી રહ્યો. ના.

સાભાર સ્વીકાર

૧ પોઢામણાં, ૨ કથાકુંજ, ૩ રાસગંગા, ૪ રાસમંદાકિની, ૫ ગજરો, ૬ કુંવરબાઈનું મામેરું ૭ ગીત કથાઓ, ૮ મંગળ ગરબાવળી, લેખક ચંદ્રકાંત મંગળજી ઓઝા, જગનાથ પ્લોટ, રાજકોટ. બાળકો અને બેનોને ઉપયોગી એવાં કાવ્યો અને રાસોની નાની મોટી પુસ્તિકાઓ. ઉત્સવો રસમય કરવા રાસો બોળતી બેનોને અને કવિતાનું વાચન વધારવા બાળકોને ઉપયોગી એવું સાહિત્ય.

યોગનાં આસનો અને આરોગ્ય મેળવવાના સર્વ ઉપાયો: અંગ્રેજી ઉપરથી ગુજરાતીમાં ઉતારનાર:–રમણલાલ નાનાલાલ શાહ. ઘરમાં તથા શાળામાં ઉપયોગી પુસ્તક.

શેકસપીઅરનાં કથાનકો ભાગ ૨:- લખનાર રમણલાલ નાનાલાલ શાહ. તંત્રી બાલજીવન વડોદરા.

અંગ્રેજી નાટકકાર શેકસપીઅરનાં નાટકોનાં આ ટૂંકા કથાનકોનો સંગ્રહ છે. બાલજીવનની ૧૯ મા વર્ષની આ ભેટ વાંચી બાળકો યુરોપની એક વિભુતિના પરિચયમાં આવશે.

શિક્ષણ સમાચાર

—ગોધરા: ગોધરા પ્રૌઢ શિક્ષણ મંડળની સ્થાપના શ્રી. દેશાઈભાઈ પટેલ અને શ્રી. રામજીભાઈ રાવળના હસ્તે થઇ છે. એની મારફત ૩ નિશાળો ચાલે છે અને ૭૫ પુખ્ત ઉંમરનાં ગરીબ ભાઇબેનો એનો લાભ લઈ રહ્યાં છે.

—રાજકોટ: શ્રી બાલઅધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી. શંકરભાઈ શાહે નૂતન ગણિતશિક્ષણ વિષે વ્યાખ્યાનો આપ્યાં.

—મુંબઈ: મુંબઈ સરકારે ચાલુ વર્ષ દરમિયાન એક હજારની વસ્તીવાળાં જે ગામડાંમાં શાળાઓ ન હોય ત્યાં શાળાઓ ખોલવાનું નક્કી કર્યું છે. આને માટે બસો શાળાઓ ખોલવા માટે ચાલીશ હજાર રૂપિયા મંજુર કર્યા છે. આવતા વર્ષ દરમિયાન સાતસોથી હજારની વસ્તીવાળાં ગામોમાં ૫૦૦ શાળાઓ ખોલવાનું નક્કી કર્યું છે. એ માટે એક લાખ રૂપિયા મંજુર કર્યા છે. દરેક શાળા દીઠ રૂપિયા બસોનો ખર્ચ થશે એવો અંદાજ કરવામાં આવ્યો છે.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી શિક્ષણ પત્રિકા, કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા પારી. શાંતિલાલ છોટાલાલે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી ગ્રંથ)

વર્ષ ૧૪ મું
સંવત ૧૯૯૫

અંક ૩ જો
વૈશાખ

: તંત્રીઓ :

ભિખુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

કેસો ચલાવવાથી કજીઆ વધે છે. બાળકોની ફરિયાદો ન્યાયાધીશ તરીકે સાંભળવી નહિ, પણ સત્યશોધક તરીકે સાંભળવી. બાળકો ફરિયાદ કરે ત્યારે તેમને વાદી પ્રતિવાદી તરીકે ન સમજવા પણ સત્ય શોધવા માટે તેમને સહાયક ગણવા. ફરિયાદને ઉત્તેજન ન મળે તે માટે ફરિયાદને ફરિયાદ રૂપે નહિ પણ હકીકત તરીકે સાંભળવી. હકીકત મળે એટલે પહેલું પગલું બાળકોને સાથે રમવા માટે કહેવાનું સમજવું. ફરિયાદી થઈને આવ્યા હોય તે સૌની સાથે રમવા ઉપડી જાય. વાંધા ભરેલી બાબતો તુરત દૂર કરવી. પૂરાવો લેવા કરતાં જાતે અવલોકન કરી સ્થિતિ સમજી લેવી. ઉપાય કર્યા પછી પક્ષકારોને બોલાવી નિર્ણય સંભળાવવાની જરૂર નથી. નાનાંબાળકોને માટે કોર્ટ રચવી નહિ. નાનાં બાળકો કોરટે ન ચડે પણ નિસરડીએ ચડે. નાનાં બાળકો ચાડી નથી ખાતાં પણ ખબર આપે છે. નાનાં બાળકો ફરિયાદે નથી આવતાં પણ કહેવા આવે છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૪] વૈશાખ ૧૯૯૫ [અંક ૩

મનનો

ચાણુક મારીને જેમ ઢોર ચલવી શકાશે નહિ તેમ બાળકોને સોટી મારીને ભણાવી શકાશે નહિ.

: ૨ :

જેઓ એમ કહે છે કે હાલની શાળાઓમાંથી શિક્ષા ચાલી ગઇ છે તેઓ જૂઠું બોલે છે અને બોટું સમજાવે છે.

: ૩ :

મેળાવડાઓ માત્ર બાળકોને જ નહિ પણ શિક્ષકોને પણ ત્રાસરૂપ છે.

: ૪ :

મેળાવડો શિક્ષકો અને બાળકોના ભોગે એક આનંદ જલસો છે.

: ૫ :

બાળકો આગળ ધર્મનાં ભાષણ ન હોય પણ આચરણ હોય. ધર્મ ઉપજાવ્યો ઉપજે છે એમ માનનાર અધર્મી છે, એ વિચાર અનુભવથી સમજાશે.

: ૬ :

સૌથી વહેલું વહાણ અવિશ્વાસીનું ડૂબે છે

: ૭ :

સૌથી બરાબ શાળા અવિશ્વાસી શિક્ષકની છે.

: ૮ :

શાળા ઉત્સાહથી બતાવવી ને ઉત્સાહથી જોવી એ આ જમાનાનું એક સુધરેલું છળ છે.

: ૯ :

બધા માણસો સુખી અને ખુશી રહેવા માગે છે તેઓ તેમ રહી શકતાં નથી; કેમકે સુખ અને ખુશમિજાજની કેળવણીનો શાળામાંથી બહિષ્કાર કરવામાં આવ્યો છે. ગિ.

આભાર

શ્રી કલ્યાણચંદ કાનજી સલાટ, દીવ. તરફથી રૂા. ૧–૦–૦ ગરીબ શિક્ષકને પત્રિકા મફત મોકલવા મળ્યો છે.

શ્રી નીલકંઠ મશરૂવાળા, મુંબઈ. તરફથી રૂા. ૨–૦–૦ અને શ્રી મણિલાલ એન. સુરતી, પેટલાદ. તરફથી રૂા. ૯–૮–૦ હરિજનોને પત્રિકા મફત મોકલવા મળ્યા છે.

ઉપરના ભાઇઓનો અમે આભાર માનીએ છીએ.

બીજા ભાઈઓ આવી રીતે પત્રિકાને અપનાવી આભારી કરશે તેવી આશા રાખીએ છીએ.

વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા

અ • નુ • ક્રં • અ

૧	મનનો	ગિ. ૩૮
૨	આભાર	વ્ય. ૩૮
૩	શિક્ષકોને ભલામણો .	ગિ. ૩૯
૪	ઘર	ગિ. ૪૦
૫	વહેલાં ઉઠાડી ન દ્યો	ગિ. ૪૩
૬	બે કુંડીઓ . . .	ગિ. ૪૫
૭	બાલમંદિરનો સમય .	ગિ. ૪૬
૮	કોડાંગણો શામાટે ? .	ગિ. ૪૮
૯	અ. મં. ના વિદ્યાર્થી-ઓને બા. મં.માં શીખવાનાં ઈતર કામો .	ગિ. ૪૯
૧૦	સાભાર સ્વીકાર . .	તં. ૫૨
૧૧	શિક્ષણ સમાચાર	૫૨

શિક્ષકને ભલામણો

પહેલી ભલામણો

સર્વ શિક્ષામંદિરના શિક્ષકો મંદિરોને ઉત્તમ પ્રકારે સ્વચ્છ રાખશે.

શિક્ષામંદિરના શિક્ષકો મંદિરોને ઉત્તમ પ્રકારે શણગારશે.

શિક્ષામંદિરના શિક્ષકો મંદિરોને સુગંધિત રાખશે.

શિક્ષામંદિરના શિક્ષકો મંદિરોનું સંમગ્ર વાતાવરણ પ્રસન્ન રાખશે.

શિક્ષામંદિરના શિક્ષકો મંદિરોની શિક્ષા સામગ્રી સંપૂર્ણ સુંદર અને વ્યવસ્થિત રાખશે.

બીજી ભલામણો

શિક્ષામંદિરમાં શિક્ષકો સમયપૂર્વે આવી જશે.

શિક્ષામંદિરમાં શિક્ષકો સંપૂર્ણ શાંતિ જાળવશે.

શિક્ષકો શિક્ષામંદિરમાં સ્વચ્છ સુંદર વ્યવસ્થિત અને સમતોલ રહેશે.

શિક્ષકો શિક્ષામંદિરમાંથી સમય પૂરો થયા પછી નીકળશે.

ત્રીજી ભલામણો

શિક્ષકો શિષ્યોને સન્માનથી જોશે.

શિક્ષકો શિષ્યોને સન્માનથી સંબોધશે.

શિક્ષકો શિષ્યોનું માન સાચવશે.

શિક્ષકો શિષ્યોને સન્માન વડે સન્માન શીખવશે.

ચોથી ભલામણો

શિક્ષકો શિષ્યોને શિક્ષા આપશે નહિ.

શિક્ષકો શિષ્યોને ડર બતાવશે નહિ.

શિક્ષકો શિષ્યોને ઠપકો આપશે નહિ.

શિક્ષકો શિષ્યોને અપમાનશે નહિ.

શિક્ષકો શિષ્યોને મેણાં મારશે નહિ.

પાંચમી ભલામણો

શિક્ષકો શિષ્યો વચ્ચે સ્પર્ધા કે હરિફાઈ કરાવશે નહિ.

શિક્ષકો એકને આગળ મૂકી બીજાને પાછળ મૂકશે નહિ.

શિક્ષકો એકને વખાણી બીજાને ઉતારી પાડશે નહિ.

શિક્ષકો હાર જીતનું તત્વ ભણતરમાં દાખલ કરશે નહિ.

શિક્ષકો સ્પર્ધા અને હરિફાઇમાંથી ઇર્ષ્યા અને ઝેરવેર ઉત્પન્ન કરશે નહિ.

છઠ્ઠી ભલામણો

શિક્ષકો વિદ્યાર્થીઓમાં અવિશ્વાસ રાખશે નહિ.

શિક્ષકો વિદ્યાર્થીઓને મૂઢ અને મૂરખ માનશે નહિ.

શિક્ષકો વિદ્યાર્થિઓને ગોખાવ્યા વિના આવડે જ નહિ એમ માનશે નહિ.

શિક્ષકો ભણનારને ભય અથવા લાલચ બતાવ્યા વિના આવડશે નહિ એમ માનશે નહિ.

શિક્ષકો ભણનારને ભણાવ્યા વિના આવડે જ નહિ એમ માનશે નહિ.

સાતમી ભલામણો

શિક્ષકો માનશે કે ભણનાર તો વિદ્યાર્થી છે અને પોતે તો માત્ર માર્ગદર્શક છે.

શિક્ષકો માનશે કે ભણનારને ભૂખ લાગે ત્યારે તે માત્ર પીરસનાર છે.

શિક્ષકો માનશે કે ભણનાર પૂછશે ત્યારે જવાબ તે દેશે.

શિક્ષકો માનશે કે ભણનારને જ્યારે વિદ્યા જોઈતી હોય ત્યારેજ તે પોતે શિક્ષક છે.

શિક્ષકો માનશે કે શિક્ષકોને માટે વિદ્યાર્થી નથી પણ વિદ્યાર્થીને માટે શિક્ષક છે.

આઠમી ભલામણ

શિક્ષક યાદ રાખશે કે કેન્દ્રમાં પોતે નથી પણ ભણનાર છે.

શિક્ષક યાદ રાખશે કે કેન્દ્રમાં અભ્યાસક્રમ નથી પણ ભણનાર છે.

શિક્ષક યાદ રાખશે કે કેન્દ્રમાં સ્થળ કાળ નથી પણ ભણનાર છે.

શિક્ષક યાદ રાખશે કે કેન્દ્રમાં પદ્ધતિ નથી પણ ભણનાર છે.

શિક્ષક યાદ રાખશે કે કેન્દ્રમાં ભણનાર અને હેતુનો એક મેળ છે.

નવમી ભલામણ

શિક્ષક ભૂલશે નહિ કે શરીર એ વિદ્યાર્થી નથી.

શિક્ષક ભૂલશે નહિ કે તેની ઇંદ્રિયો તે વિદ્યાર્થી નથી.

શિક્ષક ભૂલશે નહિ કે તેનું મન તે વિદ્યાર્થી નથી.

શિક્ષક ભૂલશે નહિ કે તેની બુદ્ધિ તે વિદ્યાર્થી નથી.

શિક્ષક યાદ રાખશે કે તેનો જીવ વિદ્યાર્થી છે.

દસમી ભલામણ

શિક્ષકની ઉપાસના વિદ્યાની હોય.

શિક્ષકનો અભ્યાસ સદ્ગ્રંથોનો હોય.

શિક્ષકનો સહવાસ વિદ્વાનો અને શિક્ષકોનો હોય.

શિક્ષકનાં મંદિરો અને દેવો શાળાઓ અને વિદ્યાર્થીઓ હોય.

શિક્ષકનું જીવનધ્યેય વિદ્યાર્થીના કલ્યાણમાં પોતાનું કલ્યાણ હોય. ગિ.

ઘર

ઘરમાંથી બાળકો સ્વભાષા શીખે છે. ઘરમાંથી બાળકો સામાજીક આચારો શીખે છે. ઘરમાંથી બાળકો વ્યવહારિક વર્તન શીખે છે. ઘરમાંથી બાળકો ધર્મ અને નીતિ પણ શીખે છે. ખરી રીતે ઘર એ સૌથી મોટી પાઠશાળા છે.

ઘરમાં કોઈ શીખવવા બેસતું નથી. ઘરમાં પાઠ દેવાના કે લેવાના નથી હોતા. ઘરમાં પરીક્ષા અને પાસ નાપાસ થવાપણું નથી. ઘરમાં સ્વયંશિક્ષણ ચાલે છે.

ઘરમાં અભ્યાસક્રમ લખેલો કે છાપેલો નથી હોતો અને તેને પહોંચી વળવા માટેના પાઠ્ય પુસ્તકો પણ નથી. ઘરના કોઇપણ ખૂણામાં જીવનશિક્ષણની નિશાળનો જુદો ભાગ અને તેની સામગ્રી નથી.

અને એમ છતાં ઘરમાંથી બાળકો ૯૯ ટકા જેટલું જીવન શીખે છે, ઘરમાંથી શીખેલું દૃઢ બને છે, ઘરમાંથી શીખેલું બહુ મુશ્કેલીથી ભૂલી શકાય છે. આખરે મોટી ઉંમરના બધાં

શિક્ષણોને અંતે ઘરનું શિક્ષણ તો ઉભું જ રહે છે.

આ ઘરનું શિક્ષણ તે મનુષ્ય, સમાજ ધર્મ અર્થાત્ સમગ્ર દુનિયા પ્રત્યેની એક દૃષ્ટિ. એક ધર્મના માણસો, એક નાતના માણસો, એક ઇલાકા કે રાષ્ટ્રના માણસો, એક ખંડના માણસો કે એક રંગના માણસો કદાચ દેખીતી-રીતે સરખા લાગે, કદાચ એક જ જાતના ભણતર ભણેલા, અને એક જ જાતના ધંધામાં રહેલા, એક જ ધર્મ કે રાષ્ટ્ર પ્રેમના ઝંડા નીચે રહેલા દેખીતી રીતે સરખા લાગે, પણ જરાક તેમને ઉંડેથી જોઈએ, જરા તેમનો વધારે પરિચય પાડીએ તો દરેકે દરેક વ્યક્તિ જીવન પ્રત્યેની પોતાની દૃષ્ટિમાં અને તેની ક્રિયામાં સૂક્ષ્મ રીતે જુદી પડતી માલૂમ પડશે. વખતે એમ પણ બને કે સમૂહમાં સૌની ભાષા એક જ પ્રકારની બોલાય છતાં દરેક જણ તે ભાષા દ્વારા પોતાની વિશિષ્ટ દૃષ્ટિ પ્રમાણે જ સમજે અને તે પ્રમાણે જ પોતાને વ્યકત કરે.

આમ થવાનું કારણ મનુષ્યે બાલ્યાવસ્થામાં ઘરમાં રહીને જે એક ઉંડી અસર, છાપ, સંસ્કાર, દૃષ્ટિ લીધેલ છે તે છે.

એક કુટુંબ વહેમી છે, તેમાં અનેક વહેમોની વાતો થાય છે, અનેક વહેમોમાં કુટુમ્બ માને છે; વહેમો અનુસાર કુટુમ્બના લોકો દેવ દેવી-ઓની માનતા કરે છે, વહેમોને લીધે ભૂવા, જોગી, જતી વગેરેમાં શ્રદ્ધા રાખે છે, અને વહેમોથી કુટુમ્બ ભયભીત બને છે, વગેરે જે બધું થાય છે તેની વચ્ચે નાનું બાળક રહે છે અને તેનો કુટુમ્બના બીબામાંથી કુટુમ્બ જેવો જ પાકો ઘાટ બને છે. પાછળથી કદાચ બુધ્ધિના વિકાસ વડે બાળક આ બધા વહેમોને શબ્દોથી હઠાવવા દોડે છે, આચરણમાં પણ કદાચ વહેમોની સામે લડે છે, છતાં તેનું સાચું માનસ વહેમી રહે છે અને એમ નહિ તો બીજા પ્રકારના ધ્યેયમાં તે પડી શકે છે. મેલડીના વહેમમાં તે ન પડે તો વિજ્ઞાનના વહેમમાં પડે છે. ભૂવાથી તે ન ઠગાય તો તે લુચ્ચા વૈજ્ઞાનિકથી ઠગાય છે. એટલેજ આપણે ઉપરથી ઘણા ભણેલા ગણેલા, સામાજીક તથા ધાર્મિક બાબતોમાં જેમણે ક્રાન્તિ કરી હોય એવાને પણ તાણીએ તો મૂળમાં જઇને ઉભા રહે છે અને એક અથવા બીજીરીતે તેઓ બાલ્યકાળમાં જે મૂર્તિના ઉપાસકો થઈ ગયા હોય છે તેની આગળજ ઉભા હોય છે.

એક બીજું કુટુમ્બ શ્રદ્ધાવાળું છે. તેમાં ધર્મપ્રત્યે ભાવ છે. સાધુ પ્રત્યે આદર છે. કથા-વાર્તા, કીર્તન વગેરેમાં પ્રેમ છે. દેવદર્શન વગેરેમાં ઉત્સાહ છે. આવા કુટુમ્બમાં ઉછરતું બાળક રહેજે આ કુટુમ્બની ભાવના, દૃષ્ટિ, વર્તન વગેરે ઝીલે છે અને તેમય બની જાય છે. બાળક જાણે કે ન જાણે પણ તેની માનસિક અને આધ્યાત્મિક રચના ઉપર આ વાતાવરણ મજબૂત છાપ પાડે છે. માનો કે પાછળથી આ બાળક જાતજાતની વિદ્યા શીખ્યું, પશ્ચિમ કે પૂર્વના નાસ્તિકવાદોથી નાસ્તિક બન્યું; તો પણ જે તેની ઉપરની મનોવૃત્તિ ને જરા ખસેડી ઉંડા પડોમાં જઇશું તો એક અથવા બીજી રીતે તે શ્રદ્ધા પ્રધાન, ભકિત પ્રધાન માલૂમ પડશે. અલબત્ત કદાચ તેની શ્રદ્ધાનો વિષય જુદો હશે, તેના દર્શનનો વિષય અને તેના શ્રવણ કીર્તનનો વિષય બીજો હશે, પણ તત્વતઃ તે માણસ કુટુમ્બે જે છાપ આપી તે છાપવાળો રહેશે.

એક કુટુમ્બ નિંદાખોર છે. તે બીજાના દુષણોજ જુએ છે. તે ભૂલો કાઢવામાં આનંદ લે છે. તેની નજરે એવું કશું ભાગ્યે જ આવે છે કે જે આ કુટુમ્બની સ્તુતિને પામે. આવા કુટુમ્બમાં ઉછરતું બાળક નિંદા વૃત્તિનું પોષણ મેળવશે અને તેમાં તેને આનંદ આવશે. આ બાળક ગમે તેટલું મોટું થશે તોપણ તેની મૂળ છાપ તેનામાં ઉંડાણમાં રહેશે અને તેનું વર્તન વારંવાર આ છાપનું દર્શન કરાવશે. કદાચ તે પોતાના કુટુમ્બની પેઠે સ્થૂળ અને જાડી નિંદા નહિ કરે. કદાચ તેની ભાષા નિંદાની નહિ હોય. કદાચ તે પોતાની વાણીને વિવેકી વિવેચન કહેશે. છતાં તે બધું પેલી ઉંડી છાપમાંથી મૂળે લેતું હશે. જૂના સંસ્કારો ઉપર ઢોળ ચઢશે પણ અંદરથી તો ઉંડો સંસ્કાર વારંવાર ડોકિયું કરશે. આવો આપણો સામાન્ય અનુભવ છે. અને આપણે તેનો પ્રમાણિકપણે વિચાર કરીએ તો આપણો અનુભવ દૃઢ બને.

એનો અર્થ એવો નથી કે કેળવણી કંઈ કરી ન શકે. કેળવણી અને શિક્ષણ માણસને જ્ઞાન આપી શકે. માણસની મૂળ ભૂત શક્તિઓને ખીલવી શકે. અને ખાસ કરીને જે શક્તિઓ શરીર અને બુદ્ધિ ઉપર અવલંબતી હોય તેમાં ઘણી પ્રગતિ આપી શકે. પણ જે વસ્તુ એક રીતે હૃદયની છે, શરીર અને બુદ્ધિની પેલી પારના વલણોની છે; તેમાં તો નાનપણમાં જે છાપો પડે છે તે બહુ ઉંડી જાય છે અને એક બીજાને જેમ પ્રયોગો વડે સુધારવું વધારવું ઘણું આકરું પડે છે તેમ કેળવણીના પ્રયોગોમાં પણ બને છે. એટલે જ કેળવણીની ક્રિયા ઘણી ધીમી ચાલતી માલૂમ પડે છે અને હરહંમેશ કેળવણીની નિષ્ફળતાની કરુણ ધૂમ પડ્યા કરે છે અને વારંવાર કેળવણીની પ્રથામાં ફેરફારો કરવા પડે છે.

પણ કેળવણીની પ્રથામાં ફેરફારો આવશ્યક છે છતાં તે ફેરફારો ઉંડા સંસ્કરને ફેરવવામાં થાકી જાય છે અને તેથી જો કંઇ મુખ્ય અને અગત્યનું કામ કરવાનું હોય તો ઘરમાં સારા સંસ્કારો કેવી રીતે પડે તે વિચારવાનું અને કરવાનું છે. ઘર એમ સમજે કે શાળાઓ અને વિદ્યાપીઠો બાળકોને સર્વાંગસુંદર કેળવણી આપી શકશે તો તેમાં ઘરની ભૂલ છે. ઘર એ સમગ્ર જીવનની ઇમારતનો પાયો છે અને જો પાયો જ કાચોપોચો અથવા પોલો હોય તો ઉપરની આખીએ સુંદર અને મહામૂલ્ય ઇમારત તૂટી જ પડવાની.

વળી જીવનવિકાસમાં ઘર જ મુખ્ય એમ નથી. બાળકના પૂર્વ સંસ્કારોને ખીલવા અગર સૂકાઇ જવાનું સ્થાન ઘર છે. ઘર એ ધરતી છે. એમાં બીજને અનુકૂળ અને પ્રતિકૂળ બંને જાતનું વાતાવરણ મળી શકે. પ્રત્યેક ઘરે એટલું તો અવશ્ય જોવાનું છે કે પ્રત્યેક બીજને સારું ખાતર પાણી મળે, તેના વિકાસમાં સાચી અને સારી મદદ મળે. સારા બીજને ખરાબ ભૂમિમાં ચીમળાવાનું કે વિકૃત બનવાનું ન થાય એ જોવાની ફરજ તો પ્રત્યેક ઘરની છે. ઘરનો કાર્યપ્રદેશ પૂરો થયા પછી શાળા અને પાઠશાળાઓ છે. ઘર તરફથી જે કોઈ શાળામાં મોકલવામાં આવે તેના ઉપર આગળ ચણતર કરવાનું કામ શાળાનું છે. પૂર્વ સંસ્કાર અને ભવિષ્યની શાળા વચ્ચે ઉભેલું ઘર અતિ મહત્વની કેળવણીની સંસ્થા છે. ગિ.

વહેલાં ઉઠાડી ના હ્યો

કન્યાશાળાઓમાં મોટે ભાગે એવું બને છે કે કન્યાઓ જરા મોટી ઉંમરની થઈ કે માબાપો તેને ઉઠાવી લે છે. મોટી ઉંમર કોને કહેવી તે માબાપ અને કન્યાના માબાપની નાત નક્કી કરે તે, એવું જોવામાં આવે છે. કોઇ ઠેકાણે ૧૦ વર્ષે પણ કન્યા મોટી ગણાય છે. તો કોઈ ઠેકાણે ૧૮ વર્ષે પણ તે હજી નાની ગણાય છે. માબાપો કે નાતનું મનસ્વીપણું ભણતરમાં આડે આવે છે એ વાત તો ચોક્કસજ છે.

માબાપોની સામે જોઇને બોલીએ તો આપણે એમ કહેવું જોઇએ કે બાપુ તમારો જમાનો ગયો. આ જમાનો કે જેમાં તમારાં બાળકો મોટા થઇ રહ્યાં છે તે આવતો જમાનો છે. એ જમાનાને ઓળખીને તમારે તમારાં બાળકોની કેળવણીનો વિચાર કરવો જોઇએ.

વળી તેમને કહેવું જોઇએ કે તમે જેમ એટલું તો સમજ્યા છો કે છોકરાઓને તો ખૂબ ભણાવવાં જોઇએ તેમ તમારે આમપણ સમજવું જોઇએ કે છોકરીઓને પણ ખૂબ ભણાવવી જોઇએ. કેમકે એક રથના બે બળદોમાં એક મોળો અને એક સારો એ રથ દ્વારકા જઈ શકશે નહિ. જીવન રથને વ્યવસ્થિત અને સુરક્ષિતપણે તેના ધ્યેય ઉપર લઇ જવામાટે બન્ને ચક્રો અગર બાળકો સરખા પાણીદાર જોઇએ.

વળી માતાઓને એમ કહેવું જોઇએ કે બેનો, તમેજ પોતે તમારી જાતિની દુશ્મનો કાં બનો? તમે અજ્ઞાનને લીધે પરતંત્ર દશા ભોગવો છો. તમે આર્થિક પરાધિનતાને કારણે દુઃખી છો તો તમે તમારી દીકરીઓને એ દુઃખમાંથી કેમ ન છોડાવો? તમારે તો આગ્રહ રાખવોજ જોઇએ કે દીકરીઓ જેટલું વધારે ભણે તેટલું સારૂં.

આમ વિચારીએ તો માબાપોએ પોતાની દીકરીઓને નાની ઉંમરે મોટી ગણવી ન જોઈએ. માબાપો એટલે લોકો રિવાજના ગુલામ હોય છે. તેઓની દીકરીઓ ભલે પરણવાની તો ૨૦ વર્ષે હોય પણ ૧૦–૧૨ વર્ષથી તેઓ તેને મોટી માને છે. પછીથી તો દીકરીઓથી બહાર જવાય નહિ, રમાય નહિ, કૂદાય નહિ, માત્ર ઘરમાં બેસી પાપડ થાય, દાણા સમા થાય, ભરત અગર ગુંથણ થાય, અથવા બેસી રહેવાય. લગ્નમાં પડવાની ઉંમર થાય ત્યારે કદાચ અને કમભાગ્યે છોકરીને નિશાળમાંથી ખસેડવી પડે તેતો જાણે ઠીક પણ આતો કહેવાતી મોટી ઉંમરે માબાપો છોકરીઓને નિશાળેથી ઉઠાડી લે છે તેમાં માત્ર તેમની કલ્પિત મોટાઇ, ખોટી આનદાની, ખોટું અભિમાન હોય છે અને બધાનાં ફળ તો માત્ર છોકરીએજ ભોગવવાં પડે છે. પણ માબાપે જોવું જોઇએ કે છોકરી દુઃખી થશે અને ધણી સાથે બંધબેસતું નહિ થાય તો તેઓ માબાપનેજ શાપ આપશે.

ત્યારે હવે કરવું શું?

માબાપોએ એકતો છોકરીઓને મોટી ઉંમર સુધી અલબત્ત ભણાવવું જોઈએ. એમાં લોકમત કામ ન આવે. લોકમત કાંઇ દીકરીને સુખી કરી દેશે નહિ. આવી બાબતમાં લોક-

મત એક ભૂતમાત્ર છે. બીજું કન્યાઓને પણ છેક નાની ઉંમરથી ભણવા મૂકી દેવી જોઇએ. આતો છોકરી છે, એને ભણવાની શી ઉતાવળ છે એમ કરતાં છોકરી મોટી થાય છે અને શાળાએ મોટી ઉંમરે પહોંચે છે; જ્યારે છોકરાઓને નાની ઉંમરથી નિશાળે ધકેલવામાં આવે છે. બાળવયમાં શાળાઓમાં જઇને જોઇશું તો માલૂમ પડશે. કે છોકરાઓ નાની ઉંમરે દાખલ થઈ ગયા હોય છે, અને બાળવર્ગની છોકરીઓમાં ઘણીતો સારી રીતે મોટી હોય છે.

એક તો મોટી ઉંમરે દાખલ થાય. અને તેથી જરા મોટી થઈ એટલે માબાપો કહેશે હવે મોટી થઇ એટલે ઉઠાડી લ્યો એટલે માંડ ત્રણ ધોરણ પૂરાં કરે એટલે તો છોકરીને ભણતર છોડવું પડે. પાંચ ધોરણ સુધી તો મોટેથી બેઠેલી છોકરી ભાગ્યે જ પહોંચી શકે. કારણ કે તે સૌને બહુ મોટી લાગે.

આવી રીતે છોકરી મોટી ન લાગે માટે–છોકરી કાંઈ મોટી તો થતી નથી જ. તેને નાની ઉંમરે ભણવા બેસાડી દેવી જોઇએ. ને છોકરાઓ નાની ઉમરે ભણતરમાં પ્રવેશ કરી શકે તો છોકરીઓ પણ કરી શકે જ.

બીજું છોકરાઓ સામે તો ભણતર માટે લાંબો કાળ પડેલો છે. કેમકે તેઓ ઝટ મોટા થયા ગણાતા નથી. તેઓ તો પરણીને પણ ભણી શકે છે, તેઓ બે છોકરાના બાપ થયા હોય તો પણ ભણી શકે છે. પણ છોકરીને તો પરણવાની સાથે સાથે જ ઘરનો બોજો લોકો નાખે છે; અને ઘડીકમાં તેને માતા થવાનું પણ બની આવે છે એટલે તેમને માટે જ્ઞાન લેવાનો સમય ટૂંકો છે. આથી પણ કન્યાઓને પહેલેથી અને વ્યવસ્થાથી થોડા કાળમાં સારૂં ઉપયોગી અને ઘણું શકય હોય તેટલું જ્ઞાન લે તેવી કાળજી રાખવી જોઇએ. એથી ઉલટું કન્યાઓને મોડી બેસાડવી અને વહેલી ઉઠાડી લેવી એમાં તો કન્યાને કંઈ લાભ જ નથી.

વળી કન્યા મોટી ઉંમરે આવે તો પણ તેને નીચલા ધોરણમાં રાખી ક્રમશઃ ધોરણમાંથી પસાર કરવાનો આગ્રહ ન રાખવો જોઇએ. ઉંમર સાથે તે સામાન્ય બુદ્ધિમાં સારી હોય તો તેને ક કા બારાખડીનું જ્ઞાન થતાં જ ધોરણો ટપાડી દેવાં જોઈએ. બાળકોને બનતાં સુધી નાપાસ ન કરવાં જોઈએ. તે એટલા માટે કે નીચલા ધોરણમાં તેને નવું જાણવા વિચારવાનું બરી રીતે રહેતું નથી કેમકે એકવાર તેને તે ધોરણનો પરિચય થયો છે તેથી તેને ઉપલા ધોરણમાં ધકેલવાં જોઈએ. ત્યાં તેમને કામ કરવાની તક મળે છે, નવી પ્રેરણા મળે છે, નવું ક્ષેત્ર મળે છે અને મોટે ભાગે બની જવા સંભવ છે કે તે બીજાઓ સાથે ઢસરડાઇને સાથે થશે. પણ એકવાર જ્યારે નાનાઓ વચ્ચે મોટો પડ્યો રહે છે ત્યારે તેની શક્તિ બીલતી નથી. તેને પોતાની લઘુતાનું ભાન થયા કરે છે. તેનો ઉત્સાહ નાના બાળકોના ઉત્સાહ આગળ મર્યાદિત થઈ જાય છે. તેનો આદર્શ પણ ટૂંકો બને છે. અમુક શક્તિ જરા મોટી ઉંમરે બીલે એટલે ધોરણો કૂદાવવામાં વાંધો નથી. ઉપલા ધોરણમાં મોટી ઉંમરનું મગજ કામ આપી શકશે.

વળી એમ તો છે જ કે આજના અભ્યાસ-

ક્રમોમાં સાતત્ય નથી. ગણિત સિવાય ક્રમિક અભ્યાસક્રમ હોતો નથી તેથી જો ગણિતનું કામ સરખું કરી શકીએ તો બાળકને ગમે તેટલો મોટો કૂદકો મરાવી શકીએ. દસ વર્ષની છોકરીને બાળવર્ગમાં ક કામાં બેસાડી રાખવી તેના કરતાં તેને છેલ્લે નંબરે ત્રીજા ધોરણમાં રાખવી વધારે સારું છે. તેનામાં પ્રાણ, આદર્શ, ઉત્સાહ પ્રગટશે અને તે ઝડપથી આગળ વધશે.

વાત એમ સમજવા જેવી છે કે માબાપોએ બાળાઓને નાની ઉંમરે ભણવા મૂકવાની અને મોટી ઉંમરે પણ ભણતાં ઉઠાડી ન મૂકવાની કૃપા બાળાઓ ઉપર કરવી. ગિ.

બે કુંડીઓ

મેં એક જણાને ત્યાં બે કુંડીઓ જોઈ. આ કુંડીઓ માટીની હતી. તેને કાણા પાડી તેમાં દોરી નાખી તે લટકાવવામાં આવી હતી. એક કુંડીમાં પાણી હતું અને બીજી કુંડીમાં જુવાર હતી.

પક્ષીઓને દાણા નાખવાની અને પાણી આપવાની રીત આપણી સંસ્કૃતિમાં જૂની છે. આપણા ચબૂતરાઓ એના સાક્ષી છે. જૂનવટ હજી જ્યાં ઠીક પ્રમાણમાં છે તેવા કચ્છમાં ચબૂતરા ઠામઠામ છે, અને એ ચબૂતરામાં કોઇ કોઈતો કારીગરીના નમુના છે. ભૂજના ચબૂતરા સુંદર કારીગરીનો નમુનો કહેવાય.

ઉપરાંત કેટલાક ઘરોની દીવાલમાં લોકો જાણી જોઇને કાણાં રખાવે છે કે તેથી તેમાં પક્ષીઓ માળા બાંધે, કચ્છના કેટલાક ઘરોની દિવાલમાં માટલાં ચણી દેવામાં આવેલાં હોય છે. પક્ષીઓ આ માટલામાં માળા બાંધે છે, ઈંડાં મૂકે છે અને બચ્ચાંને ઉછેરે છે.

કચ્છમાં જ મેં ઉપર કહી તે બે કુંડીઓ જોઇ હતી. વારંવાર હું આ કુંડીઓ તરફ નજર નાખતો હતો. પોપટ અને ચકલાં બાસ કરીને પાણી પીવા અને દાણા ચણવા આવતાં હતાં. પારેવાં પણ દાણા ખાવા આવતાં અને કાગડા પણ આવતા તો હતા જ.

આ બધાં પક્ષીઓ દાણા ખાઇ ખુશી થતાં હતાં. તેઓ કુંડીઓની આસપાસ પોતાનું રહેવાનું, ફરવા ફરવાનું, ઉડવાનું, રમવાનું, લડવા વઢવાનું, આનંદ વિનોદ કરવાનું રાખતાં હતાં. આથી મને તે બધાંને અવલોકવાનું સારી પેઠે મળતું હતું.

દાણા પાણી નાખનારીની એક દૃષ્ટિ હતી. એ દૃષ્ટિ તે ધર્મની. આ દૃષ્ટિ સાથે કળાની દૃષ્ટિ જોડી શકાય. આ દૃષ્ટિ સાથે વિજ્ઞાનની દૃષ્ટિ જોડી શકાય. આપણે જો આ સ્થળે પક્ષીઓને નિહાળ્યા કરીએ તો પક્ષીનાં રૂપ રંગ તો આપણી આંખોમાં ભરાઈ જાય કે કદી કાઢ્યાં જાય નહિ. પણ એ ઉપરાંત એ પક્ષીઓના જીવનની રીતિ નીતિ, તેમના સ્વભાવ, વલણ, ટેવો વગેરે આપણા જાણવામાં આવે અને એ રીતે આપણી કલાની અને વિજ્ઞાનની દૃષ્ટિએ તેની નજીક આવીએ.

એક વધારે દૃષ્ટિ પણ આપણે આ સ્થળે ખીલવી શકીએ. અને તે આપણે અને પક્ષીઓનો સબંધ. આપણી તેમના તરફની પ્રીતિ અને તેમનો આપણા તરફનો વિશ્વાસ. રોજ આંગણામાં આવતાં પક્ષીઓ આપણાં કુટુમ્બી.

જનો જેવાં ધારેધીરે થઈ રહે છે. તેને દાણા પાણી નાખવાની આપણી ચિંતા અને કાળજી વધતાં જાય છે. માત્ર ધાર્મિક લાગણીથી આગળ જઈ આપણે એક પ્રકારની વ્યાપક પ્રેમ-ભાવના અનુભવીએ છીએ અને તેની સાથેજ પક્ષીઓ આપણાથી નિર્ભય બની આપણી નજીક આવે છે. તેઓ આપણાથી ડરતાં નથી, ઉડી જતાં નથી. તેઓ આપણી સામે વાતો કરતાં નથી પણ આપણને તેઓ સમજે છે,

અને આપણી નાની સેવાથી તેઓ કેટલાં સુખી બને છે તે પોતાના આનંદ વડે વ્યકત કરે છે.

ગાય વગેરે તો આપણે આપણા સ્વાર્થ ખાતર આંગણે રાખીએ છીએ. તેમાં પણ પશુની સેવા તો છે જ પણ પક્ષીઓની સેવા એ રીતે સ્વાર્થ વિનાની છે અને તેથી વધારે ઉજળી છે.

હરેક ઘરમાં અને શાળામાં અને બાલ-મંદિરમાં આવી એ કુંડીઓ હોય તો કેવું સારૂં?

ગિ.

બાલમંદિરનો સમય

ચોમાસું આવે અને વરસાદ વરસે ત્યારે વાવણીની ઋતુ કહેવાય છે. ખેડૂતોને જેટલા પ્રમાણમાં ચોક્કસપણે વાવણીનો સમય સમ-જાય તેટલા પ્રમાણમાં તેઓ ફત્તેહ પામે છે. કેટલાક કણબી પાસતર ડાહ્યા કહેવાય છે. તેઓ મોડા જાગે છે, મોડી ખેડ શરૂ કરે છે, મોડું વાવે છે. અને તેથીજ ઘણે ભાગે નિરાશ થવું પડે છે. કારણ એ છે કે તેણે ઋતુ પ્રમાણે ખેડ કરી નથી.

ઘણી કહેવતો તો છેજ કે 'ગયો સમય પાછો આવતો નથી', 'લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા ન જવું', 'સમય અને ભરતી કદી રાહ જોતાં નથી.' બાલશિક્ષણમાં પણ ઋતુ આવે છે. લક્ષ્મી ચાંદલો કરવા આવે છે. સમયની ભરતી આવે છે. આ સમય, આ ભરતી, આ લક્ષ્મીને આપવામાં ન આવે તો ખેડ મોડી થાય અને પાક દૂબળો આવે.

જરૂર બાળકોની કેળવણીની બાબતમાં ઋતુ આવે છે, વરસાદ કાળ આવે છે, બીઆંને ઉગવાનું મન થાય છે, છતાં આપણે એમ કહીએ છીએ કે હજી વખત નથી થયો. હજી વાર છે. હજી બાળકો નાનાં છે. અત્યારથી તેમને માટે શાળા શી અગર બાલમંદિરો શાં? સાત વરસ થવા દો. તે વખતે નિશાળે બેસા-રશું, હમણા હજી બાળક નાનું છે. હજી તે ભણ વાને લાયક ગણાય નહિ. હમણા ખેડ કરવી રહેવા દો. હમણા ખેતર, બળદ અને ઓજારોને રઝળવા દો અને રખડવા દો. આ અજ્ઞાન છે. માબાપો રૂપી અને શિક્ષણના ચલાવનારા રૂપી ખેડુતોને ખેતીના નિયમોની અને વરસાદની ઋતુની ખબર નથી. બાળકો નાની ઉંમરથી કેળવણી લે છે અને તે પણ જાતેજ. શાથી ત્રણ વર્ષમાં તેઓ આવી ભાષા જાણી જાય છે, જીવનના કેટલાંએ વ્યવહારો તે સમજી જાય છે. ઉપરાંત નવું નવું જાણવાની, નવું કરવાની, નવું નિહાળવાની, નવા ક્ષેત્રોમાં ભમવાની બાળકને અમુક ઉંમરે પ્રબળ ઇચ્છા થાય છે. તે ઇચ્છાને માબાપો રોકી રાખે છે. આવી ઇચ્છા, આવી જરૂરીઆત ત્રણ વર્ષથી ઉભી થાય છે. પણ માબાપો કહે છે કે હજી સમય

નથી થયો, કેમકે હજી સાત વર્ષ થયાં નથી. હજી શાળાએ બેસાડવાની ઉંમર નથી થઈ. માબાપ વરસાદ નથી આવ્યો એમ કહી બેસી રહે છે. અને બાજુથી વરસાદ જાય છે, ખેતરોનાં પાણી વહીવહીને નીતરી જાય છે, અને પોતાનાં ખેતરોમાં બેડેલું નહિ હોવાથી વરસાદનાં પાણી નકામાં જાય છે. બાળકો ત્રણ વર્ષે વરસાદ ઝીલતા તૈયાર થાય છે. તેની તરસ જબર બને છે. તેની જીજ્ઞાસાવૃત્તિ અને ક્રિયાવૃતિ ઘરમાં ભારે પડે છે. તેને કોઇ ગતિ નહિ આપતું હોવાથી તેમાંથી તોફાન વગેરે જન્મે છે. પણ સાત વર્ષે નિશાળે જવાય અને ત્યાં સુધી હળ હાથમાં ન લેવાય એમ માબાપો અને શિક્ષકો સૌ કહે છે. કેમકે તેઓને બાળ વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન નથી, તેઓ અજ્ઞાની વર્ગ છે.

ધીમેધીમે આ વાત ચોખ્ખી થતી જાય છે કે જેમ કુંડામાં વધી રહેલા છોડને ફેરવીને જમીનમાં નાખવામાં નહિ આવે તો છોડ વધતો અટકી જશે એમ જો ત્રણ વર્ષ પછીની ઉંમરનાં બાળકોને ઘરથી આગળ વધીને કોઇ નવું વિકાસ સ્થળ–શાળા–બાળમંદિર આપવામાં નહિ આવે તો તે ઘરમાંને ઘરમાં પડયું પડયું વધશે તો નહિજ પણ તે સડશે. જેમ વનસ્પતિશાસ્ત્ર માટે આ વાત સત્ય છે, તેમજ બાળકની કેળવણીના શાસ્ત્ર માટે આ વાત સત્ય છે, તેમજ ત્રણની ઉંમર થાય કે બાળકને સ્થળ ફેર, વાતાવરણની નવીનતા, જ્ઞાનની વિવિધતા અને વિશાળતા આપવાં જ જોઇએ. બાળકમાં જેમ જેમ શકિતઓ વધતી જાય છે તેમ તેમ તે બાલમંદિરો, કુમાર મંદિરો, વિનય મંદિરો અને વિદ્યાપીઠો માગી લે છે. બાલમંદિરોએ બતાવી આપ્યું છે કે બાળકોની ત્રણ વર્ષથી નવાં વાતાવરણમાં પ્રવેશી નવી નવી બાબતો જાણવાને ખૂબ જ ભૂખ છે, બાળમંદિરોએ બતાવી આપ્યું છે કે બાળમંદિરમાં આવતાં બાળકોને પ્રવૃત્તિ મળતાં બાળકોનાં ઘરનાં તોફાનો, કજીયા, કંકાસ વગેરે મટી ગયાં છે. ઘર જ્યારે નાનું પડતું હતું, તેમાંથી કંઈ મળતું ન હતું, ઉલટું જ્યારે તે ઉપદ્રવ રૂપ હતું ત્યારે બાળક અને માબાપ બન્ને હેરાન થતાં હતાં; પણ જ્યાં બાલમંદિરમાં બાળક ગયું ત્યારે તે જાતે પ્રસન્ન અને સુખી થયું અને તેના માબાપોને રાહત મળી. કારણ કે બાળકને જે કાળે જે જોઈતું હતું તે તેને મળ્યું. જો બાળકને સમયથી વહેલી અગર મોડી પ્રવૃત્તિ આપશું તો બાળકને તેમાં રસ નહિ આવે. તેવી પ્રવૃત્તિ તે જ દુઃખરૂપ થશે. તેનાથી તેને લાભ નહિ થાય. પણ જ્યારે બાળમંદિરની પ્રવૃત્તિ સમય પ્રમાણે જ બરાબર બાળકોની સામે આવે છે ત્યારે બાળક ઘણી ગતિથી શારીરિક, માનસિક તથા આત્મિક વિકાસ સાધે છે. એટલે જ ત્રણથી સાત વર્ષ સુધી એક કાળ છે જે કાળ બાલમંદિરમાં જવો જોઇએ. એ કાળ ઘરમાં જાય તો બાળકો આગળ વધે નહિ એટલું નહિ પણ તે સડવા કરે અને તેના ગુણો બધા ગંધાઈ જાય. જ્યારે બાલમંદિર તો ભૂખ લાગી કે ભાણું આવ્યા જેવું એટલે સ્વતઃજ બાળક કામે લાગે અને ભણતરમાં દોડવા લાગે.

આપણે નજર કરો જે કામને પહોંચી વળવા માટે આપણા લત્તે લત્તે બાલમંદિર

જોઇએ. કેમકે બાલમંદિરમાંજ નાનાં બાળકનું સ્થાન છે, બાલમંદિર તેના આરામ અને આનંદનું સ્થાન છે. બાલમંદિર જ તેની માતાના બીજા બોળા જેવું છે. ગામને એકાદ બાલમંદિર પણ ભારે પડે છે એ સમજાતું નથી. એનો એક અર્થ એ છે કે લોકો તેનો મહિમા જાણતા નથી. બીજો અર્થ એ છે કે માબાપોને બાળકો ભારે પડે છે કેમકે તેમને બાલવિકાસનાં સાધનો ભારે પડે છે. પોતાનાં બાળકો પોતાને ભારે પડે એ માની ન શકાય તેવું છે; છતાં માબાપોને સાચેજ બાળકો ભારે પડે છે કેમકે તેને કેળવવાની સંસ્થાઓ તેમને ભારે પડે છે. ભારનો અર્થ શો એ ન સમજનાર માબાપોને ઠપકો નથી કેમકે તેઓ અજ્ઞાની છે.

બાળકોની ઉંમરચડતી જાય પછી પાઠશાળામાં તેને મૂકવાનો અર્થ એ છે કે શિયાળો ગયા પછી કોટ શીવડાવવો. અલબત્ત પ્રાથમિક શાળામાં ગયા પછી બાળક ભણે તો છે જ. અને મોહું એટલું ગાડું ચાલે તો છે જ. બાળક પણ ચાલશે પણ તે પાછળ પડશે. તે પ્રાથમિક શાળામાં પાછું પડે કે ન પડે પણ તે જીવનમાંતો પાછું પડશે; કેમકે કેળવણીનો પાયો બાલ્યાવસ્થામાં બાલમંદિર, બીજું કંઈ નથી.

સમયનાં નાણાં સમજનાર ગુજરાતતો બાળકોની કેળવણીને જરા પણ ખોટી ન જ કહી શકે.

ગુજરાતને આંગણે સમયસરનાં બાલમંદિરો બીલી ઉઠવાં જોઇએ અને જેમને વિકાસની ભૂખ લાગી છે એવાં બાળકોને આગળ વધવા માટે ઠેર ઠેર બાલમંદિરો ખુલવાં જોઈએ. ગિ.

ક્રીડાંગણો શા માટે ?

કોઇ પણ જાતની નિશાળોની પહેલાં ક્રીડાંગણની જરૂર મહત્વની છે.

માબાપોએ ભેગા મળીને પોતાનાં બાળકોને માટે ક્રીડાંગણો ઊભાં કરવાં ઘટે છે. ધનવાનોએ ક્રીડાંગણો માટે પોતાનું ધન વાપરવું ઘટે છે. કેળવણીના બાતાંઓએ પ્રાથમિક નિશાળો કાઢતાં પહેલાં ક્રીડાંગણો બોલવાની જરૂર છે. રાજ્યોએ કેળવણીના બધા બર્ચોમાં ક્રીડાંગણોનો બર્ચ સૌથી પહેલો આકારવો બાજબી છે.

દેશનાં બાળકોને શુદ્ધ તન્દુરસ્તી મળશે, તેમનાં શરીરો મજબૂત અને ચપળ થશે, તેમના સ્નાયુઓ સમતોલ અને દૃઢ થશે તો દેશની.

નોંધ—કાંઇ નહિ તો દરેક શાળા તેમજ બાલમંદિર સાથે એક ક્રીડાંગણ જોડેલું તો જોઈએ જ.

ક્રીડાંગણ બાળકોની એક અતિ મહત્વની જરૂરીઆત છે.

જૂના જમાનામાં જેમ સ્થળે સ્થળે નાનાં મોટાં દેવસ્થાનો વિના ચાલતું ન હતું તેમ આ જમાનામાં બાલમંદિરો અને ક્રીડાંગણો વિના ન ચાલે; ન ચલાવાય.

મનુષ્યના આરોગ્યનો પાયો ક્રીડાંગણમાં છે. બાળકોના સામાજીક સહકારનું, સામાજીક આનંદનું, શરીર સાથે મનની શક્તિ બીલવવાનું અને તાજગી મેળવવાનું સ્થળ ક્રીડાંગણ છે.

શારીરિક સંપત્તિમાં ત્યારે વધારો થશે. ઉછરતી પેઢીની શારીરિક સંપત્તિ દેશની મોટામાં મોટી મુડી છે. શારીરિક સંપત્તિ ઉપર રચવામાં આવેલ જીવન અને દેશનો કાર્યક્રમ સફળ થશે. શરીર સર્વધર્મની સાધના માટેનું પ્રથમ અંગ છે. ગામેગામના લોકો, મ્યુનિસિપાલિટીઓ, લોકલબોર્ડો એ પ્રશ્ન ઉપાડી લેશે ? ઠેરઠેર પુસ્તકાલયો સ્થાપવા માટે જેમ સ્વ. મોતીભાઈ અમીન નીકળ્યા તેમ ક્રીડાંગણો માટે કોઇ નીકળશે ?

ગિ.

અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને
બાલમંદિરમાં શીખવાનાં ઇતર કામો

[નોંધ—માત્ર શિક્ષણશાસ્ત્ર અને પદ્ધતિ આવડવાથી શિક્ષક થઇ જવાય નહિ. આજના યુગમાં શિક્ષકે સફળ થવા માટે ઘણી હોશિયારી તથા આવડત કેળવવી જોઈએ. તે બહુ શ્રુત હોવો જોઈએ તેમજ તે ભિન્નભિન્ન પ્રકારનાં બહુ કાર્યોથી વાકેફ જોઈએ. બાલમંદિર કે પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે તૈયાર થનાર આમાંના વિદ્યાર્થીઓએ નીચે આપેલું જાણવું જોઈએ.]

વ્યક્તિગત

૧ ભાષણ

૧ પોતાને કહેવાની વસ્તુ સામા માણસો બરાબર સમજી શકે તેવી રીતે ભાષણ કરતાં. ૨ પ્રશ્નોના જવાબ આપતાં. ૩ ભાષણની નોંધ લેતાં.

૨ લેખન

૧ સ્વચ્છ અને સુંદર અક્ષરે લખતાં. ૨ લેખો, જોડકણાં, વાર્તાઓ, વિનોદી લખાણો વગેરે લખતાં. ૩ નાનાં મોટાં અક્ષરો લખતાં. ૪ બાળકો માટે તેમજ મોટેરાં માટેનું લેખનકામ.

૩ હસ્તલિખિત (આસ્કિ ચલાવતા)

૧ બાળકોને માટે યોગ્ય લેખો લખતા. ૨ માસિક તૈયાર કરતા. ૩ ચિત્રો વગેરેથી સમૃદ્ધ કરતાં. ૪ લેખો મેળવતાં.

૪ છાપું ચલાવતાં (સ્થાનિક)

૧ સરનામાં કરતાં. ૨ ટિકિટ ચોડતાં. ૩ રેપર કરતાં. ૪ ડીસપેચ કરતાં. ૫ ગ્રાહકો બનાવતાં. ૬ હિસાબ રાખતાં ૭ ગ્રાહકોનું સમાધાન કરતાં. ૮ વી. પી. તથા મ. ઓ. કરતાં.

૫ પ્રચાર કામ

૧ બાળકેળવણીનો પ્રચાર. ૨ શિક્ષણ સરિતાનો પ્રચાર. ૩ શિક્ષણ વિષયક બધીજ જાતનો પ્રચાર.

૬ હાથ ઉદ્યોગ

૧ બાળકોને જે હાથ ઉદ્યોગો બતાવવાના હોય તે બધા સારી રીતે જાણી લેવા જોઈએ.

૭ તરતાં

૮ સાયકલ ચલાવતાં

૯ હિસાબ કિતાબ

૧ બાલમંદિરને લગતા હિસાબો રાખતાં, નામું ઠામું વગેરે.

B
બાલમંદિરને લગતું

૧ B ઓરડાને લગતું

૧ સાફસુફી

૧ સંજવારી કાઢવી. ૨ જાળાં, બાવાં વગેરે કાઢવાં. ૩ ઓરડાઓ ધોવા. ૪ ડાઘાડુધી કાઢવા. ૫ ફરનીચર કાચ વગેરે પોલીસ કરવું.

૨ ગોઠવણી

૧ બધી વસ્તુઓ કલાત્મક રીતે ગોઠવવી. ૨ જુદી જુદી રીતે ગોઠવવી.

૩ શણગાર

૧ ફુલદાની ભરવી તથા ગોઠવવી. ૨ તોરણો વગેરે બનાવતાં. ૩ ફુલહાર બનાવતા. ૪ ઉત્સાહ વખતે શણગાર કરતાં.

૪ રાંગોળી

૧ રાંગોળી પૂરતાં તથા તેને માટે આકૃતિઓ કાઢતાં. ૨ આલ્પના કરતાં. ૩ અન્ન મંડળ. દીપમાળ ફૂલમંડળ વિગેરે ભરતાં.

૫ નાસ્તો

૧ બાળકોનો યોગ્ય નાસ્તો ખરીદતાં, સાફ કરતાં અને બનાવતાં. ૨ નાસ્તો પીરસતાં થોડું થોડું પરંતુ બાળકો સરસ રીતે ખાઇ શકે તેવી રીતે. ૩ વધારો એક સરખો પીરસતાં. ૪ વધારાનો નિકાલ કરતાં. ૫ નાસ્તાનું પત્રક ભરતાં.

૬ બાગકામ

૧ ઓદતાં, ૨ ખાતર નાખતાં, ૩ વાવતાં, ૪ ઉછેરતાં, ૫ કાપતાં, ૬ પાણી પાતાં, ૭ છોડને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતાં, ૮ ક્યારા, ધોરીઆ વગેરે બનાવતાં. ૯ છોડો બનાવીને પાણી પાતાં, ૧૦ લતા મંડળ વિ. તૈયાર કરતાં ૧૧ કુંડા, કોડિયાં વિ. બાગ બનાવતાં.

૭ જંતુઉછેર

૧ પતંગિયાં, દેડકાં, વીંછી, મખમલિયાં, વગેરે ઉછેરતાં, ૨ સસલાં, ગલુડીઆં વિગેરે પશુઓ અને પોપટ, કબૂતર વગેરે પક્ષીઓ ઉછેરતાં. ૩ એ બધાની નોંધ કરતાં.

૮ હુન્નરઉદ્યોગ

૧ કાતરકામ. ૨ માટીકામ. ૩ કાંતણકામ. ૪ શિવણકામ. ૫ ભરત ગુંથણકામ. ૬ સુતારીકામ.

૯ કાગળ કામ

૧ સરસ રીતે કાગળ કાપતાં. ૨ કાગળો બરાબર આંકતાં. ૩ નોટો બાંધતાં. ૪ પોથીઓ તૈયાર કરતાં

૧૦ પૂંઠાકામ

૧ ઉમ્મરવારીનું પૂંઠું તૈયાર કરવું. ૨ પૂર્વ તૈયારી વગેરેના પૂંઠાં તૈયાર કરવાં. ૩ પૂંઠાં આંકતાં શીખવું. ૪ ઉમ્મરવારી તૈયાર કરતાં. ૫ પૂઠાં ઉપર વગર કરચલીએ કાગળ ચોડતા ૬ નકશા આલેખ વગેરે તૈયાર કરવાં.

૧૧ સમારકામ

૧ સાધનો (દાખલા તરીકે દફ્તા, તખ્તીઓ, મિનારાનાં ટોપકાં, શબ્દ ગંજીપા, શબ્દપોથીઓ, હસ્તલિખિત પોથીઓ વ.). ૨ સમારતાં શીખવી અથવા ક્યાં સમરાવી શકાય તેની માહિતી મેળવી લેતાં.

૧૨ મહેમાનો

૧ મહેમાનોની વ્યવસ્થા કરતાં. ૨ મહેમાનોને બધું જ કામ એ સમજી શકે તેવી રીતે અને તેવી ભાષામાં સમજાવતાં. ૩ મહેમાનોને સંતોષ આપતાં.

૧૩ સંગ્રહાલય

૧ માળા, પીછાં કલા કારીગરી અને હુન્નરઉદ્યોગના નમૂના ભેગા કરતાં. ૨ એ બધાને સુંદર રીતે ગોઠવતાં. ૩ એ બધું સાચવતાં.

૧૪ આલ્બમ કામ

૧ બાળકોનાં ચિત્રો લેખનકામ, ગણિત વગેરેનાં આલ્બમ કરતાં. ૨ તેવા આલ્બમનું પ્રદર્શન ભરતાં. ૩ ફોટાઓ વગેરેની કલાત્મક રીતે ગોઠવણી કરતાં.

૨ B બાળકોને લગતું

૧ ફરવા લઈ જવું

૧ એકલાં ફરવા લઇ જતાં. ૨ બધું જોવા જેવું બતાવતાં અને સમજાવતાં. ૩ બાળકોની બરાબર સંભાળ રાખતાં.

૨ રમતો

૧ જુદી જુદી રમતો રમાડતાં. ૨ શાન્તિપૂર્વક બાળકો જાતેજ રમે તેવી વ્યવસ્થા કરતાં.

૩ નાસ્તો

૧ નાસ્તા વખતે શણગાર શોભા કરતાં. ૨ જુદી જુદી રમતો બતાવતાં. ૩ આદર્શ વાચન વાંચી સંભળાવતાં. ૪ શાન્તિની રમત ચલાવતાં.

૪ નાટકો

૧ કોઈ પણ પ્રકારનું કામ કરતાં. ૨ અભિનય બરાબર કરતાં. ૩ બાળકોને તૈયાર કરતાં. ૪ બાળકોને નાટકમાં ભાગ લેતા કરતાં.

૫ પ્રવાસો

૧ નાના મોટા પ્રવાસ કરતાં. ૨ પ્રવાસની નાનામાં નાની વિગતો તૈયાર કરતાં. ૩ પ્રવાસની નોંધ લેતાં. ૪ બધી જાતની વ્યવસ્થા કરતાં.

૬ સારવાર

૧ સાધારણ અકસ્માત વખતે તાત્કાલિક સારવાર કરતાં. ૨ બાળકો પૂરતું દવાખાનાનું કામ કરતાં. ૩ બાળકોને તત્કાલ જરૂરી દવા જાણી લેતાં.

૭ સ્વચ્છતા તપાસ

૧ હાથ, નાક, કાન વગેરે ઝીણવટની તપાસ કરતાં. ૨ તે વિષે માબાપોને ચિઠ્ઠીઓ આપતાં.

૮ પુસ્તકાલય

૧ બાલ પુસ્તકાલયની ગોઠવણ કરતાં. ૨ પુસ્તકોનું વર્ગીકરણ કરતાં. ૩ પુસ્તકો વાપરવાની બાળકોને સૂચનાઓ કરતાં. ૪ જુદી જુદી રીતે પુસ્તકાલય ચલાવતાં.

C ઑફિસને લગતું

૧ ફાઈલ કામ

૧ ફાઈલોનું વર્ગીકરણ કરતાં. ૨ કાગળોને બરાબર રીતે કાણાં પાડી તેને યોગ્ય ફાઈલમાં મૂકતાં. ૩ ફાઇલોની નોંધ રાખતાં. ૪ ગામ પ્રમાણે અથવા નામ પ્રમાણે કક્કાવારી રીતે ફાઇલો બનાવતાં અને ગોઠવતાં.

૨ પોસ્ટ, તાર તથા ટેલિફોન

૧ પોસ્ટના વિભાગ સાથે પત્ર વ્યવહાર કરતાં. ૨ પોસ્ટ, તાર તથા ટેલીફોનના દર જાણી લેતાં. ૩ રજીસ્ટર, બુકપોસ્ટ, વી. પી. મનીઑર્ડર, પારસલ, કરતાં. ૪ ઓછામાં ઓછા શબ્દોની અંદર તાર કરતાં. ૫ સ્પષ્ટરીતે ટેલીફોન કરતાં. ૬ ઑર મેઈલના કાયદા કાનુનો જાણી લેતાં.

૩ દફતર કામ

૧ ગુંદર, લાહી, શાહી, વગેરે બનાવતાં. ૨ હિસાબ કિતાબ રાખતાં. ૩ નોંધો રાખતાં. ૪ સાધનોની બધી જાતની માહિતી મેળવી લેતાં. ૫ શાળાને લગતાં દફતરો રાખતાં. ગિ.

સને ૧૯૩૯–૪૦ ના અધ્યાપન-મંદિરમાં દાખલ થનારાઓને

જે ભાઇબહેનો ૧૯૩૯–૪૦ના બાલ-અધ્યાપનમંદિરમાં દાખલ થવા માગતાં હોય તેમણે એક આનાની ટિકિટ સાથે નીચેને સ્થળે અરજી મોકલી અગાઉથી પોતાનાં નામ રજીસ્ટર્ડ કરાવવાં.

આચાર્ય, બાલઅધ્યાપનમંદિર
જાગનાથ પ્લૉટ, રાજકોટ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

ગાંધી સ્મૃતિ ગ્રંથાલય * ભાવનગર

સાભાર–સ્વીકાર

મારૂં ગણિત

બાળવર્ગ, ધોરણ ૧, ૨, ૩ અને ૪ માટે જુદું જુદું. લેખકો ને પ્રકાશકો:–મનુભાઇ શાહ અને ચુનીભાઈ પટેલ, વીલેપારલે, મુંબાઈ. નવીન પદ્ધતિએ લખાતાં ઉપયોગી બાળગણિતોમાં ધ્યાન ખેંચનાર પુસ્તકો.

બાળપોથીની પૂરવણી

લેખક: શંકરભાઇ સોમાભાઇ પટેલ; અધ્યાપક–પુરૂષ અધ્યાપન પાઠશાળા, વડોદરા. બાળપોથીનો સુંદર ઉમેરો.

વર્ધા કેળવણીનો પ્રયોગ

લેખક : નરહરિ દ્વારકાદાસ પરીખ, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. અભ્યાસ યોગ્ય ચોપડી.

જમાદાર ફતેહમામદ

લેખક: માર્કંડરાય મહેતા, સદનવાડી, કચ્છ.

બાલ વાચનમાળાના પુસ્તકો ૧ થી ૧૦ : ૧ શબ્દપોથી–૧, ૨ શબ્દપોથી–૨, ૩ બાલપાઠો ૪ સુંદર પાઠો ૫ રસિક પાઠો ૬ જોડાક્ષર પોથી ૭ નાનામોટા પાઠો ૮ જોડકણાં ૯ પાંખડીઓ ૧૦ સાચી ખોટી વાતો. લેખક ને પ્રકાશક–સોમાભાઈ કિશાભાઇ પટેલ, સુણાવ. વસાવવા જેવી ચોપડીઓ.

નવીન બાળપોથી ભાગ ૧–૨:–લેખકો જીવણલાલ પટેલ અને જગજીવન ઓઝા, રંગુન.

શિક્ષણ સમાચાર

—**અમદાવાદ:** બાલમિત્રના સહતંત્રી શ્રી સોમાભાઈ ભાવસાર તથા અધ્યાપનમંદિરના એક વિદ્યાર્થી શ્રી દિનેશ ઠાકોરના સંયુક્ત તંત્રીપદે ૧ લી જુનથી 'બાલજગત' નામનું પખવાડિક પત્ર પ્રગટ થશે.

—**રાજકોટ:** અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ વસંત બાલશિક્ષણના પ્રચારાર્થે તા. ૨૦ મી એપ્રિલથી ૩૦ મી એપ્રિલ સુધી ૧૦ દિવસને માટે ઊપડ્યા.

ચાલુ માસમાં નીચેના વ્યાખ્યાતાઓએ અધ્યાપન મંદિરમાં વિદ્યાર્થીઓને વ્યાખ્યાનો આપ્યાં. ૧ શ્રી વલ્લભરામ વૈદરાજ 'વનસ્પતિ અને તેનો ઉપયોગ' ૨ શ્રી નરેન્દ્ર બધેકા ૧ 'અક્ષરજ્ઞાન યોજના' ૨ 'બાલમંદિરમાં બાલકોનું અવલોકન' ૩ શ્રી ત્રિભુવન વ્યાસ 'બાલકવિતા'

—**ભાવનગર:** અધ્યાપનમંદિરના એક વિદ્યાર્થી ભાઈ મનુભાઈ ભટ્ટ શિક્ષણપત્રિકાના પ્રચારાર્થે મુંબઇ ઉપડ્યા.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી શિક્ષણ પત્રિકા, કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા પારી. શાંતિલાલ છોટાલાલે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.

શિક્ષણ પત્રિકા

(બા-દીક્ષણી અંક)

વર્ષ ૧૪ મું
સંવત ૧૯૯૫

અંક ૪ થો
જ્યેષ્ઠ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકને આપવા જેવું છે તે તેમના હૃદયમાં વિશ્વાસ ને શ્રદ્ધા છે. કેટલાયે કાળથી મનુષ્યે આત્મવિશ્વાસ ગુમાવ્યો છે. અને જેનો આત્મવિશ્વાસ ગયો છે એવા માણસો અનાસ્થા, નિરાશા અને નિરૂત્સાહ સિવાય બીજું શું આપી શકે !

જેમનામાં જરાપણ આશાનું કિરણ હોય, લેશ માત્ર આત્મજાગૃતિ અને શ્રદ્ધા હોય, તેઓ બાળકોને એ એકજ વસ્તુ આપવા સારીય જીંદગી ગાળી નાખે તો પણ તેમણે અદ્‌ભુત કાર્ય કર્યું કહેવાશે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૪] જ્યેષ્ઠ ૧૯૯૫ [અંક ૪

અ. ન નો

: ૧ :

શિક્ષણમાં સૌથી ખરાબ વસ્તુ ખટપટ છે. ભૂલથી એમ માનવામાં આવે છે કે રાજકારણની કુશળતા પણ શિક્ષકોમાં આવે તે ઇચ્છવા જેવું છે. આ ભયંકર છે.

શિક્ષકોને ભણાવવાનું છે. તેમની વિરૂદ્ધ કોઈ સરકાર નથી કે તેમની સામે તેમણે ખટપટ કરવાની હોય. જ્યાં શિક્ષકો ને સરકાર બે ભાગ હોય ત્યાં શિક્ષણ જ બંધ થવું ઘટે.

: ૨ :

બીજે બધે તો ઠીક પણ જ્યારે મુડીવાદ શિક્ષકોને પણ લૂંટવા નીકળે છે ત્યારે તે પોતાના પગ કાપવાની શરૂઆત કરે છે. શિક્ષકોને હજી ભાન નથી કે તેઓ એક અમોઘ શક્તિ છે. તેઓ જ્યારે સંગઠન કરશે ત્યારે ઘણા દુષ્ટ વાદો ડગી જશે.

જેઓ હજી ભણવાને લાયક છે એટલું જ નહિ પણ જેઓને હજી ભણવાની જરૂર છે તેઓ જ ભણાવનાર બનીને બેસી જાય ત્યારે ભણતર, ભણાવનારા બધાનું થોડા વખતમાં આવી બન્યું છે, એનાં આખરનાં ચિહ્નો છે.

: ૩ :

ગવૈયો તાજો ને સફળ રહેવા માટે હંમેશ સવારે થોડું પણ ગાય છે.

ચિત્રકારે તાજા ને સફળ રહેવા માટે રોજ થોડું પણ આલેખન કરવાની ટેવ પાડવી પડે છે.

હરેક વિદ્યા ને કળા તાજાં ને સફળ રાખવા માટે તેના આવર્તન અને અભ્યાસ માગે છે.

શિક્ષકે તાજા અને સફળ રહેવા માટે હંમેશ અભ્યાસ અને શીખવવાનું ચાલું રાખવું.

બંગાવો, બોડું ન કરતાં

૧ મોન્ટીસોરી પદ્ધતિ...
ગિજુભાઇ ૨-૦-૦

૨ વસંત બાલશિક્ષણ પ્રચારમાળા
ભા. ૧-૨... ગિ. તા. ૧-૬-૦

૩ માબાપોનાં પ્રશ્નો...
ગિજુભાઈ ૦-૮-૦

૪ સ્વતંત્ર બાલશિક્ષણ...
ગિજુભાઇ ૦-૧-૦

૫ મોન્ટીસોરી પ્રચારમાળા...
ગિ. તા. ૦-૧૦-૦

૬ અક્ષરજ્ઞાન યોજના
મણકો ૧... ૦-૧-૦

૭ ચાલો વાંચીએ ... ૦-૧-૬

ટપાલ ખર્ચ જુદું

લખો.-વ્યવસ્થાપક, શિક્ષણપત્રિકા,
કૃષ્ણનગર પ્લોટ-ભાવનગર.

અ • નુ • ક્રં • ઓ

૧ મનનો . . . . ગિ. ૫૪
૨ ઘરડા શિક્ષકો . . ગિ. ૫૫
૩ નવી ભરતી . . . ગિ. ૫૭
૪ બદલો ? . . . ગિ. ૬૦
૫ બાલમંદિર પછી ઘરમાં સ્વયં-
શિક્ષણ . . . . ગિ. ૬૩
૬ હેઠે બેસીને . . ગિ. ૬૨
૭ સાભાર સ્વીકાર . . ૬૭
૮ શિક્ષણ સમાચાર . . ૬૮

ઘરડા શિક્ષકો

વાત વાતમાં મને એક માણસે કહ્યું, "નાનાં બાળકો માટે તો ઘરડા નિવૃત્ત થએલા શિક્ષકો હોય તો વધારે સારૂં."

ચમકીને મેં કહ્યું, "એમ કેમ?"

તેણે ન્યાય આપ્યો, "ઘરડાઓને બાળકો પ્રત્યે બહુ પ્રેમ હોય છે. તેઓ બાળકોને રાજી રાખી શકે છે, તેઓ ઝટ પટ ખીજતા નથી. તેમને બહુ અનુભવ હોય છે."

હું વિચારમાં પડી ગયો. મને થયું શું આ કથનમાં સત્ય છે? મારા મનમાં ન્યાય આવ્યો, ના એ સત્ય નથી પણ ભ્રમણા છે.

વાત એમ છે કે બાળકોને ઘરડા સાથે રમવાની કે વાતો કરવાની કે ગમ્મત કરવાની સ્વતઃ મજા નથી આવતી. કારણ કે ઘરડા એટલે ઘરડા. ઘરડા એટલે થાકેલા, તાજગી વગરના ઝળહળતા, આદર્શ વિનાના, થનગનતા અને ફૂદતા હૃદય વિનાના; ઘરડા એટલે બહુ અનુભવે ઠરીને ઠીંકરા થઈ ગએલા. હૃદયે જુવાન, આદર્શ નિત્ય નવા, ક્રિયામાં ચપળ અને અંતરમાં ઉછળતા ઘરડા જુવાન તો બહુ થોડા હોય છે. આવા થોડા ઘરડા જુવાન નિવૃત્ત થએલ શિક્ષકો કે બીજા ધંધામાંથી નિવૃત્ત થએલ અને થાકીને જીવનને બીજે કિનારે આવેલ માણસોમાંથી નથી મળતા અને ન મળે તે સ્વાભાવિક છે.

વાસ્તવિક હકીકત એમ છે કે ઘરડા નિવૃત્તિ પામેલા લોકો શિક્ષક હોકે નહો પણ તેઓ પોતે પ્રવૃત્તિ શોધે છે. તેઓ જે પોતાના કામનો સમય આપનાર બીજા ઉદ્યોગી જુવાનોમાંથી કોઇ આપનાર નથી. તેઓને શું કરવું તે મૂંઝવણનો વિષય હોય છે. એટલે તેઓ પોતાનો મેળ શોધે છે. બાળકો તો એવાં છેકે તેઓ ઘરડાંને પણ પોતાનો સમય અને તાજગી આપવા ન આપવાનું અર્થશાસ્ત્ર સમજતાં નથી.

ઘરડાઓ માત્ર પોતાના સમયને અને મનને રોકવાજ માગે છે એમ નથી પણ તેઓ પોતાનો થાક ઉતારવા માગે છે. પોતે તાજા થવા માગે છે અને બાળકો તો સ્વતઃ તાજગી છે, ઉછળતી ઊર્મિ છે, ઉડતો વેગ છે એટલે તેની પાસેથી તાજગી તેઓ લેવા ચાહે છે.

ઘરડાઓને તો આમાં લાભ છે પણ બાળકોનું શું? ઘરડાઓ બાળકોમાંથી તાજગી લે પણ બાળકોએ ઘરડાઓમાંથી શું લેવું? નિરૂત્સાહ, ડહાપણનો હુંગરો, જગતની જંજાળનાં કુંડાળાં, આમાંથી શું લેવું? ઘરડાને તાજગી આપવાને માટે બાળકોનું ઔષધ આપણે કેમ બનવા દઈએ? બાળકોને એની ખબર ન પડે; કેમકે તેઓ એ રીતે આવી વાત ન સમજે. વળી તેમનામાં અખૂટ ઉત્સાહ હોવાથી તેમાંથી થતી ઉણપ તેઓને વરતાય પણ નહિ પણ આપણે તો જોવું જોઇએ કે ઘરડા અને બાળકોના સહકારમાં ઘરડાને લાભ છે અને બાળકોને હાનિ છે.

બરી રીતે ઘરડાઓને બાળકો પ્રત્યે બહુ પ્રેમ છે એમ નથી અને પ્રેમ નથી એમ પણ નથી. પણ તેમને બાળકો પ્રેરણા આપે છે, નવીનતા આપે છે, તેમનામાં થોડી એક મીઠાશ આપે છે તેથી સહેજે બાળકો પ્રત્યે તેમનો

પ્રેમ દેખાય છે.

બાળકોને ઘરડાઓ રાજી રાખી શકે છે એનું કારણ તેઓ તેને ફોસલાવી શકે છે; અર્થાત બાળકને તેઓ કંઇક ખાવાનું, પીવાનું, રમવાનું, એવું એવું આપીને તેઓ તેને ખુશી કરે છે. તેઓ આપણા બાળકોની વૃત્તિને હલાવી તેને વશ કરે છે અને એ રીતે બાળકોને લોભી અને લાલચુ બનાવી તેઓ બાળકોને પોતાનાં કરે છે. નાનાં બાળકો આવા લોભમાં આવી જાય એ સ્વાભાવિક છે. તે વળી તેઓને મોટાંઓમાં વિશ્વાસ હોવાથી તેમનામાં એવી બુદ્ધિ તો આજેજ કયાંથી કે આ બધું તો ઘરડાઓ પોતાને બાળકો સાથે રમવું છે અને રહેવું છે માટે કરે છે નહિ કે બાળકોને માટે બધું જરૂરનું છે.

ઘરડાંઓ ઘણી વાર બાળકોનો પક્ષ લે છે અને ઘરનાં બીજાંઓને ધમકાવે છે. ઘણીવાર બાળકોને ઘરમાં બીજે કયાંઈ ન મળે તે ઘરડાઓ અપાવી શકે છે; કેમકે તેઓ ગમે તેમ પણ મોટા—અધિકારી—છે. આથી બાળકો તેમના તરફ વળે છે. પણ દરેક વખતે ઘરડાઓ શિક્ષણ અને વિકાસના નિયમો પ્રમાણે વર્તતા હોતા નથી ઉલટું તેઓ મોટે ભાગેતો પોતાની મરજી પ્રમાણે વર્તે છે; કેમકે એક વખત તેમનો નિર્ણય એક બાજુ હોય છે તો બીજી વખત તેમનો નિર્ણય બીજી બાજુ હોય છે. આમ બાળકો ઘરડાનો લાભ ઉઠાવી જાય છે એમ તેઓ સમજે છે; પણ ખરી રીતે બન્ને પક્ષને ગેરલાભ થાય છે કેમકે આમાં નીતિ તત્વનો હ્રાસ થાય છે.

ઘરડાઓને તેમના લાંબા જીવનથી ધીરજ રાખવી કેમ તે આવડી ગયું હોય છે. તેઓ તે બાળકોની સાથે માનો કે ધીરજથી વરતે છે તોપણ એ ધીરજ મંદતા છે, ત્વરા અને વેગ નથી. એ ધીરજ માત્ર ટાઢાપણું છે, એવા લાકડાના રાંજા ઉપર બાળકો કૂદી શકે પણ તેથી તેમને કંઈ લાભ ન થાય. 'ચાલો ત્યારે હવે એટલું તો સ્વાર્થ ખાતર બાળકોનું નિભાવી લઈએ' એવા ખ્યાલથી ઉપજેલી ધીરજ નકામી છે. ઘરડા શિક્ષકોને ટયુશન મળે કે નિશાળમાં કામ કરવાનું મળે. તેઓ જાણે અજાણ્યે સમજે છે કે બાળકોને 'હા ભા હા ભા' કરવામાં લાભ છે; કેમકે બાળકો રાજી રહેશે તો બધું થશે. પણ ખરી રીતે તો આવા હાજીયા ઘરડા શિક્ષકો કે સાથીઓ બાળકોને અપંગ અને બુદ્ધિરહિત બનાવે છે. બાળકોને કોઈ એમ કહેનાર નમળે કે જુઓ, એ વાત બરાબર નથી અને તે ન થઇ શકે. તેમ કરવું વ્યાજબી નજ કહેવાય. આવું કહેનાર જુવાન આદર્શવાદી હિંમતવાન હૃદય છે. ઘરડા માણસમાં ભાગ્યે જ આવું હૃદય હોય છે તેઓ દુનિયાના પ્રવાહ સાથે ઘસડાઇ રીઢા થઈ ગયા હોય છે એટલે તેને હવે બાયાંઝીક કરવી નથી ગમતી. તેને તો કામની સાથે કામ છે. દૂધનું કામ છે પાડાપાડીનું નહિ.

આવા ઘરડા ગૃહ શિક્ષકો કે બાલમંદિરના શિક્ષકો કે શાળા શિક્ષકો અનુભવનો લાભ આપશે એવી આશામાં બહુ દમ નથી, તેઓનો અનુભવ લોકો ડાહ્યા થાયતો સારૂં એવો એકન્દરે હોય છે અને બાળકોને એકદમ ડાહ્યાં થવાનું પરવડતું નથી અગર તો તેમને અકાળે ડાહ્યાં કરવાની જરૂર નથી. બાળકોને જાતા

અનુભવમાંથી પસાર થવા દેવાં જોઈએ. નગદ ડહાપણ પોતાના અનુભવમાંથી નીપજે છે નહિ કે બીજાની શિખામણમાંથી.

ઘરડા શિક્ષકો બાળકોને મારથી નહિ પણ અમુક જાતની ધમકીથી, અમુક પ્રકારની ભયની લાગણીથી પણ વશ રાખે છે. ટીકડી વગેરે લાલચની ચીજથી તેઓ વશ રાખે છે. આવા ઘણા દાખલાઓ જોનારને મળી આવશે.

વળી ઘરડા શિક્ષકો પોતે જ્ઞાનથી નિત્ય નવા નથી. ભાવિ જીવનમાં તેમની દૃષ્ટિ લાંબે સુધી પડતી નથી. તેઓની આંખ પર ધૂમ્ર ઝાંખી આવી ગએલી હોય છે તેથી તેઓનું વાતાવરણ સંકુચિત અને નવીનતા વિનાનું હોય છે. એ વાતાવરણમાં બાળકોને નવું અને ઉછળતું કંઈ મળતું નથી અને બાળકો પાસેથી બીજું કંઈ નવું ન આવે ત્યાં સુધી તેમને શી ખબર પડે કે વૃદ્ધોનું આ વાતાવરણ ઢીલું અને મર્યાદિત છે. એક વાર ખબર પડયા પછી તો તેઓ વૃદ્ધોથી દૂર ભાગે છે અને વૃદ્ધો તેની પાછળ દોડે છે.

વડીલો કે વૃદ્ધો બાળકોને ઘરમાં થોડો લાભ કરી આપે છે પણ ત્યાં બાળકો જોઈ શકે છે કે અગર જોકે તેમને લાભ થાય છે છતાં વડીલો કે વૃદ્ધ ઉછેરનારાઓ ભૂલમાં તો છે જ; આ સ્થિતિ બાળકોને કેવી રીતિનીતિ શીખવે? અને બાળકો એટલી શક્તિવાળાં નથી હોતાં કે તેઓ પોતાના લાભોથી પણ નાસી છૂટે.

બરી વાત તો એમ છે કે આવી સ્થિતિમાં બાળકો માટે ઘરડા નથી રહેતા પણ ઘરડા માટે બાળકો રહે છે; જો કે દેખાવ એવો થાય છે કે ઘરડા બાળકો માટે છે.

સાર એ છે કે ડાહ્યાં માણસોએ બાળકોની તાજગી ઘરડા માણસો લઈ ન જાય અને તેના બદલામાં ઘડપણની છાયા નાખી ન જાય તે જોવાનું છે. સસ્તા શિક્ષકો કે ગૃહ શિક્ષકો મેળવવા ખાતર, અગર ઓછા જોખમી શિક્ષકો મેળવવા ખાતર, અગર ઠરેલ અને પાકટ માણસો મેળવવાના મોહમાં જેમના મોં ઉપર તાજગી નથી, મનમાં ઉત્સહ નથી, આત્મામાં તેજ નથી એવા ઘરડા શિક્ષકોને ગૃહ કે શાળામાં સ્થાન નથી.

ગિ

નવી ભરતી

સત્રે સત્રે આપણી આગળ નવી મુશ્કેલી ઊભી થાય છે અને કંઈક વખત જતાં એ શમી જાય છે. અનુભવ કરતાં કરતાં આપણે આ મુશ્કેલી ટાળતાં પણ શીખીએ છીએ. પણ આપણે જો બરાબર જાણીએ કે મુશ્કેલી શાથી ઉત્પન્ન થાય છે તો આપણો માર્ગ સરલ બની જાય.

આ મુશ્કેલી તે નવાં બાળકોને બા. મં. માં હળી જવાની છે. જ્યારે નવાં બાળકો આવે છે ત્યારે જેમ નદીનાં જૂનાં પાણીમાં નવાં પાણી આવતાં ડોળાણ થાય છે તેમજ બા. મં. ના કામકાજમાં ડોળાણ થાય છે. આ સ્થિતિ સ્વાભાવિક છે એટલે ગભરાવું નહિ.

નવાં આવતાં બાળકોને માટે બા. મં. અજાણ્યું છે. તેમનાં ભાંડરડાં આવતા હોય, અગર માબાપોએ બા. મં. નાં વખાણ કર્યાં

હોય તો પણ પ્રત્યક્ષ અનુભવને અભાવે બા. મં. તેમનાથી સમજાતું નથી. જ્યારે બાળકો અને ઘણીવાર મોટાંઓ કોઈ પરિસ્થિતિ વિશે અજ્ઞાત હોય છે, કોઈ પરિસ્થિતિને કળી શકતા નથી, ત્યારે તેમનામાં એક પ્રકારનો ભય અને સંકોચ હોય છે. તેઓ નવા માણસોથી અને નવી સામગ્રીથી અપરિચિતપણાને કારણે મૂંઝાય છે. અજાણ્યા ચહેરા, અજાણ્યા કાર્યક્રમો, અજાણ્યા નિયમો વગેરે બધું અજાણ્યું તેમને ફાવતું નથી. તેમને અંધારા અંધારા જેવું લાગે છે અને તેઓ રડવા લાગે છે. માબાપોની સાથે પાછાં જવા માગે છે; માબાપો ગયા પછી ઘેર જવા માટે કકળી ઉઠે છે અને પોતાની સાથે મોટાં ભાંડરડાં હોય છે તેની પાછળને પાછળ જ ફરે છે અને તેનો કેડો અને છેડો છોડતાં નથી. આમાં કશું નવાઈ જેવું નથી. મોટે ભાગે આમ જ બને એમાં કોઈનો વાંક કાઢવા જેવું ન કહેવાય.

આવે વખતે માબાપોએ પરાણે બાળકોને મૂકી જવાં ન જોઈએ. માબાપોએ બા. મં. વિશે મોટી મોટી આકર્ષક વાતો કરીને પોતાનાં બાળકોને લાવવાં ન જોઈએ. 'અરે ત્યાં તો બહુ મજા પડશે, ત્યાં તો મજાની વાતો કરશે, ત્યાં તો રમવાનું જ, ત્યાં તો નાસ્તો અને ગમ્મત!' એવું કશું કહેવાની જરૂર નથી. નવું નવું બાળક ગમે તેટલું સમજુ સારું અને બુદ્ધિવાળું હોય તોપણ ગભરાવાનું જ, એમાંયે શ્રીમન્તનાં બાળકો કે જેઓને સામાજીક જીવનનો સ્પર્શ ઓછો રહે છે અને જેમનો હળવા ભળવાનો વ્યવહાર બહુ મર્યાદિત હોય છે..તેમનાં બાળકો વધારે ગભરાય છે. ઉલટું ગરીબ કે મધ્યમ વર્ગનાં બાળકોને ભળવું સહેલું પડે છે; કેમકે તેઓને જ્યાં ત્યાં ભળવાની ફરજ પડેલી હોય છે. વળી માબાપોએ બાળકોને ફોસલાવીને કે લાલચ આપીને પણ મોકલવાં ન જોઈએ તેમજ ધમકી આપીને પણ અલબત્ત નહિજ. કેમકે ન ભળવાનું કે ગભરાવાનું કારણ અજાણપણે ઉપજેલી બીક છે. એ બીક અંદરથી ન જાય ત્યાં સુધી બાળક હિજરાવાનું જ. આ બીક કાઢવાને માટે બહારના ખોટા ઉપાયો ન લેવાવા જોઈએ.

નવાં બાળકોની બીક વહેલી તકે જાય એટલા માટે શિક્ષકોએ બહુ કાળજી રાખવાની છે. અગત્યની કાળજી નવાં બાળકોના પરિચયમાં ઝટઝટ ન આવવાની છે. જો શિક્ષકો ઉતાવળા થઈને બાળકોને બોલાવવા કે રમાડવા નીકળે અને આગળ વધીને તેને અડકે કે અહીં તહીં બેસાડે ઉઠાડે તો બાળકો અભિમુખ થવાને બદલે વિમુખ થઇ જાય અને ગભરાતાં ગભરાતાં બાલમંદિરમાં આવતાં હોય ત્યાંથી પણ ખસી જાય. શિક્ષકોએ પોતાની હમેશની પ્રસન્નતા સાથે પોતાનું ચાલુ કામ સ્વાભાવિક કરવાનું છે. જાણેકે તેઓ મહેમાનો છે અને તેમને કંઈ કહેવાકરવાનું નથી આવી વૃત્તિથી તેમણે તેમના તરફ જોવું અને વર્તવું. અને છતાં જેટલી હદે તેઓ બાલમંદિરનાં બાળક થવા માગે કે તુરતજ તેટલી હદે તેજ પ્રત્યુત્તર આપવે અને તેમને અનુકૂળ બની જવું. શિક્ષકે યાદ રાખ્યાં જ કરવું કે બાળકો સમગ્ર પરિસ્થિતિના અજ્ઞાનને લીધે ડરે છે. તેમણે વ્યકિત બાળક પરત્વે જે તે અનુમાન કરી ન ભળવાનું એક યા બીજું કારણ તત્કાળ આરોપવાનું

નથી. બાળકોનો હજી લેશમાત્ર પરિચય ન થયો હોવાથી આપણે તેમના સ્વભાવ વિશેષપણા વિશે કે તેમના ઘરના પરિચયના અભાવથી તેમના ઘર વિશે અનુમાનો કરવા તરફ દોરાઈ જવાનું નથી. સામાન્યતઃ કોઇ અપવાદો બાદ કરતાં બાળકો પંદર દહાડા મહિનામાં ગોઠવાઇ જાય છે અને બતાવે છે કે નવાં બાળકો ગોઠવાઈ જવાને માટે સમય માગે છે, સહાય માગે છે, અનુકૂળતા માગે છે, બાળકો વિશેની સાચી સમજણની અપેક્ષા માગે છે.

નવાં બાળકોને લીધે અવ્યવસ્થા થાયતો તેથી ચિંતા ન રાખવી. તેઓને વ્યવસ્થા શું, કામના નિયમો શું, સામાજીક જીવન શું એની ખબર નહોય, સાધનોના વપરાશની ખબર ન હોય, કયાં જવું શું કરવું વગેરે બાબતમાં તેઓને કંઇ ખ્યાલ ન હોય; તેથી તેમનાથી થતી તમામ ત્રુટીઓને એકદમ સુધારવા મંડી જવું નહિ. બા. મં. ની વ્યવસ્થિત બાજુ અને ગોઠવાએલું કામ જ તેના ઉપર છાપ પાડવા માંડશે. બાળકોનું સુનિયંત્રિત વિકાસક જીવન જો બાલમંદિરમાં સિદ્ધ થયું હશે તો તે નવાં બાળકોને તેની અંદર લાવ્યા વિના રહેશે નહિ; શિક્ષકોએ તો હમેશનું કામ જુનાં બાળકો સાથે હંમેશની રીતિનીતિએ લીધે જવાનું છે.

આપણે વિરોધી, તોછડી, અસભ્ય, કડક છાપ આપણે નવાં બાળકો ઉપર પડવા ન દેવી. બરી રીતે આપણે તેવાં ન હોઇએ છતાં-બાળકોને આ ઘણીવાર ભૂલી જઇએ છીએ; ક્રમકે અજ્ઞાનમાંથી ગેરસમજુતી અને અસંતોષ પેદા થાય છે, આવે વખતે વધારે જાગૃતિથી આપણે બાળકો પ્રત્યે વર્તવું જોઇએ: આપણાથી હેવાયાં થઈ ગએલાં બાળકો સાથે આપણે કદાચ ટુંકમાં, ઉતાવળથી, વધારે નજીકપણાથી વર્તી નાખીએ તો તે ચાલી શકે પણ નવાં બાળકો પરત્વે તો આપણી કાળજી ઘરનાં માણસો પ્રત્યેની નહિ પણ ખાસ મહેમાનો પ્રત્યેની જોઈએ. નવાં બાળકોથી કંઇ તૂટે ફુટે, અવ્યવસ્થા થાય તો તે વિશે તેમને તુરત સમજણ આપવાની પણ જરૂર નથી. ફિકર નહિ એટલો જ ઉદ્ગાર બસ છે.

આ દરમ્યાન આપણે સામાન્ય વાતો, નિયમો, વ્યવસ્થિત તંત્ર અને કાર્યક્રમ તો ચલાવ્યેજ જવું. સૂચનાઓ વગેરે નવાં બાળકોને સંબોધીને નહિ પણ સમૂહ આખાને સ્પર્શીને કરવી. નવાં બાળકોને એમ લાગે કે આતો અમારા ઉપરજ કહે છે ત્યાં કંઈ કહેવું નહિ. નાનાં બાળકો પણ કોને ઉદ્દેશીને કહેલું હોય છે તે તુરત સમજી જાય છે.

નવાં બાળકોમાં વિવિધ પ્રકૃતિઓ હશેજ. નવાં બાળકોમાં ઘરના કારણે સંસ્કાર ભેદ પણ હોય જ. નવાં બાળકોમાં ઉછેર ભેદ પણ હોઈ શકે. નવાં બાળકોમાં વ્યક્તિગત આચાર વિચાર પડેલા જ હોય છે. પણ આ બધા ભેદો શરુઆતના દિવસો પછી બહાર આવવાના. શરુઆતના એક પ્રકારના ભય અને સંકોચના પડદા પાછળ આ ભેદો પડેલા હોય છે. આપણે એટલા માટે શરૂઆતનો ભય ભાંગવાનો છે અને સંકોચ તોડવાનો છે.

એક વાત ધ્યાનમાં રાખવી કે નવાં આવેલ બાળકોને બાલમંદિરનાં વાતાવરણમાંથી બાળકો અગર બીજા કોઇથી કંઇ ઈજા થવી

ન જોઇએ. જૂનાં બાળકો ઘણી વાર નવાં બાળકો પરત્વે એવી રીતે વર્તી નાખે કે જેથી નવાં બાળકોને દુઃખ થાય તો પણ તેઓ બાલ મંદિરથી ડરવા લાગે છે. વળી નોકરો પોતે પણ બાળકો પ્રત્યે એવી રીતે વર્તે છે કે બાળકો હળવા ને બદલે ઉલટાં ભાગવા લાગે છે. નોકરો મોકલનાર માબાપોએ સમજી નોકરોને બાળકો સાથે મોકલવા. માબાપ પોતે આવે તો પણ તેમણે બાળકોને હેળવવા માટે ઉતાવળા થવું નહિ. જેટલી ઉતાવળ કરીશું તેટલું મોડું થશે એટલું જ નહિ પણ બાળકો બાલમંદિરથી વિમુખ બનશે અને કદાચ બાળકો બાલમંદિરમાં રહેશે તો પણ તેમને બાલમંદિર બહુ ગમશે નહિ. ગિ.

બદલો ?

શિક્ષકને પોતાના કામમાંથી કયો બદલો મળવો જોઈએ ? તેનો પગાર તો એટલો બધો દુકો છે કે એ કાંઈ તેના સુંદર અને પવિત્ર કાર્યનો બદલો નથી એટલું જ નહિ પણ તેની અને તેના કામની હાંસી છે. તેનું સમાજમાં સ્થાન તો એટલું બધું સામાન્ય છે કે તે કાંઇ તેના જીવન્ત કામનો બદલો નથી એટલું જ નહિ પણ તે જાણે કે તેને એક પ્રકારની અન્યાયભરી શિક્ષા છે.

શિક્ષકને બદલો કોણ આપે ? કેવો બદલો આપે ? ખરી રીતે તેનું સાચું અને સારું કામ કોઇ પણ બદલાથી મૂલવી શકાય તેમ નથી. એ કામ બદલાથી પર છે. સમાજ કે વ્યક્તિ તેનો બદલો આપી શકે જ નહિ. ધન કે પદવીથી તેનો બદલો વળી શકે નહિ.

અને તેથી જ શિક્ષકે એવા બદલાની આશા રાખી પોતાની જાતને નાહક દુર્બળ કરવી નહિ. એવા બદલા પાછળ તેણે પડવું પણ નહિ. એવા બદલાની મિથ્યા આશામાં પડી પોતાનું તેજ અને તત્ત્વ ગુમાવવું નહિ.

કેમકે જો શિક્ષક અનુભવે તો તેને પોતાના કામનો એક એવો અમુલ્ય અનુભવ મળે છે કે જે કદી પણ ધન કે સત્તાથી ખરીદી શકાય નહિ. આ અનુભવ તે તેના વિદ્યાર્થીઓના સાચા પ્રેમનો છે. ચાર દિવાલ વચ્ચે બેસી નિષ્ઠાપૂર્વક કામ કરનાર દરેક શિક્ષક શિક્ષકોનો નગદ અનુભવ હશે કે બાળકોના પ્રેમની અખંડ ધારા તેમના પર વરસે છે. તેઓ બાળકોનો પ્રેમ નજરોનજર જોઇ શકે છે. શિક્ષકનું જરા આંખ, માથું દુઃખે છે તો તે બાળકો વીસાં બને છે. શિક્ષક તેનાથી દૂર જાય છે કે ગામ જાય છે ત્યારે બાળકો તેનો તીવ્ર વિયોગ અનુભવે છે. શિક્ષકને જરાક નારાજ ભાળે છે તો બાળકોને કંઈનું કંઇ થઈ જાય છે. બાળકના માબાપ શિક્ષક વિશે જરા પણ પડતું કે ધવાતું બોલે છે તો બાળકો હીજરાય છે, રડે છે ને ઘણીવાર જેમ તેમ સભળાવી પણ દે છે. નિષ્ઠાપૂર્વક કામ કરનાર શિક્ષકને આ બદલો મળે છે. આ બદલો એટલે બાળકોનો અઢળક પ્રેમ, નિર્વ્યાજ પ્રેમ. અવિચ્છિન્ન પ્રેમ. જે શિક્ષક પોતાના કામથી આવો પ્રેમ મેળવી શકે છે તેને ઘડીભર પગારની અને સમાજની પદવિની શી પડી છે ? અને જોઆવા શિક્ષકો વધવા લાગે

નિશાળોનું બધું કામ બાળકો અને શિક્ષકોના પ્રેમથી રંગાએલું રહે, શિક્ષકની જીવનશક્તિ બાળકો ઉપર રેડાયા કરે અને બાળકો તેમાં ન્હાતાં ન્હાતાં ખીલવા લાગે તો જરૂર સમાજ આપોઆપ શિક્ષકને ઉચ્ચ આદર્શ બેસાડશે અને તેના સુખ દુઃખની ચિંતા રાખશે.

પણ શિક્ષકોને તો પ્રેમ પાથર્યા પહેલાં બદલો જોઈએ છે? કર્તવ્ય કર્યા વિના સમાજમાં સ્થાન જોઈએ છે? જો એમ જ હોય તો તેમને પેલા બાળકોના પ્રેમનું સ્વપ્ન કયાંથી આવે? અને એવું સ્વપ્ન પણ ન આવે ત્યાં સુધી સાચો બદલો કેવી રીતે પ્રાપ્ત થાય? ગિ.

બાલમંદિર પછી ઘરમાં સ્વયંશિક્ષણ

નોંધ—બાલમંદિર પછી શું? કઈ નિશાળ? એ પ્રશ્ન ઘણા લોકો કરે છે. આ પ્રશ્ન વ્યાજબી છે. કેમકે બાલમંદિરની સાથે જ અનુસંધાનમાં પ્રા. શાળા તો કયાંક જ છે. વળી બાલમંદિરની સાથે નહિ જોડાએલી અને સ્વતંત્ર એવી નવી પ્રાથમિક શાળાઓ પણ આજે બાલમંદિરનાં બાળકોને આગળ લઈ જવા માટે નથી. પરિણામે જે માબાપોએ પોતાનાં બાળકોને બાલમંદિરમાં ૩ા થી ૬-૭ વર્ષ સુધી રાખ્યાં હોય તે માબાપોની સામે ઉપલો પ્રશ્ન ખડો થાય છે. આ પ્રશ્નનો ઉત્તર અહીં આપવાનું રાખ્યું નથી. એનો ઉત્તર છે અને તે કોઈ વાર અપાશે. અત્યારે તો જેઓ એમ પૂછે છે કે અમારાં બાળકો બાલમંદિરમાંથી નીકળ્યા પછી જો તેમને માટે સારી પ્રાથમિક શાળાઓ ન હોય અને અમારાં બાળકોને અમારે ચાલુ પ્રાથમિક શાળામાં ન ભણાવતાં ઘેર જ ભણાવવાં હોય તો શું કરવું એનો જવાબ 'ઘરમાં સ્વયંશિક્ષણ કેવી રીતે આપવું તેની વિગતો વડે' આપવાનો પ્રયત્ન અત્રે કરવામાં આવ્યો છે.

ઘરમાં સ્વયંશિક્ષણનો ૭ થી ૧૦ સુધીનો અભ્યાસક્રમ મૂકવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ પાર પાડવા માટે કાં તો માબાપોએ જાતે કામ કરવું પડે અગર તો સ્વયંશિક્ષણનું કામકાજ બરાબર ચાલે તે માટે મદદ અને દેખરેખ આપનાર માણસને શિક્ષક રાખવો જોઈએ. સ્વયંશિક્ષણનો અર્થ એવો ન જ કરી શકાય કે બાળક જાતેજ બધું શીખશે. તેને માર્ગ બતાવવો પડશે, તેને સાધનો આપવાં પડશે, તેને માટે વાતાવરણ પણ રચવું પડશે. આ બધું કરવા માટે જે માબાપોમાં શ્રદ્ધા અને શક્તિ હોય તેમને માટે જ આ સ્વયંશિક્ષણનો અભ્યાસક્રમ કામનો છે. જરૂર તેઓ આ અભ્યાસક્રમને અમલમાં મૂકી શકે છે. તેઓએ કરેલા અનુભવો બીજાને અવશ્ય કામ આવશે.

બાકી જે માબાપો આવી જાતનું કામ ઘરમાં કરી શકે કે કરાવી શકે નહિ તેમણે તો પોતાનાં બાળકોને કોઈ જૂની ઢબની શાળાઓમાં મૂકવાં અથવા તો તેમણે નવી પ્રાથમિક શાળાઓ કેમ ઉઘડે. તે માટે હીલચાલ કરવી. આજનાં બાલમંદિરની પાસે સાધનસંપત્તિ ન હોવાથી તે આગળ પગલાં માંડી શકતું નથી. બાલમંદિરોની સાથે પ્રાથમિક શાળા જોડવા માટે માબાપો આગ્રહ રાખી બાલમંદિરના વિસ્તારને વધાવી લે અને મદદ પહોંચાડે તો બાળકોને ઘણો લાભ થઇ જાય અને આજે જે મુશ્કેલી છે અને જે મુશ્કેલીમાંથી ઉપરનો પ્રશ્ન ઉપજ્યો છે તેનો નિકાલ આવે. ગિ.

ન જોઇએ. જૂનાં બાળકો ઘણી વાર નવાં બાળકો પરત્વે એવી રીતે વર્તી નાખે કે જેથી નવાં બાળકોને દુઃખ થાય તો પણ તેઓ બાલ મંદિરથી ડરવા લાગે છે. વળી નોકરો પોતે પણ બાળકો પ્રત્યે એવી રીતે વર્તે છે કે બાળકો હળવા ને બદલે ઉલટાં ભાગવા લાગે છે. નોકરો મોકલનાર માબાપોએ સમજી નોકરોને બાળકો સાથે મોકલવા. માબાપ પોતે આવે તો પણ તેમણે બાળકોને હેળવવા માટે ઉતાવળા થવું નહિ. જેટલી ઉતાવળ કરીશું તેટલું મોડું થશે એટલું જ નહિ પણ બાળકો બાલમંદિરથી વિમુખ બનશે અને કદાચ બાળકો બાલમંદિરમાં રહેશે તો પણ તેમને બાલમંદિર બહુ ગમશે નહિ. ગિ.

બદલો ?

શિક્ષકને પોતાના કામમાંથી કયો બદલો મળવો જોઈએ ? તેનો પગાર તો એટલો બધો હોય છે કે એ કાંઈ તેના સુંદર અને પવિત્ર કાર્યનો બદલો નથી એટલું જ નહિ પણ તેની અને તેના કામની હાંસી છે. તેનું સમાજમાં સ્થાન તો એટલું બધું સામાન્ય છે કે તે કાંઇ તેના જીવન્ત કામનો બદલો નથી એટલું જ નહિ પણ તે જાણે કે તેને એક પ્રકારની અન્યાયભરી શિક્ષા છે.

શિક્ષકને બદલો કોણ આપે ? કેવો બદલો આપે ? ખરી રીતે તેનું સાચું અને સારું કામ કોઇ પણ બદલાથી મૂલવી શકાય તેમ નથી. એ કામ બદલાથી પર છે. સમાજ કે વ્યક્તિ તેનો બદલો આપી શકે જ નહિ. ધન કે પદવીથી તેનો બદલો વળી શકે નહિ.

અને તેથી જ શિક્ષકે એવા બદલાની આશા રાખી પોતાની જાતને નાહક દુર્બળ કરવી નહિ. એવા બદલા પાછળ તેણે પડવું પણ નહિ. એવા બદલાની મિથ્યા આશામાં પડી પોતાનું તેજ અને તત્ત્વ ગુમાવવું નહિ.

કેમકે જો શિક્ષક અનુભવે તો તેને પોતાના કામનો એક એવો અમૂલ્ય અનુભવ મળે છે કે જે કદી પણ ધન કે સત્તાથી ખરીદી શકાય નહિ. આ અનુભવ તે તેના વિદ્યાર્થીઓના સાચા પ્રેમનો છે. ચાર દિવાલ વચ્ચે બેસી નિષ્ઠાપૂર્વક કામ કરનાર દરેક શિક્ષક શિક્ષકોનો નગદ અનુભવ હશે કે બાળકોના પ્રેમની અખંડ ધારા તેમના પર વરસે છે. તેઓ બાળકોનો પ્રેમ નજરોનજર જોઇ શકે છે. શિક્ષકનું જરા આંખ, માથું દુઃખે છે તો તે બાળકો વીસાં બને છે. શિક્ષક તેનાથી દૂર જાય છે કે ગામ જાય છે ત્યારે બાળકો તેનો તીવ્ર વિયોગ અનુભવે છે. શિક્ષકને જરાક નારાજ ભાળે છે તો બાળકોને કંઈનું કંઇ થઈ જાય છે. બાળકના માબાપ શિક્ષક વિશે જરા પણ પડતું કે ધવાતું બોલે છે તો બાળકો હીજરાય છે, રડે છે ને ઘણીવાર જેમ તેમ સંભળાવી પણ દે છે. નિષ્ઠાપૂર્વક કામ કરનાર શિક્ષકને આ બદલો મળે છે. આ બદલો એટલે બાળકોનો અઢળક પ્રેમ, નિર્વ્યાજ પ્રેમ. અવિચ્છિન્ન પ્રેમ. જે શિક્ષક પોતાને કામથી આવો પ્રેમ મેળવી શકે છે તેને ઘડીભર પગારની અને સમાજની પદવિની શી પડી છે ? અને જોઆવા શિક્ષકો વધવા લાગે,

નિશાળોનું બધું કામ બાળકો અને શિક્ષકોના પ્રેમથી રંગાએલું રહે, શિક્ષકની જીવનશકિત બાળકો ઉપર રેડાયા કરે અને બાળકો તેમાં ન્હાતાં ન્હાતાં ખીલવા લાગે તો જરૂર સમાજ આપોઆપ શિક્ષકને ઉચ્ચ આદર્શ બેસાડશે અને તેના સુખ દુઃખની ચિંતા રાખશે.

પણ શિક્ષકોને તો પ્રેમ પાયર્યા પહેલાં બદલો જોઈએ છે ? કર્તવ્ય કર્યા વિના સમાજમાં સ્થાન જોઈએ છે ? જો. એમ જ હોય તો તેમને પેલા બાળકોના પ્રેમનું સ્વપ્ન કયાંથી આવે ? અને એવું સ્વપ્ન પણ ન આવે ત્યાં સુધી સાચો બદલો કેવી રીતે પ્રાપ્ત થાય ? ગિ.

બાલમંદિર પછી ઘરમાં સ્વયંશિક્ષણ

નોંધ—બાલમંદિર પછી શું ? કઈ નિશાળ ? એ પ્રશ્ન ઘણા લોકો કરે છે. આ પ્રશ્ન વ્યાજબી છે. કેમકે બાલમંદિરની સાથે જ અનુસંધાનમાં પ્રા. શાળા તો કયાંક જ છે. વળી બાલમંદિરની સાથે નહિ જોડાએલી અને સ્વતંત્ર એવી નવી પ્રાથમિક શાળાઓ પણ આજે બાલમંદિરનાં બાળકોને આગળ લઈ જવા માટે નથી. પરિણામે જે માબાપોએ પોતાનાં બાળકોને બાલમંદિરમાં રા. થી ૬-૭ વર્ષ સુધી રાખ્યાં હોય તે માબાપોની સામે ઉપલો પ્રશ્ન ખડો થાય છે. આ પ્રશ્નનો ઉત્તર અહીં આપવાનું રાખ્યું નથી. એનો ઉત્તર છે અને તે કોઈ વાર અપાશે. અત્યારે તો જેઓ એમ પૂછે છે કે અમારાં બાળકો બાલમંદિરમાંથી નીકળ્યા પછી જો તેમને માટે સારી પ્રાથમિક શાળાઓ ન હોય અને અમારાં બાળકોને અમારે ચાલુ પ્રાથમિક શાળામાં ન ભણાવતાં ઘેર જ ભણાવવાં હોય તો શું કરવું એનો જવાબ ઘરમાં સ્વયંશિક્ષણ કેવી રીતે આપવું તેની વિગતો વડે આપવાનો પ્રયત્ન અત્રે કરવામાં આવ્યો છે.

ઘરમાં સ્વયંશિક્ષણનો ૭ થી ૧૦ સુધીનો અભ્યાસક્રમ મૂકવામાં આવેલ છે. આ અભ્યાસક્રમ પાર પાડવા માટે કાં તો માબાપોએ જાતે કામ કરવું પડે અગર તો સ્વયંશિક્ષણનું કામકાજ બરાબર ચાલે તે માટે મદદ અને દેખરેખ આપનાર માણસને શિક્ષક રાખવો જોઈએ. સ્વયંશિક્ષણનો અર્થ એવો ન જ કરી શકાય કે બાળક જાતેજ બધું શીખશે. તેને માર્ગ બતાવવો પડશે, તેને સાધનો આપવાં પડશે, તેને માટે વાતાવરણ પણ રચવું પડશે. આ બધું કરવા માટે જે માબાપોમાં શ્રદ્ધા અને શક્તિ હોય તેમને માટે જ આ સ્વયંશિક્ષણનો અભ્યાસક્રમ કામનો છે. જરૂર તેઓ આ અભ્યાસક્રમને અમલમાં મૂકી શકે છે. તેઓએ કરેલા અનુભવો બીજાને અવશ્ય કામ આવશે.

બાકી જે માબાપો આવી જાતનું કામ ઘરમાં કરી શકે કે કરાવી શકે નહિ તેમણે તો પોતાનાં બાળકોને કોઈ જૂની ઢબની શાળાઓમાં મૂકવાં અથવા તો તેમણે નવી પ્રાથમિક શાળાઓ કેમ ઉઘડે. તે માટે હીલચાલ કરવી. આજનાં બાલમંદિરની પાસે સાધનસંપત્તિ ન હોવાથી તે આગળ પગલાં માંડી શકતું નથી. બાલમંદિરોની સાથે પ્રાથમિક શાળા જોડવા માટે માબાપો આગ્રહ રાખી બાલમંદિરના વિસ્તારને વધારી લે અને મદદ પહોંચાડે તો બાળકોને ઘણો લાભ થઇ જાય અને આજે જે મુશ્કેલી છે અને જે મુશ્કેલીમાંથી ઉપરનો પ્રશ્ન ઉપજ્યો છે તેનો નિકાલ આવે. શિ.

અભ્યાસક્રમ

વિષયો

૧ ભાષા ૨ ગણિત ૩ ચિત્ર ૪ સંગીત ૫ ભૂગોળ ૬ ઇતિહાસ ૭ હાથઉદ્યોગ ૮ જાત-મહેનત ૯ કુદરત પરિચય ૧૦ આરોગ્ય ૧૧ સામાન્ય જ્ઞાન ૧૨ રમત ગમત (વ્યાયામ) ૧૩ સંસ્કાર ૧૪ સહકાર અને ભાતૃભાવ.

આવો અભ્યાસક્રમ ઘરમાં પાર ઉતારવાનું કામ ઘણું કઠીન છે. એને માટેનાં સાધનો વસાવવાં પણ આકરૂં છે. એ માટે જોઇતી જગા પણ મળવી મુશ્કેલ છે. માબાપને એ માટે જોઈતો સમય ન મળે છતાં તેને કેમ પહોંચી વળવું તેનો વિચાર કરીએ.

સાધનો

ઉપલા વિષયો માટે જોઈતાં સાધનો આટલાં ઓછામાં ઓછાં જોઈએ.

૧ ભાષા:—

વાચનાલય તથા પુસ્તકાલય.

૨ ગણિત —

ગણિતની ચોપડી, સરવાળા, બાદબાકી ગુણાકાર ભાગાકારનાં સાધનો, ભૌમિતિક આકૃતિઓ, પાટિયું, ચોક અથવા પાટી અને પેન, મણકા, બીઆં વગેરે.

૩ ચિત્રો:—

કાગળો તથા પેન્સીલો, એક પાટિયું, વોટર કલર પેટી, જોવા માટેનાં ચિત્રો, ચિત્રસંગ્રહ.

૪ સંગીત—

ઘરમાં કોઇ ગાતું હોય કે વગાડતું હોય તો તેની મદદ. ગ્રામોફોન, સારી રેકર્ડો.

૫. ભૂગોળ:—

પૃથ્વીનો ગોળો–અથવા નકશો. હિંદ, ગુજરાત વગેરેના નાના નાના કાગળ પર છાપેલા નકશા: ભૌગોલિક ચિત્રો, દેશ દેશની ટિકિટો, વાવટાના ચિત્રો, સંગ્રહસ્થાન.

૬. ઈતિહાસ—

ઇતિહાસની વાર્તાની સુંદર રસિક ચોપડીઓ, ઇતિહાસની ઘટનાનાં ચિત્રો.

૭. હાથઉદ્યોગ:—

તકલી, રૂ, રેંટીઓ ઉપરાંત કાગળ, ગુંદર, કાર્ડબોર્ડ, કાતર, શીવણ ને ભરત.

૮. જાતમહેનત —

નાનાં નાનાં પાવડા, કોદાળી વગેરે ખોદવાનાં તથા પાણી પાવાનાં સાધનો, બાગ કરવા માટેની જગા, પાણીની આવક, માટીનો ગારો, ઇંટ, વાસણો ઉટકવાં વગેરે ઘરકામ.

૯. કુદરત પરિચય:—

બાગ, પાણીની કુંડી, ફરવા જવાનાં સ્થળો, નાનાં નાનાં ફૂલછોડના ઝાડો, જીવ જંતુઓ, દેડકા, પતંગિયાં વગરે ઉછેરી શકાય તેવાં સાધનો.

૧૦ આરોગ્ય:—

ટુવાલ, પાણીનુંટીપ, કાચ, દાંતીઓ, કાતર, સાવરણી, સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, પૌષ્ટિક ખોરાક, શાંતિ, પૂરતી ઊંઘ.

૧૧ સામાન્યજ્ઞાન:—

અવલોકન કરવાનું. લોકો અને કુદરતનો પરિચય, ઉપરાંત વાર્તાલાપ અને પ્રશ્નો ઉપરાંત વિજ્ઞાનના નાનાં નાનાં પ્રયોગોનાં સાધનો.

૧૨ રમત ગમત વ્યાયામ —

ખુલ્લું આંગણું, દેશી રમતો રમવાનાં સાધનો, દડો, ગલીદંડો, આઠાપાઠા વગેરે સમૂહગત તથા વ્યક્તિરમતો આપણે ત્યાં શાળામાં અને શેરીમાં

રમાય છે તે.

૧૩. સંસ્કાર —

ઘરનું સુંદર વાતાવરણ, અને આચરણ, સત્સંગ, સુવાચન સુકિયા.

૧૪ સહકાર અને ભાતૃભાવ:—

સારાં સારાં બાળકો સાથે રમત ગમત અને ક્રિયાત્મક તથા સર્જનાત્મક પ્રવૃત્તિ કરવાનાં સાધનો.

આમ આ સાધનોની યાદી વાંચી અને પહોંચી ન વળાય તેવી ઉપલક દૃષ્ટિએ છે પણ બધી રીતે તેમાં જે માબાપ બાળકોના શિક્ષણમાં રસલેવા માગતાં હોય તેને તેમાં ખુદ શિક્ષકોને બાસ આકરું લાગે તેમ નથી. સાધનો સામગ્રી તો વસાવી શકાય પણ આવું કામ ચલાવા માટે અમુક પ્રકારની દૃષ્ટિ અને આવડત મેળવવી, કેળવવી જરા મુશ્કેલ છે. એ બાબતમાં માબાપ કે શિક્ષક થોડીએક બાબતો આગ્રહથી પાળે તો કામમાં સરલતા આવે. આ બાબતો નીચે પ્રમાણે છે:—

૧ બાળકને મારવું નહિ કે ધમકાવવું નહિ કે તેના ઉપર મીજાજ કરવો નહિ.

૨ બાળકને સન્માનવું અર્થાત તેના મનનો આરામ સમજવા પ્રયત્ન કરવો અને તેને સમજી તેને મદદ કરવી.

૩ બાળક ભણ્યા કરે અગર સમય પત્રક પ્રમાણે કામ કર્યા કરે તેવો આગ્રહ રાખવો નહિ.

૪ જે બધું વાતાવરણ આપણે રચ્યું હોય તે વિચારપૂર્વક એને કેળવણી આપનારૂં છે એમ નક્કી હોય તો પછી તેમાંથી બાળક જે કંઈ કરે તેમાં વખત બરાબર જાય છે એમ સમજવું.

૫ પ્રગતિની બોટી ફિકર રાખવી નહિ અને તેનો પડ્યો બાળક ઉપર પાડવો નહિ.

૬ બીજાનાં બાળકોની પ્રગતિ સાથે કે નિશાળે જતાં બાળકોની પ્રગતિ સાથે સરખામણી કર્યા કરવી નહિ.

૭ સાધનો, સિદ્ધાન્તો અને પદ્ધતિ ઉપર વિશ્વાસ હોય તોજ આવું કામ ઘરમાં ઉપાડવું.

૮ ઘરમાં બે મત ન જોઇએ. એક તાણે ગામ ભણી ને એક તાણે સીમ ભણી એવી રીતભાતથી બાળકનું બગડશે તેની પાકી સમજણ ઘરમાં સૌને હોવી જોઇએ.

૯ જ્યાં સુધી બાળક પોતાની જાતે કામ કર્યા કરે અને તે દ્વારા જ્ઞાન મેળવે ત્યાં સુધી ભણાવવા બેસવાની જરૂર નથી.

૧૦ શિક્ષણ શાસ્ત્ર તથા માનસ શાસ્ત્રના સામાન્ય સિદ્ધાન્તોનું જ્ઞાન જોઇએ તથા તેનું પાલન કરવું જોઇએ.

અભ્યાસક્રમની દિશાસૂચક રેખા

ભાષા—

ભાષામાં વાચન–મુખવાચન, મૂળવાચન સ્વયંલેખન–શ્રુતલેખન, ઉચ્ચાર શુદ્ધિ.

પદ્ધતિ—

મુખ્યતઃ પુસ્તકાલય પદ્ધતિ.

બાળપોથી જેટલું જ્ઞાન બાલમંદિરમાં અપેક્ષિત છે. ત્યાર પછી ઘરમાં પ્રબંધ કરવાનો છે એમ ચાલીએ તો ભાષા શીખવવા માટે ક્રમિક અભ્યાસક્રમની જરૂર નથી. સારાં સારાં બાળકોની કક્ષાનાં પુસ્તકો ઘરમાં રાખવાં. બાળકને માટે તે ખુલ્લાં રાખવાં. બાળકને કંઈ વાંચવું હોય તે વાંચે. પુસ્તકો વિવિધ વિષયના જોઇએ. બાળક હોંશે હોંશે વાંચે એટલે બસ છે.

તેને કશું યાદ રખાવવાની જરૂર નથી. સારી ચોપડીના વાચનથી સંસ્કારો એની મેળે પડશે. તેમજ વિશાળ વાચનથી ભાષા એની મેળે પડશે. તેમજ વિશાળ વાચનથી ભાષા એની મેળે બેઠાશે. સુંદર લેખકોનાં પુસ્તકોનો સ્વતંત્ર પણે ઇચ્છાનુસાર પરિચય ભાષા ઘડતરમાં ઉત્કૃષ્ટ સાધન છે. ભાષા ઘડતર માટે સારાં સારાં પુસ્તકો બાળકને વાંચી સંભળાવવા શુદ્ધ સંભાષણ ઘરમાં થવું જોઇએ. કાવ્યોનું ગાન, નાટકો કરવાં, ભાષણો સાંભળવા, વર્તમાનપત્રો વાંચવા, વાંચી સંભળાવવાં. આ બધું આવશ્યક છે. જૂની ઢબની શિક્ષણપદ્ધતિ રદ કરવી. વાચનોનો ક્રમ શિક્ષકે ગોઠવી લેવો. સફળ પ્રાથમિક શાળામાંથી એવો ક્રમ લાવી શકાય.

લેખન:-

શુધ્ધ લેખન માટે સારી સારી ચોપડીઓ નોટબુકોમાં ઉતારવાની પ્રેરણા કરવી શ્રુત-લેખન પણ વચ્ચે વચ્ચે પાળી શકાય. બાળકે પાઠો, વાર્તા જે કાંઇ લખે તે લખવા દેવું સારા અક્ષરે લખવા માટે જોઇ જોઇને લખવાનો અભ્યાસ સારી વાત છે.

ગણિત ચાર ધોરણનું કરવું પડશે ચાર ધોરણ પછી જે શાળામાં બાળકને બેસાડવાની ઇચ્છા હોય તેને પહોંચી વળવા પૂરતું ગણિત કર્યેજ છૂટકો છે. સિવાય માતપિતા કે શિક્ષક એવું માનતા હોય કે બાળક જે કંઈ ન ભણે તે ચાલે તો તો ગણિત કે બીજો ગમે તે વિષય બાળક ન કરે તો ચાલે. પણ આગળની શાળામાં શું થાય તેનો વિચાર આજના માબાપોને કરવો પડે છે એ એક પીડા તો છે અને છતાં તે પીડા કદાચ-ઘણાને વેઠવી પડે. ગણિતનો ક્રમ નીચે પ્રમાણે સમજવો.

ગણિતશિક્ષણમાં એક વસ્તુ તરફ ધ્યાન આપવું. ગણિતશિક્ષણ માટે પ્રત્યક્ષ વસ્તુઓ ધરવી જોઇએ. પ્રત્યક્ષ વસ્તુઓની ગણતરી સિવાયનું ગણિત એ રેતીના પાયા ઉપરનું ચણતર છે. માત્ર શબ્દો અને સંખ્યાઓ ગણિત શિક્ષણને પાંગળું રાખે છે.

ગણિતશિક્ષણ માટે સાધનો વસાવવાં કે ઊપજાવી કાઢવાં.

૨ બાલમંદિરમાં દશ સુધીના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર તથા સો સુધીની સંખ્યાઓનું જ્ઞાન અપેક્ષિત છે. એને માટે જરૂરી ભાષા ફેરફાર કરી લેવાનો છે.

પછીથી હજાર સુધીનું સંખ્યાજ્ઞાન પ્રત્યક્ષ વસ્તુઓ મારફત આપવું. આ પછીથી બાળકને સ્થૂલમાંથી સૂક્ષ્મમાં લઇ જવાનો કાળ આવે છે. એને માટે ઘોડીના સાધનનો ઉપયોગ કરવો ને એના ઉપર બાળકને અમજ સુધીનું સંખ્યાજ્ઞાન આપવું. એની સાથે સાથેજ કાપલી ઉપર અમજ સુધીનું સંખ્યાલેખન પણ બાળક કરી શકે છે. હવે આવશે સો સુધીના ગુણાકાર અને ભાગાકાર. આને માટે ગુણાકારના પાટિયાનો ઉપયોગ કરવો. આની મારફત બાળકને દશ સુધીના આંકનો પરિચય થાય છે. તથા સો સુધીની કોઇ પણ રકમના ભાગ પાડતાં આવડે છે. આ પછી ઘોડી ઉપર કોઇ પણ રકમના સરવાળા અને બાદબાકી આપવાં. ત્યાર પછી કોઈ પણ રકમના ગુણાકાર ઘોડીની મદદ વડે કરી શકે. આ દરમિયાન પ્રચલિત ભાષાનો પરિચય આપી દેવો આગળના ભાગાકાર માટે બાસ સાધન છે. એની મદદ વડે

કોઈ પણ રકમના ભાગાકાર કરી શકે. આ દરમિયાન બાળક પોતાની મેળાએ ધીરે ધીરે પરિચય વધતાં સરવાળા, બાદબાકી અને ગુણાકાર માટે સાધનનો ઉપયોગ ઓછો કરતું જતું હોય છે. અને છેવટે સાધનની મદદ સાવ છોડી દેતું હોય છે. આ પછી અવયવનું અને તેની મારફત દઢભાજક અને લઘુતમનો ખ્યાલ આપવામાં આવે છે. અપૂર્ણાંકના સાધન વડે અપૂર્ણાંકનો ખ્યાલ અને તેની મદદથી, પા, અડધું પોણું વગેરેનો ખ્યાલ અપાય છે. અપૂર્ણાંકના સરવાળા, બાદબાકી તેમજ દશાંશ અપૂર્ણાંકનો ખ્યાલ પણ અપાય છે. હિસાબો, વજનના માપનો, જુદાં જુદાં ભરવાનાં માપનો વગેરેનો ઉપયોગ કરીને બાળકોને ચઢતી તથા ઉતરતી ભાંજણીનું જ્ઞાન આપવું. આ રીતે ગણિતની કોઇ પણ પ્રક્રિયા કરવા માટેની પ્રાથમિક તૈયારી પૂરેપૂરી થઇ જાય છે. ત્યાર પછી તો એ જ્ઞાનનો વ્યવહાર કરવાનો છે. એને માટે તો બાળકની આજુબાજુની પરિસ્થિતિ ઉપર રચાયેલા દાખલાઓ બાળક પાસે ધરવાના રહે છે. બાળકની આજુબાજુની પરિસ્થિતિનો બરાબર ખ્યાલ રાખીને વ્યવહાર આપવો; નકામી કસરત કરાવવાથી બહુ ફાયદો થતો નથી.

ચિત્ર:—

બાળકને કાગળ, પેન્સીલ, વોટરકલર પેટી, ભૂમિતિની આકૃતિઓ આપવાં. તેને કાઢે તે કાઢવા દેવું, સારાં સારાં ચિત્રો જોવા માટે મૂકવાં. ચિત્રના ચાલુ અભ્યાસક્રમની કશી જરૂર નથી. બાળકને ચિત્ર અને કુદરત બન્ને બતાવવાથી તે એની મેળે આગળ વધશે. ઉપરાંત રંગ પૂરવાની છાપેલી આકૃતિઓ રંગ પૂરવા માટે વાપરી શકાય. કંપાસ પેટી પણ આકૃતિઓ કરવામાં કામ આવશે ચોકપાટિયું મનનાં સાધન થશે. કોઇ ચિત્રકાર મળી આવે તો તે ચિત્રો કેમ કાઢે છે તે બતાવવું. ચિત્ર પ્રદર્શનો વગેરે દેખાડવાં.

સંગીત:—

પોતે ગાવું, સારા ગાનારાના લાભ અપાવવા. દરેકગીતો ગાઈ સંભળાવવાં. તાલનાં સાધન હોય તો તેની તથા વાદ્યો હોય તો તેની સાથે ગાવું. સંગીત ગાનાર હોય તો તે અવાર નવાર ગાય. જ્યારે બાળક ઇચ્છે ત્યારે પણ ગાય.. બાસ ગાનનો વર્ગ અને શિક્ષણ ન આપવું. બે પાંચ ગીતો આવડવાથી કે બે ચીજોના રાગો ગાઇ જાણવાથી સંગીત થતું નથી. રૂચી, સંસ્કારિતા અગત્યનાં છે. ગ્રામોફોન કાઢી નાખવાનું સાધન નથી. સંગીતના જલસાનો પરિચય તક પડે તો આપવો.

ભૂગોળ:—

નાના મોટા પ્રવાસ કરાવવા. તે વખતે પક્ષીઓ, લોકો, જમીન, પાક, વગેરે બતાવવું. કુદરતી રચના, તળાવ, નદી વગેરે પણ બતાવવાં. કુદરતના થતા ફેરફારો તરફ પણ ધ્યાન ખેંચવું.

પૃથ્વીની ઉત્પત્તિ અને મનુષ્યવિકાસની ચિત્રો સાથે વાતો કરવી.

આજે પૃથ્વીની જુદીજુદી રીતે કેવી સ્થિતિ છે તે ઉપરના અને ધારણ શક્તિના પ્રમાણમાં કહેવું.

નકશા, દેશદેશના વાવટા, ટિકિટો, વર્તમાન પત્રો, દશ્યો વગેરે ભૂગોળ શિક્ષણનાં સાહિત્યો છે.

ભૂગોળ ગૂંથીને વાર્તાઓ કહેવી. અભ્યાસક્રમમાં કશો ખાસ આગ્રહ ન રાખવો. બતાવાયું, સમજાવાયું કે શીખવાયું તેજ અભ્યાસક્રમ. આવી થઈ ગયેલી બાબતોની નોંધ રાખવી. એ નોંધ ઉપરથી ભૂગોળ વાંચનપોથીઓ બનાવવી એટલે બાળકને માટે ભૂગોળની ચોપડી બનશે અને કરેલી વાત કે અનુભવનું પુનરાવર્તન કરવું સહેલું પડશે. પૈસા હોય તો સીનેમા, જાદુઈ ફાનસો, ચિત્રો વગેરેનો ઉપયોગ સારો છે. જ્યાં આવાં સાધનો મળે ત્યાં બાળકોને લઈ જવાં અને તેનો લાભ અપાવવો. પ્રવાસની અનુભવેલી અગર જોડી કાઢેલી વાતો કહેવી. પ્રવાસના ગ્રંથો વાંચવાની અનુકૂળતા કરી આપવી. બાળકની ઉંમર અને બુદ્ધિનો ખ્યાલ રાખી વગર ધોરણે અને ક્રમે ઉપરનું કામ ચલાવવું.

૬ ઇતિહાસઃ—

વર્તમાન કાળની વાતો કરવી. છાપામાંથી કહેવું. વર્તમાન કાળ ઉપરનું પ્રમાણ ભૂત લખાણ વાંચવા દેવું, વાંચી સંભળાવવું.

ભૂતકાળમાં જે કાંઇ જાણવા જેવું હોય તે ક્રમ વિના કહી સંભળાવવું. દૃષ્ટિ નિષ્પક્ષપાતી રાખવી એટલું જ નહિ પણ જનહિતકારી રાખવી. વિશાળ દૃષ્ટિ અને ઐક્ય વધે તેવાં પુસ્તકો, પાઠો વગેરેનો પ્રબંધ કરવો. કશું ગોખાવવાનું નહિ. કશું સ્મૃતિમાં સંઘરાઇ રહે તેનો આગ્રહ પણ ન રાખવો. બાળકોના ધ્યાનમાં રહે તે ખરું. ઇતિહાસને નામે તકરાર, ભેદભાવ વગેરે શીખવવું નહિ. ઐતિહાસિક ચોપડીઓ હાથે લખીને વાંચવા આપવી.

૭ હાથઉદ્યોગઃ—

કાંતવું, પીંજવું, વગેરે જે ઉદ્યોગ રાખવામાં આવે તે પોતાને બરાબર આવડવા જોઇએ. ઉદ્યોગના વિષયમાં સામાન્યતઃ અભ્યાસક્રમની જરૂર ન હોય. એ વિષયોજ એવા છે કે એનો ક્રમ તે સ્વતઃ જ માગી લે છે. એમાંની એક વાત આવડ્યા પછી બીજી વાત સામે આવીને ઉભી રહે છે. જો માબાપ કે શિક્ષકને તે આવડતા હોય તો પોતે કરે અને તે કેમ થાય તે બતાવ્યા કરે એટલે તેનું શિક્ષણ આવશે સારૂં, વધારે સારૂં એમ પ્રગતિ થવાથી હાથઉદ્યોગની સર્જનાત્મક કિંમત ઉપરાંત ઉત્પાદક કિંમત પણ વધશે. આપણે બન્ને કિંમતો તરફ લક્ષ આપવું. આવા વિષયો દ્વારા જેટલું શિક્ષણ જુદા જુદા વિષયોમાં શક્ય હોય તેટલું શીખવવા ચૂકવું નહિ તેમજ જેજે વિષયો આની સાથે જોડી શકાય તે તેને જોડીને જ્ઞાનને વધારે પ્રત્યક્ષ અને દૃઢ કરવું. ઉપરાંત શીખવાઈ ગએલા વિષયોને ઉદ્યોગના વિષય દ્વારા ઉદ્યોગની દૃષ્ટિએ શીખવવા. આવી બધી બાબતોમાં શિક્ષકે અગર માબાપે વખત લઈ શીખવવા અર્થાત્ સમજાવવા બેસવું પડશે. બાળકને જૂદા જૂદા હાથઉદ્યોગમાંથી શેમાં રસ પડે છે તે જોવું અને બીજો વાંધો કે મુશ્કેલી ન હોય તો તે ઉદ્યોગ તેને સિદ્ધ કરવા મદદ કરવી.

૮ થી ૧૪ સુધીના વિષયો માટે કંઇ પણ અભ્યાસક્રમ હોઈ શકે નહિ. આગળ જે સાધનો વર્ણવેલાં છે તેમાં એક રીતે શું કરવાનું છે તે આવી જાય છે. ઘરમાં કે શાળામાં માબાપોએ કે શિક્ષકે આ બધી બાબતો બાળકો કરી શકે તે માટે તેમને સાધન, પોતાની મદદ, અને અનુકૂળતા ઉપરાંત છુટ આપવી જોઈએ. આ બધા વિષયો ભણતરમાં ગૌણ

છે એમ કહી પણ કોઇ માને નહિ. વારંવાર લેખન વાચન ઉપર ભાર આપ્યા કરવાથી ઘણી વાર બહુ નુકશાન પહોંચે છે. આવા વિષયોનું શિક્ષણની શકયતાનો આધાર શીખવ-નારની આવડત અને જ્ઞાન ઉપર છે. આજુ બાજુનાં સારા બાળકો એકઠાં કરવાં જોઇએ. તેઓ અંદરઅંદર પ્રેમથી રમે અને સ્પર્ધા કરે નહિ તે જોવું. એક બીજાને મદદ કરે તેવા પ્રસંગો તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. સારા સંસ્કાર આપવા માટે ઘરેઘરના માણ-સોએ નોકરો ચાકરો સૌએ સંસ્કારી બનવું અને રહેવું પડશે. આ સંસ્કારિતા ઉપર ઉપરની નહિ પણ અંદરની અને અંતરથી જોઇશે. ઘરમાં બાળકોને ભણાવવા એ ઘણું અઘરું કામ છે. એ કામ જ્યારથી નિશાળો નીકળી છે ત્યારથી વધારે વધારે અઘરું બન્યું છે. માબાપો બાળકોમાં રસ લે, તેમને માટે વખત ગાળે, અને જેમ બીજા ધંધામાં કુશેહમંદ થવા માટે ધંધાનું જ્ઞાન મેળવે છે તેમ બાળ-કોને ઉછેરવા માટે પણ કરે તો તેઓ પોતાનાં બાળકોને જરૂર ઘરમાં સંસ્કાર અને શિક્ષણ આપી શકે.

સારૂં એક ઘર ઘણી શાળાઓ કરતાં વધારે સારૂં છે. પણ તે ઘર સારૂં જોઇએ અને એ સારાપણાનું પ્રબળ લક્ષણ ઘરની અંદર માબાપ અને વસનારાઓનું દૃષ્ટિ બિન્દુ કંઈ નહિતો બાળકો પ્રત્યે એક સરખું જોઇએ. મતભેદ અને ક્રિયાભેદમાં અવકાશ હોઇ શકે છે પણ તે પોતાની વ્યકિત માટે છે. પણ જ્યાં બાળકોનો પ્રશ્ન આવે ત્યાં એ મત ભેદોને કોરે મૂકી આખા ઘરે એકત્ર થવું જોઇએ. નિશાળ કે બાલમંદિરમાં એક વાત સ્પષ્ટ છે કે જ્યાં સુધી એક સરખી તાલીમ પામેલા શિક્ષકો મંદિરો ચલવે ત્યાં સુધી મંદિરનું વાતાવરણ એક ધારૂં રહે અને શિક્ષણ અને વિકાસ અવિક્ષેપે જોસભેર ચાલી શકે. ઘરમાં શિક્ષણ સ્થાપતાં પહેલાં ઘર મંદિર બનવું જોઇએ, એમ કરવા જતાં આજનાં માબાપો પોતાનાં બાળકો માટે વધારે લાયક બનશે.

શિક્ષણના વિષયોમાં સૌથી વધારે અગ-ત્યનો વિષય બાળકોનો માનસિક આરોગ્યનો અને આત્મિક શકિતના ઉઘાડનો છે. શરીર, ઇંદ્રિયો, બુદ્ધિ વગેરેના વિકાસના સાધનો બહા-રથી લાવીને ગોઠવી શકાશે પણ સંસ્કાર, સજ્જ-નતા અને માનવતા તો માબાપોમાંથી ઉતરશે. માબાપો પણ બીજાં સાધનો જેવાં સાધનો છે. જેમ બીજાં સાધનો બરાબર જોઇએ તેમજ માબાપો બરાબર જોઇએ. યોગ્ય માબાપો કે શિક્ષકો બધાં સાધનોમાં શ્રેષ્ઠ છે.

ઘરમાં અભ્યાસક્રમ પાર પાડવાનું ન બની શકે ત્યારે બધાં માબાપો ભેગામળી નવી પ્રાથમિક શાળાઓ કઢાવ્યે અગર કાઢયે છૂટકો છે. એમ નહિ તો જે ચાલે છે તેમાં સારા માઠાં પરિણામો ભોગવી લેવા. ગ.

હૈડે બેસીને

હું એક કન્યા શાળાની પરીક્ષા લેતો હતો. મારી પરીક્ષા લેવાની રીત તો મેં એવી કરી નાખી છે કે પરીક્ષાથી બાળાઓ ડરે નહિ એટલું જ નહિ પણ તેમને મન પરીક્ષા એક

ઉત્સવ લાગે. દરેક બાળા જાણે કે અમારી પરીક્ષા લો અમારી પરીક્ષા લો, એમ કરતી સાથે આવે અને પરીક્ષા લઈ લઇએ તોપણ કહે કે હજી પરીક્ષા લો.

પરીક્ષાનું ઝેર કેવી રીતે ઉતારી નાખવામાં આવે છે તે લખીને બતાવી શકાય તેમ નથી. તે જાણવા માટે પરીક્ષા વખતે જીજ્ઞાસુએ હાજર રહેવું જોઈએ.

આવી પરીક્ષા ચાલતી હતી. હું ખુરશી પર બેઠો બેઠો સામી ઊભી રહેલી છોકરીઓને પૂછતો હતો. કેટલોક વખત તો આમ ચાલ્યું પછી એક છોકરીએ કહ્યું, " પરીક્ષા હેઠે બેસીને હ્યોને. ઊભા ઊભા અમારા પગ દુઃખે છે."

સાંભળીને હું તાજુબ થયો. મને પૂબજ આનંદ અને સંતોષ થયો. મને થયું હવે મારી પરીક્ષા સાચી. આ છોકરીઓ મારાથી જરા પણ ગભરાતી નથી એટલું જ નહિ પણ છૂટથી મને કહી શકે છે કે હેઠે બેસીને પરીક્ષા હ્યોને. આ ' હેઠે બેસીને ' મને વારંવાર યાદ આવે છે. આવી નિર્ભયતા ઉત્પન્ન થયા વિના આપણે બાળકોની સાચી પરીક્ષા કેવી રીતે લઇ શકીએ અને બાળકો પોતાની સાચી પરીક્ષા કેવી રીતે આપી શકે ?

ગિ.

સાભાર સ્વીકાર

વાચન પ્રવેશ (સૌરાષ્ટ્ર વાચનમાળા) કર્તાઃ—દિનકરરાય જાની ભાવનગર. વાકયાદ્ય પદ્ધતિ માનતા હોય તેમણે બાલવર્ગમાં આ ચોપડી અજમાવી જોવા જેવી છે. સાહસને આવકાર આપીએ છીએ.. ગોરસ; લેખકઃ—ગોપ, બાલકુંજ, એલિસબ્રીજ, અમદાવાદ, કિં-

મત ૦–૧–૦ બાળકો આગળ ગાઈ સંભળાવવાનાં ગીતોનો એક નવી દૃષ્ટિથી થયેલો સંગ્રહ.

વાચનપ્રવેશ પોથી ૧–૨,૩·૪; લેખકઃ—રતિલાલ રા. અધ્વર્યુ, ગોંડલ. કિંમત ૦–૧–૩ દરેકનો. આ ચોપડીઓ બાળકોને વિવિધ પ્રકારનું વાચન પૂરું પાડશે.

શિક્ષણ સમાચાર.

રાજકોટઃ—જાહેરાત—દાક્તરોનો એવો અભિપ્રાય છે કે ગિજુભાઈએ પોતાની નબળી તબિયતને લઇને હમણાં કેટલોક વખત કામ કરવું નહિ. આથી જણાવતાં દિલગીરી થાય છે કે હાલ તુરત અનિશ્ચિત મુદત સુધી અધ્યાપનમંદિર મુલતવી રાખવામાં આવે છે

ગિજુભાઈ સાથેનો તમામ પત્રવ્યવહાર શિક્ષણ પાત્રિકા કાર્યાલય, કૃષ્ણનગર-પ્લોટ, ભાવનગર. એ શરનામે કરવો એટલે તેઓ જ્યાં હશે ત્યાં ટપાલ પહોંચાડવામાં આવશે

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી શિક્ષણ પત્રિકા કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર
આ શિક્ષણ પ્રત્રિકા પારી. શાંતિલાલ છોટાલાલે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૪ મું | : આદ્ય તંત્રી : | અંક ૫ મો
સંવત ૧૯૯૫ | ગિજુભાઈ | આષાઢ

: તંત્રી :

તારાબેન મોડક

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

મંદિરમાં દેવો છે અને ત્યાં બેઠેલા દેવોની પૂજાવિધિ પણ છે.

મંદિરોની બહાર પણ દેવો છે અને ત્યાં રહેલાં દેવોની પૂજાવિધિ પણ છે. અને વિરાટ મંદિરોમાં દેવો છે અને સર્વત્ર વિચરતા દેવોની પૂજાવિધિ પણ છે જ.

બાલમંદિરનાં બાળદેવોની પૂજા આપણને સૌને વિરાટ મંદિરના દેવોની પૂજા તરફ લઇ જાઓ.

બાલમંદિરના બાળદેવોની પૂજા આપણને સૌને વિરાટ મંદિરનાં દૈવી સત્વોની નિકટ અને નિકટ લઇ જાઓ.

બાલમંદિર આપણું વિરાટ ઉપાસનાનું પ્રથમ પગલું થાઓ.

બાલમંદિરને આંગણેથી આપણું વિરાટ મંદિર ઉઘડો.

બાલમંદિરને આંગણે ઊગેલો સૂર્ય આપણને અનન્ત પ્રકાશથી અનન્ત જ્યોતિનાં દર્શન કરાવો.

સ્વ. ગિજુભાઇ.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૪] આષાઢ ૧૯૯૫ [અંક ૫

મનનો

દરેક માણસ બાલકોને બીજી કોઈ ભેટ ન આપી શકે તો તે પોતાની મીઠી વાણી અને પ્રેમ ભર્યું હાસ્ય તો આપી શકશે.

: ૨ :

પેટ ખાતરે પણ જે શિક્ષકે કામ કરવું છે તો તે પ્રેમથી શા માટે ન કરવું ?

: ૩ :

જીવનમાં જે આચારને સ્થાન છે તેનું પાણી શાળામાંથી જ પાવું જોઇએ.

: ૪ :

જે નિશાળમાં સ્વાર્થ ન હોય, સ્તુતિ નિંદાનું વાતાવરણ ન હોય, સ્વાધીનતાનું શિક્ષણ હોય, તે નિશાળ કોઇને ખબર ન પડે તેમ ધાર્મિક શિક્ષણજ આપે છે.

: ૫ :

પ્રસન્નતા ગાંધીની દુકાને મળતી નથી.

: ૬ :

ઔદાર્ય કોલસાની ખાણોમાં નથી.

: ૭ :


ખાનદાની લાખો કરોડોના માલ ભરેલા ગોડાઉનમાં નથી.

: ૮ :

નાનામાં નાની બાબતમાં જેઓ રહસ્ય શોધે છે તેના હાથમાંજ મોટી બાબતોનું રહસ્ય આવે છે. ઝીણામાં ઝીણા પરમાણુંમાં જગત આવી જાય છે.

અ • નુ • ક્ર • મ

૧ મનનો . . . . ગિ. ૭૦
૨ આપણાં ગિજુભાઈ ગયા? તા. ૭૧
૩ બાપુજીનો સંદેશ. . ૭૧
૪ બાલમિત્ર ગિજુભાઇ . કા. ૭૨
૫ અમર બાલમિત્ર . જુ. ૭૫
૬ બાલશિક્ષા કે પિતાકા અવસાન . . . કા. ૭૫
૭ યાત્રી. . . . . હ. ૭૬
૮ "ગિજુભાઈ" . . હી. ૭૭
૯ સ્વ. ગિજુભાઈ . . ફૂ. ૮૦
૧૦ સ્વ. ગિજુભાઈ . . મ. ૮૦
૧૧ સ્વ ગિજુભાઈ . . પો. ૮૧
૧૨ ગિજુભાઈ સાથેનો મારો પરિચય . . . . પ. ૮૨
૧૩ સ્વ. ગિજુભાઈ . . ના. ૮૬
૧૪ ખોળિયું જ બદલ્યું છે! ગિ. ૮૮
૧૫ શ્રી. ગિજુભાઈ . . મોં. ૮૮
૧૬ સ્વ. ગિજુભાઈ . . શૂ. ૯૦
૧૭ સ્વ. ગિજુભાઈનાં સ્મરણો હં. ૯૩
૧૮ ગુજરાતના નવ બાલ-જગતના નિર્માતા શ્રી ગિજુભાઈ. . . . ભો. ૯૫
૧૯ સ્વ. ગિજુભાઈ . . ક. ૯૭
૨૦ સ્વ. ગિજુભાઈ . . પ્ર. ૯૮
૨૧ સ્વ. ગિજુભાઈ . . વિ. ૯૯
૨૨ સ્વ. ગિજુભાઈનાં આછાં આછાં સ્મરણો . . હી. ૧૦૧
૨૩ સ્વ. પૂ. ગિજુભાઈનું કેટલુંએક કાર્ય. . વિ. ૧૦૨
૨૪ સ્વ. ગિજુભાઇ . જ. ૧૦૩
૨૫ પ્રથમ સ્વયંસ્ફૂરિત સર્જન . . . ન. ૧૦૩
૨૬ ધી ખાયા ગુડ ખાયા મ. ૧૦૩
૨૭ ગિજુભાઇને! . ભા. ૧૦૪



સ્વ. ગિજુભાઈ

આપણા ગિજુભાઇ ગયા !

આજે આપણે સૌ સમદુઃખી છીએ. આપણા સૌનું હૃદય આજે આપણા સ્નેહી શ્રી. ગિજુભાઇના વિયોગથી રડે છે.

કયા શબ્દથી તે લખાય? આજે તો બધે કોરું પાનું દેખાય છે! બધે સૂનું દેખાય છે. શિક્ષણ પત્રિકા તરફ જોઇએ કે તેમના અધ્યાપનમંદિર તરફ જોઇએ કે તેમની બીજી અનેકવિધ પ્રવૃત્તિ તરફ જોઇએ.બધે સૂનકાર! તેઓ ગયા પણ પોતાનું ધારેલું કામ કરીને ગયા.

તેમની મહાન્ આકાંક્ષા હતી કે બાલજીવનને ચેતનવંતુ, આનંદિત, પ્રસન્ન ને વિકસિત કરવાનો. સંદેશ હું ઘેર ઘેર પહોંચાડું. આજે ગુજરાત ને બૃહત્ ગુજરાત પૂરતી તો તેમણે પોતાની મનીષા પૂરી કરી છે કહીએ તો જરાયે અતિશયોક્તિ ન કહેવાય.

પત્રિકાના વાચક, ચૌદ વર્ષ ગિજુભાઇએ તમારે માટે લખ્યાં જ કર્યું છે. તેમને જેટલું કહેવું હતું તેટલું છેક છેલ્લે સુધી કહેતા જ ગયા છે. તેઓ મૃત્યુ શય્યા ઉપર હતા ત્યારે પણ તેમના લખેલા લેખ તમને મળ્યા છે અને જલદી સાજા થઇને સેવામાં હાજર થવાની ઇચ્છા પણ તેમણે પ્રગટ કરી હતી. છેલ્લે સુધી તેમનું શરીર તેમનું કહ્યું નહિ કરે એમ તેમને લાગતું જ ન હતું. તેઓ ૭૨ વર્ષ સુધી જીવીને પોતાનું કામ પૂરું કરીને પછી કાયાના કલ્યાણ માટે હિમાલય જવાની અને એવી એવી અનેક ઇચ્છાઓ ધરાવતા હતા, પણ તેમનું મન ખૂબ આગળ દોડતું તેટલા વેગથી શરીરને કામ આપવું મુશ્કેલ હતું. તોપણ શરીર પાસેથી જેટલું લેવાય તેટલું કામ ઠેઠ સુધી લીધા જ કર્યું. આજે તો સિપાઇ લડતો લડતો રણમેદાનમાં પડ્યો કહેવાય!

તેઓએ ઠેઠ મેની ૨૫ મી સુધી અધ્યાપનમંદિરનાં વર્ગો કેમ ચલાવ્યા; માંદગીમાં છેક છેલ્લી ઘડી સુધી કેમ લખીને પણ સૂચના આપ્યા જ કરી; Duty is duty જેવાં શિખામણનાં વાકયો આપી બધાંને કામનું મર્મ કેમ સમજાવ્યું વગેરે જાણવા જેવી વિગતની વાતો તો તેમના પુત્ર શ્રી. બચુભાઇ અને તેમની સેવાનું ભાગ્ય પ્રાપ્ત થયું તેવાં શ્રી પી. ડી. અને તેમનાં પત્ની શાંતાબેન ને તેમના ભાઇ શ્રી દામુભાઇ વગેરે

વહાલાં બેન,

જે દિવસે ગિજુભાઇ દેવપુરી સિધાવ્યા તે જ દિવસે મેં ઇસ્પિતાલ જવા ધાર્યું હતું. દૈવે જૂદું જ ધાર્યું હતું. બાલશિક્ષણ ક્ષેત્રમાં ગિજુભાઇની ગેરહાજરી ક્ષણે ક્ષણે જણાયાં કરશે. એ ખોટ ઓછામાં ઓછી જણાય એમ જેઓ ગિજુભાઇનો મંત્ર ઝીલી શકયા હતા તેઓનો કરવાનો ધર્મ છે.

ટ્રેનમાં બાપુના
૭–૭–૩૯ આશીર્વાદ

પાસેથી સાંભળવા મળશે.

એક વિચારની ધૂન લઈને કોઇ પણ વાતની દરકાર રાખ્યા વગર તેની પાછળ મંડી જ પડવું—નહિ—તેને માટે મરી છૂટવું એ ગિજુભાઇના જીવનનો સાર છે. તેમને બાળકેળવણીની લત લાગી. તેને માટે તેમણે ચાર જિંદગીનું કામ એક જિંદગીમાં કરી લીધું છે.

હિંદુસ્તાનનાં નહિ તો ગુજરાતનાં બાળકો તો તેમનાં હમેશનાં ઋણી રહેશે. કેમકે તેમની ખાતર જ ગિજુભાઈ જીવ્યા. તેમને તેમણે અનેક મજાની વાર્તાઓ કીધી, પાઠો લખી આપ્યા; નાટકો ભજવી બતાવ્યા. તેમની ખાતર માબાપોને અનેક કડવાં ને સપ્ત વચનો સંભળાવ્યાં, માસ્તરોને નેપંતુજીને વખોડ્યા, તેમની ખાતર નવા શિક્ષક તૈયાર કરવાની યોજના રચી. બાળકને કેન્દ્રમાં રાખીને જ તેઓએ બધી પ્રવૃત્તિ કરી; બધા વિચારો કર્યા. રાત્રે ને દિવસે, સૂતે ને જાગતે, એક જ વિચારનું સેવન કર્યું: બાળકનું હિત.

પોતાના વાચકોને ગિજુભાઇની લેખિની વગર પત્રિકા રંગ વગરની લાગશે. છતાં પત્રિકા બંધ થઇ જાય એમ તો તેઓ નહિ જ ઇચ્છતા હોય, અમે પણ પત્રિકાને તેમના નામથી ચલાવવા વિચાર રાખ્યો છે. સૌ ભાઇ બેનોનો સહકાર માગીએ છીએ. વાચક ભાઈ બેનો પહેલાંનો પ્રેમ કાયમ રાખે અને પત્રિકામાં પોતાના અનુભવો લખીને પણ સાથ આપે. તેમના મિત્રો, વિદ્યાર્થીઓ વગેરે લેખનમાં સહાય આપે અને પોતાના વિચાર અને અનુભવનો લાભ આપે. એવી સૌને વિનંતિ છે. મારાથી બનતું તો હું કરીશ જ. તે સૌ ઉદાર દીલથી સ્વીકારે.

આજે તો વધારે શું લખાય?

તારાબેન

બાલમિત્ર ગિજુભાઈ

ગુજરાત કે શક્તિશાલી શિક્षા શાસ્त્રીયોં મેં સે એક તેજસ્વી તારા ટૂટ ગયા હૈ. આજ અસંખ્ય કુટુંબોં મેં પારિવારિક શોક છા ગયા હૈ. ખેલ કૂદ મેં મસ્ત ઔર ફૂલોં કે જૈસા આનંદ દેને વાલે બાલકોંકી આંખો મેં સે આજ દુઃખાશ્રુ કે સ્રોત બહ રહે હૈં. બડી બડી મૂછોં વાલે ઉનકે પ્યારે ગિજુભાઈ કે દેહાંતકા સમાચાર આજ ઘર ઘર પહુંચા હૈ. ગિજુભાઇ દેહ છોડને પર ભી કિતને જીવિત હૈં ઇસકા સબૂત આજ મિલ રહા હૈ.

જબ મૈં ૧૯૨૨ કે આસપાસ સબસે પહલે દક્ષિણામૂર્તિ મેં ગયા તબ શ્રી નાનાભાઈ ભટ્ટસે ભી અધિક ગિજુભાઈ કે સાથ ઘનિષ્ટતા બઢી. પૂર્વ આફ્રીકા મેં જા કર વકાલત કા ધંધા કરને વાલે ગિજુભાઈ કા યહ સ્ફૂર્તિ હુઈ યહ મેરા ક્ષેત્ર નહીં હૈ. મુઝે તો સ્વદેશ જા કર શિક્षા કા હી કામ કરના ચાહિયે. ઉન દિનો વે ગુજરાત મેં મશહૂર નહીં થે. નજદીક કે મિત્રોંમેં ભી ઉનકા નામ થા ગિરજાશંકર ભગવાનજી બધેકા. મૈંને હી સબસે પહલે જાહિર તૌર પર ઉનકા 'ગિજુભાઇ' નામ ચલાયા ઔર અપની રિપોર્ટમેં મૈંને

યહ રાય દી કિ ગિજુભાઇ એક સ્વયંભૂ શિક્ષક હૈ. ઉસકે બાદ બહુત દિનોં તક હમારા યહી રિવાજ રહા કિ ગિજુભાઈ જો કોઇ કિતાબ લિખે, મુઝે હી ઉસકી પ્રસ્તાવના લિખની ચાહિયે. બચ્ચોં કો કહાનિયાં સુનાને કા અપના એક નિજી-ઢંગ ગિજુભાઇને ચલાયા ઔર વે બાલકથા કે વિધાતા ઔર બાલકો કે મિત્ર બન ગયે. ઉન્હોને ભાવનગર શહર મેં એક બાલમંદિર ખોલા. શિક્ષણાલય કે સાથ મંદિર શબ્દ જોડ દેને સે સબકો બડા આનંદ હુઆ. ગિજુભાઇ કા ઉત્સાહ દેખકર ભાવનગરવાસી મેરે મિત્ર હીરાલાલ શાહને પચીસ હજાર રૂપયા ખર્ચ કરકે ભાવનગર કે પાસ એક ટેકડીપર બાલમંદિર બનવા દિયા ઔર ગિજુભાઇને અપને ઉપાસ્ય દૈવત બાલકોં કી પૂજા ઔર ભક્તિ વહાંપર પ્રારંભ કી. થોડે હી દિનોં મેં શ્રીમતી તારાબહન મોડક શ્રી. ગિજુભાઈ કે કાર્ય મે શરીક હુઇ. શિક્ષાશાસ્ત્ર મેં, શિક્ષણવિષયક પ્રશ્નોં પર ચર્ચા કરને મેં ઔર બાલકોં કો સંસ્કારી બનાને કી નિપુણતા મેં તારાબહન મોડક ગિજુભાઇ સે કિસી કદર ભી કમી નહીં થી. દોનો ને મિલકર બાલશિક્ષા મેં એક નયે યુગ કા પ્રારંભ કિયા. જબ ગિજુભાઈ ઔર મેરા પ્રથમ પરિચય હુઆ તબ વે મુઝ સે કહતે થે કિ અગર આપ કે સાથ મેરા પરિચય કુચ્છ દિન પહલે હો જાતા તો મેં દક્ષિણામૂર્તિ મેં આતા હી નહીં, આપ હી કે પાસ આજાતા. કિંતુ અબ તો દક્ષિણામૂર્તિ કે હાથ બિક ગયા હૂં. વે હી ગિજુભાઈ અબ બાલમંદિર કે અતિરિક્ત દક્ષિણામૂર્તિ કા વિચાર કરના ભી સ્વધર્મ કા ત્યાગ સમઝને લગે. ગિજુભાઇને બાલમંદિર ચલાયા. ઉસ કે સાથ સાથ એક 'શિક્ષણપત્રિકા' ચલાઇ. ઔર એક અધ્યાપન મંદિર ભી ચલાયા. ઉસ અધ્યાપનમંદિર સે અનેક માંબાપ ઔર શિક્ષક બાલશિક્ષા કી તાલીમ પા કર ગુજરાત મેં ફૈલે હુએ હૈં. ગિજુભાઈ કે બાલમંદિર કી વંશજ સંસ્થાએં ગુજરાત મેં જગહ જગહ પૈદા હુઈ હૈં ઔર ઇન સબને મિશનરી કે ઉત્સાહ સે બાલશિક્ષા કા એક નયા તંત્ર ગુજરાત ભર મેં ફૈલાયા. અપની શિક્ષણપત્રિકા કા હિંદી સંસ્કરણ ઇંદૌર સે છપવા કર ગિજુભાઇને ગુજરાત સે બાહર ભી અપના સંદેશા ફૈલાયા હૈ.

ગિજુભાઇ કો મૈંને સ્વયંભૂ શિક્ષાશાસ્ત્રી જાહિર તો કિયા, કિન્તુ ઉન્હોંને થોડે હી દિનોં મેં અપની નિષ્ઠા બાલમાતા બ્રહ્મચારિણી મોંટીસોરી કો અર્પણ કી ઔર અંત તક ઉનકી વહી નિષ્ઠા કાયમ રહી. શિક્ષા કે પૈગંબર હોને કા ઉનકા અધિકાર થા. ઉસે છોડ કર વે આચાર્ય બને ઔર આચાર્ય કી હૈસિયતસે ઉન્હોંને અપના જીવનકાર્ય પૂરા કિયા.

'શિક્ષણ પત્રિકા' કે દ્વારા તારાબહન કે સાથ ગિજુભાઈને બાલકોં કે શિક્ષકોં કો, માંબાપ કો ઔર પ્રૌઢ બાલકોં કો ભી લગા તાર કઇ વર્ષોં તક જો નસીહત દી હૈ ઉનકે ઉસ કાર્યકા સ્મરણ તમામ ગુજરાત કી જનતા કો બહુત દીર્ઘ કાલ તક રહેગા. ગુજરાત કી એક યા દો પુશ્તેં ગિજુભાઇ કે પ્રભાવ સે બઢી હૈં.

ગિજુભાઇ કે મનમેં ગાંધીજી કે પ્રતિ ભક્તિથી. ઉન્હોને ખાદી ધારણ કી વહ અંત તક કાયમ રકખી. ગાંધીજી કે આશ્રમ કે પ્રતિ

ઉનકે મનમેં આદર થા. કિંતુ આશ્રમ કે આદર્શ કે સાથ આશ્રમી જીવન કે સાથ ઉનકી સહાનુભૂતિ બહુત કમ થી. બાલસ્વાતંત્ર્ય કી ઔર વ્યક્તિસ્વાતંત્ર્ય કી ઉનકી કલ્પના કુછ ભિન્ન થી. અપને કાર્ય કી લગનમેં ખાનપાન ઔર જીવન કી નિયમિતતા કી ઉન્હેં લગન નહીં થી. ઇસી લિએ ઈશ્વર કા દિયા હુઆ સુદૃઢ શરીર ઉન્હોંને કમજોર કર ડાલા ઔર નિસર્ગને ઉન કી લાપરવાહી કા બદલા લે લિયા.

શિક્ષા મેં ગિજુભાઇ જીતને ક્રાંતિકારી થે ઉતને કૌટુમ્બિક ઔર સાર્વજનિક જીવનમેં વે ક્રાંતિકારક નહીં થે. અપની સારી તેજસ્વિતા શિક્ષા કે ક્ષેત્રમેં ઉન્હોંને ખપા દી. ઇસ લીએ શાયદ અન્ય ક્ષેત્રોં કે લિએ ઉનકે પાસ વહી તેજસ્વિતા રહી નહીં.

ગુજરાતને ઉનકે જીતે જી ઉનકે કાર્ય કી કાફી કદ્ર કી હૈ. કિંતુ ઉનકી શક્તિ ઔર પ્રતિભા કી કદ્ર ગુજરાત સે ભી અધિક કી શ્રી. નાનાભાઇ ભટ્ટને. ગિજુભાઇ જો કુછ માંગતે થે વહ નાનાભાઇ ઉન્હેં દે દેતે થે. ગિજુભાઇ સ્વયં કહતે થે, "ધન લાને કા કામ નાનાભાઇ કા હૈ. ઉસે બિના સોચે ઉડા દેને કા કામ હમારા હૈં. નાનાભાઇ માનો કુટુમ્બ સંસ્થાપક હૈં ઔર હમ તો બડે બાપકે બેટે હૈં." ગિજુભાઇકા આત્મવિશ્વાસ જબરદસ્ત થા. આગે ચલકર વે અપની ઔર અપને કાર્ય કી કદ્ર કરના ભી સીખ ગયે થે. ગિજુભાઇ કા બાલમંદિર, ઉનકા અધ્યાપનમંદિર, ઉનકા શિષ્ય વૃન્દ, યહ ગિજુભાઇ કી ચતુર્વિધ સૃષ્ટિ થી. ઇનમેંસે ભી ગિજુભાઇ કા શિષ્ય-વૃન્દ હી ગિજુભાઇ કી ગુજરાત કા ઔર શિક્ષા કાર્ય કા બડી ભારી દેન હૈ. મેરી એક છોટી સી સિફારિશ હૈ કિ ગિજુભાઇ કે દેહાંતકે ઉપલક્ષ્યમેં ઉનકે સબ શિષ્યોંકા ઔર બાલમંદિરોં કે પ્રતિનિધિયોં કા કિસી અચ્છે સ્થાન પર ઇકટ્ઠા હોકર બાલશિક્ષકોં કા એક બંધુમંડલ સ્થાપિત કરના ચાહિયે ઔર ગિજુભાઇ કા કાર્ય આગે બઢાના ચાહિયે. ગિજુભાઇકે કાર્ય મેં સુધાર હો હી નહીં સકતા ઐસા સમઝકર ઉનકે અક્ષરોંકી અગર વે પૂજા કરને લગેંગે તો વહ બુતપરસ્તી હોગી. શ્રાદ્ધ નહીં હોગા. ગિજૂભાઇ સે જો પ્રેરણા ઉન્હેં મિલી હૈ ઉસમેં અપના અનુભવ મિલાકર ઉન્હેં શિક્ષા કી જ્યોત અંખંડ રખની ચાહિયે.

શિક્ષા સાહિત્ય મેં ગિજુભાઇ કી સેવા કમ નહીં હૈ. વે બિલકુલ સાદી ઔર અસરકારક શૈલી લિખતે થે. શબ્દોં કો નયે નયે રૂપ દેકર ભાષા શક્તિ કો બઢાને મેં ઉન્હેં દિલચસ્પી થી. અક્ષરજ્ઞાન કે પ્રચાર કે લિએ ભી ઉનમેં કાફી ઉત્સાહ થા. અપને એક કાર્યકા અખંડ આજીવન ધ્યાન કરકે વે બાલશિક્ષા કે આદ્ય-આચાર્ય બન ગયે. દક્ષિણામૂર્તિ બાલમંદિર, અધ્યાપનમંદિર, બાલસાહિત્ય ઔર શિક્ષણપત્રિકા ઇતની ચીજેં ગિજુભાઇ છોડ ગયે હૈં. જિસકી જૈસી શક્તિ હો ઉસકે અનુસાર વહ એકએક વિભાગ કો સમ્હાલને કે લિએ તૈયાર હો જાયે.

ગિજુભાઇ કે પરિવાર કો ઔર ઉનકે પ્રોત્સાહક મિત્ર નાનાભાઇ કો હમ કયા આશ્વાસન દે સકતે હૈં? જો કુછ સત્કાર્ય ઉન્હોંને કિયા હૈ ઉસકા નાશ તો કભી હોને વાલા હૈ હી નહીં.

સર્વોદય, જુલાઇ ૧૯૩૯ કાકા કાલેલકર.

અમર બાલમિત્ર

ગુજરાતમાં અમર નામ મૂકી જવા જેવું કામ કરી જનારાઓમાં ગિજુભાઇની ગણત્રી થશે.

એ અર્થમાં નહિ કે તેમની પાછળ કૃત્રિમ સ્મારકો કરવામાં આવશે, પણ એ અર્થમાં કે એમણે બાળકો માટે જે સહાનુભૂતિ અને આદરનું વાતાવરણ પેદા કર્યું છે તે ગુજરાતની હવામાંથી હવે કદિ ખસવાનું નથી.

ગિજુભાઇએ ઘણાં ઘણાનાં જીવન બાલ સેવાના રંગથી રંગ્યા છે. પણ ગિજુભાઇની ગેરહાજરીમાં પણ ઉપર જણાવેલ વાતાવરણ નિત્ય નવા બાલસેવકો અને સેવિકાઓને રંગ લગાડતું જ રહેશે.

બાળકોને રમાડે છે અને હુલાવે ફુલાવે છે તો ઘણાં. ગિજુભાઇની બાલસેવા એ જૂદી જ વસ્તુ હતી. રમાડેલું બાળક નબળું અને ખૂંધું બને છે. ગિજુભાઇના શાસ્ત્રીય પ્રેમના પ્રતાપે બાળકોનો આત્મ વિકાસ પામતો એવી મારા ઉપર છાપ પડી છે.

ગિજુભાઇ એક અદ્‌ભુત કલાકાર થઈ ગયા, એમની નકલ કરવી ખરેખર ઘણી જ કઠણ છે. એમની બાલવાર્તાઓમાંથી બાળકને વાર્તા કહેવી કે એમનાં ગીતોમાંથી ગીતો ગવડાવવાં કે એમની જેમ બાલમંદિરમાં શાંતિની રમત રમાડવી એ બધું ઉપરથી લાગે છે તેટલું સહજ સાધ્ય નથી અને ઘણા પ્રયત્નો નકલી લાગ્યા વિનાં રહેતા નથી.

એનું કારણ છે, ગિજુભાઇ બાળકો સાથે ખેલ કરતાં જોવામાં આવતાં તે બધાની પાછળ તેમના મનમાં એક ગંભીરજીવન સાધના હતી. બાળક માટે એક જીવનની સહાનુભૂતિ પ્રગટાવવી છે, તેના વિકાસને રૂંધનારાં પડો તોડવાં છે એ વિચાર તેમની પ્રત્યેક ક્રિયામાં અને શબ્દમાં હાજર હતાં. તેથી તેમના મુખમાં હોકાનું ગીત ઉપનિષદના કાવ્ય સમું બની જતું અને સુપડકન્નો રાજા કોઇ રામાયણ મહાભારતની કથા સમો બની જતો.

આ મારાં વાકયો ભલે ચર્ચાસ્પદ હશે, હું તેનો રદિયો ઐતિહાસિક પૂરાવાઓથી નહિ આપી શકું પણ બાળકોના આત્મામાંથી સ્ફૂરણાનાં ઝરાઓ ગિજુભાઇ પ્રગટાવી શકતા તે મેં જોયું છે અને તેથી એ પ્રકારનું વર્ણન મેં કર્યું છે.

હું ફરીથી મારી શ્રદ્ધા પ્રગટ કરું છું કે બાળમિત્ર ગિજુભાઇનું કામ અમર રહેવાનું છે.

જુગતરામ દવે.

બાલ શિક્ષા કે પિતા કા અવસાન

આચાર્य श्री. गिरिजाशंकर भघेका, जिनको गुजरात काठियावाड की और देश के अन्य भागों की पढी लिखी जनता गिजुभाई के नाम से पहिचानती थी, आज हमारे बीच नहीं हैं. गत २३ जून को बंबइ के सर हरकिसनदास हॉस्पिटल में ५४ वर्ष की अवस्था में उन्होंने अपनी इह लीला समाप्त कर दी. शिक्षा के और विशेष कर छोटे बच्चों

કી શિક્ષા કે ક્ષેત્ર મેં પિછલે ૨૫ વર્ષો મેં ઉન્હોંને જૈસી ઉજ્જ્વલ ઔર મહાન્ સેવા કી હૈ વૈસી ઇસ દેશ મેં અભી તક કોઈ નહીં કર પાયા. ઇસ દેશ કે બાલ જગત્ કે ઇતિહાસ મેં સ્વ૦ શ્રી. ગિજુભાઈ કી યે સેવાએ સુનહેરા અક્ષરો મેં લિખી જાયંગી ઇસમેં હમેં રંચ માત્ર ભી સંદેહ નહીં હૈ. મોન્ટીસોરી પદ્ધતિ કા ભારતીય વાતાવરણ મેં ભારતીયતા કે અનુરૂપ શાસ્ત્રીય ઔર સફલ પ્રયોગ કરને મેં જૈસી ઉજ્જ્વલ સિદ્ધિ ગિજુભાઇને પ્રાપ્ત કી થી વૈસી ઇસ ક્ષેત્ર મેં અભી તક ઔર કિસી કો નસીબ નહીં હુઈ.

અપને તપઃપૂત જીવન કે અન્તિમ ક્ષણ તક વે દેશ કે નૌનિહાલોં કી હી ચિંતા કરતે રહે. ઉનકા લિખા હુઆ ઢેરોં બાલસાહિત્ય, ઉનકી લિખી હુઇ, બાલશિક્ષા-સંબંધી દસોં પુસ્તકેં ઔર ઉનકે દ્વારા સંપાદિત ગુજરાતી, મરાઠી, હિન્દી શિક્ષણ પત્રિકા, ઇસ ક્ષેત્ર કી સાહિત્યનિધિ કે અનમોલ રત્ન સિદ્ધ હુએ હૈ ઔર હોતે રહેંગે.

આજ કે ઇસ નવયુગ મેં જબ સારે દેશ મેં બચ્ચોં કી શિક્ષા-દીક્ષા કા નયે સિરે સે સૂત્રપાત હો રહા હૈ, ઔર બાલ-જગત મેં નયે પ્રભાત કે દર્શન હોને લગે હૈ, બાલકોં કે અનન્ય ઉપાસક આચાર્ય શ્રી. ગિજુભાઇ કા યોં અચાનક ચલા જાના બહુત હી અખર રહા હૈ. નિકટ ભવિષ્ય મેં ઉનકે સ્થાન કી પૂર્તિ સંભવ નહીં દીખતી. ફિર ભી હમેં આશા હૈ, કિ આચાર્ય શ્રી. ગિજુભાઇ અપને પીછે અપને જીન હજારોં પ્રેમીયોં, પ્રશંસકોં ઔર સૈકડોં શિષ્ય-શિષ્યાઓં કો છોડે ગયે હૈં, વે સબ મિલ કર ઔર સંગઠિત હોકર ઉનકે છોડે હુએ જીવન કાર્ય કો સંપૂર્ણ બનાને મેં અપની સારી શક્તિયાં લગા દેંગે ઔર ઇસ પ્રકાર આચાર્ય શ્રી કે ઋણ સે કુછ અંશો મેં ઉરુણ હોકર અપને કો કૃતકૃત્ય બના સકેંગે. પરમેશ્વર હમ સબ કો સચ્ચી શ્રદ્ધા ઔર પ્રેરણા દે ઔર આચાર્ય શ્રી કી આત્મા કો ચિર શાંતિ પ્રદાન કરે.

૨૯-૬-૩૯ કાશિનાથ ત્રિવેદી

યાત્રી

સ્વ. ગિજુભાઇ જીવનપંથે યાત્રી હતા. પાંત્રીશ વર્ષોની અમારી દોસ્તી; અને બાવીસ વર્ષોનું અમારું કાર્યક્ષેત્ર એકજ. મેં એમને હમેશાં સાધ્ય તરફ ધસી રહેલા યાત્રી તરીકે ઓળખ્યા છે.

કેળવણીના ક્ષેત્રમાં પડતા પહેલાં એમણે ઘણાંય ક્ષેત્રો અજમાવી જોયાં હતાં. કેળવણીમાં કામની શરૂઆત કરતા પહેલાં એમણે સેવાનાં કેટલાંયે ક્ષેત્રોની વિચારણા મિત્રો સાથે કરી હતી. અજમાયશનાં કાર્યક્ષેત્રો એમને નકામાં લાગ્યા; કલ્પનાનાં કાર્યક્ષેત્રોમાંથી એમણે કેળવણીની પસંદગી કરી અને એમને દેખાયું કે પોતે યોગ્ય માર્ગેજ હતા. કેળવણીમાંયે એમણે બાલ કેળવણીને પસંદ કરી. દક્ષિણામૂર્તિમાં તો કેળવણીનાં ઘણાં અંગો હતાં. એમણે એકનો ઉમેરો કરાવ્યો, અને પોતાની યાત્રાનો સુયોગ્ય નિર્ણય કર્યો.

બાળકમાં એને ઈશ્વરનું દર્શન થતું. બાળકને જોતાંજ દુનિયાના તમામ વ્યવહારોને એ ભૂલી જતા-અરે ખુદ પોતાની જાતને પણ

ભૂલી જતા. બાળકો વચ્ચે કૂદતા ગિજુભાઈને જોનારને ભકત નરસિંહ મહેતો ય.દ આવ્યા વિના રહે નહિ. બાળલીલાના એ નરસિંહ હતા.

બાળકેળવણી એનું સાધન હતું; નિત્યનો જીવન વ્યવહાર એની સાધના હતી. જીવન મુકિત એનું સાધ્ય હતું.

ગિજુભાઈ ગયા પણ એ ગયા છે જ કયાં? બાળકોને જુઓ અને એમાં તમને એમનો સાક્ષાત્કાર થશે. આપણું દુઃખ તો આપણા સ્વાર્થનું છે. એમને તો પહેલેથીજ સુઝયું હતું કે, 'જીવન તો વિકૃતિ છે. મરણ જ પ્રકૃતિ છે.

હરભાઇ.

"ગિજુભાઈ"

આફ્રિકામાં કેટલાક વર્ષો રહ્યા પછી હિન્દમાં વકીલાત કરવા ધારેલી પરન્તુ થોડા વખત પછી તે છોડી કોઈ મંગળ ચોઘડિયે ગિજુભાઇ ભાવનગર દક્ષિણામૂર્તિ ભવનમાં વીશ વર્ષની સેવા માટે જોડાયા. તે સમયે તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહિ કે બાળક્ષેત્રમાં તેમને ભાવિ ખેંચી જશે! પોતાનાં બાળકોનો પ્રેમ તેમને મેડમ મોન્ટીસોરીના ગ્રન્થ તરફ લઈ ગયો—અને ત્યાંથી તણખા ઝર્યા. તેમને મોન્ટી-સોરી સિદ્ધાંતનું અપૂર્વ મહત્ત્વ પ્રતીત થયું અને તેમની નજર ચોપડી પરથી આસપાસનાં વાતાવરણમાં ઘૂમવા લાગી. તેમની ઉગ્ર પ્રકૃતિમાં પ્રથમ દર્શને માબાપો બાળવર્ગના દુશ્મન લાગ્યાં. તે વખતનાં તેમનાં વિચારો, લખાણો અને ભાષણોમાં માબાપોની ક્ષતિ માટે ખૂબ આકરાં વિશેષણો છે. વખત જતાં માબાપો જમાનાની અસરોથી ઘડાયેલાં છે તે વસ્તુ તેમને પ્રતીત થતાં કેટલીક સૌમ્યતા આવી અને આકરાં વિશેષણો હળવાં થયાં; પરન્તુ તે સાથે તેમની મહેનતોનું ક્ષેત્ર વધી ગયું. જૂની અસરો તોડવા કટિબદ્ધ થયા અને પોતાનું જ્ઞાન અભ્યાસ અને ચાલુ વાતાવરણમાં દૃષ્ટિપાતથી થતા પોતાનાં અનુભવજન્ય મનનો તેમના દરેક પગલાંમાં પ્રેરક બન્યાં.

આફ્રિકાનાં સ્મરણોમાં એક કવિતા તેમની રચેલી હતી તે ઘણું ખરૂં "વસન્ત" માં પ્રગટ થયેલી, "જાવા યુગાન્ડા સરને કિનારે" તેવી કંઇક પંક્તિ મને હજી પણ યાદ છે. અહીં ગિજુભાઇનો પ્રથમ પરિચય ગણું. પછી બીજું દર્શન ભાવનગરમાં ગણું. એક જૂના ઘરમાં માબાપો પર ઉભરાઇ જતા ગુસ્સાવાળા ગિજુભાઇને પહેલીવાર મળ્યો અને પછી દક્ષિણા-મૂર્તિની ભૂમિકા પર પરિચય વધતો ચાલ્યો. જેનો મને અમૂલ્ય લાભ મળ્યો છે તેમનાં આક્ષેપક વચનો પાછળ બાળહિત માટેનું તારતમ્ય હતું તે પર મારૂં લક્ષ્ય રહેતું એટલે તેમના ગુસ્સાનો ચેપ કે તે માટેનો અણગમો મને લાગતો નહિ; પરંતુ શું શું કરવું જોઇએ ને થવું જોઇએ તે કર્તવ્ય માટેના વિચારો અને ચર્ચામાં અમે નજીક આવતા ગયા.

ભાવનગરના દક્ષિણામૂર્તિ છાત્રાલયની દવા-ખાના માટેની ઓરડી બાલમંદિર બની ગઇ અને ત્યાં મને ગિજુભાઇનું અને તેમના (મોન્ટીસોરી) સિદ્ધાંતોનું ખરૂં દર્શન થયું. થોડાજ વખતમાં ભાવનગરના બાલમંદિરમાં અમારા પરિચયો રોજના કલાકોના કલાકોને હિસાબે વધતા ગયા

અને પરમાત્માનો સંકેત હશે એટલે સ્વ. હરગોવિંદ પંડ્યા તથા નાનાભાઈના પ્રયાસથી ગિજુભાઈના મનોરથોને યોગ્ય ભૂમિકાવાળું બાલમંદિર પ્રકટ થયું. સર પટ્ટણી અને પૂ. કસ્તુરબા ગાંધી તેમાં સાક્ષીભૂત થયાં. બાલ-ચૈતન્યનો પ્રથમ પરિચય વૈષ્ણવધર્મના આચાર્યોને અનુયાયીને થયો ગણાય. તેમની કથામાં યશોદામાતાને બાળગોપાળના મુખમાં વિશ્વ દર્શન થયું અને બાળવિભૂતિનાં ગુણગાન થયાં. ગિજુભાઈને બાલચૈતન્યની પ્રતીતિ બાળ-જીવનના વિકસતા અંગે અંગમાં થઇ અને પુરૂષ અને સમાજ જેટલું જ વ્યક્તિત્વ પ્રત્યેક બાળકમાં તેમને દેખાયું. બાળસૃષ્ટિમાં ગિજુ-ભાઈ પાસેથી બધી મર્યાદા હઠી ગઇ. આસ-પાસના વાતાવરણમાં જે મર્યાદા હતી તે તોડવાનો અને બાળસ્વરૂપને પૂર્ણપણે વિકસા-વવાનો ગિજુભાઈનો ભગીરથ પ્રયત્ન શરૂ થયો. નાનાભાઈની ઝોળી છલકતી હતી અને તેમાં ઘણા ઘણા હાથ પડતા. ગિજુભાઈનો હાથ પણ તેનો લાભ લેવા લંબાતો રહ્યો. નાનાભાઇ જેટલો અવકાશ આપે તેથી એક હાથ આગળ ગિજુભાઇ વધી ગયા હોય. બીજે વર્ષે નાનાભાઈ ત્યાં સુધી પહોંચે ત્યાં બાળકો માટે નવું કર્ત્તવ્ય ગિજુભાઈને તેથી પણ આગળ દોરી ગયું હોય. આ વીશ વર્ષોનો ઇતિહાસ નાનાભાઈ તરફથી સિંચનનો અને તેથી આગળ ને આગળ વધતા જતા ગિજુભાઇની વૃદ્ધિ સાથે બાલચૈતન્ય વિકસાવવાના ક્ષેત્રમાં ગિજુભાઇના અપ્રતિમ ફાળાનો ઇતિહાસ છે.

બાળકો માટે સરસ જગ્યા હોય પછી સારાં ચિત્રો ને રંગબેરંગી કળાના નમૂના જોઇએ. સર્વ સાધનસંપન્ન વાતાવરણમાં સ્વયં-સ્ફૂર્તિને પૂરો અવકાશ દેવાતો. થોડુંક મળ્યું એટલે બાળકોને યોગ્ય પુસ્તકાલયની જરૂર લાગી. તે તૈયાર કયાંથી હોય ? મોટા કિત્તાથી લખી બાળ પુસ્તકો તૈયાર કર્યાં ને તે બાલમંદિરનાં બાળકો સો સો વાર વાંચી ગયાં ! સિદ્ધ થયેલું કાર્ય તુરતજ પ્રેસમાં ગયું ને તે ક્રમે બાળ-પુસ્તકોનો ભંડાર પ્રકટ થયો. બાળકોનો સંસર્ગ એટલે બાળકોના મનોરથો (જેને માટે ગિજુ-ભાઇની દૃષ્ટિમાં કશી મર્યાદા રહી જ નહોતી) નો સંસર્ગ: અને તે માટે તેમનાં માબાપોનો, શેરીનો, વાતાવરણનો, શિક્ષકોનો, બાળશાસ્ત્રી-ઓ અને તેમનાં પુસ્તકોનો, બાળકોનાં બાળ મિત્રોનો અને તે મૈત્રી પશુ, પક્ષી, ફૂલ, ઝાડ પાન ઇ. વિવિધ દિશામાં જતાં ગિજુભાઈની દૃષ્ટિમર્યાદાને પરિચયમાં તે સર્વનો સંસર્ગ આ-વતો ગયો. દરેક સંસર્ગના પરિણામે સર્વ-દેશીય સુધારાને વિકાસને માર્ગે ગિજુભાઇની બાળદુનિયા વધી અને " મોન્ટીસોરી સંઘ " આગળ વધ્યો. બીજું કોઈ પાછળ રહી જાય તે કેમ ચાલે ? " શિક્ષણ પત્રિકા " શરૂ થઇ, દરેક માબાપને પહોંચાય તે રીતે મનોહર ચર્ચા, કથા, વાર્તા, નિબંધ સ્વરૂપમાં બાળકો માટે સાહિત્ય વધ્યું અને ભાઈને યોગ્ય બેન-તારાબેન મોડક મળ્યાં. ભાર હળવો થયો ને કામ બમણું થવા માંડયું. ગણિત માટે અંગ બીજે એટલે ગણિતશાસ્ત્રી શ્રી. હરિહરભટ્ટની મદદ મળી. બાળકોને ગણિત એક રમત થઇ ગઇ. વાંચન પછી ગણિત આવ્યું !

બાળકોને સ્થાન, ચિત્રો, સાધનો, પુસ્તકો મળ્યાં, પણ તેટલાંથી બાળવ્યક્તિત્વ પૂરું કેમ

થાય ? તેને માટે સંગીત પ્રગટ થયું અને ગિજુભાઇની ઉપાસનામાં શ્રી ચુનીભાઈ ભળ્યા. દરબારમાં માન પામેલા ગવૈયાની શક્તિ બાળકોના તરફ વળી અને બાળકોને મોઢે ભાવવાહી મીઠું તાલબદ્ધ ને શાસ્ત્રીય તેમજ બાળકોને અનુકૂળ સંગીત પ્રકટયું. સંગીત સાથે નાચગાન, કૂચ, રાસ, નાટક ઇ. સર્વ દિશામાં વિકાસ ચાલ્યો. સંગીતમાં રૂચિ ન હોય ને કોઇ કોઇ બાળક બહાર રૂવે તેને માટે નાનું સરખું ક્રીડાંગણ, કસરતશાળા ને નાનો સરખો બગીચો આવ્યો. સ્થાન મર્યાદા તોડી બાળપ્રવાસો ગોઠવાયા. બાળમંદિરમાં જેટલું નાના પાસે સિદ્ધ થાય તેની પૂરી વિગતો ભેગી કરી ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં ગિજુભાઇ તરફથી વાવણી થવા માંડી. બાળમંદિર એટલે નાની દુનિયા અને તેનું જ પ્રતિબિંબ બહાર મોટી દુનિયામાં પડવા માંડયું. સૂર્યબિમ્બમાંથી કિરણો છૂટી પ્રકાશ પથરાય તેમ બાલમંદિરનાં અનુભવો ફેલાવા લાગ્યા, હવે સ્થૂળ રાજમાર્ગ પ્રકટ થયો. ઘોરી રસ્તે અનેક ભાઇઓ અને બેનોને બાળ સેવા માટે ગિજુભાઇએ ભેગાં કર્યાં. મોન્ટીસોરી સિદ્ધાંતો અને બાળદુનિયા એક થઇ ગયાં અને તે ભૂમિકા પર સેવામાર્ગે બધાં ભેગાં થયાં. આ ગિજુભાઇનું અધ્યાપનમંદિર. ગિજુભાઇએ પોતાને મળેલું, પોતે મેળવેલું ને સિદ્ધ કરેલું ચારે બાજુ વાવવા માંડયું. મુંબઇ ઇલાકા બહાર આખા હિન્દભરમાં વાવેતર કરી નાંખવા માટેનો ગિજુ-ભાઇનો મનોરથ અધૂરો રહી ગયો છે. આ દેહ મારફત વધુ કામ લેવાનું પરમાત્માને યોગ્ય લાગ્યું નહિ હોય. પાછલાં ત્રણ ચાર વર્ષ તેમને અનેક વ્યથા ઘેરી વળેલી.

ગિજુભાઇને જાણવાની સમજવાની મને અનેક તકો મળી છે. પોતાનાં બાળકો ને કુટુંબ વચ્ચે, મિત્રો વચ્ચે, શિષ્યો વચ્ચે, અને સૌથી વધારે પોતાનાં સેવાક્ષેત્રમાં બાળકો વચ્ચે ગિજુભાઇને નિહાળવા, સમજવા, પૂછ-પરછ કરી જાણવા અને જ્ઞાન મેળવવાનો અમૂલ્ય લાભ મને મળ્યો છે. સર્વ પ્રસંગોમાં તેમની વિચારશ્રેણિ ને પદ્ધતિથી પરિચિત થયો છું. આજે હજી પણ ગિજુભાઇ વિદેહ થયા છતાં તે બહુ નજીક છેઃ છતાં તેમની ભવ્યતા હતી તેથી વધતી છે. કાળાન્તરે થોડીક સ્થૂળતા દૂર જતાં તેમની દ્વારા થયેલી બાળસેવા હિન્દના નવા યુગમાં એક અજોડ ફાળાનું પ્રકરણ લેશે અને તેમાં ગિજુભાઇનું સ્થાન અપ્રતિમ હશે. બાલમંદિરમાં માળીનાં છોકરાં હતાં, દરજીના હતાં, શ્રીમંત માંબાપનાં ને ગરીબનાં બાળકો હતાં. દરેક કોમના હતાં, દરેક જાતિનાં હતાં. બાળકો પ્રત્યેની ઉદાર દૃષ્ટિ ને બાલપૂજનના વૈષ્ણવ માર્ગથી વધુ આગળ ગિજુભાઇ વધ્યા ને બાલમંદિરમાં બાળકોમાં પૂર્ણ માનવનું સ્વરૂપ પ્રકટ કરાવવાના રસ્તા ગિજુભાઇએ મેળવ્યા અને સૌને દેખાડ્યા. તેમાં ગુરૂમંત્ર મેડમ મોન્ટીસોરીનો હતો અને તેથી વધુ હિન્દના ઉદાર ભાવિ અને પરમાત્માની સંકલનાનો હતો. જેમાં ગિજુભાઇ મહાન નિમિત્ત બન્યા.

હીરાલાલ અ. શાહ.

સ્વ. ગિજુભાઈ

જ્યારે જ્યારે સ્વ. ગિજુભાઇને મળવાનો પ્રસંગ આવતો ત્યારે ત્યારે એમનું જીવન જે વિષયમાં રચીપચી રહ્યું હતું તે વિષય પર વિવેચન થતું. બાલમાનસ એઓ બરાબર પારખી ગયા હતા એટલે તે સંબંધે એમનાં અનુમાનો કદી ખોટાં પડતાં નહિ. છોકરા છોકરીઓનાં મન તેમના મિત્ર બની–તેમનામાંના એક થઇ જઇ એવાં મેળવી લેતા હતા કે તેઓ પોતાની સઘળી વાતો એમને કહી દેતાં અને એમની આપેલી શિખામણ બ્રહ્મવાક્ય જેવી માનતાં. અમારા કુટુંબનો એક બાળક એમના સહવાસમાં આવેલો. તે તોફાન મસ્તી કરે, નાચે કૂદે અને અમે તેને વારવા જઇએ તો સામું કહે કે ગિજુભાઈ કહે છે કે નાચો, કૂદો, મઝા કરો અને તમે કેમ અટકાવો છો? હું તો ગિજુભાઇનું કહ્યું કરીશ.

ગિજુભાઇએ બાલમાનસ, બાલશિક્ષણ, બાલક્રીડા, વગેરે માટે શું કર્યું છે તે જોવું જાણવું હોય તો ભાવનગર દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનનો ઇતિહાસ, ત્યાં થએલું કામકાજ જુઓ. એ ભવન તો બંધ થયું છે પરન્તુ એનો આત્મા Spirit હજુ ચાલુ છે. એ સંસ્થા સ્વ. ગિજુભાઈએ એ દિશામાં કરેલ કિમતી કામનો પૂરાવો પૂરો પાડે છે. ગુજરાત અને કાઠિયાવાડ બાલકેળવણીની આ બાજુથી તદ્દન અજ્ઞાન હતું. તે બાજુને હસ્તીમાં લાવનાર, તથા એકલે હાથે શરૂઆતમાં તે સંબંધે ઝઝૂમનાર તેઓ એકલાજ હતા. પાછળથી એમને સાથ મળી રહ્યો એ વાત ખરી પરંતુ પ્રારંભની મુશ્કેલીઓ તો એમણે જ વેઠી.

બાલસાહિત્યનાં ગિજુભાઇને હાથે લખાએલાં પુસ્તકો અજોડ છે. છોકરાંઓ તે વાંચતાં થાકતાં નથી. વાંચે છે, તેમાંથી શિક્ષણ ગ્રહણ કરે છે, સાથેસાથે હસે છે ને ગમત કરે છે.

આવા બીજા ગિજુભાઇ ગુજરાત અને કાઠિયાવાડને મળતાં દાયકાના દાયકાઓ વહી જશે.

મુંબઇ
તા.૨-૭-૩૯ } કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

સ્વ. ગિજુભાઈ

ગુજરાત–મહાગુજરાતનો ગિજુભાઈ માનીતા હતા. ગિજુભાઇથી ગુજરાત વધારે સમૃદ્ધ થયું છે. એવો એક પણ શિક્ષક અને માબાપ હશે કે જેણે ગિજુભાઇનો બાલકેળવણીનો સંદેશ ન સાંભળ્યો હોય!-!

શિક્ષણના સિદ્ધાંતોની ચર્ચા કરનાર કરતાં એનો અમલ કરવાને સતત પ્રયત્ન કરનાર તરીકે ગિજુભાઇ ખૂબ જાણીતા હતા. બાલશિક્ષણશાસ્ત્રી તરીકે ગિજુભાઈ અજોડ હતા.

શિક્ષણશાસ્ત્રી હોવા ઉપરાંત એ એક આદર્શ પિતા અને આદર્શ શિક્ષક હતા. અને તેથીજ એમનો સંદેશ શિક્ષકો અને માબાપોને હૃદયસ્પર્શી લાગતો. એમની સંદેશવાહિની 'શિક્ષણ પત્રિકા' માબાપો અને શિક્ષકોની માનીતી પત્રિકા

હતી અને તેથી તે મહાગુજરાતને ઘેર ઘેર વંચાતી-વિચારાતી.

બાળકોને વધારે સુખી અને વધારે સ્વતંત્ર બનાવી ગુજરાતની સિકલ ગિજુભાઈએ ફેરવી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી પરન્તુ ગિજુભાઈની સાચી ઓળખ છે.

ગુજરાતને-મહાગુજરાતને ગિજુભાઇની ન પૂરાય તેવી અસહ્ય અને ભારે ખોટ પડી છે. ગિજુભાઇનેં આપણે આજે ઓળખીએ છીએ તેના કરતાં ગુજરાતના શિક્ષણનો ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે ભવિષ્યની પ્રજા વધારે સારી રીતે ઓળખશે.

ગુજરાત-મહાગુજરાત ગિજુભાઈનું ઋણી છે અને એ ઋણ અદા કરવાની શક્તિ પ્રભુ આપણ સર્વને આપો.

ભગનલાલ વ્યાસ.

સ્વ. ગિજુભાઈ

સદ્‌ગત શ્રી. ગિજુભાઈ સાથે મને પ્રથમ પરિચય સને ૧૯૧૩ માં મુંબઈમાં શ્રી પી. લી. સીંગણેના લૉ કલાસમાં થયો. પૂર્વજન્મનાં સંબંધને લીધે કે કોઈ અગમ્ય કારણે અમો એક બીજા તરફ આકર્ષાયા, સાથે કાયદાનો અભ્યાસ કર્યો, સાથે પાસ થયા, અને વઢવાણ કેમ્પમાં સને ૧૯૧૪માં સાથે ભાગીદારીમાં વકીલાત શરૂ કરી. વકીલાતના ધંધાની અનિષ્ટ બાજુનાં કારણે શ્રી ગિજુભાઇનો તે ધંધા પ્રત્યેનો અભાવ તેઓ વખતો વખત વ્યક્ત કરતા, અને જીવનની કોઈ વધારે ઉપયોગી દિશા ખોળવા તેઓ રાત્રિ દિવસ મથતા હતા. તેવામાં એક પ્રસંગ બન્યો, અને તેમનું આખું જીવન તત્કાળ પલટાઇ ગયું. એક અસીલ એક બનાવટી ખાતું લઇ તેમની પાસે તેવા ખાતા પરથી દાવો લખાવવા આવ્યો, ખાતું બનાવટી છે તેમ તેમની ખાત્રી થઈ અને તેમણે તે કેસ લેવાની ના પાડી, એટલું જ નહિ પણ તેમને વકીલાતના ધંધા પ્રત્યે ધિક્કાર છૂટયો. આ હકીકત બન્યા પછી યોગે દરબારશ્રી ગોપાલદાસે તથા સદ્‌ગત્ શ્રી મોતીભાઈ અમીને મૅડમ મોન્ટીસોરીનું પુસ્તક શ્રી ગિજુભાઈનાં હાથમાં મૂકયું; તેઓ તે ખૂબ રસપૂર્વક વાંચી ગયા. તે પછી બાલશિક્ષણને લગતું બીજું કેટલુંક સાહિત્ય પણ વાંચ્યું, અને એકજ માસમાં વકીલાતને સદાને માટે તિલાંજલિ આપી તેઓ ભાવનગરના શ્રીદક્ષિણામૂર્તિના આજીવનસભ્ય તરીકે ગરીબાઈનું વ્રત લઇ જોડાયા.

તેઓશ્રીને દિવસે દિવસે એવી માન્યતા દ્રઢ થતી ગઈ કે ઈશ્વરે તેમને બાલશિક્ષણનું કાર્ય સોંપ્યું છે, અને તે પ્રભુના કાર્ય તરીકે જીંદગીપર્યંત તેમને કરવાનું છે, અને તેવી સુદ્રઢ માન્યતા અનુસાર તેઓ તે કાર્યમાં તન અને મનથી લાગી ગયા. પ્રથમનાં છ સાત વર્ષ બાલશિક્ષણશાસ્ત્રનું સાહિત્ય જ્યાં જ્યાંથી મળ્યું ત્યાં ત્યાંથી મેળવી વાંચતા ગયા અને પોતાનો અભ્યાસ કાર્યમાં મૂકતા ગયા. તે સાત વર્ષોમાં બહારની દુનિયા તેમના વિષે કશું જાણતી ન હતી. એક વખત મેં તેમને

પૂછેલું કે, "આવું સંગીન અને સાચું કાર્ય આપે કરો છો, છતાં જગત હજુ સુધી તેની કાંઈ કદર કેમ કરતું નથી ?" તેમણે જવાબ આપેલો કે, " મને મારા કાર્યમાં અખૂટ શ્રદ્ધા છે, અને જગતને મારા કાર્યની કદર કરવીજ પડશે. હજુ મારા જીવનમાં ન્યૂનતાઓ છે. તમારાં જડીબેન (શ્રી ગિજુભાઈનાં ધર્મપત્નિ) હજુ ત્રાંબા-પિત્તળના વાસણમાં રસોઈ કરે છે, તે વૈભવ છોડી માટીના હાંડલામાં રસોઈ કરશે ત્યારેજ જગત મારા કામની કદર કરશે."

એક વખત મેં તેમને પૂછેલું કે, "તમારા બાળમંદિરમાં નવીન પદ્ધતિથી શીખેલા બાળકો આ જગતમાં શું કરશે ?" તેમણે જવાબ આપેલો કે, " તેઓ પરાધીન જગતમાં જીવવાની ના પાડશે, અને સ્વાધીન જગતમાંજ જીવશે અગર મરી ફીટશે. "

પ્રથમનાં સાત વર્ષમાં આ રીતે પોતાનાં કાર્યમાં અખૂટ શ્રદ્ધા અને પ્રભુ ઉપર વિશ્વાસ રાખી શાંત રીતે કોઇ પણ પ્રકારની જાહેર ખબર અગર ધોંધાટ કર્યા વગર તેમણે તેમનું કાર્ય અવિશ્રાંત રીતે ચલાવ્યે રાખ્યું, અને ત્યાર પછી દિવસે દિવસે તેની જે વૃદ્ધિ અને વિકાસ થયો છે તે જગત જાણે છે.

શ્રી. તારાબેન મોડક તેમનાં કાર્યથી આકર્ષાઇ રાજકોટની બાર્ટન ફીમેલ ટ્રેનીંગ કોલેજની બહુ મોટી અને માનવાળી નોકરી છોડી કેવળ નિર્વાહ પૂરતું લવાજમ સ્વીકારી શ્રી ગિજુભાઇ સાથે જોડાયાં અને શ્રી. ગિજુભાઇ અને તારાબેનની જોડલીએ મળી એક ચિત્તે બાલશિક્ષણસાહિત્યનું સર્જન કર્યું અને 'શિક્ષણ પત્રિકા' મારફત બાલશિક્ષણ તરફ સમગ્ર દેશને આકર્ષ્યો.

એક શિક્ષણશાસ્ત્રી તરીકે શ્રી. ગિજુભાઈની પ્રતિષ્ઠા ભારતવર્ષમાંજ નહિ, પણ અન્ય દેશોમાં પણ અજોડ છે. શ્રી. પ્રાણલાલ મુન્શીએ સન્માનથેલીસમારંભ વખતે યોગ્યજ કહેલું કે કેળવણીનાં ક્ષેત્રમાં હાલનો જમાનો શ્રી. ગિજુભાઇયુગ કહેવાશે. તેમણે રચેલાં સાહિત્યનાં ગુચ્છોવાળી પુસ્તિકાઓ અને અન્ય પુસ્તકોની આજ સુધીમાં લગભગ સાત લાખ નકલો ખપી છે તેજ તેમનાં સાહિત્યનાં અમૂલ્ય કિંમતનો પૂરાવો છે.

શ્રી. ગિજુભાઇને અનુસરીને બીજા અનેક લેખકો બાલસાહિત્ય રચવા પ્રેરાયા છે, અને હાલ ઢગલાબંધ વિધવિધ પ્રકારનું બાલસાહિત્ય પ્રસિદ્ધ થાય છે. તેની પ્રેરણા શ્રી ગિજુભાઈ પાસેથી મળી છે તેમ સૌ એક મતે કબૂલ કરે છે.

શ્રી. ગિજુભાઇનું જીવન એક આદર્શ જીવન હતું. તેમના ગૃહમાં એવી એક પણ વસ્તુ મેં કોઇ દિવસ જોઈ નથી કે જે બીન ઉપયોગી હોય. સાદામાં સાદું અને ઓછામાં ઓછું રાચરચીલું તેઓ રાખતા. ઘણુંજ સાદાં શુદ્ધ ખાદીનાં કપડાં પહેરતા અને ખોરાક પણ એટલોજ સાદો લેતા. કોઈ પણ વખતે તેમનાં મોઢે કોઇની નિંદા કોઈએ સાંભળી નથી. તેમનામાં ક્ષમાભાવ બહુ જબ્બર હતો, ગમે તેવા અપરાધીને પણ તેઓ ઉદાર દિલથી ક્ષમા કરતા અને કોઇ પણ માણસના દોષ જોવા કે સાંભળવાની સાફ ના પાડતા.

પોતાની અંગત જરૂરીઆતો ઓછામાં ઓછી રાખતા, અને આજીવનસભ્ય તરીકે તેમને જે કાંઈ મળતું તેટલાથી જ પોતાનો વહેવાર ચલાવતા અને તેમાં સંતોષ માનતા. તેમણે ધાર્યું હોત તો તેમનાં સાહિત્યમાંથી જ તેઓ સારી રકમ એકઠી કરી શકયા હોત. સન્માન થેલીની રકમ પણ તેમને અંગત બક્ષિશ આપવા માટેજ એકત્ર કરવામાં આવેલી, કારણકે શ્રી દક્ષિણામૂર્તિમાંથી છૂટા થયા તે વખતે તેમની આર્થિક સ્થિતિ બરેજ કરુણ હતી, છતાં તે આખી રકમ બાળ શિક્ષણનાં કાર્યમાં ભેટ આપવા તેમણે પોતાની ઇચ્છા થેલી અર્પણ કરતી વખતેજ વ્યકત કરેલી.

પચીસ વરસની બાળસેવા દરમીઆન અનેક વખતે તેઓ આર્થિક મુશ્કેલીમાં આવી જતા, છતાં કોઇપણ મિત્ર કે સંબંધી પાસેથી મદદની આશા રાખતા નહીં એટલુંજ નહીં પણ મદદ સ્વીકારવાની પણ હમેશ ના પાડતા.

મારા માટે તો શ્રી ગિજુભાઈનું જીવન એક આદર્શ હતું. તેમના પરિચયમાં હું જેમ જેમ વધારે આવતો ગયો તેમ તેમ તેમના પ્રત્યે મારી ભકિત વધતી ગઇ, અને તેમની સાથે જ્યારે જ્યારે રહેવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતું ત્યારે ત્યારે હું મારા આત્માની પરમ શાંતિ અનુભવતો.

તેમનાં અધ્યાપન મંદિરના કાર્યથી હું એટલો બધો આકર્ષાયેલો કે મને તો એમજ લાગતું કે સમાજસેવાનું અને દેશ સેવાનું આ એક સૌથી મોટું અને સૌથી વધારે ઉપયોગી કાર્ય છે, અને મારું બાકીનું જીવન શ્રી. ગિજુભાઈ સાથે રહી તે કાર્યમાં તેમને બનતી સહાય કરી વ્યતીત કરવું તેવો મેં નિશ્ચય કર્યો હતો, અને રાજકોટનું બાળ અધ્યાપન મંદિર તેમની અનિચ્છા હોવા છતાં મેંજ આગ્રહ કરી બોલાવ્યું હતું; તેઓ તો શ્રીદક્ષિણામૂર્તિમાંથી છૂટા થયા પછી જગતનો ત્યાગ કરી તપ-ચિંતન માટે હિમાલય તરફ પ્રયાણ કરી જવાના હતા, અને આધ્યાત્મિક જીવન ગાળવા તેમની તીવ્ર ઇચ્છા હતી. ગયાં પાંચેક વરસથી તેમની ધર્મભાવના બહુજ વેગવંતી બની હતી, અને બાહ્ય દૃષ્ટિએ તેઓ બાળશિક્ષણનું કામ એક ધર્મ તરીકે કરતા, છતાં યોગી જેવું જીવન ગાળતા. રાજકોટના અધ્યાપન મંદિર પાછળ તેઓશ્રીએ છેવટે તેમનાં પ્રાણનું બલિદાન આપ્યું, કારણકે તેમની કર્તવ્યપરાયણતા એટલી બલવાન હતી કે કાર્યક્રમ સંપૂર્ણ કર્યા વગર જરા-પણ વિશ્રાંતિ લેવાની તેઓ સાફ ના પાડતા, અને તબિયત દિવસે દિવસે ઘણી બગડતી જતી હતી છતાં અધ્યાપનમંદિરનો કોર્સ પૂરો કર્યા સિવાય તેમણે આરામ લેવાની ના પાડી, અને જ્યારે જ્યારે આરામ લેવા તેમને હું કહેતો ત્યારે એકજ જવાબ મળતો કે આ દેહ વહેલોમોડો પડવાનો જ છે, અને અંતસુધી બની શકે તેટલી સેવા કરી લેવીજ જોઇએ.

છેલ્લી માંદગી દરમીઆન શરીર અત્યંત દુર્બળ થઈ ગયું હતું, છતાં 'શિક્ષણપત્રિકા'નો અંક નિયમસર કાઢવા માટેની તમામ વ્યવસ્થા કરવાનું તે ચૂકયા ન હતા.

શ્રી. ગિજુભાઈના સ્વર્ગવાસથી ભારતવર્ષે એક મહાન અને અજોડ શિક્ષણશાસ્ત્રી, મૂક પણ સાચો સેવક અને બાળકોનો પિતા ગૂમાવ્યો છે. તેમની ખોટ તો પૂરાશેજ નહીં. હજારો

અને લાખો બાળકો, અસંખ્ય વિદ્યાર્થીઓ અને બાળકોના માબાપો તેમનાં અવસાનથી કરુણ આક્રંદ કરે છે, અને મારા ઉપર તેમના વિદ્યાર્થીઓના જે પત્રો આવે છે તે વાંચી હૃદયના ચૂરેચૂરા થઈ જાય છે. ઘણાં લખે છે કે શ્રી. ગિજુભાઈનાં સ્વર્ગવાસથી તેમનું જીવન શૂન્ય થઈ ગયું છે, તેઓને હંમેશ તેમનાં તરફથી જીવનની તદ્દન નવી દિશા અને અદ્ભુત પ્રેરણા મળતી.

શોક કરવો મિથ્યા છે. પ્રભુની એવીજ ઇચ્છા હશે. હવે તો શ્રી. ગિજુભાઇનાં કાર્યને જીવંત રાખી આગળ ધપાવવું તેજ તેમના સૌ મિત્રોનું કર્તવ્ય છે. શ્રી. ગિજુભાઈ સ્વર્ગવાસી થયા છતાં અમર છે. તેમનો આત્મા બાળજગતમાં અહોનિશ વિહર્યા કરશે, અને બાળશિક્ષણની વધારે વેગવાન અને બળવાન પ્રેરણા આપ્યાં કરશે તેમાં શંકા નથી. પ્રભુ તેમનાં આત્માને ચિર શાંતિ આપો

રાજકોટ
તા. ૨-૭-૩૯ } **પોપટલાલ ચૂડગર**

ગિજુભાઇ સાથેનો મારો પરિચય

સદ્‌ગત ગિજુભાઈ સાથે મને લગભગ પચ્ચીશ વર્ષનો પરિચય હતો. સૌથી પહેલાં તેમનો મને પરોક્ષ પરિચય થયેલો. ભાઇ મસ્તરામ જેઓ ગિજુભાઈના એક સ્વજન થાય તેઓ મારા હાઇસ્કુલના સહાધ્યાયી હતા. તેમના બંગલે હું જતો અને ઈસ્ટ આફ્રીકાથી આવેલા ગિજુભાઇના પત્રો તેમજ કાવ્યો જે ગુજરાતી માસિકોમાં પ્રગટ થઇ રહ્યા હતા તે મને તેઓ વંચાવતા. તે સમય દરમિયાન ગિજુભાઈના પત્ની જડી બહેનને પણ ભાઈ મસ્તરામને ત્યાંજ પહેલ વહેલો મળેલો. ત્યારબાદ થોડાં વર્ષ બાદ ગિજુભાઈ મુંબઈમાં પરેલ ઉપર 'મગનબાગ'માં રહેતા અને વકીલાતનો અભ્યાસ કરતા ત્યારે પણ એકાદવાર તેમને હું મળેલો એવું મને સ્મરણ છે વઢવાણમાં તેમણે વકીલાત શરૂ કરી ત્યારબાદ એક દિવસ તેમને ત્યાં જ હું મહેમાન થયેલો અને તેમની સાથે રહેલો. તેમની સાથેના મારા પરિચયની ખરી શરૂઆત તો અહિંજ થઈ. દરબાર ગોપાળદાસ તે વખતે રાય સાંકળીના દરબાર હતા અને વઢવાણ કાંપમાંજ ઘણું ખરું રહેતા. તેમને ત્યાં એક સુંદર સીતાર વગાડવાવાળો આવેલો. તેને સાંભળવા ગિજુભાઇ સાથે હું ગયો હતો. દરબાર ગોપાળદાસ તે વખતે વસોમાં મોન્ટીસોરી પદ્ધતિએ બાલમંદિર ચલાવતા હતા. ગિજુભાઈ વકીલાતમાં ઠીક ઠીક પ્રગતિ કરતા હતા પણ તેમના આત્માને તેમાં કાંઈ ચેન પડતું નહોતું. તેમનામાં રહેલી શક્તિઓ વિસ્તૃત કાર્યક્ષેત્ર અને નવસર્જન શોધી રહી હતી. દરબાર ગોપાળદાસના પરિચયના પરિણામે મોન્ટીસોરી પદ્ધતિના પુસ્તકો તેમના જોવામાં આવ્યાં; વસોનું બાલમંદિર તેમણે નજરે નિહાળ્યું; અને તેમનું મન શિક્ષણ પ્રદેશ તરફ આકર્ષાયું. ઈ.સ. ૧૯૧૬ લગભગમાં તેઓ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં જોડાયા. અને ભાવનગર આવીને વસ્યા. તે દરમિયાન મને ભાવનગર રહેવાનું ખૂબ બનતું. તેથી

ગિજુભાઇ સાથે મારો પરિચય વધતો ગયો. અનેક સાંજે મેં તેમની સાથે ગાળી હશે. તેઓ અનેક વિષયમાં રસ ધરાવતા અને મારી આસપાસ પણ કૉલેજજીવનનું ગાઢ વાતાવરણ હતું. તેથી અનેક વિષયો ઉપર કલાકના કલાક સુધી અમારી ચર્ચા ચાલતી. તેઓ દરેક વાતને બુદ્ધિના તાજવે તોળતા અને દરેક વિષયના મૂળને સ્પર્શવા પ્રયત્ન કરતા. તેમનું માયાળુપણું ભારે મોહક હતું. તેમની સહાનુભૂતિ પણ ખૂબ પ્રેરક હતી ગમે તેવી અગવડમાં પણ તેઓ હમેશાં હસતા જ હોય. સાંસારિક આધિ, વ્યાધિ કે ઉપાધિઓ તેમના માનસને ભાગ્યે જ ક્ષુબ્ધ કરી શકતી. ભગવાન બુદ્ધ પ્રત્યે તેમને ખૂબ આદર હતો. સમાજના અનેક પ્રશ્નોમાં પણ તેમને ઊંડો રસ હતો. તેમનો અનુભવ તેમ જ અવલોકન વિશાળ હતાં. ધીમે ધીમે તેમનું ધ્યાન બાલશિક્ષણ ઉપર વધારેને વધારે એકત્ર થતું ગયું. આપણાં અનેક દર્દોનું મૂળ તેમને બાળકની ઉપેક્ષામાંથી જ ઉદ્ભવતું દેખાયું. દેશના ઉત્કર્ષનો સાચો ઉપાય કેળવણી છે અને એ કેળવણીનું પૂનર્વિધાન બાળકની કેળવણીથી જ શરૂ થવું જોઇએ એમ તેઓ માનતા. જે દમન ચક્કીમાં બાળકો પીસાઈ રહ્યા હતા તે જોઇને તેમનો આત્મા ખૂબ ત્રાસ અનુભવતો. આ કારણે તેઓ શિક્ષકો તેમ જ માબાપોની કડકમાં કડક શબ્દોમાં ઝાટકણી કાઢતા. જે પ્રજાને મહાન ભાવી સરજવું છે તે પ્રજા પોતાના બાળકોની ઉપેક્ષા કેમજ કરી શકે? બાળક એક મુલાયમ શકયતા છે. તેને સંભાળપૂર્વક ઉછેરો અને સમજપૂર્વક કેળવો તો તે આવતી કાલનો સમર્થ નાગરિક બનશે. પણ આ, સંભાળશું અને આ સમજશું-એ વિષે જ આપણા લોકોમાં ગાઢ અજ્ઞાન પ્રવર્તતું હતું. એ અજ્ઞાન દૂર કરવાનું અને સાચું બાલશિક્ષણ કેવું હોવું જોઈએ તેની સાચી સમજ લોકોને આપવાનું કામ ગિજુભાઇએ ઉપાડયું. અમારી સાથે પણ આજ વાત અને આજ ચર્ચા ચાલતી. તેમણે વીશ વીશ વર્ષ સુધી આ વિષય પાછળ અખંડ તપશ્ચર્યા કરી, ઊંઘતી જનતાને જાગ્રત કરી, બાલશાળાઓને કેદખાનાં અને કારખાનાં મીટાવીને ક્રીડાંગણો બનાવી દીધાં; તેમના પરિચયથી મારી જેવા અનેક મિત્રોને પોતપોતાના બાળકો વિષે સાચી દૃષ્ટિ પ્રાપ્ત થઈ.

તેમની સાથે મેં કલાકોના કલાકો ગાળ્યા છે. ભાવનગર હું જ્યારે જાઉં ત્યારે તેમને મળવાનું અને તેમની સાથે એકાદ ટંક જમવાનું હોય જ. બાલશિક્ષણ તેમનું ખાસ કાર્યક્ષેત્ર હતું, છતાં તેમની દૃષ્ટિ સર્વગ્રાહી હતી. તેમનો પ્રેમાળ અને હસતો સ્વભાવ ન બોલતાને પણ બોલાવતો. બાલમંદિરમાં તેમની સાથે ફરવું અને નવા પ્રયોગો અને નવા અનુભવોની વાતો સાંભળવી એટલે એ ઘડિ ખટપટ અને ખટરાગથી ભરેલી દુનિયાને ભૂલી જવી. તેમની સાથે ઉમ્મરભેદ કદિ જણાય જ નહિ. તેઓ બાળક સાથે બાળક હતા યુવાન સાથે યુવાન હતા અને પ્રૌઢ સાથે પ્રૌઢ હતા. તેમનામાં જીવતું યૌવન ભરેલું હતું. બાળકોના સતત સહવાસે તેમની ઉપર ઉમરની અસર થવા દીધી જ ન હોતી. બાળકોને તેમણે પ્રતિષ્ઠા આપી: બાળકોએ તેમને અખંડિત યૌવન

આપ્યું. છેલ્લાં છેલ્લાં જન્યુઆંરીનાં અન્ત ભાગમાં હું તેમને રાજકોટ મળેલો, ત્યારે પણ ગિજુભાઇ તો ગિજુભાઈ જ હતા. એ જ હાસ્ય, એજ વિનોદ, એ જ સહાનુભૂતિ. સર હરકીસનદાસ હોસ્પીટલમાં તેમને મળવું એ ભારે હૃદયદ્રાવક હતું. તેઓ બોલી શકતા નહિ પણ તેમની આંખો આવનારને બરોબર ઓળખતી ને તેમના જાગ્રત મગજમાં ભૂતકાળનાં અનેક સ્મરણો ઉભરાતાં, બાજુએ પડેલા પેડ ઉપર પોતાની જાતને વ્યક્ત કરવા તે કંઈ કંઇ લખતા. તે લખાણ તો બધું બરોબર ઉકલતું નહિ, પણ તે પાછળ તેમનો કરૂણા પ્રેરતો પ્રેમ બરોબર પ્રગટ થતો અને મારી જેવા અનેક સ્નેહિઓને ગમગીન બનાવી દેતો. તેમની આંખો, તેમની મુદ્રા છેવટની વિદાય માંગી રહી હતી. પાસે પડેલાં ફૂલો જે કોઇ આવે તેને તેઓ આપતા અને હાથમાં હાથ મીલાવીને સામે ટગર ટગર જોઈ રહેતા. તેઓ આખરે ગયા અને આપણે તેમના વિયોગને રડતા અહીં રહ્યા. વર્ષોનાં સંબંધથી સંકળાયેલો સ્નેહી જ્યારે આપણી વચ્ચેથી વિદાય લે છે ત્યારેજ સંસાર સંબંધોની અનિત્યતાનું આપણને સચોટ ભાન થાય છે. ગિજુભાઇ ગયા, અકાળે વિસર્જન પામ્યા, એમ છતાં તેઓ જેટલું જીવન જીવ્યા તેટલું પૂરું સફળ કરીને ગયા. તેમનું જીવન એટલે એક અડગ સેવાવ્રત્તી મીશનરીની જીવનકથા, પૂર્વકાળમાં ભગીરથે ઘોર તપસ્યા કરીને પિતા-પિતામહોનો ઉદ્ધાર કર્યો હતો. ગિજુભાઇએ અપૂર્વ સાધનાવડે મોન્ટીસોરી–ગંગા આપણા દેશમાં ઉતારીને આગામી પ્રજાનો ઉદ્ધાર કર્યો છે. આજે તેમનું સ્મરણ કરતાં કરતાં અનેક બાબતો યાદ આવે છે અને જીવનના અનેક પ્રસંગો ગિજુભાઇથી એક આ અન્ય પ્રકારે અંકિત થયેલા દેખાય છે. એવા સ્નેહવત્સલ સ્વજનની કોઇ કાળે પણ ખોટ પુરાવી શક્ય છે જ નહિ. તેઓ જે ઉજાગવલ કારકીર્દી મૂકી ગયા છે તે આપણને સદા માર્ગદર્શક બને અને તેમના ક્ષેત્રમાં આપણાથી બનતું કાંઇક કરીને તેમનું ઋણ અંશત પણ આપણે અદા કરીએ એટલો જ હવે એમના અને આપણા સંબંધનો સાર રહ્યો ! પરમાત્મા એવી શક્તિને આપણી વચ્ચે ફરી ફરીને અવતાર આપે અને એ દ્વારા ભાવી પ્રજાના કલ્યાણની યોજનાઓ યોજે એવી આપણે પ્રાર્થના કરીએ!

પરમાનંદ કાપડિયા.

સ્વ. ગિજુભાઈ

ગિજુભાઇના અવસાનનો ઘા હજી એટલો બધો તાજો છે કે એને વિસારીને સ્મરણાંજલિ આપવા જેટલી સ્વસ્થતા હજી આવી નથી. છતાં તારાબેન જેવાં માયાળુ બેન આગ્રહ કરે ત્યારે બીજો ઉપાય નથી.

ગિજુભાઇ મારા વિદ્યાર્થી હતા એકવીશ વર્ષના નાના છોકરડા જેવો હું બી. એ. પાસ થઈને ભાવનગર હાઇસ્કૂલના મેટ્રિકયુલેશનના વર્ગમાં મૂછાળા વિદ્યાર્થીઓને ભણાવતો ત્યારે ગિજુભાઇ મારા એક વિદ્યાર્થી. અમે દક્ષિણામૂર્તિમાં એકઠા થયા ત્યાર પછી કેટલીયે વાર અમે બંનેએ એ ગુરુશિષ્યના દિવસોને યાદ

કર્યા હશે. ગિજુભાઈમાં રમૂજ કરવાની કેવી સુંદર આવડત હતી તેનો મોટા માણસોને ઘણો ઓછો ખ્યાલ છે. હું મારી શિક્ષ છતાં વિચિત્ર એવી પ્રશ્નોત્તરી પદ્ધતિથી રઘુવંશના શ્લોકો બોલતો તે ગિજુભાઈ કદી ભૂલ્યા ન હતા અને ચીપી ચીપીને બોલવાની એ ઢબની કેટલીયે ગમ્મત અમે સાથે રહીને માણી છે. વર્ષો પછી અમે ગુરુશિષ્ય મટીને એકજ ક્ષેત્રમાં કામ કરનાર મિત્રો થયા ત્યારે મેં ગિજુભાઈને એક વાર કહેલું: 'ગિજુભાઈ, હવે તમે મારા ગુરુ અને હું તમારો વિદ્યાર્થી.' દક્ષિણામૂર્તિની શરૂઆતમાં હું પોતેજ દક્ષિણામૂર્તિના આદર્શોનો રક્ષક હતો પણ પાછળથી જ્યારે ગિજુભાઈ સામેલ થયા અને થોડા વખત પછી સ્વ. પૂજ્ય મોટાભાઈએ ગિજુભાઈનાં કામ અને શક્તિ વિશે મારો અભિપ્રાય પૂછ્યો ત્યારે મને સ્પષ્ટ યાદ છે તે પ્રમાણે મેં કહેલું: 'I baptise men with water, he will baptise them with life.' શરૂઆતના દિવસોનું મારું આ કથન દિવસે દિવસે વધારે સાચું પડતું ગયું એવો મારા એકલાનો અનુભવ નથી પણ નિકટના ઘણા મિત્રોનો અનુભવ છે. ભાવનગર અને ગુજરાતનાં બાળકોને જીવનનાં અમૃતનું સિંચન કરનાર ગિજુભાઈ ચાલ્યા ગયા અને બાલી પાણી ઉડાડનાર હું પાછળ રહ્યો એ મારું દર્દ છે.

ગિજુભાઈ અને હું વળા પચ્છેગામના બ્રાહ્મણો. લોટ માગવો એ મારો બાપીકો ધંધો એટલે દક્ષિણામૂર્તિનાં ઓગણત્રીશ વર્ષ સુધી મેં લોટ માગ્યાં કર્યો. દુનિયા હજી સુધી એક ભ્રમ સેવે છે અને તે એ કે નાનાભાઈ ફંડ કરવા જાય તો ગમે ત્યાંથી ફંડ લાવે. ગિજુભાઈ આવા સમર્થ કેળવણીકાર હોવા છતાં માગવે રાંક હતા, એમના વકીલી બ્રવાસને માગવું એ બંધ બેસતી વસ્તુ ન હતી. એક વખત જ્યારે ગિજુભાઈ, હરભાઈ સાથે ફંડ કરવા માટે મુંબઈ ગયેલા ત્યારે દરરોજ એક યા બીજી રીતે એમનું માથું દુઃખવા આવે અને ફંડના કામમાંથી છટકી જાય. છતાં મેં આજ સુધી કહ્યું છે તેમ મેં દક્ષિણામૂર્તિ માટે પૈસા મેળવ્યા છે તે ગિજુભાઈના કામના જોર ઉપર જ. હું નિરંતર કહેતો આવ્યો છું તેમ, દક્ષિણામૂર્તિમાં મારા સ્થાનિક મિત્રો જે કામ કરતા તેની સાખ ઉપર દક્ષિણામૂર્તિના એક ભેટિયા તરીકે હું પૈસા માગી આવતો. વાત તો સાચી એ છે કે ગિજુભાઈ જેવા ધુરંધર કાર્યકર્તા મિત્ર હોય ત્યાં ચિઠ્ઠી

સ્વ. ગિજુભાઈના દુઃખદ અવસાન નિમિત્તે સમગ્ર ગુજરાતના ભાઇ-બેનોએ મને સંસ્થાના મુરબ્બી તરીકે આશ્વાસન-પત્રો લખ્યા છે તે બધા પત્રોનો હું આથી સ્વીકાર કરું છું અને મારા દુઃખમાં આટલાં બધાં હૈયાં ભાગીદાર છે તેથી મને આશ્વાસન મળે છે.

પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ આપો.

નાનાભાઈ

ચાપાટી કરનાર ભૈયા થવામાં પણ એક પ્રકારનું સાર્થકય છે એમ હું સમજું છું. આ ઉપરથી ગિજુભાઇની મોટાઇનું માપ લોકોને સહેજે આવી શકશે.

નાનાભાઇ.

ખોળિયું જ બદલ્યું છે !

ગિજુભાઇ ચાલ્યા ગયા છે છતાં એ ગયા છે એમ લાગતું જ નથી. ઘણા મિત્રો જીવે છે અને મરી જાય છે, મરી જાય છે અને અમુક વખતે ભૂલાઇ જાય છે. ગિજુભાઈ જીવતા હતા ત્યારે સ્મૃતિમાં સમાતા હતા. અત્યારે એ એવા મોટા લાગે છે કે એમને સ્મૃતિમાં સમાવી શકાતા નથી.

ગિજુભાઇ જન્મે બ્રાહ્મણ હતા અને મરતાં લગી કર્મે પણ બ્રાહ્મણ રહ્યા. એમણે જીવનની છેલ્લી પળ સુધી કલમને હેઠી ન મૂકી, અધ્યાપનનું કાર્ય ન છોડ્યું.

ગિજુભાઇ સંજોગવશાત્ વકીલ બન્યા, પણ એ ધંધો એમણે કર્યો નહિ; હા, એમણે એ કાયદાજ્ઞાનમાંથી મેળવેલી આવડતના બળે બાળકોનો 'કેસ' હાથ ધર્યો અને પોતાનાં અસીલોનો જય જયકાર બોલાવ્યો.

ગિજુભાઈ શિક્ષક હતા. કેળવણીકાર બન્યા અને 'પંતુજી'પદને પવિત્રતા અપાવી.

એમને વિશે વિચાર કરું છું ત્યારે એમને કોની સાથે સરખાવવા એમ થાય છે. વીશ એકવીશ વર્ષ જેટલા ટૂંકા સમયમાં શિક્ષણના-ખાસ કરીને બાળ શિક્ષણના-ક્ષેત્રમાં સચોટ અને સફળ ક્રાંતિ લાવનાર ગિજુભાઇ ગૂજરાતમાં તો અનેક જ રહેવાના.

ગિજુભાઈ માણસ હતા—સારા અને સાચા માણસ હતા અને તેથી જ એ બધાના દિલમાં પેસી શકયા.

ગિજુભાઇ વામનરૂપે વિરાટત્વને પામ્યા.

જીવ્યા પછી તો સૌ મરે છે પણ ગિજુભાઇએ તો પોતાને માટે વ્યુત્ક્રમ રાખ્યોઃ મર્યા પછી જીવવાનો; અથવા એમ કહીએ તો શું ખોટું છે કે ગિજુભાઇ મર્યાજ નથી! માત્ર એમણે ખોળિયું જ બદલ્યું છે!

૪-૭-૩૯

ગિરીશ.

શ્રી. ગિજુભાઈ

પૂ. ગિજુભાઇની ટૂંકી સ્મરણાંજલિ લખવાનું જ્યારે મને કહેવામાં આવ્યું ત્યારે મને થયું કે શું લખું અને શું ન લખું? હું તો એમની સાથે નાનપણથી રહેલી એમ કહું તો ચાલે અને છેલ્લા ૧૫ વર્ષથી તો સાથે જ હતા. એટલે એમની સાથેના પ્રસંગો લખવા બેસું તો પાર ન આવે. છતાં અહીં તો મર્યાદામાં જ લખવાનું હોઈ થોડા જ પ્રસંગો લખીશ.

બાલમંદિરની ટેકરી ચડે એટલે ગિજુભાઇ બાલમંદિર સિવાય આખી દુનિયા જાણે વિસરી જતા. એ વખતે કોઇ સગાં વહાલાં કે અન્ય ઓળખીતાને એમજ લાગે કે જાણે ગિજુભાઇ આપણને ઓળખે છે કે ઓળખતા જ નથી. એજ માણસો ઘેર ગયા હોય ત્યારે એમનું

આતિથ્ય કરવા તે ચૂકતા નહિ.

આજથી ૧૭ વર્ષ પહેલાં જ્યારે હું બાલમંદિરમાં જોડાઇ ત્યારે પહેલેજ દિવસે એમણે મને કહેલું "જો મોંઘી, બાલમંદિરનું પગથિયું ચઢ્યા પછી આપણે કાકા ભત્રીજી છીએ એ વાત તદ્દન ભૂલી જવી. બાલમંદિરમાં તો આપણે કામ કરવાનું છે."

બાલદુનિયામાં મહાન ફેરફાર કરનાર અને બાલકેળવણીના પિતા હોવા છતાં એમનું અંતિમ ધ્યેય જુદું જ હતું, અને તે આત્મદર્શન કરવાનું. એક વાર અમે વિકટોરિયા પાર્કમાં ફરવા ગયા હતા ત્યારે તેમણે મને કહ્યું હતું, "મોંઘી, તને એક છાનગી વાત કહું? કોઇને કહીશ નહિ." હું આશ્ચર્ય પામતી એમની સામે જોઇ રહી. એવી તે શું છાનગી વાત મને કહેવાની હશે!

તેમણે કહ્યું: "આ સંસ્થાના ૨૦ વર્ષ પૂરાં થયા એટલે હું તો હિમાલયમાં ચાલ્યો જવાનો છું. આવું કામ તો ઘણું કર્યું પણ એનાથી કાંઇ આત્મદર્શન થોડા જ થવાનાં છે? એટલે પાછલી જીંદગી હિમાલયમાં ગાળવી ને ત્યાં એક આશ્રમ સ્થાપવો એવી મારી ઇચ્છા છે. તું આવીશ?" આ એમનું ધ્યેય હતું. ભયંકર માંદગીને બિછાને પડ્યા પછી પણ આત્મદર્શન તો ન જ થઈ શકયું એ યાદ આવતા તેઓ એક દિવસ ખૂબ રડ્યા હતા અને બીજાને પણ રડાવ્યા હતા.

ભજનો સાંભળવા એમને ખૂબજ ગમતા. કામકાજમાંથી જરા અવકાશ મળે તો તરત જ મને બોલાવતા અને કહેતાં. "એક બે ભજન તો ગા. આ બધું કામ તો 'મેલ કરવત ભાઈ મોચીડો ને મોચીડો' તો છે જ."

કોઈ કોઈ ભજનો કે કોઇ સંત પુરૂષની વાતો સાંભળી તેઓ ગદ્‌ગદ્ કંઠે થઇ જતા. એ વખતના ગિજુભાઈ જૂદીજ જાતના લાગતા.

કામકાજ કરવાની ને કરાવવાની એમની રીત અદ્‌ભૂત હતી. ગમે તેવા માણસ પાસેથી તેઓ કામ કરાવી શકતા. તેઓ માત્ર હુકમ કરીને બેસી રહેતા નહિ પણ સાથોસાથ કામમાં જોડાતા. 'શિક્ષણ પત્રિકા'ના રેપર ચોંટાડવા અને ટિકિટો ચોડવા અમે રાતના બે બે અઢી અઢી વાગ્યા સુધી જાગતા પણ તેમની વિનોદ ભરી વાતચીતથી અમને થાક તો ન જ લાગતો પણ વખત કયાં વિત્યો એની પણ ખબર પડતી નહિ.

પૂ. ગિજુભાઇ લાગણી પ્રધાન ખૂબ હતા. પોતાના તરફથી કોઇને માઠું લાગ્યું છે એમ ખબર પડતાં એની પાસે જઇ મનાવી લેતા ત્યારેજ એમને શાંતિ થતી. પોતાનાથી નાના-મોટી માગતા એમને જરાયે સંકોચ થતો નહિ. સામું માણસ તો શરમાઇને ધૂળ થઈ જતું.

એક વાર અમે સુરતને સ્ટેશને બેઠાં હતાં. વાતચીત કરતાં મને જરા ખોટું લાગ્યું પણ ત્યાં તો ગાડી ઉપડવાનો વખત થયો એટલે ગિજુભાઈ ગાડીમાં બેસી ગયા. તેઓ ભાવનગર ગયા અને હું મુંબઈ આવી. મુંબઈ પહોંચ્યા પછી બીજે જ દિવસે મને તેમનો ગાડીમાંથી જ લખેલો પત્ર મળ્યો. લખ્યું હતું: "સુરતને સ્ટેશને તારૂં દીલ દૂભવ્યું એથી મારી મુસાફરી બગડી. તારૂં દીલ દૂભવવા બદલ હું તારી માફી માગું છું."

કેટલીક વાર તો ગિજુભાઇ એવી ભૂલ કરતા કે એથી ખૂબ હસવું આવતું. એવો એક પ્રસંગ લખીને હું લખવાનું બંધ કરીશ.

ત્રણ વર્ષ પહેલાં ગિજુભાઇ માંદા પડ્યા હતા, ત્યારે અમે રાજુલા હવાફેર કરવા ગયા હતા. અમારા બારણાને એકલી સાંકળ હતી તેથી દર વખતે ઉઘાડવા જવાની પંચાત પડતી. ખૂલ્લું રાખીએ તો ઢોર પેસી જતા. એટલે સુતારને બોલાવી આગળીઓ કરાવવાનો હતો. સુતાર આવ્યો એને હું સમજાવતી હતી કે આગળીઓ કયાં અને કેવી રીતે કરવો. ત્યાં તો હજામત કરતાં કરતાં ગિજુભાઇ એકદમ દોડી આવ્યા. "અરે ભોંઘી, આગળીઓ બહારથી ઉઘડે એવી રીતે તું કરવાનું કહે છે પણ આપણે બહારથી કેવી રીતે ઉઘાડશું? આપણે તો અંદર હોઇશું ને?"

મેં કહ્યું "આગળીઆનું હેન્ડલ બહાર રાખવું એમ હું કહું છું બાકી આગળીયો ઉઘડે તો બન્ને બાજુથી જ. એ સાંકળ છે કે ન ઉઘડે." પછી તો અમે ખૂબ હસ્યાને હું પણ એ વાત વારંવાર યાદ કરી કહેતી, "ગિજુભાઈ, પેલો આગળિયો!"

ભોંધીબેન બધેકા.

સ્વ. ગિજુભાઈ

સ્વ. ગિજુભાઇ સાથેનો પરિચય તો વ્યક્તિગત હો કે નામનો જ હોય, છતાં તેમના અવસાનનો ઘા તો ગુજરાત નહિ બલ્કે સમસ્ત ભારતને એક સરખાં વિકલ કરી મૂકે છે.

તેમના કુટુંબીઓએ આત્મિય ગુમાવ્યો હશે, મિત્રોએ નિખાલસ સુહૃદ ગુમાવ્યો હશે, પણ તેથી એ વધુ શિક્ષણ સંસ્થાઓએ પોતાનો જનક, સાથીદારોએ યંત્રવત્ કાર્ય કરનાર સિપાહી અને નિર્દોષ બાળકોએ મુછાળી માતા ખોયાં છે.

પ્રચંડ ઝંઝાવાતની સાથે અનેક જીર્ણ વૃક્ષો પડીને મેદાન સાફ થઇ જાય છે, તેવુંજ સ્વ. ગિજુભાઇની મોન્ટીસોરી પદ્ધતિએ બાલ-શિક્ષણમાં રહેલા સડાને નાબુદ કરી શિક્ષણનો એક નવીન ક્રાંતિકારી યુગ સ્થાપ્યો છે.

રાજદ્વારી ક્ષેત્રમાં પૂ. મહાત્માજી જેટલું જ ભારતવર્ષના બાલશિક્ષણમાં સ્વ. ગિજુભાઇએ એક અનેરૂં અને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે, એમ કહીએ તો અતિશયોક્તિ નથી.

એમનાં શિક્ષણ પ્રેમ, અવિરત મૂક સેવાઓ, અદ્ભુત આત્મબળ, યંત્રવત્ અસ્ખલિત કાર્ય કરવાની શક્તિ, અને બાલસુલભ નિર્મળ હાસ્ય, અપરિચિતને પણ પોતાની તરફ આકર્ષતાં, અને જોનારને પૂજ્યભાવ પ્રદર્શિત કરવા પ્રેરતાં.

એમના નિકટના પરિચયમાં આવનાર જ એમની ખરી શક્તિઓનો અનુભવ કરી શકતો. એમનો સદાએ હસતો પ્રફુલ્લ ચહેરો અને મીઠો સ્વભાવ તો ચિરકાલ પર્યન્ત હૃદયમાં અંકિત રહેશે જ.

એમની પ્રેરણા અને અખંડ પ્રયત્ને સમસ્ત ગુજરાતનાં બાળકો પ્રત્યેનું માનસ અજબ પરિવર્તનને પામ્યું છે. બાળકો એ કેવળ

બાળકોજ નહિ પણ પ્રભુએ પાઠવેલાં પયગંબરો તેમજ દૈવાંશી મનુષ્યોલો છે, એ ભાવના એમણે ચોતરફ ઓતપ્રોત કરાવી છે. આવતી કાલના નાગરિકોના શિક્ષણ અને સંસ્કારોનાં વિકાસ માટે શ્રી. ગિજુભાઇએ કરેલા પ્રયત્નો એટલા તો સફળ અને યશસ્વી નિવડ્યાં છે કે આજે આપણી વચ્ચેથી એમના ચાલ્યા જવાથી કેવળ બાળકોને નહિ પણ મોટેરાંઓ પણ ચોમેર આંસુ સારે છે.

ગુજરાતમાં પ્રાથમિક કેળવણીના જીવંત કેન્દ્ર તરીકે અને પ્રયોગશાળા તરીકે ભાવનગરના શ્રી દક્ષિણામૂર્તિએ જે અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું, તેમાં સદ્‌ગત શ્રી. ગિજુભાઇનો હિસ્સો ઓછો નહતો એ સંસ્થામાં જોડાઇને શિક્ષણના અવનવા પ્રયોગો શ્રી. ગિજુભાઇએ કર્યા અને શિક્ષણશાસ્ત્રનો ઊંડો અભ્યાસ પણ કર્યો.

તેમણે દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર દ્વારા ગુજરાતમાં બાલસાહિત્યનો એક અવિરત પ્રવાહ વહાવીને અનેક સરિતાઓ વહેતી મૂકી છે.

બહુજન હિતાય અને બહુજન સુખાય રચાયલી આપણી સંસ્કૃતિનો ઓધ નિચોવી એમણે બાળકોને ગમી જાય એવી ભાષામાં અને બુદ્ધિનો પૂર્ણ વિકાસ સાધનારા અનેક પુસ્તકો લખ્યાં તેમજ લખાવ્યાં છે. એમની જાતિ દેખરેખ નીચે અનેક પ્રકારનું બાલસાહિત્ય આજે ગુજરાતમાં પ્રકાશન પામ્યું છે અને તેથીજ આજે ક્રાંતિકારી બાલકેળવણીના પિતા તરીકે જનતા તેમને ઓળખતી થઈ છે.

એમણે લખેલા પુસ્તકોની સંખ્યા ઘણી મોટી થવા જાય છે. એમનાં શિક્ષણશાસ્ત્રને લગતાં કેટલાંક પુસ્તકો ઘણાજ મહત્વનાં અને પહેલીજવાર લખાયલાં છે. બાલસાહિત્યને તેમણે પ્રત્યેક અંગમાં વિકસાવ્યું છે એ નિર્વિવાદ વાત છે.

સ્વ. ગિજુભાઈ કાર્ય પરત્વે તેમજ વ્યક્તિગત રીતે મારા નિકટના પરિચયમાં આવેલાં અને મારાં બાળકો સાથે તો એકજ દિવસના સહવાસમાં એટલા હળી ગયેલા કે જ્યારે પણ તેઓ મુંબઈ આવે ત્યારે મારે ત્યાં છોકરાંઓને વાર્તા સંભળાવ્યા વગર કે તેમની સાથે રમુજી નાટક ભજવ્યા વગર જઈ શકતા નહિ.

તેમના નિર્મળ સ્નેહ અને માયાળુ સ્વભાવે તેમની સાથે રહેનારા બાળકોને કદિ માતાની હુંફાળી ગોદનું સ્મરણ કરાવ્યું નથી.

શ્રી કચ્છ લોહાણા કેળવણીખાતાના તેઓશ્રી સદા સાચા સલાહકાર રહ્યા હતા. અને સમય મળે વખતો વખત કેળવણી ખાતાની શાળાઓના નિરીક્ષણાર્થે પર્યટન પણ કરતા.

સંવત ૧૯૯૧ માં હું તેમના અતિ અંગત સમા કામમાં આવી શકયો, તેમાંના અનેક પ્રસંગો હજીયે ભૂલી શકયો નથી. ત્યારે એમણે શ્રી કચ્છ લોહાણા કેળવણીખાતાની ચાલીસેક જેટલી અને દશેક બીજી એમ કુલે પચાસેક શિક્ષણશાળાઓનું નિરીક્ષણ કર્યું હતું, પચાસેક જાહેર સભાઓમાં પંદરેક હજાર ભાઈ બહેનોને અક્ષરજ્ઞાનની જરૂરિયાત અને બાળકો તરફની સાચી દૃષ્ટિનો સંદેશો આપ્યો હતો. સત્તર દિવસમાં એક હજાર માઇલની કચ્છની મુસાફરી ઉનાગરા ટાઢ કે તડકો, સગવડ વા અગવડ કશાયની પરવા કર્યા વગર તેમણે કરી હતી. મો-

ટર, રેલ્વે, ટાંગા, ઊંટ અને બળદગાડી સઘળાનો અનુભવ તેમાં તેમને મળ્યો હતો. નદી નાળાં કે એવે સ્થળે મોટર ખૂંચતી ત્યારે ધક્કા મારવામાં, પૈડા નીચે ઘાસ કાપીને નાખવામાં અને એવા સઘળા કામમાં પણ તેઓ બીજાઓની સાથે પોતાના પુત્ર શ્રી. નરેન્દ્રને લઇને આગળ આવતા.

સંવત ૧૯૯૩ અને સંવત ૧૯૯૪ માં એમણે એ ખાતાના કચ્છમાંના શિક્ષકોને એકત્ર કરી તેમનો અભ્યાસવર્ગ ચલાવ્યો હતો. બાર બાર કલાક સુધી યંત્રવત્ કાર્ય કરીને સહર્ષ તેમજ પ્રોત્સાહ બાળકોની વાતોમાં રસ લેતા અને શ્રમ લાગે તો એ સાંઝ પડે એ જ નિખાલસ સ્મિત તેમના વદનપર વિલસી રહેતું.

તેમની આ કાર્ય પ્રણાલીએ જોનારાઓ મુગ્ધ બની રહેતા અને સ્વ. ગિજુભાઇ તો બાળકોમાં હસતા અને બાળકમય બની રહેતા.

બાળકોને હમેશાં એમની તરફ પૂજ્યભાવ અને પ્રેમ રહ્યા છે, અને જાણે એઓ વાર્તાની ખાણ જ ન હોય એમ માનતાં રહ્યાં છે.

છેલ્લે જ્યારે એઓ હોસ્પિટલમાં માંદગીને બિછાને હતા ત્યારનો એક પ્રસંગ મારા સ્મરણપટમાં કોતરાઇ રહ્યો છે. એક દિવસ હમેશની જેમ હોસ્પિટલમાં એમની મુલાકાત લઇ હું ઘેર પાછો ફરતો હતો ત્યાં લિફ્ટ પાસે જ મારી નાની પુત્રી શાંતિ મળી. રોજની માફક મને વિંટળાઇ વળી તેણે સ્વાભાવિક જ પૂછ્યું: "કયાં જઇ આવ્યા પિતાજી ?"

"ગિજુભાઇ પાસે બેટા !"

અને શાંતિ ખડખડાટ હસી પડી. "હં: મને છોડીને એકલા એકલા વાતો સાંભળી આવ્યાને ? તમને કઇ વાર્તા સંભળાવી ગિજુભાઇએ ?" તેણે એટલીજ નિખાલસતાથી કહ્યું.

બિચારીને કયાં ખબર હતી કે ગિજુભાઇ તો માંદગીને બિછાને સૂતા છે ! અને કોણ જાણતું હતું કે પ્રભુ આટલીજલ્દી એમને આપણી વચ્ચેથી લઇ લેશે ? જગન્નિયંતાએ કંઇ ઓર જ ધાર્યું હશે.

મહાગુજરાતમાં છેલ્લા બે દશકા દરમ્યાન સ્વ. ગિજુભાઇએ શિક્ષણ તેમજ બાળકોની જે સેવા બજાવી છે તે તો ગુજરાતની અસ્મિતાના ઇતિહાસમાં સુવર્ણાક્ષરેજ નોંધાશે, અને તે માટે ગુજરાત સદાકાળ તેમનું ઋણી છે ને રહેશે. એ ઋણનો બદલો વાળી કૃતકૃત્ય થતાં ગુજરાતને આવડશે ?

શૂરજીભાઇ વલ્લભદાસ.

સ્વ. ગિજુભાઇનાં સ્મરણો

આચાર્ય ગિજુભાઇનું નામ બાલસાહિત્ય સાથે જોડાયલું છે અને ચિરકાળ જોડાયલું રહેશે જ. બાલસાહિત્યની અનુપમ સેવા બજાવી એમણે ગુજરાતને તો સદાને માટે ઋણી બનાવ્યું જ છે. અત્રે ગિજુભાઇના પ્રસંગમાં મારે આવવાનું થયું તેનું સ્મરણ તાજું કરી એમને મારી અંજલિ સમર્પણ કરું છું.

૧૯૨૩ ની સાલના મારા અમેરિકાના પ્રવાસ દરમ્યાન બાલસાહિત્ય વિષે ત્યાંના પુસ્તકાલયો વગેરેમાં મેં પુષ્કળ જોયું હતું. તે પરથી આપણા દેશમાં બાલસાહિત્યની ઊણપ મને ખૂબજ સાલી હતી. એ વર્ષની આખરે

હું પાછી ફરી તે અરસામાં ગુજરાતમાં બાલસાહિત્ય નહિ જેવું જ હતું. ૧૯૨૪ ની શરૂઆતમાં મેં એક પત્ર લખ્યો હતો તેમાં બાલસાહિત્યને અંગે શું શું કરી શકાય, વાર્તાઓ દ્વારા બાળકોને કેટલું જ્ઞાન આપી શકાય વગેરે બાબતની રૂપરેખા દોરી હતી. આ પત્ર શ્રી. કરસનદાસ ચીતળીયાના કહેવાથી ભગિની સમાજને નામે લખ્યો હતો અને ગુજરાતમાં બાલસાહિત્યમાં રસ લેનારી જુદી જુદી વ્યક્તિઓને મોકલ્યો હતો. આ પત્રમાં એક વસ્તુ પર મેં ભાર મૂકયો હતો અને તે એ કે બાલસાહિત્ય જેમ અને તેમ સચિત્ર હોવું જોઈએ. કારણકે બાળકો ચિત્રોથી આકર્ષાય છે. અને ચિત્રો જોઈ એમને પુસ્તક વાંચવાનું મન થાય છે. આ પત્રનો જવાબ મને ગિજુભાઈ તરફથી મળ્યો હતો. બાળકોના ગાઢ પરિચયમાં આવનાર એમના મિત્ર જેવા ગિજુભાઈને મારો પત્ર ધૃષ્ટતા રૂપ લાગ્યો હશે. એમણે જવાબ વાળ્યો કે ચિત્ર એ કંઈ બાલસાહિત્યને માટે એવી આવશ્યક વસ્તુ ન ગણાય. કોઈ પણ વાર્તા પછી સચિત્ર હોય કે નહિ, બાળક આગળ મૂકી હોય તો તે બાળકો વાંચશેજ. સામાન્ય જનતાને સાહિત્ય પહોંચાડવું હોય તો એ સસ્તું હોવું જોઈએ. એમના ચોક્કસ શબ્દો તો યાદ નથી પણ આ ભાવાર્થનું લખાણ હતું. સાથે સાથે મને આહ્વાન કર્યું કે મારે માત્ર પત્રદ્વારા ઉપદેશ આપ્યાં કરતાં બાલ સાહિત્ય પેદા કરવું. આ પડકારનો જવાબ મેં બાલવાર્તાવલિ લખીને વાળ્યો હતો અને તે પણ, પુસ્તકને શ્રી રાવળનાં સુંદર ચિત્રોથી શણગારીનેજ ! ગિજુભાઈએ તો બાલસાહિત્ય સસ્તું થાય એ દૃષ્ટિએ ખૂબજ પુસ્તકો લખ્યાં અને એમના ચિત્ર વિનાનાં પુસ્તકો પણ બાળકોમાં પ્રિય છે એની કોણ ના પાડી શકે !

ગિજુભાઇ સાથેનો બીજો પ્રસંગ મને ૧૯૩૦ માં સુરતમાં ભરાયેલી વાનરસેના પરિષદ વખતે થયો. બાલસાહિત્યના એ લેખક બાળકોના કેટલા માનીતા હતા તે મેં જાતે જોયું. બાળકો માટે વાર્તાઓ ઘણાં લખી શકે છે પણ બાળકોને વાર્તા કહેતાં આવડે એવા ઘણા થોડા હોય છે. ગિજુભાઈ તો વાર્તા લખીએ શકતા અને કહી પણ શકતા. અને એમની વાર્તા કહેવાની પદ્ધતિ જ એવી હતી કે સહેજે બાળકોનાં મન હરી લે. એ પરિષદમાં ગિજુભાઇ ના હોત તો એ એટલી સફળ થાત કે કેમ એ શંકા છે.

ગિજુભાઈ કેવળ બાળસાહિત્ય લખીને જ બેસી રહ્યા નહોતા. ૧૯૩૦ ની સાલની અસહકારની ચળવળને વખતે બારડોલી તાલુકાના ખેડૂતો ગાયકવાડી હદમાં હિજરત કરી ગયા હતા અને માંડવા બાંધીને રહેતા હતા. આ હિજરતીઓમાં ગિજુભાઈ તથા તારાબેન કામ કરતાં હતાં. સુરતની વાનરસેના પરિષદ પછી ગિજુભાઇ તેમજ તારાબેન સાથે આ હિજરતીઓની મેં મુલાકાત લીધી હતી એમને કાંતતા શીખવવા માટે ત્યાં સારે હાથે રેંટિયા વર્ગ ઉઘાડવામાં આવ્યો હતો. બાલસાહિત્યના આ બન્ને સેવકો આ રીતે પ્રૌઢ સ્ત્રી-પુરૂષોને મદદ કરી રહ્યાં હતાં. આ જ અરસામાં પ્રૌઢ શિક્ષણ વિષે ગિજુભાઈ એ ખૂબ વિચાર્યું હોય એમ લાગે છે. કારણકે ત્યાર પછી પ્રૌઢશિક્ષણને અંગે પણ ગિજુભાઈએ ખૂબ લખ્યું છે અને પ્રૌઢશિક્ષણની દક્ષિણામૂર્તિની જે

પદ્ધતિ કહેવાય છે તેની એજ જન્મદાતા છે. આવા બાલશિક્ષણ અને પ્રૌઢશિક્ષણના

પ્રખર ઉપાસકને ગુજરાત કેમ ભૂલી શકે?

તા. ૭-૭-૩૯ હંસા મહેતા.

ગુજરાતના નવ બાલ–જગતના નિર્માતા

શ્રી ગિજુભાઈ

નવું જગત રચવાનાં સ્વપ્નાં તો ઘણાએ સેવ્યાં છે અને તેના માર્ગો પણ ઘણા ઘણા મહાપુરૂષોએ વિચાર્યા છે. પણ બરૂં નૂતન જગત, બાળકથી શરૂ થતી નવી દુનિયા રચવાનું અને તેને મનોહર અને અદ્‌ભૂત બનાવવાનો અદ્વિતીય પ્રયત્ન કરવાનું માન એક મહાન સન્નારીને ફાળે જાય છે. તે સન્નારી તે મેડમ મેરીઆ મોન્ટીસોરી.

જ્યારે યુરોપમાં પણ સ્ત્રીઓની કેળવણી બહુ આગળ વધી નહોતી ત્યારે વિદ્યાપીઠની મોટામાં મોટી ડીગ્રીઓ મેળવી શિક્ષિકા થવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરનાર તે બાઈ છે અને તેણે કેળવણીના જગતમાં અભૂતપૂર્વ પ્રાણસિંચન કર્યું છે.

બાળકોના જીવનને તેણે જગતમાં ઉચ્ચતમ સ્થાન અપાવ્યું છે, એટલું જ નહિ પણ તે સ્થાન સર્વદા સ્થિર રહે તેવી સંપૂર્ણ વિચારણા અને યોજના કરી છે.

આ વિચારણા અને યોજના ગમે તેટલી સુંદર હોત તો પણ સંભવ છે કે હિંદના બીજા ભાગોમાં બન્યું છે તેમ આપણા પ્રદેશમાં પણ, અજાણ જ રહી હોત. પણ તે મહાન પ્રવાહને સબળ, વેગવાન અને અવિચ્છિન્ન વહેવરાવવાનું કાર્ય શ્રી. ગિજુભાઇએ ઉપાડયું અને અજબ ચેતનથી કર્યું.

મૂળથી જ ગિજુભાઇનો આત્મા અવિરત પરિશ્રમ કરનાર અને સિદ્ધિને પ્રાપ્ત કર્યા સિવાય શાંત ન રહેનાર હતો. જ્યારે તેણે પોતાનું ધ્યેય નક્કી કર્યું ત્યારે તો તેનો વેગ કોથીએ ખાળી ન શકાય તેવો અપ્રતિહત હતો.

તેમણે બાળકોની દુનિયા પોતાની નવી નજરે જોઈ અને તે દુનિયાની કાયાપલટ કરવાની દ્રઢ પ્રતિજ્ઞા લીધી. ગમે તેવાં કારણો કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ તેઓ તે પ્રતિજ્ઞામાંથી કદીએ ચળ્યા નથી. જ્યાં જ્યાં ગિજુભાઇ જતા ત્યાં ત્યાં તેઓ તેમનું વાતાવરણ ઊભું કરતા અને તે વાતાવરણનું કેન્દ્ર બાળકો જ બનતાં. બાળકો પ્રત્યે તેમને અપાર મમતા હતી. માતાની મમતા જેટલી જ અગાધ અને અવિચળ એ મમતા હતી. માતાના લાડ બાળકના જીવનને કદાચ બગાડે, પણ ગિજુભાઈની બાળ–પ્રીતિ તો અચૂક તેમના જીવનવિકાસના અંગ પ્રત્યંગોને ખીલવવામાં જ પરિણમતી.

ભાવનગરના એક ખૂણામાં બેસી તેમણે વર્ષો સુધી એકધારી બાલજીવનના વિકાસની સિદ્ધિ માટે તપશ્ચર્યા કરી. તે તપશ્ચર્યાના અંગાંગો ખૂબ ઝીણવટથી તપાસ્યાં અને જેની જરૂર જણાઇ તે સર્વ સિદ્ધ કરવા તેઓ કટિબદ્ધ થયા.

તેમને લાગ્યું કે બાળકો માટે સાહિત્યની

જરૂર છે. એકલા વિચાર પ્રવાહથી નૂતન બાલ-દુનિયા નહિ ઉત્પન્ન થઈ શકે. ત્યારે તેમણે બાલસાહિત્ય રચવા માંડ્યું.

વળી લાગ્યું કે કેવળ સાહિત્ય ઉત્પન્ન થયાથી પણ નવું જગત નહિ થાય, તે સાહિત્યને ફેલાવવા માટે શિક્ષકો પણ જોઈશે. ત્યારે તેમણે શિક્ષકોનો સમૂહ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ હાથ ધરી.

અને છેવટે જ્યારે લાગ્યું કે સાહિત્ય અને શિક્ષકસમૂહ હોવા છતાં બાલસાધનો પણ ખૂબ જ જોઈશે, ત્યારે સાધનોની અનાવટને પણ તેમણે વેગ આપ્યો અને તે રીતે બાલજીવનના સંપૂર્ણ અને સુંદર વિકાસ માટેના તેઓ પ્રણેતા, સૃષ્ટા અને સર્જક બન્યા.

આ બધું થયા છતાં પણ તેમને વારંવાર લાગતું કે દૃઢ બની ગયેલા વિચારો અને શિક્ષણક્ષેત્રમાં કાર્ય કરનારાઓ વિઘ્નરૂપ બને છે. ત્યારે તેમણે સ્થળ, સમય કે શરીર કશાયની દરકાર વિના સ્થળે સ્થળે ઘૂમવા માંડ્યું અને મીઠાશથી પણ દૃઢતાથી તેમણે એવું પ્રચંડ આંદોલન જગાવ્યું કે જેના પ્રવાહમાં સર્વ વિરોધો દટાઈ ગયા અને બાળકોના વિકાસનો એક જ રણકાર સર્વત્ર ઊઠવા માંડ્યો.

બાળકોની મહાન નવી સૃષ્ટિનાં નિર્માતા શ્રી. ગિજુભાઈ બધેકા છે. તેઓ મહાન આદર્શ માટે જીવ્યા, તે મહાન આદર્શ તેમણે તેમના જીવનમાં સિદ્ધ કર્યો અને તે આદર્શને પ્રચારવામાં જ તેમણે તેમના જીવનની પૂર્ણાહુતિ કરી.

તેમનું કાર્ય આપણા બાલજીવનમાં બેહદ બળવા સમ બન્યું છે. તે બળવાએ ઉત્પન્ન કરેલી અથાગ શક્તિનું દર્શન હજી આપણી દરેકની દૃષ્ટિને પૂરું નથી લાધ્યું. એ લાધશે ત્યારે આપણને સમજાશે કે ગુજરાતના મહાજનોમાં અમર સ્થાન પામે એવા એક મહા ગુજરાતીએ ગિજુભાઈના અવસાનથી ગુજરાતમાંથી શાશ્વત વિદાય લીધી છે.

(નવ સૌરાષ્ટ્ર) **ભોગીલાલ ઠાકર**

× ×

શ્રી. ગિજુભાઇ બધેકાનું અવસાન થયું. લાંબી માંદગી ભોગવી તેમણે ગયા શનિવારે મુંબઇમાં હરકીશનદાસ હોસ્પીટલમાં દેહ છોડ્યો.

શ્રી. ગિજુભાઇ દક્ષિણામૂર્તિના એક સૂત્રધારઃ શ્રી. ગિજુભાઈ ગુજરાતના અગ્રણી કેળવણીકારઃ શ્રી. ગિજુભાઇ બાલકેળવણીના નવા મંત્રદાતા.

શ્રી. ગિજુભાઈનું જીવન એટલે શું અને શ્રી ગિજુભાઈની સિદ્ધિઓ એટલે શું, એનો 'નવ સૌરાષ્ટ્ર'ના વાંચનારાઓને ખ્યાલ આપતો લેખ આ પૃષ્ઠ ઉપર, અમારી નિવાપાંજલિ તરીકે પ્રગટ કરીએ છીએ.

શ્રી. ભોગીભાઈ ઠાકર એ લેખના લેખક છે: શ્રી. ભોગીભાઇ શારદામંદિરના સ્થાપક, સંચાલકઃ શ્રી. ગિજુભાઇના નિકટનો મિત્રઃ શ્રી. ગિજુભાઇના કામને વર્ષોથી નિકટથી અવલોકનારાઃ અને સૌથી વિશેષ, શ્રી. ગિજુભાઇના કાર્યનાં મૂલ મૂલવવાના સાચા અધિકારી કેળવણીકાર.

શ્રી. ગિજુભાઈના અવસાનથી ગુજરાત આજે ખિન્ન છે. તેઓ તેમની પાછળ પત્ની, પુત્ર અને ત્રણ પુત્રીઓનો પરિવાર મૂકતા જાય છે. તેમને અમે દિલસોજી પાઠવીએ છીએઃ

તંત્રો : (નવસૌરાષ્ટ્ર)

સ્વ. ગિજુભાઈ

ગિજુભાઇ મરી ગયા, સાંભળતાં જ એમ થાય છે કે કેટલું મૂકી ગયા અને કેટલું મુકત. સરળ દેખાતી, હસ્તી, બાલપ્રજાના પ્રેમથી ઉભરાતી આ વ્યકિતએ શું કર્યું.

ગુજરાતને બાળકોની પડી નહોતી. પૈસા કમાવામાં, ટોલટપ્પા મારવામાં જ જીવન સાર્થક માનતા. બાળકોની અગ્યત્રસ્થિત અવગણના પામતી, રમતો તરફ, શિક્ષણ તરફ ગિજુભાઇએ આંખો ઉઘાડી ભાવના કેળવી.

ગુજરાતે બાલમંદિરનું નામ પણ નહોતુ સાંભળ્યું ત્યાં બાલમંદિર સ્થપાયાં. બાલ-મંદિર માટે સેંકડો શિક્ષકો તૈયાર કરાવ્યા.

બાળકના હાથમાં મૂકવા સરખું પુસ્તક પણ કયાં હતું ? ત્યારે એમણે બાલવાર્તાઓ લખી, 'જીવનમાં રોજ જોવાતી' વાતો લખી બાળકોને માટે અનુપમ બાલસાહિત્ય ઊભું કર્યું, બીજા લેખકોને પ્રેરણા આપી અને આજના વિશાળ બાલસાહિત્યનું સર્જન કર્યું.

ગુજરાતમાં બાળકોને રાજારાણી, પરી-ઓની વાત સિવાય બીજામાં રસ નહોતો. એમણે ફૂલઝાડ, વનસ્પતિ, પક્ષીઓ અને પશુઓમાં રસ સર્જ્યા.

ગુજરાતના શિક્ષકોમાં આદર્શ ન હતા. સોટી વાગે ચમ ચમ, વિદ્યા આવે ધમ ધમ, એટલું જ જાણતા. એમના આચાર વિચાર દ્વારા, એમના પુસ્તકો દ્વારા પ્રબળ શિક્ષણ-પ્રચાર કર્યો.

ગુજરાતના શિક્ષકોનું નવું દ્રષ્ટિબિંદુ ઘડયું અને શિક્ષણના આદર્શ ઘડયા. કેળવણીનો એક અગત્યનો પાયો ચણનાર આ પુરૂષની ખોટ કેવી પડશે તે વખત જતાં ખબર પડશે.

બાળકોમાં સ્ફુર્તિ નહોતી. ચેતન નહોતું રાજકીય જાગૃતિ નહોતી સવિનયભંગની લડત વખતે પહેલી વાનરસેના પરિષદ ભરી ગિજુ ભાઇએ રાજકીય જાગૃતિ આણી.

ગુજરાતને એના અસંખ્ય નહિ ભણેલાઓ માટે પડી નહોતી. અક્ષરજ્ઞાનની યોજના ઘડી સહેલાં પાઠયપુસ્તકો તૈયાર કરી વાતાવરણ ઊભું કર્યું.

પ્રજાના જીવનનું ઘડતર ઘડનાર પુરૂષો દુનિયા છોડી જાય છે ત્યારે શૂન્યના લાગે છે. આજે ગિજુભાઈનું અવસાન એક મહત્વની દિશા સુની કરી ગયું છે. પરદેશી લોકમાં ફ્રોબેલ અને મેડમ મોન્ટીસોરી એની પદ્ધતિ જુદી હતી છતાંય બાળકોના માતાપિતા કહે-વાય છે. આવાજ આજે ગિજુભાઈ હિંદુસ્થા-નના બાળકોના પિતા હતા.

ગિજુભાઇનો જન્મ ૧૮૮૫ માં ૧૫ મી નવેમ્બરે થયો હતો આજે ૧૯૩૯ માં એમનું અવસાન થયું. ૫૩ વર્ષ જીવ્યા. દક્ષિણામૂર્તિ સાથે એમનું જીવન એક થયું હતુ. દક્ષિણા-મૂર્તિને ઊભું કર્યું, જીવાડયું, એનો આત્મા બની રહ્યા. પણ મરતાં પહેલાં દક્ષિણામૂર્તિ વર્ષ પર બંધ કરવું પડયું.

ગુજરાતનાં બાળકો મારમાંથી, ગાળોમાંથી હડધૂત થતાં બચ્યાં છે. માતાઓને બાળકોના

જીવનનું મહત્ત્વ સમજાયું છે. આ કાંઈ નાની-સુની વાત નથી.

એક મિત્ર તરફથી અબર મળી હતી કે મરતાં એમને હું મરીશ એનો વિચાર નહોતો. ઉલ્ટું એમ કહ્યું કે, હજુ તો મારે દશ વર્ષ જીવવું છે, કામ બહુ કરવાનું છે.

પણ મહાન પુરૂષોનું જીવતર અણધાર્યું આથમે છે. કયા મહાન પુરૂષે પોતાનાં રોપેલાં બીજ સંપૂર્ણ ઊગ્યાં દીઠાં છે. માર્ગદર્શક થઇ ચાલ્યા જાય છે.

આવા પુરૂષોની પદરેખા સચોટ રહે એજ આશા.

કપિલાબેન હાકેાર બી. એ.

(ભગિનિ સમાજ પત્રિકા)

સ્વ. ગિજુભાઈ

ગયે અઠવાડિયે આ કંડિકાઓ લખી ત્યારે એવી કલ્પના પણ ન હતી કે શ્રી. ગિજુભાઈ માટે આટલી વહેલી નોંધ લખવી પડશે. પણ એ કંડિકા છપાઇને પ્રકટ થઈ તેને આગલે જ દિવસે શ્રી. ગિજુભાઇ આ જગત છોડી ચાલ્યા ગયા હતા. મહિનાઓની માંદગી પછી, એમને પક્ષઘાત થયો હતો અને પંચગનીમાંથી હોસ્પીટલની સારવારની જરૂર પડતાં તેમને મુંબઈની સર હરકિશનદાસ હોસ્પીટલમાં બ્રેસેડ વામાં આવ્યા હતા. ત્યાં તા. ૨૩ મીની સાંજે પાંચ-સવા પાંચના સુમારે તેમનો આત્મા વિશાળ જગતનાં બાળકોને રીઝવવા માટે ચાલ્યો ગયો.

શ્રી. ગિજુભાઇનું વય માત્ર ૫૪ વર્ષનું હતું. સામાન્ય રીતે આપણે ત્યાં અર્ધી સદીને આરે પહોંચેલા માનવીઓને વૃદ્ધ માનવાનો શિરસ્તો પડી ગયો છે. આપણાં દેશમાં જ્યાં અસંખ્ય બાળકો ને તરુણો અકાળે અવસાન પામતાં હોય ત્યાં એ સ્વાભાવિક લાગે. પણ જ્યારે આપણે બીજા દેશોની સ્થિતિ નિહાળીએ છીએ ત્યારે જણાય છે કે એટલી ઉમ્મરે તો પ્રથમવાર ગૃહસંસાર માંડનારા અને એથી ઘણી વધારે વયે મોટા મોટા દેશના વહીવટનો ભાર અને જવાબદારી ઉપાડનારા નરપુંગવો હજી હયાત છે. આપણું આયુષ્ય પ્રમાણ એટલું બધું ઉતરી ગયું છે કે સંખ્યાબંધ વ્યક્તિઓ આપણે ત્યાં અકાળે વૃદ્ધ બને છે અને અકાળે મરણ પામે છે.

ગુજરાતના શિક્ષણશાસ્ત્રી

પ્રીવીયસ સુધીનો અભ્યાસ કરીને શ્રી. ગિજુભાઈ હાઇકોર્ટ વકીલ થયા હતા. પરંતુ વકીલાતમાં તેમનુ દિલ ચોંટ્યું નહિ. શિક્ષણ તરફ તેમને સ્વાભાવિક રીતે પ્રેમ હતો. એ પ્રેમને પરિણામે તેઓ શ્રી નાનાભાઈ ભટ્ટે ભાવનગરમાં સ્થાપેલાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી-ભવનમાં જોડાયા. એ સંસ્થામાં શ્રી. ગિજુભાઇને સાચું ક્ષેત્ર મળી ગયું. તેમણે શિક્ષણશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો. એ અભ્યાસનો નિચોડ તેમણે ગ્રંથો રૂપે ઉતાર્યો એટલું જ નહિ પણ, શિક્ષણ આપવામાં પણ એનો ઉપયોગ કર્યો. આ અભ્યાસને પરિણામે તેમને, અત્યારે વિશ્વમાન્ય થઇ ચૂકેલી ડો. મેરીયા મોન્ટીસોરીની

બાલશિક્ષણની પ્રણાલિનો પરિચય થયો. એ પ્રણાલિકા બાલમાનસના પ્રખર અભ્યાસી શ્રી. ગિજુભાઇના હૈયે વસી ગઈ અને તેમણે મોન્ટીસોરી પદ્ધતિનો પ્રચારની પાછળ પોતાનુ સમગ્ર જીવન ખર્ચી નાખ્યું એટલું જ નહિ પણ એ પદ્ધતિને ગુજરાત ભરમાં પ્રચારીને તેમણે બાળકો માટે નવી જ દુનિયા રચી દીધી. ભાવિ નાગરિકોના માનસવિકાસમાં આ રીતે તેમણે ન કલ્પી શકાય એટલો મોટો ફાળો આપ્યો.

બાલકેળવણીના પ્રયોગોનો આરંભ

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં બાલ-મંદિરની સ્થાપના કરીને તેમણે આ શિક્ષણ પ્રણાલિનો પ્રયોગ શરૂ કર્યો. એ પ્રયોગને જે સફળતા મળી છે તેનું પ્રત્યક્ષ પ્રમાણ તો આજે ગુજરાતમાં, કાઠિયાવાડમાં, કચ્છમાં અને જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં ત્યાં, બાળ મંદિરોની સ્થાપના આજે થવા પામી છે અને અનેક સ્થળે તો શાળાઓમાં એ શિક્ષણપ્રથાનો સફળ રીતે અમલ થઈ ચૂકયો છે એના પરથી જ મળે છે. એટલું જ નહિ, શ્રી. ગિજુભાઇએ જાતે સ્થાને સ્થાને જઇને આ પદ્ધતિનું શાસ્ત્રીય જ્ઞાન આપ્યું છે અને દક્ષિણામૂર્તિમાં પણ આ પદ્ધતિનાં શિક્ષણ માટેની જોગવાઈ કરી આપીને, શિક્ષકો તેમજ શિક્ષિકાઓ પણ તૈયાર કરી આપ્યાં છે.

પચ્ચીસીની એમની સાહિત્ય સેવા

એમની સાહિત્ય સેવા લગભગ એક પચ્ચીસીની થવા જાય છે. ગુજરાતમાં શિક્ષણ-શાસ્ત્રને લગતાં પુસ્તકોનો અભાવ હતો. એ અભાવ તેમણે દૂર કર્યો છે અને એ શાસ્ત્રને લગતાં કેટલાંક વિચારણીય પુસ્તકોથી તેમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. મોન્ટીસોરી પદ્ધતિ અને ડોલ્ટન યોજના જેવી વિદેશોમાં સન્માન પામેલી શિક્ષણ પ્રણાલિઓને ગુજરાતમાં જાણીતી કરવામાં આ ગ્રંથોએ બહુ મૂલ્યવાન ફાળો આપેલો છે. શિક્ષણ વિષયક પ્રશ્નોની સાદી, સરળ અને બાલમાનસના અભ્યાસની દ્રષ્ટિએ છણાવટ કરતી 'શિક્ષણ પત્રિકા' નું સંપાદન વર્ષોથી તેઓ જ કરતા હતા. શિક્ષણ-શાસ્ત્રની તેમની આ સેવાઓ જ એવી છે કે, ગુજરાતના અગ્રણી શિક્ષણશાસ્ત્રીઓમાં તેમનું સ્થાન હમેશાં કાયમ રહેશે.

બાલસાહિત્યના આદ્યપ્રવર્તક

શિક્ષણશાસ્ત્રી તરીકેની તેમની સેવાઓને બાલમાનસના ઊંડા અભ્યાસ સાથે ઘણો સંબંધ છે. બાલમાનસના એ અભ્યાસે તેમને ગુજરા-તમાં બાલસાહિત્યનો વિકાસ કરવાને પ્રેર્યા. ખરી રીતે કહીએ તો ગુજરાતમાં બાળસાહિત્યને તેમણેજ જન્મ આપ્યો. બાળકોનો બુદ્ધિવિકાસ થાય, બાળકોને નિસર્ગની જુદી જુદી સૃષ્ટિઓનો પરિચય થાય અને રમત સાથે જ્ઞાન મળે એવું સાહિત્ય તેમણે સંશોધ્યું અને સર્જ્યું. એટલું જ નહિ પણ તેમની આસપાસના અનેકને તેમણે લખતા કર્યા. આજે ગુજરાતમાં બાલ-સાહિત્યનું જે જંગી સર્જન થઈ રહ્યું છે તેમાં શ્રી. ગિજુભાઇનો ફાળો સૌથી વિશેષ છે. બાલ-કોનાં મોઢામાં ગિજુભાઇનું નામ, ઘરમાંના માતાપિતા કે ભાઇબાંડુ જેટલું જ સહેલાઇથી રમતું થઇ શકયું છે. આમ બાળકોના દાદા

બનેલા ગિજુભાઈ વિના ગુજરાતનું બાલજગત જરૂર સુનું થયું છે.

ગુજરાતની કૃતજ્ઞતા

શ્રી દક્ષિણામૂર્તિમાં વીસ વર્ષ પર્યંત આજીવનસભ્ય તરીકે સેવા કર્યા પછી ત્રણ ચાર વર્ષ ઉપર જ ગિજુભાઇ નિવૃત્ત થયા. એ પ્રસંગે ગુજરાતનાં બાળકોની તેમણે કરેલી અનેક વિધ સેવાઓ માટે ગુજરાતમાનાં તેમના પ્રશંસકો વગેરે તરફથી તેમને દશ હજારની થેલી આપવામાં આવી હતી. આ થેલીનાં નાણાં તેમણે બાલકેળવણીના કામમાં જ ખર્ચવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આમ તેમણે જીવન-પર્યંત બાળકોનો જ વિચાર કર્યે રાખ્યો છે.

એમનું ચિરંજીવ સ્મારક

હરેક વખતે થાય છે તેમ, શ્રી. ગિજુભાઇનું સ્મારક કરવાનો આગ્રહ પણ થશે. પણ એવા આગ્રહની પાછળ હમેશાં ક્ષણિક ઉભરો જ જણાઇ આવે છે. અગાઉ સ્વ. દિ. બ. કેશવલાલ ધ્રુવ વગેરે પ્રખર વિદ્વાનોના સ્મારકની મોટી મોટી વાતો અને અપીલો થયા પછી, એનું પરિણામ શૂન્યમાં જ આવ્યું છે. સ્વ. નરસિંહરાવ માટે તો 'ગુજરાતે' 'નરસિંહરાવ અંક' પ્રકટ કરીને તેમને અંજલિ આપી હતી. જ્યારે દિ. બ. કેશવલાલ ધ્રુવ માટે તો એવો અંક પણ પ્રકટ કરવાનું અશકય બની ગયું હતું. આ સ્થિતિમાં સ્મારકની કોઇ વાત કરવી નકામી છે. અલબત્ત, શ્રી. ગિજુભાઇની પ્રેરણાની, ગુજરાત મહાગુજરાતમાં સ્થપાયલાં બાલમંદિરો અને એ બાલમંદિરોને પરિણામે નવી કેળવણી પામેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ એમના ચિરંજીવ સ્મારકો જ છે.

ગિજુભાઇ સર્વસંગ્રહ

છતાં 'જ. ભૂ.'ના 'કલમ કિતાબકાર' સ્વ. ગિજુભાઇનાં સ્મારક માટે કરેલી એક સૂચના સ્વીકારી લેવા જેવી છે. સ્વ. ગિજુભાઇએ લખેલાં જથાબંધ બાલસાહિત્યમાંથી, દરેક વિભાગને સ્પર્શતાં સાહિત્યમાંથી, 'સુવર્ણ તારવીને તેનો સંગ્રહ કરવાની એ સૂચના છે. શ્રી ગિજુભાઇ બાલસાહિત્ય સર્વ સંગ્રહ જેવો એ ગ્રંથ. આપણા બાલસાહિત્યનાં નવનીતરૂપ બની રહેશે એમાં શંકા નથી. શ્રી. ગિજુભાઇના ભક્તોએ આ સૂચનાને વધાવી લેવી જોઇએ.

(પ્રતાપ)

સ્વ. ગિજુભાઈ

સ્વ. ગિજુભાઇ સ્મારક અંક કાઢવાની યોજના કરી છે તે જાણી ઘણો સંતોષ થયો. મારી તરફથી તેમાં અંજલિ આપવા પ્રેરાઉં છું. જે ભાઇએ સમસ્ત ગુજરાતનાં માબાપ અને શિક્ષકોને બાલકોનું સાચું સ્થાન દર્શાવવા અને તેમનો સર્વદેશીય વિકાસ સાધવા માટે જીવન સમર્પણ કર્યું તેમનું જીવ્યું સાર્થક થયું છે એ નિઃસંશય છે. હવેનાં ને ભવિષ્યનાં બાલકો તેમનાં સદા ઋણી રહેશે. પ્રજાનો દૃષ્ટિકોણ બાળકોના સંબંધમાં બદલવાનું ભગીરથ કામ તેમણે આરંભેલું અને તેમાં સફળતા મેળવી એ યશ જેવો તેવો નથી. તેમના આત્માને શાંતિ મળો એ પ્રાર્થના છે.

લી. વિદ્યાબહેન ર. નીલકંઠ.

સ્વ. ગિજુભાઈનાં આછાં આછાં સ્મરણો

તખ્તેશ્વરની ટેકરી આસપાસનું મનોહર સૃષ્ટિ સૌંદર્ય, શુદ્ધ થંડા પવનની લહરીઓ, દૂર દૂર નજર નાંખી શકાય તેવે સ્થળે આવેલું બાલમંદિર, તેમાં હસતાં, રમતાં કૂદતાં, અને ગણુગણ કરતાં બાળકોને જોઈને કોનાં મનને આનંદ ન થાય?

બાલમંદિરની અંદર જઈને જુઓ તો કોઈ વાંચવામાં, કોઈ ચિત્ર કરવામાં, કોઈ સંગીતની ધૂનમાં, તો કોઈ નિર્દોષ રમત રમવામાં, એમ સૌ પોત પોતાને અનુકૂળ કામ કરવામાં ગુંથાયેલા નજરે પડે છે. ટૂંકામાં આ બાલમંદિરમાં અભ્યાસ કરતા બાળકુસુમો કુદરતની સાથે એકતાન થઈને વિકસતા હોય તેવું જોવામાં આવે છે.

કયાં એ શહેરની ગંદી ગલીઓમાં આવેલી અંધારીઆવાળી બાળશાળાઓ, કયાં એ મેલાઘેલાં દેખાતાં બાળકો, અને કયાં એ બાળકોને ત્રાસ રૂપ થઈ પડતા શિક્ષકો! તખ્તેશ્વરનું બાલમંદિર મન ઉપર કોઈ અનોખી છાપ પાડે છે. કેટલાંએ બાળકો તથા માબાપોને માટે એ મંદિર આશીર્વાદ સમું અને પ્રિય થઇ પડેલું છે.

ગિજુભાઈનો બચું (નરેન્દ્ર) શાળાને માટે યોગ્ય ઉંમરનો થયો, અને ગિજુભાઈના મનમાં તેનાં શિક્ષણનો પ્રશ્ન ઊભો થયો. ગામની શાળામાં તેને શી રીતે મોકલી શકાય? બચુને તો ઘર આગળ જ શિક્ષણ આપવું જોઈએ. આ વિચારની સાથે જ ગિજુભાઈએ બાલ-માનસ અને બાલકેળવણીનો અભ્યાસ કરવાની શરૂઆત કરી. અને એક સભ્ય ગૃહસ્થની મદદથી ભાવનગરનાં તીર્થ ક્ષેત્ર સમા બાલમંદિરની સ્થાપના કરી.

ગિજુભાઈના આ પ્રથમ વિચાર રૂપી અંકુરમાંથી આજ ગુજરાત કાઠિયાવાડનાં અનેક બાલમંદિરો રૂપી વૃક્ષ ઊભાં થયા છે, ગિજુભાઈની પાસે જ તાલીમ પામેલા અનેક અધ્યાપકો તેનું પોષણ કરે છે, અને અનેક બાળકો શિક્ષણની નવી પદ્ધતિ (મોન્ટીસોરી)નાં ફળનો સ્વાદ લઇ રહ્યા છે.

આજથી પા સદી પહેલાં ગુજરાત કાઠિયાવાડની કોઇ કોઇ શાળાઓનાં બાળકોને કિન્ડરગાર્ટન પદ્ધતિ પ્રમાણે શિક્ષણ આપવામાં આવતું હતું. એ અરસામાં મેડમ મોન્ટીસોરીની બાલશિક્ષણ પદ્ધતિનો થોડો થોડો અવાજ હિન્દુસ્તાન સુધી પહોંચ્યો હતો, અને ગિજુભાઇએ તે અવાજને ઝીલી લીધો. હિન્દુસ્તાનનાં બાળકોને અનુકૂળ એવો મોન્ટીસોરી પદ્ધતિમાં ફેરફાર કરીને ગિજુભાઇએ બાલશિક્ષણનો એક નવો ક્રમ તૈયાર કર્યો છે, જેને "ગિજુભાઈ પદ્ધતિ" તરીકે સારી રીતે ઓળખાવી શકાય.

ગિજુભાઇએ બાલશિક્ષણ ઉપર નાનાં મોટાં ઘણાં સ્વતંત્ર પુસ્તકો તૈયાર કરી ગુજરાતી બાલમના શિક્ષણશાસ્ત્રીઓને ચરણે ધર્યાં છે. તે ઉપરના વિચારની સાક્ષી પૂરે છે:

બાલક એ પ્રભુની મહાન બક્ષિસ છે અને

બાળક આવતી કાલનાં સમાજનો પિતા છે, માટે બાલમાનસને અનુકૂળ હોય તેવું શિક્ષણ બાલશાળાઓમાં અપાવું જોઇએ એ પહેલાં ગિજુભાઈએ જોયું અને બીજાને તે પ્રમાણે જોતાં કર્યા છે.

મોન્ટીસોરી પદ્ધતિનો બૃહદ્ ગુજરાતમાં ફેલાવ કરવાના ઉદ્દેશથી ગિજુભાઈએ "મોન્ટીસોરી સંઘ" ની સ્થાપના કરીને શ્રીમતી તારાબહેનનાં સહકારથી "શિક્ષણ પત્રિકા" નામનું માસિક શરૂ કર્યું છે. આજે ૧૪ વર્ષથી આ માસિક નિયમિત રીતે બાલકેલવણીમાં રસ લેતાં માબાપો, શિક્ષકો અને બાળકોને માટે સુંદર વાંચન પુરૂં પાડે છે.

બાલસૃષ્ટિમાં આજે સૌથી વધારે કોઈ નામ જાણીતું થયું હોય તો તે ગિજુભાઇનું છે.

ગિજુભાઇ આપણી વચ્ચે રહ્યા નથી પરંતુ બાલકેલવણી ઉપર લખેલાં તેમનાં પુસ્તકો (જેમાં બાળનાટકો, બાળવાર્તા, પ્રવાસ વર્ણન, પ્રાણીવર્ણન, પક્ષીવર્ણન, વનસ્પતિ વર્ણન, સૃષ્ટિ સૌન્દર્યનું વર્ણન, બાળકહેવતો, અને મહાન પુરૂષોનાં જીવનચરિત્રોનો સમાવેશ થાય છે.) અને તેમની પ્રેરણાંથી ઠેકાણે ઠેકાણે સ્થપાયેલાં બાલમંદિરો મોજુદ છે અને તે રીતે તેમની યાદગીરી અમર થઇ ગઇ છે.

ગિજુભાઇ માત્ર શિક્ષણશાસ્ત્રી નહોતા, તેમનામાં ઊંડી ધાર્મિકભાવના હતી. તેમને મન ધર્મ એટલે માત્ર Religion નહીં પરંતુ ફરજ અને સેવા પણ એટલાંજ મહત્વનાં હતા. તેમની કાર્યકર શક્તિ, વ્યવસ્થા શક્તિ, નિડરતા અને નિયમીતપણે કામ કરવાની ટેવથી તેમની સાથે કામ કરનારાઓ હમેશાં મુગ્ધ બનતા અને તેમનાં ગુણોનાં મુક્તકંઠે વખાણ કર્યા વિના રહી શકતા નહિ. ગિજુભાઈ નાનાં સાથે નાનાં અને મોટાં સાથે મોટા થઈ શકતા. બાલમંદિરમાં નાના વિદ્યાર્થીઓ સાથે એકતાન થઇને નાચ કરનારા ગિજુભાઇ અને અધ્યાપનમંદિરમાં શિક્ષણશાસ્ત્ર ઉપર પ્રવચન કરતા ગિજુભાઈ કોઈ અજબ પ્રકારનાં જણાઈ આવતા હતા.

ગિજુભાઈનામાં ધાર્મિક સંસ્કાર તેમનાં માતુશ્રી અને મોસાળ પક્ષમાંથી ઉતરી આવેલાં હતા. જ્યારે તેમની જીણવટથી કામ કરવાની ટેવ અને વકીલોને સહજ એવી લડાયક શક્તિ (Fighting Spirit) તેમનાં પિતા તરફથી ઉતરી આવેલાં હતા, ગિજુભાઈનાં પિતા વકીલ હતા.

ગિજુભાઈની સાહસિક વૃત્તિ તેમને ઈસ્ટ આફ્રિકા સુધી લઇ ગઇ. આફ્રિકાનાં તેનાં બે વર્ષના રહેવાસ દરમ્યાન તેઓએ એક અંગ્રેજ સોલીસીટરની ઓફિસમાં કામ કર્યું. દેશમાં પાછા આવ્યા પછી તેમને વકીલાતનો ધંધો કરવાની ઈચ્છા થઇ એટલે ઉત્તરોત્તર ડીસ્ટ્રીક્ટ પ્લીડર અને હાઈકોર્ટ પ્લીડરોની પરીક્ષા ઊંચે નંબરે પસાર કરી વઢવાણમાં વકીલાતનો ધંધો શરૂ કર્યો. ગિજુભાઈનું મૂળ વતન વળા. તેમનાં પિતાએ ઘણાં વર્ષો પૂર્વે વકીલાતની શરૂઆત કરેલી અને ગિજુભાઇએ પણ અણધારી રીતે વઢવાણમાં જ વકીલાતનો ધંધો કરવા માંડ્યો. થોડાજ વખતમાં ગિજુભાઇ જેવા સરળ પ્રકૃતિના માણસ માટે વકીલાતનો અટપટો ધંધો કરવાનું કઠણ થઇ પડ્યું.

એ અરસામાં ભાવનગરમાં શ્રી દક્ષિણા-મૂર્તિ વિદ્યાર્થીભવનની સ્થાપના થઇ. આ સંસ્થાનાં આદ્ય ચાલકો માંહેના એક તેમના મામા સ્વ. હરગોવિંદભાઇ હતા. ગિજુભાઇનો તેમનાં મામા પ્રત્યે અપૂર્વ પૂજ્યભાવ, માન, અને શ્રદ્ધા, એટલે, તેમનાં મામાએ ગુરૂકુળની પરંપરા પર સ્થાપેલી દક્ષિણામૂર્તિની સંસ્થામાં જોડાઇ શિક્ષકનો ધંધો કરવાનું ગિજુભાઇને વધારે પસંદ પડયું. તેમણે વકીલાતનો ધંધો ક્યાયમ રાખ્યો હોત તો પૈસાની દૃષ્ટિએ તેઓ વધારે સુખી અને સુસંપન્ન હોત, પરંતુ દક્ષિણામૂર્તિમાં આજીવન સભ્ય તરીકે જોડાયા પછી લોક કલ્યાણનાં તેમણે જે જે કાર્યો કર્યા તેમાંથી કેટલું થઇ શકયું હોત તે કહેવું મુશ્કેલ છે.

આજીવન સભ્ય તરીકેનો તેમનો ૨૦ વર્ષનો સમય પુરો થતાં તેઓ સંસ્થામાંથી નિવૃત્ત થયા. દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થયા પછી તેમનાં કાર્યપ્રદેશને વધારે વિસ્તૃત બનાવવાનો અને પોતાની દરેક શક્તિઓનો બાલકેળવણીનાં ક્ષેત્રમાં ભોગ આપવાનો તેમણે નિર્ણય કરેલો.

ઇશ્વરે તેમને માટે આ દુનિયામાંથી ટૂંક સમયમાં ચાલ્યા જવાનું નિર્માણ કર્યું હશે તેવું તેમણે ધાર્યું નહિ હોય, તેમજ બીજા કોઇની કલ્પનામાં પણ આવ્યું નહિ હોય.

ગિજુભાઇ તો ગયા, અને અમર થઇ ગયા. બાલકેળવણીમાં રસ લેનાર આબાલવૃદ્ધ સ્ત્રી પુરૂષોની હવે ફરજ ઊભી થાય છે કે ગિજુભાઇ એ ૨૦ વર્ષ સુધી સતત પરિશ્રમ કરી બાલકેળવણીનું જે કામ ઉપાડેલું છે તે આગળ વધારે અને એ રીતે તેમના આત્માને સંતોષ પમાડે.

પરમાત્મા ગિજુભાઇના આત્માને અનંત શાન્તિ આપો.

ભાવનગર
૧૫-૭-૩૯ } હીરાલાલ હરગોવિંદ પંડયા

સ્વ. પૂ. ગિજુભાઇનું કેટલુંએક કાર્ય

તેમના હસ્તક શરૂ થએલ પ્રવૃત્તિઓ.

૧ બાલમંદિરો
૨ અધ્યાપનમંદિર
૩ મોન્ટીસોરી સંઘ
૪ શિક્ષણ પત્રિકા
૫ બાલસાહિત્ય
૬ બાલપુસ્તકાલયો
૭ અક્ષરજ્ઞાન યોજના
૮ વસંત બાલશિક્ષણ પ્રચાર
૯ બાલસંઘો
૧૦ વાનરસેના
૧૧ નિરીક્ષણ-પરિક્ષણ (બાલમંદિર, પ્રાથમિક-શાળા, કન્યાશાળા વગેરેનાં)
૧૨ બાલક્રીડાંગણો
૧૩ બાલસંમેલનો તથા બાલપ્રદર્શનો

કામના આંકડા—

બાલમંદિરો ૭૫ આશરે
અધ્યાપનમંદિરો ઈ. સ. ૧૯૨૩ થી ઇ. સ. ૧૯૩૯ સુધી
તૈયાર થએલ શિષ્યો ૬૦૦ થી વધારે

તેમનું લખેલ સાહિત્ય

કિશોર તથા કુમાર સાહિત્ય	પુસ્તકો

શિક્ષણ સાહિત્ય	૨૭	,,
બાલસાહિત્ય	૧૨૦	,,
અક્ષરજ્ઞાન સાહિત્ય	૪	,,
અંગ્રેજીસાહિત્ય	૧	,,
પરચુરણ ,,	૧	,,

પરચુરણ—

૧ તેમને ગલીઆરા પ્રાઈઝ મળ્યું.

૨ તેમને રણજીતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો.

૩ તેમને દ્વિતિય મોન્ટીસોરી સંમેલનનાં પ્રમુખ બનાવવામાં આવેલા. (૧૯૨૯)

૪ તેમને અખિલહિન્દ બાલપરિષદના (બાલક-નજી બારીના) ત્રીજા અધિવેશનના પ્રમુખ (હૈદ્રાબાદ સિંધ ખાતે) કરવામાં આવેલા નવેમ્બર ૧૯૩૬.

૫ તેમનાં કેટલાંક પુસ્તકોનું હિન્દીમાં ભાષાંતર થએલું છે.

૬ "ગિજુભાઇ સન્માન સમારંભ" નો પ્રસંગ ૧૯૩૭ માં અમદાવાદમાં ઉજવાયો અને તેમને રૂા. ૧૧૦૦૦) ની થેલી બાળકોના કામમાં વાપરવા માટે અર્પણ થઇ.

વિષ્ણુપ્રસાદ જ. ભટ્ટ.

સ્વ. ગિજુભાઇ

ગિજુભાઇના અવસાનના સમાચાર છાપામાં વાંચ્યાને મોંમાંથી અરેરાટી નીકળી પડી. એમની માંદગીના સમાચાર પણ છાપામાંથી જ જાણેલા.

આજે ગિજુભાઇના મૃત્યુએ મારીને એમની વચ્ચેના જૂના સ્નેહ સંબંધની નાની નાની સ્મૃતિઓ પરથી એક અંધારપરદો ઉચકી લીધો છે. ને છેક ૧૯૧૭માં ઔદીચ્ય બોર્ડીંગના એક વિદ્યાર્થીના અવસાન પ્રસંગે રાત્રિએ સ્મશાનેથી પાછા વળતાં મને ગિજુભાઇ પોતાને ઘેર જમવા તેડી ગયા, ત્યાર વેળાની યાદ હજી થાય છે.

હું ગિજુભાઇનો મિત્ર ન હોતો, નિકટનો સ્નેહી પણ ન કહી શકાઉં, છતાં એમની મમતાનો સ્વાદ પણ મેં સારી પેઠે ચાખ્યો છે. અમે સાથે બેસી ઘણા ઘણા આનંદ-થાળ વહેંચી બાધા છે.

છેલ્લા પોતે કચ્છ જતાં હતા ત્યારે મને મારા ઘેરથી ચહા લઇ બાસ બોટાદ સ્ટેશને તેડાવ્યો હતો. સ્ટેશને તો ચહા ઘણી મળતી હતી. પણ મારા પ્રત્યેની ઊંડી મમતા વ્યક્ત કરવાનું આ તેમનું એક પ્રયોજન હતું.

આજે આ નાની-કેટલીક તો કદાચ નજીવી-સ્મૃતિઓ તાજી થતાં હું પણ છાનું છાનું દિલદર્દ અનુભવું છું.

વિશેષ તો મારા નેત્રો સાથે હવે તો એમને સ્મૃતિપ્રદેશમાંજ શોધવા રહ્યા!

રાણપુર
તા. ૨૭-૬-૩૯ } ઝવેરચંદ મેઘાણી.

પ્રથમ સ્વયંસ્ફૂરિત સર્જન

સંવત ૧૯૭૫ની સાલમાં બાલમંદિર ઉઘડ્યું એ વખતે નહોતું એને પોતાનું મકાન કે નહોતાં પૂરાં સાધન સામગ્રી. હતાં થોડાં એક મોન્ટીસોરી સાધનો અને નીલમબાગ પેલેસમાંથી આવેલાં થોડાંએક રમકડાં અને ચિત્રો. તે વખતે ન હતા બાલમંદિરને પૂરો સ્ટાફ કે ન હતી બાલશિક્ષણની કોઇને જાણ.

પણ હતા એક ગિજુભાઈ. જે પોતે તે વખતે તો મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી છતાં પણ તેમણે તે વખતથી જ અધ્યાપનમંદિરની સ્થાપના કરી દીધેલી. એ પોતે પુસ્તકો વાંચતા જાય, પ્રયોગો કરતા જાય અને સાથેના શિક્ષકોને સમજાવતા જાય. તે વખતની તેમની અખૂટ શ્રદ્ધા તો તેમની સાથે કામ કરનારાજ જાણે.

એક બાળક હતું. તે બાળમંદિર સામે જોયા સિવાય તેના પગથીયા પર બેસી રહેતું. ગિજુભાઇ તેનું અવલોકન કર્યા કરતા. મને અવલોકન કરતાં મૂંઝવણ થતી કે આ બાળક કંઇજ કરતું નથી, તો પછી તેને કંઇક કામ આપવું જોઇએ. હું ગિજુભાઇ સાથે ચર્ચા કરૂં ને કહું કે આનું શું કરશું? ગિજુભાઈ કહે કે:—'આ મોન્ટીસોરી પદ્ધતિમાં તો તમારે અને મારે ધીરજ રાખ્યેજ છૂટકો.' અવલોકન કર્યા કરો. લગભગ છ માસથી બાળક આવે ખરૂં પણ એજ સ્થિતિમાં બેસી રહે.

છેવટ એક દિવસ એ બાળક ઓરડામાં આવ્યું. આવ્યું તો આવ્યું પણ એકદમ ચોક અને પાટીયું લઈ તે લખવાજ માંડ્યું. એકજ અક્ષર 'ભ' 'ભ' લખ્યાજ કરે, લખ્યાજ કરે. તે દિવસે ગિજુભાઈના આનંદનો પાર ન હતો. તેમણે તે પાટીયાં ફોટોગ્રાફરને ત્યાં મોકલી તેના ફોટા લેવરાવ્યા અને મને કહેવા લાગ્યા કે:—'આજે મને મોન્ટીસોરી પદ્ધતિની ચાવી હાથ લાગી છે.' તે દિવસે તેમને જાણે આત્મદર્શન થયું હોય તેટલો આનંદ થયો.

ત્યાર પછી તેમણે આવાં સ્વયંસ્ફૂરિત કામોનાં ઘણાંય દર્શનો મને કરાવ્યાં અને મને પણ અત્યાર સુધી નહોતું સમજાયું તે સમજાયું કે:—'મોન્ટીસોરી પદ્ધતિ એટલે બાળકના સ્વાતંત્ર્ય સ્વયંસ્ફૂરિત સર્જનની પદ્ધતિ'

ગિજુભાઈનાં સંસ્મરણોનો તો કાંઈ પાર આવે એમ નથી. તેઓ બાળકોના બેલી તરીકે તો પ્રસિદ્ધ થયા છે, પણ તેઓ બીજી રીતે બહેનોના બેલી—સાચા વીરા હતા. ગમે તે બહેનો તેમની પાસે જાય. જરા પણ ક્ષોભ વગર બહેનો તેમને ખરી વાત મૂંઝવણ કહે. સલાહ સૂચના માગે અને ગિજુભાઇ પણ તેમને સાચી સલાહ સૂચના આપવામાં સ્થળ કે સમયની દરકાર ન કરે. ગમે તે વિષયમાં મૂંઝાયલી કેટલીએ બહેનોને ગિજુભાઇના તરફથી સાચું દિશાસૂચન મળ્યું છે.

બાળશિક્ષણની બાબતમાં તેમણે અજબ કામ કર્યું છે એ કહેવાની જરૂર જ નથી. પણ જે કામ સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણ પંથનો પ્રચાર કરી કેટલાંય અભણ અને જડ માણસોને સંસ્કારી કર્યા હતાં; તેવું જ કામ

ગિજુભાઈએ બાલશિક્ષણમાં કર્યું છે. કેટલાંય અભણ અને જડ જેવાં ભાઈ બહેનોને સાચું બાલ શિક્ષણનું જ્ઞાન આપી ઊંચે ચડાવ્યાં છે. અને આજે બૃહદ્ ગુજરાતમાં જ્યાં જોશો ત્યાં નૂતન બાલશિક્ષણ અધ્યાપનમંદિરના શિક્ષકો નજરે પડે છે. લગભગ સાતસોથી આઠસો શિક્ષકો તેમણે તૈયાર કર્યા છે. એ નોંધ તો બીજા ઘણા અને ઘણી રીતે લેશે.

ગિજુભાઇનો દેહ તો ગયો છે પણ આત્મા અમર છે. જ્યાં તેમનો આત્મા હોય ત્યાં તેમને મારી સ્મરણાંજલિ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો. **નર્મદાબહેન રાવલ.**

ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કયું નહિ?

એક વખત દક્ષિણામૂર્તિનાં બાલસંમેલનમાં બાળનાટકો ભજવાતાં હતાં. વાણીયાની જાન પરણીને પાછી વળતી હતી. સાથે એક આરબ હતો. આરબનો વેશ શ્રી. ગિજુભાઈએ લીધો હતો.

જાનનાં ગાડાં જતાં હતાં. હાથમાં ઉઘાડી તરવારે આરબ તેની પાછળ ચાલતો હતો. જાનનાં ગાડાં ઉતાવળે ચાલે–દોડે; આરબ વધારે પાછળ પડે. વાણીયા તાણુ કરીને કહે કે 'ચાઉસ બેઠ જાઓ,' આરબ કહે 'નહિ હમ તો ચલેંગે.' એમ વાણીયાતાણુ અને આરબનું ઉંહું ચાલતું હતું. પણ આરબ ધીમે ધીમે વધારે પાછળ પડતો જતો હતો, તેથી તે કંટાળતો હતો, પગ થાકતા જતા હતા અને તે કળવા માંડયા હતા. તેમ તેમ આરબ વધારે ને વધારે ખીજતો હતો. છેવટે આરબથી એ સહન થયું નહિ. એટલે પેલી ઉઘાડી તરવાર જ પોતાના પગમાં ઘોંચીને કહેવા લાગ્યો કે સાલે! ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કયું નહિ?' એમ કહી પગને જખમી કર્યો. વાણીયાઓને આ ખબર પડી, તેમણે આરબને વધારે જખમી થતાં અટકાવ્યો અને તેને ઉપાડીને પરાણે ગાડામાં નાખ્યો.

* *

પૂજ્ય શ્રી. ગિજુભાઇએ દક્ષિણામૂર્તિનું આજીવનસભ્યપદ આરબપણું સ્વીકાર્યું હતું. બાલમંદિર ઉઘાડીને બાલશિક્ષણનો આદર્શ સેવ્યો હતો. દક્ષિણામૂર્તિના એજ આરબે છેવટ પોતાના દેહની આહુતિ આપીને બાલશિક્ષણની સાધનામાં પોતાનો પ્રાણ–આત્મા ઉમેર્યો છે.

પૂજ્ય ગિજુભાઈની સાધનામાં આપણે સર્વ બાલશિક્ષણમાં પ્રગતિકાર્ય કરતાં રહીને જ તેમના આત્માને શાંતિ આપવાની પરમાત્માને પ્રાર્થના કરીએ. **अस्तु.**

અનુભાઇ મોરારજી ભટ્ટ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

પ્રથમ સ્વયંસ્ફૂરિત સર્જન

સંવત ૧૯૭૫ની સાલમાં બાલમંદિર ઉઘડ્યું એ વખતે નહોતું એને પોતાનું મકાન કે નહોતાં પૂરાં સાધન સામગ્રી. હતાં થોડાં એક મોન્ટીસોરી સાધનો અને નીલમબાગ પેલેસમાંથી આવેલાં થોડાંએક રમકડાં અને ચિત્રો. તે વખતે ન હતા બાલમંદિરને પૂરો સ્ટાફ કે ન હતી બાલશિક્ષણની કોઇને જાણ.

પણ હતા એક ગિજુભાઈ. જે પોતે તે વખતે તો મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી છતાં પણ તેમણે તે વખતથી જ અધ્યાપનમંદિરની સ્થાપના કરી દીધેલી. એ પોતે પુસ્તકો વાંચતા જાય, પ્રયોગો કરતા જાય અને સાથેના શિક્ષકોને સમજાવતા જાય. તે વખતની તેમની અખૂટ શ્રદ્ધા તો તેમની સાથે કામ કરનારાજ જાણે.

એક બાળક હતું. તે બાળમંદિર સામે જોયા સિવાય તેના પગથીયા પર બેસી રહેતું. ગિજુભાઇ તેનું અવલોકન કર્યા કરતા. મને અવલોકન કરતાં મૂંઝવણ થતી કે આ બાળક કંઇજ કરતું નથી, તો પછી તેને કંઇક કામ આપવું જોઇએ. હું ગિજુભાઇ સાથે ચર્ચા કરું ને કહું કે આનું શું કરશું? ગિજુભાઈ કહે કેઃ—' આ મોન્ટીસોરી પદ્ધતિમાં તો તમારે અને મારે ધીરજ રાખ્યેજ છૂટકો.' અવલોકન કર્યા કરો. લગભગ છ માસથી બાળક આવે બરૂં પણ એજ સ્થિતિમાં બેસી રહે.

છેવટ એક દિવસ એ બાળક ઓરડામાં આવ્યું. આવ્યું તો આવ્યું પણ એકદમ ચોક અને પાટીયું લઈ તે લખવાજ માંડ્યું. એકજ અક્ષર 'ભ' 'ભ' લખ્યાજ કરે, લખ્યાજ કરે.

તે દિવસે ગિજુભાઈના આનંદનો પાર ન હતો. તેમણે તે પાટીયાં ફોટોગ્રાફરને ત્યાં મોકલી તેના ફોટા લેવરાવ્યા અને મને કહેવા લાગ્યા કેઃ—' આજે મને મોન્ટીસોરી પદ્ધતિની ચાવી હાથ લાગી છે.' તે દિવસે તેમને જાણે આત્મદર્શન થયું હોય તેટલો આનંદ થયો.

ત્યાર પછી તેમણે આવાં સ્વયંસ્ફૂરિત કામોનાં ઘણાંય દર્શનો મને કરાવ્યાં અને મને પણ અત્યાર સુધી નહોતું સમજાયું તે સમજાયું કેઃ—' મોન્ટીસોરી પદ્ધતિ એટલે બાળકના સ્વાતંત્ર્ય સ્વયંસ્ફૂરિત સર્જનની પદ્ધતિ'

ગિજુભાઈનાં સંસ્મરણોનો તો કાંઈ પાર આવે એમ નથી. તેઓ બાળકોના બેલી તરીકે તો પ્રસિદ્ધ થયા છે, પણ તેઓ બીજી રીતે બહેનોના બેલી—સાચા વીરા હતા. ગમે તે બહેનો તેમની પાસે જાય. જરા પણ ક્ષોભ વગર બહેનો તેમને બરી વાત મૂંઝવણ કહે. સલાહ સૂચના માગે અને ગિજુભાઇ પણ તેમને સાચી સલાહ સૂચના આપવામાં સ્થળ કે સમયની દરકાર ન કરે. ગમે તે વિષયમાં મૂંઝાયલી કેટલીએ બહેનોને ગિજુભાઇના તરફથી સાચું દિશાસૂચન મળ્યું છે.

બાળશિક્ષણની બાબતમાં તેમણે અજબ કામ કર્યું છે એ કહેવાની જરૂર જ નથી. પણ જે કામ સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણ પંથનો પ્રચાર કરી કેટલાંય અભણ અને જડ માણસોને સંસ્કારી કર્યા હતાં; તેવું જ કામ

ગિજુભાઈએ બાલશિક્ષણમાં કર્યું છે. કેટલાંય અભણ અને જડ જેવાં ભાઈ બહેનોને સાચું બાલ શિક્ષણનું જ્ઞાન આપી ઊંચે ચડાવ્યાં છે. અને આજે બૃહદ્ ગુજરાતમાં જ્યાં જોશો ત્યાં નૂતન બાલશિક્ષણ અધ્યાપનમંદિરના શિક્ષકો નજરે પડે છે. લગભગ સાતસોથી આઠસો શિક્ષકો તેમણે તૈયાર કર્યા છે. એ તો બીજા ઘણા અને ઘણી રીતે લેશે.

ગિજુભાઈનો દેહ તો ગયો છે પણ આત્મા અમર છે. જ્યાં તેમનો આત્મા હોય ત્યાં તેમને મારી સ્મરણાંજલિ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો. **નર્મદાબહેન રાવલ.**

ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કુયું નહિ?

એક વખત દક્ષિણામૂર્તિનાં બાલસંમેલનમાં બાળનાટકો ભજવાતાં હતાં. વાણીયાની જાન પરણીને પાછી વળતી હતી. સાથે એક આરબ હતો. આરબનો વેશ શ્રી. ગિજુભાઈએ લીધો હતો.

જાનનાં ગાડાં જતાં હતાં. હાથમાં ઉઘાડી તરવારે આરબ તેની પાછળ ચાલતો હતો. જાનનાં ગાડાં ઉતાવળે ચાલે–દોડે; આરબ વધારે પાછળ પડે. વાણીયા તાણ કરીને કહે કે 'ચાઉસ બેઠ જાઓ,' આરબ કહે 'નહિ હમ તો ચલેંગે.' એમ વાણીયાતાણ અને આરબનું ઉંહું ચાલતું હતું. પણ આરબ ધીમે ધીમે વધારે પાછળ પડતો જતો હતો, તેથી તે કંટાળતો હતો. પગ થાકતા જતા હતા અને તે કળવા માંડયા હતા. તેમ તેમ આરબ વધારે ને વધારે ખીજતો હતો. છેવટે આરબથી એ સહન થયું નહિ. એટલે પેલી ઉઘાડી તરવાર જ પોતાના પગમાં ઘોંચીને કહેવા લાગ્યો કે સાલે! ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કુયું નહિ?' એમ કહી પગને જખમી કર્યો. વાણીયાઓને આ ખબર પડી, તેમણે આરબને વધારે જખમી થતાં અટકાવ્યો અને તેને ઉપાડીને પરાણે ગાડામાં નાખ્યો.

* *

પૂજ્ય શ્રી. ગિજુભાઈએ દક્ષિણામૂર્તિનું આજીવનસભ્યપદ આરબપણું સ્વીકાર્યું હતું. બાલમંદિર ઉઘાડીને બાલશિક્ષણનો આદર્શ સેવ્યો હતો. દક્ષિણામૂર્તિના એજ આરબે છેવટ પોતાના દેહની આહુતિ આપીને બાલશિક્ષણની સાધનામાં પોતાનો પ્રાણ–આત્મા ઉમેર્યો છે.

પૂજ્ય ગિજુભાઈની સાધનામાં આપણે સર્વ બાલશિક્ષણમાં પ્રગતિકાર્ય કરતાં રહીને જ તેમના આત્માને શાંતિ આપવાની પરમાત્માને પ્રાર્થના કરીએ. **अस्तु.**

અનુભાઈ મોરારજી ભટ્ટ

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

પ્રથમ સ્વયંસ્ફૂરિત સર્જન

સંવત ૧૯૭૫ની સાલમાં બાલમંદિર ઉઘડ્યું એ વખતે નહોતું એને પોતાનું મકાન કે નહોતાં પૂરાં સાધન સામગ્રી. હતાં થોડાં એક મોન્ટીસોરી સાધનો અને નીલમબાગ પેલેસમાંથી આવેલાં થોડાંએક રમકડાં અને ચિત્રો. તે વખતે ન હતા બાલમંદિરને પૂરો સ્ટાફ કે ન હતી બાલશિક્ષણની કોઇને જાણ.

પણ હતા એક ગિજુભાઈ. જે પોતે તે વખતે તો મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી છતાં પણ તેમણે તે વખતથી જ અધ્યાપનમંદિરની સ્થાપના કરી દીધેલી. એ પોતે પુસ્તકો વાંચતા જાય, પ્રયોગો કરતા જાય અને સાથેના શિક્ષકોને સમજાવતા જાય. તે વખતની તેમની અખૂટ શ્રદ્ધા તો તેમની સાથે કામ કરનારાજ જાણે.

એક બાળક હતું. તે બાળમંદિર સામે જોયા સિવાય તેના પગથીયા પર બેસી રહેતું. ગિજુભાઇ તેનું અવલોકન કર્યા કરતા. મને અવલોકન કરતાં મૂંઝવણ થતી કે આ બાળક કંઇજ કરતું નથી, તો પછી તેને કંઇક કામ આપવું જોઇએ. હું ગિજુભાઇ સાથે ચર્ચા કરું ને કહું કે આનું શું કરશું? ગિજુભાઈ કહે કેઃ—'આ મોન્ટીસોરી પદ્ધતિમાં તો તમારે અને મારે ધીરજ રાખ્યેજ છૂટકો.' અવલોકન કર્યા કરો. લગભગ છ માસથી બાળક આવે બરૂં પણ એજ સ્થિતિમાં બેસી રહે.

છેવટ એક દિવસ એ બાળક ઓરડામાં આવ્યું. આવ્યું તો આવ્યું પણ એકદમ ચોક અને પાટીયું લઈ તે લખવાજ માંડ્યું. એકજ અક્ષર 'ભ' 'ભ' લખ્યાજ કરે, લખ્યાજ કરે.

તે દિવસે ગિજુભાઇના આનંદનો પાર ન હતો. તેમણે તે પાટીયાં ફોટોગ્રાફરને ત્યાં મોકલી તેના ફોટા લેવરાવ્યા અને મને કહેવા લાગ્યા કેઃ—'આજે મને મોન્ટીસોરી પદ્ધતિની ચાવી હાથ લાગી છે.' તે દિવસે તેમને જાણે આત્મદર્શન થયું હોય તેટલો આનંદ થયો.

ત્યાર પછી તેમણે આવાં સ્વયંસ્ફૂરિત કામોનાં ઘણાંય દર્શનો મને કરાવ્યાં અને મને પણ અત્યાર સુધી નહોતું સમજાયું તે સમજાયું કેઃ—'મોન્ટીસોરી પદ્ધતિ એટલે બાળકના સ્વાતંત્ર્ય સ્વયંસ્ફૂરિત સર્જનની પદ્ધતિ'

ગિજુભાઈનાં સંસ્મરણોનો તો કાંઈ પાર આવે એમ નથી. તેઓ બાળકોના બેલી તરીકે તો પ્રસિદ્ધ થયા છે, પણ તેઓ બીજી રીતે બહેનોના બેલી—સાચા વીરા હતા. ગમે તે બહેનો તેમની પાસે જાય. જરા પણ ક્ષોભ વગર બહેનો તેમને બરી વાત મૂંઝવણ કહે. સલાહ સૂચના માગે અને ગિજુભાઇ પણ તેમને સાચી સલાહ સૂચના આપવામાં સ્થળ કે સમયની દરકાર ન કરે. ગમે તે વિષયમાં મૂંઝાયલી કેટલીએ બહેનોને ગિજુભાઇના તરફથી સાચું દિશાસૂચન મળ્યું છે.

બાળશિક્ષણની બાબતમાં તેમણે અજબ કામ કર્યું છે એ કહેવાની જરૂર જ નથી. પણ જે કામ સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણ પંથનો પ્રચાર કરી કેટલાંય અભણ અને જડ માણસોને સંસ્કારી કર્યા હતાં; તેવુંજ કામ

ગિજુભાઈએ બાલશિક્ષણમાં કર્યું છે. કેટલાંય અભણ અને જડ જેવાં ભાઈ બહેનોને સાચું બાલ શિક્ષણનું જ્ઞાન આપી ઊંચે ચડાવ્યાં છે. અને આજે બૃહદ્ ગુજરાતમાં જ્યાં જોશો ત્યાં નૂતન બાલશિક્ષણ અધ્યાપનમંદિરના શિક્ષકો નજરે પડે છે. લગભગ સાતસોથી આઠસો શિક્ષકો તેમણે તૈયાર કર્યા છે. એ નોંધ તો બીજા ઘણા અને ઘણી રીતે લેશે.

ગિજુભાઈનો દેહ તો ગયો છે પણ આત્મા અમર છે. જ્યાં તેમનો આત્મા હોય ત્યાં તેમને મારી સ્મરણાંજલિ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો. **નર્મદાબહેન રાવલ.**

ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કુયું નહિ?

એક વખત દક્ષિણામૂર્તિનાં બાલસંમેલનમાં બાળનાટકો ભજવાતાં હતાં. વાણીયાની જાન પરણીને પાછી વળતી હતી. સાથે એક આરબ હતો. આરબનો વેશ શ્રી. ગિજુભાઈએ લીધો હતો.

જાનનાં ગાડાં જતાં હતાં. હાથમાં ઉઘાડી તરવારે આરબ તેની પાછળ ચાલતો હતો. જાનનાં ગાડાં ઉતાવળે ચાલે–દોડે; આરબ વધારે પાછળ પડે. વાણીયા તાણુ કરીને કહે કે 'ચાઉસ બેઠ જાઓ,' આરબ કહે 'નહિ હમ તો ચલેંગે.' એમ વાણીયાતાણુ અને આરબનું ઉંહું ચાલતું હતું. પણ આરબ ધીમે ધીમે વધારે પાછળ પડતો જતો હતો, તેથી તે કંટાળતો હતો, પગ થાકતા જતા હતા અને તે કળવા માંડયા હતા. તેમ તેમ આરબ વધારે ને વધારે બીજતો હતો. છેવટે આરબથી એ સહન થયું નહિ. એટલે પેલી ઉઘાડી તરવાર જ પોતાના પગમાં ઘોંચીને કહેવા લાગ્યો કે સાલે! ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કુયું નહિ?' એમ કહી પગને જખમી કર્યો. વાણીયાઓને આ ખબર પડી, તેમણે આરબને વધારે જખમી થતાં અટકાવ્યો અને તેને ઉપાડીને પરાણે ગાડામાં નાખ્યો.

* *

પૂજ્ય શ્રી. ગિજુભાઈએ દક્ષિણામૂર્તિનું આજીવનસભ્યપદ આરબપણું સ્વીકાર્યું હતું. બાલમંદિર ઉઘાડીને બાલશિક્ષણનો આદર્શ સેવ્યો હતો. દક્ષિણામૂર્તિના એજ આરબે છેવટ પોતાના દેહની આહુતિ આપીને બાલશિક્ષણની સાધનામાં પોતાનો પ્રાણ–આત્મા ઉમેર્યો છે.

પૂજ્ય ગિજુભાઈની સાધનામાં આપણે સર્વ બાલશિક્ષણમાં પ્રગતિકાર્ય કરતાં રહીને જ તેમના આત્માને શાંતિ આપવાની પરમાત્માને પ્રાર્થના કરીએ. **અસ્તુ.**

મનુભાઇ મોરારજી ભટ્ટ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

પ્રથમ સ્વયંસ્ફૂરિત સર્જન

સંવત ૧૯૭૫ની સાલમાં બાલમંદિર ઉઘડ્યું એ વખતે નહોતું એને પોતાનું મકાન કે નહોતાં પૂરાં સાધન સામગ્રી. હતાં થોડાં એક મોન્ટીસોરી સાધનો અને નીલમબાગ પેલેસમાંથી આવેલાં થોડાંએક રમકડાં અને ચિત્રો. તે વખતે ન હતા બાલમંદિરને પૂરો સ્ટાફ કે ન હતી બાલશિક્ષણની કોઇને જાણ.

પણ હતા એક ગિજુભાઈ. જે પોતે તે વખતે તો મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસી છતાં પણ તેમણે તે વખતથી જ અધ્યાપનમંદિરની સ્થાપના કરી દીધેલી. એ પોતે પુસ્તકો વાંચતા જાય, પ્રયોગો કરતા જાય અને સાથેના શિક્ષકોને સમજાવતા જાય. તે વખતની તેમની અખૂટ શ્રદ્ધા તો તેમની સાથે કામ કરનારાજ જાણે.

એક બાળક હતું. તે બાળમંદિર સામે જોયા સિવાય તેના પગથીયા પર બેસી રહેતું. ગિજુભાઇ તેનું અવલોકન કર્યા કરતા. મને અવલોકન કરતાં મૂંઝવણ થતી કે આ બાળક કંઇજ કરતું નથી, તો પછી તેને કંઇક કામ આપવું જોઇએ. હું ગિજુભાઇ સાથે ચર્ચા કરું ને કહું કે આનું શું કરશું? ગિજુભાઈ કહે કેઃ—'આ મોન્ટીસોરી પદ્ધતિમાં તો તમારે અને મારે ધીરજ રાખ્યેજ છૂટકો.' અવલોકન કર્યા કરો. લગભગ છ માસથી બાળક આવે બરૂં પણ એજ સ્થિતિમાં બેસી રહે.

છેવટ એક દિવસ એ બાળક ઓરડામાં આવ્યું. આવ્યું તો આવ્યું પણ એકદમ ચોક અને પાટીયું લઈ તે લખવાજ માંડ્યું. એકજ અક્ષર 'ભ' 'ભ' લખ્યાજ કરે, લખ્યાજ કરે.

તે દિવસે ગિજુભાઇના આનંદનો પાર ન હતો. તેમણે તે પાટીયાં ફોટોગ્રાફરને ત્યાં મોકલી તેના ફોટા લેવરાવ્યા અને મને કહેવા લાગ્યા કેઃ—'આજે મને મોન્ટીસોરી પદ્ધતિની ચાવી હાથ લાગી છે.' તે દિવસે તેમને જાણે આત્મદર્શન થયું હોય તેટલો આનંદ થયો.

ત્યાર પછી તેમણે આવાં સ્વયંસ્ફૂરિત કામોનાં ઘણાંય દર્શનો મને કરાવ્યાં અને મને પણ અત્યાર સુધી નહોતું સમજાયું તે સમજાયું કેઃ—'મોન્ટીસોરી પદ્ધતિ એટલે બાળકના સ્વાતંત્ર્ય સ્વયંસ્ફૂરિત સર્જનની પદ્ધતિ'

ગિજુભાઈનાં સંસ્મરણોનો તો કાંઈ પાર આવે એમ નથી. તેઓ બાળકોના બેલી તરીકે તો પ્રસિદ્ધ થયા છે, પણ તેઓ બીજી રીતે બહેનોના બેલી—સાચા વીરા હતા. ગમે તે બહેનો તેમની પાસે જાય. જરા પણ ક્ષોભ વગર બહેનો તેમને બરી વાત મૂંઝવણ કહે. સલાહ સૂચના માગે અને ગિજુભાઇ પણ તેમને સાચી સલાહ સૂચના આપવામાં સ્થળ કે સમયની દરકાર ન કરે. ગમે તે વિષયમાં મૂંઝાયલી કેટલીએ બહેનોને ગિજુભાઇના તરફથી સાચું દિશાસૂચન મળ્યું છે.

બાળશિક્ષણની બાબતમાં તેમણે અજબ કામ કર્યું છે એ કહેવાની જરૂર જ નથી. પણ જે કામ સહજાનંદ સ્વામીએ સ્વામીનારાયણ પંથનો પ્રચાર કરી કેટલાંય અભણ અને જડ માણસોને સંસ્કારી કર્યા હતાં; તેવું જ કામ

ગિજુભાઈએ બાલશિક્ષણમાં કર્યું છે. કેટલાંય અભણ અને જડ જેવાં ભાઈ બહેનોને સાચું બાલ શિક્ષણનું જ્ઞાન આપી ઊંચે ચડાવ્યાં છે. અને આજે બૃહદ્ ગુજરાતમાં જ્યાં જોશો ત્યાં નૂતન બાલશિક્ષણ અધ્યાપનમંદિરના શિક્ષકો નજરે પડે છે. લગભગ સાતસોથી આઠસો શિક્ષકો તેમણે તૈયાર કર્યા છે. એ નોંધ તો બીજા ઘણા અને ઘણી રીતે લેશે.

ગિજુભાઈનો દેહ તો ગયો છે પણ આત્મા અમર છે. જ્યાં તેમનો આત્મા હોય ત્યાં તેમને મારી સ્મરણાંજલિ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપો. **નર્મદાબહેન રાવલ.**

ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કુયું નહિ?

એક વખત દક્ષિણામૂર્તિનાં બાલસંમેલનમાં બાળનાટકો ભજવાતાં હતાં. વાણીયાની જાન પરણીને પાછી વળતી હતી. સાથે એક આરબ હતો. આરબનો વેશ શ્રી. ગિજુભાઈએ લીધો હતો.

જાનનાં ગાડાં જતાં હતાં. હાથમાં ઉઘાડી તરવારે આરબ તેની પાછળ ચાલતો હતો. જાનનાં ગાડાં ઉતાવળે ચાલે–દોડે; આરબ વધારે પાછળ પડે. વાણીયા તાણ કરીને કહે કે 'ચાઉસ બેઠ જાઓ,' આરબ કહે 'નહિ હમ તો ચલેંગે.' એમ વાણીયાતાણ અને આરબનું ઉંહું ચાલતું હતું. પણ આરબ ધીમે ધીમે વધારે પાછળ પડતો જતો હતો, તેથી તે કંટાળતો હતો. પગ થાકતા જતા હતા અને તે કળવા માંડયા હતા. તેમ તેમ આરબ વધારે ને વધારે ખીજતો હતો. છેવટે આરબથી એ સહન થયું નહિ. એટલે પેલી ઉઘાડી તરવાર જ પોતાના પગમાં ઘોંચીને કહેવા લાગ્યો કે સાલે! ઘી ખાયા ગુડ ખાયા અને ચલતે કુયું નહિ?' એમ કહી પગને જખમી કર્યો. વાણીયાઓને આ ખબર પડી, તેમણે આરબને વધારે જખમી થતાં અટકાવ્યો અને તેને ઉપાડીને પરાણે ગાડામાં નાખ્યો.

* *

પૂજ્ય શ્રી. ગિજુભાઈએ દક્ષિણામૂર્તિનું આજીવનસભ્યપદ આરબપણું સ્વીકાર્યું હતું. બાલમંદિર ઉઘાડીને બાલશિક્ષણનો આદર્શ સેવ્યો હતો. દક્ષિણામૂર્તિના એજ આરબે છેવટ પોતાના દેહની આહુતિ આપીને બાલશિક્ષણની સાધનામાં પોતાનો પ્રાણ–આત્મા ઉમેર્યો છે.

પૂજ્ય ગિજુભાઈની સાધનામાં આપણે સર્વ બાલશિક્ષણમાં પ્રગતિકાર્ય કરતાં રહીને જ તેમના આત્માને શાંતિ આપવાની પરમાત્માને પ્રાર્થના કરીએ. **अस्तु.**

અનુભાઈ મોરારજી ભટ્ટ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

રે ચંદુ, ગિરજુભાઇને !

[પૃથ્વી]

મળ્યા સમવયસ્ક, સંસ્મરણ ભૂતનાં ઠાલ્યાં;
વિષાદમય શ્યામ વાદળ મુખે બધે વિંટળ્યાં.
સભામહીં અનેક સાથી, શિશુ શૂન્ય શા બહુવરાં
બની જડ ઊભા રહ્યા, કરૂણ વાણી વ્હે ના શકી.
બજી દિલરૂબા ડૂબ્યા કરૂણ નાદમાં સૌ જનો;
રહ્યાં નયન સ્થિર, ને ગભીર સૂર ગુંજી રહ્યોઃ
" દયામય મંગલ મંદિર ખોલો "
દીઠું નભ વિરાટ શ્યામલ પટોળું પ્હેરી ઊભું;
સમીર સુસવાટતો, ઘનઘટા ચડી આભમાં,
નમાવી શિર ત્યાં દીઠા નયન-નીર છૂપાવતાં
અચે, તવ સખા.
તમે નૂતન બાલમાનસ જગાવ્યું આ આંગણે,
તમે શિશુઉરે વસી પ્રણયપાત્ર કીધું, દીધું,
અને અહીંજ આ સ્થળે અરપવા લધુ અંજલિ
મળ્યા સહુ: તમે અહીં હૃદય ઠાલ્યું, પ્રાણ યે
સચેત કરિયા, હજુ મૂક ઊભા રહી ત્યાં રહ્યા;
ફરીથી ધ્વનિની કદાપિ અનીપા થશે સૂણવા,
પરંતુ પડઘા વિના શબ્દ અન્ય ના આવશે.
અહીં અહીં તમે હસી કિલકિલાટ ઘેલા બન્યા,
અહીં અહીં જ ભવ્યશા સ્વપ્નદુર્ગ ઊંચા ઘડ્યા.
વિરાટ ભરી ફાળ આગળ ગયા મહાસ્વપ્નને
પહોંચી વળવા: અમે દૂર રહ્યા: વિખૂટા જ્વલી,
અશબ્દ ઉર આંસુડાં સભર નેનથી ઠાલવી;
અનંત કલિ કાલની કૂચ દિસે પ્રભુ, કાં નવી ?

(પ્રજ્ઞબંધુ)

ભાનુ લ. શુકલ.

મુદ્રક : પારી. શાંતિલાલ છોટાલાલ: શ્રીસરસ્વતી છાપખાનું : ભાવનગર

શિક્ષણ પત્રિકા

(મૉન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૪ મું : આદ્ય તંત્રી : અંક ૬ ઠ્ઠો

સંવત ૧૯૯૫ ગિજુભાઈ દ્વિતીય શ્રાવણ

: તંત્રી :

તારાબેન મોડક

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બીજાની નમ્રતા જોઈ નમ્રતા,
બીજાની મોટાઈ જોઈ મોટાઈ,
બીજાની સજ્જનતા જોઈ
સજ્જનતા, જે શીખી જાણે છે
તે સજ્જન, નમ્ર અને મોટા
થવાને માગે છે એમ સમજવું.
સદ્‌ગુણોની નિશાળ મનુષ્યો
પોતે જ છે અને ભણવાના
પાઠો મનુષ્યોના હૃદયમાં છે.

સ્વ. ગિજુભાઈ

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૪] દ્વિતીય શ્રાવણ ૧૯૯૫ [અંક ૬

મ ન નો

: ૧ :

બાળકોનું પ્રસન્ન હાસ્ય, મધુર સંગીત શ્રવણ કે સુંદર કલા સર્જન દર્શન કરતાં વધારે પ્રેરક છે.

: ૨ :

કોઈના સુખની અદેખાઈ કરવી તેનાથીય ભૂંડું કોઇના દુઃખ ઉપર હસવું તે છે.

: ૩ :

ઉપયોગ વિનાનો સંગ્રહ આળસને લીધે વધેલા નખ બરાબર છે.

: ૪ :

હંમેશની બે સંધ્યાઓ આપણને ઉપદેશગ્રંથોરૂપ ન લાગે તો ભગવાન બીજા કયા ઉપદેશગ્રંથો મોકલે ?

: ૫ :

ઘડીકમાં બીજાય અને ઘડીકમાં રીઝાય એવા શિક્ષકોએ સરકસના વિદુષક થવું ઘટે છે.

: ૬ :

દમ પાડવા માટે રોફ રાખનાર અને અતડા રહેનાર શિક્ષકોએ પોલીસ બાતામાં જોડાવું જોઇએ.

: ૭ :

ભૂંડામાં ભૂંડું બાળકોનું અપમાન કરવું તે છે.

ગિ.

આ ભા ર

શ્રી. રામ વ્યાસ, નૂતન ફોટો સ્ટુડીઓ રાવપુરા. વડોદરા. પાસેથી સ્વ. ગિજુભાઇના જુદા જુદા પોઝના ફોટા મળી શકશે. ગયા અંકમાં છપાએલી છબી તેઓના સૌજન્યથી લીધી છે. તે માટે તેમનો આંહિ આભાર માનવામાં આવે છે.

૧. શ્રી. બાપુભા નારણજી ગોહેલ, ભાવનગર. તરફથી શિક્ષણ પત્રિકા મફત મોકલવા રૂા. ૧૦૧-૯ મળ્યા છે.

૨. શ્રી જયંતિલાલ વાડીલાલ, મુંબઈ. તરફથી વિધવા બેનને પત્રિકા મફત મોકલવા માટે રૂા. ૧-૦-૦ મળ્યો છે.

૩. શ્રી મનોરદાસ નારણદાસ નાળીએરવાળા, મુંબઇ તરફથી શિક્ષકોને અને ધાર્મિક સંસ્થાઓને શિક્ષણ પત્રિકા મફત મોકલવા માટે રૂા. ૩૩-૦-૦ મળ્યા છે.

ઉપરના ભાઇઓનો અમો આભાર માનીએ છીએ. અન્ય સજ્જનો આવી રીતે શિક્ષણ પત્રિકાને અપનાવી અમને આભારી કરશે તેવી આશા રાખીએ છીએ.

વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા.

અ • નુ • ક્રં • મ

૧ મનનો . . . . ગિ. ૧૦૨
૨ આભાર . . . . વ્ય. ૧૦૨
૩ નોંધ. . . . . તા. ૧૦૩
૪ શિક્ષકનાં શુભ સંકલ્પો ગિ. ૧૦૫
૫ ઉષાની શાળા. . . તા. ૧૦૬
૬ ક્રીડાંગણમાં શું શું હોય ? ગિ. ૧૦૭
૭ વસંત બાલશિક્ષણ પ્રચાર ગિ. ૧૦૮
૮ અભ્યાસ પત્રો . . ગિ. ૧૦૯
૯ બાળકો માટે શરીર વિકાસનાં સાધનો . . ગિ. ૧૧૨
૧૦ શ્રી. તારાબેન મોડકનું પ્રારંભિક પ્રવચન. તા. ૧૧૫
૧૧ રમતો ગિ. ૧૧૬
૧૨ શિક્ષણ સમાચાર ૧૧૬

નોંધ

હજી ગિજુભાઈ પત્રિકા કાઢતા હતા ત્યાં સુધી તો અંકની અંદર ગિજુભાઈ છે જ એમ લાગતું હતું. વાચકવર્ગને પણ ગિજુભાઈ પાને પાને દેખાતા હતા. આ અંક માત્ર સાચેસાચ ગિજુભાઈ વિહોણો લાગે છે! છતાં તેમના લખેલા લેખો, મનનો, અનુભવો, પાઠો, હજી પડ્યા છે ત્યાંસુધી પત્રિકાનાં વાચકોને તેમની લેખિનીની પ્રસાદી મળતી જ રહેશે. પછી તો તે વિના ચલાવી લેવાનું રહ્યું!

ગિજુભાઈ ગયા! નહિ, બધા જાય છે તેમ તે ગયા નથી. તેમનું શરીર માત્ર ગયું છે. તેમનો પ્રાણ તેઓ અહીં મૂકતા ગયા છે. તમારામાં, અમારામાં–બધામાં પોતાનો પ્રાણ રેડીને પછી તેઓ ગયા છે. તેઓ એક નવી દૃષ્ટિ આપણને આપતા ગયા છે. આજે તેઓ આપણને આપણી આસપાસનું બાળજગત્ નવી દૃષ્ટિએ નિહાળતા કરતા ગયા છે. તેમની તે માટેની ધગશ તે પાછળ મૂકતા ગયા છે. દેવના દૂત જેવાં બાળકો ધૂળમાં સડતાં, માર ખાતાં, અપમાનિત થતાં, દબાણથી કચરાઈ જતાં, રોતાં કકળતાં તેઓ કદી જોઈ શકયા નહિ. તેમનું હૃદય બાળકની કફોડી સ્થિતિ માટે રડી ઊઠતું. ઝટ ઉઠીને મારાથી બને તેટલું કરી નાખું, બાળકને પ્રસન્નતા બક્ષું, બાળજીવન સુખી થાય તેમ કરું, તેમના આત્માનો અસ્ખલિત વિકાસ થાય તેવું વાતાવરણ તેમને આપું. અને એવું કેટલું કેટલું કરી નાખું એમ તેમને થતું. અને તેથી જ તબિયતની પરવા કરી નહિ, થાક બાધો નહિ, જરીકવાર પણ જંપ્યા નહિ ને અહર્નિશ કામ કર્યાં જ કર્યું. જે બધું કર્યું. તે કરવાની ધગશ ને ઉતાવળ આપણને તેમનું કામ આગળ ધપાવવા જરૂર પ્રેરશે. તેઓ કામ કરતા કરતા એકદમ અટકી પડ્યા, ઓચિંતા અટકી પડ્યા. ત્યારે શું તેમના મૃત્યુ પાછળ આપણે રડવા બેસીશું? શોક કરીશું? મૃત્યુલેખો લખી અને શોકસભાઓ કરી અટકશું?

નહિ જ નહિ! તેમણે બાળકનાં સ્વાતંત્ર્યની ઝુંબેશ ઉઠાવી હતી. બાળકનાં જીવન માટે લડતા લડતા તેઓ પડી ગયા! એટલે પાછળનાએ આવીને તેમની તલવાર ઉપાડીને લડત શરૂ રાખવાની જ રહી. પહેલાં તેઓ એકલા હતા. આજે તેઓ ૬૦૦ સૈનિકો તૈયાર કરતા ગયા છે. આજે ૪–૫ હજાર જણ દર મહિને તેમના કાર્યને પોતાનું ગણી તે સંબંધમાં તેઓ જે લખે તે વાંચવા ઉત્સુક રહેતા. એ બધાં પણ આજે તો તેમના કાર્યને આગળ ધપાવનારા તેમનાં સૈનિકોજ છે.

પત્રિકાના વાચકો, ગિજુભાઈના પૂજકો, ગિજુભાઈના મિત્રો, ગિજુભાઈના શિષ્યો, આપણે બધાં એક થઈએ અને તેમનું કામ આગળ ચલાવીએ. તેથી જ તેમના આત્માને શાંતિ મળશે.

આપણો સંઘ

ચૌદ વર્ષ પહેલાં આપણો સંઘ સ્થપાયો તે વખતે સંઘનું નામ 'મૉન્ટીસોરી સંઘ' રાખવામાં આવ્યું. કારણ ગિજુભાઈએ આ મહાન વ્યકિત પાસેથી સ્ફૂર્તિ મેળવી હતી,

દૃષ્ટિ મેળવી હતી. તેમને જોયા વગર, મળ્યા-વગર, તેમની સાથે બોલ્યાચાલ્યા વગર એકલવ્યે દ્રોણાચાર્યની મૂર્તિ સ્થાપી જેમ તેમને ગુરુ કર્યા તેમ ગિજુભાઈએ ડૉ. મૉન્ટીસોરી બાઈને પોતાના ગુરુ માન્યાં. તેમનાં ગ્રંથોનું અધ્યયન કર્યું. અનેકાનેક વખત ફરી ફરીથી વાંચી ગયા. એકે એક શબ્દની પાછળ રહેલો ખરો અર્થ શોધી કાઢી મનમાં ઠસાવતા ગયા. અને પોતે જે કાંઇ કરે છે તે માટે સ્ફૂર્તિ દેનાર આ મહાન વ્યક્તિ છે એમ ગણ્યું. તેથી પોતે સ્થાપેલા સંઘને વફાદારીથી તે બાઇનુ નામ આપ્યું. ગિજુભાઈનું આખું કાર્ય સ્વતંત્ર, મૌલિક, અને અત. સ્ફૂર્તિથી થએલું હતુ છતા તેમની પ્રમાણિકતા અને આદર બુદ્ધિ એટલી જાજવલ્ય હતી કે જેમના વિચારોથી તેઓ પ્રજ્વલિત થયા તેમના તરફની કૃતજ્ઞતા બુદ્ધિ તેમણે આ રીતે દર્શાવી છે. ડૉ. મૉન્ટીસોરીના શિક્ષણસિદ્ધાન્તોએ કેળવણીના જગતને ફેરવી નાખ્યા. આજના નવી કેળવણીના યુગને પ્રવર્તનારાં યુગપ્રવર્તક મૅડમ મૉન્ટીસોરી છે. એટલે તેમના નામથી આપણો સઘ ચાલે તેમાં આપણા સંઘને વિશેષ શોભા જ છે. છતાં ચાલુ અર્થમા મૉન્ટીસોરી પદ્ધતિ એટલે એક વિશિષ્ઠ બાળશિક્ષણપદ્ધતિ એવો અર્થ છે. તેમાં ન માનનારાં કિંડરગાર્ટનીસ્ટો છે. ને બીજાં ઘણાં છે. આપણે ત્યા આજે જે રાષ્ટ્રીય દૃષ્ટિએ શિક્ષણનો સાદ્યંત વિચાર થઇ રહ્યો છે તે પણ કાંઇ મૉન્ટીસોરી પદ્ધતિને કેન્દ્રમાં રાખીને નહિજ. પણ રાષ્ટ્ર વિકાસને કેન્દ્રમાં રાખીને થાય છે. એટલે આપણો સંઘ પોતાને મૉન્ટીસોરી સંઘ કહેવડાવે તે કરતાં નવીન બાળશિક્ષણ સંઘ' કહેવડાવે તો જે બધાં આપણે તેની અંદર છીએ તે બધાંને અંદર રહેવાનો સાચેસાચ હક મળે અને બીજાં પણ અનેક જે મૉન્ટીસોરી પદ્ધતિએ કામ કરતાં ન હોય છતાં નવીન કેળવણીમાં માનતાં હોય તે બધાં આપણા સઘના સંઘીઓ થઈ શકે એ વિચારથી સઘના પ્રમુખશ્રી સૌ. સરલાદેવી અંબાલાલ, શ્રી. નાનાભાઈ ભટ્ટ અને મંત્રી શ્રી. તારાબેન મોડક એ ત્રણેએ એકમતથી નામ ફેરવવાનું નક્કી કર્યું છે.

નામ ફેરવીએ એટલે આપણો મૉન્ટીસોરી તરફનો ભાવ ને આદર ઓછા થયાં છે એમ બિલકુલ નથી. તેમજ તેમનાં સિદ્ધાન્તોથી ચાલનારાં આપણે તેમ ચાલવાનું બંધ કરવાનાં છીએ એમ પણ નથી. જે જે કાંઈ તેમની પાસેથી આપણને મળ્યું છે તે માટેની આપણી કૃતજ્ઞતા જરાએ ઓછી થવાની નથી. તેમજ જે વિચારોની મૌલિકતા તેમને જ ઘટે છે તે આપણે પોતે લઈ લેવાનાં છીએ એમ પણ નથી. તેમની પ્રત્યે સંપૂર્ણ માન, વફાદારી ને કૃતજ્ઞતા રાખીનેજ આપણે આપણા સઘને જરા વિશાળ કરવા માગીએ છીએ. આપણે ત્યાંના સ્વતંત્ર વિચારકો, રાષ્ટ્રીય દૃષ્ટિએ વિચાર કરતા કેળવણીકારો, માત્ર બાળક્ષેત્રમાજ કામ ન કરનારા ને એવા બધાં આપણે સંઘીઓ બની કામ આગળ ધપાવીએ એટલા ખાતર નામ બદલીએ છીએ.

આપણી આજસુધીની કાર્યપદ્ધતિ પ્રમુખ, ઉપપ્રમુખ ને મંત્રીઓએ તંત્ર ચલાવવાની છે.

[જુઓ અનુસધાન પૃષ્ટ ૧૧૩]

શિક્ષકના શુભ સંકલ્પો.

જુન.

૧ મને પરમ કૃપાળુ પરમાત્માએ જે પ્રવૃત્તિ માટે યોગ્ય ગણ્યો છે તે પ્રવૃત્તિને હું અંતઃકરણના પ્રેમથી કરીશ.

૨ સૌથી ઉત્તમ અને નિર્દોષ ધંધો શિક્ષણનો છે એ હું સદૈવ યાદ રાખીશ.

૩ સદૈવ મારો સંતોષ ધનપ્રાપ્તિમાં નહિ પણ વિદ્યાપ્રાપ્તિમાં અને વિદ્યાદાનમાં રહો.

૪ મારી ઉપાસના સર્વ દેવોમાં સરસ્વતીની હો.

૫ વિદ્યાદાનનો ધર્મ સંપૂર્ણપણે બજાવવા માટે હું હંમેશ વિદ્યાનું ઉપાર્જન કર્યાજ કરીશ.

૬ મારૂં તપ, મારો જપ, મારૂં ઉપાસન વિદ્યા અર્થે હો.

૭ હું શિક્ષક છું એટલે શીખનારથી મોટો છું અને જ્ઞાની છું એવું અભિમાન મને કદિ ના આવો.

૮ શીખનાર પાસેથી પણ હું શીખનાર છું એવી મારી જાગૃત ભાવના રહો.

૯ મૌન વ્યાખ્યાન કરનારા ગુરુઓ મારા ગુરુઓ હો.

૧૦ લિંગ અને વયના ભેદ વિના હું શીખનારમાં પણ ગુરુઓ ભાળવા–શોધવા પ્રયત્ન કરીશ.

૧૧ શિક્ષણના કાર્યમાં હું શીખનારને પ્રથમ જાણીશ.

૧૨ શીખનારને જાણ્યા પછી હું શીખવાનો હેતુ જાણીશ.

૧૩ હેતુને જાણ્યા પછી હું શું શીખવવું તે વિચારીશ.

૧૪ શું શીખવવું તે વિચાર્યા પછી હું કેમ શીખવવું તે શીખી લઈશ.

૧૫ કેમ શીખવવું સિદ્ધ કરવા માટે શિક્ષણની સામગ્રી હું યોજીશ અને શોધીશ.

૧૬ શીખનારને અનુકૂળ હું સ્થળ અને કાળનો વિચાર કરીશ.

૧૭ અને હું શીખવનાર છું એ તો માત્ર નિમિત્ત રૂપેજ એ હું હંમેશ યાદ રાખીશ.

૧૮ ભય, લાલચ, શિક્ષા શિક્ષણ સિદ્ધ કરવાના માર્ગમાં ભયંકર પશુઓ અને ઝહરો છે.

૧૯ પ્રસન્નતાને હું શિક્ષણની કાર્યના તેજ રૂપે સ્થાપીશ.

૨૦ સ્વચ્છતાને હું શિક્ષણ કાર્યના સ્નારૂપેન સ્થાપીશ.

૨૧ શાંતિ અને વ્યવસ્થાને હું શિક્ષણકાર્યના સૌંન્દર્ય રૂપે સ્થાપીશ.

૨૨ સ્વાતંત્ર્ય અને સ્વાધીનતાને હું શિક્ષણ-કાર્યના પ્રાણરૂપે સ્થાપીશ.

૨૩ સ્વયંસ્ફુર્તિને હું શિક્ષણકાર્યનો શ્વાસો-શ્વાસ સમજીશ.

૨૪ શિક્ષણનો ઉત્કૃષ્ટ વિષય હું માનવતા લેખીશ.

૨૫ શિક્ષણનો અંતિમ હેતુ હું મુક્તિ ગણીશ.

૨૬ શિક્ષણનું ઉત્તમ સાધન હું પ્રેમ રાખીશ.

૨૭ શિક્ષણની ઉત્તમ પદ્ધતિ હું સ્વાધ્યાય અને સ્વયંશિક્ષણ કરીશ.

૨૮ શિક્ષણની ઉત્તમ સામગ્રી હું અનુકૂળ પરિસ્થિતિ ગણીશ.

૨૯ શિક્ષણનો ઉત્તમ કાળ સ્વાભાવિક તૃષા સમજીશ.

૩૦ શિક્ષણની ઉત્તમ સાધના હું બાળકની પાસે બેસીને–તેને ચરણે બેસીને કરીશ. ગિ.

ઉષાની શાળા

આજ ઉષાના મહેમાનો શાળા જોવા આવ્યાં હતાં. તે તેનાં બોરમાન ભાઈબહેનો હતાં. બહારગામની ચાલુ શાળા તેઓએ જોઈ હતી–એનો અનુભવ પણ હતો.

ઉષા પહેલાં જ્યારે તેમને પોતાની શાળા વિષે વાતો કહેતી ત્યારે એમને આશ્ચર્ય થતું અને ઉષાની આ વિચિત્ર શાળા જોવાનું કૌતુ બેમને થતું હતું.

આખરે સોમવારે શાળા ઉઘડી. તાઈ, ભાઇ, બાળકો સૌ એક પછી એક આવવાં લાગ્યાં. ઉષા પોતાના ચાર મહેમાન સાથે કયારની હાજર થઈ હતી.

શાળામાં ગઈ કે તે ચડી ધસરપટ્ટી ઉપર. તેનાં ભાઇબહેનો જોવા લાગ્યાં. તે તેમને આગ્રહ કરવા લાગી કે તમેય ધસરવા આવો."

તેઓને જવું કે નહિ એની બીક લાગવા લાગી.

તે સાથે શાળાના નિયમો જાણનારી ઉષા તો એમને બેધડકપણે કહેવા લાગી, "અહીં-આ ધસરવાનું હોય છે. તમે ધસરો, અહીં કોઈ ગુસ્સો ન કરે કે ન મારે."

મહેમાન બાળકો ધીરે ધીરે ધસરવા લાગ્યાં.

તે બાજુથી તાઈ આવ્યાં. ઉષા દોડીને એમને ગળે વળગી પડી, ને થોડી વાતો કરી પાછી ધસરવા આવી.

તેનાં ભાંડરડાં પૂછવાં લાગ્યાં, "અરે એ કોણ હતું?"

"તે અમારાં તાઇ છે."

"એટલે કોણ?"

"તે અમને શીખવે છે."

"એટલે બાઇને? તો પછી એના ગળામાં તું કેમ વળગી શકી? અરે તે ગુસ્સો ન કરે?"

ઉષાએ માત્ર માથું હલાવીને ના પાડી. તેના ચહેરા અને માથાના હાવભાવ તથા દૃષ્ટિ-ક્ષેપ એટલા મજ્જના હતા કે એટલામાં આ છોકરાંઓ આવા કેવા વિચાર કરે છે એનું આશ્ચર્ય એણે દેખાડયું. ઉપરાંત પોતાની શાળા-માં તાઈ વગેરે સાથેના પ્રેમ સંબંધને લીધે એને ગળે વળગી પડવું વગેરેમાં ગુસ્સાનું શું કારણ હોઈ શકે એ પણ તેઓને કેમ ન સમજાયું એનું એને આશ્ચર્ય થયું.

તે આખો દિવસ ઉષાએ પૂરી રીતે પોતાના ભાંડરડાઓને નિર્ભયતાથી શાળા દેખાડી અને કયારે શું કરવું એ પણ સમજાવ્યું. મહેમાન બાળકોએ જરા બીતાં અને આશ્ચર્યથી બધું જોયું.

સાંજે ઘેર જઈને કાકા પાસે મહેમાન બાળકોએ આશ્ચર્ય જાહેર કર્યું, "કાકા, ઉષા-ની શાળા કાંઈક જુદીજ જાતની છે."

તારાબેન

ક્રીડાંગણમાં શું શું હોય ?

૧ વિશાળ આંગણું, ચોક, ફળિયું, મેદાન.
૨ સ્વચ્છતા.
૩ પાણી, પેશાબ, શૌચ માટેના ચોખ્ખાં સ્થળો.
૪ નાનો યા મોટો ફૂલબાગ.
૫ નાના યા મોટા ફૂદવાનાં અને ફરવાનાં મેદાન.
૬ નાની યા મોટી લૉન.
૭ બહિરદ્વારા રમતો રમવાનું મેદાન.
૮ અંતરદ્વારા રમતો રમવા માટેનું છાંયાવાળું સ્થળ, માંડવો અગર ઓરડો.
૯ હાથ મોં ધોવા માટેનાં પાણીનાં સ્થળો કે સાધનો.
૧૦ ના'વા માટે નાના નાના હોજો તથા શકય હોય તો પુવારાઓ.
૧૧ કૂદવા, આળોટવા, કૂવા કરવા, ઢગલા કરવા, રમવા માટે રેતીના ઢગલા, લાકડાના ચોરસ અથવા ગોળ ચોકઠાં વચ્ચે.
૧૨ માત્ર બોદવા માટે નાના નાના કોદાળી પાવડાઓ.
૧૩ નાના ફૂલ છોડોને પાણી પાવા માટે નાની નાની ઝારીઓ તથા બાલદીઓ.
૧૪ લોઢાની અગર લાકડાની સમાન્તર સળીઓની વાડ, ચોરસ, અગર લંબ ચોરસ.
૧૫ હીંચકા; દોરડાં અગર સાંકળના, નાના અને મોટા.
૧૬ લોઢાનો ગોળ દાદર. ગોળ દાદરાને એક બાજુ કઠેરો અને બીજી બાજુ ઉઘાડી હોય છે.
૧૭ લોઢાની ચોરસ દરવાજા સીડી.
૧૮ ચકડોળ નાની નાની બેઠકોવાળું.
૧૯ લપસવાનું પાટિયું. એક બાજુથી સીડી વડે ચડવાનું અને બીજી બાજુથી લપસી પડવાનું. સીડી અને લપસણા વચ્ચે લાકડાની ચોરસ બેઠક.
૨૦ હીંડોળો.
૨૧ ગાંઠોવાળું દોરડું; દોરડું પકડીને ગાંઠો ઉપર પગ મૂકતાં મૂકતાં ઉપર ચડવું અને તેની બાજુએ ગોઠવેલ લીસા લોઢાના સળીઆને વળગીને નીચે ઉતરી પડવું.
૨૨ દોરડાની સીડીઃ સીડીના પગથિયાં લાકડાનાં અને બાજુઓ દોરડાની.
૨૩ બે રીંગોનું ચકકર.
૨૪ હનુમાન કૂદકો; બાળક કેટલું કૂદી શકે છે તે બતાવવાનું સાધન.
૨૫ ગાંઠા ગાંઠાવાળા દોરડાનો દાદરો.
૨૬ લાકડાની ઇંસો ઊંપળાંવાળી ઢોરણી જેનાં ઇંસો ઉંપળાં ઉપર બાળક સમતોલંતા ફેળવવા માટે ચાલે.
૨૭ ચાર ઇંચ ઊંચું અને બે ઇંચ પહોળું લાકડાનું પીઢીયું. સમતોલતા ફેળવવા માટે.
૨૮ રંગનો એક ઇંચનો જમીનપર દોરેલો પટ્ટો.
૨૯ રંગની અગર ચોકની જમીનપર દોરેલીલીંટી.
૩૦ ટ્રેમ્પોલીનો નાવનો હીંચકો.
૩૧ હોડકું.
૩૨ ચડવા ઉતરવા માટે ઝાંડો.
૩૩ આળોટવાનું સીમેન્ટ અગર ગારવાળું નાનું મેદાન અગર પેડસાળ.

૩૪ કપડા ઉતારવા તથા આરામ લેવા માટે વેલોથી છાએલો નાનો અગર મોટો માંડવો.

૩૫ ઇંટો પાડવા માટે ગારો તથા લાકડાંના ચોકઠાં.

ગિ.

વસંત બાલશિક્ષણ પ્રચાર

પ્રિય ભાઇ—બેન,

ઘણા વખતથી મેં તમને કંઈ લખ્યું નથી. મનથી તો હું અનેક વખત તમને મળું છું અને મારા વિચારો તમારા તરફ ફેંકું છું પણ આજે તો આ પત્ર વડે એજ કામ કરું છું: આપણે બધાં શિક્ષણમાં અને ખાસ કરીને બાલશિક્ષણમાં કામ કરીએ છીએ. વધારે ઓછા પ્રમાણમાં આપણને આ ક્ષેત્રમાં ઠીક ઠીક અનુભવ થયો છે. એ અનુભવને આધારે હું એક બે બાબત તમને લખું છું.

ચારે કોર જોતાં, વાંચતાં વિચારતાં અને અનુભવ કરતાં લાગે છે કે ગઈ કાલ અને આજની અનેકવિધ આપત્તિનાં મૂળ મનુષ્ય જાતના હૃદયમાં જે ભય છે તેમાં છે.

આજનો માણસ અનેક જાતના ભયથી ઘેરાએલો રહે છે. સમાજનો ભય, રાજનો ભય, ધર્મનો ભય, નાતનો ભય, મિત્રોનો ભય, પોતાનો ભય અને બીજા કલ્પિત અનેક ભયે માણસને નાહિંમત, અશ્રદ્ધાવાળો અને નાસ્તિક બનાવેલો છે.

માણસને ભયથી કોઇ પણ રીતે ઉગારવો જોઇએ. પણ તે કાર્ય તેને ઉપદેશ આપવાથી, તેને શરીરથી મજબૂત બનાવવાથી તેના હાથમાં હથીઆરો આપવાથી, ભયનું શાસ્ત્ર તેને સમજાવવાથી થશે નહિ. કારણકે ભય એક પ્રકારનો અંધકાર છે. મનુષ્યની નિર્મળ બુદ્ધિ અને પવિત્ર અંતઃકરણ ઉપર માણસેજ માણસ ઉપર પાથરેલ એક જાળ છે.

આ જાળમાં, આ અંધકારના બળમાં મોટો માણસ નાના બાળકને નાનપણથીજ ફસાવે છે. અનેક વહેમો વડે બાળકમાં કલ્પિત ભયો પેદા કરે છે. અનેક જૂઠી માન્યતાઓ વડે બાળકમાં પોકળ ભયમૂલક ભ્રમણાઓ જગાડે છે. ઉપરાંત પોતાના ભયભીત આચરણોથી પણ તે બાળકની સામે ભયને એક ભયંકર રાક્ષસ જેવો ધરે છે અને ભયના પગમાં તેને હંમેશ નમાવ્યા કરે છે.

વળી એજ રીતે માણસે પોતાનાં બાળકોને સામાજીક ધારાઓથી, સામાજીક બંધનોથી, સામાજીક બેડીઓના બબડાટથી, સમાજ આપી શકે છે તે ત્રાસ વડે બાળકના મનમાં સમાજરૂપ રાક્ષસનો ભય પણ જગાડેલો છે.

અને એજ રીતે સત્તાએ પોતાના બળનો ત્રાસ માણસ જાત ઉપર વારંવાર વરતાવી ભયનું રાજ્ય કેવું છે તેની બાળકોને પ્રતીતિ કરાવી છે.

અને વળી એજ રીતે માણસે બાળકના મનમાં અને હૃદયમાં નર્કનો, દેવોનો, દેવીઓનો, ઈશ્વરનો અને એવા દૈવી ભયોનો કોલાહલ મચાવ્યો છે.

આમ ભયનું આજે રાજ પ્રવર્તે છે. ગરીબ, પૈસાદાર, અમીર કે રંક, અભણ કે ભણેલો, ઊંચ કે નીચ, કાળો કે ધોળો આજે ભય નામના ભયંકર રાક્ષસની જાળમાં

સપડાએલ છે અને તે એટલી હદે કે તેમાંથી નાસી છૂટવાની શક્તિ લગભગ ચાલી જવા આવી છે. ભયનેજ લગભગ તેણે પોતાનો હિતકર્તા મિત્ર ગણ્યો છે. ભયનેજ જાણે કે જીવવાની અને સુખી થવાની એક અનિવાર્ય આવશ્યકતા માની છે.

પણ ભયે માણસને માણસનો, નાતિએ નાતનો, જાતિએ જાતનો, સમાજે સમાજનો, રાષ્ટ્રે રાષ્ટ્રનો દુશ્મન બનાવેલ છે. ભયને લીધે માણસ જાતના ઐકયના, પૃથ્વીના ઐકયમાં, અને પ્રભુના એકપણામાં, અવિશ્વાસ અને વિભાગ પેદા કરેલ છે. આજની અનેક પીડાના તળીએ જાતજાતના ભય પડેલ છે.

આ ભયમાંથી આપણે બાળકોને ઉગારવાનો નમ્ર પ્રયત્ન કરવા લાગીએ. બાળકોને ભયના હરેક પ્રકારના વાતાવરણમાંથી છોડાવીએ. બાળકોને ભય ભરેલાં ઘરોમાંથી, શાળામાંથી, સર્વ સ્થળેથી બચાવી લઇએ. હરેક પ્રકારના ભયનિયંત્રિત તંત્રોમાંથી ભયમિશ્રિત વિચારો અને વર્તનમાંથી બાળકોને ખેંચી લઇએ અને તેમને અભયના વાતાવરણમાં નિર્ભયતાના સામ્રાજ્યમાં મૂકીએ. જ્યાં જ્યાં ભય હોય ત્યાં ત્યાં આપણે પહોંચીને આપણાથી બનતું કરીએ. અંધકાર ઊંડો છે અને અનન્ત છે. આપણી શક્તિ મર્યાદિત છે છતાં આપણને જે સૂઝે તે થોડું પણ કરીને અભયને માર્ગે આલમને એક દોરાવા જેટલે પણ આગળ જવાના કાર્યમાં નિમિત્ત થઇએ તોપણ આપણા અનેક અથાગ પ્રયત્નો હાંસલ છે.

મિત્રો, આ મારા વિચારો આપની પાસે મૂકીને હું આપને વિનવીશ કે આપણે આપણા ભયોમાંથી બને તેટલા છૂટા થવા યત્ન કરીએ. આપણે આપણા પ્રયત્નોમાં આપણી આજુબાજુના સૌને ભેળવીએ અને આપણે સૌ નિર્ભયતાના ઉદ્ધારક પ્રાણની આગળ અને આગળ જઇએ. ગિ.

અભ્યાસ પત્રો

પત્ર ૧ : ક્રોધ

બાલશિક્ષકના અભ્યાસનું પહેલું પગથિયું પોતાને તૈયાર કરવાનું છે. આપણે શીખવવા નીકળીએ તે પહેલાં આપણે શીખી લેવું જોઇએ એટલે કે શિક્ષકની યોગ્યતા-માતાએ કે પિતાએ-આપણે પ્રાપ્ત કરવી જોઇએ.

પહેલી યોગ્યતા શાંત સ્વભાવની છે. બાળકો સાથે કામ પાડવામાં શાંત સ્વભાવ એકડો છે. બાળકો પ્રત્યે કે મોટાંઓ પ્રત્યે આપણામાં જે ક્રોધ કરવાની ટેવ છે તે આપણે પ્રયત્નપૂર્વક દૂર કરવી જોઇએ ક્રોધ એ એક અવગુણ છે. તે આપણને બાળે છે, અસ્વસ્થ કરે છે, બુદ્ધિ ભ્રમિત કરે છે અને ઘણીવાર ન કરવાનું આપણે હાથે કરાવે છે. ક્રોધમાં આવીને આપણે બાળકોનું અપમાન કરીએ છીએ, બાળકોને મારીએ છીએ, બાળકોને ધમકાવીએ છીએ. આથી બાળકો આપણાથી બ્હીતાં થાય છે, તે આપણાથી દૂર નાસે છે, તે આપણાથી સંભાળીને ચાલે છે, આપણા પર તે વિશ્વાસ રાખતાં નથી. આપણી અને તેની વચ્ચે ક્રોધને લીધે અંતર પડે છે. ક્રોધ આપણો અને બાળકોનો બન્નેનો સરખો શત્રુ બની બન્નેને

હેરાન કરે છે. ક્રોધથી આપણે આંધળા થઇને બાળકોના ગુણો જોઈ શકતા નથી અને ત્યારપછી બાળકો પણ આપણા પ્રેમને ભાળી શકતાં નથી. માટે માબાપ તરીકે કે શિક્ષક તરીકે આપણે પહેલો ગુણ કેળવવાનો તે અક્રોધનો છે.

બાળકો આપણી દૃષ્ટિએ ઢોળેફોડે મતલબે ગમે તે કરે તોપણ તેના ઉપર ક્રોધ ન કરવો. પણ તે બધું શામાટે કરે છે, તેનો શાંત મન રાખી વિચાર કરવો. જે ન જ કરવા જેવું હોય તે કરવાની શાંતિ અને દૃઢતાથી ના પાડવી. જે અટકાવવું હોય તે ચોક્કસાઈથી અટકાવવું, જે ન દેવા જેવું હોય તે ન આપવું. પણ શાંતિથી નુકસાન થઈ જાય તો ક્રોધ ન કરવો કેમકે ક્રોધથી થએલું નુકસાન પાછું વળતું નથી. તેમ નુકસાન કરનારને અક્કલ આવતી નથી. ક્રોધ કર્યા પછી માણસો પાછળથી પસ્તાય છે તેના કરતાં પ્રથમથીજ ક્રોધ ન કરવો. પણ ક્રોધ ન કરવો કેવી રીતે ? મનમાં ક્રોધ ન આવે તે ઉત્તમ છતાં મનમાં ક્રોધ આવ્યા પછી તેને અટકાવવો તો જોઇએજ. એટલે જ્યારે ક્રોધ આવે ત્યારે બોલવું નહિ. મૌન ક્રોધને બહાર સળગતો અટકાવે છે. તરત જવાબ ન આપવો કે તરત તડફડ ન કરવું. ક્રોધ આવે ત્યારે ચેતવું કે એ ક્રોધ આવ્યો, હવે સંભાળો, ધ્યાન નહિ રાખીએ તો આ ઘડીએ આગ થશે. ક્રોધ આવે ત્યારે જેના ઉપર ક્રોધ આવ્યો હોય તેની પાસેથી ખસી જવું. બીજા સ્થળ પર જઈ બીજા સાથે વાતો કરવા માંડવું અગર કંઈ કામ કરવા માંડવું. ગુસ્સો કાઢી નાખવાનું એક સાધન કંઇને કંઈ કામ છે. ગુસ્સાને બળદને જોડીએ તેમ કામે લગાડી દેવો એટલે તે આપણી મજુરી કરવાને બદલે ચાલ્યો જશે. એમ છતાં ગુસ્સો રોકયો ન રોકાય ત્યારે અને ગુસ્સાને લીધે ધારો કે તડફડ થઈ ગઈ તો જરૂર ગુસ્સો ઉતર્યા પછી માત્ર મનમાંજ પસ્તાવું નહિ પણ જેના ઉપર ગુસ્સો કર્યો હોય તેની આગળ પસ્તાવું અને તેની આગળ દીલગીર થઈ તેની માફી માગવી જોઇએ. કોણ સાચું કે ખોટું હતું એ સવાલ મહત્વનો નથી. કોણે ગુસ્સો કર્યો એ સવાલ અગત્યનો છે. જેનું સાચું હોય તેને ગુસ્સો કરવાની પરવાનગી ન હોય. જૂઠાએ કોઇના ગુસ્સાનું ભોગ થવાનું પણ ન હોય; ગુસ્સો પોતેજ ખરાબ છે માટે સાચા કે ખોટા ગમે તે માણસમાં તે ન ચાલે. બાળકો ઉપર ગુસ્સે થવાથી કે તેમની સામે ગુસ્સે થવાથી તેઓ પોતે ગુસ્સે થતાં શીખે છે અને જે રોગથી આપણે પીડાઇએ છીએ તે રોગના તેઓ ભોગ બનતાં તેઓ તેના રોગી બને છે.

બાળકોની અભ્યાસ કે કેળવણીની સીડીનું આ પ્રથમ પગથિયું છે.

પત્ર ૨ : સન્માન

માતપિતાએ કે શિક્ષકે બાલશિક્ષણના અભ્યાસમાં ચડવાનું બીજું પગથિયું બાળકો પ્રત્યેના સન્માનનું છે.

આપણે જાણીએ છીએ અને હરેક પળે જોઇએ છીએ કે બાળકોનું આપણે અપમાન કરીએ છીએ. જે પ્રમાણે તોછડાઈથી અને ઉદ્ધતાઈથી આપણે બાળકો પ્રત્યે વર્તીએ છીએ તે પ્રમાણે બાળકો અગર બીજાઓ આપણા

પ્રત્યે વરતે તો આપણે તે સહન કરી શકીશું નહિ. જે વસ્તુ આપણે સહન ન કરી શકીએ તેજ વસ્તુ આપણે આપણાં બાળકો પ્રત્યે આચરીએ તે આપણી ભૂલ છે. જો આપણે બીજા તરફ માન ચાહીએ, જો આપણા બાળકો પાસેથી પણ નમ્રતાભર્યું, વિવેક અને માનભરતભાવાળું વર્તન ચાહીએ, તો આપણે તેવું વર્તન તેમના પ્રત્યે રાખવું જોઈએ. જેવું વર્તન આપણે તેમનાં પ્રત્યે દાખવીશું દેખાડીશું, તેવું વર્તન તેઓ શીખશે એ વાત તો ખુલ્લી છે.

બાળક નાનું છે, અશકત છે, તે આપણા જેટલું જ્ઞાન ધરાવતું નથી તેથી આપણે તેને કેવળ સામાન્ય ગણી જેમ આપણે બીજાં અસહાય અને સામાન્ય જીવો પ્રત્યે વર્તન રાખ્યું છે અને તેમ કરવામાં ભૂલ કરી છે તેમજ આપણે બાળકો તરફ વર્તન રાખીએ છીએ એ વધારે ભૂલ કરીએ છીએ. પણ જો આપણાથી વધારે સશકત અને જ્ઞાનવાળા આપણને મામુલી-ગણીને તુચ્છકારે તો આપણને કેવું લાગશે? કોઈપણ જીવ તે નાનો હોય, અશકત હોય, અજ્ઞાની હોય તેથી તે તે કારણે ધિક્કારને પાત્ર ન બની શકે. ખરીરીતે તો તે આપણા પ્રેમ અને આપણી સહાયને પાત્ર બની શકે છે અને બનવો જોઈએ.

આપણા વિશે આપણાં વડીલોએ આદર ન રાખ્યો અને આપણે આપણાં બાળકો પ્રત્યે આદર નથી રાખતાં. આવીરીતે અનાદરનો વારસો ઉતરતો આવે છે અને આપણું જંગલીપણું ચાલુ જ રહે છે.

આપણે ત્યાં મોટા માણસોનાં કે રાજાનાં બાળકો મહેમાન થઈને આવે તો આપણે તેને માનથી બોલાવીશું. તેને હડધૂત નહીં કરીએ. તેની ભૂલ થશે તો ગમ ખાઇશું, તેનાથી તૂટીફૂટી જશે તો હળવેથી કહીશું "હશે, કંઈ નહિ એ તો થઇ જાય બાપુ, હજી બાળક છોના?" ત્યારે શું મોટા માણસ કે ઉપરી અધિકારીનાં, કે રાજાનાં જ બાળકોને માન આપવું અને આપણાં પોતાનાં જ બાળકોને હડસેલવા અને ધૂતકારવા? એમાં તો આપણે એકની ખોટી ખુશામત કરીએ છીએ અને બીજાને દબડાવીએ છીએ. આપણો એવડો ગુન્હો કંઈ નહિતો આપણે તો જાણવો જોઇએ.

બાળકો કે મોટાં, સૌથી ભૂલ તો થઇ જાય છે. કોઇએ ભૂલ કર્યાજ કરવી એવું કોઇ ઇચ્છેજ નહિ. પણ મોટાં ભૂલ કરે ત્યારે કંઈ નહીં અને બાળકો ભૂલ કરે ત્યારે તેને ખંખેરી નાખવા તે શું? આનું નામ આપણી મોટાઇ? આનું નામ આપણું સ્વમાન? જ્યારે આપણામાંથી મોટાઈ જાય અને સ્વમાન ઓછું થાય ત્યારે આપણે બીજા પ્રત્યે તેમને નાના ગણીને વર્તીએ અને તેમનું અપમાન કરીએ. બીજા પ્રત્યેનું માન એતો આપણીપોતાની સુવાસ છે. બાળકો પ્રત્યે આપણામાંથી સુવાસ વહેવી જોઇએ. બાળકો માનને પાત્ર નથી એમ કોઈ પૂછે તો આપણે સામેથી પૂછશું કે ત્યારે કોણ માનને પાત્ર છે? આપણાથી જે મોટાઓ અને સૌથી મોટા હશે કે ત્યારે તો મારી આગળ તમે નાનાં—બાળકો—માટે તમે માનને પાત્ર શા માટે? ઉલ્લું બાળકો કે જેઓ આપણો વંશ-વિસ્તાર વધારનાર માનવ વેલનો આગળ

અંકુર છે તેનું માન વધારે ઘટે છે. બાળક કે જે માનવવિકાસમાં એક આગળ પગલું છે, જે આપણું જીવન અને વિકાસ ભવિષ્યમાં લઇ જનાર એક સંદેશવાહક છે તે વધારે માનને પાત્ર છે. બાળકો પ્રત્યેની આ માનની ભાવના કેળવવી એ બીજું પગલું છે. ગિ.

બાળકો માટે વિકાસનાં સાધનો

(ક્રીડાંગણનાં સાધનોનું વર્ણન.)

સાધન ૧ હિંડોળો.

આ હિંડોળાનું ઉપલું ચોકઠું જમીનથી સવા આઠ ફૂટ ઊંચું તે ઉપરનું એક લાંબુ ચોરસ લાકડું મોભ તરીકે રાખી બે થાંભલાને આધારે આ મોભવાળું ચોકઠું બનેલું છે. મોભમાં બે કડાં છે. તેના આધારે એક પાટિયું જમીનથી સવાફૂટ ઊંચે અધ્ધર રહે તેમ તેના લોઢાના ચાર કડામાં સાંકળ ભરાવી હિંડોળો બનાવેલો છે.

બાળક આ હિંડોળા ઉપર બેસી ખુલ્લા મેદાનમાં છાંયામાં હિંચકાનો આનંદ મેળવે છે અને પોતાનાં મન અને તનને તાજાં બનાવે છે.

સાધન ૨–૩ સાંકળના હિંચકા

પહેલાં સાધનમાં જે લાકડાનું ચોકઠું બનાવવાનું લખેલું છે તે ચોકઠામાંજ આ બીજા અને ત્રીજા સાધનોનો સમાવેશ થાય છે

લોઢાના કડામાં સાંકળો નાખી, નીચે લાકડાનાં ટુંકા ધોકા નાખી ઉભા ઉભા હિંચકા ખવાય તે ઉદ્દેશથી આ સાધન બનાવેલાં છે. બંને હિંચકામાં ત્રણ ફુટનું અંતર છે જેથી હિંડોળા ચઢે તો પણ બંને એક બીજાથી છેટાજ રહે છે. આ હિંચકા જમીનથી એક ફુટ ઉંચે રાખેલા છે આ સાધનનો બાળકો ખૂબ ઉપયોગ કરે છે. જેથી તે બે બનાવવામાં આવેલા છે. ઉભા ઉભા હિંચકા ખાતાં આખા શરીરને બેઠકના જેવી કસરત મળે છે, વળી નાનાં બાળકો જમીનને પગ અડકાડીને પણ આ હિંચકાઓ વાપરે છે. નાનાં ત્રણ વર્ષના બાળકો આ હિંચકો બેસીને વાપરે છે. જ્યારે જ્યારે મોટાં પાંચ છ વર્ષના બાળકો ઉભા ઉભા તેનો ઉપયોગ કરે છે. નાનાં બાળકોને બેસારીને તેમને ખૂબ ઊંચા હિંચકા ખવરાવવામાં ઘણા બાળકો રસ લેતાં નજરે પડે છે. જ્યાં છાંયાની વ્યવસ્થા (મંડપ અગર છાપરાથી) બરાબર ન હોય ત્યાં આવા સાધનોને સગવડવાળાં અને સહેલાઈથી ઘસેડી શકાય તેવાં બનાવવાં જોઇએ.

ઉભા થાંભલાને જમીનમાં દાટવાને બદલે પાર્ટીશનના ઘોડાઓની માફક નીચે લાકડાના જાડા ધોકા નાખવાથી આ સાધનો સહેલાઇથી ખસેડી શકાય તેવાં બને છે.

સાધનઃ—૪ ગાંઠોવાળું દોરડુંઃ—

ઉપર સાધન ૧. ૨. ૩. માટે લાકડાનું જેવું ચોકઠું બનાવેલું છે તેવુંજ એક મોભવાળું ચોકઠું આ સાધન માટે બનાવેલું છે, અને તે ચોકઠામાં સાધન–૪. ૫. ૬. ૭ અને

નો સમાવેશ કરેલો છે.

ઊંચે કડામાં સૂતરનું એક દોરડું જમીનને અડકતું લટકાવવામાં આવેલું છે. તેની અંદર નવ નવ ઇંચને અંતરે લાકડાનાં ગોળ દટ્ટા નાંખેલા છે. આ દોરડાં પર બાળકો તે દટ્ટાઓમાં આંગળી અને અંગુઠો ભરાવી તથા હાથવતી દોરડું પકડી સીડીની માફક ઉપર ચઢવા ઉતરવાની રમત રમે છે. આ રમત રમતાં બરોબર દોરડી અંગુઠા (પગનાં) અને તર્જની વચ્ચે દોરડું રાખી ગાંઠા પર પગ ટેકવી, ઉપર ચઢવામાં બાલકનાં આખા શરીરને કસરત મળે છે. દોરડાં પર ઝોક પડતાં બરાબર સમતોલપણું જાળવી રાખવું પડે છે. અને બાળકને પોતાની જાતને એકાગ્ર બનાવવી પડે છે.

આ રમતમાં હાથ (કાંડુ) અને પગની માંસ પેસીઓ ખૂબ મજબૂત બને છે, વળી ઉપર ચઢીને બેસવામાં બાળક નિર્ભય બને છે.

સાધન:-૫ દોરડાંની સીડી:-

સૂતરના બે દોરડાં વચ્ચે નવ નવ ઇંચનાં અંતરે લાકડાનાં આઠ લાંબા ગોળ કકડા લાગુ કરવામાં આવેલા છે. જે દરેક આશરે સવા ફુટ લાંબા છે. આ સીડી આઠ ફુટ લાંબી છે અને તે ઉપર સહેલાઇથી ચઢી ઉતરી શકે છે. અને આ સાધન ચોથા નંબરના સાધનની પૂર્વ તૈયારી રૂપે વપરાય છે.

કારણ કે સાધન વાપરવું ન. ૪ કરતાં સહેલું પડે છે. આ નીસરણીમાં પણ નં. ૪ માં વર્ણવેલી તમામ શારીરિક શક્તિઓ તથા શરીરનાં તમામ અવયવોનો વિકાસ થાય છે. ચાર, સાડાચાર વર્ષનાં બાળકો આ સાધન વધારે વાપરે છે. પાંચ અને તે ઉપરની ઉમરનાં બાળકો સાધન નં. ૪ માં વધારે રસ લે છે. આ સાધનમાં બાળકની હિંમત અને શક્તિઓનુ અવલોકન થાય છે.

આ બન્ને સાધનો પાસે પાસે ગોઠવેલાં હોઇ એક સાધન ઉપર ચઢી બીજા સાધનો પરથી ઉતરવા વગેરેની રમતોમાં બાળકો સારો રસ લે છે. (અપૂર્ણ) ગિ.

સ્મારક યોજના

શ્રી. અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ અને દક્ષિણામૂર્તિના જૂના વિદ્યાર્થીઓ વહેલામાં વહેલી તકે સ્વ. ગિજુભાઈ 'સ્મારક ગ્રંથ' બહાર પાડવાની યોજના વિચારી રહ્યા છે.

આ ઉપરાંત સ્વ. ગિજુભાઇનું આદરેલું કામ આગળ ધપે અને જોસથી ચાલે એ દૃષ્ટિએ તેમનું મોટા પાયા ઉપર સ્મારક કરવાની વાત વિચારાઈ રહી છે.

હવે પછી તેની સંપૂર્ણ યોજના બહાર પડશે.

વિનંતી કરવામાં આવે છે કે પોતાથી બને તેટલો સૌ ભાઇબેનો સક્રિય ફાળો આપે.

વ્ય. શિ. પ.

નોંધ

[અનુસંધાન પૃષ્ટ ૧૦૪ થી]

તે રીતે બહુજ સરલતાથી કામ ચાલ્યું છે. કાર્યકર્તાઓ ઉપર સંઘીઓનો પૂર્ણ વિશ્વાસ હોય તો પૂર્ણતંત્ર તેમને સોંપી દેવામાં હરકત હોતી નથી. અત્યાર સુધી સંઘીઓએ આ જ

જાતનો વિશ્વાસ રાખ્યો છે. તે જ હવે પછી પણ રાખશે એટલુ માગી લઇએ છીએ. કાર્યકર્તાઓ બદલાયા નથી. માત્ર એક મોટા કાર્યકર્તાના અવસાનથી અમુક ખોટ પડી છે. બીજા કાર્યકર્તાઓએ અત્યારસુધી સંઘનું કામ ગિજુભાઇને એકલાને સોંપી દીધું હતું તે હવે સંઘના ત્રણે જણે ઉપાડી લીધું છે. સૌ. સરલાદેવી પોતાની તબિયત અતિશય નબળી અને રોગગ્રસ્ત હોવા છતાં સલાહ મસલતમાં ભાગ લે છે અને પોતાની કિંમતી સલાહ આપે છે. મુ. નાનાભાઇએ તો લગભગ ગિજુભાઈની જગ્યાજ સંભાળી છે. તેઓ ગામડામાં જઇને બેઠા છે છતાં દરેક બાબતમાં તેમની સલાહની જરૂર રહે છે, ને તેઓ ભાવનગર આવીને પોતાના કલાકો ને કલાકો બગાડીને બધું બરાબર રસ્તે ચડાવવાનું કામ કરી જ રહ્યા છે. સામાન્ય મંત્રી ને તંત્રીનું કામ હવે મારા ઉપર આવી પડયું છે. ગિજુભાઈ મારા ગુરુ હતા. તેમની પાસેથી જ મેં શિક્ષણના આદર્શો મેળવ્યા, શિક્ષણની નવી દૃષ્ટિ પ્રાપ્ત કરી. તેમણે જ મને લખતાં શીખવ્યું. કામ કરતાં શીખવ્યું. તેમની સાથે સંઘનું અને પત્રિકાનું કામ ૭-૮ વર્ષ મેં કર્યું છે. એટલે તેમની ઢબે કામ ચાલુ રાખવાનું મેં માથે લીધું છે. પ્રભુની મદદથી, તેમના આશીર્વાદથી, અને તમારા બધાંનાં સહકારથી આ કામ મારાથી સંતોષકારક થશે એવી આશા રાખું છું. તા

શ્રી. તારાબેન મોડકનું પ્રારંભિક પ્રવચન.

[૨૭-૬-૩૯ ને રોજ શિશુવિહાર દાદરમાં નૂતન બાલશિક્ષકસંઘ અને શ્રી દ. મૂ. વિદ્યાર્થીસંઘની શોકસભા થઈ તે પ્રસંગે કરેલું પ્રવચન.]

મનમાં ઘણું હોય ત્યારે બિલકુલ બોલાતું નથી. લાગણીના આવેશથીયે મોઢું બંધજ થઇ જાય છે. મારી સ્થિતિ આજે એવીજ થઈ છે.

નવ વર્ષ સુધી મને મુ. ગિજુભાઇના નિકટ સહવાસમાં રહેવાનું ભાગ્ય પ્રાપ્ત થયું. એ અવધિમાં મેં એમની સાથે કામ કર્યું; એમની સાથે અનેક ઉદ્દામને હવાઇ દેખાતાં સ્વપ્નાં સેવ્યાં; અનેક મનોરથો રચ્યા; અનેક કલ્પનાની વાતો મૂર્ત સ્વરૂપમાં આણી; અમે નદીના ઉગમ જેવા ઝીણા પ્રવાહો મોટા થઈ જોશથી વહેતાં જોઈ ખુશી થયાં ને ધારેલું ન બન્યું ત્યારે દુઃખીએ થયાં. છેલ્લાં સાત, આઠ વર્ષ અમે સાથે કામ કરતાં ન હતાં; છતાં અમારી વિચાર કરવાની, કામ કરવાની ને બધી રીતો એટલી સરખી હતી કે અમે એકજ ક્ષેત્રમાં હતાં. આજે તેઓ ગયા. એટલે આખું ક્ષેત્ર જાણે ખાલીખમ થઇ ગયા જેવું દેખાય છે. આ કામની પાછળની યાંત્રિક શક્તિ ચાલી ગઈ ન હોય એમ જણાય છે.

પહેલેથી હું ગિજુભાઇને ગુરુ માનતી આવી છું. ગિજુભાઈ એક સળગેલા આદમી હતા. તેમના અંતઃકરણમાં બાળપ્રેમની જ્યોત અખંડ બળ્યાં કરતી ને જે તેમની સાન્નિધ્યમાં આવે તેનામાં તેઓ એવીજ જ્યોતિ પ્રગટાવતા હતા. માટે કંઈક એવું જ બન્યું. રાજકોટની ટ્રેનિંગ કોલેજ ને બધું માનપાન મૂકી હું ભાવનગર દક્ષિણામૂર્તિમાં શું કામ ગઈ તે મારા મિત્રો કે આપ્ત કોઈ સમજી શકયા ન હતા.

પણ મને હું પગલું ભરૂં છું તે બરાબર છે એની ખાત્રી હતી; કારણ એક મૃતવત્ ક્ષેત્ર મૂકીને હું જીવંત ક્ષેત્રમાં પગ મુકૂં છું એ મને સ્પષ્ટતાથી લાગતુ હતું ગિજુભાઈમાં એમનાં બાલમંદિરમાં ને એકંદર દક્ષિણામૂર્તિમાં તે વખતે જે પ્રાણ હતો, જે ઉચ્ચ જીવન ને જીવન આદર્શો હતા તેમણે જ મને ખેંચી. ગિજુભાઇ પાસેથી હું ઘણું શીખી અને ઘણું શીખી તે કાયમને માટે શીખી.

ગિજુભાઈ કામ કરતાં કદાપિ થાકે નહિ ને તેમના ઉત્સાહનો ચેપ તેમના સાથીઓને પણ તરત લાગતો. કારણ તો એજ કે તેમની કામતરફની દૃષ્ટિ. તેમને માટે તેઓ જે બધું કરે તે એક મહાન્ જીવનકાર્ય–(life mission) હતું. રાત્રે બાર ઉપર બે વાગ્યા સુધી શિક્ષણ પત્રિકાના વી. પી. ભરવાં કે રેપર્સ ચોટાડવાં કે પરોઢીએ ચાર વાગે ઊઠીને લેખો લખવા એ જીવન કાર્યનાજ ભાગો. તે માટે સરખાજ ઉત્સાહથી કર્યા કરવા. ગિજુભાઈની કાર્યશક્તિ અજબ હતી. તેમજ તેમનો ઉત્સાહ પણ બધાંને પ્રેરક હતો. તેમના તાલીમમાં તૈયાર થએલાંઓને નિરાશાનો રોગ લાગૂ પડતો નથી. હમેશ આશાવાદી.

એમનાં માર્ગમાં કાંઇ મુશ્કેલીઓ ઓછી હતી એમ નથી પણ મુશ્કેલી સામે ટક્કર ઝીલ્યા કરવી એજ એમનું સ્વાભાવિક જીવન બની ગયું હતું. તેમનું જીવન આખું એક લાંબી લડત. એક જબરૂં warfare. અંદરની, બહારની, ઘરની, સમાજની અનેક જાતની મુશીબતો આવ્યા કરે ને ગિજુભાઈ એમાંથી માર્ગ કાઢ્યા જ કરે. એમનું માનસિક બળ અને અંગીકૃત કાર્ય ઉપરની શ્રદ્ધા ભારે જબરાં. તેથીજ તેઓ ટક્યા અને આટલાં થોડાં વર્ષોમાં આટલુ બધું કામ કરી લીધું. તેમની મનીષા હતી કે ઘેર ઘેર બાળકેળવણીનો સંદેશ પહોંચાડું. અઢાર વર્ષમાં ગુજરાત પુરતું તો તેમણે એ કાર્ય પાર પાડ્યું કહેવાય.

ગિજુભાઈનું લખાણ, તેમનાં નાટકો, તેમની વાતચિત સૌને હસાવતાં. બાળકોમાં કામ કરવા માટે આ તેમની ખાસ લાયકાત હતી. તેમનુ ધનીયા હજામનું કામ જેણે જોયું હોય તેમને ગિજુભાઇ કોઇ કાળે ગંભીર થતા હશે એમ માનવામાંજ ન આવે. છતાં તેઓ વધારે વિનોદી હતા કે વધારે ગંભીર હતા તે કહેવું મુશ્કેલ છે. તેમને નિકટથી જાણનારને એમ લાગે કે વિનોદ એ જાણે બહારનો પડદો ને ગાંભીર્ય એ અંદરનો પડદો હોય.

ગિજુભાઈની ઘણાંઓને બીક લાગતી. તેઓ કામ કરવામાં પોતે દશ વાઘ જેવા હતા. ને કામ કરાવવામાં પણ તેવા જ હતા. કોઇ આળસુ કે કામચોર તેમની પાસે ટકે નહિ. ગિજુભાઇની કામ કરાવવાની ઝડપ ને તેમનું કીધું કામ કરી દેવાની કરનારની ઝડપ જોવી હોય તો ગિજુભાઇને મોંઘીબેનને જોવાં. કાકા કહેતાં થાકે નહિ ને ભત્રીજી કરી આપતાં થાકે નહિ. ગિજુભાઇનો અમલ ઘણોજ કડક તો બરોબરને ! વાણીયે સારી પેઠે તીક્ષ્ણ. છતાં તેમનાથી બીનાર પણ તેમના પર ભક્તિ ને પ્રેમ રાખ્યા કરતા.

ગિજુભાઈનું જીવનચરિત્ર કહેવા બેસીએ તો ઘણું મોટું થાય. આજે તે પ્રસંગ નથી. આજે તો તેઓ આપણી વચ્ચેથી ગયા એ

વાતજ હજી સાચી લાગતી નથી. એમ કેમજ બન્યું. ગમે તેવા રોગ સામે પણ ગિજુભાઇ તો ટકશેજ. એ શરીરથી નહિ પણ મનથીજ જીવે છે એમ હું માનતી. એટલે શરીર કેમ પડયું એ વિચારમાં જ આભા બની જવાય છે.

આજે તો એમજ લાગે છે કે દૂર છતાં તેઓજ આપણને આપણા કાર્યમાં બળ આપતા હતા. ને તેઓ ન હોય ત્યારે આપણાં હાથપગ જાણે લૂલાં પડી જાય છે. પરંતુ તાત્કાલિક આમ બને તોપણ એ અશકિત કાઢી નાખીને, એમના પુણ્યસ્મરણની ખાતર, એમના સ્નેહની ખાતર આપણે એમનું શરૂ કરેલું કાર્ય આગળ ધપાવવા પ્રયત્ન કરવો જોઇએ. બમણા જોરથી કાર્યની પાછળ પડવું જોઇએ. હવે ગિજુભાઇના કાર્યને અમર રાખવાની જવાબદારી આપણા માથા પર આવી પડી છે. પ્રભુ આપણને શુદ્ધ મતિ ને અનંત શકિત આપે. તા.

શિક્ષણ સમાચાર

—ભાવનગર : સ્વ. ગિજુભાઇના સ્મારકની યોજના માટે શ્રી પોપટભાઇ સુડગર અને શ્રી. નાનાભાઇ ભટ્ટ વિચારણા ચલાવી રહ્યા છે. રૂપરેખા હવે પછી પ્રસિદ્ધ થશે.

—નડીઆદ : શ્રી. શંકરભાઇ શાહ, શ્રી. વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં જોડાયા.

—ખેડા : રતિલાલ બાલાભાઇ નાજરના સંચાલકપણા નીચે બાલમંદિર શરૂ થયું.

—અડિયાર: (મદ્રાસ) મોન્ટીસોરી અધ્યાપનમંદિર ઓકટોબરની ૨૮મીથી ડૉ. મેરીઆ મૉન્ટીસોરીના અધ્યક્ષપણા નીચે ઉઘડશે.

રમતો

રમતોના બે પ્રકાર છે. એક સ્વયંસ્ફુરિત અને બીજો પ્રેરિત.

બાળકો પોતાની મેળે પોતાની કલ્પનાથી કે તરંગથી જે રમતો રમે છે તે સ્વયંસ્ફુરિત કહેવાય.

બાળકોને જે રમતો કેમ રમાય તે બતાવવામાં આવે તે પ્રેરિત.

બાળકો સ્વયંસ્ફુરિત રમે તેમાં વચ્ચે આવવું નહિ. તે રમતો તરંગ હોય ત્યારે તેની પાછળનાં તરંગો તપાસવા. તેમાં પડેલાં પ્રતિબિંબો ઉપરથી મૂળ સ્થિતિ જાણવી. તરંગી રમતોને ઉત્તેજન આપવું નહિ. તે ચાલી જાય તેમ ઇચ્છવું પણ તે ત્યારે જશે કે જ્યારે બાળકની આસપાસની જીવન પરિસ્થિતિ બદલાશે ત્યારે. અતૃપ્ત ઇચ્છાઓને કારણે બાળકોને મોટે ભાગે તરંગી બનવું પડે છે. તરંગી રમતોને બદલે કાલ્પનિક રમતો સારી. તેનો પાયો વાસ્તવિકતા હોય તો કલ્પનામાં વાંધો નહિ. રેલરેલ, એરોપ્લેન કે એવી રમતોને વાસ્તવિકતા ઉપર રચાએલી કાલ્પનિક સમજવી.

બાળકો પોતાનું શરીર, સ્નાયુ, ઇંદ્રિયો, અને મન વાપરવા કે તેને વ્યાયામ આપવા જે રમતો રમે–જોડી કાઢીને રમે–તેની વચ્ચે આવવું નહિ. પ્રેરિત રમતો નહિ જાણનારાં બાળકો આવી રમતો રમે છે. તેની પાછળ નિયમો નહિ રહેવાથી એક અથવા તેથી વધારે બાળકો ભેગાં મળીને રમતો રમી શકે છે.

વ્યક્તિગત રમત બાળક રમે અગર ભેગાં મળીને બાળકો રમે તો તેમાં વચ્ચે આવવું નહિ. રમત ત્યારે અરમત બને છે કે જ્યારે રમતમાં સ્પર્ધા અને બાધાબાધી દાખલ થાય છે. ગિ.

આ શિક્ષણ પત્રિકા પારી. શાંતિલાલ છોટાલાલે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાળશિક્ષણ સંઘ)

વર્ષ ૧૪ મું
સંવત ૧૯૯૫

: આદ્ય તંત્રી :
ગિજુભાઈ
: તંત્રી :
તારાબેન મોડક

અંક ૭ મો
ભાદ્રપદ

દેશમાં એક રૂપિઓ : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

સતત પ્રગતિ

પ્રગતિમાં ઊંચે પહોંચવું સહેલું છે. સતત અને દૃઢતાથી એ જ કક્ષાએ ટકવું કઠણ છે.

નીચે છીએ ત્યાં સુધી ઊંચે જવાની તીવ્ર જંખના રહે તે સહેલું છે.

ઊંચે પહોંચ્યા પછી તે જ કક્ષાએ ટકવાની તીવ્ર જંખના રહેવી કઠણ છે.

નોંધ

પત્રિકા કાર્યાલય : વ્યવસ્થાની સરલતાને કારણે આ માસથી કાર્યાલય મુંબઇમાં આવ્યું છે. પત્રિકા મુંબઇમાં છપાશે ને ત્યાંથી જ પ્રકાશિત થઈ ટપાલમાં જશે. તેથી હવે પછી પત્રવ્યવહાર વ્યવસ્થાપક, 'શિક્ષણપત્રિકા' કાર્યાલય, દાદર, મુંબઈ એ શરનામે કરવો.

પત્રિકા શરૂ થઇ ત્યારથી ચૌદ વર્ષ સુધી પત્રિકાના કાર્યાલયના નોકર ન હોવા છતાં શ્રી ભાઈચંદભાઈ ઓધવજી ભાવસારે પત્રિકાની અનેક રીતે સેવા કરી છે. પત્રિકાના હિસાબકિતાબ બરાબર વ્યવસ્થિત છે તેનું બધું શ્રેય તેમને છે. તેઓ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરના કારકૂન હતા એટલે ચોપડાખાતામાં સ્વ. ગિજુભાઇનો જમણો હાથ હતા. ભાઈચંદભાઇની મદદથી ઘણાં જ કામો સરલ અને વ્યવસ્થિત થઇ જતાં. ઘણીવાર મોટાં માણસોને મદદ કરનાર, તેમની આસપાસનાં નાનાં માણસો કોઇના ધ્યાનમાં આવતાં જ નથી. છતાં મોટાં માણસોનાં કામમાં આ નાનાં માણસોનો મોટો ફાળો હોય છે. ભાઇચંદભાઇની કિંમત દાદરમાં હુ બાલમંદિર, અધ્યાપનમંદિર અને મરાઠી 'શિક્ષણપત્રિકા' ચલાવવા લાગી ત્યારે મને જણાઇ. પગલે પગલે મને ભાઇચંદભાઇ સાંભરે છે. કેમકે તેઓ હતા માટે પત્રિકાની ને બાલમંદિરની કેટલીએ વિગતો અમને કોઇને જોવી જ પડેલી નહિ તે બધી અહીં જનતે જોવી પડે છે. ત્યાં તો સ્વ. ગિજુભાઇ કહેતાઃ "ભાઇચંદ, આનું આમ કરવાનું છે" ને બધું તેમણે ધાર્યું હોય તેમ થઇ જતું.

પત્રિકાના કાર્યાલયમા ભાઇ નર્મદાશંકર મહેતા પણ દસેક વર્ષથી કામ કરે છે. છેલ્લે છેલ્લે સ્વ. ગિજુભાઇ સાંજનમાંદા હોય, બહારગામ ગયા હોય કે રાજકોટ કામ ઉપર ગયા હોય ત્યારે બધુ તેમણે જ પોતાનું કાર્ય ગણી વ્યવસ્થિત રીતે ને ખંતથી ચલાવ્યું છે. કાર્યાલય મુંબઈ લઇ જતાં આ બે જણની ખોટ જણાશે. તંત્રો ને વ્યવસ્થાપક મુંબઇમાં રહે ને કાર્યાલય ભાવનગરમાં રહે તે બની શકે નહિ. માટે નિરૂપાય થઇ જૂના કાર્યકરનારાઓને છોડી, નવાને ગોતી લેવા પડ્યા છે.

ભાવનગરમાં કાર્યાલયને સ્વ. ગિજુભાઇના આખા કુટુંબની હૂંફ હતી. સ્વ. ગિજુભાઇનાં મોટા દીકરી શ્રી. સુશીલાબેન ગયા વર્ષમાં વ્યવસ્થાપક તરીકે બધું ધ્યાન રાખતાં ને સહીઓ કરતાં. તેમના પત્ની શ્રી. જડીબેનની સામાન્ય દેખરેખ રહેતી. તેમના પુત્ર શ્રી નરેંદ્રે તો સ્વ. ગિજુભાઇનું બધું જ કાર્ય પોતાનું કર્યું છે. એટલે તેઓ પણ પત્રિકાની વ્યવસ્થામાં ઘણી મદદ કરતા હતા. વખત આવ્યે નાનાં બેન દિવ્યપ્રભા ને નલિની પણ રેપર ચોંટાડવામાં કે બીજે કોઇ કામે મદદ કરતાં જ હશે. હવે આ કુટુંબની હૂંફ ભાવનગર જેટલી મુંબઇમાં નહિ મળે તે માટે દુઃખ થાય છે. તે બધાંને મન 'શિક્ષણ પત્રિકા' તેમની નાની બેન જ છે. દૂર ગામ જવાથી કાંઇ તેઓ તેને થોડાં જ ભૂલી જવાનાં છે? એટલે હાર્દિક હૂંફ તો તેમની તેને રહેશે જ.

આ સિવાય છેલ્લા સાત વર્ષથી હું ભાવનગર ન હતી એટલે બીજા કોણ કોણ પત્રિકાના કાર્યમાં પ્રત્યક્ષ ફાળો આપતા હતા તે હું જાણતી નથી. સ્વ. ગિજુભાઇની રીત તો હું જાણું છું એટલે તેમના અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને ને બીજા જે જે બાલમંદિરનાં કે અધ્યાપનમંદિરનાં કાર્યકર્તાઓ હશે તે બધાંને તેમણે પત્રિકાની સેવામાં લીધાં જ હશે. તે બધાં હવે પછી પણ પત્રિકાને પોતાની જ ગણી મદદ આપે એવી મારી તેમને વિનતિ છે.

પત્રિકાના મિત્રોને પત્રિકાના મિત્રો પોતાનો મિત્રભાવ તો કાયમ રાખશે જ, પણ તેટલું બસ ન થાય. પત્રિકાને હવે ઘણી ફૂંફ જોઇએ છે; સક્રિય મદદ જોઇએ છે; તેનું પ્રચારકાર્ય આગળ ધપાવનારા પ્રચારકો જોઇએ છે. આ વર્ષ તો ગિજુભાઇ વિહોણી પત્રિકા લૂખી લૂખી જ લાગવાની. એટલે જ પત્રિકાના મિત્રોએ તેના તરફ વધારે ધ્યાન દઇને તેને સરસ બનાવવાની મહેનત ઉઠાવવી જોઇએ. શિક્ષણપત્રિકા જેવું માસિક શરૂ કરવાની કલ્પના સ્વ. ગિજુભાઇના મનમાં આવી ત્યારે તેમણે તેને વિષે ઘણાં મહાન્ સ્વપ્નાં સેવ્યાં હતાં. બાળકો સંબંધેના તમામ પ્રશ્નો તેમાં ચર્ચાય, નવી નવી માનસશાસ્ત્રીય શોધો ધ્યાનમાં લઇ બાળજીવનને વિકસતું હસતું આનંદમય કેમ કરી શકાય તેના રસ્તા માતાપિતાને બતાવે, જ્યાં જ્યાં બાળજીવન કચરાતું હોય, દબાતું હોય, ને જુલમ નીચે પાયમાલ થતું હોય, અપમાનથી હતોત્સાહ થતું હોય, ત્યાં ત્યાં પત્રિકા તેને સખ્ત શબ્દોમાં વખોડે અને બાળકોના તનમનથી તંદુરસ્ત રીતે સ્વમાનથી જીવવાના હકકોનું રક્ષણ કરે; આવું આવું તો ઘણું ય એમને કરવાનું હતું. અને તે મુજબ પત્રિકા બાર વર્ષસુધી એ કામ બરાબર રીતે કરતી આવી છે. છતાં હજી ય પત્રિકાને પણ વિકસવાનો અવકાશ તો છે જ. આ જાતનું કોઇપણ પાશ્ચાત્ય દેશોમાં ચાલતું માસિક હાથમાં લઇએ તો પત્રિકાને હજી સુધરવાને અવકાશ કયાં કયાં છે તે ધ્યાનમાં આવે છે. પત્રિકામાં ગિજુભાઇએ પોતાના અનુભવોનો, અધ્યયનમનનાદિનો નિચોડ આપી દીધો હતો.

પરંતુ આ વાત જુદી જુદી કક્ષાના માણસોને સમજાવવા જુદી જુદી અનેક રીતોની જરૂર હોય છે. અનેક દાખલાઓથી તે અધિક સ્પષ્ટ થાય. કદાચ ચિત્રોથી તે સોંસરી પહોંચી જાય. જુદા જુદા માણસોના અનુભવથી તે જ વાત વધારે ગળે ઊતરે.

એટલે આજે પણ પત્રિકાને ઘણું કાર્ય કરવાનું બાકી છે. અને તે ઘણી નવી નવી રીતે તે કરી શકે. સૌના સહકારથી પત્રિકા નવું જીવન પ્રાપ્ત કરી નવા જુસ્સાથી પોતાનું કાર્ય આગળ ધપાવે એમ આપણે સૌ કરી શકીએ.

વર્ષોસુધી જેમણે વાંચવાનું સતત ચાલુ રાખ્યું છે એવો, માતાપિતા અને શિક્ષકો પોતાના અનુભવો અને વિચારો પત્રિકાને લખી મોકલે. પોતાની મુશ્કેલીઓ જણાવે. કારણ અમે જાણીએ છીએ કે ઘણા માબાપોને પત્રિકાના વિચારો એટલે માત્ર વાંચવાના વિચારો જ લાગે છે. અમલમાં અશકય હોઇ માત્ર બોલવા સાંભળવા માટે સારા એવો તેમનો મત હોય છે. પણ પત્રિકાનો દાવો છે કે રોજના વ્યવહારમાં મૂકી શકાય, મૂકવા જ જોઇએ એવા વિચારો તે પ્રતિપાદન કરે છે એટલે તે સંબંધે છૂટથી ચર્ચા થવી જોઇએ. રોજના વ્યવહારની મુશ્કેલીઓ આગળ આવવી જોઇએ. વિચારો અધિક સ્પષ્ટ થવા જોઇએ. માબાપો અને શિક્ષકો પોતાના વિચારો અને અનુભવો લખી એ ચર્ચા ઉપાડે તો સર્વને લાભ થાય. વાચક ભાઇબહેનોને આગ્રહભરી વિનતિ છે કે તેઓ જરૂર આ રીતે પત્રિકાને ઉપયોગી બનાવવામાં મદદ કરે.

મુ. ગિજુભાઇના કેટલાએ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ આજે તેમની પાસેથી વિદ્યા લઇ તેમણે બતાવેલી દિશાએ કામ કરી રહ્યાં છે. આ વિષય એવો તો નથી જ કે તેમાં છેલ્લામાં છેલ્લા વિચારો વિચારાઇ ચૂકયા છે અને હવે તેમાં કઇ કહેવાપણું કે વિચારવાપણું રહેતું જ નથી. ઊલટું ડો. મોંટીસોરી તો એને પ્રયોગશાળા કહે છે. એટલે પ્રયોગશાળામાં રોજ નવા નવા અનુભવો અને પ્રશ્નો આવ્યા જ કરવાના. એટલે આ ક્ષેત્રમાં કામ કરતાં ભાઇબહેનો તો પત્રિકાને જીવતી અને ઉપયોગી રાખવામાં સવિશેષ ફાળો આપી શકશે.

ગિજુભાઈ અકાલે ગયા એટલે તેમનું શરૂ કરેલું કામ જેસભેર આગળ ધપાવવાનું કામ આપણને સોંપતા ગયા.– આપણા ઉપર તે આવી જ પડયુ છે: અને તે યોગ્ય રીતે 'સાચા દિલથી ઉપાડી' બનતી મહેનતે જીવતું જાગતું રાખવાની આપણી પવિત્ર ફરજ થઇ પડી છે. વિદ્યાર્થી વર્ગમાંથી ઘણા મને ઓળખે છે પણ ઘણાં ઘણાં નહિ પણ ઓળખતા હોય. મારી અંગત ઓળખાણ એ બહુ જરૂરની વસ્તુ નથી. હજારો માઇલ દૂર હોય, કોઇ કોઇનું મોંઢું એ ન જોએલું હોય છતાં એક વિચારથી એક આદર્શથી પ્રેરાએલાં માણસો સદા નજદિક જ હોય છે. તેમને સ્થૂળ ઓળખાણની જરૂર હોતી જ નથી. તેમાંય ગિજુભાઇના શિષ્યો ને મારી વચ્ચે તો ગિજુભાઇ પ્રત્યેની ભક્તિ અને પ્રીતિ જેવું હીરનું બંધન છે. એવાં બંધનથી બંધાએલી વ્યક્તિઓને શબ્દથી કાંઇ કહેવું જ પડે નહિ. તેઓ સૌ સાથે છે જ ને સાથે આગળ ધપવાના પ્રયત્નોમાં એક બીજાને સાથ આપે જ. દરેક દરેક વિદ્યાર્થી પત્રિકા પોતાની જ છે એમ માને અને તેને માટે જેટલું જેટલું પોતાથી બને તેટલું કરી છૂટે. આજે આપણા ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરવાનો વખત આવ્યો છે. તેમના પુણ્ય-સ્મરણથી આપણે સૌ પત્રિકા માટે બનતું કરવા નીકળી પડીએ. લખી શકે તે લખે; બોલી શકે તે બોલે; ઘેર ઘેર ગિજુભાઇનો સંદેશો પહોંચાડી શકે તે તેમ કરે; વધારે અભ્યાસ અને પ્રયોગો કરી જે તે દિશામાં કાર્યને આગળ લઇ જઇ શકે તે તેમ કરે; જે પત્રિકાના ગ્રાહકો વધારવાનું કામ કરી શકે તે તે કરે. આ રીતે જે જે કોઇ જે જે રીતે પત્રિકાના કામમાં મદદ કરી શકે તે તેટલું તો અવશ્ય કરે જ કરે એટલું તેમની પાસે હક્કથી માગી લઉ છું.

ગિજુભાઇના મિત્રો જે જુદા જુદા ક્ષેત્રમાં કામ કરતાં છતાં ગિજુભાઇના કાર્યતરફ રસપૂર્વક ને પ્રેમપૂર્વક નજરે જોતા આવ્યા છે તે સૌ પત્રિકાને કઇ રીતે આગળ લેવી તે બાબતમાં પોતાના વિચારો જણાવી અને જે જે રીતે સહાય કરી શકાય તે તે રીતે સહાય કરી પત્રિકાને હૂંફ આપ્યા કરે એમ તેમની પાસે માગણી છે.

હિંદી શિક્ષણપત્રિકા

હિંદી પત્રિકા બંધ કરવાનો વિચાર કર્યો હતો તેના સમાચાર વાચકને મળ્યા હતા.

આજે હિંદી પત્રિકા ચાલુ રાખવાના શુભ સમચાર આપીએ છીએ.

હિંદી પત્રિકાનો પ્રચાર બહુ ઓછો હતો. પોતના ખર્ચ પૂરતુંએ લવાજમ આવતું નહિ. અને જોઇએ તેવી વ્યવસ્થા રહે નહિ તેથી સ્વ. ગિજુભાઇએ તે બધ કરવાનો નિર્ણય કર્યો હતો.

પરંતુ આજે સંઘના કાર્યકર્તાઓ તેની સામે જુદી નજરથી જુએ છે. હિંદી આપણી રાષ્ટ્ર-ભાષા છે. તેની સેવા આપણાથી બને તેટલી સૌએ કરવી જોઇએ. સંઘ પોતે ઘસાઇને પણ જો એ કાર્ય કરી શકે તો તેમ કરવું એવા વિચારો સંઘના પ્રમુખ શ્રી સરલાદેવી અંબાલાલનો હોવાથી હિંદી પત્રિકા ફરી શરૂ થાય છે. તેને સૌ હર્ષ સાથે આવકાર આપશે. એવી અશા છે.

ગૂજરાતી વાચકોને વિનતિ છે કે અમને આ સાહસમાં તેઓ પૂરેપૂરી સહાય આપે. આપણા-માંના ઘણા મિત્રો એવા હશે કે જે હિંદી બોલતા હોય. ઘણા હિંદી પ્રાંતમાં જ રહેતા હોય. તે બધા પોતાની આસપાસ હિંદી પત્રિકાની વાત કરે. નમૂના મંગાવે અને હિંદી પત્રિકાના ગ્રાહકો વધારે એવી તેમને આગ્રહભરી વિનંતિ છે.

—તંત્રી

બાલકમિત્ર સ્વ. ગિજુભાઇ

સ્વ. ગિજુભાઈ ના અકાળ મૃત્યુથી ગુજરાત કાઠીઆવાડમાં જ નહિં પરંતુ આખા હિંદુસ્તાનનાં જુદા જુદા ભાગોમાં શોક પ્રસરી રહ્યો છે. એવું તે શું એમનામાં હતું કે ગૂજરાત તેમજ બૃહદ ગૂજરાતના દરેક ઘરમાં નાનાંમોટાં સર્વેને એમના મૃત્યુથી આટલું દુઃખ થયું ? એ પ્રશ્નના જવાબમાં એમનું જીવનકાર્ય કેટલું ઉપયોગી અને ઉત્તમ પ્રકારનું હતું તે ખાસ વિચારવા જેવું છે.

ગિજુભાઇ એટલે બાળકોનાં મિત્ર

ગિજુભાઇનું નામ સ્મરણ કરતાં જ એમનું બાળસાહિત્ય સૌથી પ્રથમ ધ્યાન ખેંચે છે ગૂજરાતની બાળકેળવણીના તે પિતા હતા એમ કહીએ તો તેમાં અતિશયોક્તિ નહિ ગણાય. કેટલાક કેળવણીકાર એમ માને છે કે એમનું બાળસાહિત્ય ઘણે અંશે પાશ્ચિમાત્ય મોન્ટેસોરી પધ્ધતિ તેમજ બીજી કેટલીક પ્રધ્ધતિના અનુકરણ રૂપે જ સર્જાએલું છે. કદાચ તે વાત અમુક અંશે સત્ય પણ હોય—પરંતુ તેથી એમના બાળસાહિત્યની મહત્તા તેમજ ઉપયોગિતામાં જરાપણ ઉણપ આવી શકતી નથી. એ રીતે જોઇએ તો પ્રખર સાહિત્યકાર અને સાક્ષર શ્રી કનૈયાલાલ મુનશીના કેટલાક નાટકો માટે પણ એમ કહેવામાં આવશે કે કેટલાક નાટકો પાશ્ચિમાત્ય નવલકથાકારોના નાટકો ઉપરથી રચાયેલાં છે. છતાં મુનશીજીની શૈલી, તેમજ ભાષા તો એમની જ છે. અને તે અત્યંત રસિક અને અનુપમ છે. તે જ પ્રકારે બાળસાહિત્ય કેવું હોવું જોઇએ તેના વિચારો ગમે ત્યાંથી લેવાયા હોય પરંતુ ગિજુભાઇએ જે પ્રકારનું સરળ અને બાલકોના માનસને અત્યંત અનુકૂલ થઈ પડે એવું જે બાળ-સાહિત્ય આપ્યું છે તેવું તો અત્યારસુધી બીજા કોઈ કેળવણીકાર કિવા સાહિત્યકારે આપ્યું નથી. તે કારણે તેઓ ગૂજરાતી ભાષામાં બાળસાહિત્યના પિતા તરીકે હંમેશને માટે મનાશે એમાં કોઇપણ જાતની શંકાને સ્થાન નથી. ટૂંકમાં કહીએ તો ગિજુભાઇએ માર્ગ બતાવ્યો અને તે પછી જ બીજું સાહિત્ય તે જ દિશામાં ગુજરાતમાં વધવા લાગ્યું.

ગિજુભાઇએ ફકત ભાષાતર રૂપ જ આ સાહિત્ય રચ્યું નથી. બાલકનું માનસ કેવું હોય અને એનો વિકાસ કેવી રીતે કેવી ભાષાદ્વારા થાય તેનો તેમને પૂરેપૂરો ખ્યાલ હતો. અને તો જ તેઓ તેમની અનનુકરણીય ભાષામાં અને શબ્દોમાં અત્યંત રમૂજી તેમજ બાળકની કેળ-વણીને ઉત્તેજિત કરે એવું સાહિત્ય આપી શકયા છે.

ગિજુભાઇ બાળકો પાછળ ગાંડા હોય એ રીતે બાળકોની કેળવણી અને વિકાસ માટે અહર્નિશ મગ્ન રહેતા અને બાળકોનાં જીવન, કેળવણી અને વિકાસને માટે નવી નવી યોજનાઓ ઘડતા હતા.

બીજી રીતે જોતાં ગિજુભાઇએ ફકત બાલ-સાહિત્ય રચવામાં જ એમના કાર્યની સમાપ્તિ નહોતી કરી. બાલસાહિત્ય તો રચ્યું પરંતુ તે સાહિત્યનું શિક્ષણ શાસ્ત્રોકત રીતે અને બાલકોનું માનસ સમ-જીને અત્યંત સરલતાથી કેમ આપી શકાય તે માટે સ્ત્રી તેમજ પુરુષ શિક્ષકોને તૈયાર કરવામાં એમનો ઘણો મોટો ફાળો છે. અત્યારની ટીચર્સ ટ્રેનિંગ કોલેજોમાં અંગ્રેજીદ્વારા શિક્ષકોને જે કેળવણી

અપાય છે તે જ પ્રકારની કેળવણી ગૂજરાતીમાં શિક્ષકો તૈયાર કરવામાં આપી શકાય તે માટે તેમણે કેળવણીની પધ્ધતિઓ, માનસશાસ્ત્ર વગેરે વિષયો ઉપર ગૂજરાતીમાં પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકો જેવાં શિક્ષકોની કેળવણી માટે હજી બીજાં એટલાં સારાં પુસ્તકો ગૂજરાતીમાં રચાયાં નથી. બાલકોની કેલવણી કેવી હોવી જોઇએ, તેને માટેનું સાહિત્ય કેવું જોઇએ અને તે શિક્ષણ આપવા માટે શિક્ષકોની કેળવણી કેવી હોવી જોઇએ એ સર્વ એમણે વિચારેલું એટલું જ નહિ પણ તે માટે જે જે લખવું જોઇએ અને કરવું જોઇએ તે સર્વ કરી બતાવ્યું છે.

બાલકોની કેળવણીમાં સ્ત્રીશિક્ષકો કેટલેક અંશે પુરુષશિક્ષકો કરતાં વધારે કુતેહમંદ થઈ શકે છે અને તેથી ગિજુભાઇની શિક્ષકો તૈયાર કરવાની યોજનામાં સહજ રીતે સ્ત્રીશિક્ષકો મોટી સંખ્યામાં તૈયાર થવા પામ્યાં. આ યોજનાનાં પરિણામે ગૂજરાતની કેટલીક નિરાધાર વિધવા બહેનો તેમજ સારી સ્થિતિની વિધવાઓ અગર તો અન્ય સ્ત્રીઓને આજીવિકાનું સાધન મળ્યું, તેમજ એક પ્રકારની સમાજને ઉપયોગી સેવા કરવાની તક પણ મળી. આ દૃષ્ટિથી પણ ગૂજરાત ગિજુભાઇનુ ઋણી રહેશે.

ત્રીજી વાત એ છે કે ગૂજરાત તેમજ હિંદુસ્તાનના અન્ય પ્રાંતોમાં બાલમંદિરની સંસ્થાઓ ઠેર ઠેર ઉપસ્થિત થઇ છે તે ગિજુભાઇની જ પ્રેરણાને આધીન છે. બાલમંદિરો વધતાં જ જાય છે અને જ્યાં જ્યાં બાલમંદિર છે ત્યાં ત્યાં ગિજુભાઇનું એક જ્વલંત સ્મારક છે એમ કહેવામાં આવે તો તે ખોટું નથી. ગિજુભાઇનાં ઘણાં શિષ્યો અને શિષ્યાઓએ જુદે જુદે સ્થળોએ બાલમંદિરો સ્થાપ્યાં છે અને તે દરેક સ્થળે બાળકોના જીવનમાં કેળવણીમાં કંઇક જુદા જ પ્રકારનો આનંદ અને વિકાસ આવી રહ્યાં છે.

સ્વ. ગિજુભાઇને જુદી જુદી દૃષ્ટિથી અત્યાર સુધીમાં અનેક અંજલીઓ અપાઇ છે. પરંતુ એક કેળવણીકાર તરીકે એમણે બાળકોની કેળવણી માટે તેમજ શિક્ષકોની પણ કેળવણી માટે જે કાંઇ સાહિત્ય લખીને, તેમજ સસ્થાઓ સ્થાપીને કર્યું છે તે ભૂલાય તેમ નથી અને તે કાર્ય પૂરતું પણ એમણે ગૂજરાતના અગ્રગણ્ય કેળવણીકારોમાં પોતાને માટે ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

છેવટમાં એક જ વાત વિચારવાની રહે છે અને તે એ કે સ્વ. ગિજુભાઇએ ગૂજરાતને માટે ઘણું કર્યું પરંતુ ગુજરાત તેમના કાર્યનો કેવી રીતે બદલો આપવા માંગે છે. સ્વ ગિજુભાઇને જે કાર્ય પ્રિય હતું અને જેને એમણે પોતાના જીવનનું ધ્યેય બનાવેલું, તે કાર્યને કાયમને માટે પ્રોત્સાહન મળે તેવું કંઇક સ્મારક એમની પાછળ ગૂજરાતે કરવું જોઇએ. એ સ્મારક કયા સ્વરૂપનું હોવું જોઇએ તે ગુજરાતના કેળવણીકારો તેમજ સ્વ. ગિજુભાઇના સ્નેહીઓ અને સાથીઓ ભેગાં મળીને નક્કી કરશે જ. પરંતુ સ્વ. ગિજુભાઇએ જે સાહિત્ય રચ્યું છે તે હમેશને માટે કાયમ રહે એવી તો યોજના એ સ્મારકના એક અગ રૂપે રહેવી જ જોઇએ એવી મારી નમ્ર સૂચના છે.

કુ. કપિલાબેન ખાંડવાલા

અભ્યાસપત્રો

પત્ર ત્રીજો

બાળકોના માતાપિતાએ, કે શિક્ષકે બાલ-શિક્ષણ કે બાલવિકાસને અને એથી આગળ વધીને કહીએ તો બાળજીવનને બહુ નુકસાન કરનારી એક બાબતથી દૂર રહેવું જોઇએ. આ બાબત તે બાળકોમાં વહેમ ઘુસાડવાની છે. આપણે મોટાંઓ સેંકડો વહેમોનો ભોગ થઈ પડેલાં છીએ. આ વહેમોથી આપણે પિડાઇએ છીએ. વહેમોને લીધે આપણી બુદ્ધિ આડું પડળ આવેલું છે. વહેમોને લીધે આપણે સાચને જોઈ શકતા નથી. વહેમને લીધે આપણે આપણું જ સુખ ખોઇએ છીએ. આપણે આપણા બાળકોને વહેમોથી મુક્ત કરવાં જોઇએ.

એનો પહેલો ઉપાય એ છે કે જનજનતની અને ભાતભાતની વહેમોની વાતો આપણે આપણા બાળકોની વચ્ચે બેસીને ઘરમાં ન કરવી જોઇએ. બાળકો વહેમની વાતો, ભૂત પ્રેતની વાતો, ડાકણની, શાકણની, વળગાડની, નજર લાગવાની એવી હજારો વાતો સાંભળે છે. આપણો આ વહેમ ખોટી માન્યતાથી તેમનામાં પેસે છે. તેઓ પણ વહેમી બને છે ને તેમનામાં ભય પેસે છે. ભયને લીધે તેઓ નિર્બલ બને છે. નિર્બલતાને લીધે તેઓ લુચ્ચાઓ અને સ્વાર્થી લોકોના હાથમાં ઘણીવાર સપડાય છે.

વળી આપણામાં શુકનઅપશુકનના હજારો વહેમો છે. આમ થયું તો આમ થાય ને તેમ થાય તો તેમ થાય, કૂતરાં ભસે તો જમ આવે ને બિલાડી નીકળે તો નુકસાન થાય, ને દૂધ બગડી જાય તો એમતેમ થાય ને બંગડી તૂટે તો આમ થાય વગેરે સેંકડો વહેમોની જાળ નીચે આપણું મન મોટાં એવાં બંધનમાં છે. વહેમો આપણને સુખચેન મળવાં દેતા નથી. તેથી આપણે કલ્પ નામાં ડર્યા કરીએ છીએ અને એ ગભરામણ બાળકમાં ઝેર જેમ રેડ્યા કરીએ છીએ.

ખરાબ રસ્તે જતાં જેમ જંગલી જનાવરથી અગર કાચ, વગેરેથી બહુ કાળજીથી ચાલવાનો જે ત્રાસ આપણને થાય છે તેનાથી વધારે ત્રાસ આપણને જીવનના માર્ગે ચાલતાં ભયને લીધે થયા કરે છે. વહેમરૂપી ભયંકર જનાવરો અને ખાડા ટેકરા આપણને હેરાન હેરાન કરી નાખે છે.

બાળકોને આ ભુતાવલમાંથી બચાવવા ખાતર આપણે વહેમના અને શુકનના વિચારો રાખવા નહિ, પણ તેને સદંતર કાઢી નાખવા. ઘરમાં એકપણ વહેમ ન રાખવો. જે કંઇ કરવું તે બુદ્ધિથી સમજીને કરવું. જો નહિ કરીએ તો હાયહાય શું થશે એવા વહેમથી એટલે કે ડરથી કરવું નહિ. ભગવાનની મરજી વિના અગર કુદરતના કાયદાની બહાર કોઈ જઇ શકતું નથી. વિજ્ઞાનના નિયમો કાગડાથી બદલી શકતા નથી કે ગાયને કે બિલાડીને ભવિષ્યની ખબર નથી એમ આપણે સ્પષ્ટપણે વર્તનમાં માનવું જોઇએ અને તેમ કરીએ તો જ બાળકો વહેમમાંથી છૂટે.

આખું વર્ષ, વારે અને તહેવારે, સારા માઠા દરેક પ્રસંગે જીવન વહેમોની જંજાળથી ઝકડા-એલું છે. જે સમાજમાં આપણે વસીએ છીએ તે સમાજ અને કુટુમ્બોના વહેમોથી આપણે અજાણ નથી. એમાં કાંઇ નથી એવો આપણને ઘણીવાર અનુભવ થયો હોય છે છતાંએ આપણે તેને માનીએ છીએ. કારણ કે આપણા બાપદાદા-ઓ જ તેમાં માનતા હતા. બાપદાદાનો આ વારસો આગળ વધારવા જેવો નથી. માટે બાળકોને લાભ કરવો હોય, બાળકોનું શિક્ષણ અને જીવન સાચે

માર્ગે જવા દેવું હોય તો તેની આજુબાજુથી વહેમનો અંધકાર કાઢી નાખજો. તે દૂર કરજો.

વહેમ અંધારાનો દુશ્મન જ્ઞાનરૂપી પ્રકાશ છે. આફ્રિકાનો સીધી ઊંડી ખાઈથી ડરે છે કેમકે તેમાં શું હશે તે તેઓ જાણતા નથી. તે જે કંઈ અજાણ્યું છે તેનાથી ડરે છે. અજ્ઞાનતા એ જ તેનો વહેમ અને દુશ્મન છે પણ જેઓએ જ્ઞાનના કિરણો લીધા છે તેઓ ખાઈથી, ઝાડથી કે કૂવાથી કે ઘરોળીથી કે પથરાથી કે ચોથરાથી બીશે નહિ.

જેમ જૂના વહેમો હાંકી કાઢી બાળકોને સ્વચ્છ રાખવાં છે તેમ નવા વહેમોથી ચેતતા રહેવું ઘટે છે. હાય હાય જંતુઓ કદીકે લાગી જશે, વળગી જશે, ચેપ લાગી જશે, એવા વહેમો અને એ જ રીતે દવાથી બહુ ફાયદાઓ થઇ જાય છે, ઉપરાંત ભણવાના, વ્યાયામના, શિક્ષણ પદ્ધતિના સોયાબીન વગેરે નવા પ્રકારની અંધ માન્યતાઓ કે જે વિશે વિજ્ઞાન હજી કાચી દશામાં તેના વહેમોમાં બાળકોને નાખશો નહિ. જે વિશે સાચુ જ્ઞાન નથી તે બધી બાબતોથી બાળકોને બચાવવા ઘટે.

જેમ જૂના વહેમો હાંકી કાઢી બાળકોને સ્વચ્છ

ગિજુભાઈ

બાળકોની હઠ

બાળકને તાવ આવે તો આપણને સમજાય છે કે તે બિમાર છે; તેને ઉધરસ આવે, પેટમાં દુઃખે તો તેના શરીરને કાંઇ રોગ થયો છે એમ આપણને જણાય છે; પણ બાળક હઠ કરે છે તો તેને શું થયું છે તે સમજાતું નથી. માત્ર તે હઠ કરે છે. એટલું જણાય છે. તે હઠ કરવા લાગે એટલે કહીએ છીએ કે તે હઠ કરે છે. તે હઠીલું બને છે તો કહીએ છીએ કે હઠીલું બન્યું છે. પણ બાળકનો આ હઠ એટલે કયો પ્રકાર છે તે આપણને ખબર નથી, અને મૂળ હઠ એ જ શું છે એ ન સમજતાં એનો ઉપાય પણ મોટો કરાએ છીએ તેમાં કાંઈ નવાઈ નથી.

શરીરને તાવ આવવો એ જેમ રોગનું લક્ષણ છે તેમ જ બાળકને હઠ કરવી એ પણ માનસિક રોગનું લક્ષણ છે. તાવ આવવાથી જેમ આપણે તેના ઉપર ગુસ્સો કરતા નથી પણ તાવનું કારણ શોધીએ છીએ તે જ રીતે બાળક હઠ કરવા બેસે તો રોગનું કારણ શોધી તેનો ઉપાય કરવો જોઇએ.

બાળકો હઠ કરે છે ત્યારે શું કરે છે તે કહેવાની જરૂર નથીઃ સૌને તેની માહિતી છે જ. મોટેથી રડવું, મારવું, પટકા ભરવાં, હાથપગ ઘસવા, આળોટવું, મૂમો પાડવી એ હઠના આગળ વધેલા લક્ષણો છે. જેમ શરીરને ફીટ, આંચકી કે આંકડી આવે છે તેવી મનની આ એક પ્રકારના ફીટ (આંચકી) છે. માત્ર તોબરો ચઢાવીને બેસવું, કહેલું સાંભળવું નહિ, સાંભળીને ગણકારવું નહિ ને તેનો વિરુધ્ધ જ કરવું, બોલવાનું કહેતાં ન બોલવું ને ન બોલવાનું કહેવા છતાં બોલવું વગેરે હઠના સૌમ્ય પ્રકારો છે. હઠ બન્ને સ્થિતિમાં હોય છે. પહેલા પ્રકારમાં તેણે જડ ઘાલેલી હોય છે–બીજામાં એ ધૂંધવાતી હોય છે. જીવનપર, અથવા તો સ્વભાવ ઉપર, જીવન તરફની જોવાની દૃષ્ટિ ઉપર, મનોવૃત્તિ ઉપર અને મનના વલણ ઉપર આ ધૂંધવાતી હઠનું કાયમી પરિણામ આવે છે. એટલે પ્રગટેલી હઠ કરતાં ધૂંધવાતી હઠને ઓછી ભયંકર ન સમજવી. જેમ એકાએક ચડી આવેલા તાવ કરતાં ધીમો તાવ ઘણીવાર ભયંકર નીવડે છે તેવીજ રીતે જડ ઘાલી બેઠેલી હઠ કરતાં ધૂંધવાતી હઠ માનસિક વિસ્મૃતી નિર્માણ કરવામાં અધિક ભયંકર સમજવી.

હઠરૂપી રોગપર ઉપચાર શું કરવા તે નક્કી કરવા પહેલાં તેના પ્રકાર ઓળખવા એ ખૂબ

મહત્ત્વનું છે. તેમાં ખરી હઠ કઇ એ દરેક વખતે ઓળખવી જોઇએ. ઘણીવાર બાલકો રડે છે, ચિડાય છે તે ખરી હઠ નથી હોતી પણ તેનો આભાસ હોય છે, એનું એ કાર્ય હઠ જેવું દેખાય છે પણ વાસ્તવિક રીતે એ એનાં મનનું દુઃખ, અસ્વસ્થપણું વગેરે દેખાડવા માટેની રીત હોય છે, એટલે હઠ ઉપર ઉપાય કરવા નીકળતાં પહેલાં હઠ જેવું દેખાતું છતાં ખરી રીતે અંતસ્થ કોઇ અડચણ એમનાથી કહી શકાતી નથી એટલે હઠને રૂપે વ્યક્ત થનાર પ્રકારો પણ ઓળખતાં શીખવા જોઇએ. કારણ કાં તો બાળકોનું રડવું અથવા તો ન સાંભળવું આ સીધું હઠના નામે ચડાવવામાં આવે છે અથવા તો એના એવા બધા જ પ્રકારોમાં ગુસ્સો કરવો, મારવું, તેમની ઇચ્છા વિરુધ્ધ આપણો ઇચ્છા પ્રમાણે તેમના પાસેથી બળજબરીથી કરાવી લેવું વગેરે ઉપાયો યોજવામાં આવે છે. ખરી હઠમાં આ ઉપાયો યોગ્ય નથી જ; પણ ઉપર જણાવેલ હઠ જેવા દેખાતા પ્રકારમાં પણ તે ખૂબ જ ભયંકર અને દીર્ઘપરિણામી નીવડે છે.

હઠના આભાસના પ્રકારો આગલા લેખમાં આવશે.

તારાબેન

બાલમંદિરની ઉદ્ઘાટન ક્રિયા

[બોડામાં તા. ૩૦–૭–૩૯ ના રોજ બાલમંદિર ઊઘડ્યું તે સમયે કાઠિયાવાંડના જાણીતા કાર્યકર્તા અને સ્વ. ગિજુભાઇના પરમ ભક્તમિત્ર શ્રી. પોપટલાલ ચુડગરે કરેલા ભાષણમાંથી]

ગિજુભાઇના હૃદયમાં બાલકેળવણી પ્રત્યેનો પ્રેમ જન્માવનાર જો કોઇ હોય તો તે મારે કહેવું જોઇએ કે-તે પ્રથમ દરબારશ્રી ગોપાળદાસ હતા. એક વખત દરબારશ્રીએ ગિજુભાઇના હાથમાં બાલ કેળવણીનું પુસ્તક મૂકયું અને એ પુસ્તક ગિજુભાઇ ત્રણ ચાર વખત વાંચી ગયા, ને ચોવીસ કલાકમાં જ તેમણે જીવનના પરિવર્તનનો વિચાર નક્કી કરી લઇ કાયદાનાં બધાં જ પુસ્તકો લીલામ કરી નાખ્યાં અને પોતે ગરીબી જીવનનું વૃત્ત લઇ બીજા જ દિવસથી તેમણે બાલકેળવણીના શિક્ષક તરીકેની શરૂઆત કરી.

× × ×

મને અફસોસ અને પશ્ચાતાપ થાય છે કે શ્રી ગિજુભાઇએ એમનો જીવનને પલટાવી જીવી જાણ્યું ત્યારે હું બોડામાં ખૂંપેલો બહાર નીકળી ન શકયો. મેં મારું જીવન, મને લાગે છે કે વ્યર્થ ગુમાવ્યું છે. હું જ્યારે જ્યારે ગિજુભાઇના બાલમંદિરમાં જતો અને બાલમંદિરના ઓટલે ચટ્ટાઇ કે સાદડી પાથરી સૂતો હતો, ત્યારે મને જે આનંદ અને શાંતિ મળતાં હતાં તેવો આનંદ અને શાંતિ મને બીજે કયાંય મળ્યાં નથા. એવું સરસ અને આનંદકારક વાતાવરણ ત્યાં હતું. હિન્દમાં પ્રથમ જ બાલકેળવણીને નવીન પદ્ધતિએ આપવાનું કાર્ય ગિજુભાઇએ આરંભ્યું હતું. અને તેમના એ કાર્યને ઘણા આગેવાનો જોઇ અવલોકી એમના કાર્યની પ્રશંશા કરતા હતા. જ્યારે એક વખત મેં ગિજુભાઇને કહ્યું કે 'આટલું સુંદર કાર્ય તમે કરી રહ્યા છો .અને ચોરે તરફ તેની પ્રશંશા થઇ રહી છે છતાં દેશ એ કાર્યનો કદર કેમ કરતો નથી?' મારો આ પ્રશ્ન સાંભળી તે બોલ્યા ભાઇ, હજી તમારા જડી બહેન ઘરમાં તાંબાપિત્તળના વાસણોમાં રાંધે છે. એ વૈભવ તો હજુ ચાલુ છે.'

આટલે દરજ્જે ગિજુભાઈ શાંત સ્વભાવી અને સરળ હતા.

પરદેશી સત્તા આવી ત્યારથી તેણે આ ગુલામો-દ્વારા જ ગુલામ પ્રજા પર સત્તા ટકાવી રાખવા ગુલામ ગુડ્સ ઊભાં કર્યાં છે. આજે અપાતી કેળવણી જ ગુલામો સર્જવે છે અને એ ગુલામીની મોટાઇ આપણને બતાવવામાં આવે છે. બી. એ. થયો એ મોટો ગુલામ બી. એ. એલએલ. બી. થયો એ એનાથી મોટો અને એમ. એ. થયો એ વળી એનાથી મોટો ગુલામ. આમ આ ગુલામીની સોનાની બેડીમાં આજ એની મહત્તા વધારી દેવામાં આવી છે. અને આ ગુલામોનો ઉપયોગ સત્તા ટકાવી રાખવાનાં કામમાં કરવામાં આવી છે. તેમાં વળી કોઇને રાવસાહેબ ને ખાનસાહેબ બનાવ્યા. એટલે તેમનાથી સ્વાધીનતા માટે કાંઈ થાય જ નહિ. તમે જોશો તો જણાશે કે સ્વાધિનતાની લડતમાં કાપડની ફેરી કરનાર કે તેલ વેચનાર ધાંચીએ પૈસા આપ્યા હશે પણ ક્યાંય વકીલ ડોકટરોએ પૈસા આપ્યા છે?

મારો દેશ આવી ગુલામી કેળવણી લે તેના કરતાં તો તે સાવ નિરક્ષર–અભણ રહે એ જોવા હું ઇચ્છું છું. મારું ચાલે તો હું આજે અપાતી કેળવણીની કોલેજો અને યુનિવર્સિટીઓના પાયા ખોદી કાઢું.

× × ×

હું કહીશ કે બાળકોને જન્માવનાર તેનાં માતા–પિતા જ બાળકોનાં મોટામાં મોટા ગુનેગાર છે. કેમકે તેઓ બાલકોના બાલમાનસને સમજવા બેદરકાર રહે છે અને બાલકને એવા વાતાવરણમાં છોડી દે છે કે તેના કુમળા માનસપર કુસંસ્કારોનો જે છાપ પડી જાય છે તે વજ્રલેપ હોય છે: પછી તેમાં ફેરફાર થઇ શકતો નથી. દરેક બાલક ગર્ભમાંથી જ સંસ્કારો લઇને જન્મે છે. પરંતુ ત્યારપછી માબાપો તેના તરફ બેદરકાર રહે છે ને તેના મગજ પર બચપણમાં કુસંસ્કારોનો જે છાપ પડે છે તે મોટે થતાં જતી નથી. ને ત્યાર પછી માબાપ તેને સંસારમાં છોડી દે છે, જ્યાં તે ગુનાઓ કરતો થઇ જાય છે, પૈસાટકા ગુમાવે છે, નોકરીધંધે ચડતો નથી ને તે વખતે માબાપો તેને કહેશે કે રેઢીઆળ પાક્યો.

× × × ×

આપણી કોલેજો અને યુનિવર્સિટીઓ, મિલોમાંથી જેમ કાપડના તાકા બહાર પાડે તેમ પ્રતિવર્ષ ગ્રેજ્યુએટો બહાર પાડે છે. હિંદમાં

બાળકો ચોકસ છે

હું જતો હતો મારા ધ્યાનમાં ને એક ચિત્તે, એક બાજુએ નાનો સરખો કાલો અવાજ થયો, મેં સાંભળ્યો.

"વાર્તા કેમ ન કહી?"

પાછળ ફરીને જોયું. આઠ વર્ષના વજુભાઇ મારા તરફ આતુરતાથી જોતા ઊભા હતા.; ફરી એકવાર તેમણે વાર્તા માંગી.

હું તો એમને અવલોકવાને પડ્યો, પણ એમ કાંઇ વજુભાઈ મને મૂકે? તેમણે મારો હાથ પકડ્યો ને કહ્યું: "ચાલો મારી સાથે. મનમાં થયું કે ક્યાં લેઇ જશે?

વજુભાઈ મને દોરવા લાગ્યા. એક ઓટલા પર તેમણે મને બેસાડ્યો, પછી પોતે બેઠા. મારા ગળામાં હાથ નાખીને તેમણે કહ્યું: "હું બસ હવે વાર્તા કહેજો. પેલી ઊંદરવાળી વાત, પેલી સાત પૂછડી વાળી !! હું આજે બે વાર્તા કહેવી પડશે હોં! બે બે મને કીધું તું ને?"

હું તો વજુભાઇની મક્કમતાને જોતો હતો.

પંદરેક દિવસ અગાઉ વજુભાઇને એ વાર્તા કહેવાનું વચન દીધેલું મને યાદ આવ્યું તેમ વજુભાઇ ત્યાં સુધી કશું બોલ્યા ન હતા પણ આજે એકાએક કેમ- ત્યારે? હું તો માનતો હતો કે વજુભાઇ ભૂલી ગયા.

ઊંદરવાળી વાત જે કે વજુભાઇએ મારી પાસેથી બે ત્રણ વાર સાંભળેલી, છતાં તેઓ એ વાર્તાને સૌથી વધુ પસંદ કરતા, એમાં આવતા શબ્દો એમને બહુ જ ગમતા.

ઊંદરને છોકરાઓ ચિડાવે ત્યારે તેઓ પણ મોટેથી "ઊંદર સાત પૂછડીઓ, સાત પૂછડીઓ" કહે. ઊંદર મા પાસે રડે ત્યારે વજુભાઇ પણ બોટું બોટું રડે.

વાર્તા શરૂ થાય એટલે વજુભાઇ એમને ગમતા શબ્દો ફરી ફરીવાર બોલ્યા જ કરે, ઊંદરની સાતે સાત પૂછડીઓ કપાઈ ન જાય ત્યાં સુધી એને ચીડવવા મને પણ થોક બાવો પડે.

એ વાર્તા પૂરી કરી ને ઊંદરભાઇની ઢોલકી વાગી ગઈ.

પછી મેં પૂછ્યું હવે કંઇ?

વજુભાઇ કહે: 'હવે પેલી ચકલીવાળી'

મને થયું કે ફરીથી ચકલીબાઇનાં શાપને લીધે બિચારા ઘણાં બધા લોકોને હેરાન કરવા પડશે, એટલે છૂટી જવાને બાને જાણે વાર્તા કઇ તે ભૂલી જ ગયો હોઉં તેમ પૂછ્યું:

"વજુભાઇ! એ ચકલી કઇ? મને યાદ નથી તે?"

પણ વજુભાઈ તો ભારે મક્કમ નીકળ્યા. તરત જ કહે 'એ પેલી ચકલી મોરને બકાણું કહ્યું'તું ને? ચલ્લી ચુંથાણું ને મોર બકાણું નહિ? ને પેલો વડ ને!"

હું તો વજુભાઇ સામે જોઇ રહ્યો. આ કાંઇ જિદ્દ ન હતી, એમનો હક્ક હતો. અને તેમના હક્કની માગણી મને વ્યાજબી લાગી. ફરીથી મેં વાતા શરૂ કરી, પણ કોણ જાણે આજે વાર્તા કરવા કરતાં વજુભાઇની ચોકકસતા માપવામાં મને ખૂબ જ રસ પડતો હતો.

મે વાર્તા શરૂ કરી, પણ વજુભાઇનાં ગમતા શબ્દો ફેરવી નાખીને.

વજુભાઈ થોડીવારે જ મૂંઝાતા હોય તેમ બોલ્યા, ના, ના, આવું ક્યાં વળી? પહેલા તો રાણી હસ્યા જ કરતી હતી ને હવે રડે છે કેમ? પેલો 'વડ' તો 'જડ' થઈ ગયો હતો' વગેરે.

મને થયું કે ખરેખર બાળકો મોટાંઓથી વધુ ચોકકસ છે; તેમનાં સ્મરણમાં કોઈ ચોકકસતાનુ અજબ તત્ત્વ સમાયલુ છે.

નહિ તો વજુભાઈ મારી બોલાયલી વાર્તા નભાવી ન લે?

મારા વચનની યાદ આગળ ન લાવી એમ જ ચલાવી ન લે?

વાર્તાનો ઉપસંહાર થઈ ગયો ને વજુભાઇ ને હું છૂટા પડ્યા.

જતી વખતે પાછળ જોયું તો વજુભાઇ બોટી વાર્તા પકડી પાડ્યા ના વિજયમાં ખૂબ મલકાતા હતા, સાચી વાર્તાના શબ્દો યાદ કરતા હતા.

શિવજી શાહ

શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર

ભાવનગરનું બાલમંદિર થોડા મહિના પહેલાં બંધ થયેલું તે હવે પાછું શરૂ થાય છે એ શુભ સમાચાર આપતાં અમને ઘણોએ હર્ષ થાય છે.

ગુજરાત અને બીજા પ્રાંતનાં સર્વ બાલમંદિરોની એ માતા છે. ૧૯ વર્ષ પહેલાં ભાવનગરમાં તેની સ્થાપના થઈ અને પ્ર. ગિજુભાઇને તેના આચાર્ય નીમવામાં આવ્યા. ખરૂં કહીએ તો સ્વ. ગિજુભાઈનાં મનમાં આવું બાલમંદિર શરૂ કરવાની કલ્પના આવી અને તેમના પ્રયત્નથી જ તેને અસ્તિત્વ પ્રાપ્ત થયું.

શ્રીદક્ષિણામૂર્તિ ભવનના નિયામક પૂ. નાનાભાઈ ભટ્ટ અત્યંત પ્રગતિશીલ હોવાથી ગિજુભાઇની નવી કલ્પનાને તેમણે આવકાર આપ્યો અને ગિજુભાઇને આ કાર્યક્ષેત્ર નિર્માણ કરી આપ્યું.

બાલમંદિરનું કામ ગિજુભાઇએ કેવા એકદિલથી કર્યું, તેની અંદર તેઓ અંદરબહારથી કેવા તનમન થઈ રંગાઈ ગયા હતા અને તે કામ ભાવનગર ગામના બાળકો પૂરતું જ ન રહેતાં સમગ્ર ગુજરાત અને હિન્દુસ્તાનનો બાળકોનાં વિચાર ત્યાં બેઠા બેઠા સ્વ. ગિજુભાઇએ કેવી રીતે કર્યા એ બધું તો સ્વ. ગિજુભાઇના જીવનવૃત્તાંતમાં મશહૂર છે.

આજે આ બાલમંદિરનું પુનરુદ્ઘાટન થાય છે. કોઇ નવું બાલમંદિર શરૂ કરવું અને ભાવનગરનું બાલમંદિર શરૂ કરવું તેમાં ઘણો ફેર છે. ભાવનગર બાલમંદિરની પાછળ ઇતિહાસ પ્રસિદ્ધિ છે. આ બાલમંદિર તો આજે જુવાન પેઢી તરીકે ઓળખાય છે એવા હુન્નરો જણાનાં બાલ્યાવસ્થાનું આદ્ય મંદિર છે.

તે સેંકડો નૂતન બાલશિક્ષકોનું જ્ઞાનપ્રાપ્તોનું જીવતું ઝરણું છે—સ્ફુર્તિ છે. તે સ્વ. ગિજુભાઇનાં જીવનકાર્યનું સ્મારક છે. આવું આ બાલમંદિર આજે પુનર્જન્મ પામે છે તે જોઈ સૌને અત્યંત આનંદ થાય જ.

જુલાઈ માસમાં ભાવનગરમાં બાલમંદિર અને તેની આસપાસનાં લોકોની તરફ જોવાતું નહોતું. પ્રાણ ચાલી ગયા પછી પડી રહેલા પ્રેતવત આ નિર્જન બાલમંદિર આંખમાં આંસું ઊભું કરતું હતું.

આજે તે પાછું બાળકોથી ઉભરાયેલું છે તેમનો આનંદ કલ્પનાથી રોમાંચ ખડાં થાય છે.

બાલમંદિરનું નેતૃત્વ આજે પૂ. ગિજુભાઇને ગુરુ માનનારા, સ્વ. ગિજુભાઇનાં જીવનઆદર્શોને ઓળખનારા સ્વ. ગિજુભાઇનાં એક સહકાર્યકર્તાને આપવામાં આવે છે.—શ્રી. ગોપાળરાવ વિદ્વાંસને અમે અભિનંદન આપીએ છીએ.

શ્રી. ગોપાળરાવ વિદ્વાંસ જબરા કાર્યકર્તા તરીકે પ્રસિદ્ધ પામેલા છે. તેમની અથાગ મહેનત, કામો ઉકેલી નાખવાની ઝડપ અને વ્યવહારકુશળતાથી યશસંપાદન કરવાની હોશિયારી અને સૌથી વધારે તો હૃદયની સચ્ચાઇ અને નિખાલસતા સર્વવિદિત છે. તેમનામાં શક્તિની સાથે વિનય અને નમ્રતા છે. પોતે કોઇ મહાન પુરુષ નથી એવું ભાન હોવાથી તેઓ દરેક કાર્યમાં શીખવાની વૃત્તિથી પડે છે. તેથી તેઓ થોડી જ મુદ્દતમાં બાલમંદિરના યશસ્વી આચાર્ય નીવડશે એમાં શંકા નથી.

અત્યારસુધી તેમણે બાલમંદિરમાં સેધેસીધું કામ ન કર્યું હોય તોપણ સ્વ. ગિજુભાઇનો નિકટ સહવાસ સેવ્યો છે. તેથી બાલમંદિરની અભિલાષા અને ગગનવિહારથી તેઓ અપરિચિત નથી.

શ્રીદક્ષિણામૂર્તિ તરફથી પ્રસિદ્ધ થએલાં બાલસાહિત્યને નિર્માણ કરનારાં પૂ. ગિજુભાઇ હતાં પણ તેની સારી સંભાળ લઇને એને હોંશથી જગતનો પ્રકાશ બતાવનારા તો શ્રી ગોપાળરાવ હતા.

શ્રી ગોપાળરાવે પણ બાલમંદિરમાં ગણિત શિક્ષક તરીકે કામ કર્યું છે. તેના નેતૃત્વ નીચે ગણિત શિક્ષણ પદ્ધતિથી વિકાસ થશે; કારણ પ્રકાશન મંદિરનું કામ કરીને પ્રખ્યાતિ પામ્યા પહેલાં શ્રીદક્ષિણામૂર્તિમાં ઉત્તમ ગણિતશિક્ષક તરીકે પ્રસિધ્ધિમાં આવ્યા હતા.

પૂ. ગિજુભાઇ ભાષાશાસ્ત્રી હતા એટલે એનાં નેતૃત્વ નીચે બાલકોનું ભાષાજ્ઞાન વધારવા માટે જે જે કાંઈ કરવાનુ હતું તે કરવામાં આવ્યું. તેના ઉપર ઘણી જ ચર્ચા થઇ અને બાલોપયોગી

સાહિત્ય નક્કી થયું. પરંતુ ગણિત વિષયની બાજુ કાચી રહી.

પૂ. સ્વ. ગિજુભાઇની પછી શ્રી. ગોપાળરાવ આચાર્ય બન્યા. હવે એ કાચી રહેલી બાજુને આગળ વિકાસ કરવાને માટે અવકાશ છે.

શ્રી. ગોપાળરાવ એકનિષ્ઠ સેવક છે. તેનું કામ એક-નિષ્ઠ સિપાઈ સરખું છે. શ્રી. નાનાભાઇની સૂચના એટલે સેનાપતિની સૈનિકને આજ્ઞા સમજી આ કામ કરવા લાગ્યા. શ્રી. નાનાભાઇ જેવા અનુભવી અને પીઢ કાર્યકર્તાની પસંદગી બરાબર હતી, એ આપણને થોડા જ દિવસમાં માલુમ પડશે.

શ્રી. ભાવનગર બાલમંદિરને લાંબુ આયુષ્ય, કીર્તિ અને પ્રગતિ અમે ઇચ્છીએ છીએ. તે પહેલાં જેવું જ કાર્યસ્ફુર્તિનું ઉગમસ્થાન અને પોષણસ્થાન બનો. આપણા કષ્ટમય કાર્યથી થાકી ગયેલા બાલ શિક્ષકોનું આરામ અને વિશ્રાંતિનું સ્થાન બનો. બાલશિક્ષકની કટાઈ ગએલી બુદ્ધિ અને વિચાર-શક્તિ પ્રજ્વલિત કરીને નવો ઉત્સાહ અને નવું જોમ પ્રાપ્ત કરવાનું સ્થાન બનો. નવીન નવીન કાર્યની શરૂઆત કરવાની અને નવી નવી દિશા બતાવવાનું જીવંત બાલશિક્ષણ કેન્દ્ર બનો.

તંત્રી

શિક્ષણ અને સાહિત્ય

આ સાથે 'શિક્ષણ અને સાહિત્ય' વિષેની અમારાપર આવેલી પત્રિકા અમે વાચકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરીએ છીએ.

વ્યવસ્થાપક,
શિક્ષણપત્રિકા

ભાઇશ્રી, બહેન શ્રી,

જ્યારે 'નવજીવન' ચાલતું હતું ત્યારે, કેટલોક સમય, 'નવજીવન'ની પૂર્તિ તરીકે 'શિક્ષણ અને સાહિત્ય' દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવતું, તે આપને યાદ હશે. તેના નામ પ્રમાણે, તેનો ઉદ્દેશ શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ ચર્ચા કરવાનો હતો. આજ આપણી પાસે 'નવજીવન' નથી; અને કેળવણીના ક્ષેત્રમાં એટલા બધા મહત્ત્વના પ્રયોગો શરૂ થયા છે તથા પુન-ર્ઘટનાની વિચારણા ચાલે છે કે, તે બધાને સંગઠિત રીતે રજૂ કરવા તથા વ્યવસ્થિત રૂપમાં ચર્ચા કે વિચારવિનિમય કરવા માટે 'શિક્ષણ અને સાહિત્ય' જેવી પત્રિકાની અતિ જરૂર છે. એટલે, એ પત્રિકાને હવેથી સ્વતંત્ર માસિક તરીકે ફરી શરૂ કરવાનો ઠરાવ અમે કર્યો છે, અને તેનો પ્રથમ અંક રેંટિયાબારશને દિવસે બહાર પાડવા નિરધાર્યું છે. એમાં અમને બનતો સહકાર તથા સક્રીય મદદ આપવા આપને નમ્રતાપૂર્વક વિનંતી કરું છું.

આપ જો કેળવણીના ક્ષેત્રમાં પ્રત્યક્ષ કામ કરતા હો કે તેમાં રસ લેતા હો, તો આપના અનુભવો પ્રયોગો તથા વિચારો અમને લખી મોકલવા વિનંતી છે. શાળાઓના સંચાલકો પોત-પોતાની શાળાના, કેળવણીની દૃષ્ટિએ નોંધવા યોગ્ય પ્રયોગો તથા સમાચારો અમને મોકલી શકે. ગુજરાતભરમાં આજ અનેક-કેળવણીકારો પોત-પોતાની રીતે કામ કરી રહ્યા છે. આ માસિક તેમના સૌના અનુભવો, પ્રશ્નો, તથા વિચાર-વિનીમયનું સ્થાન બને એવી અમે આશા બાંધી છે. એ વ્યાપક ઉદ્દેશને ધ્યાનમાં લઇને સૌ પોત-પોતાને સ્થાનેથી અમને મદદ કરે એવી અમારી માગણી છે.

જ્યારે આપણે ત્યાં કેળવણીનાં બે અંગોનો પ્રયોગ શરૂ થયો છે. પ્રૌઢ શિક્ષણ અને વર્ધા યોજના પ્રમાણેની મૂળકેળવણી. આ માસિક આ બે અંગો ખીલવવા માટે ખાસ ઉદ્દેશ ધરાવે છે. એટલે એ બે ક્ષેત્રોમાં કામ કરતા શિક્ષકો તથા સેવકગણે અમને પોતાના અનુભવો મોકલતા રહે તો જ આ માસિક પોતાના મુખ્ય ઉદ્દેશને પહોંચી વળી શકે.

આ બે અંગોની સાથે સીધો સંબંધ આપણા પ્રાથમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકોનો વિશેષે કરીને છે. મૂળકેળવણીનો પ્રયોગ તો, એમના જ કાર્યને કેવી રીતે સારું ને વ્યાપક તથા રાષ્ટ્રને હિતકારી બને એવું કરવું; એ જ વિચારવા માટે છે! પ્રૌઢ શિક્ષણ આપણા પ્રાંતમાં પ્રજાકીય સ્કૂલો બોર્ડો પોતા તરફથી ચલાવવા ધારે છે; એટલે કે, પોતાની પ્રાથમિક શાળાઓના શિક્ષકો મારફતે એ કામ તેઓ ચલાવશે. 'શિક્ષણ અને સાહિત્ય' મુખ્યત્વે આ બે ક્ષેત્રમાં કામ કરવાનું હોવાથી એક રીતે જોતાં એ ખાસ કરીને આપણા પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટેનું માસિક થશે એમ કહેવાય. અનેક પ્રકારના શિક્ષણસુધારાના વિચારોથી આ શિક્ષકો આજ વંચિત છે. પ્રમાણભૂત અને સત્તાવાર ખબરો એમને ઓછી જ મળે છે. અને એમણે પોતાના શિક્ષણમાં પણ ઘણો ઉમેરો કરવાનો હોય જ છે. વળી, પ્રજાકીય સરકારે શા પ્રયોગો આદર્યા છે; શા આદરવા વિચારે છે; ચાલુ તંત્રમાં શા ફેરફાર યોજે છે કે યોજવા ધારે છે— આ બધું શિક્ષકોએ તો બરોબર જાણવું જોઈએ; એટલું જ નહિ, એમાં પોતા તરફનો ફાળો પહોંચાડવો જોઈએ. 'શિક્ષણ અને સાહિત્ય'નું આ એક ખાસ કાર્ય બનશે એમ ગણાય.

પ્રૌઢ ભાઈબહેનો તેમને માટેના વર્ગોમાં ભણીને નીકળે, પછી જો તેમને યોગ્ય વાચન આગળ મળતું ન રહે, તો તેઓ ભણેલું ભૂલી જાય. અને એમની પાછળ રાષ્ટ્રે કરેલાં મહેનત તથા ખર્ચ એળે જાય. એટલે એવાં પ્રૌઢોને દર મહિને નિયમિત ને કાંઈક યોજનાપૂર્વક વાચન મળતું રહે એ પણ આ માસિક સંભાળશે. એટલે તેમાં દર મહિને પ્રૌઢને માટે ઉપયોગી સાહિત્ય આપવાનો ઇરાદો છે. વાંચવાનું સાધન પામેલો પ્રૌઢ તેનો પૂરેપૂરો લાભ લે તે સારુ વિદ્વાનોએ તેમને જ્ઞાનની અનેક વાતો તેમને સમજાય એવી શૈલીમાં ને સરળતાથી, કહેવી જોઈએ. 'શિક્ષણ અને સાહિત્ય'ના આ ખંડમાં અનેક વિદ્વાનોનો સહકાર હોય તો જ તે ચાલી શકે,

એક એ ખંડ પણ આ માસિકમાં વિચાર્યો છે કે દર માસે બહાર પડતા સાહિત્યની ટૂંકી સમાલોચના પણ કરવી. એને માટે સમાલોચકોની મદદ જોઈએ. પ્રકાશકો તથા લેખકોને અમારી વિનંતી છે કે, તેઓ પોતાનાં બધો જાતનાં પ્રકાશનો અમને સમાલોચનાને માટે મોકલી આપે.

શિક્ષણ અને સાહિત્ય'ની આ અમારી કલ્પના છે અને એ એનું ખાસ કાર્ય છે. એમાં આપ અમને મદદ કરશો એવી આશા છે. એ જ

લિ. સેવક

નવજીવન કાર્યાલય
પોષ્ટબોક્સ ન ૧૦૪
અમદાવાદ

જીવણજી ડા. દેસાઈ,
પ્રકાશક અને વ્યવસ્થાપક
શિક્ષણ અને સાહિત્ય

સૂચના

આ મહિનામાં કાર્યાલયનું સ્થળ ફેરવ્યું છે એટલે પત્રવ્યવહારમાં જરા ઢીલ થઇ છે. ફરિયાદો સામે તરત જોવાણું નથી. જવાબો વખતસર ગયા નથી. મોડું થાય માટે તે સૌ માફ કરે. ૧લી ઓક્ટોબરથી કામ નિયમિત શરૂ થશે. હવે પછી દાદર–મુંબઇને શરનામે જ સૌ પત્રવ્યવહાર કરે.

શિક્ષણપત્રિકા
કાર્યાલય, હિંદુ કૉલની
દાદર, મુંબઇ

વ્યવસ્થાપક,
શિ. પ.

આભાર સ્વીકાર

અમારી વાર્તાઓ ખંડ ૫.
બાલવિનોદ કાર્યાલય; માલાડ–મુંબઇ.

બાળકો માટે વિકાસના સાધનો

કીડાંગણોના સાધનોનું વર્ણન

સાધનઃ–૬–૭–૮ દોરીના હિંચકા

આ સાધનો અગાઉ વર્ણવી ગયેલ ઉપરના મોભને લાગુ કરેલ બે કડાઓમાં સૂતરનાં દોરડાંથી લટકવાના કે બેસવાના હિંચકાનાં છે.

સાધન ૬

સૂતરની દોરીના બે લાબા દોરડામાં બે લંબગોળ કડીઓની અંદર દોઢ ફુટ લાંબુ એક લાકડું ભરાવી જમીનથી સવા ફુટ ઊંચું રાખી આ સાધન બનાવવામાં આવેલ છે. નાના બાળકો નીચે પગ અડાડી બેસીને અને મોટાં બાળકો ઉભાં ઉભાં હિંચકા ખાય છે. સૂતરનાં દોરડાં હલકાં અને વજન વગરનાં હોઇ સમતોલપણે ઉભા ઉભા હિંચકા ખાવામાં આ સાધન બાળકો માટે જરા વધારે મુશ્કેલી ભર્યું છે.

સાધન ૭

ઉપરના સાધનમાંથી લંબગોળ કડીઓમાંથી લાકડું કઢાડી નાખી ગોળ કડાં પરોવવાથી એને બાળક લટકીને પહોંચી શકે તેટલી ઉંચાઇએ બાંધવાથી આ સાધન બને છે. આ નાની કડીઓ ઉઘાડી શકાય તેવી હોય છે, એટલે એકમાંથી બીજું સાધન સહેલાઇથી બની શકે છે. મતલબ દોરડું જેટલું ઉંચું નીચું જોઇએ તેટલું થઇ શકે છે.

સાધન ૮

સાધન ૬નાં દોરડાંને બાળક લટકીને હીંચી શકે તેટલી ઉંચાઇએ ટાંગવાથી આ સાધન બને છે. આ સાધન ઉપર ડબલબારની માફક આખા શરીરના વજનને તોળવાની, લટકાઇને હિંચકા ખાવાની, તેની અંદર હાથ પહોળી ગલોટિયું ખાઇ જવાની, એવી વિધવિધ પ્રકારની રમતો રમાય છે, અને તે દ્વારા કાંડાની માંસ પેશીઓને મજબૂત બનાવે છે. આમ રમતાં તેનો અવાંતર લાભ મળ્યા કરે છે. વળી દોરડાં ટુકા બાંધવાથી બાળકો લાકડી સાથે લટકીને હિંચકા ખાવાની અથવા લટકવાની વગેરે રમતો રમે છે. ત્રણથી ચાર વર્ષના બાળકો લટકાઇને હિંચકા ખાય છે. જ્યારે પાંચ અને તે ઉપરનાં બાળકો વધારે મુશ્કેલી ભરી રમતો રમે છે.

સાધન ૯: સ્પ્રીંગનો હિંચકો

ઉપર જણાવેલ મોભના કડિયાં આંકડીઓ નાખી સિંહાસન જેમ આગળ ભાગમાં એક ઉઘાડી બેઠક તૈયાર કરવામાં આવે છે, અને હિડોળા માફક જમીનથી સવા ફુટ ઊંચે આંકડાઓથી લટકાવેલ છે. બેઠક સામે જમીનથી અઢી ફુટ ઊંચે એક ઘોકો ત્રાંસો ઊભો કરેલો હોય છે. તેના ઉપર એક લંબચોરસ પાટિયું ઢલતું ચોડેલું છે અને તે પાટીયા ઉપર નવું જ બીજું લીસું પાટિયું સ્પ્રીંગથી લગાડેલું છે. જ્યારે બાળક હિંચકો ખાય છે ત્યારે પુગ સામેના પાટિયાને અડકાડી પાટિયાને હલાવે છે, એટલે પગપર સ્પ્રીગનો ધક્કો લાગતાં હિંચકો ચડે છે, આથી બાળકોનાં આંગળાની માંસપેસીઓને કસરત મળતાં મજબૂત બને છે. ત્રણથી પાંચ વર્ષના બાળકો-આ રમત રમવામાં રસ લે છે.

સાધન ૧૦: સીંગલબાર

જમીનથી સાડા ત્રણ ફુટ ઊંચા અને એક બીજાથી છ ફુટ દૂર ઊભા કરેલા થાંભલા વચ્ચે પોણો ઇંચની જાડાઇનો છ ફુટ લાંબા બે નળ

આ બે અંગોની સાથે સીધો સંબંધ આપણા પ્રાથમિક શાળાઓમાં કામ કરતા શિક્ષકોનો વિશેષે કરીને છે. મૂળકેળવણીનો પ્રયોગ તો, એમના જ કાર્યને કેવી રીતે સારું ને વ્યાપક તથા રાષ્ટ્રને હિતકારી બને એવું કરવું; એ જ વિચારવા માટે છે! પ્રૌઢ શિક્ષણ આપણા પ્રાંતમાં પ્રજાકીય સ્કૂલો બોર્ડો પોતા તરફથી ચલાવવા ધારે છે; એટલે કે, પોતાની પ્રાથમિક શાળાઓના શિક્ષકો મારફતે એ કામ તેઓ ચલાવશે. 'શિક્ષણ અને સાહિત્ય' મુખ્યત્વે આ બે ક્ષેત્રમાં કામ કરવાનું હોવાથી એક રીતે જોતાં એ ખાસ કરીને આપણા પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટેનું માસિક થશે એમ કહેવાય. અનેક પ્રકારના શિક્ષણસુધારાના વિચારોથી આ શિક્ષકો આજ વંચિત છે. પ્રમાણભૂત અને સત્તાવાર ખબરો એમને ઓછી જ મળે છે. અને એમણે પોતાના શિક્ષણમાં પણ ઘણો ઉમેરો કરવાનો હોય જ છે. વળી, પ્રજાકીય સરકારે શા પ્રયોગો આદર્યા છે; શા આદરવા વિચારે છે; ચાલુ તંત્રમાં શા ફેરફાર યોજે છે કે યોજવા ધારે છે— આ બધું શિક્ષકોએ તો બરોબર જાણવું જોઈએ; એટલું જ નહિ, એમાં પોતા તરફનો ફાળો પહોંચાડવો જોઈએ. 'શિક્ષણ અને સાહિત્ય'નું આ એક ખાસ કાર્ય બનશે એમ ગણાય.

પ્રૌઢ ભાઈબહેનો તેમને માટેના વર્ગોમાં ભણીને નીકળે, પછી જો તેમને યોગ્ય વાચન આગળ મળતું ન રહે, તો તેઓ ભણેલું ભૂલી જાય. અને એમની પાછળ રાષ્ટ્રે કરેલાં મહેનત તથા ખર્ચ એળે જાય. એટલે એવાં પ્રૌઢોને દર મહિને નિયમિત ને કાંઈક યોજનાપૂર્વક વાચન મળતું રહે એ પણ આ માસિક સંભાળશે. એટલે તેમાં દર મહિને પ્રૌઢને માટે ઉપયોગી સાહિત્ય આપવાનો ઇરાદો છે વાંચવાનું સાધન પામેલો પ્રૌઢ તેનો પૂરેપૂરો લાભ લે તે સારુ વિદ્વાનોએ તેમને જ્ઞાનની અનેક વાતો, તેમને સમજાય એવી શૈલીમાં ને સરળતાથી, કહેવી જોઈએ. 'શિક્ષણ અને સાહિત્ય'ના આ ખંડમાં અનેક વિદ્વાનોનો સહકાર હોય તો જ તે ચાલી શકે,

એક એ ખંડ પણ આ માસિકમાં વિચારો છે કે દર માસે બહાર પડતા સાહિત્યની ટૂંકી સમાલોચના પણ કરવી. એને માટે સમાલોચકોની મદદ જોઈએ. પ્રકાશકો તથા લેખકોને અમારી વિનંતી છે કે, તેઓ પોતાનાં બધો જાતનાં પ્રકાશનો અમને સમાલોચનાને માટે મોકલી આપે.

શિક્ષણ અને સાહિત્ય'ની આ અમારી કલ્પના છે અને એ એનું ખાસ કાર્ય છે. એમાં આપ અમને મદદ કરશો એવી આશા છે. એ જ

લિ. સેવક

નવજીવન કાર્યાલય
પોષ્ટબોક્સ ન ૧૦૪
અમદાવાદ

જીવણજી ડા દેસાઈ,
પ્રકાશક અને વ્યવસ્થાપક,
શિક્ષણ અને સાહિત્ય

સૂચના

આ મહિનામાં કાર્યાલયનું સ્થળ ફેરવ્યું છે એટલે પત્રવ્યવહારમાં જરા ઢીલ થઇ છે. ફરિયાદો સામે તરત જોવાણું નથી. જવાબો વખતસર ગયા નથી. મોડું થાય માટે તે સૌ માફ કરે. ૧લી ઓક્ટોબરથી કામ નિયમિત શરૂ થશે. હવે પછી દાદર–મુંબઇને શરનામે જ સૌ પત્રવ્યવહાર કરે.

શિક્ષણપત્રિકા
કાર્યાલય, હિંદુ કૉલની
દાદર, મુંબઇ.

વ્યવસ્થાપક,
શિ. પ.

આભાર સ્વીકાર

અમારી વાર્તાઓ ખંડ ૫.
બાલવિનોદ કાર્યાલય; માલાડ–મુંબઇ.

બાળકો માટે વિકાસના સાધનો

કીડાંગણોના સાધનોનું વર્ણન

સાધનઃ–૬–૭–૮ દોરીના હિંચકા

આ સાધનો અગાઉ વર્ણવી ગયેલ ઉપરના મોભને લાગુ કરેલ બે કડાઓમાં સૂતરનાં દોરડાંથી લટકવાના કે બેસવાના હિંચકાનાં છે.

સાધન ૬

સૂતરની દોરીના બે લાબા દોરડામાં બે લંબગોળ કડીઓની અંદર દોઢ ફુટ લાંબુ એક લાકડું ભરાવી જમીનથી સવા ફુટ ઊંચું રાખી આ સાધન બનાવવામાં આવેલ છે. નાના બાળકો નીચે પગ અડાડી બેસીને અને મોટાં બાળકો ઉભાં ઉભાં હિંચકા ખાય છે. સૂતરનાં દોરડાં હલકાં અને વજન વગરનાં હોઇ સમતોલપણે ઉભા ઉભા હિંચકા ખાવામાં આ સાધન બાળકો માટે જરા વધારે મુશ્કેલી ભર્યું છે.

સાધન ૭

ઉપરના સાધનમાંથી લંબગોળ કડીઓમાંથી લાકડું કઢાડી નાખી ગોળ કડાં પરોવવાથી એને બાળક લટકીને પહોંચી શકે તેટલી ઉંચાઇએ બાંધવાથી આ સાધન બને છે. આ નાની કડીઓ ઉઘાડી શકાય તેવી હોય છે, એટલે એકમાંથી બીજું સાધન સહેલાઇથી બની શકે છે. મતલબ દોરડું જેટલું ઉંચું નીચું જોઇએ તેટલું થઇ શકે છે.

સાધન ૮

સાધન ૬નાં દોરડાંને બાળક લટકીને હીંચી શકે તેટલી ઉંચાઇએ ટાંગવાથી આ સાધન બને છે. આ સાધન ઉપર ડબલબારની માફક આખા શરીરના વજનને તોળવાની, લટકાઇને હિંચકા ખાવાની, તેની અંદર હાથ પહોળી ગલોટિયું ખાઇ જવાની, એવી વિધવિધ પ્રકારની રમતો રમાય છે, અને તે દ્વારા કાંડાની માંસ પેશીઓને મજબૂત બનાવે છે. આમ રમતાં તેનો અવાંતર લાભ મળ્યા કરે છે. વળી દોરડાં ટુકા બાંધવાથી બાળકો લાકડી સાથે લટકીને હિંચકા ખાવાની અથવા લટકવાની વગેરે રમતો રમે છે. ત્રણથી ચાર વર્ષના બાળકો લટકાઇને હિંચકા ખાય છે. જ્યારે પાંચ અને તે ઉપરનાં બાળકો વધારે મુશ્કેલી ભરી રમતો રમે છે.

સાધન ૯: સ્પ્રીંગનો હિંચકો

ઉપર જણાવેલ મોભના કડિયાં આંકડીઓ નાખી સિંહાસન જેમ આગળ ભાગમાં એક ઉઘાડી બેઠક તૈયાર કરવામાં આવે છે, અને હિડોળા માફક જમીનથી સવા ફુટ ઊંચે આંકડાઓથી લટકાવેલ છે. બેઠક સામે જમીનથી અઢી ફુટ ઊંચે એક ઘોકો ત્રાંસો ઊભો કરેલો હોય છે. તેના ઉપર એક લંબચોરસ પાટિયું ઢલતું ચોડેલું છે અને તે પાટીયા ઉપર નવું જ બીજું લીસું પાટિયું સ્પ્રીંગથી લગાડેલું છે. જ્યારે બાળક હિંચકો ખાય છે ત્યારે પુગ સામેના પાટિયાને અડકાડી પાટિયાને હલાવે છે, એટલે પગપર સ્પ્રીગનો ધક્કો લાગતાં હિંચકો ચડે છે, આથી બાળકોનાં આંગળાની માંસપેસીઓને કસરત મળતાં મજબૂત બને છે. ત્રણથી પાંચ વર્ષના બાળકો-આ રમત રમવામાં રસ લે છે.

સાધન ૧૦: સીંગલબાર

જમીનથી સાડા ત્રણ ફુટ ઊંચા અને એક બીજાથી છ ફુટ દૂર ઊભા કરેલા થાંભલા વચ્ચે પોણો ઇંચની જાડાઇનો છ ફુટ લાંબા બે નળ

જમીનથી અનુક્રમે પોણા બે ફુટ અને પોણા ત્રણ ફુટ ઊંચે રહે એમ લાગુ કરી આ સાધન બનાવેલું છે.

આ સાધન બાલક હાથવતી લટકવાની કે પગ ભરાવીને ઊંધે માથે કે એવી બીજી રમતો રમવામાં વાપરે છે. મોટા બાળકો ટીંગાઈને આખા શરીરને હિંચકા પેઠે ઝૂલવાની રમત રમવામાં આ સાધનનો વારંવાર ઉપયોગ કરે છે. અને તેમાં આનંદ લે છે.

(–નોંધઃ આ સાધન બીજા સાધનો જેટલું આકર્ષક માલમ પડયું નથી. જો કે મોટાં બાળકો તેને સાધારણ રીતે વાપરે છે એમ કહી શકાય)

સાધન ૧૧ઃ ડબલબાર

ચાર ફુટ લાંબા બે ગોળ લાકડાઓને દરેકને બંને છેડે બાલકની ઊંચાઈ લક્ષમાં રાખી, એ લાકડાઓ જમીનથી એકવીસ ઈંચ ઊંચાઇએ આડા રહી શકે તે પ્રમાણમાં લાંબા, બબ્બે જાડા લાકડાના ટેકાઓ સાલવીને જમીનમાં એક બીજાથી થોડે દૂર સમાંતરે રાખીને આ સાધન ઊભું કરેલું છે. આ સાધન ગમે તે સ્થળે હેરવી ફેરવી શકાય છેઃ—લટકવાં ટીંગાવા, ઠેકવા અને શરીર સમતોલ રાખવાની રમતો બાલકો આ ડબલ બારદ્વારા મેળવે છે.

ગિ.

સ્વ. ગિજુભાઇને અંજલિ

(તા.૧૫ જુલાઇના રોજ મુંબઇમાં ભરાયેલ શોકસભા પ્રસંગે આવેલા બે સંદેશ અહીં રજૂ કરીએ છીએ. તંત્રી.)

ગુજરાતના ઉછરતા બાળકનૈયાઓની સ્નેહલ માતા જેવા પ્રસિદ્ધિ પામેલા ગિજુભાઇનું અકાલ અવસાન જાણે ગુજરાતને માતાવિહોણું કીધું હોય તેવું સાલે છે. પંદર વર્ષ પર ભાવનગરમાં દક્ષિણામૂર્તિ ભવન જેવા જવાની મને તક મળી હતી, ત્યારે મને ગિજુભાઇનો પ્રથમ પ્રસંગ પડયો હતો અને ગિજુભાઇની નિશાળ નહીં પણ બાલવાટિકા જોઇને હું બહુ પ્રસન્ન થયો હતો. ગુજરાતીને નવીન બાલશિક્ષણનો શુદ્ધ ખ્યાલ આપનાર પ્રથમ ગિજુભાઇ જ હતા, અને પ્રભુએ જ જાણે એમને બાળકોના પયગમ્બર કરીને પૃથ્વી પર મોકલ્યા હતા. નવું ગુજરાત જ્યારે ઘડાવા માંડયું છે ત્યારે ગિજુભાઇ જેવા સાચા ને પયગમ્બરી શિક્ષકની ખોટ આપણ સૌને સાલે તેવી છે; એમના સ્મરણ યજ્ઞમાં ચંદનના બે સળી હોમવાં અહીં બિછાનામાં પડેલો હું આ પાદવું છું. અને એટલી ફરજ બજાવીને સંતોષ લઉ છું. ગિજુભાઇની મહોરેલી બાળવાડી સદા ફાલેલીફૂલી રહે તેમાં જ તેમનો અમર આત્મા પ્રફુલ્લિત રહેશે.

આપનો સેવક,
અરદેશર ફરામજી ખબરદાર

૨

હું માનું છું કે સ્વ. ગિજુભાઇ માટે આપણે કશું જ કર્યું નથી. એમના કમનસીબે કદાચ એ ગુજરાતમાં જન્મ્યા. ગુજરાત બહાર જન્મ્યા હોતો તો આજે જેમ આપણે ડો. મોન્ટેસોરીની પૂજા કરીએ છીએ તેમ અને તેટલા જ ઉત્સાહથી એમની પૂજા કરત. બાળશિક્ષણપદ્ધતિ, તળ ગુજરાતને તેમજ આપણા દેશને સૌથી વધારે માફક આવે એવી એમની હતી, એ સત્ય એમના જીવતા તો આપણે નથી શીખ્યા; હવે શીખીએ તો યે ગનીમત.

ચંદ્રવદન ચી. મહેતા

આ શિક્ષણ પત્રિકા શ્રી. કૃ. નાં સાંપલેને રામકૃષ્ણ પ્રિં. પ્રેસમાં છાપી, ત્રિભુવન રોડ, મુંબઇ ૪.
અને શ્રી તારાબાઇ મોડકે શિક્ષણપત્રિકા કાર્યાલય હિંદુ કૉલની દફ્તરમાં પ્રસિદ્ધ કરી છે.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાળશિક્ષણ સંઘ)

વર્ષ ૧૪ મું | : આદ્ય તંત્રી : | અંક ૮ મો
સંવત ૧૯૯૫ | ગિજુભાઈ | આશ્વીન

: તંત્રી :

તારાબેન મોડક

દેશમાં એક રૂપિઓ : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

જીવન એટલે વિકસવું.

જીવન એટલે ફૂલવું.

જીવન એટલે વધવું.

જીવન એટલે આગળ જવું.

જીવન એટલે પ્રગતિ.

જીવવામાં ઉલ્લાસ છે.

પ્રગતિમાં ઉલ્લાસ છે.

તા.

નોંધ અને સમાચાર

લાડોલમાં બાલમન્દિર શરૂ થયું છે એમ ભાઇ કાન્તિલાલ ત્રિવેદી જણાવે છે. આરંભ માત્ર ચાર બાળકોથી થયો છે. એમાં ત્યાંના લાયબ્રેરીઅન શ્રી. કચરાભાઇ પટેલનો સુંદર સહકાર છે. સાધન વગેરેના અભાવે એ બાલમંદિર પ્રગતિ કરતું અને સાચે માર્ગે જતું ન અટકે એમ અમે ઇચ્છીએ છીએ.

× × × ×

અખિલ ભારતીય શિક્ષણ પરિષદની કાર્યવાહક કમિટીએ ૪થી સપ્ટેમ્બર ૧૯૩૯ ના રોજ નીચેનો ઠરાવ પસાર કરી અમારા પર મોકલી આપ્યો છે જેની નોંધ લઇએ છીએ—

"આ સભા સ્વ. ગિજુભાઇ બધેકા, કે જેઓ મોન્ટીસોરી સંઘના મંત્રી હતા અને જેમણે બાલકેળવણીના અણખેડાયલા ક્ષેત્રમાં પહેલાં પગરણ માંડયાં હતાં તેમજ જેઓ આ સભાના થોડા વર્ષોથી સભ્ય હતા તેના અવસાનની દુઃખપૂર્ણ રીતે સખેદ નોંધ લે છે."

× × × ×

'કયસરે હિન્દ' અઠવાડિકમાં "બાગે શીરીન" અને "વહાલાં ગાય–ગુલાબો" નામથી ચાલતા બાળવિભાગની માહિતી મળતાં અમને સાચેજ આનંદ થાય છે. આજે બધી ભાષાઓમાં અને બધી જાતિઓમાં બાળકોનાં જીવન અને શિક્ષણ પરત્વેની જે નવી દૃષ્ટિ અને જાગ્રતિ આવી છે એ જોઇને કોને હર્ષ નહિ થાય? પારસી કોમ તો આજે એમના શિક્ષણને શોભાવી રહીજ છે એવે પ્રસંગે તેઓ બાળશિક્ષણને માટે જે કંઇ કરે તે ઓછુંજ છે. અમે શ્રી. ફરામરોજભાઇના ઉત્સાહને વધાવીએ છીએ અને એમને બધી રીતે ફત્તેહ ઇચ્છીએ છીએ.

× × × ×

ગણિત શિક્ષણનો સવાલ માબાપો તેમજ શિક્ષકોને મન ઘણોજ કઠિન વિષય ગણાતો આવ્યો છે. ગુજરાતી સાહિત્યમાં શિક્ષકોને મદદ થાય એ માટે નવી દૃષ્ટિએ, લખાયલાં ગણિત શિક્ષણનાં જુદાં જુદાં પુસ્તકો પ્રકાશિત થાય છે. પણ સામાન્ય માબાપો પોતાનાં બાળકોને 'ગણિત'નું કોઇ પુસ્તક વાંચવા આપી શકે એવું પ્રકાશન નથીજ એમ કહેવુ કાંઇ ખોટું નથી. સુણાવના ભાઇ સોમાભાઇ કિશાભાઇ પટેલનો 'ગણિત શિક્ષણ'નામના પુસ્તકમાં એવો પ્રયાસ છે. સામાન્ય શિક્ષણની શરૂઆત કરતા કોઇપણ બાળકોના હાથમાં માબાપો આ પુસ્તક મૂકી એને ઉપયોગી થતું જોશે એમ અમને લાગે છે. શિક્ષકોને માટે પણ આ પુસ્તક મહત્વનું જણાશે. ગણિતને વધુ સમજણપૂર્વકનું ને શાસ્ત્રીય બનાવતાં તે બીજા વિષય જેટલુંજ રસિક બને છે. સોમાભાઇના આ પુસ્તકમાં, અંકશિક્ષણ લેવામાં અને એ લઇને વિષયપ્રવેશ કર્યા પછી એને દૃઢ કરવામાં જોઇતાં પુનરાવર્તનોની જરૂર ગણાય તે મળી રહે છે. જેઓ આ પુસ્તક મંગાવવા ઇચ્છે તેઓ શ્રી. સોમાભાઇ કિશાભાઇ પટેલ, સુણાવ–વાયા આણંદ એ સરનામે ચાર આના મોકલી લખે.

તંત્રી.

વિદેશમાં મોન્ટીસોરી પદ્ધતિ

[બરાબર એક વર્ષ પહેલાં લખાયલી અને છતાં નૂતન વિચારોથી ભરપૂર નીચેની ૨વ. ગિજુભાઇની પત્રમાળા પ્રગટ કરવા આપવા બદલ અમે શ્રી. તારાબેન મશરૂવાળા, મહિલા આશ્રમ, વર્ધાના અતિ ઋણી છીએ. તંત્રી]

બેન તારાબેન,

આપના પત્રનો ઉત્તર આપતાં જરા ઢીલ થઇ તો માફ કરશો.

ભલે આપ બુદ્ધિ અને પ્રેરણાને અનુસરીને કામ કરો. જો આપ એટલું ધ્યાનમાં રાખશો કે આપણીજ ઇચ્છા પ્રમાણે શિક્ષણકાર્ય થવું ન જોઇએ તો તમને તમારાં બાલમંદિરમાંથી ઘણું જ શીખવાનું મળશે. તટસ્થ વૃત્તિથી જો ઉભા રહીએ તો જે શીખવા જેવું હોય છે તે આપોઆપ આપણી પ્રત્યક્ષ આવે છે. હવે આપના પ્રશ્નના ઉત્તરો.

જે બહેનો 'નર્સરી સ્કૂલ' માં માને છે તેઓ મોટે ભાગે મોંટીસોરીમાં માનતાં નથી. યુરોપમાં શિક્ષણમાં અને બાલશિક્ષણમાં ઘણા સંપ્રદાયો છે. Nursery School નો પણ એક સંપ્રદાય છે. ઇંગ્લાંડમાં Nursery School ને માટે તાલીમ આપવામાં આવે છે.

એ વાત સાચી છે કે હાલમાં ડૉ. મોંટીસોરીને યુરોપમાં બહુ ઓછું સ્થાન છે. એક વખત એવો હતો (૧૯૦૭) કે જ્યારે આખું સુધરેલું જગત ડૉ. મોંટીસોરી અને મોંટીસોરી પધ્ધતિ ઉપર મુગ્ધ થયું હતું. ત્યારના મોંટીસોરી વર્ગ–Casa de Bambini–બાલમંદિરો જોઇને જોનારને હર્ષાશ્રુ આવતાં હતાં અને તેનાં ઉપર પુસ્તકો લખાતાં હતાં. 'Montessori Mother' નામનું Mrs. Fisher નું પુસ્તક એ જાતનું છે. પણ જેમજેમ ડૉ. મોંટીસોરીના સિદ્ધાન્તોનો ઉંડો અભ્યાસ થવા લાગ્યો તેમ તેમ યુરોપ અમેરીકાના કેળવણીકારો તમજ રાજનીતિજ્ઞોએ એ પદ્ધતિને અવગણવા માંડી. અમેરીકામાં John Dewly અને બીજા અગ્રગણ્ય કેળવણીકારે તેને વખોડી. જર્મનીમાં તો કિન્ડરગાર્ટનનું જોર હતુંજ તેમાં વળી હિટલર વૃત્તિએ ઉમેરો કર્યો એટલે આજે તો જર્મનીમાં મોંટીસોરી નિશાળ ભાગ્યેજ જોવા મળે. જર્મનીથી એક મારી ઓળખીતી લખે છે કે અહીં મોંટીસોરી પદ્ધતિને સ્થાનમાન કંઇ નથી બલકે અહીં તે નથી. ઇંગ્લાંડમાં તો મહેતો મારે નહિ ને ભણાવે નહિ એવું ઘણું એટલે ત્યાં બધું ચાલે. મોંટીસોરી જેવી પદ્ધતિ ત્યાં રાજમાન્ય કે લોકમાન્ય ન થાય અને નથી, છતાં ડૉ. મોંટીસોરી ત્યાં પોતાના વર્ગો ચલાવે છે :અને ત્યાં તેની નિશાળો પણ છે; ઉપરાંત ત્યાં તેના અનુયાયીઓ પણ છે. સ્પેનમાં મોંટીસોરીને માન છે પણ સ્પેનની સ્થિતિ તો આપણે જાણીએ છીએ. ઇટાલીમાં આ પદ્ધતિ જન્મ પામી છે છતાં મુસોલિનીએ આ પદ્ધતિને ઘટતું માન આપ્યું નથી. અગર જો કે આંગળ તો રાજની રાણી મોંટીસોરી નિશાળો ઉઘાડવા જતી હતી! પણ હાલ મુસોલીનીની રાજપ્રકૃતિને અને નીતિને તે અનુકૂલ નથી. રશીઆએ તો મોન્ટીસોરી પધ્ધતિને હાથ ઝાલીને તુરતજ મૂકી દીધી છે. ત્યાં બીજી પધ્ધતિઓ ચાલે છે. આ રીતે ડૉ. મોન્ટીસોરીની પધ્ધતિનું યુરોપ અમેરીકામાં છે. એટલુંજ નહિ પણ અત્યારે તો ડૉ. મોન્ટીસોરીને ઇંગ્લાંડમાંથી ઉપડી જવાનું પણ કહેવામાં આવ્યું છે. ડેનમાર્કમાં.

કોપનહેગનમાં તેને ડેનમાર્કની રાજસત્તાએ સ્થાન આપ્યું છે, અને કોપનહેગનમાં ડૉ.. મોન્ટીસોરી પોતાની આંતરરાષ્ટ્રીયશાળા ચલાવતા સાંભળ્યાં છે.

આ બધાનું એક કારણ છે અને તે એ છે કે યુરોપના ડિક્ટેટરો અને સત્તાધીશોને તથા અમેરિકાનાં પ્રમુખોને આ પધ્ધતિ જોખમ ભરેલી લાગે છે; જો કે એ રીતે તેઓ સ્પષ્ટપણે જણાવતા નથી. કારણ એ છે કે આ પધ્ધતિ આજના જે હિંસાવાદ, યુધ્ધવાદ, સ્પર્ધાવાદ વગેરે જે જગતને નાશ કરનારા વાદો છે તેની વિરોધી છે. આ પધ્ધતિ વ્યક્તિના સ્વતંત્ર વિકાસને માટે છે, અને વ્યક્તિને પોતાના જીવનમાર્ગે જવા દેવામાં સહાય કરવામાં આવે છે ત્યારે આજના હિટલરો અને મુસોલીનીઓ તો દરેક વ્યક્તિને રાજનું અંગ ગણી, રાજની ઇચ્છા પ્રમાણે દરેક વ્યક્તિને ઘડવી જોઇએ અને રાજ્યની સેવા માટે તેને પ્રથમતઃ તૈયાર કરવી જોઇએ એમ માને છે. જે બધાં રાષ્ટ્રો હિંસક છે, બીજાના ઉપર આક્રમણ કરવામાં માને છે, રાજ્યને જ મુખ્ય ગણે છે તે રાષ્ટ્રો મોન્ટીસોરી પધ્ધતિનો સ્વાભાવિકપણેજ અસ્વીકાર કરે છે. ડૉ. મોન્ટીસોરી બાળકની કેળવણીમાં ધર્મને સ્થાન આપે છે. આંતરરાષ્ટ્રીય શાંતિની ઉપાસના શાળામાંથી માગે છે ત્યારે આ બધાં રાષ્ટ્રો તો નાસ્તિક જેવાં છે અને શાંતિની વાત તો મોઢાની વાતો તરીકે કરે છે, જ્યારે દરપળે હથિયારો વધારતાજ જાય છે. સાચા વિચારકોને આ પધ્ધતિ હાલના રાષ્ટ્રોને અસ્વીકાર્ય લાગે એ સમજાય છે કારણ કે આ પધ્ધતિ તો અંતરનું સાત્વિક જીવન શાળામાં, ઘરમાં અને સમાજમાં દાખલ કરવા માગે છે. જેમ આપણે ત્યાં પૂ. બાપુ અહિંસાના અને શાંતિના પયગમ્બર છે તેવી રીતે કેળવણીના વિચારકોમાં અને કાર્યકર્તાઓમાં ડૉ. મોન્ટેસોરી છે, અને તેથીજ તે યુરોપ અમેરીકામાં ગમતાં નથી. સ્પેનની ભૂમિકામાં મોંટીસોરી સિધ્ધાન્તો ઉગી શકે તેમ હતા. ડેન્માર્કમાં જરૂર ઉગશે કેમકે ત્યાં બાલસન્માનં ઘણું છે અને બાળકેળવણી માટે એ રાષ્ટ્રે ઘણું કર્યું છે.. અમેરીકા કહે છે કે મોંટીસોરી પધ્ધતિ વ્યક્તિગત હોઇ તે ત્યાજ્ય છે કેમકે વ્યક્તિત્વ વધી જતાં સમાજને–રાષ્ટ્રને હાનિ પહોંચે છે. છતાં અમેરીકા ડૉ. મોંટીસોરીના વ્યક્તિવિકાસને–વ્યક્તિત્વને ઉત્તેજન આપવામાં માને છે.. અને એ રીતે અમેરિકામાં વ્યક્તિપણું વધવાથી સામાજીક સ્થિતિ વિચિત્ર છે. સ્વતંત્રતાને નામે અતંત્ર વધારે છે. ડૉ. મોંટીસોરીનો વ્યક્તિ સ્વાતંત્ર્યનો અર્થ અમેરિકા કરે છે તે નથી. ડૉ. મોંટીસોરી સ્વાતંત્ર્ય એટલે સ્વતંત્ર સ્વાવલંબન, સ્વાધીનતા એમ કરે છે. સ્વધર્મે રહેવું, વર્તવું એવો અર્થ સ્વતંત્રતાનો એ બાઇ કરે છે. મનુષ્યની પરતંત્રતા અને અતંત્રતાને દૂર કરવા માટે તો આ પધ્ધતિ છે. પરાવલંબનથી માણસ પરતંત્ર થાય છે અને તેનું તંત્ર અતંત્ર હોય છે એ ટાળવા ડૉ. મોન્ટીસોરી બાળકને સ્વાવલંબન self-help પહેલેથીજ આપવા માગે છે. સ્વાધીન માણસોનો,. સ્વતંત્ર, સ્થિર માણસોનો સમાજ, સ્વાધીન અને સ્વતંત્ર થવાનોજ એમ તે કહે છે. તેઓ આ બધું કહે છે એમજ માત્ર નથી પણ તેની શાળાઓમાં તેના વાદ પ્રમાણે જોવામાં આવે છે. બાળકોને સ્વાધીનપણે, સ્વતંત્રપણે વ્યક્તિવિકાસ કરતાં જોઇને, અંદર અંદરનો સહકાર અને પ્રેમ જોઇને, એકન્દરે માનવજાતની નવી દુનિયા, માનવજાતનું પૃથ્વી ઉપરનું ભાવિસ્વર્ગ જોઇને તો યુરોપના લોકો તેના ઉપર એકવાર આફ્રીન બન્યાં હતાં. રશિયાએ વ્યક્તિવિકાસવાળી પધ્ધતિ, collective life સમૂહગતજીવન ને કામની નહિ એમ કહી તેણે એને નમસ્કાર કર્યા. પણ વ્યક્તિવિકાસ એટલે શું તેની સમજણ ઉંડા ઉતરીને લેવાની

પરવા ન કરી. આમ જેઓ વ્યકિત સ્વાતંત્ર્યથી બીએ છે તેમણે અને જેઓ સમષ્ટીવાદ-સમાજવાદના હિમાયતી છે તેમણે મોન્ટીસોરી પધ્ધતિને છોડી છે એ વાત સાચી છે પણ તેઓ બહાનાં કાઢે છે તે ખોટાં છે. આ પધ્ધતિ મૂઢ યાને difficult બાળકોને માટે છે એમ કહેવું એ પણ એક બહાનું છે. એ માત્ર અજ્ઞાનતા નથી પણ સમજણ-પૂર્વકનું ચતુર લોકોએ શોધેલું બહાનું છે. ડૉ. મોન્ટીસોરીએ આ પધ્ધતિ પોતાની કલ્પનામાંથી નથી કાઢી. એક ડૉકટર તરીકે તેણે બાળકનાં શરીર, ઇન્દ્રિયો, મન અને આત્માના અભ્યાસ કરતાં કરતાં આ પધ્ધતિ વિચારી છે. તેનું શોધનુ મૂળ defective અને sub-normal બાળકો છે ખરાં. એટલે કે તે બાળકોને કેળવવાની પધ્ધતિ શોધતાં તેને સમધારણ normal બાળકોની પદ્ધતિ હાથ લાગી. અલ્પધારણ કે મૂઢ બાળકોને જે રીતે શીખવવું શકય બન્યું તેજ રીત સમધારણને માટે સ્વયંશિક્ષણ આપનારી જોવામાં આવતાં મોન્ટીસોરી પધ્ધતિની ઉત્પત્તિ થઇ. What was found educative for the defective & sub-normal was proved to be auto-educative for the normal. આ બધું તો પ્રયોગશાળામાં સિધ્ધ થયા પછી પધ્ધતિનું વિધાન થયું. આ વિધાન સાચું છે તે આજની વ્યવસ્થાથી ચાલતી મોન્ટીસોરી શાળાઓ–બાલમંદિરોમાં સહેલથી જોઇ શકાશે. વિસ્તારને ભયે આ વાત વધારે સ્પષ્ટ નહિ કરું. જરા વિચાર કરશો તો સમજાશે. ટૂંકમાં આ આક્ષેપ યથાર્થ નથી. સમજણ વિનાનો છે.

વાત એમ છે કે ડૉ. મોન્ટીસોરીના સિધ્ધાન્તો ક્રાન્તિકારી છે. કેળવણીદ્વારા સમગ્રજીવન અને જગતની ક્રાન્તિ તે ચાહે છે. પૂ. બાપુ એક દિશાથી જેમ ક્રાન્તિના પ્રખર ભાસ્કર છે અને જગતને બાળે છે તેમ ડૉ. મોન્ટીસોરી બીજી દિશાથી–કેળવણીની દિશાથી સૌમ્ય ચંદ્ર છે. છતાં તેની શીતળતા પણ ચાંદનીની રાત કેટલાંક પક્ષીઓને નથી ગમતી તેમ કેટલાંક માનસને અનુરૂપ નથી. આ સરખામણી માટે મને ક્ષમા કરશો. પૂ. બાપુ તો જગતના સમર્થ ઉદ્ધારક છે. તેની સાથે ડૉ. મોન્ટીસોરીની તુલના કરાય નહિ. પણ આ તો ડૉ. મોન્ટીસોરીની સ્થિતિ સમજવા માટેજ લખું છું. પૂ. બાપુની વર્ધા યોજનામાં જે જગતવ્યાપિ ક્રાન્તિ છે તેમાં બધી મોન્ટીસોરી પધ્ધતિઓ આવી જ જાય છે છતાં મોન્ટીસોરી પધ્ધતિ એક સિધ્ધવસ્તુ છે અને માનવજાતનો વિકાસ યોજવામાં તેનું મહત્ત્વનું સ્થાન દેખાય છે. એક વાતની ચોખવટ કરૂં. હું કોઇ પધ્ધતિનો અંધ ઉપાસક નથી. હું શિક્ષણમાં નાનો એવો સાધક છું. સાધના વડે જે સત્ય સિધ્ધ ભાસે છે તેને વળગું છું. અને સત્યની સાધના તો એવી છે કે તે હમેશ તટસ્થપણ માગે. તે અંધશ્રધ્ધાનો સ્વીકાર કરેજ નહિ.

તમારો બીજો પત્ર સાધનો સંબંધનો છે તેનો ઉત્તર બીજા પત્રમાં લખીશ.

આટલા લાંબા પત્ર માટે માફ કરશો. અત્યારે ચારેકોર આ પધ્ધતિ સંબધે જે ગેરસમજુત ચાલે છે તે કંઇક દૂર થાય તે હેતુથી આટલું વિસ્તાર-પૂર્વક લખ્યું છે.

આખરે તો જગતનું કારણ જગત ચલવે છે. આપણને તો જે સમજાયું હોય અને આપણા અનુભવમાં આવ્યું હોય તેટલું બોલવાનો કે કરવાનો અધિકાર છે. ઉત્તર પહોંચ્યે પત્ર લખશો. દરમ્યાન બીજો પત્ર લખીશ.

ગિજુભાઇના
નમસ્કાર.

નિશાળે ન જાઉં એટલે—

નિશાળે ન જાઉં એટલે મેં ગુન્હો કર્યો.
નિશાળે ન જાઉં એટલે હું સૌનો અપરાધી.
નિશાળે ન જાઉં એટલે મારું કોઈ જ નહિ.
નિશાળે ન જાઉં એટલે બાપુ મારે, બા મારે.
જ્યારે નિશાળે ન જાઉં ત્યારે બધા મને વખોડે.
પણ કોઇ મને પૂછે નહિ, કોઇ કારણ શોધે નહિ,
પણ બધાં જ મારે, બધાં જ કૂટે, બધાં જ પીટે.

એનું કારણ હું નાનો છું, પરતંત્ર છું.

મને ઉઘાડે વાંસે શિક્ષક મારે, વેર બાપુ મારે, બહાર બધાં વખોડે.

એ બધાનું કારણ પણ હું નાનો છું. મને એવી નિશાળે જવું ગમતું નથી.

શા માટે નથી ગમતું કહું ?

કારણ કે ત્યાં ગમે તેવી ગંદી વાતો થાય છે.

ત્યાં મને ગમે તેવી સ્વચ્છતા પણ નથી.

વળી ત્યાં બધાંને માર પડે છે, બધાંને ગાળો મળે છે.

ત્યા રમવાનું કશું સાધનજ નહિ. બસ બેઠા જ રહેવું.

બીજાં કારણો એ કે ત્યાં ન ગમે તેવું ખૂબ ખૂબ શીખવાય છે. ગોખવા સિવાય બીજું કાંઇ જ નથી.

હું તો નાનો છું, ને બાળક છું. ફરવું ને રમવું મને વધુ ગમે એટલે પણ એવી નિશાળે ન જાઉં.

હું નાનો છું ને શાળા વડિલપણું રાખે છે.

કારણ કે ત્યાં બધાં જ હાઉ જેવાં છે; પ્રેમાળ નથી. ત્યાં સ્વતંત્રતા નથી પણ જેલ જેવું છે. ત્યાં ફરવાની છૂટ નથી !

ત્યાં પટાવાળા, નોકરો બધાંજ વડિલ બને છે; બાળક નહિ.

મને અન્યાયો થાય એટલે પણ જવું કેમ ગમે?

માંદો હોઉં તો એદી ને ઢોંગી ગણાઉં; નિરાશ હોઉં તો જબરદસ્તીને પાત્ર ઠરું; ભારે પાઠોથી કંટાળું તો શિક્ષાપાત્ર બનું; જરા રમવામાં પડું તો લેસનનો ચોર ગણાઉં.

માટે હું નિશાળે ન જાઉં હો!

શિવજી શાહ.

બાળકોની હઠ

હઠનો આભાસ—પ્રકાર પહેલો.

બાળકો થાકી ગયાં હોય છે અને અતિશય થાકવાને પરિણામે હઠે ચડે છે. કાંઇ કારણ ન હોવા છતાં આડાં ચાલે છે ને છેવટે રડવા-ઝગડવાનો પ્રકાર શરૂ થાય છે. તેમાં આપણે એને ચીડવીએ એટલે વધુ વધુ ચીડાતાં જાય છે અને આગળથી થાકેલા શરીર અને જ્ઞાનતંતુઓને વધુ થાક લાગે છે. બાળકો સ્વતંત્ર થઇ જાતે રમી શકતાં થાય એ ઉંમર દોઢેક વર્ષથી માંડી દસ બાર વર્ષની કહેવાય. એમાં આવા પ્રસંગો અનેક આવે છે. તેમને રમવાની મૂળ ઇચ્છા હોય છે. ચાલવા લાગે તો ચાલ્યાજ કરે છે; કૂદકા મારવા લાગે તો કૂદકાજ માર્યા કરે છે; નાચવા લાગ્યા કે નાચ્યાજ કરે છે ને તેમ કરતાં થાક લાગે અને હાથપગ હાલે નહીં એ સ્થિતિ આવે તો પણ એમ કર્યાજ કરીએ એમ તેમને લાગે છે. એમાં પણ કોઈકે રમાડનાર મળે તો તો એનો અતિરેકજ થવા સંભવ થાય છે.

એકાદ વર્ષની અંદરનાં બાળકોને ઘણી વખત મોટા લોકો ખૂબ નચાવે છે, હસાવે છે, ઉડાડે છે, શરીર ઉપર ઉભાં કરી રમાડે છે અને એમને થકવી નાખે છે. છેવટે છોકરાં રડવા લાગે છે. શાંત રીતે ઊંઘી પણ શકતાં નથી. વચ્ચે વચ્ચે રડતાં ઉઠી જાય છે. તેને આપણે હઠ નથી કહેતાં પણ રગવું કહીએ છીએ. બાળક તો રડકણું જ છે, મોને સૂવા દેતું નથી વગેરે ઉદ્‌ગારો એની વિરૂધ્ધ કાઢીએ છીએ. જરા બાળક મોટું હોય તો તે બરોબર જમતું નથી; શાક પીરસીએ તો કહે છે 'શું કામ પીરસ્યું?' એમ કહી રડવા બેસે છે. આ પ્રકારે કોઈ પણ બોટું કારણ શોધી, પગ ઘસતું બેસે છે.

આવી આ હઠ, થાકના સ્વાંગમાં આવે છે એટલે એનો યોગ્ય ઉપાય કરવો જોઇએ. સાચી વાત એમ છે કે આગળથી ખબરદારી લઇ એવો પ્રસંગ આવાજ દેવો ન જોઇએ. તેવો ઉપાય એટલે કે આપણેજ પહેલાં તો શાંત રહેવું જોઇએ. આપણે ચીડાયાં કે પછી એનું માથુ ફરે છે. એટલે આપણે ધૂમાધૂમ કે ક્રોધ વગેરે ન કરતાં બાળકોનું બાણુ જલદીથી બલાસ થાય એવું કરવું. ભાત રોટલી વગેરે ન ભાવે તો માત્ર દૂધ પાઇને કે મુરબ્બો કે ગોળ સાકર ભાવે તો તે લાલચના રૂપમાં ન આપતાં, કાંઇ પણ બોલ્યા વગર આપી દેવું. એના એક બે કોળીઆ બાવા હોય તો તે બાઇને તેને શાંત વાતાવરણમાં સૂવાડી દેવું. કપડાં બદલવાં, શરીર લૂછવું, પાવડર લગાડવો વગેરે કામો રહી જાય તો રહી જવાં દેવાં. પહેલાં ઊંઘવા દેવું. કારણ રડાવી રડાવીને સ્વચ્છ કરવાની કોશીષમાં એની ઊંઘ સાવ જાય છે ને વધુજ ત્રાસ થાય છે. આવે વખતે જરા વાંસામાં થાબડીએ તો તરત તેઓ રડતાં રડતાં પણ ઊંઘી જાય છે. આપણે જેટલાં શાંત, સ્વસ્થ ને મૌન રહીશું તેટલું જલદી તે પણ શાંત થશે એ વાત બાસ લક્ષમાં રાખવી. હઠના આભાસનો આ એક હમેશ બનતો અને બરાબર હઠની જેવોજ એક પ્રકાર છે. આવે વખતે બાળક કાંઇપણ સીધું આડુ ઉભું કરી રડવાનું શોધે છે. તેમને રડવું હોય છે એ ચોકસ. તે માટે આપણે જે કંઇ બોલીએ તેથી વિરૂધ્ધ બોલી ઉલ્ટી પરિસ્થિતિ ઉપસ્થિત કરે છે. આપણે કહીએ 'કપડા બદલ્લ' તો તે કહેવાનાં 'આજ પહેરીને સૂવું છે' અને આપણે કહીએ કે 'રહેવા દે અત્યારે' તો કહેશે 'નહિ, અત્યારેજ બદલ્લ.' 'ગરમ પહેર' તો 'નથી પહેરવું' એમ કહી રડશે. અને 'ગરમ નહીં' તો ગરમ કોટ પહેરીનેજ સૂવાની હઠ કરશે. સારાંશ એ કે તે શું કહે છે તેમાં અર્થ નથી. તેમને રડવું આવે છે અને તેનું કારણ તેઓ થાકેલાં હોય છે. આટલો સાર શોધીને જરા હુશિયારીથી એ પ્રસંગ પાર પાડવો. ખરૂ કહીએ તો આવો પ્રસંગ આવેજ નહીં એમ વર્તવું. શાળામાં પણ આવા પ્રસંગો આવે છે.

એક દિવસ નાનાં બાળકોની શાળામાં નાનાં બાળકો ઝાડ ઉપર ચડતાં હતાં. એક બાજુથી લાકડાના આધારે ચડવાનું ને બીજી બાજુ શિક્ષકનાં હાથના આધારે કૂદકો મારવાનો. બાળકોને એ રમત બહુ ગમી. પાંચ પાંચ વખત એમ કર્યું છતાં સંતોષ ન થયો. હજુ ચઢવું છે એમ લાગવા લાગ્યું. તેમાં એક ચાર વર્ષનો છોકરો તરતના તાવમાંથી ઉઠીને આવ્યો હતો. તે ત્રણવાર ચઢયો ઉતર્યો એટલે એને બંધ કરવાનું કહેવામાં આવ્યું. તે વખતે એને ખૂબ જ ખરાબ લાગ્યું. પણ શિક્ષકે દૃઢતાથી નાજ કહી. તે જ વખતે જો તેને પાંચ દસ વખત ચઢ ઉતર કરવા દીધો હોત તો ઘેર જઇને બાકને લીધે રાત્રે રડારડી, ચીડાવાનું ને હઠ લેવાઇ હોત ને ઘરનાં લોકોને ત્રાસ થયો હોત.

એક વખત તેઓ રમવાના રંગમાં આવી ગયાં પછી તેઓને એકદમ હુકમ છોડી બંધ કરવાનું

કહેવા કરતાં શરૂઆતથી જ મર્યાદા નક્કી કરી આપવી એ ઇષ્ટ છે. ઘરમાં એકાદ ખુરશી ઉપરથી કે એવી કોઇ જગ્યાએથી કૂદાકૂદી કરવાં લાગે છે, કે કયાંય ચઢ ઉતર કરે છે અને એમાં બરાબર રંગ આવે છે ત્યાં આપણે શિક્ષા કરવાની ધમકી આપી એ બંધ કરવાનો હુકમ કરીએ છીએ. આપણી ધમકી એમને અસર કરે એવી હોય તો તત્કાળ તે બંધ થાય છે નહીંતર આપણે બૂમો પાડ્યા કરીએ ને તેઓ ધૂંબકા માર્યા જ કરે છે. પછી ધમકીનું પ્રમાણ હમેશ વધારતાં જવું પડે છે. એટલે એવે સમયે તેઓ રમત શરૂ કરે કે તત્કાળ કહેવાનું દસ મિનિટે તે બંધ કરવાની છે કે પાંચ પાંચ ધુબકા મારવાના છે કે અમુક આંટલા વાગે રમત બંધ કરવાની છે. એવો કોઇ પણ હુકમ આગળથી કાઢવો ને તે સમય થાય કે દૃઢતાથી આપણા હુકમનો અમલ કરવો. બે ચાર વાર એમ બને એટલે બાળકોનાં મનમાં એની ટેવ પડે છે. તેઓજ પછી મર્યાદા નક્કી કરે છે ને પાળે છે.

સારાંશ, હઠના આભાસનો આ એક પ્રકાર થયો. તેના વિષે આમાં વિચાર થયો. આગલા લેખોમાં આભાસના બાકી રહેલા ૭ પ્રકારનો વિચાર કરીશું.

તારાબેન

ગિજુભાઇ મૂકતા ગયા.

ગિજુભાઇ જીવ્યા ત્યાં સુધી બાળકો માટે લખ્યા લખ્યા કર્યું.

એક દિવસ ગિજુભાઇ મુંબઇ આવ્યા. કપિલાબહેન ખાંડવાલાને ત્યાં ઉતર્યા. અમારી દોસ્તીને ઘણાં વર્ષ થયાં હતાં. મેં હસતાં, હસતાં, ગિજુભાઇને કહ્યું: "ગિજુભાઇ! જ્યાં ત્યાં શું ઉતરો છો? મારે ત્યાં મહેમાન કયારે બનશો?"

એ સાંજે ગિજુભાઇ મારે ત્યાં આવ્યા. જુહુના બંગલા પર, વ્રજકિશોરજીના બંગલે હું રહેતો હતો. બંગલાના બાળકો ગિજુભાઇને વીંટી વળ્યા. ગિજુભાઇએ તો વાર્તા ઉપાડી.

મધરાત થઇ ને અમે સૂતાં. ગિજુભાઇ વિચારે ચડેલા. મેં પૂછ્યું: "ગિજુભાઇ, શા વિચારમાં છો?"

ગિજુભાઇ બોલ્યા: "એક બે વાતો લખવા વિચાર છે."

પટ દઇને અમે ઉભા થયા. મારા ટેબલ પાસે લઇ ગયો. મંડ્યા લખવા. બે ચાર પ્રસંગો લખી કાઢ્યા. કેવી સુન્દર વાતો!

મેં પૂછ્યું: "ગિજુભાઇ! બાળકોને તો ખૂબ ખૂબ આપો છો. એમને માટે તો બહુ મૂકી જશો. પણ અમારે માટે?"

ગિજુભાઇએ હાસ્ય કર્યું. કહ્યું: "કાન્તિભાઇ! જીવતા સુધી બાળકો માટે. મૃત્યુ પછી તમારે માટે જરૂર કંઇક રાખતો જઇશ."

એ સમયે એમનું કહેવું હું સમજ્યો ન સમજ્યો ને ઊંધી ગયો.

આજે ગિજુભાઇ ગયા. એમનું કહેવું આજે સમજાય છે. અમારે માટે ખરેખર કંઇક મૂકતાં ગયાં. પણ એ માત્ર ગિજુભાઇનાં સંભારણાં.

કાન્તિલાલ નિવેદી.

શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાન.

આપણે સાધકનો ધંધો સ્વીકાર્યો છે. આપણાં સાધનો તરીકે આપણે શિક્ષણશાસ્ત્ર અને કેળવણીના શાસ્ત્રનો ઉપયોગ કરીએ છીએ. તે શાસ્ત્રોએ આપણને શીખવ્યું છે કે આજ દિન સુધી શિક્ષણનો જે વ્યવહાર ચાલતો હતો તે સાચો ન હતો. એ વ્યવહારમાં નકારસૂચક સૂત્રો થોકબંધ આવતા અને બાળકને ક્રિયાત્મક બનાવવા માટે નિષ્ક્રિયતા તરફ લઇ જાય તેવા માર્ગોનું શરણ લેવાતું. શિક્ષકને આનું ભાન ન હતું. પરિણામે માનસ કેળવાતું ન હતું પણ પોતાની જડ વૃત્તિઓને ગુપ્તરીતે પોષણ આપવાનું શીખતુ હતું. આ દિશામાંથી આપણી નજર વાળીને સાચી દિશા તરફ નજર નાખવાનું આપણને શિક્ષણશાસ્ત્રે અને કેળવણીશાસ્ત્રે શીખવ્યું. આપણે સમજતા થયા કે રાડો પાડીને ભાષણ કરવું એ જ શિક્ષણપધ્ધતિ નથી. આપણે એમ માનતાં થયાં કે બાળકને અભ્યાસ તરફ વાળવા માટે સોટી કે ધમકી સાચા માર્ગ નથી. આપણને એ પણ સમજાયું કે વર્ગની ચાર દિવાલો વચ્ચે શીખવવામાં આવે છે તેટલું જ ભણતર નથી. આ બધી વસ્તુ સમજાઇ અને આપણે શિક્ષણ પધ્ધતિઓના પ્રયોગો કર્યા. બાળકો તરફ સ્નેહ અને સહાનુભૂતિ કેળવવા લાગ્યા અને બાળકના વિકાસ માટે ઢગલાબંધ બતર પ્રવૃત્તિઓ ઊભી કરી. આ કેળવણીનું કામ થયું. આજે એ કામ ચાલી રહ્યું છે. આદર્શ બાલમંદિર કે કુમારમંદિર જુઓ તો ત્યાં કેળવણીની દૃષ્ટિએ વિધેયાત્મક પ્રયોગો ચાલી રહ્યા છે. નિષેધાત્મક દૃષ્ટિબિંદુ આપણે છોડી દીધું છે.

પરંતુ આપણે કરવાનું કામ ઘણું બાકી હતું અને છે. બાળકને ભણાવવામાં કેળવણીનું દૃષ્ટિબિંદુ આપણે સ્વીકારીએ એટલેથીજ આપણું પતી જતું નથી. બાળક ભણવા તરફ અભિમુખ ન થાય અને આપણી નવી નવી શિક્ષણપધ્ધતિઓના પ્રયોગો કરી એને તે તરફ વાળીએ એટલું જ બસ નથી. બાળક વર્ગમાં અશાન્તિ કરે ત્યારે વાર્તા કહીને કે શાન્તિની રમત રમાડીને શાન્ત રહેવાનો પંદાર્થપાઠ એને આપીએ એટલાથીય આપણું પતી જતુ નથી. શિક્ષણપધ્ધતિઓ કે નવીનવી યોજનાઓ કેળવણીની પૂરક બની રહે છે એ હકીકતની પાછળ મનોવિજ્ઞાનનો એક મહા સિધ્ધાંત રહેલો છે. બાળકમાં અભિરૂચિ પેદા કરવા માટે સફળ થતો પ્રયોગ એમ પૂરવાર કરે છે કે તેવી અભિરૂચિ સારૂ કોઇ એક ચોકકસ યોજનાની તે બાળકના વિશિષ્ટ મનને જરૂર હતી. અશાન્તિ છોડીને શાન્ત બનતું બાળક આપણને એમ કહે છે કે શાન્તિ સારૂ મારા મનને વિશિષ્ટ પ્રકારના વાતાવરણની જરૂર હતી. ભણતા બાળકને કોઇ વસ્તુ તરફ અભિરૂચિ નથી અથવા તો આપણે પીઢ લોકો જેને સદ્‌ગુણો કહીએ તે સદ્‌ગુણો તરફ એને પ્રેમ નથી એવું હવે કોઇ પણ કહી શકે નહિ. કેળવણીશાસ્ત્રનાં નવા નવા પ્રયોગોએ આ સત્ય હવે તો સ્થાપિત કરી દીધું છે. ત્યારે આપણે વિચારવાનું એ રહે છે કે જેટલા જેટલા પ્રયોગોમાં કેળવણીશાસ્ત્ર સફળ થયું છે તેવી સફળતા પાછળ કોઇ એક છૂપાયેલું તત્ત્વ રહેલું હોવું જોઇએ. આ તત્ત્વ બાળકનું મનોવિજ્ઞાન છે. ઘણીવાર સારામાં સારી શિક્ષણપધ્ધતિથી એક વિષય શીખનાર બાળક એકાએક એનાથી વિમુખ થઇ જતું જોઇએ છીએ; શાળામાં શાન્તિ સેવતું બાળક શાળા બહાર ભારે મોટો ધોંધાટ કરતું આપણે જોઇએ છીએ. આનું કારણ એ છે કે શાળામાં એની માનસિક ભૂખ

ભાંગે તેવા કંઇક પ્રયત્નો થાય છે અને શાળાની બહાર તેવા પ્રયત્નોનો અભાવ હોય છે.

આ ઉપરથી દરેક શિક્ષકે સમજી લેવું ઘટે છે કે કેળવણીશાસ્ત્ર માનસશાસ્ત્રની ભૂમિકા પર ઊભું ન રહે ત્યાં સુધી સંગીન કામ ન આપી શકે. કેળવણીની યોજનાઓ તાત્કાળિક પરિણામ આપી શકે છે પરંતુ એ પરિણામોને સ્થાયી સ્વરૂપ આપવું હોય તો એ યોજનાઓની માનસવિજ્ઞાનની યથાર્થભૂમિ પર ગોઠવણી થવી જોઇએ. શિક્ષણની પધ્ધતિઓનું રહસ્ય મનોવિજ્ઞાન ઉકેલી શકે છે. શિક્ષક એ મનોવિજ્ઞાનનો જરૂરી અભ્યાસ ન કરે અને પોતાનો વ્યવહાર એ વિજ્ઞાન પર ન રચે ત્યાં સુધી કેળવણીનુ કામ સનાતને ઉકેલ આપવામાં પૂરી સફળતા ન મેળવી શકે. નવીન કેળવણી-શાસ્ત્રે આપણને એક પગલું આગળ ધકેલ્યા અને આપણે જોયું કે આપણે સફળતા મેળવી. નવીન મનોવિજ્ઞાન હવે આપણને એવો ધક્કો મારે કે આપણી ગતિ સ્વયં ગતિમાં ફેરવાઇ જાય અને કેળવણીનું કામ ચાલ્યાજ કરે. *

હરભાઈ

* કચ્છમાં શિક્ષકોનો અધ્યાપનવર્ગ ખુલ્લો મૂકતી વખતે કરેલા વ્યાખ્યાનનો સાર.

ગણિત શિક્ષણ (ચાલુ)

એવી જ રીતે બીજી વસ્તુ આંકડાઓની કિંમત સ્થળ બદલવાથી ફરી જાય છે તે છે. આ તરફ પણ બાળકનું માત્ર ધ્યાન ખેંચવું. કેમકે એનું વધારે સ્પષ્ટીકરણ બાળક જ્યારે ગુણાકાર કરવા માંડે છે ત્યારે પોતાની મેળાએ થાય છે. એટલે આ જગ્યાએ તો માત્ર સૂચન કરવું. જેમકે એકમની જગ્યાએ ૧ હોય તો એની કિંમત એકજ હોય છે, પરંતુ એ જ ૧, દશકની જગ્યાએ હોય ત્યારે એની કિંમત દસ થઇ જાય છે; તેવીજ રીતે સોની જગ્યાએ હોય તો એની કિંમત સો થઈ જાય થાય છે અને હજારની જગ્યાએ હોય તો એની કિંમત હજાર થઇ જાય છે. એવી રીતે કોઇ પણ આંકડાને આપણી જમણી બાજુથી ડાબી બાજુએ એક સ્થાન આગળ લેતા જઇએ એટલે એ જ આંકડાની કિંમતે દસ ઘણી વધી જાય છે, એ તરફ પણ આપણે બાળકનું ધ્યાન ખેંચવું. આ પ્રમાણે દરેક આંકડાને બે કિંમત હોય છે; એક તો એની પોતાની અને બીજી એ જે સ્થાન ઉપર આવેલો હોય તે સ્થાનપરત્વે પણ એની કિંમત હોય છે. જેમકે દશકના સ્થાન ઉપર ૨ આવ્યે હોય તો એની કિંમત માત્ર બે નથી પરંતુ બે દશક છે. સોના સ્થાન ઉપર આવ્યો હોય તો એની કિંમત બે સો છે. એવી રીતે સ્થાન ઉપર એની કિંમતનો આધાર રાખે છે એ વસ્તુ તરફ ધ્યાન ખેંચવું.

ઉપર પ્રમાણે બાળકને હજાર સુધીનું સંખ્યા-લેખન બતાવ્યા પછી પોતાની મેળાએ એનો અભ્યાસ કરવા માટે છોડી દેવું. બાળક ઘોડી ઉપર મોતી કાઢતું જાય, એના વડે જે સંખ્યા બનતી હોય તે વાંચતું જાય અને સંખ્યાલેખનની કાપલી ઉપર લખતું જાય. એ પ્રમાણે કામકાજ ચાલે. દાખલા તરીકે ઘોડી ઉપર બાળક હજારમાં પાંચ મોતી, સોમાં ત્રણ મોતી, દશકમાં બે મોતી અને એકમમાં સાત મોતી એ પ્રમાણે કાઢે છે. પછી એ પાંચ હજાર, ત્રણસો, બે દશ અને સાત એમ વાંચે છે. અને પછી પોતાની કાપલી ઉપર હજારની

લીંટી ઉપર ૫, સોની લીંટી ઉપર ૩, દશકની લીંટી ઉપર ૨ અને એકમની લીંટી ઉપર ૭ લખે છે. પછી એ કાપલી ઉપરથી વાંચે છે; પાંચ હજાર ત્રણસો, બે દશ અને સાત.

અહીંઆ આપણે બાળકને એક બીજી વસ્તુ પણ આપી દેવાની હોય છે. આપણે પાંચ હજાર, ત્રણસો, બે દશ અને સાત એકમ એમ બોલતા નથી. પરંતુ સાત એમ જ બોલીએ છીએ. જ્યારે કોઇ પણ સંખ્યા એકમના સ્થાનમાં હોય ત્યારે એના પાસે એકમ એમ બોલવાની જરૂર નથી કેમકે જ્યારે હજાર, સો, કે દશક બોલાય નહિ ત્યારે એ રકમ એકમજ છે એમ સમજી લેવાનું હોય છે. શરુ શરુમાં બાળક સાત એકમ, પાંચ એકમ એમ બોલે તો કંઇ ખાસ વાંધો લેવો નહિ; આપણે આદર્શ પાઠ અવારનવાર આપ્યા કરવો. આપણે સંખ્યા બોલતી વખતે એકમ શબ્દ વાપરવો નહિ એટલે બાળક પણ એ શબ્દ વાપરતું બંધ થશે. અને એ પ્રમાણે સંખ્યા બોલવાની પ્રચલિત રીત ગ્રહણ કરી લેશે. આ પ્રમાણે બીજી એક વસ્તુનો પણ બાળકને પાઠ આપી દેવો. જ્યારે કોઇ પણ સ્થાનમાં કંઇ પણ સંખ્યા ન હોય ત્યારે એ સ્થાન બોલાતું નથી તે વસ્તુનો બાળકને ખ્યાલ આપવો. આપણે ઘોડી ઉપર હજારમાં ચાર, સોમાં પાંચ, દશકમાં એક પણ મોતી નહિ એટલે શૂન્ય અને એકમમાં નવ મોતી કાઢયાં હોય તો એ સંખ્યા ચાર હજાર, પાંચ સોનેં નવ, એ પ્રમાણે બોલાય. એમાં ચાર હજાર, પાંચ સો, શૂન્ય અથવા મીંડુ દશક અને નવ એમ બોલાતું નથી. જ્યારે કોઇ પણ સ્થાનમાં કાંઇ પણ ન હોય ત્યારે એ સ્થાન બોલવાનું નથી. એવી જ રીતે જો હજારમાં છ મોતી કાઢયાં હોય, સોમાં એક પણ મોતી ન હોય દશકમાં આઠ મોતી હોય અને એકમમાં ચાર મોતી હોય તો એ છ હજાર આઠ દશક પાંચ એમ બોલાય. આજ પ્રમાણે હજારમાં પાંચ મોતી હોય, સોમાં સાત મોતી હોય, દશકમાં ત્રણ મોતી હોય અને એકમમાં એક પણ મોતી ન હોય તો એ સંખ્યા આ પ્રમાણે વંચાય—પાંચ હજાર સાતસો ને ત્રણ દશ. આ પ્રમાણે જે સ્થાનમાં કંઇ ન હોય તે સ્થાન બોલાતું નથી.

હજાર સુધીના સંખ્યાજ્ઞાન અને સંખ્યા-લેખનનો બાળકને બરાબર ખ્યાલ આપ્યા પછી આગળનું સંખ્યાજ્ઞાન અને સંખ્યાલેખન આપવું. આને માટેનું સાધન અબજ સુધીની ઘોડી તથા અબજ સુધીની સંખ્યા લેખનની કાપલી છે. પહેલાં બાળકને ઘોડી ઉપર હજારની આગળની સંખ્યાઓ કાઢી બતાવવી. આ પહેલાં આપણે બાળકને હજારનાં દશ મોતી આપીને આપણે દશ હજારનું એક મોતી લઇ શકીએ છીએ એ બતાવી દેવું. આગળનું કામકાજ બરાબર થયું હશે તો બાળકને એમાં કંઇ ખાસ મુશ્કેલી આવવાની નથી. એક દશહજાર; બે દશ-હજાર, ત્રણ દશહજાર એમ નવ દશહજાર સુધી આવીને પછી બાળકને કહેવું કે દશ દશહજાર એટલે એક લાખ. એટલે આપણે દશ હજારનાં દશ મોતી આપીને લાખનું એક મોતી લઇ શકીએ; એવી જ રીતે એક લાખ, બે લાખ એમ નવ લાખ સુધી આવ્યા પછી આપણે લાખનાં દશ મોતી આપીને દશ લાખનું એક મોતી લઇ શકીએ છીએ. એવી જ રીતે એક દશ લાખ, બે દશલાખ એવી રીતે નવ દશલાખ સુધી આવ્યા પછી દશલક્ષ લાખ એટલે એક કરોડ. આપણે દશ લાખનાં દશ મોતી આપીને કરોડનું એક મોતી લઇ શકીએ. પછીથી એક કરોડ, બે કરોડ એમ નવ કરોડ સુધી કાઢીને કરોડનાં દશ મોતી આપીને આપણે દશ કરોડનું એક મોતી લઇ શકીએ. ત્યાર પછી એક દશકરોડ

એ દશકરોડ એમ નવ દશકરોડ સુધી કાઢયા પછી દશકરોડનાં દશ મોતી આપીને આપણે એક અબજનું મોતી લઇ શકીએ છીએ. પછી એક અબજ, બે અબજ, એમ નવ અબજ સુધી આવીને અટકવું. આ પછીની આગળની સંખ્યાઓની ખાસ જરૂર પડતી નથી એટલે એ જાણવાની આપણે કંઇ જરૂર નથી. છતાં જે બાળક એ જાણવા માગે તો એ સંખ્યાઓનાં નામ તથા તેનો એક બીજા સાથેનો સંબંધ મોઢેથી કહી બતાવવો. ત્યાં આપણે બાળકને સ્થૂલમાંથી સૂક્ષ્મમાં લઈ જવું.

હવે જેવી રીતે હજાર સુધીની સંખ્યાઓ કાપલી ઉપર કેમ લખાય છે તે બતાવ્યું હતું તે પ્રમાણે જ એની આગળની સંખ્યાઓ પણ લખાય છે તે બતાવવું. શરૂઆત એકમથીજ કરવી. એકમની લીંટી ઉપર એક, બે, ત્રણ એમ નવ સુધી લખ્યા પછી, એક દશ બે દશ એમ હજાર સુધી ચાલ્યા જવું. આ વસ્તુનો તો બાળકને ખ્યાલ છે એટલે એમાં તો કંઇ કરવાપણું જ નથી. આગળ પણ બાળક પોતાની મેળાએ લખશે. જો બાળક પોતાની મેળાએ લખ્યે જાય તો આપણે વચમાં આવવું જ નહિ. ધારો કે બાળક લખતાં લખતાં કંઇ ભૂલ કરે તો તે વખતે કંઇજ બતાવવું નહિ. બીજે દિવસે આપણે કાપલી લઇને ભરવી અને કેમ ભરાય છે તે બતાવવું. અમુક જગ્યાએ બાળકે ભૂલ કરી હતી એમ કહેવું પણ નહિ પરંતુ સાચું કેવી રીતે લખાય છે તે બતાવવું. એવી જ રીતે મીંડાં કયાં કયાં મૂકવાં એ પણ બાળક પોતાની મેળાએ કરે તો કરવા દેવું. આમ બાળક સ્વયંશિક્ષણને માર્ગે જતું હોય, પોતાની મેળાએ વિચાર કરીને આગળનુ પગલું લેતું હોય તો જરૂર એને લઇ લેવા દેવું. આ પ્રમાણે બાળક પાસે અબજ લખવાનું સંખ્યાજ્ઞાન અને સંખ્યાલેખન આવી જાય છે.

આપણને ખબર છે કે બાળકને વ્યવહારમાં અબજ સુધીની સંખ્યાઓ બહુ ઓછી આવે છે. એટલે આપણે એને અબજ સુધીની સંખ્યાઓનો પરિચય આપ્યા પછી એની પાસે એનો વધારે વ્યવહાર કરાવવાની જરૂર નથી. એટલે સંખ્યા-લેખનની કાપલીઓ અબજ સુધીની આપણે હાથેજ આંકી લેવી. જ્યારે દશલાખ સુધીની કાપલીઓ છપાવી લેવી. બાળકને દશલાખ સુધીની સંખ્યાઓ માટેનો પરિચય બૂબ થાય એટલા માટે એ પોતે જુદી જુદી સંખ્યાઓ ઘોડી ઉપર કાઢે અને કાપલી ઉપર લખે. સાથે સાથે આપણે પણ એને આંકડામાં અને શબ્દોમાં લખેલી સંખ્યાઓનાં કવરો આપવાં અને સંખ્યા જ્ઞાનનો અને સંખ્યા-લેખનનો પરિચય બરાબર દૃઢ થાય એ માટે અનેક પુનરાવર્તનો બાળક કરી શકે એ માટેની સગવડો ઉભી કરવી.

આ પ્રમાણે સંખ્યાલેખનનું કામકાજ થયા પછી બાળકને વ્યવહારમાં વપરાતી ભાષાનો પરિચય મળે એ માટે તૈયાર કરેલાં પૂંઠાં આપવાં. આ પૂંઠાંનો આપણે આગળ ઉપર વિચાર કરી ગયા છીએ. આ જગ્યાએ આપણે બાળકને આઠજ નવા શબ્દો આપવાના છે. એક દશ, બે દશ એટલે વીસ, ત્રણ દશ એટલે ત્રીસ, ચાર દશ એટલે ચાલીશ, પાંચ દશ એટલે પચાસ, છ દશ એટલે સાઠ, સાત દશ એટલે સીત્તેર, આઠ દશ એટલે એંશી અને નવ દશ એટલે નેવું. દશ દશ એટલે સો એની તો બાળકને ખબર જ છે. આ જગ્યાએ બાળકને આઠ જ નવા શબ્દો લેવાના હોય છે એટલે કંઇજ મુશ્કેલી આવતી નથી. એનું પુનરાવર્તન થાય એટલા માટે વીસને એક, ત્રીસને એક એમ આ નવી પરિભાષામાં સો સુધી લખેલાં પૂંઠાં હોય છે. આની અંદર એક, બે, ત્રણ એમ દશ સુધીનું અને એક દશ ને એક, એક દશ ને બે,

એમ એક દશ ને નવ સુધીનું પૂંઠું તો પહેલા સોના પૂંઠાં જેવુંજ હોય છે. ફેરફાર બે દશને બદલે વીસથી શરૂ થાય છે. આ પરિભાષાને પરિણામે જ્યારે બાળક આપણી વ્યવહારમાં વપરાતી પરિભાષાનો પરિચય મેળવે છે ત્યારે એમાં વપરાતા શબ્દોનો મૂળ અર્થ એના ખ્યાલમાં બરાબર આવે છે. ચોવીસ એટલે વીસ ને ચાર, પાંત્રીસ એટલે ત્રીસ ને પાંચ, એકતાલીસ એટલે ચાલીસ ને એક એમ જે શબ્દોનો આજે જે રીતે અંકજ્ઞાન આપવામાં આવે છે તેને પરિણામે બાળક પાસે કંઈજ અર્થ હોતો નથી તે શબ્દો, પરિભાષાના આ વચલા પગથિયાને પરિણામે બાળક માટે અર્થવાહી બને છે. આ પ્રમાણે સો સુધી વપરાતા બધાયે શબ્દો અર્થહીન નથી પરંતુ એ બધામાં અર્થ રહેલો છે એ વસ્તુ બાળક પાસે આવે છે. ઉપરાંત બાળક પાસે આઠ જ નવા શબ્દો આવવાથી એને યાદ રાખવામાં કંઈજ મુશ્કેલી આવતી નથી. આ પ્રમાણે આપણે બે દશ હજાર એટલે વીસ હજાર, ચાર દશ કરોડ એટલે ચાલીસ કરોડ એ વસ્તુનો ખ્યાલ પણ આપણે બાળકને આપી શકીએ છીએ. આ રીતે બાળક વ્યવહારમાં વપરાતી પરિભાષાનો ખ્યાલ આવે એ તરફ એક ડગલું ભરે છે.

(અધુરૂં) **શંકરભાઈ**

અન્તિમ દર્શન

હું ગઇ દિવાળીએ સ્વ. ગિજુભાઈ પાસે ગયેલો. વાતચીતમાં એમણે જણાવ્યું કે 'હવે દેહતત્ત્વ મારામાં ઓછું જ છે. પ્રાણતત્ત્વને આધારે ટકું છું.' અને છતાં પછી તો પૂરા ૭ માસ એમણે રાજકોટમાં અધ્યાપનમંદિર ચલાવ્યું. મિત્રોએ એમને કામથી નિવૃત્ત થવાને વીનવેલા. પણ ગમે તે કારણે મનથી અસ્વસ્થ સ્વ. ગિજુભાઇ કામમાંથી જ શાંતિ મેળવવાનો પ્રયાસ કરતા હોય એવું મને લાગ્યા કરેલું. દુઃખ એ એક એવી શક્તિ છે કે એને જો કામમાં વાળવામાં આવે તો એ એક મોટી શક્તિ બને છે એ એમની માન્યતા એમણે પ્રત્યક્ષ જીવનમાં ઉતારેલ. છેવટ છેવટ શરીરની અસુખાકારી, કૌટુમ્બિક જીવનની અડચણો, મિત્રો સાથેના કાર્યનિમિત્તેનાં ઘર્ષણો, માનસિક મુંઝવણો વગેરેનો સામનો એમણે કેટલી સ્થિર રીતે ને બહાદુરીથી કર્યો એ અમે એમની નજીક રહેનારાઓએ જાણ્યું છે. એમનું મનોબળ એટલું જબરૂં હતું અને એમની કલ્પનાઓ એટલી સ્થૂળ જીવનની સત્યતા પર અવલંબેલી હતી કે નાની મોટી તમામ યોજનાઓમાંથી તેઓ આબાદ પાર ઉતરતા.

એવા સ્વ. ગિજુભાઇ પાસે એમના જીવનના છેલ્લા પંદર દિવસ રહેવાનું ને એમની સેવા કરવાનું ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું.

મૃત્યુ પહેલાં બરાબર એક મહિને, રાજકોટથી એક એરોપ્લેન મુંબઇ ઉતર્યું. એમાંથી એમના ભક્તમિત્ર બેરીસ્ટર પોપટલાલ ચુડગર સાથે તેઓ ઉતર્યા. અમે તેમને લેવા ગએલા. શરીરને ટેકે ટેકે તેઓને મોટર પાસે લાવ્યા ને ખુરશી પર બેસાર્યા. સૌની સાથે હસ્તધુનન કરી ખબરો પૂછ્યા ને હસતા હસતા રવાના થયા.

બેરીસ્ટર ચુડગરે એમને વિનવ્યા: 'મુંબઇમાં આપણે તબીઅત બરાબર તપાસી લઇએ'. એમનું કહેવું હતું: 'મારૂં શરીર માત્ર હવાફેરથી ઉપયોગી હશે તો સારૂં થઇ જ જશે.' અને સાંજે દેવલાલી જતી ટ્રેનમાં તેઓ બેઠા. કોઈ

પરાક્રમી જુવાન પોતાના પરાક્રમની વાતો કરે એ રીતે જીવનની ચોપન વર્ષની ઉંમરે હવાઇ વિમાનમાં પોતે કરેલ મુસાફરીનું વર્ણન તેઓ આપતા હતા.

દેવલાલી જવાનું મને ભાગ્ય પ્રાપ્ત ન થયું. પરંતુ ત્યાંથી ચારેક દિવસે એમનું ટેમ્પરેચર ઠીક ન થયું એટલે તેઓ પંચગની પહોંચ્યા.

પંચગની ગયા પછી તબીયત ઠીક હતી એટલે એમના મિત્ર શ્રી. ચુડગર કેસની મુદ્દત હતી એટલે કાઠિયાવાડ ગયા. તેમણે શ્રી. ચુડગરને રજા પણ આપેલી. દરમ્યાનમાં એમનો તબીયત ભયંકર બગડવાના તાર અમને મુંબઇમાં પહોંચતા, તેમના ચિરંજીવી નરેન્દ્ર બધેકા કાઠિયાવાડથી આવતાં, હું તેમની સાથે પંચગની પહોંચેલ. લાંબા સમયથી દમની અસર તથા કામના અતિશય થાકને લીધે આવેલી અતિશય અશક્તિ અને એ ઉપરાંત મુસાફરીના પડેલ શ્રમને પરિણામે છેલ્લે પક્ષઘાતનો હલ્લો એમને થયો. કુદરતની પણ બલિહારી જ છે ને કે એમનું આવું જબરૂં મિત્રમંડળ હોવા છતાં એમના અતિશય દુઃખના હલ્લા વખતે માત્ર એમનાં એક જ વિદ્યાર્થી પી. ડી અને એમનાં પત્ની શાંતાબહેન જ એમનો પાસે હતાં! પંચગનીના ડોકટર અને આરોગ્યગૃહના વ્યવસ્થાપકની મદદ ને પરિણામે અમે સૌ પહોંચ્યા ત્યાં સુધીમાં શાંતિ રહી. તબીયત ફરી ઠીક બનતી ચાલી. ડાબુ અંગ જૂઠું પડયું હતું અને વાચા પણ લગભગ બંધ પડી હતી એટલે જમણો હાથ ને પેન ને કામ કરતાં હતાં. આવી અતિશય નબળી જ અશકત હાલતમાં કેટલા દૃઢ મને ને કેટલી સ્થિરતાથી, સ્પષ્ટતાથી બધી વાતો ને સૂચનાઓ તેઓ આપતાં હતા! અમારા સૌની ખાવા પીવાની ચિન્તા, પત્રવ્યવહાર તથા પત્રોની હકીકતોથી માહિતગીરી ને તેને અંગેની સૂચનાઓ, પોતાને દવાથી થતી અસરો વગેરે બહુજ શાંત રીતે બધું અમને તેઓ લખીને આપતા ને સમજાવતા.

વહેલી સવારમાં પંચગનીની બીણોમાં whistling birds વગેરે પક્ષીઓ જ્યારે બોલતાં ત્યારે કાગળ પર તેઓ એનાં નામ લખી આપતાં!

અમને આપેલ સૂચનાઓ તથા વાકયોમાંથી કોઇ કોઇ તો સાથેજ નોંધવા જેવાં છેઃ

"મને જ્યારે તમે પથારીમાં ફેરવો ત્યારે રેલ્વેના થાકેલા મજુરો કોથળા ફેરવે એની જેમ ન ફેરવો."

× × ×

"તમે બન્ને મને માલીશ કરો ને એ રીતે મારી શકિત બનો. બરનાડ શૉએ એના નાટકમાં જેમ Two officers ને અમર કર્યા તેમ હું તમને મારા નાટકમાં અમર કરીશ."

× × ×

તેઓ જ્યારે નારાજ થતા ત્યારે હું કહેતોઃ 'તમે શું ઢીલા પડો છો?' જવાબમાં એ કહેતાઃ "મારૂં કાળજું તો કઠણ છે. તમે જ મને ઉશ્કેરવાના પ્રસંગો ઉપસ્થિત કરો છો.'

છેલ્લે છેલ્લે જ્યારે બેરીસ્ટર ચુડગર વગેરે સૌ એકઠાં થઇ ગયાં ને પંચગનો છોડી એમને મુંબઇ સારવાર માટે લાવવાનું ઠરાવ્યું ત્યારે એમણે કહેલુંઃ "ખુદાનો હુકમ થવા દો." અને પછીના બે દિવસ એમના બહુ દર્દમય ગયા એમ કહેવાય.

"મુંબઈ સમાચાર" દૈનિકમાં બંગાલના પાગલ હરનાથની વાત પ્રસિદ્ધ થતી. એમના ભાઇ દામુભાઇને એ વાંચવા કહ્યું. દામુભાઇએ એ કામ મને સોંપ્યું. વીશ વર્ષ પહેલાં હું જ્યારે દક્ષિણામૂર્તિમાં પહેલી અંગ્રેજી ભણતો ત્યારે સ્વ. ગિજુભાઇ અમારા શિક્ષક હતા. તેઓ અમને ધર્માત્માના ચરિતો કહેતા. તેમાં પાગલ હરનાથની વાત કરેલી અને તેઓ રડેલા. મને એ વાંચતાજ એ પ્રસંગ યાદ આવ્યો ને મેં એ સ્વ. ગિજુભાઇને કહ્યું સાંભળતાવેંત જ તેઓ બાળક જેમ રડવા

લાગ્યા, મને ઓરડામાંથી ચાલ્યા જવા નિશાની કરી. હું ગયો.

તરતજ પછી એમના ભત્રીજી મોંઘીબેનને બોલાવી એમની પાસે ભજન ગવરાવ્યાં. જેમાં બીજી પ્રવૃત્તિઓ કરતાં રામનામ લેતાં ઘણું મોડું થયું એવો કંઇક ભાવ હતો. એ સાંભળ્યા પછી પણ તેઓ ખૂબ રોયા. આખું વતાવરણ દુઃખમય થયું ને છેવટે એમણે પોતે જ સ્થિર થઇને ચિઠ્ઠીથી લખી જણાવ્યું: 'મારી આત્મદર્શન કરવાની ઝંખના અધૂરીજ રહી. ઇશ્વરધ્યાન ને ભક્તિ અધૂરી જ રહી. હું મારી વાત કોને કેમ સમજાવું?' આ જ જગ્યાએ કહેવું જોઇએ કે એમની છેલ્લી છેલ્લી કલ્પનાઓ હિમાલયમાં જઇ આશ્રમ કાઢી રહેવાની હતી.

છેલ્લે જ્યારે એમની ડૉક્ટરી પૂરી વ્યવસ્થિત સારવાર થઇ શકે એ માટે પંચગનીથી મુંબઈ લાવવાનું ઠર્યું ત્યારે એમની તબીઅત-હૃદયની હાલત બહુ ગંભીર હતી. છતાં હું આગળથી વ્યવસ્થા કરવા મુંબઇ ઉપડ્યો ત્યારે લખી આપ્યું: "I fear no consequences. we go to-morrow. શુભં કરોતુ."

અને પછી તો મુંબઈ પહોંચ્યા જ.

હમેશની સારવાર ચાલી. મિત્રો તથા સંબંધીઓનો સાગર ઉમટ્યો હતો. છેલ્લે છેલ્લે હમેશ તેઓ ફૂલો મંગાવતા ને જે આવે તેના પર ફેંકતા ને ચારે તરફ વેરવા આપતા.

આખરી બે દિવસોથી તેઓએ શરીર નહિ ટકે એવું જાણી લીધું ને બે વાર એમના દીકરાને લખી આપ્યું:

"Life is not eternal. I am closing my accounts."

× × ×

"મારા મૃત્યુ પછી કોઇ રડશો નહિ."

× × ×

અને એ છેલ્લાં કલાકો ને છેલ્લી ક્ષણો બેભાન જેવી હાલતમાં છતાં કેટલી શુધ્ધિથી બધું સમજતા!! ન ઉશ્કેરાટ કે ન ગભરાટ. કેટલી શાન્તિ હતી! છેલ્લા છેલ્લા લેવાતા શ્વાસો કેટલી નિર્ભયતાથી ને ધીમેથી સમજણપૂર્વક લેવાતા હતા! સ્વજનોનું ટોળું આસપાસ ઊભું જ હતું. ડૉક્ટરો પણ હતા. ઉઘડી ગએલી આંખો છેલ્લે લાંબો દીર્ઘશ્વાસ લેવાઇને અનંતકાળ માટે બંધ થઇ ગઇ. મૃત્યુ સમયે પણ જીવનમાં વણાએલી મૂર્તિમંત દૃઢતા જ દેખાઇ.

ચંદુલાલ વ. ભટ.

બાળકો માટે વિકાસનાં સાધનો

ક્રીડાંગણોનાં સાધનોનું વર્ણન

સાધન:- ૧૨, ૧૩, ૧૪

સાધન ૧૨ મું: પગથીઆવાળાં લોઢાના ડબલબાર.

છ ફુટ લાંબા અને ચાર ફુટ ઉંચા લોઢાના કે પિત્તળના નળ સાથે આઠ ઇંચના અંતરે આડી પોણા ઇંચની નળી લગાડી પગથીઆં કરી આ લોઢાના નળના પગથીઆ વાળા ડબલબાર ઉભા કરેલા છે. ઉપરના ભાગમાં તેમજ બન્ને બાજુઓએ આવે એવી રીતે આડી નળીઓ લગાડેલી છે. ઉભા નળને જમીનપર રાખવા માટે નીચે જાડા લાકડાના ચાર ધોકાઓ બેસાડેલાં છે અને તેથી એક સ્થળેથી બીજે સ્થળે ખસેડી પણ શકાય છે. એક બાજુએથી બાલકો આ બાર ઉપર

પગથીઆં પર થઇને ચઢે છે અને ઉપરના બાર વચ્ચેના પગથીઆં સાથે ટીંગાઈ એક ઉપરથી આખું શરીર ઝુલાવી બીજા ઉપર જાય છે, અને આ રીતે છેવટે છેલ્લા પગથીઆ સુધી જઇ બીજી બાજુના પગથીઆં ઉપર ત્રાંસા થઈ પગ મૂકી ઉતરી જાય છે.

બાળકોને આ રમતમાં પાયા ઉપર ચઢવામાં, શરીર હિલોળવામાં અને લટકવામાં સારી કસરત મળે છે. બાળકો વારંવાર આ બાર ઉપર ચઢઉતર કર્યાજ કરેછે.

સાધન ૧૩ મું: કુદવાની ઘોડી.

ખૂબ રેતી પાથરેલ જમીન ઉપર નાનાં તેમજ મોટાં બાળકો આ રમત સાથે રમે છે.

જમીનથી સાડા ત્રણ ફુટ આ ઘોડી ઉંચી છે. દોઢ ફુટ લાંબા સાગના પાટિયાં સાથે નીચે ૨"×૨" ના ઘોકામાં સાડા ત્રણ ફુટ ઉંચા પાયા નાખી આ ઘોડો બનાવેલી છે. એને બન્ને બાજુએ પગથીઆં છે. એક બાજુ ત્રણ અને બીજી બાજુ ચાર. અઢીથી ત્રણ વર્ષનાં બાળકો પોતાની શક્તિ પ્રમાણે પહેલા બીજા કે ત્રીજા પગથીઆથી જમીન પર રેતીમાં ભૂસકો મારે છે, જ્યારે મોટા બાળકો ઘોડીની છેક ઉપરથી કૂદે છે. બાળકોને કૂદવાની રમતમાં ભારે રસ પડે છે, અને એક પછી એક જલ્દી ફરી ફરીને વારંવાર કૂદકા મારતાં કે પોતાના વારા માટે આતુરતાથી રાહ જોતાં નજરે પડે છે. આ રમત નાનાં તેમજ મોટાં બાળકોને ઘણીજ આકર્ષક થઇ પડે છે.

સાધન ૧૪ મું: દડો.

ચામડા કે કપડાના કટકાની અંદર નાળીએરની ઉપરની છાલ ભરી સીવી લઇ આ દડો બનાવેલો છે. આ દડાની ઉપર એક ગોળ કડી લટકાવેલી હોય છે. તેની અંદર એક આંકડી પરોવી એક લોઢાનો સળીઓ ઉંચે આંકડાથી લટકાવેલો હોય છે. આને બાળકો ઉભાં કે બેઠાં બેઠા સહેલાઇથી ધકકેલી શકે એ પ્રમાણે જોઇતી ઉંચાઇએ લટકાવેલો હોય છે.

બાળક આ દડાને મુઠ્ઠીથી સામે ઉભેલ બાળક તરફ ધકેલે છે. અને સામે ઉભેલો બાળક પણ તેવીજ રીતે ફરી પાછો તેને પેલા બાળક તરફ પાછો વાળે છે.

અઢી અને ત્રણ વર્ષનાં નહિ કેળવાએલા સ્નાયુઓવાળા બાળકને માટે આ એક ઘણીજ રસિક કસરત છે. ધારેલી જગ્યાએ સમતોલપણે દડાને ધકકેલવામાં સ્નાયુઓને ભારે તાલીમ મળે છે.

બાળકો આ સાધનદ્વારા પોતાની કાંડાની શક્તિ કેળવી, અમુક વસ્તુને બરોબર સમતોલ અને પ્રમાણસર ગતિ આપવાનું શીખે છે.

બાળકોને આ રમત ઘણીજ રસિક અને આનંદમય લાગવાથી પોતાના વારાની આતુરતાથી રાહ જોતાં માલમ પડે છે.

(સંપૂર્ણ)

પત્રવ્યવહાર કરતી વખતે કૃપાકરી ગ્રાહકનંબર લખવો ભુલશો નહિ.

આ શિક્ષણ પત્રિકા શ્રી. કૃ. ના સાપલેએ રામકૃષ્ણ પ્રિં. પ્રેસ ત્રિભુવન રોડ, મુંબઇ ૪ માં છાપી. અને શ્રી. તારાબાઈ મોડકે શિક્ષણપત્રિકા કાર્યાલય હિંદુ કૉલેની હદરમાં પ્રસિદ્ધ કરી.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાળશિક્ષણ સંઘ)

વર્ષ ૧૪ મું
સંવત ૧૯૯૬

:આદ્ય તંત્રી:
ગિજુભાઈ
:તંત્રી:
તારાબેન મોડક

અંક ૯ મો
કાર્તિક

દેશમાં એક રૂપિયો :વાર્ષિક લવાજમ: પરદેશના બે શિલિંગ

મારા દેવ

ઈ. સ. ૧૯૨૨ માં ભાવનગરમાં આવ્યો ત્યારે મારા ઇષ્ટદેવ માટે મેં શોધ શરૂ કરી હતી. આપણા દેશના કરોડો દેવોની આરાધના કરવાનો પ્રયત્ન કરી જોયો. મને ત્યાં મારા દેવ કયાંઈ દેખાયા નહિ. પછી તો મેં બાલદુનિયા જોઈ અને મને મારા દેવ ત્યાં લાધ્યા. સમાજ બાલદેવને સમજતી અને સન્માનતી થશે તે દિવસેજ આપણને સાચી મુક્તિ મળશે.

સરદાર પૃથ્વીસિંહ

ભાવનગરના એક ભાષણમાંથી

તા. ૨૮-૧૦-૩૯.

નોંધ અને સમાચાર

ડૉ. મૉંટીસોરી

આ અંક બહાર પડે તે પહેલાં તો ડૉ. મૉંટીસોરીના પુણ્ય પગલાં આપણી દેશભૂમિને અડ્યાં હશે, અને તેમનું અહીંનું કાર્ય શરૂ થઇ ગયું હશે. શ્રી. દ. મૂ. ભવનના સ્વ. ગિજુભાઇને પ્રતાપે ગુજરાતમાં તો ડૉ. મૉંટેસોરીનું નામ ચિરપરિચિત થયું છે. ડૉ. મૉંટીસોરીના એ મહાન જીવનકાર્યને છે. સ્વ.. ગિજુભાઇએ અહીં કેટલો વેગ આપ્યો છે, એની તેમને કલ્પના હશે કે નહિ, કોણ જાણે ! સ્વ. ગિજુભાઇએ તેમને ગુરૂસ્થાને માની તેમનો સંદેશ ઝીલ્યો અને બીજાં અનેકાનેકને તેની દીક્ષા આપી; અનેકાનેકને તેમના સિદ્ધાન્તોના પૂજારી બનાવ્યા. એટલે ડૉ. મૉંટીસોરી આવે તે પહેલાં તેમનો સંદેશ–તેમની જીવનવ્યાપી ફિલસુફી, તેમના માનવસમાજને સ્વતંત્ર કરવાના બહુમોલ સિદ્ધાન્તો દેશમાં ફેલાએલાં જ છે. અહીંયાં તેમના કાર્યનો ઝંડો ફરકયો જ છે. અને તે પણ એટલા જુસ્સાથી–એટલા વેગથી કે ગિજુભાઇ ગયા તો પણ તેમણે આપેલો જુસ્સો અને વેગ તો તેવા ને તેવા જ કાયમ રહ્યા છે.

સ્વ. ગિજુભાઇની નિષ્ઠા અને કાર્ય, એક રીતે એકલવ્યની ગુરુભક્તિની સાથે સરખાવાય. ડૉ. મૉંટીસોરીને જોયાજાણ્યા વગર–ગિજુભાઇ તેમના શિષ્ય બન્યા. તેમણે ગિજુભાઇને શિષ્ય તરીકે સ્વીકાર્યા છે કે નહિ એ તો ગિજુભાઇ જાણતા જ ન હતા. અને જાણવાની તેમને જરૂર પણ ન હતી. પોતે ગુરુને ઓળખ્યા, પોતે સિદ્ધાન્તોની મહત્તા સમજ્યા, પોતે આપણી આગળ પડેલું કાર્યક્ષેત્ર જોયું એટલું જ તેમને માટે બસ હતું. તેટલું જોયું ને તેઓ કામે લાગ્યા. આજે ગિજુભાઇને કાર્યથી ગુજરાત જાણે છે. એટલે ગિજુભાઇની મારફતે ગુજરાતે મૉંટીસોરીબાઇની માહીતિ જાણી અને તેમને લીધે ગુજરાત મૉંટીસોરીબાઇને હાર્દિક આવકાર આપવા તૈયાર થએલું છે. ગિજુભાઇની નિષ્ઠાને એકલવ્યની ઉપમા, આપી તે તો તેમની નિષ્ઠા અને કાર્યની ઉત્કટતા બતાવવા માટે હતી. એકલવ્યની કથા સંપૂર્ણ રીતે તો ફરીવાર નહિ જ ભજવાય એવી આશા રાખીએ છીએ. ડૉ. મૉંટીસોરી દ્રોણાચાર્ય જેવા ગુરુ નહિ જ નીવડે. એક કાળો આદમી આપણી વિદ્યા કેમ જ લઇ જાય એવી સંકુચિત બુદ્ધિ તેમનામાં નહિ જ હોય. તેઓ આટલી ઉંમરે આટલે દૂર આવી આપણા દેશના લોકોને પોતાના શિક્ષણસિદ્ધાન્તો શિખવવા ઇચ્છા ધરાવે છે એ જ તેમનું વિશ્વબંધુત્વ બતાવે છે.

આપણે સાચેસાચ ધન્ય છીએ કે આપણા વખતમાં દુનિયામાં કેટલીએ યુગપ્રવર્તક મહાન વ્યક્તિઓ જીવે છે. એટલું જ નહિ તો તેવી થોડી-એક વ્યક્તિઓનું નજરોનજર દર્શન કરવાની તક આપણને મળે છે. ડૉ. મૉંટીસોરી એ કેળવણીની દુનિયામાં મહાન યુગપ્રવર્તક છે. તેમણે બાલ શરૂઆતના કાળને મહત્ત્વ આપી પોતાના પરિવર્તનકારી સિદ્ધાન્તો ૨ાા વર્ષની ઉંમરથી બાળકોને લાગુ કર્યા એમાં જ તેમના કાર્યની આશ્ચર્યકારિતા સમાએલી છે. તેમના સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ, વ્યક્તિસન્માન, વ્યક્તિગત વિકાસ અને શિક્ષણ, સ્વયંશિક્ષણ વગેરે અનેક ચમત્કૃતિ ઉપજાવે એવા સિદ્ધાન્તો છે, કે જેની ખરી કિંમત હજી ઘણા કેળવણીકારો બરાબર સમજ્યા નથી. ને જે કેટલાએક સમજ્યા છે તેમને તેનો અમલ કેમ

કરવો તે સૂઝતું નથી. છતાં ડૉ. મૉંટીસોરીના સિદ્ધાન્તો આખી નવી કેળવણીના પાયામાં છે એ વાત તો નિર્વિવાદ છે.

ડૉ. મૉંટીસોરી જેવા કેળવણીના અસાધારણ યુગપ્રવર્તક પોતે હિંદમાં પધારી પોતે સંદેશો આપવાના છે. અમે ઇચ્છીએ છીએ કે તેમના આ કાર્યથી હિંદની કેળવણીને નવો પ્રકાશ જલદી ઝીલવાની શક્તિ મળે, અને નવી કેળવણીના નવા સિદ્ધાન્તો આપણા દેશની પરિસ્થિતિમાં કઇ રીતે લાગુ કરવા તે જલદી જલદી સૂઝે; અને આપણી રાષ્ટ્રીય પુનર્ઘટનામાં બીજા કાર્યકર્તાઓ સાથે કેળવણીના ક્ષેત્રમાં કાર્ય કરનારાઓ પણ પોતાનો ફાળો સાચી દિશામાં આપે.

આ નવશિક્ષણવિધાત્રી બાઇને અમે અમારા દેશ તરફથી આવકાર આપીએ છીએ. અને આ હિંદનું ને તેમનું મિલન ઉભયને કલ્યાણકારી થાવ એમ ઇચ્છીએ છીએ.

સ્વ. ગિજુભાઇ સ્મારક

ગિજુભાઇ ગયા તે વખતે ગુજરાતને ઘણો આઘાત લાગ્યો. ગિજુભાઇપ્રેમી બાંધવોને ગિજુભાઇના કાર્યને શોભે એવું એક સ્મારક થવું જોઇએ એમ લાગી આવ્યું. બે પાંચ લાખનું ફંડ કરવું જોઇએ અને ગિજુભાઇ જે મહાન કાર્ય અધૂરું મૂકતા ગયા છે તે કાર્ય જેસથી આગળ ચાલે એવી યોજના ઘડવી જોઇએ એમ સૌને લાગ્યું. પરંતુ આજે ચાર મહિના થઇ ગયા તો પણ બધે ઠંડું જ લાગે છે. એનું કારણ શું હશે?

ઘણાંઓના મનમાં એ જ પ્રશ્ન ઉદ્ભવ્યો હશે. કારણ તો જેમ બધી બાબતોમાં હોય છે તેમ એક જ છે કે વાત ઝટ દઇને ક્રિયામાં આવવાને બદલે ચર્ચાએ ચડી. ફંડ થશે ત્યારે તેનું શું કરવું, ક્યાં કરવું, કોણે કરવું વગેરે વિચારો પહેલાં લેવાયા અને પરિણામે કશી જ શરૂઆત થઈ નહિ.

ખરી રીતે આ વાત ચર્ચાએ ચડી ચોળાઇ જવાની જરૂર જ ન હતી. જવાબો બધા સ્પષ્ટ અને સીધા છે.

શું કરવું? ગિજુભાઇએ પોતાનું કાર્યક્ષેત્ર સ્પષ્ટ આંકી રાખ્યું હતું. તેમણે શરૂ કરેલાં કાર્યોમાંથી કેટલાંએકને વેગ મળી ગયો છે એટલે તે કોઇની મદદ વગર પણ ચાલ્યાં જ કરવાનાં છે. જેમ કે બાલસાહિત્યસર્જન અને પ્રકાશન. જ્યારે કેટલાંએક એવાં છે કે તેમના જવાથી તે બંધ પડ્યાં છે. જેમ કે બાળઅધ્યાપનમંદિર.

એટલે શું કરવું એ પ્રશ્નનો નિર્ણય કરવો એક રીતે તો સહેલો છે. જે કામો બંધ પડ્યાં હોય તેમાંથી જે વિશેષ જરૂરનાં–વિશેષ મહત્ત્વનાં હોય તે શરૂ કરવાં જ જોઇએ. તે સિવાય બીજાં નવાં પણ કેટલાંએક દેખાઇ આવે કે જે શરૂ કરવાનો હવે વખત આવી પહોંચ્યો છે એવાંને ગતિ આપવી એ પણ એક સ્મારકનું અગત્યનું અંગ હોઇ શકે.

અમારી દૃષ્ટિએ ગિજુભાઇનાં અધૂરાં મૂકેલાં કામોમાંથી, તરત શરૂ થવાં જ જોઇએ એવામાં અધ્યાપનમંદિરને પ્રથમ સ્થાન આપવું જોઇએ. સ્વ. ગિજુભાઇએ આ કામને અત્યંત અગત્યનું ગણેલું. માટે જ શ્રીદક્ષિણામૂર્તિ ભવનમાંથી છૂટાં પડ્યા પછી તેમણે આ એક કામ તો તબિયતને ભોગે પણ ચાલુ રાખેલું. તેમણે આને આટલું મહત્ત્વ આપેલું તે માત્ર એક પોતાને ગમતી પ્રવૃત્તિ માટે નહિ પણ તેમનું જે અંગીકૃત કાર્ય હતું તે દૃષ્ટિએ. જેટલા વધારે વિદ્યાર્થીઓ જાણે તેટલા વધારે કાર્યકર્તાઓ તૈયાર થાય. આપણે શહેરે શહેરે ને ગામડે ગામડે દરેક બાળકને નવી કેળવણીનો લાભ મળે એમ ઇચ્છીએ છીએ. એટલે અધ્યાપનમંદિરમાં વિદ્યાર્થી આવે અને કેળવણીની, જીવનની નવી દૃષ્ટિ પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ

રાષ્ટ્રભાવના લઈને જાય તે અત્યંત જરૂરી વાત છે જ.

આ કામ કોણ કરે ને કયાં કરે? એ પ્રશ્નો ગૌણ છે. જેનામાં શકિત હોય તે કરે ને જ્યાં સંજોગો હોય ત્યાં કરે. પણ આ એક કામ થવું જ જોઇએ એ વાત મહત્ત્વની છે.

બીજું, અત્યાર સુધી જે જે એ ક્ષેત્રમાં કામ કરતાં થયાં છે તે બધાંનું સંધટન થાય તેમજ તે બધાને નવું જોવાં જાણવાનું મળે, દિશા મળે, નવા પ્રયોગો કરવા હોય તો સગવડ અને સૂચના મળે એ જાતનું એક કેન્દ્ર હોવું જોઇએ. એ પણ તેટલું જ મહત્વનું છે. અધ્યાપનમંદિર નીકળે તો કેન્દ્ર તેની સાથે થઇ જાય.

ત્રીજું, સ્વ. ગિજુભાઇની ઘણી જ ઇચ્છા છતાં તેમના જીવતા જે દિશામાં કાંઇ ખાસ ન થઈ શક્યું એવું કામ તે માનસશાસ્ત્રની દૃષ્ટિએ સંશોધન કાર્યાલય. આપણા સંઘના સભ્યો તો જાણે જ છે કે સંઘના ઉદ્દેશોમાં એ એક ચૌદ વર્ષ પહેલાં જ નિર્દિષ્ટ થએલું અંગ છે. આજે પ્રાથમિક પ્રચારનું ઘણું કામ થઈ ગયું છે. એટલે આ કામ હાથ ધરવાનો વખત આવ્યો ગણાય.

ચોથું પણ એક કામ છે. સ્વ. ગિજુભાઇએ તે પણ શરૂ કરેલું ને કેટલીએક વ્યાવહારિક મુશ્કેલીને લીધે તે અધૂરું મૂકું. તે બાળ જ્ઞાનકોષનું. તે પણ હાથ ધરવા જેવું તો છે જ.

ગુજરાત સ્વ. ગિજુભાઇના કાર્યનું મહત્ત્વ સમજ્યુ હોય તો તેમના સ્મારક કાર્યમાં પાછળ નહિ જ રહી જાય.

અમારો વાચક વર્ગ વધારેમાં વધારે ગિજુભાઇની નિકટ હતો. તેમના તરફથી સ્મારક સંબંધે વિચારો આવે અને તે કામ જલદી જલદી આગળ ધપે એમ ઇચ્છાએ છીએ.

તારાબેન

× × ×

શ્રીદક્ષિણામૂર્તિના સ્નેહીઓ, મિત્રો અને વિદ્યાર્થી ભાઇબહેનો જાણીને હવે વધુ આનંદિત થશે કે દક્ષિણામૂર્તિ બાલમંદિર શરૂ થયા પછી હવે આવતા ફેબ્રુઆરી, માર્ચમાં દક્ષિણામૂર્તિગૃહ અને વિનયમંદિરની પણ શરૂઆત થશે. આપણે સૌ ઇચ્છીએ કે દક્ષિણામૂર્તિ સંસ્થા ફરી પાછી નવે સ્વરૂપે પુનર્જીવન પામે.

× × ×

ભાવનગરમાં શ્રી હરભાઇ ત્રિવેદીએ શરૂ કરેલી ધરશાળા સાથે એક બાલમંદિર ચાલે છે. આ બાલમંદિર સાથે એક માનસચિકિત્સાલય (Child güidance clinic) શરૂ કરવામાં આવ્યુ છે. આ વિભાગદ્વારા નાનાં મોટાં મૂઝવતાં બાળકોનો નિકાલ માબાપોને અને શિક્ષકોને આપવામાં આવે છે. પત્રવ્યવહારથી સૂચનાઓ માગી શકાય છે. લખોઃ–ધરશાળા, હિલ ડ્રાઇવ, ભાવનગર.

ગણિત શિક્ષણ (ચાલુ)

આ પછીનું પગલું આવે છે સો સુધીના ગુણાકારનું. આને માટે સાધન છે ગુણાકારનું પાટિયું. આ પાટિયું ચોરસ હોય છે. એના ઉપર ચાર બાજુએ એક ઇંચ પહોળી પટ્ટીઓ લગાડવામાં આવેલી હોય છે. આ પટ્ટીઓનો રંગ લીલો હોય છે. આ પટ્ટીઓમાંથી ડાબી બાજુની પટ્ટીની વચમાં જગ્યા હોય છે. બીજી ત્રણે બાજુએ જગ્યા હોતી નથી. એ પાટિયાની વચમાં એક બીજુ સમચોરસ પાટિયું જડેલું હોય છે. આ પાટિયાનો રંગ લાલ હોય છે. એની અંદર સો કાણાં હોય છે. આ કાણાં ઊભાં દશ અને આડા દશ એવી રીતે દશ હારમાં આડાં ઊભાં થઇને સો

થાય છે. આ કાણાવાળા પાટિયાના ઉપરના ભાગમાં, કાણાંની આડી હારની હરોળમાં ૧-૨-૩ એમ ૧૦ સુધી લખેલું હોય છે. આ પાટિયાંની અંદર, પેલી ડાબી બાજુની પટીની વચમાં નાખવા માટે નાનાં પાટિયાં હોય છે. આ પાટિયા ઉપર નીચેના ભાગમાં ૧, ૨, ૩, એમ દશ સુધી આંકડા લખેલ હોય છે અને ઉપરના ભાગમાં એકુ, દુ, તરી, એમ દશ સુધી લખેલું હોય છે. આ પાટિયાંની પહેળાઇ લીલી પટીના બહારના છેડાથી કાણાંવાળા પાટિયાને અડકે ત્યાં સુધીની હોય છે. દરેક પાટિયાંની લંબાઇ જુદી જુદી હોય છે. એકુના પાટિયાની લંબાઇ પહેલા કાણા સુધી હોય છે. એથી બાળકને ખબર પડે છે કે એકુની કાપલી ભરવાની છે. એ પાટિયું પહોંચે ત્યાંથી નીચે મોતી મૂકવાનાં નથી એ પણ એને સમજાય છે. એ રીતે દુના પાટિયાની લંબાઇ કાણાવાળા પાટિયા ઉપર બે મોતી મૂકી શકાય એટલી હોય છે; તરીના પાટિયાની લંબાઇ ત્રણ કાણાં સુધીની હોય છે; ચારની ચાર કાણાં સુધીની; દશની દશકાણાં સુધીની. આ પ્રમાણે જે કાપલી ભરવાની હોય તે કાપલીનો ખ્યાલ બાળકને આથી આવી શકે છે. જેટલાની કાપલી હોય તેટલાંજ આંક સુધી પાટિયું પહોંચે એટલે અને તેટલે સુધીજ મોતી મૂકવાનાં હોય છે એટલે એમાં ભૂલ થવાનો સંભવ નથી. આમ આ પાટિયાં જાતે જ સ્વયંભૂલ-સુધારક હોય છે.

આની સાથે સાથે બાળકને છાપેલી કાપલીઓ આપવામાં આવે છે. એમાં જેની કાપલી હોય તે પ્રમાણે લખેલું હોય છે. દાખલા તરીકે એકની કાપલીમાં નીચે પ્રમાણે લખેલું હોય છેઃ—

૧×૧=	૧×૩=
૧×૨=	૧×૪=
૧×૫=	૧×૮=
૧×૬=	૧×૯=
૧×૭=	૧×૧૦=

બાળકે આમાં એક, એક વખત લઇએ તો કેટલા એનો જવાબ શોધે છે. બાળકે પાટિયાની અંદર એકુનું નાનું પાટિયું મૂકયું હોય છે એટલે પછી કાણામાં એક મોતી મૂકે છે અને બોલે છે એક, એક વખત લઇએ તો એક, એવી જ રીતે એક બે વખત લઇએ તો કેટલા થાય એનો જવાબ પણ એક મોતી બે વખતે મૂકી લે છે કે બે. આ કાણાંવાળા પાટિયાના ઉપરના ભાગમાં પટીની નીચેના ભાગમાં આડી હારમાં ૧, ૨, ૩, એમ ૧૦ સુધી લખેલું હોય છે એટલે બાળક મોતી ૨ સુધી જ લઇ અટકે છે. એક એક મોતી, એક એક વાર વધારે લેતું જાય છે અને ત્રણ વખત લઇએ તો ત્રણ થાય, ચાર વખત લઇએ તો ચાર થાય વગેરે ગણતું જાય છે અને સાથેની કાપલી ભરતું જાય છે. બાળકને આપણે દશ સુધીનું જ્ઞાન આપતી વખતે દશ સુધીના ગુણાકાર આપેલા હોય છે એટલે એક, બે વખત લઇએ તો બે એ બધાનો ખ્યાલ તો એને હોય છે. એક, એક વાર, એક બે વાર એ રીતે એક દશ વાર મૂકી, ગણી, કાપલી પર નોંધી બાળક આગળ ચાલે છે અને પછી બેની કાપલી લે છે. એના ઉપર પણઃ—

૨ × ૧ =	૨ × ૬ =
૨ × ૨ =	૨ × ૭ =
૨ × ૩ =	૨ × ૮ =
૨ × ૪ =	૨ × ૯ =
૨ × ૫ =	૨ × ૧૦ =

લખેલું હોય છે. એકનું પાટિયું કાઢીને બાળક આ બેનું પાટિયું મૂકે છે. જે પ્રમાણે પાટિયા ઉપર મોતી મૂકી એકની કાપલી ઉપર ગણત્રી કરી બાળક પરિણામ નોંધતું હતું તેમ આ કાપલીમાં

પણ કરે છે. બે, એક વખત લઈએ તો બે; બે, બે વખત લઈએ તો ચાર એ રીતે પાટિયા ઉપર મોતી ગણીને લખતું જાય છે. આજ રીતે ૧૦ સુધીની કાપલીઓ પાટિયા ઉપર મોતી મૂકીને અને એ મોતી ગણીને બાળક ભરે છે.

શિક્ષકે શરુઆતમાં એકાદ બે કાપલી ભરી બતાવવી. પછી બાળકને પોતાની મેળાએ કામ કરવા છોડી દેવું. છતાં યે જો જરૂર પડે તો આંગળની કાપલીઓ પણ કેમ ભરાય તે બતાવવું.

અહીંઆ પરિભાષા એકવીસ, બાવીસ એમ નહી વાપરતાં, વીસને એક, વીસને બે એમ વાપરવી. કેમકે હજી આગળની પરિભાષા આપણે બાળકને આપી નથી. જો બાળક એ પરિભાષા શીખીને આવ્યું હોય તો એ પરિભાષાને દશકની પરિભાષામાં ફેરવી નાખવી જોઈએ; જેમકે બાળકને અગીઆર, બાર વગેરે બોલતાં આવડતું હોય તો આપણે અગીઆર એટલે એક દશ ને એક, બાર એટલે એક દશ ને બે એમ સમજાવીને કહેવું. પછી ભલે એ વ્યવહારની પરિભાષા વાપરે. કેમકે ઘણીયે વખત એવું બને છે કે બાળકો આજુબાજુના વાતાવરણમાંથી અથવા તો માબાપોએ શીખવેલું હોય છે તેને લીધે વ્યવહારમાં વપરાતી પરિભાષા વાપરે છે. પણ એ બોલે છે ત્યારે અગીઆર એટલે કેટલા અને બાર એટલે કેટલા તે એ નથી સમજતાં. એટલે જ્યારે ગુણાકારની કાપલી કરતાં હોય છે ત્યારે બેની કાપલી ભરતાં, બે છ વખત લઈએ તો ગણતાં ગણતાં અગીઆર, બાર એમજ બોલે છે. હવે લખતી વખતે તેમને મુંઝવણ ઉભી થાય છે. આથી આપણે એ વખતે એમની પાસે જે પરિભાષા છે તેને દશકની પરિભાષામાં ફેરવી નાખવી પડે છે. એમાં પછી એમની લખવાની મુંઝવણ ટળી જાય છે. જો બાળક વ્યાવહારિક પરિભાષા વહેલું લેતુ હોય તો તેમાં કંઇ વાંધો લેવાની જરૂર નથી.

આ થયું જેને આપણે ઘડીઆ કહીએ છીએ તે. આપણા નાનપણમાં જે ઘડીઆ આપણે રોજ ગોખવા પડતા હતા અને જેની રોજ રાત્રે મોંપાટ લેવી પડતી હતી તે. ઘડીઆના પાડા બાળકો અહીં પોતાની મેળે જ બનાવે છે. એને ગોખીને, સમજ્યા સિવાય, પોપટની માફક યાદ રાખવા પડતા નથી. ધારો કે બાળક નવનો ઘડીઓ બોલતું હોય અને નવ ચાર વખત લઈએ તો છત્રીશ અને ત્યાર પછી નવ પાંચ વખત લઈએ તો કેટલા એ ભૂલી ગયું હોય તો એ મુંઝાતું નથી. એ તો તરતજ ૩૬ ની અંદર ૯ નાખીને સરવાળો કરે અને નવ પાંચ વખત એટલે ૪૫ એમ કહી શકે છે. આ વસ્તુ જે બાળકોએ ઘડીઆ માત્ર ગોખીને મોઢે કર્યા હોય છે તેમના ખ્યાલમાં આવતી નથી. તેઓને એકાદ પગલું ભૂલાતાં આખો પાડો પહેલેથી બોલી યાદ કરવાનો પ્રયાસ કરવો પડે છે. દરરોજના ઘડીઆ ગોખવાના ત્રાસનો અનુભવ નહિ હોય એવું કોઇજ જવલ્લે નીકળશે. બાળકને પોતાની મેળે ઘડીઆ આવડ્યા પછી ઘડીઆ ભૂલી જવાપણું નથી રહેતું. કેમકે જો એ ભૂલી જાય તો પોતાની મેળાએ તૈયાર કરી શકે છે.

ઉપરાંત બાળકને આ રીતે પોતાની મેળાએ ઘડીઆ બનાવવાથી બીજો પણ એક ખ્યાલ ઉત્પન્ન થાય છે કે ગુણાકાર એ સરવાળાનું ટૂંકું સ્વરૂપ છે. પાંચ ચાર વખત લેવા હોય તો પાંચની અંદર પાંચ નાખીએ, પછી એની અંદર ફરીથી પાંચ નાખીએ અને છેવટે ચોથી વખત પાંચ નાખીએ એટલે પાંચ ચાર વખત લેવાઇ જાય અને વીસ થાય. પણ દરેક વખતે આટલો બધો લાંબો સરવાળો કરવા કરતાં આપણે ગુણાકાર

કરીએ છીએ. એમાં આપણને સહેલું પડે છે. આગળ ઉપર જ્યારે બાળક રીતસરના ગુણાકાર કરે છે ત્યારે આ વસ્તુ એની પાસે વધારે સ્પષ્ટ થાય છે. ધારો કે ૩૫ ગુણ્યા ૪ નો ગુણાકાર કરવો હોય તો આપણે ૩૫ ચાર વખત લઈ સરવાળો કરીએ તો જવાબ જરૂર આવી શકે છે પરંતુ એ રીત લાંબી છે. જ્યારે ૩ દશક ૪ વખત લેવા અને ૫ એકમ ૪ વખત લેવા સહેલું થઇ પડે છે. અને માટે જ આપણે ગુણાકાર કરીએ છીએ.

બાળકો પાસે ગુણાકાર એ સરવાળાનું ટૂંકું સ્વરૂપ છે એનો આ રીતે પ્રત્યક્ષ રીતે ખ્યાલ આવે છે.

(અધુરૂં)

શંકરભાઈ.

માશી જરા હળવેથી બોલે તો—

માશી મને ગમે છે.

પણ તે મારી સાથે બોલતી વખતે બૂમો પાડે છે તે મને નથી ગમતું. કેટલા જોરથી તે રાડો પાડે છે?

તે જ્યારે બરાડે છે ત્યારે હું તો ખૂબ ડરી જાઉં છું. હું ઉંચી આંખ કરી એમની સામે નથી જોઇ શકતો.

ડરથી મારી છાતી ધડકવા લાગે છે.

મારા હાથપગ ધ્રુજવા લાગે છે.

અને શું કરવું તે જ મને સૂઝતું નથી.

મેં મારા હાથમાં કાંઇક લીધેલું હોય છે.

તે બૂમ પાડે છેઃ "મૂક નીચે."

હું ગભરાઉંછું ને જોરથી તેને પકડી બેસી જાઉં છું.

તે વધુ જ જોરથી બરાડે છે.

"મૂકે છે કે નહીં નીચે? કે ઉહું? કયાં છે રે લાકડી? લાવ તો."

તેનો અવાજ સાંભળીને જ તો હું આમો બની જાઉં છું. તેથી શું કરવું તે સૂઝતું જ નથી.

ઉપરથી તેની ધાક લાગતાં મને કાંઇનું કાંઇ થઇ જાય છે. એમ લાગે છે કે જેને આકાશ તૂટી પડવું કહે છે તે જ થઇ રહ્યું છે.

પણ માશી આટલા બધા જોરથી બોલવાને બદલે ધીરેથી બોલે તો?

ગરમ ગરમ થઇને બોલવાને બદલે મને શાંત રીતે કહે તો?

હું એમ પણ કહેતો નથી કે તેણે મને હમેશાં લાડથી કહેવું: હમેશ 'તું ડાહ્યો છે' એવી ખુશામત કરીને કહેવાનુ પણ હું નથી કહેતો.

પણ તેવડો રાક્ષસી અવાજ કાઢે નહીં તો? વીજળી પડે એમ તૂટી ન પડે તો? ભસતાં ભસતાં કૂતરું આપણા તરફ દોડે એમ મારા તરફ હો હો કરતી ન આવે તો!

તેમ કરે તો એ શું કહે છે એ સાંભાળવાનું મને મન થાય અને એનું કહેવાનું સાંભળું પણ ખરો.

ઘણીવાર તો હું સાવ લાશ થઇ ગયો હોઉં છું એટલે તે શું બોલે છે. તે મને સમજાતું જ નથી. અને કયારેક સમજાય તોય તેમ થઇ શકતું નથી. અને હમેશ હમેશ એ ખીજાય છે એટલે એનાથી હું બી જાઉં છું ખરો પણ પરિણામે એ કહે એમ કરું જ નહિ એમ થઇ આવે છે. અને એટલે એ વધુ જ ચીડાય છે. એને ચીડવું એમ પણ મને થાય છે. મને તો એને મારવાનું પણ મન થઇ આવે છે પણ એટલી હિંમત નથી થતી. હું જો એને મારું તો તો એ મને ગળચી જ નાખે. મને ઉભોને ઉભો એ ચીરી નાખે. ગમે તેમ પણ મને ચીડ તો આવે જ છે. અને એને ચીડાવું પણ છું.

હું સમજીને નીચું માથું રાખી ઉભો રહું છું ને તે બૂમો પાડતી રહે છેઃ "મારું લોહી પીએ છે; મારો જીવ ખાય છે." અને બીજું ઘણું ઘણું બોલે છે. પણ બોલીને તો એ જ મારું લોહી પીએ છે ને મારો જીવ ખાય છે!

પણ તેને હું કહું શી રીતે?

શાળામાં મને વાર્તા કહેવામાં આવે છે. વાર્તામાં વાઘ બરાડયો એમ આવે કે મને માશી યાદ આવે છે. વાર્તામાં એમ આવેકે "ત્યાં એક ડાકણ આવી" કે તરત મને માશીની યાદ આવે. સ્વપ્નમાં પણ મને ડાકણ, માશી, વાઘણ બધાં સરખાં જ દેખાય છે અને હું ગભરાઈ જાઉં છું. અને બિછાનું પણ ભીનું થઈ જાય છે. હું જાગી જાઉં છું પણ રડતાં બીક લાગે છે કારણ ગાદલું કેમ ભીંજાયું એમ કહી વઢવાની માશીની બીક લાગે છે. હું એમ જ ગુપચુપ સૂઈ જાઉં છું. મને માશીની પથારીમાં જઈને સૂઈ જાઉં એમ થાય છે, અને એ પાસે લઈ શરીરે હાથ ફેરવે એવું થાય છે પણ કેવી રીતે? પાસે જાઉં ને ચડી ભીની જુએ તો પછી? છાતી ધડક ધડક થતી હોય છે છતાં હું ગુપચુપ પડયો રહું છું. હું આંખો મીંચી દઉં છું.

બાકી એમ માશી સારી છે. તે મને ગમે છે. તેની પાસે જાઉં એમ થાય છે. તેના ખોળામાં આળોટવાનું મન થાય છે. પણ—

પણ તે જરા હળવેથી બોલવાનું શીખે તો કેવું સારૂં?

તા.

સ્વ. ગિજુભાઈના પત્રો.

પત્ર બીજો

ભાવનગર તા. ૧૬–૧૨–૨૮.

બેનશ્રી તારાબેન,

આપના બીજા મુદ્દાનો સાર બેથી સાત વર્ષનાં બાળકોને કેવી જાતની પ્રવૃત્તિઓ આપવી એ છે. અર્થાત એ ઉંમરનાં બાળકોને કયાં રમકડાં આપવાં તે આપ જાણવા માગો છો.

આપ બાળકોને ભગવાનની પૂજા કરવાની, તેને ફૂલો ચડાવવાની, રાંગોળી પૂરવાની જે તક આપો છો તે સુંદર છે. જે વસ્તુ દરેક બાલમંદિરમાં થવી જોઈએ પણ ભાગ્યેજ કોઇ મંદિરમાં થાય છે તે આપ કરો છો તે ઘણું પ્રશંસનીય છે. હું પોતે સ્પષ્ટ રીતે માનું છું કે બાળકોને ધાર્મિક સંસ્કારો પણ નાનપણથી જ શાળા અને ઘર બન્ને સ્થળેથી મળવા જોઈએ. બાલ્યાવસ્થાથી જેમ આપણે શરીર, ઇંદ્રિયો, મન વગેરે વસ્તુઓને ખીલવવા વ્યવસ્થા કરીએ છીએ અને કરવી ઘટે, તેમજ આપણે મનની પેલીમેરના પ્રદેશોને પણ પહેલેથી જ પોષવા જોઇએ. સમગ્રજીવનને સ્પર્શતી બીજી વસ્તુઓના વિકાસની વ્યવસ્થા અને રચના નાનપણથી જ થવી જોઇએ. તેમજ આત્મિક બાબતને પહેલેથી જ પોષણ મળે તેમ કરવું જોઇએ. બાલમંદિરમાં આ પ્રવૃત્તિઓ એક ઉત્તમ વ્યવસાય છે અને તમે તે કરો છો તે ધડારૂપ છે. બાળકોને આ પ્રવૃત્તિ સહજપણે ગમે છે. અંદરના આકર્ષણ વિના બળકો કોઇપણ પ્રવૃત્તિ કરતાં નથી. પ્રવૃત્તિઓ બહિર્ પ્રકૃતિનાં આકર્ષણમાં નથી પણ અંદરની જરૂરીઆતમાં છે; અંદરની ભૂખમાં છે. જેમ બાળક રમવું, કૂદવું, દોડવું, પ્રશ્નો પૂછવા, હેત કરવું, શરીર મન અને લાગણીની માગણીઓ પૂરી પાડવા કહે છે તેમ ઉંડી આધ્યાત્મિક અંતરની માગણીને પહોંચી વળવા તેઓ ભિન્ન-ભિન્ન પ્રકારના ધર્મકાર્યોમાં રસ લે છે. અલબત આ

રસ વ્યક્તિપરત્વે ભિન્નભિન્ન પ્રકારના ધર્મ-કાર્યોમાં હોય છે. હમેશ તે વ્યક્ત થતો પણ નથી. તેના વ્યક્ત સ્વરૂપો પણ અનેક બને છે: પણ એ વાત અહીં જ છોડીએ.

બાળકો પાણી ભરવાનું અને કપડાં ધોવાનું કહે છે એ પણ સ્વાભાવિક છે. આવી પ્રવૃત્તિઓ બાળકો શરીરવિકાસ અને ઇંદ્રિયો અને શરીરનો સહકાર સાધવા કરે છે. તે તેમને જેટલી કરવી હોય તેટલી કરવા દેવી. તેમને નાની નાની બાલદીઓ આપવી. છેક નાનાં બાળકો પણ પાણી પાશે અથવા ભરશે. નાનાં નાનાં કપડાંનાં કટકાઓ તેઓ ધોશે અને સૂકવશે. આ કામો વ્યાવહારિક જીવનનાં અને નજરે જોવામાં આવતાં છે. તેમાં જોઇતી ક્રિયા બાળકો પોતાનામાં ઉતારવા વારંવાર ઇચ્છાપૂર્વક પ્રયત્ન કરે છે અને તેથી તેની ક્રિયાઓ વિકાસક બને છે. આવાં કામોથી કેટલાં કૂલછોડો પાણી પીએ છે અગર કેટલાં કપડાં ધોવાય છે કે ધોવાશે એ ગણત્રી મહત્ત્વની નથી. બાળકો હોંશે હોંશે કામ કરી, કામ કરવાની વૃત્તિ અને શક્તિને કેળવે છે એ મહત્વની વાત છે. વૃત્તિ અને શક્તિ સાચું જ્ઞાન અને બળ છે. એ હોય તો ધાર્યું પરિણામ તો ઇચ્છા થતાં લાવી શકાય. આપણે એ જોયું કે આપણે આવાં કામો બાળકો કરે તેટલો વખત કરવા દેવાં. આપણે પરાણે કરાવવાં નહિ. સમયની મર્યાદા બાંધવી નહિ. ઓછાં થાય કે વધારે થાય તે બાબતમાં સરખું સમાધાન રાખવું. બાળકો આ કામો અહેતુક કરતાં નથી. તેમને તેમનો હેતુ પાર પાડવા દો. મોટાં થતાં, તેઓ જેને આપણે હેતુ કહીએ છીએ, જેને ફાયદો કહીએ છીએ તે પણ તેઓ કેળવાએલી વૃત્તિ અને શક્તિના બળે કરશે.

કાગળનું કામ તો તેઓ ભલે કરે જ. તે તેમને ગમે છે. કાતર અને કાગળ આપી દો. તેઓ શું કરે છે તે જુઓ. બહુ તો જાતે બેઠાં બેઠાં કામ કરો અને આપણું કામ તેને જોવા તથા ઠીક લાગે તો અનુસરવા પણ દો. પણ અમુક જ આકારો અમુક સમયમાં બનાવવા છે એવું ન કરો. તો પછી ક્રિયા અને સર્જનની મર્યાદા બંધાશે. પછી તેમાં બાળકોને ખેંચાઇને એ કરવું પડશે. તેવે વખતે આપણે તેને ઉત્તેજન આપવું પડશે. જો બાળકો વગર ઉત્તેજને પોતાનો માર્ગ કાપતાં હોય તો અને કાપે જ છે તો આપણે વચ્ચે પડવાની જરૂર નથી. કાગળ કાતર બાળકોને પ્રિય છે. તેઓ કલાકોના કલાકો તે ઉપર ગાળે છે. ટોપી કે હોડી બનાવવી એ તેનો ઉદ્દેશ મુખ્ય નથી. તેઓ કાતરથી કાગળ ઉપર શું થાય છે તે જોવાની અને કરવાની પ્રવૃત્તિમાં રસ લે છે. તેઓ તે વડે તેમની ઇંદ્રિયો અને સ્નાયુને કાબુમાં લે છે ને સહકારી બનાવે છે. તેની પાછળ મગજને તો કેળવાવું જ પડે છે.

માટીકામ પણ અગત્યનું છે. માટીના પીંડા-માંથી બાળકોને જે કંઇ બનાવવું હોય હોય તે ભલે બનાવે. 'Clay Modelling' ની ચોપડીઓમાં આપેલો ક્રમ અનુસરવો નહિ. એ કૃત્રિમ માર્ગ છે. તેમ આપણે અમુક ઘાટો ક્રમ બનાવવા તે બતાવી ને કરાવી લેવા પણ નહિ. શીખવીએ તેટલા ઘાટો આવડવાથી માટી દ્વારા, વ્યક્ત કરવાનું કે જાતને કેળવવાનું બાળકોને હાથ આવશે નહિ. મેં જોયું છે કે માટીદ્વારા તેઓ અનેક આકારો બનાવે છે. બાળકોના અવલોકનનો પ્રદેશ કેટલો વિશાળ છે તે આ રમકડાંમાં આપણે જોઇ શકીએ છીએ. તેઓને વ્યક્તિગત શું અસર કરે છે અને ગમે છે તે પણ જોઇ શકીએ છીએ. આ પ્રવૃત્તિ પણ સારી છે કારણ કે એ સર્જનાત્મક છે.

પણ રસોઇ રસોઇ રમવું કે દુકાન બનાવવી અને દુકાનિ દુકાન રમવું એમાં લાભ નથી. એ

રમત જેને આપણે અંગ્રેજીમાં Idle play કહીએ છીએ તે છે. બાળકોને ખરી રીતે વાસ્તવિક જીવન ગાળવું ગમે છે, તેઓ તરંગમાં વિહરવા ઇચ્છતાં નથી. બાળકો વધારે તરંગી છે, તરંગ તેમને ગમે છે, તેમને તરંગી વાતો કહો, તરંગમાં મસ્ત રહે તેવી રમતો આપો એ વિચારો બરાબર નથી. ઘણા લોકો તરંગ અને કલ્પનાને એક જ અર્થમાં વાપરે છે. બાળકોને ઘર ઘર રમવા દેવાથી, રમતો કે જેમાં આરોપણ કરવું પડે તેવી રમતોથી તેમનામાં કલ્પના ખીલશે એમ પશ્ચિમના ઘણા આધુનિક શિક્ષણકારો પણ માને છે. તે માન્યતાનો પિતા ફ્રોએબેલ છે. એ વિચાર કેળવણીના આગળ વધેલા વિજ્ઞાનની દૃષ્ટિએ ખોટો છે. આગળ કહ્યું તેમ બાળક મળે ત્યાં સુધી વાસ્તવિક સાચું જીવન ચાહે છે. ભૂખ મટાડવા માટે બાળક કે મોટું માણસ સાચી રોટલી માગે છે. પણ તે જો ન મળે તો જ તે રોટલીની રમત રમત રમે કે વાતો કરે. બાળકોને ઘરમાં માબાપો કરે છે તેવું કામ મળતું નથી. તેઓને હાથપગ, ઇંદ્રિયો વગેરે હલાવવાં છે. તેમને સાચે જ રાંધવું છે, સાચે જ તેમને ઘર બનાવવું છે. સાચે જ તેમને જીવવું છે. પણ તે બધું પૂરતી સામગ્રી વિના થઇ ન શકે ત્યારે તે રમકડાંથી રમીને પોતાની ઇચ્છાને તૃપ્ત કરે છે. આવી ઇચ્છા તૃપ્તિની રમતોને આપણે ભૂલથી કલ્પના ખીલવનાર તરીકે ઉપકારક માનીએ છીએ. અને બાળકને તેમાં વિહરવા દઇએ છીએ. બાળક ઘોડોઘોડો, રેલગાડી, દાક્તર દાક્તર ને એવી કંઇક રમતો રમે છે. બાળકોને કંઇક કરવાનું મળે તો તેઓ તે કરશે અને આરોપણવાળી રમતો નહિ રમે. એટલે બાળકોને એવાં રમકડાં ન આપવાં કે જેથી તેમને રમવું પડે. જે સાધનો દ્વારા તેને જ્ઞાન મળે, તેની શક્તિ ખીલે તે સાધનો તેને માટે રમકડાં Apparatus-educative toys થઇ શકે. જે સાધન બાળકને અજ્ઞાનમાંથી નવા જ્ઞાનમાં લઇ જાય, અને લઇ જતી વખતે તેને અનુભવમાંથી પસાર કરે તે સાધન સાચું સાધન છે. જે સાધન શબ્દથી કે કલ્પનાથી મનને શાંત કરે અને અધ્ધરનું પોકળ પોપટીયું જ્ઞાન આપે તે સાધન નથી પણ વખત કાઢવાનું એક દૂષણ છે. આ દૃષ્ટિએ તમે લાકડાની ઇંટો, ધનોનો વપરાશ આપી શકો. આ દૃષ્ટિએ તકલી આપી શકો. સાવરણી સુપડી, હાથ ધોવાનાં સાધનો, લૂછવાનાં સાધનો, ઉટકવાનાં વાસણો, નવું નવું ગોઠવવાની ચીજો વગેરે આપી શકો. વર્ગીકરણની શક્તિ ખીલવવા, ભેળા કરેલ અનાજની ઢગલીઓ, રંગબેરંગી મોતી, રંગબેરંગી પત્થરો આપી શકાય. ચોક અને પાટીયું કાગળ અને પેન્સીલો પણ સાધનો છે. બાળકો પોતાને ગમે તેવા લીંટા અને ચિત્રો ભલે કાઢે. જાતે કપડાં પહેરવાં કાઢવાં, વાળ ઓળવા, ઓળી દેવા, નાંડી બાંધવી, બુતાન ખીડવા એ બધી પણ નાની ઉપરની વાસ્તવિક પ્રવૃત્તિઓ છે. કુદરતમાં ફરવું અને તેની ચીજોને એકઠી કરી સંગ્રહવી એ કરવા જેવું છે. એથી બાળકોનુ અવલોકન ખીલે છે; સંગ્રહસ્થાન કરવાની દિશા ઉઘડે છે. હું સંગ્રહસ્થાન કહું છું, સંગ્રહ નહિ. ઉપરાંત બાળકોની પાસે અનાજ વવરાવો, પાણી પીવરાવો, અને તેમને અનાજ ઉગતું અને મોટું થતું જોવા દો. આ બધું કરાવ્યા કરવું નહિ પણ બાળકોને તે કરવાની અનુકૂળતા અને છૂટ આપવી. કિન્ડરગાર્ટન અને મોંટીસોરીના સાધનો તે પદ્ધતિઓના અભ્યાસ વગર વાપરવાની હું ભલામણ નહિ કરું, તે પડ્યાજ મૂકવા. બાળકોને ચિત્રો આપવાં; બાળકો ચિત્રો જોવામાં ખૂબ રસ લે છે. ગાન, વાર્તાકથન, ફરવા જવું, નાટકો, રાસ રમતો વગેરે તેમને માટે શક્ય છે અને તે યોજવું. વળી ૬–૭ વર્ષનાં બાળકોને

આજે આટલેથી જ અટકું. હું જાણતો નથી કે તમને મારા પત્રો ઉપયોગી થશે કે નહિ. પણ મારા મનમાં જેમ વસ્યું છે તેમ હું કહું છું.

હજી તમારા પ્રશ્નો બાકી છે તે વિશે હવે પછી.

શુભેચ્છક

ગિજુભાઈ

ગણતરી તથા અક્ષરજ્ઞાનમાં પણ પ્રવૃત્તિ આપી શકો. ગણિત અને લેખન વાચન પણ બાળકોને માટે રમતો છે. માત્ર તે બધું તેની સામે કેમ લાવવું તે જ આવડત અને સમજણ માગે છે.

બાકી અમસ્તાં રમકડાં ભેળાં કરશો નહિ. બજારે વેચાતાં જાતજાતનાં રમકડાં નુકસાનકારક છે. તેને શાળામાં કે ઘરમાં ઘુસવા ન દેવાં જોઈએ.

બાળકો શક્તિની દીપમાળો છે

વરસાદ હમણાં જ બંધ પડ્યો હતો, ને બાલમંદિરનાં ચોગાનમાં ઉભેલાં ઝાડોના ક્યારામાં છલોછલ પાણી ભરાઇ ગયું હતું. પાસે જ કેટલાક પાંચ સાત વર્ષની ઉંમરનાં દશેક બાળકો પહેરણ ઉતારી એકલી ચડ્ડીએ કાંઇ રમત રમી રહ્યાં હતાં. એમનાં આખા શરીર પર કાદવનાં છાંટાઓ જુદા જુદા આકારમાં પથરાઇ ગયા હતા.

મને થયું કે આવી અર્થ વગરની રમત કરતાં કોઇ સારી રમતે ચડાવું તો કેમ? આ તો ગંદી રમત છે.

એમને આ કામમાંથી છોડાવવા હું એમની તરફ વળ્યો. પણ નજીક જતાં જણાયું કે તેઓ અંદર અંદર કાંઇ મોટી યોજનાની વાતો કરતાં હતાં.

'કાંઇક હેતુ તો હોવો જોઇએ' એમ માની સ્વચ્છતાથી વિરૂદ્ધની રમત છતાં મેં તે ચાલુ રહેવા દીધી. અને બાલમંદિરની એક બારી પાછળ ઉભો એ બધું જોતો હું ઉભો રહ્યો.

બાળકોએ પોતાના કાર્યની શરૂઆત મોટે પાયે કરવા માંડી. એક ઉંમરમાં બધાંથી કાંઇક મોટું લાગતું બાળક એક લોખંડના સળીઆ જેવું કાંઇક લઇને ઉભું રહ્યું. ને તેણે પોતાના કામની શરૂઆત કરી.

"અલ્યાં કનુ, આમ સળીઆ પકડ તો!" મોટું બાળક બોલ્યું. ને કનુભાઇ સળીઓ પકડીને ઉભા. ત્યા ફરીથી મોટા બાળકે કહ્યું:

"ને શાન્તુ! તું બીજો સળીઓ લઇ લે ને સામેથી માંડ."

પછી શાન્તુભાઇએ સળીઓ લઇને બીજા મિત્રોની મદદ વડે ખોદવાનું શરૂ કર્યું. સામેથી કનુભાઇએ ખોદવું શરૂ કર્યું. હું જોતો ઉભો રહ્યો.

પછી તો જોતજોતામાં નાની નાની સળીઓ અને થોડાએક હથિયારો તુરત રજુ થયાં.

જોયું તો થોડીવારે બધાનાં ચહેરા દિલગીર જણાયા, ને પોતપોતામાં કાંઇ ગુસપુસ કરતાં જણાયાં.

જરા સાંભળવાની ઇચ્છા થઇ એટલે મેં જરા જળીમાંથી વધુ ડોકાવ્યું. બરાબર જોતાં જણાયું કે તેઓ એક ક્યારાથી બીજા ક્યારા સુધી વચ્ચે એક પાણીની નીક બનાવતાં હતાં. પણ પાણીથી પલળેલી રેતી પોચી હોવાથી નીક ભાંગી ગઇ હશે, એટલે જ તેઓ દિલગીર જણાતાં હતાં.

મને એમનાં કાર્યમાં વધુને વધુ રસ પડતો ચાલ્યો.

"અરે! એ તો જ્યારે ત્યારે પડી જાય છે."

"અરે! એમાં શું? પેલી કંઠણ માટી લાવોને!"

"એ એલા પેલા ક્યારામાંથી પાણી તો ઉલેચ."

"જલદી કરો માટી લાવો તો નીક બની જાય ને પાણી વહેતું થાય." આમ વાતચીત ચાલી રહી.

ત્યાં તો પાણી ઉલેચનાર બાળકે કહ્યું; "એલા પછી નહેરમાં કાંઇ ગોળ ડબા જેવું નાખશો ને?"

મોટું બાળક બોલ્યું: "હાં, પણ નહેર તો બનવા દો. ચાલો ફરીથી શરૂ કરો."

કાર્ય ફરી શરૂ થયું ને ફરી બધાં ઉત્સાહમાં આવ્યાં. થોડી વાર ફરી આમ ચાલ્યું. કઠણ માટી પાણીનાં જોરથી પલળી જતી ને પડી જતી ત્યારે ફરી તેઓ દિલગીર જણાતાં પણ આખરે તેઓ જીત્યાં હોય તેમ લાગ્યું. એમનાં સંતત પુરૂષાર્થે પાણીને હરાવ્યુ ને તેઓએ જોરથી હર્ષનાદો કર્યા ને 'નીક' 'નીક' કરતાં કરેલા કાર્યને એક ધ્યાનથી જોતાં ઉભાં રહ્યાં.

મને સમજાયું કે જરા જેટલી ભૂલને લીધે મેં એમના ખીલતા પુરૂષાર્થને રૂંધી નાખ્યો હોત! તેમની કલ્પનાવૃત્તિ ને કચરી નાખી હોત. એમ થાત તો તેમને આટલું કરવાનું ને જાણવાનું મળત ખરૂં.

તેમના કાર્યને બહેલ પહોંચાડનારની જરૂર નથી પણ માત્ર માર્ગદર્શકની જરૂર છે.

બાળકો તો શક્તિની નાની નાની દીપમાળાઓ છે.

શિવજી શાહ.

બાળકોની હઠ

હઠનો આભાસ—પ્રકાર બીજો

થાકવાથી જેમ બાળક હઠ પકડે છે તે જ પ્રમાણે તેની તબીયત સારી ન હોય તેનાથી પણ તેમ થાય છે. શરીરમાં અસુખ હોય છે, કોઇવાર શરીર દુઃખતું હોય છે, કોઇવાર માથું તો કોઇવાર પેટમાં દુઃખતું હોય છે, એકંદરે બેચેની હોય છે. એને લીધે કયાંય ગમતું નથી અને લક્ષ લાગતું નથી. રમવાનું મન થાય છતાં હાથપગ દુઃખવાને લીધે રમાય નહિ. કંઇક પ્રવૃત્તિ કરવાનું મન થાય પણ થાય નહિ. અને એને લીધે મન નાખુશ થાય છે. આ રીતે બાળકો દુઃખી સ્થિતિમાં હોય છે: આવું બધું એમને થાય છે એ તેઓ કહી શકતાં નથી તેમ જ તેમને સમજાતું પણ નથી કે આજે પોતાના મનને હમેશ જેવો આનંદ અને ઉલ્લાસ કાં નથી જણાતાં.

આવી સ્થિતિમાં મોટા લોકો અને એમની વચ્ચે ચકમક ઝરવાના ઘણા પ્રસંગો આવે છે. બાળક ફરીને આવે છે. કરવામાં મજા તો આવી જ ન હોય અને એવી જ સ્થિતિમાં ગમે ત્યાં તે પડે છે. બા બૂમ મારે છે: "કોટ ટોપી ઠેકાણે મૂક" અથવા "પગ ધોઇને દેવને નમસ્કાર કર" કે એવું જ કાંઇ કહે છે. બાના અથવા તો મોટા લોકોના કહેવામાં કાંઇ ખોટું નથી હોતું પણ તે બાળકને તે વખતે તે કરવાનું મન નથી થતું. બાળક સાંભળતું નથી એમ સમજી બા વધુ કડક થાય છે. બાળકને જરાય સાંભળવું જ નથી એમ થાય છે ને બાને 'સાંભળે નહિ એટલે શું? સાંભળવું જ જોઇએ' એવી હઠ થાય છે. પોતાની સત્તા પ્રસ્થાપિત કરીને શિસ્ત જાળવવાના નાદમાં બાને બાળકના કપાળ પર હાથ મૂકીને જોવાનું સૂઝતું નથી. અથવા તો બાળકનો ઉતરી ગયેલો ચહેરો ધ્યાનમાં આવતો નથી. બાળક રડવા જેવું થઇ જાય છે; બાને એમ લાગે છે કે એ નરમ પડ્યું છે એટલે શિસ્ત બેસાડવાની આ તક જતી ન કરવી જોઇએ. આ રીતે બાલજીવનમાં

એક કરૂણ કહાણીનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

આમ થતું હોવાથી બાળક જ્યારે કહેવું સાંભળે નહીં ત્યારે બાળકના માથે, પેટે હાથ ફેરવી જોવો. ચહેરો જોવો જોઇએ અને એકંદરે એ શું કરે છે એ પણ નિહાળવું જોઇએ. તે જરા સુસ્ત છે કે નહિ તે પણ જોવું જોઇએ.

હમેશ બારીકાઇથી અવલોકન કરતાં હોઇશું તો આ વાત ધ્યાનમાં આવતાં વાર લાગશે નહિ.

બિમારી આવવા પહેલાં, બિમારીમાં અને બિમારી પછી એમ ત્રણ અવસ્થામાં હઠ દેખાવ દે છે. બાળકો ચીડિયાં ને કજીયાળાં થાય છે. અને કોઈ કાંઇ કહે એથી વિરૂધ્ધ કરવા મન કર્યા કરે છે. આવે સમયે વડીલ લોકોએ પોતાનું જ કહેવું ખરૂં થવું જોઇએ એવો આગ્રહ ન ધરતાં યુક્તિથી કામ લેવું જોઇએ. ઘણીવાર બાળકનું ન સાંભળતાં આપણે કરવાનું હોય તે કરી જ લેવું જોઇએ. દાખલા તરીકે દવા આપવી, ગરમ કપડાં પહેરાવવાં, શેકવું, પાટો બાંધવો, એનીમા આપવો, બહાર ફરવા ન દેવું વગેરે અનેક વાતો બાળકોના મનની વિરૂધ્ધ કરવાની જ હોય છે. તે કરવા સિવાય બીજો રસ્તો નથી હોતો. અને આને લીધે બાળક વધુ જ ચીડાય છે. આ સમય બહુ જ નાજુક હોય છે અને તે નાજુકપણાથી જ પસાર કરવો જોઇએ. આ વખતે દૃઢતા તો રાખવી જ જોઇએ. આ વખતે જરાક નરમાશ દેખાડી કે દવા ન પીવા વગેરેની હઠ લઇને બાળક બેસે છે. એને લઇને જે કામ મિનિટ બે મિનિટમાં પતી જતું હોય તેમાં સમય વધુ જાય છે, બાળકને સહન પણ વધુ કરવું પડે છે અને મોટાંઓને સારવારમાં વધુ કષ્ટ પડે છે. એટલે એવો પ્રસંગ જ આવવા ન દેવો. બાળક વાદ વદે તો આપણે તેમ ન કરવું. હઠના ચિન્હ જણાય કે દવા પાવી હોય તો તે અને પાટો બાંધવો હોય તો તે ઝટપટથી ઉકેલી નાખવું. પ્રકરણ વધુ પ્રસરે એ પહેલાં થવાનું કામ થઇ જાય તો વાત એટલેથી જ અટકે છે. ટૂંકમાં વિનવણી, ખુશામત વગેરે ઉપયોગી નથી થતાં. એથી ઉલટપક્ષે ધૂમ પાડી, ગુસ્સો કરી, ધમકાવી અને દાક્તર વગેરે હાથ પગ કાપી નાખશે અથવા તો એવી વિલક્ષણ બીક બતાવીને પણ એને ત્રાસ ન આપવો. તે બિમાર હોય છે અને આપણે એને બિમાર સમજીને જ એની સાથે વર્તવાનું હોય છે.

એકંદરે બાળકના શરીરના અસ્વાસ્થ્યને લીધે જે હઠના પ્રસંગ ઉપસ્થિત થાય તે ખરી હઠના પ્રસંગ કહેવાય નહિ. સારૂં ન હોવાથી બાળક કાંઇક વાંકુ ચાલે છે. તે આપણું ન સાંભળવાના ઉદ્દેશથી નહિ પણ તેના અસ્વાસ્થ્યને લીધે. એટલે આ બધા હઠના આભાસ સમજવા જોઇએ અને તે વખતે એને સંભાળીને એનો નિકાલ લાવવો જોઇએ. બાળક હઠ કરવાના ઉદ્દેશથી શરૂઆત નથી કરતું પણ પાછળથી ઘણી વાર એ હઠનું જ રૂપ પકડે છે. આપણે એનું કારણ સમજીને એને આગળ વધતું અટકાવીએ તો થોડી નારાજી, થોડું ચીડાવું અથવા તો થોડું રડવું આવીને એનો અંત આવે છે. તે વખતે આપણે થોડા શાંત રીતે અને ડહાપણભરી રીતે વર્તવું જોઇએ એટલું જ. આપણે પ્રસંગ ઓળખીને એને પાર પાડવા જોઇએ.

તા.

રમકડાં વિષે

રમકડાં બાળકોને પ્રાણથી પણ વધુ પ્રિય છે. બાળકની વય અને તાસીરને અનુલક્ષી જો રમકડાંનું નિરૂપણ નક્કી થાય તો તેથી તેને ઘણો ફાયદો થાય એ નિઃશંક છે.

પ્રત્યેક ઋતુ તેની આબોહવાને અનુરૂપ રમકડાં લઈ દોડતી આવે છે, અને બાળકો ગેલ કરતાં કરતાં જે રમકડાં ધરવામાં આવે તે સાથે તન્મયતા સાધી, નવી ઋતુનાં નવાં રમકડાંનાં સ્વપ્નો સેવે છે.

બાળકના જન્મ સાથે જ રમકડાંની શોધ થઇ હશે. વહાલસોયાં માતપિતા ઘણી વખત પોતાનું વહાલ રમકડાં દ્વારા પણ વ્યકત કરે છે.

બાળકને વ્યવસ્થિત બનાવવામાં, તેના આવેશોને માર્ગ આપવામાં, તેનામાં સારી ટેવો પાડવામાં, તેને મળતાવડું બનાવવામાં રમકડાં મોટામાં મોટો ભાગ ભજવે છે. રમકડાં દ્વારા બાળકને ઘણું શીખવી શકાય અને ખિલાવી શકાય.

બાળકને નિજાનંદે મસ્ત રહેવા દેવું જોઇએ. આપણા કરતાં, રમકડાં તેને વધુ નિજાનંદી રાખી શકે છે.

આમ રમકડાંથી બાળવિકાસમાં મોટામાં મોટો ફાળો આપી શકાય તેમ છે. પરંતુ આ જાપાનીઝ યુગમાં, જર્મની અને જાપાન વગેરે પરદેશી રમકડાંના ધસારાએ તો ભારે કરવા માંડી છે. મોટા ભાગનાં પરદેશી રમકડાં બાળકને idle play નિષ્ક્રિય રમત આપી તેને મોજીલું બનાવી દે છે.

બાળકમાં અંતર્ગત રહેલી શોધક વૃત્તિને જે રમકડાં ઉત્તેજીત ન કરે તેને રમકડાં કેમ કહેવાય? બાળક સ્વયંભૂ વિકાસ સાધવા વલખાં મારે છે ત્યારે રમકડાં દ્વારા આપણે તેના વિકાસના અનેક માર્ગ ખુલ્લા કરી શકીએ તેમ છીએ. પરન્તુ આજકાલનાં પરદેશી રમકડાંનો ઉપયોગ તેને તેજસ્વી બનાવવાને બદલે તેજોહીન કરે છે.

ઘણાં કુટુંબોમાં સેંકડો રૂપિયાનું પાણી રમકડાં પાછળ નિરર્થક રીતે થાય છે. વ્યવસાયી પિતા રમકડાં પાછળ પૈસા ખરચી, બાળક પરત્વેનું પોતાનું વહાલ રમકડાં દ્વારા જ વ્યકત કરી શકે છે. ફોટ ભરીને રમકડાં બાળક પાસે ધરી દીધાં પછી તે ઇતિકર્તવ્યતા લેખે છે.

એ પરદેશી રમકડાં, જુદા જુદા સ્વરૂપે બાળકને પાંગળું, નિષ્ક્રિય અને શોખીન બનાવી જાય છે. આવાં રમકડાંની ભયંકર માઠી અસર અદીઠ રીતે આપણા બાળકો પર થાય છે અને આપણે હોંશે હોંશે તે થવા દઇએ છીએ.

પરદેશી વ્યાપારીમાનસ બાળમાનસને જલદી લલચાવી કે ફોસલાવી શકે છે; દિનપ્રતિદિન સ્ટીમરોની સ્ટીમરો આપણા દેશની દોલત–બાળકોને નિષ્પ્રાણ કરે તેવાં રમકડાં કિનારે ઠાલવી, તેમના પ્રાણ સાથે આપણી લખલૂટ દોલત પણ લૂંટી જાય છે.

આપણા દેશનો આ નાનોસૂનો પ્રશ્ન નથી.

વળી નિષ્ક્રિય રમતો આપનારાં રમકડાંથી બાળકનું જે માનસ ઘડાય છે તેની જીવન પર્યંતની માઠી અસર તેના વર્ગશિક્ષણમાં પણ કળી શકાય છે. એક પ્રશ્ન પર ઝીણવટથી, ધીરજ અને ખંતપૂર્વક બાળક વર્ગમાં વિચાર કરતું નથી જણાતું ત્યારે તેનાં કારણો શોધવા બેસીએ છીએ તે સમયે જે કારણો જડે છે તેમાંના અનેક કારણોમાં રમકડાંનું કારણ પણ આવે છે.

આપણા દેશની સંસ્કૃતિના પ્રતિક રમકડાં આપણે ત્યાં નથી જ. આ જેવું તેવું દેવાળું નથી. આ દેવાળાનો લાભ આજે પરદેશી વેપારીઓ લે છે અને આપણને એવડી રીતે (બાળકના ઘડતરને નુકસાન કરીને, અને પૈસા ધસડીને) માર મારી જાય છે. આથી પરદેશી રમકડાં પરદેશી છે માટે જ ત્યાજ્ય છે એ એક સૂત્ર સમાજ સ્વીકારે તો એક ઘાએ બે પક્ષી ઉડે. આપણું ધન સચવાય, અને બાળકો ઉપરોકત અનર્થોમાંથી બચી જાય.

રમકડું દેશી હોય તો પણ જે તે દ્વારા બાળક સ્વયંવિકાસ સાધી શકતું ન હોય, તો તે પણ ત્યાજ્ય હોવું જોઇએ. બાળકને અગ્નિમાં ઝંપલાવતું રોકવું જોઇએ એ પ્રમાણે તેને કરકોલીને ખાઇ જાય તેવાં દેશી કે પરદેશી રમકડાંથી દૂર રાખવું જોઇએ.

આપણી સરકાર આ દિશામાં ઘણું કરી શકે.

૧. રમકડાંની આયાત બાળકના વિકાસની દૃષ્ટિએ થાય એ માટે તે પર તકેદારી રાખે એવી સમિતિ નીમવી જોઇએ.

૨. આપણા દેશની સંસ્કૃતિના પ્રતીક, અને છતાં બાળમાનસને અનુરૂપ રમકડાંના સર્જન માટે સાહસિક કારીગરો અને વેપારીઓને ઉત્તેજન આપવું જોઇએ.

૩. જે જે જાતનાં રમકડાં આયાત થતાં હોય, અગર જેનું નવું સર્જન અહિ થતું હોય, તેના ગુણ પર તટસ્થ વિવેચન સમાજને માર્ગસૂચક નીવડે તે માટે પણ એક સમિતિ નીમવી જોઇએ.

કારણ કે

અમુક રમકડું બાળકને ગમી ગયું તે માટે તે વિકાસપોષક છે એમ સમજી લેવું તે ભ્રમ છે. તેને જ વિકાસપોષક રમકડું કહી શકાય કે જે:—

૧. બાળકને અનેક પુનરાવર્તનો આપે.

૨. બાળકના અંગોને વિકાસ આપી તેને ક્રિયાત્મક રાખે.

૩. તેને વિચાર કરતું કરે.

૪. તેને સ્ફુર્તિ આપે.

૫. ક્રિયામાંથી પરિણમતો ઉલ્લાસ અને આનંદ આપે.

૬. તેની સંશોધક વૃત્તિને પ્રદીપ્ત કરી નવી શોધો માટે ઉત્તેજન આપે.

૭. પંચેન્દ્રિયમાંથી ઓછામાં ઓછી એકાદ ઇન્દ્રિયને કેળવણી આપે.

જેટલાં રમકડાં બજારમાં વેચાય છે તેમાંનાં બધાંય આ દૃષ્ટિએ ત્યાજ્ય છે એમ કહેવાનો અર્થ નથી. રડ્યાં ખડ્યાં કોઇ રમકડાં ઉપરનો કોઇ એકાદ હેતુ સાધે છે તો તેનું નિરૂપણ યોગ્ય રીતે અને યોગ્ય સમયે નથી થતું એટલે હેતુ માર્યો જાય છે.

બાળક પાસે રમકડું ધરતાં પહેલાં આપણે તેની શાંત પળો જોઇ તે તરફ તેને અભિમુખ કરવું જોઇએ અને રમકડાંની વપરાશ કેવી રીતે થાય તે ધીમી ધીમી ક્રિયાથી બતાવવું જોઇએ. આમ બને તો રમકડાં પાછળનો ઉદ્દેશ–હેતુ માર્યો ન જાય.

ગમે તે ક્ષણે, ગમે તે વાતાવરણમાં, જે તે રીતે કોઈ પણ રમકડું બાળક સમક્ષ ધરવું તે ઇષ્ટ નથી.

રમકડું તો હથિયાર સમું છે. હથિયારનો ઉપયોગ આવડે તો તે ઉગારે, નહિંતર નાશ કરે.

બાળકની શકિતના વિકાસના હથિયાર સમા, સારામાં સારાં રમકડાનું નિરૂપણ, સુપળ જોઇને કરવામાં ન આવે તો અંતર્ગત હેતુ માર્યો જાય.

વજુભાઈ દવે.

સ્વ. ગિજુભાઈને

ભણુતર દિપાવ્યું સ્વાર્થ ત્યાગી, સર મટી સેવક થયા:
એ બાળકેળવણી તણા જ્ઞાતા ખરેખર થઈ ગયા;
તેને લીધા પ્રભુ શું ઉઠાવી બાળની ધરી ના દયા,
ગુજરી ગુણી ગુજરાતનાં ગિજુભાઈ સ્વર્ગે સંચર્યા. ૧

જે ભાવભીના ભાવનગરે ભાવધારી અવતર્યા,
ભણુતર ભણ્યા તે ભાવવાળું ભાવ ભાવ બધે ભર્યા;
સમજી જ બાળ સ્વભાવ ઊંડા તાપ ધારી ઊતર્યા,
ગુજરી ગુણી ગુજરાતના ગિજુભાઈ સ્વર્ગે સંચર્યા. ૨

શાળા મટોડી બાળમંદિર શબ્દ સુંદર સંગ્રહ્યા,
ને દેવસમ બાળક બધાં ગણવા ઉપાયો આદર્યા;
દુભવો નહિ, સેવા કરો, ખિલવો ઝરા અંતર ભર્યા,
સૂચવી ગુણી ગુજરાતના ગિજુભાઈ સ્વર્ગે સંચર્યા. ૩

આજે વિચારો સત્ય કેળવંણી તણા છે થઈ રહ્યા,
તે સમયમાં સાચા શુભેચ્છક બાળકોના એ ગયા;
પણ છોડ વાવેલા કરે દેખાય આજે ઊછર્યા,
ખિલતા મૂકી ગુજરાતના ગિજુભાઈ સ્વર્ગે સંચર્યા. ૪

જીવી જીવન સાચું પ્રમાણી પ્રેરણા પાઇ ગયા,
પણ ધ્યેયને પહોંચી વળ્યા પહેલાં જીવન ત્યાગી ગયા;
ના તેમ નહિ, પણ વીરકેરે પારણે પોઢી ગયા,
ગુજરી ગુણી ગુજરાતના ગિજુભાઇ સ્વર્ગે સંચર્યા. ૫

નિજ પત્ની પુત્ર જ એક પુત્રી ચાર મૂકી પરવર્યા,
નાનાં બધાંએ બાળકો ગુજરાતનાં મૂકી ગયા;
અવતાર ધરવા નવીન અંતરભાવ માટે જે ભર્યા,
ગુજરી ગુણી ગુજરાતના ગિજુભાઈ સ્વર્ગે સંચર્યા. ૬

દર્શન ચરણ સ્પર્શન વિનાનો શિષ્ય હું તેનો ખરો,
સુણીને મરણની વાત ઊલટ્યો અંતરે દુઃખનો ઝરો;
પ્રભુ દે સદા જયજય વિચારો એમના અંતર ભયા,
મૂકી અમરકીર્તિ ગુણી ગિજુભાઈ સ્વર્ગે સંચર્યા. ૭

જયશંકર પંડ્યા

પત્રવ્યવહાર કરતી વખતે કૃપાકરી ગ્રાહકનંબર લખવો ભુલશો નહિ.

આ શિક્ષણ પત્રિકા શ્રી. કૃ. ના. સાપલેએ રામકૃષ્ણ પ્રિં. પ્રેસ ત્રિભુવન રોડ, મુંબઇ ૪ માં છપી.
અને શ્રી. તારાબાઈ મોડકે શિક્ષણપત્રિકા કાર્યાલય હિંદુ કૉલોની દાદરમાં પ્રસિદ્ધ કરી.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણ સંઘ)

આદ્ય તંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાળક અજ્ઞાની છે, બાળક અનુભવ વગરનું છે; બાળક ભૂલો કરે છે, બાળકમાં ઘણી બામીઓ છે માટે શું ઠપકો ઘટે? ઠપકાથી શું તે પ્રગતિને માર્ગે ચડશે ?

નહિજ.

બાળકમાં ઘણી શક્તિ છે તેને વિકસવા દઈએ તો તે જરૂર જીવન અને ભાવિને ઉજાળનારું બની જશે !

બાબાઓ આટલું લક્ષમાં લે તો !

ર. વિ. મેહતા

વર્ષ ૧૪ :: કાર્યાલય :: અંક ૧૧

૧૯૯૬ દાદર, મુંબઈ-૧૪ માર્ગશીર્ષ

નોંધ અને સમાચાર

જય મંત્રેશ્વરી માત

લગભગ ૧૫ વર્ષ પહેલાં ભાવનગરમાં બાલમંદિરમાં ગણિતશિક્ષક તરીકે રહેલા શ્રી. હરિહર પ્રાણશંકર ભટે 'જય મંતેશ્વરી માત' એવી આરતી રચી. અર્ધી ગંમતમાં, અર્ધી ગંભીરતામાં આરતી બનાવેલી. અને તેવા જ મિશ્ર ભાવથી તે હંમેશ ગવાતી.

આજના યુગમાં કોઇની આરતી કરીને ગાવું ઘણાંઓને ખૂંચે. અને તે યોગ્ય પણ છે. વિભૂતિ-પૂજા એટલી હદસુધી તાણીને લઈ જવાની હિંદી માનસને ટેવ છે કે તેત્રીશ કોટિ દેવની સાથે તરત તેત્રીશ કોટી ને એકમી દેવી કે દેવ ઉત્પન્ન કરી નાખીએ છીએ. એવી રીતે આત્યંતિક સ્વરૂપમાં ન લઈ જઇએ ને સાચેસાચ વ્યક્તિની કિંમત કરીએ, તેના કામની સાચી કિંમત કરવાની બુદ્ધિએ ગાઇએ તો પણ ડૉ. મૉંટીસોરી બાઇને મંત્રેશ્વરી માતા કહેવામાં કાંઇ ભૂલ ન થાય. આ યુગનો મોટામાં મોટો મંત્ર તેમણે આપ્યો છે. સ્વા-તંત્ર્ય, બાળકનું સ્વાતંત્ર્ય જે તેમણે કલ્પ્યું છે તેવું બાળકને બનવાની તક આપવાની વાત તેમણે વિચારી. અને તે માત્ર વિચારી નહિ પણ વ્યવહારમાં કેમ મૂકી શકાય તે પ્રત્યક્ષ કરી બતાવ્યું. આ મંત્ર અત્યંત મહાન્ છે. આજે જગતમાં જે મહામારી ચાલે છે, ગુનાઓ થાય છે માનવજાતિ હેરાન છે તેનું મૂળ તેમણે શોધ્યું છે. માનવતા સાચી સ્વતંત્ર નથી. પોતે પોતાની શક્તિએ સંયમિત અને પોતાનું તંત્ર બરાબર ચલાવનાર અને બીજાંનાં સ્વાતંત્ર્યને માન આપનાર થઇએ તો બધી અનન્વિત વાતોનો અંત આવી માનવતા ખરી સ્વતંત્ર અને વિકસિત થશે એવી આર્ષ દૃષ્ટિએ તેઓ જુએ છે. માનવજાતિને સ્વતંત્ર બનાવવી હોય તો તો બાળકોને સ્વતંત્ર રીતે જીવવાની તક આપી સ્વતંત્ર બનવા દઇએ એ પણ તદ્દન મૌલિક વિચાર તેમણે કર્યો. તાર્કિક બુદ્ધિએ એ વિચાર ઉપર તો કોઇપણ આવી શકે કદાચ. પણ વ્યવહારમાં ઉતારી બતાવવામાં ખૂબ કૌશલ્ય, વ્યહારચાતુર્ય બાલમાનસનો અભ્યાસ ને પરિચય જોઇએ જ. આમ વિચાર અને વ્યવહારની દૃષ્ટિએ અત્યંત મૌલિક એવો દુનિયાને ફાળો આપનાર અસાધારણ વ્યક્તિ આજે આપણી વચ્ચે છે. તદ્દન વૃદ્ધાવસ્થાએ પહોંચેલાં છતાં અથાક મેહનતથી પરદેશમાં—પરદેશી આબોહવામાં કામની જેહમત ઉઠાવી રહ્યાં છે. આપણાં કેટલાં ધન્યભાગ્ય! આપણા દેશના ૩૨૫ ઉપર જેટલા માણસો તેમના ચેલા બની તેમને મુખેથી મંત્ર સાંભળે છે ને ઝીલે છે. આમાં આપણા ગૂજરાત-માંથી જ ત્રીજા ભાગના વિદ્યાર્થીઓ છે. આપણા પૂ. ગિજુભાઈ પોતે જ ડૉ. મૉંટીસોરીના મનથી થઇ ગએલા ચેલા હતા. ત્યારે તેમના ચેલાઓ પહેલી તકે આપણા ગુરુના ગુરુ પાસે દોડી જાય એ જ સ્વાભાવિક હતું.

આજે અઘારમાં આપણા પ્રાંતોમાંથી નીચે પ્રમાણે વિદ્યાર્થીઓ ભણવા ગયા છે. અને મદ્રાસમાં ગૂજરાતી બાલમંદિર ખુલ્લું મૂકતી વેળાએ ડૉ. મૉંટીસોરીએ કાઢેલા ઉદ્‌ગારોપરથી આ વિદ્યાર્થી વર્ગે તેમનાપર સારી છાપ પાડી છે તેમ દેખાય છે. આ બધી વાતોમાં એક જ ન્યૂનતા પદેપદે ને ક્ષણે-ક્ષણે સાલે છે ને તે આપણા માર્ગદર્શક, આપણા ગુરૂ પૂજ્ય ગિજુભાઇની ગેરહજરી. પ્રભુઇચ્છા કહીને શાંત બેસવા સિવાય માર્ગ નથી.

અઘારમાં ગએલા વિદ્યાર્થીઓનું ત્યાંના તેમના અનુભવો વિષે ખૂબ ઉત્સાહભર્યું લખાણ આવ્યું છે. જગ્યાને અભાવે તે આવતા અંક માટે રાખી મૂકવું પડે છે. માત્ર માહિતીરૂપે આટલું અહીં છાપીએ.

"જે ગુજરાતી વર્ગ અહીં આવેલ છે તેમાં મુંબઇની બાળકેળવણીની સંસ્થાઓના મુખ્ય સંચાલકો નથી. પણ તેમાંના કે તે માટેના કાર્યકર્તાઓ છે. અમદાવાદ – તથા ગૂજરાતની અન્ય સંસ્થાઓના મુખ્ય કાર્યકર્તાઓ આવ્યા છે. શારદામંદિરના સંચાલક શ્રી સવિતાબેન, બાડિયા બા. મં.ના સંચાલક શ્રી યશસ્વતિબેન, બાલ-કુંજના આચાર્ય શ્રી ગોવિંદભાઇ, નડિયાદ બા. મં.ના સંચાલક શ્રી. ભકત, જામનગર બા. મં.ના સંચાલક શ્રી. નરેન્દ્ર બધેકા, તેમ મોરબી, પોરબંદરના પણ આવ્યા છે. વઢવાણના શ્રી. ભોગીલાલ, ભાવનગર રાજ્ય બા. મં.નાં શ્રી નર્મદાબેન, શ્રી દ. મૂ. બાલમંદિરના શ્રી ગોપાળ-ભાઇ તેમજ ગોધરા ટ્રે. કૉલેજના આપણા શંકરભાઇ પટેલ અને અમદાબાદ શિશુવિહારના નિયામક શ્રી વજુભાઇ દવે વગેરે છે. બૃહત્ ગૂજરાતની છુટક છુટક સંસ્થામાંથી શ્રી પ્રાણલાલ દવે, શ્રી મલ્કાના વગેરે છે.

"તદુપરાંત દિલ્લી બનારસથી આવનાર કેટલાક હિંદી બોલનાર ભાઇબેન સ્વર્ગસ્થ ગિજુભાઇના સંસર્ગમાં આવેલા તે આવેલ છે ને કેટલાએક 'શિક્ષણપત્રિકા' માર્ફત ડો. મોંટેસોરીનો પરિચય મેળવનારા આવ્યા છે. તા.

અ ધા ર (મદ્રાસ) બા લ મં દિ ર ડૉ. મોન્ટીસોરીએ ઉદ્ઘાટન કર્યું

અધાર (મદ્રાસ) માં વસતા ગુજરાતી ભાઇના મંડળ તરફથી બાલમંદિર, અને કન્યાશાળાના મકાનની. ઉદ્ઘાટન ક્રિયા ડૉ. મોન્ટેસોરીના શુભ હસ્તે થઇ.

શરૂઆતમાં મંત્રી શ્રી નાનાલાલભાઇએ સંસ્થાની પ્રગતિનો અહેવાલ રજૂ કરતાં જણાવ્યું કે:– "ગુજરાતની બાળકેળવણીના આદ્યપ્રણેતા શ્રી ગિજુભાઇ બધેકાના પ્રયત્નથી ગુજરાતમાં આ દિશાનું જે કાંઇ થઈ રહ્યું છે તેના ફળરૂપે આજનો પ્રસંગ છે. શ્રી ગિજુભાઇ મારફત પ્રેરણા મેળવેલ લગભગ સવાસો જેટલાં બાનવી. અત્યારે અહીંના મોંટેસોરી ટ્રેઇનીંગ કોર્સમાં છે. તેમની અમુલખ સેવાઓ માટે અમે તેમના ઋણી છીએ. તે ઋણ અદા થઇ શકે તેમ નથી. આજે તેમનો દેહ અહીં નથી–તેમના પરત્વેનો આદર પ્રદર્શિત કરવા, અહીંના મંડળ તરફથી તેમના પુત્ર શ્રી બચુભાઇ, (નરેન્દ્ર) ને હું આ હાર પહેરાવું છે. તે ભાઇ ભલે યુવાન છે. પરંતુ તેમના પિતા મહાન્ હતા. અને તેમની મહત્તાને અમે આ તકે આ રીતે આદર આપીએ છીએ."

આ પછી શારદામંદિરનાં સંચાલક શ્રી સવિતા-બ્હેન ત્રિવદીએ પ્રાસંગિક વિવેચન કરતાં કહ્યું કે અહીંના ગૂજરાતી ભાઇઓએ બાળકેળવણીમાં જે પ્રગતિ કરી તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. મદ્રાસી સ્થાનિક રહેવાસીઓ, અનુકૂળતા છતાં, નવીન કેળવણીના આંદોલન ઝીલી શકયા નથી ત્યારે ગુજરાતી ભાઇઓએ જે પ્રણાલી ઝીલી છે તે માટે તેમને ધન્યવાદ આપું છું.

આ પછી શ્રી વજુભાઇ દવેએ નીચે મુજબ ટૂંક વિવેચન અંગ્રેજીમાં કર્યું–જેનો સાર મુજબ નીચે છે.

"આજથી લગભગ વીસેક વર્ષ પહેલાં, આપણા માનવંતા ગિજુભાઇએ, ડૉ. મોન્ટેસોરીની પદ્ધતિનો આત્મા ઝીલ્યો, અને ભાવનગરના ટીંબે, શ્રીદક્ષિણામૂર્તિ દેવના આશિષથી – "દક્ષિણા મૂર્તિ" બાલમંદિર શરૂ કર્યું. અને તે બાલ-મંદિર મારફત સમસ્ત ગુજરાતમાં બાળકેળવ-ણીની શાસ્ત્રીય પદ્ધતિનુ આંદોલન ફેંકયું.

એ જ દક્ષિણામૂર્તિ પ્રભુએ જે વટવૃક્ષ નીચે બેસી જગતને આત્મોન્નતિ કરવાનો માર્ગ બતાવ્યો, તે જ વટવૃક્ષની છાયાએ બેસી, આજે ડૉ. મોન્ટે-સોરી પણ તેમનો દૈવી સંદેશ હિંદુસ્તાનને અને જગતને સંભળાવી રહ્યાં છે.

ગુજરાતની બાળકેળવણીના આદ્યપ્રણેતાને દ. મૂ. દેવની છાયા મળી; ડૉ. મોન્ટેસોરીને પણ અચાનક એ જ છાયા મળી!

વળી, ડૉ. મોન્ટેસોરીનો આદેશ ઝીલનાર સ્વર્ગસ્થ ગિજુભાઇ અને તેમની મારફત ગુજરાત સૌથી પ્રથમ હતું અને આજે તેમના આગમન પછી, તેમનાજ શ્રોહસ્તે, એક ગુજરાતી બાલમંદિરની સૌથી પ્રથમ ઉદ્‌ઘાટન ક્રિયા થાય છે!

આવી ઘટનાઓના અણધાર્યા સુમેળ ઉપરથી આપ સૌને એમ નથી લાગતું કે આ બધાં પાછળ કોઇ ઇશ્વરી સંકેત છે? મને લાગ્યા જ કરે છે કે આ યોજના પાછળ કોઈ અણધારી શક્તિ કામ કરી રહી છે.

આજનો પ્રસંગ ડૉ. મોન્ટેસોરી અને ગુજરાતને જોડનાર એક સુંદર ગ્રંથી બનો એમ હું પ્રભુ પાસે પ્રાર્થું છું. આવો શુભ અવસર તમને પ્રાપ્ત થયો તેને હું ગુજરાતનું સુભાગ્ય લેખું છું. મને ખરેખર તમારા આ સદ્‌ભાગ્યની ઈર્ષા આવે છે.

આપણા ગુજરાતની બાળકેળવણીએ ઘણી પ્રગતિ કરી છે એમાં શક નથી. પરંતુ આપણે તેમાં હજુ ઘણા રંગ પૂરવાના છે. આવા તબ્બકે ડૉ. મોન્ટેનું આગમન આપણને માર્ગદર્શક થઇ પડશે. તેઓ તેમની પદ્ધતિને હિંદુસ્તાનની આબોહવા ને અનુકૂળ રંગ આપવાના પ્રયત્ન કરે છે. તેમને ખબર છે કે હિંદનો આત્મા, તેના ગામડાંમાં છે. આપણે આવી તકની રાહ જોઇ રહ્યા હતા. આજે તે પદ્ધતિનો આત્મા, આપણી વચ્ચે છે તેને હું આપણું અહોભાગ્ય લેખું છું.

તેમના વિદ્યાર્થી તરીકે અમે પ્રતિક્ષણે અનુભવી રહ્યા છીએ કે તેમની પાસેથી ઘણું શીખવાનું છે જ. હિંદનો બાળકેળવણીના પુનરુદ્ધાર માટે તેમની પાસે 'સંદેશ' છે જ.

આજના બાલમંદિરની ઉદ્‌ઘાટન ક્રિયા એ સમસ્ત હિંદના બાળકોના સ્વાતંત્ર્યના દ્વાર ખુલ્લા મૂકવાની શુભ ક્રિયા બનો એવું ઇશ્વર પાસે પ્રાર્થું છું.

આ પછી ડૉ. મોંટીસોરીએ નીચે મુજબનું પ્રવચન કર્યું.

આવા શુભ અવસરે મને નિમંત્રણ આપવા માટે હું આપની ઋણી છું. આ બાળકોના તાલબદ્ધ ગરબા જોઇ મને ખૂબ જ આનંદ થયો છે. આવી સંસ્થાઓ મારફત હિંદની ઉન્નતિનાં સ્વપ્ન હું ઘણા વર્ષોથી સેવતી આવું છું. આ પ્રસંગ મારફત ગુજરાતી ભાઇબ્હેનોનો સંપર્ક સાધવાની જે શુભ તક મને સાંપડી છે તે માટે મને ખૂબ જ આનંદ થયો છે.

મારી પદ્ધતિનાં આંદોલન ઝીલી તેનો ફેલાવો કરનાર ગુજરાતની બાળકેળવણીના એ આદ્ય પ્રણેતા ગિજુભાઇની હું અત્યંત ઋણી છું. ગુજરાત સમસ્ત હિંદમાં બાળકેળવણીની દિશામાં મોખરે છે તે હું જાણું છું – મારા વિદ્યાર્થીવર્ગમાં તેમની મોટી સંખ્યાની મંડળીએ મારા ઉપર સારી છાપ પાડી છે.

આવાં સુંદર બાળકોની આવી રૂડી શાળાની ઉદ્‌ઘાટન ક્રિયા કરવાના સુનસીબ માટે હું મારી જાતને ધન્ય થઇ લેખું છું. આ અવસરને હું શુભ શુકન માનું છું. આવા રૂડા શુકનથી મારો મારફત જે કાઇ થવાનું છે તે સમસ્ત હિંદના સુખમાં અભિવૃદ્ધિ આણે.

માનવજાતનાં બે બળ-બાળક અને તેનાં વડીલો બન્નોના પ્રયત્નો જ્યાં બાળકને સુખી રાખવા માટે થાય છે તે માનવજાત ધન્ય છે. ગુજરાતમાં એવા પ્રયત્નો થાય છે તે માટે તેને મારા અંતરના આશિષ છે.

"ઘણું જીવો ગુજરાત"!

બાળકને પગલે ચાલો

[મદ્રાસ કોરપોરેશને ડૉ. મોન્ટેસરિને આપેલા માનપત્રના જવાબમાં ડૉ. મોન્ટીસોરીએ આપેલા વ્યાખ્યાનમાંથી]

સૌથી પ્રથમ મારે કહેવું જોઇએ કે ભગવાને મારી એક ઘણી જૂની અને પ્રબળ ઇચ્છાને પાર પાડી છે તેથી મારે તેનો આભાર માનવો ઘટે. એ પ્રબળ ઇચ્છા તે હિન્દુસ્તાનની મુલાકાત. અને વિશેષમાં આજની યુરોપની ભયંકર અંધારમય ભયગ્રસ્ત સ્થિતિ વેળાએ હું અહીં આવી શકી તેથી મને વધુ સંતોષ છે.

હિન્દ મને એક જુદો જ પ્રદેશ લાગે છે. અહીંના સૂર્યપ્રકાશિત શાંતિમય આનંદે મારા દુઃખિત હૃદયને એક જાતની શાંતિ અર્પી છે.

× × ×

હિન્દના આત્માનો પ્રકાશ હું જ્યાં ગઇ છું ત્યાં મેં જોયો છે. જ્યાં જ્યાં મને હિન્દીઓ મળ્યા છે ત્યાં ત્યાં મેં તેઓની આંખોમાં તેમનો તેમના દેશ-પ્રત્યેનો પ્રેમ જોયો છે. અને અહીં બાળકેળવણી બાબતમાં નવીન દિશા ઊઘડતી આજે જોઇ રહી છું. આ મહાન દેશ માટે એક નવો દિવસ ઊઘડતો હું જોઇ રહી.

તમારું બળ અને ભવિષ્ય તમે બાળકને જેટલું મહત્ત્વ આપશો તેટલું વધતું જશે–ઉત્તમ થતું જશે.

માનવજાત બે જીવંત તત્ત્વોની બનેલી છે. જેમાંનું એક તત્ત્વ તે વડિલ –adult– જે બાહ્ય સંસ્કૃતીનો પોષક અને વૃદ્ધિકર્તા છે, અનેબીજું તત્ત્વ બાળક છે –જે તે જાતિની બધી સમૃદ્ધિનો ઉત્સાહી સંગ્રાહક છે. તેની ભાષા, સંસ્કૃતિ (માનસિક), નૈતિક અને શારીરિક સ્વાસ્થ્યનો સંરક્ષક છે. અત્યાર સુધી સમાજે તેમનાં એક જ તત્ત્વને પ્રાધાન્ય આપેલું છે. તે તત્ત્વ તે વડિલ – મોટેરાંનું. જે મોટેરાંની સાથે જ અનેક પ્રયત્નો અને વિગ્રહો સાથે જોડાયેલું છે. અને તેથી જ હજુ સુધી વિગ્રહોનું તત્ત્વ દુનિયા ઉપર વિજય મેળવતું આવે છે. અને પરિણામે આપણે લડાઇઓ જોઇએ છીએ.

બાળકનો આધ્યાત્મિક ખજાનો હજુ આપણાથી અજાણ્યો પડયો છે. મનુષ્યજાતે બાળકનો કીમતી ફાળો ગુમાવ્યો છે. હવે આ ખજાનો આપણી જાણમાં આવતો જાય છે. આવતી કાલે કદાચ આપણે એ ખજાનો ગુમાવતાં અટકીએ અને પછી દુનિયામાં એક નવી સંસ્કૃતિનો ઉદય થાય. એક એવી સંસ્કૃતિ કે જે પ્રેમ અને શાંતિ-વાળી હોય. એક એવી સંસ્કૃતિ કે જેનાં બીજ ભગવાને દરેક મનુષ્યમાં મૂકેલાં છે અને જે ભગવાનના નિયમોને આધારે ચાલે છે.

આજની કેળવણીમાં, વિગ્રહના અને દબાણના વાતાવરણમાંથી ઉદ્‌ભવેલ બાળકમાંથી તે બધા નિયમો ચાલ્યા ગયા છે અને તેને બદલે બળજબરી, નિર્દયતાના લક્ષણો કે જે હિંસક પ્રાણીઓમાં છે તે મનુષ્ય સમાજમાં દેખાય છે.

આપણે સમાજમાં – પૃથ્વી ઉપર – શાંતિનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો બાળકને પગલે ચાલવું પડશે. બાળકમાં અંતર્ગત રીતે જ તેના શરીર અને માનસવિકાસના નિયમો કામ કરે છે. તેથી એવી શિક્ષણપ્રણાલી અપનાવવી જોઇએ કે જે બાળકની અંદર રહેલા સ્વાભાવિક નિયમોને માન આપે અને તેની દ્વારા જ તેને ભૌતિક અને આધિ-ભૌતિક વિકાસમાં લઈ જાય.

તમારાં બાળકોને–ભલે તેઓ ગરીબ કે ધનવાન હોય–તમારા દેશની મહાન, આધ્યાત્મિક શક્તિનું પુનર્જીવન આપવાની શક્યતાઓ આપો. અને તેમના દ્વારા જ તમારા તરફ મીટ માંડી રહેલ દુનિયા સમક્ષ તમારે તમારો જે મહાન ફાળો ધરવાનો છે તે ધરો. ચં.

બાળકોની હઠ

હઠનો આભાસ : પ્રકાર ત્રીજો

"મોટા માણસને નાનાં બાળકોની દૃષ્ટિથી વિચાર કરવાની ટેવ બનતાંસુધી નથી હોતી. અને એથી એમની અડચણો લક્ષમાં આવવી શકય નથી. જે કડક શિસ્ત રાખનાર હોય છે તેઓની બાળકો પાસે એક જ અપેક્ષા હોય છે: અને એ વડીલોનો હુકમ મોઢામાંથી નીકળ્યો કે બાળકોએ તે ઉઠાવવો જ જોઇએ તે છે. બાળકો તેમ ન કરે તો તેઓ હઠીલાં છે કે તેઓ કાંઇ સાંભળતાં જ નથી એમ તેઓ સમજે છે. અને પરિણામે વધુ કડક રીતે એમની સાથે વર્તે છે ને નાની વાત મોટું સ્વરૂપ પકડે છે.

જેઓની શિસ્ત ઓછી કડક હોય છે ત્યાં પણ મોટાંઓ અને બાળકો ઓછાં દુઃખી થાય છે એવું નથી. પોતાની નિર્બળતાને કારણે જ વડિલો કેટલીકવાર પોતપોતાનાં બાળકોને દબડાવતા હોય છે અને પ્રત્યેક વેળાએ આ બાળક હઠીલાં છે એટલે મારવા પડે છે એમ કહી પોતાના વર્તનનું સમર્થન કરે છે.

પરંતુ બન્ને પ્રકારના લોકોને કદી એવો વિચાર આવતો નથી કે બાળકો હજુ નાનાં છે એટલે આપણે શું બોલ્યાં તે કદાચ તેઓ સમજ્યાં જ નહિ હોય અને તેથી જ તેઓ કહેતાં હશે કે 'હું નથી જતો' અથવા 'હું નથી કરતો.' આપણા હુકમો બધીવાર બાળકોની ભાષામાં નથી હોતા. "જા રે, તે સોફાની પાછલી શેલ્ફ (અભરાઇ) ઉપરથી પાનદાની લઇ આવ તો જલદીથી." બિચારા બાળકને સોફા, શેલ્ફ કે પાનદાનની ખબર નથી હોતી. કદાચ 'પાછલી' શબ્દનો અર્થ પણ ન સમજ્યો હોય. અને એટલે જ "હું નથી લાવતો જા." એમ કહી દે છે. મા કહેશે "તે પેંડા ઘાટના ડબામાંથી ચપટી ભરીને લોટ આપ તો" યમુને પેંડા ક્યાંય દેખાય નહિ. પેંડાઘાટ શું ને ચપટી શું એ યમુને કાંઇ સમજાય જ નહિ. તે કહેશે 'હું નથી કરતી' એમ કહીને નાસી જાય છે. મા મનમાં ચડભડે છે, 'શું હઠીલી છોકરી છે! જે કહીએ તેની ના કહે છે.' આનો અર્થ શું?

કેટલીકવાર આપણા વાકયો ખૂબ લાંબલચક અને સંયુકત હોય છે એટલે તેમને તે જલદી સમજાતાં નથી. કેટલીક વાર એક જ વખતે ચાર-પાંચ ક્રિયાઓ એકીસાથે કહી દેવાથી તેમના ધ્યાનમાં રહેતી નથી. દાખલા તરીકે 'જા તો ભાઇ, તે અભરાઇમાંથી ચપટો ડબો લઇ રસોડામાં જા, અને ત્યાંથી બાઇની પાસેથી એમાં લવીંગ એલાયચી ભરીને લાવ અને મામી પાસેથી થોડીક સોપારી પણ લાવજે. જલદી આવજે હોં." આવડો લાંબોલચક હુકમ અને તે પણ જલદી—કેમ કરીને પાર પડે? ભાઇને "ના" કહીને થોડામાં પતાવવાની ઇચ્છા થઇ આવે છે. વડિલોને માત્ર તેનું "નથી કરતો" એવું કહેવું અસહ્ય થાય છે. તેઓને મોટાપણનું અભિમાન–Prestige–એ એક જ દૃષ્ટિબિન્દુ હોય છે. જરા શાંત રહીને વિચારતાં સમજાત કે આપણે ઝપટથી બોલી કાઢેલ એક વાકયમાં ભાઇને કેટલીય વાતો કહી નાખી તે ન સમજી, ગભરાઇને જ તેણે 'ના' કહી દીધી હતી જે યોગ્ય જ કર્યું હતું. શરૂઆતમાં અભરાઇ એટલે શું એ શોધવાનું; પછી એમાંથી ચપટો ડબો લેવાનો. તેમાં પણ ચપટો એટલે કેવો, ઊભો કેવો વગેરે તેને કોઇએ દેખાડયું નથી હોતું. એ સાંભળી સાંભળીને, વારંવાર જોઇ જોઇને જાણ્યું હોય તો

તો ઠીક; નહિતર એ પણ મુશીબત. પછી તેં લઇને રસોડામાં જવું, બાઇ પાસેથી લવીંગ એલાયચી લાવવાનાં–અને એ પણ રસોઇની ધમાલમાંથી બાઇએ જલદી આપવાં જોઇએ. લવીંગ એલાયચી એ શબ્દ ધ્યાનમાં રાખવાના. પછી બા પાસેથી સોપારી લાવવાની. બા કદાચ બાબીને દૂધ પીવરાવતી હોય કે બીજા કામમાં હોય તેમાંથી તેને સોપારી દેવા માટે ઊભી કરવી અને તે પણ વધુ જલદી કરી મુરબ્બી પાસે હાજર થઇ જવું! આમાંનું થોડું એને ન સમજાયું થોડું શકય ન લાગ્યું ને થોડું ત્રાસજનક લાગ્યું. કારણ એમાં કોણ પોતાને હાક મારશે કે કોણ દબડાવશે એના સંકટ અને કડાકૂટમાં પડવા કરતાં થોડામાં "નહિ" કહીને બધા જ પ્રસંગો એ ટાળી દે તો એમાં એની શી ભૂલ? એનો આ પહેલાંનો કદાચ એવો અનુભવ પણ હોય કે હોંશે કરીને પોતે કામ કરવા જતાં બેપાંચ વડિલો વચ્ચે એની ફજેતી થઇને એનો ઉત્સાહ ઓસરી ગયો હોય. એકને બદલે બીજી વસ્તુ લઇ આવતાં 'અરે મુરખા, આ નહિ; આટલું ય નથી સમજતો–સાવ બોધો છે." એવું સાંભાળવું પડયું હોય. અથવા તો જલદી ન થવા બદલ મુરબ્બીએ ગુસ્સો કર્યો હોય કે લેતાં હાથમાંથી કાંઇ પડતાં એકાદ થપાટ ખાવી પડી કે કાંઇક સાભળવું પડયું હોય. એટલે એ બધું ટાળવા માટે ડહાપણથી 'નહિ' કહી-જ પતાવ્યું હોય તો એમાં કાંઇ નવાઇ હતી?

કેટલીકવાર આપણો હુકમ જ અસ્પષ્ટ હોય છે. ત્યાંથી કાંઇક લે અને એમાં કોઇપણ પાંચદસ ફૂલો લઇ આવ, જા." "કયાંથી લાવું?" 'લાવને ગમે ત્યાંથી". આમાં એ બાળકે શું સમજવું? કાંઇપણ લેવું, શેનાંપણ ફૂલ લેવાં, અને કયાંયથી પણ લાવવાં. અને પાંચ દસ એટલે મુઠીભર કે બે મૂઠા ભરીને, ખોળો ભરીને કે પચાસ સો–કોણ જાણે! કારણ દસને પાંચ પંદર લઇ જાય તો બા કહેશે, 'અરે તું તો કેવો છે? પાંચદસ કહ્યાં એટલે શું એટલાં જ લાવવાનાં? વધુ આટલા લાવવાં જોઇતાં હતાં." આ રીતે બધું જ અનિશ્ચિત–બધું જ અસ્પષ્ટ અને એ પણ બહુધા 'જલદી' - 'એકદમ પાંચ મિનિટમાં' થવું જોઇએ. શરૂમાં બાળક હોંશે હોંશે કરતું હોય છે. પણ પાંચ દસ વખતના અનુભવે થએલી મૂંઝવણ ને સહન કરવા પડતા ગુસ્સાને પરિણામે શીખે છે " હું નથી કરતો " એમ કહેવામાં વધુ ડહાપણ છે. બધો ત્રાસ મટે છે ને અપમાન, મસ્કરી વગેરેથી બચી જવાય છે. માને માત્ર એમ થાય છે કે બાળક દિવસે દિવસે હઠીલું થતું જાય છે.

કેટલીકવાર આપણું બોલવું સ્પષ્ટ નથી હોતુ. જલદી જલદી અને અર્ધા ઉચ્ચારથી બોલવાની આપણને આદત હોય છે. કયારેક આપણે ખૂબ જ હળવેથી બોલીએ છીએ એટલે એ સમજતાં જ નથી અને સીધાં ' હું નથી કરતો ' એ સરળ રસ્તો પકડે છે. અને વડિલોને પિત્તો ઊકળે છે.

એકવાર બાળકની વૃત્તિ 'હું નથી કરતો' એ બની એટલે વડિલોની વૃત્તિ 'નહિ એટલે શું? કરવું જ જોઇએ. કરાવવું જ જોઇએ' એવી થાય છે. એટલે બન્ને બાજુથી લડાયક વાતાવરણ થાય છે અને બન્નેની શકિતનો હ્રાસ થાય છે. એને લીધે જખમ પણ થાય છે. પ્રત્યક્ષ દેખાય નહિ પણ લોહી પણ વહેવા લાગે છે એમ પણ કહેવામાં કાંઇ હરકત નથી. બહારથી જોનારને જે ખરાબ લાગે તે બન્ને પક્ષની અસમાનતા,–એક શકિતથી નાનાં, અનુભવથી નાનાં, વિકાસમાં કુમળાં, જેમની સાથે સ્વમાન માટે લડવાનું, તેમનાં જ ઉપર દરેક નાનીમોટી બાબતોમાં અવલંબવાનું–બીજો પક્ષ એટલે પાંચ સાડા પાંચ ફૂટની ઊંચાઇવાળો, શકિતવાન, અક્કલવાન, અનુભવી,

અભ્યાસપત્રો

પત્રો ચોથો

બાળકોને આપણે ચાહીએ છીએ ખરાં છતાં આપણી તેમને ચાહવાની રીત ઘણી વિચિત્ર છે. ઘડીકમાં બાળકને આપણે ધમકાવીએ છીએ ઘડીકમાં આપણે તેને પ્રેમ કરીએ છીએ. આ આપણી વિચિત્રતા છે. આના જેવી એક બીજી વિચિત્રતા આપણે બાળકો વચ્ચે જે ભેદભાવ માનીએ છીએ અને રાખીએ છીએ તે છે.

બહુ દુઃખની વાત છે કે હજીપણ આપણે દીકરો અને દીકરી વચ્ચે ભેદ રાખીએ છીએ. દીકરો આવે છે ત્યારે રાજી થઇએ છીએ અને દીકરીના જન્મને દીકરાના જન્મ જેટલો સુખ દેનારો ગણતા નથી. દીકરો કે દીકરી ગમે તે જાતિ હોય પણ તે આપણું બાળક છે એ આપણે કેમ ભૂલી જઇએ છીએ? ન્યાય એ છે કે આપણે સ્વાર્થી છીએ એટલું જ નહિ, પણ પોતાનાં બાળકો પરત્વે પણ આપણે સ્વાર્થી છીએ. દીકરો મોટો થઇ પાળશે, વંશ રાખશે અને દીકરી સાસરે જઇ પારકી થશે એવો સ્વાર્થી ખ્યાલ આપણામાંથી જતો નથી અને ત્યાંથી ભેદભાવની શરુઆત થાય છે. જરા વિચાર કરશું તો આપણને થશે કે પોતાના બાળકોમાં આવો ભેદભાવ રાખનાર માણસ કેટલો બધો માણસાઇથી અને આત્મતત્ત્વથી આઘો છે. અણસમજુ માણસો દીકરાદીકરીને કારણે તેમને ખવરાવવામાં, પીવરાવવામાં, ભણાવવામાં ગણાવવામાં–તમામ પ્રકારની છૂટછાટમાં જુદારો બતાવ્યા કરે છે. કહેવાતા ભણેલા ઘરોમાં–ધનવાન ઘરોમાં કે પ્રતિષ્ઠિત ઘરોમાં–પણ આ તફાવત છે. સુખ દીકરો આપશે જ એમ કોણે કહ્યું? સ્વર્ગે દીકરો જ લઇ જશે એવું સ્વર્ગે ગયેલા કોણે લખી મોકલ્યું? દીકરી પારકે ઘેર જઈ પારકાનું ઘર સારું કરે છે એ જ રીતે આપણે ત્યાં દીકરીની મા પારકી થવા આવી ન હત તો આપણે ત્યાં બાળકો જ ક્યાંથી હોત? પણ આપણે અને બાસ કરીને મા તો દીકરીને દીકરાથી બહુ ભયંકર રીતે જોખી ગણે છે. દીકરાને હથેળીમાં રાખે છે અને દીકરીને ઠેબે મારે છે. વારંવાર મેણાંટોણાં મારી તેની પાસેથી કામ કરાવે છે. દીકરી જરા મોટી થાય તો તેની પાસેથી કામની આશા રાખે છે. દીકરાનું ભાણું પહેલું સાચવે છે. માંદાસાજે પણ દીકરી તો પથરો ગણાય છે. પ્રભુની નજરમાં આ એક ભયંકર ગુનો ગણાય. સમજુ માણસો આવી ઝેરી ભૂલ ન જ કરે. દીકરો કે દીકરી ભગવાને દીધેલાં છે અને બે આંખ સરખી છે તેમ તે

જગતનાં ટપલાં ખાઇને મજબૂત મોટા અવાજવાળો, અને ફાવે તેમ કરવાનો હકક ધરાવનાર પૂર્ણ સત્તાવાન. આવી વિષમ લડાઇમાં તે બારીક જીવ આટલો ટકી રહે છે એનું કૌતુક કરવું કે તેની કરુણ સ્થિતિ જોઇ જોઇ તેની સાથે આંસુ સારવાં એ જ સમજાતું નથી. આ બાબતમાં તેમની મદદે જવાનું મન થવા છતાં એ શકય નથી. કારણ સર્વસત્તાધીશ કહેવાનોઃ "તમે કોણ વચ્ચે પડનાર?" એકંદરે નાની એવી દુર્લક્ષ થએલી વાતના ઘણોવાર કરુણ પ્રસંગો બને છે. એટલે 'આ બાળકની હઠ છે' એ નક્કી કરતાં પહેલાં તે હઠ નહિ પણ હઠનો આભાસ તો નહિ હોય તે તપાસવાનું જરૂર છે. અને તેનો પહેલો અથવા તો બીજો પ્રકાર નથી એ જોયા પછી ત્રીજો પણ નથી એ પણ જોઇ લેવું. આપણે બોલેલું તેને સમજાયું હશે ને એનો વિચાર કરવો.

તારાબેન

અમારી વાવણી

અમારા શિશુવિહારમાં વાવણી કરી.

અમારાં બાળકોએ કાંઇ કાંઇ વાવવાનો વિચાર કર્યો એટલે મેં એમને એ સૂચવ્યું. તેમને તે ગમ્યો. પણ વાવવા માટે દાણા ક્યાંથી લાવવા !

મેં કહ્યું: "ચાલો આપણે દાણાવાળા પાસેથી જ વેચાતા દાણાં લઇ આવીએ."

વેચાતા લાવવા પૈસા જોઇ ને ?

એકએકને એક એક પૈસો આપ્યો. પ્રત્યેકે શું લાવવું એ યાદીમાંથી નક્કી કર્યું. નક્કી કરેલ અનાજની બાળકોના નામ પાસે યાદી કરી. પોતપોતાના નામ આગળ પોતે પસંદ કરેલ અનાજનું નામ આવ્યું એટલે કેટલાકને સંતોષ થયો ને કેટલાકને પોતાના નામ આગળ જ એ ધાન્યનું નામ આવ્યું એટલે એ પસંદ પડ્યું.

જોડી જોડી કરી ટોળી દાણા ખરીદવા નીકળી.

યાદીમાંનું નામ વાંચવાનું ને આગળ જઇ કહેવાનું: "અરે ભાઇ, મને પૈસાના ઘઉ આપજો."

પછી બીજો કહે: "મારે પૈસાના ચણા જોઇએ છે."

આ રીતે બાર પંદર પ્રકારના ધાન્યની ખરીદી થઇ.

પોતપોતાનું પડીકું પોતપોતાના હાથમાં રાખી અમે થોડી થોડી

સરખાં છે એમ કહેનાર અને તે પ્રમાણે વર્તનારાં માબાપો સાચાં માબાપો છે. તેમને ધન્યવાદ છે. તેમને નમસ્કાર કરવા યોગ્ય છે. જે આપણું છે, જે આપણને કુદરતે ઉદારતાથી આપેલ તે બધું આપણે સમદૃષ્ટિથી જોવાનું છે. તેમાં ભેદભાવ કરનાર માણસ બાળકોનો દ્રોહી છે. તે બાળકોનો મિત્ર નહી પણ અમિત્ર છે.

સમાજ આખામાં સ્ત્રીઓનું સ્થાન હલકું છે એનું કારણ બાળકોમાં આવો ભેદ રાખવામાં આવે છે તે છે. બધાં બાળકો સરખાં છે એવું જ્યાં મનાય છે અને આચરાય છે ત્યાં સ્ત્રીપુરુષોમાં ઊંચનીચ નથી. ત્યાં માણસો તરીકે બન્ને સરખાં છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે ઊંચનીચનો ભેદ કરવાથી સ્ત્રીઓને સમાજમાં અને રાજ્યમાં પદવી નથી મળી અને મળતી. ધર્મમાં સ્ત્રીને નીચી કોટીની ગણી છે, કાયદા અને હકોમાં તેને પાછળ રાખી છે ને નીચે ગણી છે. પણ આ બધાંનું મૂળ બાળકો વચ્ચેની અસમાનતા છે. ભાઇ એટલે બધું અને બેન એટલે ઠીક એનાં ખરાબ પરિણામો આપણે માતાની આજની સ્થિતિમાં જોઇએ છીએ.

સાચાં માબાપોનાં ઘરમાં બાળકોને એમ લાગવું ન જોઇએ કે છોકરા અને છોકરીના કારણે તેમને વધારેઓછું માનપાન, કે લાડકોડ છે. અગર તો વધારેઓછું સુખસગવડ છે. માબાપો બાળકોમાં ભેદ રાખીને તેમને ભારે અન્યાય કરે છે. અને પોતે દુષ્ટતાનો ગાંસડો બાંધે છે. દીકરીની સ્થિતિ નીચી રાખી તેના ઉપર કુમારિકા, કન્યા અને બહેન વગેરેના મહીનાઓ ગાવા અને ઊજવવા એ એક જાતનો ઢોંગ છે અને જે કંઇ ભેદ રાખવામાં ખોટું કર્યું છે તેનું પ્રાયશ્ચિત કરવાનો પ્રકાર છે. માબાપોએ અને નિશાળમાં બહેનબાજીઓ એ બે જાતિના બાળકો વચ્ચે તેમના પ્રત્યે જોવાની દૃષ્ટિમાં તફાવત કરવો જ નહિ. પણ ઘરની બંદી જતાં શાળામાં તે ઉભી રહેશે નહિ. માટે પ્રથમ આપણે ઘરને સમાનતાના વાતાવરણવાળું કરીએ.

સ્વ. ગિજુભાઇ

અભિમાનપૂર્વક અને આનંદથી આ બાલમંડળી નીકળી.

નીકળતાં નીકળતા દાણાવાળાની દુકાનમાં જઇને જોવાની રજા માગી ને જોઇ પણ આવ્યાં. ગોળનાં દડબાં, તેલનાં ટીપ, ઘીના ડબ્બા, દાણાની ગુણોની ગુણો વગેરે અનેક વસ્તુઓ એમને ખૂબ મજાની લાગી. દાણામાં ઘુસનારો ઉંદર પણ જોયો. મકોડા પણ જોયા અને દાણાવાળાએ પ્રેમથી આપેલી સાકર પણ થોડી થોડી મોંમાં મૂકીને શિશુવિહારમાં પાછાં આવ્યાં.

બીજે દિવસ સવારે વાવણી કરવાની હતી. બાળકોને રાત કયારે પરી થાય ને સવાર પડે એમ થતું હતું.

સવારે બાળખેડૂતોની પંગત વાવણી કરવા બેઠી. પાસે પોતપોતાનું પડીકું ને એક એક માટીનો ક્યારો. એમાં દાણા નાખ્યા. ઉપર માટી વાળી લીધી ને પાણી પાયું. હવે કયારે ઊગે છે તે તે જોવાં બેઠાં ! ઊગતાં ત્રણ દિવસ લાગશે એમ સાંભળી ઘણી નિરાશા થઇ પણ વાટ જોયા સિવાય બીજો રસ્તો જ ન હતો.

બીજે દિવસે ક્યારાઓ પાણીથી ભરેલા જણાયા. રાત્રે વરસાદ વરસ્યો હતો ને ઉપરથી બાળકોએ પણ છૂટે હાથ પાણી પાયું હતું–પછી બધાંએ મળી વધારે પાણી હતું તે કાઢી નાખ્યું. બપોરે તડકો નીકળ્યો એટલે ઠીક થયું. પછીથી કયારે કેટલું પાણી પાવું તે નક્કો કર્યું. તે પ્રમાણે હમેશ સાંજે થોડું થોડું પાણી અને બપોરે તડકો એવો ક્રમ ચાલ્યો. એનાથી દાણા ઊગ્યા. જમીનમાંથી ફણગા બહાર આવ્યા. ધીરે ધીરે પાન આવ્યાં. કયાંક કયાંક દાણાને કીડીઓ એને જીવાત આઇ ગઇ તેને ફરી વાવ્યા અને ફરીથી તેનું રક્ષણ થાય તેવી વ્યવસ્થા કરી. કયાંક દાણા ઊગ્યા જ નહિ. કેટલાકને વધુ દિવસ થયા. મગ–મઠના કયારા ત્રણ દિવસે ઊગ્યા. ને ડાંગર–ઘઉં પાંચ દિવસે ઊગ્યા. આ રીતે પોતાના કયારા સંબધી બીજાને કહ્યું ને બીજાનું પોતે જાણ્યું એવી ઘણી વાતો બની. હમેશ કયારા પાસે બેસી ઘણાય ગપ્પા ચાલ્યા. કોઇએ એકાદ દાણો અથવા તો રોપ કાઢી નાખીને જોયું તો કોઇક ફૂટેલો દાણો બાઇ પણ જોયો. શંકા આવે ત્યાં શિક્ષકને પૂછ્યાં. હમેશની વાતો એમને કહેતાં.

ખરેખર ! એક કોરાં બારીક દાણામાંથી મોટાં મોટાં ઊંચા છોડ ઉત્પન્ન થયાં એટલે બાળકોની દૃષ્ટિએ એક મહાન અદ્‌ભુત દૃશ્ય જ બને છે. અને તે પણ પોતાને જ હાથે, પોતાની મહેનતથી જ્યારે એ શક્ય થયું ત્યારે તો ખાસ જ. થોડા જ દિવસમાં બાળકોને પોતાના કયારાઓ માટે વાત્સલ્યભાવ પ્રગટ થવા લાગ્યો. હવે આગળ ઉપર અમે રીતસર ખોદીને ખેતર જેવું બનાવીશું એમ એમણે કહ્યું.

આઠ દસ દિવસ પછી શાળાનું નાનું પ્રદર્શન હતું. તેમાં શિક્ષક ભાઇબહેનોએ બધાં અનાજની જ રાંગોળી કરી. બાળકો જેમ પોતાના જૂના મિત્રોને ઓળખે તેમ તેઓએ બાજરી, ચણા, મગ, ઘઉં તુવેરદાળ વગેરેને ઓળખ્યાં. તેના સુંદર રંગમાંથી ગાલીચા જેવું બને છે તે પણ એમણે જોયું. 'ડાંગરના ભાત અમે ખાધા.' 'ઘઉંની રોટલી કરાય છે.' 'બાજરીની ભાખરી બા નથી કરતી ?' 'વટાણાનું શાક અમને ભાવે છે' વગેરે બોલતા આનંદથી બાળકો અહીંતહીં ફરતાં હતાં.

આવી આ અમારી વાવણી અને આ બાળકોનો અદ્‌ભુત આનંદ.

તારાબેન

આવાં બે સ્વરૂપ કેમ?

શિશુવિહારમાં આવનારાં માબાપોને પ્રથમ થાય છે કે બાળક ઘેર હઠીલું, રડકણું, ચીડિયું, ન સાંભળનારું, તોફાની, માત્ર ઉપદ્રવ કરનારું, હોય છે ને તે શિશુવિહારમાં સીધું, શાણું, ઉદ્યોગી, કહેલું સાંભળનારુ હોય છે. એક જ વ્યકિતનાં આવાં બે સ્વરૂપ કેમ ?

પહેલું કારણ જે સૌને જાણીતું છે તે એ કે આ ઘર જેવી પણ શાળા છે ને પેલું તમારું ઘર છે. ત્યાં ઘરનાં અને નજીકનાં નાતીલા માણસો હોય છે. અહીં જુદાજુદા ઘરોમાંથી આવેલાં અનેક બાળકો હોય છે. સાથીદાર બાળકો હોય છે. એટલે કે ઘેર બાળક પોતાના કુટુંબમાં હોય છે ને અહીં બાળક પોતાના નાના સમાજમાં હોય છે.

પણ ઘેર કૌટુંબિક અને અહીં સામાજિક વાતાવરણ એટલા જ કારણ માત્રથી બધો ફરક નથી પડતો. તેનાં બીજાં પણ મહત્ત્વનાં કારણો હોય છે.

આ રહ્યાં તે કારણોઃ

૧. શિશુવિહારમાં તેમનાં મનને પોષક વાતાવરણ હોય છે.

૨. પ્રવૃત્તિ હોય છે.

૩. રમત ન હોય તો કામ હોય છે અને કામ ન હોય તો રમત મળે છે.

૪. પોતાની સ્ફૂર્તિને અનુસરીને, પોતાની પસંદગીના કામમાં જોઇએ તેટલા વખત સુધી મનની મુરાદ પૂરી થાય ત્યાં સુધી રંગાઇ જવાની છૂટ હોય છે.

૫. બાળકોની સગવડના વિચારને પ્રથમ સ્થાન આપવામાં આવે છે.

૬. બાળકના વ્યકિતત્વને માન આપનારું બધાંનું વર્તન હોય છે.

૭. બાળકોનાં કામમાં ને પ્રવૃત્તિમાં પણ માનઃ અને મહત્ત્વ દેવાનું વાતાવરણ હોય છે.

૮. શકિતનો અપવ્યય થઇને થાક લાગે એવું જણાય તો તે અટકાવી તેને ઉપયોગી બીજી પ્રવૃત્તિ તરફ પાળવામાં આવે છે. એનાથી બાળકને વિકાસપોષક કામ કરવાનો સંતોષ અને આનંદ પ્રાપ્ત થાય છે, જેનાથી પ્રસન્નતા આવે છે.

૯. બીજા કોઇને અથવા તો પોતાને જ ખરેખર હાનિકારક હોય એવા કામની જ તેમને મનાઇ કરવામાં આવે છે. એકસરખું કોઇ ‘ આ ન કર, આ કર’ એવું કોઇ કહેતું નથી.

૧૦. કોઇ દમ મારી બીવરાતું નથી. મારીને અપમાન કરતું નથી. અને શરમિંદુ કરતું નથી. બળજબરીથી કાંઇ કરાવી બંડખોરવૃત્તિ જાગૃત કરતું નથી.

૧૧. કોઇ ભાઇબાપા કરી વિનવતું નથી. ‘આવાનું આંપીશ’ ‘સિનેમા દેખાડોશ’ વગેરે લાલચ દેખાડી કામ કાઢી લેતું નથી.

૧૨. બારીબારણાપર ચડવું, ધિંગામસ્તી કરવી, આળોટવું, રાડો પાડવી વગેરે બાબતો ખરાબ છે એમ કોઇ કહેતું નથી. માત્ર તેની જગ્યા અને સમય કહેવામાં આવે છે.

૧૩. અતિ મેહનતથી થાકીને ચિડાઇ રડવું, હઠ કરવી વગેરે બનવાનો વખત જ આવતો નથી. કારણ થાકયા કે બંધ કરવાની છૂટ હોય છે. વચ્ચે થોડું આળોટી લેવાની પણ છૂટ હોય છે અને બહુ થાય તો અટકીને સ્વસ્થ રહેવું, શાંત રહેવું, વિશ્રાંતિ લેવી વગેરે શીખવવામાં આવે છે.

આવા એક નહિ ને અનેક કારણોથી બાળકો અહીં પ્રસન્ન અને સંતુષ્ટ રહે છે. ઘેર તે નથી હોતું. અને એથી જ એક જ વ્યકિતનાં બે જુદાં જુદાં રૂપો દેખાય છે.

તારાબેન મોડક

અભિમાનપૂર્વક અને આનંદથી આ બાલમંડળી નીકળી.

નીકળતા નીકળતાં દાણાવાળાની દુકાનમાં જઇને જોવાની રજા માગી ને જોઇ પણ આવ્યાં. ગોળનાં દડબાં, તેલનાં ટીપ, ઘીના ડબ્બા, દાણાની ગુણોની ગુણો વગેરે અનેક વસ્તુઓ એમને ખૂબ મજાની લાગી. દાણામાં ઘુસનારો ઊંદર પણ જોયો. મકોડા પણ જોયા અને દાણાવાળાએ પ્રેમથી આપેલી સાકર પણ થોડી થોડી મોંમાં મૂકીને શિશુવિહારમાં પાછાં આવ્યાં.

બીજે દિવસ સવારે વાવણી કરવાની હતી. બાળકોને રાત કયારે પરી થાય ને સવાર પડે એમ થતું હતું.

સવારે બાળખેડૂતોની પંગત વાવણી કરવા બેઠી. પાસે પોતપોતાનું પડીકું ને એક એક માટીનો કયારો. એમાં દાણા નાખ્યા. ઉપર માટી વાળી લીધી ને પાણી પાયું. હવે કયારે ઊગે છે તે તે જોવાં બેઠાં ! ઊગતાં ત્રણ દિવસ લાગશે એમ સાંભળી ઘણી નિરાશા થઇ પણ વાટ જોયા સિવાય બીજો રસ્તો જ ન હતો.

બીજે દિવસે કયારાઓ પાણીથી ભરેલા જણાયા. રાત્રે વરસાદ વરસ્યો હતો ને ઉપરથી બાળકોએ પણ છૂટે હાથ પાણી પાયું હતું–પછી બધાંએ મળી વધારે પાણી હતું તે કાઢી નાખ્યું. બપોરે તડકો નીકળ્યો એટલે ઠીક થયું. પછીથી કયારે કેટલું પાણી પાવું તે નક્કો કર્યું. તે પ્રમાણે હમેશ સાંજે થોડું થોડું પાણી અને બપોરે તડકો એવો ક્રમ ચાલ્યો. એનાથી દાણા ઊગ્યા. જમીનમાંથી ફણગા બહાર આવ્યા. ધીરે ધીરે પાન આવ્યાં. કયાંક કયાંક દાણાને કીડીઓ એને જીવાંત ખાઇ ગઇ તેને ફરી વાવ્યા અને ફરીથી તેનું રક્ષણ થાય તેવી વ્યવસ્થા કરી. કયાંક દાણા ઊગ્યા જ નહિ. કેટલાકને વધુ દિવસ થયા. મગ–મઠના કયારા ત્રણ દિવસે ઊગ્યા. ને ડાંગર–ઘઉં પાંચ દિવસે ઊગ્યા. આ રીતે પોતાના કયારા સંબધી બીજાને કહ્યું ને બીજાનું પોતે જાણ્યું એવી ઘણી વાતો બની. હમેશ કયારા પાસે બેસી ઘણાય ગપ્પા ચાલ્યા. કોઇએ એકાદ દાણો અથવા તો રોપ કાઢી નાખીને જોયું તો કોઇક ફૂટેલો દાણો ખાઇ પણ જોયો. શંકા આવે ત્યાં શિક્ષકને પૂછતાં. હમેશની વાતો એમને કહેતાં.

ખરેખર ! એક કોરા બારીક દાણામાંથી મોટાં મોટાં ઊંચા છોડ ઉત્પન્ન થયાં એટલે બાળકોની દૃષ્ટિએ એક મહાન અદ્‌ભુત દૃશ્ય જ બને છે. અને તે પણ પોતાને જ હાથે, પોતાની મહેનતથી જ્યારે એ શકય થયું ત્યારે તો ખાસ જ. થોડા જ દિવસમાં બાળકોને પોતાના કયારાઓ માટે વાત્સલ્યભાવ પ્રગટ થવા લાગ્યો. હવે આગળ ઉપર અમે રીતસર ખોદીને ખેતર જેવું બનાવીશું એમ એમણે કહ્યું.

આઠ દસ દિવસ પછી શાળાનું નાનું પ્રદર્શન હતું. તેમાં શિક્ષક ભાઇબહેનોએ બધાં અનાજની જ રાંગોળી કરી. બાળકો જેમ પોતાના જૂના મિત્રોને ઓળખે તેમ તેઓએ બાજરી, ચણા, મગ, ઘઉં તુવેરદાળ વગેરેને ઓળખ્યાં. તેના સુંદર રંગમાંથી ગાલીચા જેવું બને છે તે પણ એમણે જોયું. 'ડાંગરના ભાત અમે ખાધા.' 'ઘઉંની રોટલી કરાય છે.' 'બાજરીની ભાખરી બા નથી કરતી ?' 'વટાણાનું શાક અમને ભાવે છે' વગેરે બોલતા આનંદથી બાળકો અહીંતહીં ફરતાં હતાં.

આવી આ અંબારી વાવણી અને આ બાળકોનો અદ્‌ભુત આનંદ.

તારામેન

સ્વ. શ્રી. ગિજુભાઇના પત્રો

પત્રો ત્રીજો

બેન શ્રી તારાબેન,

આ ત્રીજો સવાલ અઘરો નથી પણ તેનો ઉત્તર આપવાનું કઠિન છે. જે બાળક વિશે આપ પૂછો છો તેને નજરે જોયા વિના તે વિશે સૂચના લખવી તે બરાબર નથી. એટલે હું એ બાબતમાં તમોને દોરવણીરૂપે વધારે લખીશ અને તમે મારા લખાણમાંથી અનુકૂળ હોય તે તારવી લેશો.

આવાં બાળકો વિશે વિચાર કરવાનું પ્રાપ્ત થાય ત્યારે પ્રથમ વિચાર તેમનાં શરીરનો કરી લેવો. તેમની અવ્યવસ્થા અથવા અસ્થિરતા શારીરિક હોય તો તે પહેલી મટાડી લેવી.

ત્યારપછી આપણે બાળકને અવલોકવા માંડવું. અવલોકનથી આપણે તેની પ્રકૃતિ શોધવા યત્ન કરવો. બાળકોની ભિન્નભિન્ન પ્રકૃતિઓનો આપણો અભ્યાસ અને અનુભવ આપણને આ બાબતમાં મદદ કરે છે. પ્રકૃતિ જો આપણે જાણી શકીએ તો તેને શું અનુકૂળ થવા સંભવ છે તેનો નિર્ણય કરી શકીએ અને એ નિર્ણય પ્રમાણે તેની સાથે વર્તવાથી આપણું અવલોકન બરોબર છે કે નહિ તે જાણવા ઉપરાંત આપણે તે બાળકને માર્ગે મૂકી શકીએ.

ઉપરથી દેખાતાં અવ્યવસ્થિત બાળકોની નીચે તેની તેવી સ્થિતિનાં અનેક કારણો હોય છે. ઘરની પરિસ્થિતિ અર્થાત્ ઘરનું ચિત્રવિચિત્ર વાતાવરણ, બાળક ઉપર થતું દબાણ, તેની અવગણના, તેનું અપમાન, તેને વિશે બેસમજણ—આમાંનું કંઇ છે કે નહિ તે આપણે તુરત જોઇ લેવાનું છે. ઘણાં બાળકોને કંઇ કામકાજ–તેને જોઇતું–આપણે આપી શકતાં નથી તેથી તેઓ નવરાં પડે છે. જ્યારે બાળકો પ્રવૃત્ત હોય છે ત્યારે તેઓ કંઇક કરે છે. ઉપરાંત તેઓ બીજાને અડચણ કરતાં નથી એટલું જ નહિ પણ તેઓ પ્રસન્ન અને સુખી હોય છે. પણ એ જ બાળકો જ્યારે કામધંધા વિનાનાં બને છે એટલે કે તેની સામે ઉંમર અને બુદ્ધિ પ્રમાણેની સર્જનાત્મક પ્રવૃત્તિ નથી હોતી ત્યારે તેઓ અવ્યવસ્થિત બને છે, તેમની શક્તિ વિકીર્ણ થવા માંડે છે. તેઓ બીજાને અડચણરૂપ બને છે, બીજાને કામ કરવા દેતાં નથી. આવે વખતે આવાં અડચણરૂપ બાળકોને કઇ પ્રવૃત્તિ આપવી તે શોધવામાં આપણે આપણી બધી શક્તિ અને જ્ઞાન વાપરવાનાં હોય છે. આપણે બાળકને અણગમતી અગર તેને ન ફાવતી અગર તેની કક્ષાની બહારની પ્રવૃત્તિ આપશું તો તે આપણા ભય અને દબાણને લઇને આપણી દેખરેખ તળે કરશે અને ત્યાં સુધી વ્યવસ્થિત દેખાશે પણ જે ક્ષણે આપણી દેખરેખ અને મીઠું દબાણ દૂર થશે કે ઢીલું થશે એટલે તુરત જ તે છલંગ મારી દબાણના પ્રત્યાઘાતરૂપે બીજાની રમતો કે કામ બગાડશે, બીજાને કામ કરવા નહિ દે, વખતે મારશે ને રંજાડશે પણ ખરું. માત્ર પ્રવૃત્તિ આપવાથી વળતું નથી, કક્ષાની અને પ્રકૃતિને અનુકૂળ પ્રવૃત્તિ આપવી જોઇએ.

કોઇપણ બાળક લહેરી અને અસ્થિર છે તેનો અર્થ એ છે કે તેને કંઇ સૂઝતું નથી. બાળક અસ્થિરતા કે લહેર ચાહે છે એમ નથી. સારામાં સારું બાળક પણ પ્રગતિ કરતું અટકી પડે છે ત્યારે તે નકામું દેખાય છે. બાળકોમાં કે મોટામાં પ્રગતિનો માર્ગ અટકી પડતાં ભૂલા પડવાણું

આવે છે. આવે વખતે બાળકો રખંડે રઝળે છે, અને જેને આપણે તોફાન કહીએ છીએ તે કરે છે. તેની શક્તિઓ કેન્દ્રિત થઈ બળવાન થવાને બદલે સડે છે. એટલા માટે બાળકોની સામે ધરવાને માટે આપણી આગળ જાતજાતની રચનાત્મક, સર્જનાત્મક, જ્ઞાનવિકાસક, જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિયને રોકે તેવી પ્રવૃત્તિઓ હોય તો આપણે તેને એક પછી એક આપતાં તેની એકાગ્રતાની જગા શોધી શકીએ છીએ અને પાટાથી ઊતરી ગએલું બાળક જ્યારે એકવાર રસ્તે આવે છે ત્યારે તે પાછું દોડવા – રમવા – કામ કરવા લાગે છે.

પ્રસ્તુત બાળક સાડાપાંચ વર્ષનું છે. તે જો કદાચ લાડકવાયું હોય, એકનું એક હોય, બહુ સચવાતું હોય, તો પણ તે ત્યાં પાડે છે તેવું પ્રતિબિમ્બ પાડે. જેને પરિણામે બાળક–પરિસ્થિતિને બેજવાબદાર રહે તેવા ઉછેરવાળું બાળક–બાળ-મંદિરમાં કામે ચડતાં બહુ વાર કરે છે. તેને કામ કરવું ગમતું નથી. તેને હાથપગ હલાવવાં ગમતાં નથી. તે આમતેમ આંટા મારે છે અને બીજાંને ગડબડ કરે છે. ખોટા ઊછેરથી બાળક શેઠ જેવું બને છે. તેના મનમાં એવી છાપ હોય છે કે તેણે કશું કરવાપણું નથી હોતું. ફરવાનું, મનસ્વીપણે રહેવાનું તેને ગમે છે. પણ આવું બાળક પરત્વે છે કે નહિ તે નક્કી કરવું તે સ્થળ ઉપરના શિક્ષકના હાથમાં છે; સલાહ આપનારના હાથમાં નથી. સામાન્યતઃ એમ કહી શકાય કે આવું બાળક પણ પ્રવૃત્તિદ્વારા જ રસ્તે આવશે. ક્રિયાત્મક પ્રવૃત્તિ અજબ જેવું જાદુ છે, તેના વડે બાળક એકાગ્ર થાય છે. એકવાર એકાગ્રતાનો અનુભવ થયો કે પછી બાળકને તે સાધવી ગમે છે. કેમકે એકાગ્રતા આરોગ્ય અને પ્રસન્નતા આપે છે અને વ્યગ્રતા થાક અને માનસિક બેચેની લાવે છે.

બીજું, બાળકોમાં તો અનેક પ્રકારો હોય છે. જો આ બાળકનું બીજાં બાળકો સહેજે અનુકરણ કરે છે એમ દેખાય તો એમ વિધાન કરી શકીએ કે પ્રસ્તુત બાળક સ્વભાવતઃ બીજા ઉપર રાજ ચલાવનાર પ્રકૃતિનું છે. અર્થાત્ તેનામાં–power–તત્ત્વ છે. આ–power–તત્ત્વનો આપણે વિરોધ ન કરીએ. તે બીજાને ઉપયોગી થવા માટે વાપરે તે રસ્તો આપણે શોધવાનો છે.

વળી અવ્યવસ્થિત બાળક માત્ર disorganised છે, crystalised નથી. તેનામાં ખામીઓ છે; એમ ન કલ્પવું. કામવડે તેનું crystalisation સિદ્ધ કરવું. પરાણે કામ કરાવવાથી, બેસાડી રાખવાથી, કાઢી મૂકવાથી, શરતો કરવાથી તે કદાચ કામ કરશે પણ તેની will કામનો વિરોધ કર્યા કરશે, તેને કામ કરવામાં બમણું બળ વાપરવું પડશે, તેની શક્તિ એકત્રિત થવાને બદલે વીંખાશે અને ક્રિયાશક્તિ નબળી પડશે.

સાડાપાંચ વર્ષની ઉમર છે તો તેની ઉંમરને લાયક કામ બતાવો. હવે તેને બૌદ્ધિક રસ આવી શકે. રસનાં સ્થાનો કક્કા–બારાખડી, ચિત્રલેખન, વાર્તાશ્રવણ ઉપરાંત દોડવું, ખૂબ રમવું વગેરે વગેરે છે.

એક વાત યાદ રાખશો કે આવું બાળક જે જે બાબતો પર સ્થિર થાય તે તે બાબતો ધ્યાનમાં રાખી તેવી બાબતો વધારે વધારે તેને પહોંચાડવી. તેના દ્વારા તે આગળ વધશે.

આવાં બાળકને ટોકવું નહિ કે તેને બીજી રીતે બબર પડવા ન દેવી કે તેની પ્રકૃતિ અમુક જાતની છે. બીજાં બાળકોને પણ આ વાતની જાણ થવા દેવી નહિ.

જ્યારે બીજાં બાળકો આવાં બાળકનું માત્ર અનુકરણ કરે ત્યારે આપણે આવાં બાળકને જુદે સ્થળે કામ આપી શકીએ. અનુકરણથી સ્વતંત્ર

સ્વ. શ્રી. ગિજુભાઇના પત્રો

પત્રો ત્રીજો

બેન શ્રી તારાબેન,

આ ત્રીજો સવાલ અઘરો નથી પણ તેનો ઉત્તર આપવાનું કઠિન છે. જે બાળક વિશે આપ પૂછો છો તેને નજરે જોયા વિના તે વિશે સૂચના લખવી તે બરાબર નથી. એટલે હું એ બાબતમાં તમોને દોરવણીરૂપે વધારે લખીશ અને તમે મારા લખાણમાંથી અનુકૂળ હોય તે તારવી લેશો.

આવાં બાળકો વિશે વિચાર કરવાનું પ્રાપ્ત થાય ત્યારે પ્રથમ વિચાર તેમનાં શરીરનો કરી લેવો. તેમની અવ્યવસ્થા અથવા અસ્થિરતા શારીરિક હોય તો તે પહેલી મટાડી લેવી.

ત્યારપછી આપણે બાળકને અવલોકવા માંડવું. અવલોકનથી આપણે તેની પ્રકૃતિ શોધવા યત્ન કરવો. બાળકોની ભિન્નભિન્ન પ્રકૃતિઓનો આપણો અભ્યાસ અને અનુભવ આપણને આ બાબતમાં મદદ કરે છે. પ્રકૃતિ જો આપણે જાણી શકીએ તો તેને શું અનુકૂળ થવા સંભવ છે તેનો નિર્ણય કરી શકીએ અને એ નિર્ણય પ્રમાણે તેની સાથે વર્તવાથી આપણું અવલોકન બરોબર છે કે નહિ તે જાણવા ઉપરાંત આપણે તે બાળકને માર્ગે મૂકી શકીએ.

ઉપરથી દેખાતાં અવ્યવસ્થિત બાળકોની નીચે તેની તેવી સ્થિતિનાં અનેક કારણો હોય છે. ઘરની પરિસ્થિતિ અર્થાત્ ઘરનું ચિત્રવિચિત્ર વાતાવરણ, બાળક ઉપર થતું દબાણ, તેની અવગણના, તેનું અપમાન, તેને વિશે બેસમજણ—આમાંનું કંઇ છે કે નહિ તે આપણે તુરત જોઇ લેવાનું છે. ઘણાં બાળકોને કંઇ કામકાજ–તેને જોઇતું–આપણે આપી શકતાં નથી તેથી તેઓ નવરાં પડે છે. જ્યારે બાળકો પ્રવૃત્ત હોય છે ત્યારે તેઓ કંઇક કરે છે. ઉપરાંત તેઓ બીજાને અડચણ કરતાં નથી એટલું જ નહિ પણ તેઓ પ્રસન્ન અને સુખી હોય છે. પણ એ જ બાળકો જ્યારે કામધંધા વિનાનાં બને છે એટલે કે તેની સામે ઉંમર અને બુદ્ધિ પ્રમાણેની સર્જનાત્મક પ્રવૃત્તિ નથી હોતી ત્યારે તેઓ અવ્યવસ્થિત બને છે, તેમની શક્તિ વિકીર્ણ થવા માંડે છે. તેઓ બીજાને અડચણ રૂપ બને છે, બીજાને કામ કરવા દેતાં નથી. આવે વખતે આવાં અડચણરૂપ બાળકોને કઇ પ્રવૃત્તિ આપવી તે શોધવામાં આપણે આપણી બધી શક્તિ અને જ્ઞાન વાપરવાનાં હોય છે. આપણે બાળકને અણગમતી અગર તેને ન ફાવતી અગર તેની કક્ષાની બહારની પ્રવૃત્તિ આપશું તો તે આપણા ભય અને દબાણને લઇને આપણી દેખરેખ તળે કરશે અને ત્યાં સુધી વ્યવસ્થિત દેખાશે પણ જે ક્ષણે આપણી દેખરેખ અને મીઠું દબાણ દૂર થશે કે ઢીલું થશે એટલે તુરત જ તે છલંગ મારી દબાણના પ્રત્યાઘાતરૂપે બીજાની રમતો કે કામ બગાડશે, બીજાને કામ કરવા નહિ દે, વખતે મારશે તે રંજાડશે પણ ખરું. માત્ર પ્રવૃત્તિ આપવાથી વળતું નથી, કક્ષાની અને પ્રકૃતિને અનુકૂળ પ્રવૃત્તિ આપવી જોઇએ.

કોઇપણ બાળક લહેરી અને અસ્થિર છે તેનો અર્થ એ છે કે તેને કંઈ સૂઝતું નથી. બાળક અસ્થિરતા કે લહેર ચાહે છે એમ નથી. સારામાં સારું બાળક પણ પ્રગતિ કરતું અટકી પડે છે ત્યારે તે નકામું દેખાય છે. બાળકોમાં કે મોટામાં પ્રગતિનો માર્ગ અટકી પડતાં ભૂલા પડવાણું

આવે છે. આવે વખતે બાળકો રંખડે રઝળે છે, અને જેને આપણે તોફાન કહીએ છીએ તે કરે છે. તેની શક્તિઓ કેન્દ્રિત થઈ બળવાન થવાને બદલે સડે છે. એટલા માટે બાળકોની સામે ધરવાને માટે આપણી આગળ જાતજાતની રચનાત્મક, સર્જનાત્મક, જ્ઞાનવિકાસક, જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિયને રોકે તેવી પ્રવૃત્તિઓ હોય તો આપણે તેને એક પછી એક આપતાં તેની એકાગ્રતાની જગા શોધી શકીએ છીએ અને પાટાથી ઊતરી ગએલું બાળક જ્યારે એકવાર રસ્તે આવે છે ત્યારે તે પાછું દોડવા – રમવા – કામ કરવા લાગે છે.

પ્રસ્તુત બાળક સાડાપાંચ વર્ષનું છે. તે જો કદાચ લાડકવાયું હોય, એકનું એક હોય, બહુ સચવાતું હોય, તો પણ તે ત્યાં પાડે છે તેવું પ્રતિબિમ્બ પાડે. જેને પરિણામે બાળક–પરિસ્થિતિને બેજવાબદાર રહે તેવા ઉછેરવાળું બાળક–બાળ-મંદિરમાં કામે ચડતાં બહુ વાર કરે છે. તેને કામ કરવું ગમતુ નથી. તેને હાથપગ હલાવવાં ગમતાં નથી. તે આમતેમ આંટા મારે છે અને બીજાંને ગડબડ કરે છે. બેટા ઉછેરથી બાળક શેઠ જેવું બને છે. તેના મનમાં એવી છાપ હોય છે કે તેણે કશું કરવાપણું નથી હોતું. ફરવાનું, મનસ્વીપણે રહેવાનું તેને ગમે છે. પણ આવું બાળક પરત્વે છે કે નહિ તે નક્કી કરવું તે સ્થળ ઉપરના શિક્ષકના હાથમાં છે; સલાહ આપનારના હાથમાં નથી. સામાન્યતઃ એમ કહી શકાય કે આવું બાળક પણ પ્રવૃત્તિદ્વારા જ રસ્તે આવશે. ક્રિયાત્મક પ્રવૃત્તિ અજબ જેવું જાદુ છે, તેના વડે બાળક એકાગ્ર થાય છે. એકવાર એકાગ્રતાનો અનુભવ થયો કે પછી બાળકને તે સાધવી ગમે છે. કેમકે એકાગ્રતા આરોગ્ય અને પ્રસન્નતા આપે છે અને વ્યગ્રતા થાક અને માનસિક બેચેની લાવે છે.

બીજું, બાળકોમાં તો અનેક પ્રકારો હોય છે. જો આ બાળકનું બીજાં બાળકો સહેજે અનુકરણ કરે છે એમ દેખાય તો એમ વિધાન કરી શકીએ કે પ્રસ્તુત બાળક સ્વભાવતઃ બીજા ઉપર રાજ ચલાવનાર પ્રકૃતિનું છે. અર્થાત્ તેનામાં–power–તત્ત્વ છે. આ–power–તત્ત્વનો આપણે વિરોધ ન કરીએ. તે બીજાને ઉપયોગી થવા માટે વાપરે તે રસ્તો આપણે શોધવાનો છે.

વળી અવ્યવસ્થિત બાળક માત્ર disorganised છે, crystalised નથી. તેનામાં ખામીઓ છે; એમ ન કલ્પવું. કામવડે તેનુ crystalisation સિદ્ધ કરવું. પરાણે કામ કરાવવાથી, બેસાડી રાખવાથી, કાઢી મૂકવાથી, શરતો કરવાથી તે કદાચ કામ કરશે પણ તેની will કામનો વિરોધ કર્યા કરશે, તેને કામ કરવામાં બમણું બળ વાપરવું પડશે, તેની શક્તિ એકત્રિત થવાને બદલે વીંખાશે અને ક્રિયાશક્તિ નબળી પડશે.

સાડાપાંચ વર્ષની ઉમર છે તો તેની ઉંમરને લાયક કામ બતાવો. હવે તેને બૌદ્ધિક રસ આવી શકે. રસનાં સ્થાનો કક્કા–બારાખડી, ચિત્રલેખન, વાર્તાશ્રવણ ઉપરાંત દોડવું, ખૂબ રમવું વગેરે વગેરે છે.

એક વાત યાદ રાખશો કે આવું બાળક જે જે બાબતો પર સ્થિર થાય તે તે બાબતો ધ્યાનમાં રાખી તેવી બાબતો વધારે વધારે તેને પહોંચાડવી. તેના દ્વારા તે આગળ વધશે.

આવાં બાળકને ટોકવું નહિ કે તેને બીજી રીતે ખબર પડવા ન દેવી કે તેની પ્રકૃતિ અમુક જાતની છે. બીજાં બાળકોને પણ આ વાતની જાણ થવા દેવી નહિ.

જ્યારે બીજાં બાળકો આવાં બાળકનું માત્ર અનુકરણ કરે ત્યારે આપણે આવાં બાળકને જુદે સ્થળે કામ આપી શકીએ. અનુકરણથી સ્વતંત્ર

કામ અટકે છે. માત્ર અનુકરણશક્તિ એ સમયના વ્યયરૂપ છે. અનુકરણ કરાવવાની જૂની રીતિ ખોટી માલૂમ પડી છે. માત્ર નબળી મનોવૃત્તિનાં બાળકો અથવા તો સ્વકેન્દ્રસ્થિત થયેલાં નથી હોતાં એવાં બાળકો બીજાનું અનુકરણ-કરે છે. 'અનુકરણ એટલે આપબુધ્ધિનું દેવાળું. અનુકરણમાં જેનામાં ખૂબ શક્તિ હોય તે એકલો સરદાર થઇ જાય અને બીજા સિપાઇઓ નહિ પણ કેવળ યંત્રવત્ ગુલામ બની જાય છે. Power-નો સ્વભાવ બીજાને યંત્રવત્ બનાવવાનો છે. તેમાથી ચેતવું અને ચેતાવવું જોઇએ. અનુકરણ-શક્તિને શિક્ષણમાંથી કાઢીને તેને સ્થાને સ્વતંત્ર-કરણને સ્થાપવાની જરૂર એટલા માટે છે કે માણસ પોતાના પગપર ઊભો રહે અને સત્તાથી અંજાય નહિ કે અપંગ દેખાય નહિ. અનુકરણથી માણસ અંધ બને છે અને અંધશ્રદ્ધાનું એ જન્મસ્થાન છે.

આપણે તો અસ્થિરતા નથી જોઇતી. સ્થિર જળ માટે બહારનું વાતાવરણ અવિક્ષેપ રાખવાની જરૂર છે તેમ અસ્થિરતા ટાળવા પ્રથમ બહારની પરિસ્થિતિ સરખી કરવી અને પછી અંતઃક્ષોભનાં કારણો શોધવાં. એવું બને કે અસ્થિર બાળકને જે જોઇતું હોય તે આપણી શાળામાં ન જ મળતું હોય. તે ઘણું શોધતું હોય પણ ન જ જડે એટલે તે અસ્થિર અને લહેરી જ દેખાય, અને આપણે જાણીએ છીએ કે દરેક બાળકને – તેના મનને અને આત્માને – આપણે જોઇતું પૂરું પાડી શકતા નથી. કેમકે આપણી શાળા કે બાળમંદિરનો કાર્ય-પ્રદેશ હજી છેક નાનો છે, મર્યાદિત છે, વડિલોએ કલ્પેલો ને યોજેલો છેઃ જેને જે જોઇએ તે મળે એવો અનુભવ અને માગણી પ્રમાણે નથી રચેલો. અનેક જીવાત્મા અનેક વસ્તુઓનો વિકાસ અનેક દિશામાં માગે છે. જે શાળામાં એ વિકાસનો પાયા basis ન હોય તે શાળામાં ઘણાં બાળકો રખડ-તાં જ જોવામાં આવે તો તે સ્વાભાવિક જ છે. આજની આપણી શાળાઓમાંના સેંકડો બાળકો જોઇતું ન મળવાથી બેકાર અને ભૂખ્યાં છે. મનસ્વીપણે રચેલો અભ્યાસક્રમ આ બેકારી, અસ્થિરતા અને બેચેની પેદા કરે છે.

બીજાં બાળકોને આવા સંજોગોમાં સંભાળી-લેવાં અર્થાત્ તેને જુદાં પાડવાં. એમ ન બને તો આવાં અસ્થિર બાળકોને સૌને ગમતાં કામના સહકારી બનાવવાં. સહકારમાં ઘણીવાર અસ્થિરતાને સ્થિરતા મળે છે. આમાં અસ્થિર બાળકોને બીજાનું કામ કરવાનું, પાણી દેવાનું, મદદ કરવાનું, કચરો ઉપાડવાનું વગેરે જાતનું કામ સોંપવું. ઘણીવાર બુદ્ધિથી બહુ નીચાં બાળકો શરીરને કામમાં રોકે તેવાં કામોથી પ્રવૃત્ત રહે છે. સ્થૂળ પ્રકૃતિનાં બાળકોને સ્થૂળ કામો ન મળવાથી તે બેચેન બને છે.

લહેરી શબ્દથી મને વહેમ જાય છે કે તે બાળક લાડમાં ઉછેરેલું હોય. તેમ હોય તો તે લાડમાં વધારો કરવો નહિ. તેને કોઇ રમાડે, ગમાડે, ગમ્મત કરાવે તો તે અટકાવવું. તે આકર્ષક હોય કે ધનવાનનું હોય તેથી તેની વિશેષતા થવા દેવી નહિ કે ચાલવા દેવી નહિ. તેનામાં ખાસ આકર્ષણ, મીઠાશ વગેરે ઉત્તમતા હોય તેથી પણ તેને વધારે પડતું પૂજવું કે તેને પ્યાર કરવો નહિ. બધાં બાળકો સરખાં સમજીને સમદૃષ્ટિથી ચાલવું.

બાળક અસ્થિર બને કે હોય ત્યારે આપણે અસ્થિર ન થવું. આપણે તો શાંત અને સ્વસ્થ રહેવું. આપણી અસ્થિર મનોવૃત્તિનું પ્રતિબિંબ બાળકને ન મળે તેં જોવું. આપણે તો તટસ્થ ઊભાં રહી જોવું, શોધવું, વિવેક વડે ઉપાય કરવો અને તે અજમાવી. સાચો લાગે તો તેને વળગવું.

શુ.
ગિજુભાઇ

ગણિત શિક્ષણ

(ગયા અંકથી ચાલુ)

આ પછીનું પગલું આવે છે સો સુધીના ગુણાકારનું. આને માટે સાધન છે ગુણાકારનું પાટિયું. આ પાટિયું ચોરસ હોય છે. એના ઉપર ચારે બાજુએ એક ઇંચ પહોળી પટીઓ લગાડવામાં આવેલી હોય છે. આ પટીઓનો રંગ લીલો હોય છે. એમાં ઉપર ચારે બાજુએ એક ઇંચ પહોળી પટીઓ લગાડવામાં આવેલી હોય છે. આ પટીઓમાંથી ડાબી બાજુની પાટીની વચમાં જગ્યા હોય છે. બીજી ત્રણે બાજુએ જગ્યા હોતી નથી. એ પાટિયાની વચમાં એક બીજું સમચોરસ પાટિયું જડેલું હોય છે. આ પાટિયનો રંગ લાલ હોય છે. એની અંદર સો કાણાં હોય છે. આ કાણાં ઊભાં દશ અને આડાં દશ એવી રીતે દશ લાઇનમાં થઈને સો હોય છે. આ કાણાવાળા પાટિયાના ઉપરના ભાગમાં કાણાની હારના ઉપરના ભાગમાં ૧, ૨, ૩ એમ ૧૦ સુધી લખેલું હોય છે. પાટિયાની અંદર પેલી પટીની વચમાં નાખવા માટે નાનાં પાટિયાં હોય છે. આ પાટિયાં ઉપર ૧, ૨, ૩ એમ દસ અને નીચેના ભાગમાં ઉપના ભાગમાં એક, દુ, તરી, દાણ એમ લખેલું હોય છે. આ પાટિયાંની પહોળાઇ લીલી પટીના બહારના છેડાથી કાણાવાળાં પાટિયાંને અડકે ત્યાં સુધીની હોય છે. એની લંબાઇ દરેક પાટિયાની જુદી જુદી હોય છે. એકુના પાટિયાની લંબાઇ પહેલા કાણા સુધી હોય છે. એથી બાળકને ખબર પડે છે કે એકુની કાપલી ભરવાની છે અને એ પાટિયા પહોંચે છે ત્યાંથી નીચે મોતી મૂકવાનાં નથી. એવી જ રીતે દુના પાટિયાની લંબાઇ કાણાવાળા પાટિયા ઉપર બે મોતી મૂકી શકાય એટલી જ હોય છે. એ પ્રમાણે તરીના પાટિયાંની લંબાઇ ત્રણ કાણાં સુધીની હોય છે. ચારની ચાર કાણાં સુધી: દશની દશ કાણાં સુધી: આ પ્રમાણે બાળકોને કાપલી ભરવાની હોય છે તે કાપલીનો ખ્યાલ બાળકને આ નાના પાટિયાંને લીધે આવે છે અને એકને બદલે બીજી કાપલી ભરવાની બાળકની ભૂલ થતી નથી. ઉપરાંત પાંચની કાપલી હોય તો બાળક એ પાટિયાની લંબાઇને લીધે છ અથવા ચાર મોતી મૂકતું નથી કેમકે પાટિયાં જેટલાં લાંબા હોય અને જે જગ્યાએ પહોંચતાં હોય ત્યાં સુધી મોતી મૂકવાનાં હોય છે. આમ આ પાટિયાં જાતે જ સ્વયં ભૂલસુધારક હોય છે.

આની સાથે સાથે બાળકને એક છાપેલી કાપલી આપવામાં આવે છે.

પછી એમાં જેની કાપલી હોય તે પ્રમાણે લખેલું હોય છે.

૧×૧=	૧×૬=
૧×૨=	૧×૭=
૧×૩=	૧×૮=
૧×૪=	૧×૯=
૧×૫=	૧×૧૦=

આમાં એક, એક વખત લઇએ તો કેટલા? એમ બાળકને પૂછતાં તે પાટિયાની અંદર એકુનું નાનું પાટિયું મૂકે છે. પછી કાણામાં એક મોતી મૂકે છે અને બોલે છે એક, એક વખત લઇએ તો એક. એવી જ રીતે એક બે વખત લઇએ તો કેટલા? એમ પૂછતાં બાળક બે મોતી બે વખત લે છે. આ કાણાંવાળાં પાટિયાના ઉપરના ભાગમાં પટીની નીચેના ભાગમાં ૧, ૨, ૩ એમ ૧૦ સુધી લખેલું હોય છે. એમાં બાળક મોતી ૨ સુધી જ મૂકે છે. આ પ્રમાણે બાળક આગળ

અભ્યાસપત્રો

પત્ર પાંચમો : બાળકો અને અસંગતિ

જો આપણે બાળકોને સારાં કરવાં હોય તો આપણે ઘણુંઘણું યત્નપૂર્વક કરવું પડે તેમ છે. આપણે ત્યાં આવી ઊતરેલા મહેમાનને જેમ તે વધારે સુખી થાય તેમ વર્તવાની આપણી ફરજ છે તેવી જ રીતે આપણે ત્યાં આવેલ બાળક મહેમાન વધારે સારું થાય તેમ કરવાની આપણી ફરજ છે. આપણી અનેક ફરજોની એક ફરજ આપણી સંગતિ છે.

જ્યારે આપણને કોઇ મળવા આવે ત્યારે આપણે તેની આગળ એક વાત કરીએ અને જ્યારે તે ચાલ્યો જાય ત્યારે તેની પાછળ આપણે બીજી વાત કરીએ તો તેથી બાળકમાં આપણી અસંગતિ પેસશે.

ઘરમાં કોઇ આવ્યું અને આપણે તેની ખુશામત કરવા મીઠાં વેણ કીધાં અને તે ગયું એટલે તેની આપણે નિંદા કરી, તેનું આપણે વાંકુ બોલ્યા તો બાળક તેવી રીતે વર્તનારું બનશે.

કોઇ આપણે ત્યાં કાંઈ લેવા આવ્યું અને આપણે તેને કહ્યું, એ તો થઇ રહ્યું છે અને તે ગયા પછી બા કે બાપા બાળકને એ જ ચીજ કાઢીને આપે તો બાળકમાં આપણો દોષ પેસશે.

આપણે બાળકને કહીશું: ગડબડ સારી નહિ અને આપણે ગડબડ કરીશું તો બાળકમાં અસંગતિનો—કહેવાનું જુદું અને કરવાનું જુદું—તેનો રોગ પેસશે.

મતલબ આપણે આપણાં વાણીવર્તનમાં સંગતિ—એકધારાપણું ન રાખીએ અને ઘડીકમાં આમ કહીએ અને ઘડીકમાં તેમ કહીએ, ઘડીક આમ વર્તીએ અને ઘડીક તેથી ઊલટું વર્તીએ તો બાળક પણ તેવા જ ઢંગનું થાય તેમાં તેનો વાંક નહિ. પછી આપણે કહીએ કે આ છોકરો કે છોકરી આવા કયાંથી થયાં તો તે માટે આપણે આપણને જ શોધવાનું છે.

બાળકોને દુનિયાનો વા લાગ્યો નથી હોતો ત્યાં સુધી તેઓ સરળ હોય છે. કહે છે કે તેઓ ત્રિગુણાતિત હોય છે. તેઓ કાચ જેવા સ્વચ્છ અને નિર્મળ હોય છે. આ વાત ખરી લાગે છે. તેથી બાળકોનો મહિમા ઘણા લોકોએ ગાએલો છે. તેથી જ બાલપૂજનો, બાલપ્રેમનો, બાળભક્તિનો એક યુગ થઇ ગયો. તેથી જ મહાન પુરુષોએ કહ્યું કે તમે બાળકો જેવાં થશો તો તમે પ્રભુના દરબારમાં પેસી શકશો.

આમ છે છતાં આપણે ચોખ્ખાં પાણીના સરોવરને ડોળી નાખીએ છીએ અગર હલાવી નાખી તેને કચરાથી ભરીએ છીએ. એટલે તે દરેક રીતે સુંદર, બાળક જેમ મોટું થતું જાય છે અને મોટા માણસ જેવું બનતું જાય છે તેમ તેનો આંતરબાહ્ય સુંદરતા ગુમાવતું જાય છે. તેનામાં પણ આપણે કલિયુગ દાખલ કરીએ છીએ. પછી તે આપણા જેવું બને છે અને આપણામાં ભળે છે ત્યારે આપણને સંતોષ થાય છે.

માબાપની અસંગતિ બતાવનાર બાળક ઉપર મા કે બાપ ખીજશે. માબાપની ભૂલ કાઢનાર બાળક ઉપર મા કે બાપ નારાજ થશે. તે કહેશે, 'અત્યારથી ડાહ્યું ક્યાંથી થયું. જ્યાંત્યાં જઇને અને જેનાતેના બાળકો સાથે રમીરમીને બગડી ગયો અને તડતડ જેમ આવે છે તેમ બકવા લાગ્યો છે. મારે- એ પાલવે.'

બાળક મનમાં વિચારે છે કે આ વાણી કે વિચાર કોઇના ઊછીતાં નથી લીધાં. આ તો માબાપન

એક એક મોતી મૂકતું જાય છે અને બોલતું જાય છે. એક ત્રણ વખત લઈએ તો કેટલા? એમ પૂછતાં બાળક પાટિયા ઉપર મૂકેલાં મોતી ગણીને બોલે છે એક ત્રણ વખત લઈએ તો ત્રણ અને પછી એ પરિણામ પેલી કાપલી ઉપર લખતું જાય છે. બાળકને આપણે દશનું જ્ઞાન આપતી વખતે દશ સુધીના ગુણાકાર આવેલા હોય છે એટલે એક, બે વખત લઈએ તો બે એ બધાનો ખ્યાલ તો એને હોય છે. એટલે બાળક મોતી મૂકતું જાય છે, બોલીને ગણતું જાય છે અને જે પરિણામ આવે છે તે કાપલી ઉપર નોંધતું જાય છે. એ પ્રમાણે એકની કાપલી પૂરી થાય એટલે બેની કાપલી લે છે. એના ઉપર પણ

૧ × ૨ = ૨ × ૩ =

૨ × ૨ = ૨ × ૪ =

..... ૨ × ૧૦ = લખેલું હોય છે હવે બાળક એકનું પાટિયુ કાઢી લઈને બેનુ પાટિયું મૂકે છે. અને જે પ્રમાણે એકની કાપલી ઉપર મોતી મૂકતું જતું હતું અને ગણતરી કરીને પરિણામ કાપલી ઉપર લખતું હતું તેમ આ કાપલીમાં પણ કરે છે. બે એક વખત લઈએ તો બે,બે બે વખત લઈએ તો ચાર, એમ બાળક પાટિયા ઉપર મોતી ગણીને જ લખે છે. આ પ્રમાણે બાળક ૧૦ સુધીની કાપલીઓ પાટિયા ઉપર મોતી મૂકીને અને એ મોતી ગણીને ભરે છે.

શિક્ષકે શરૂઆતમાં એકાદ બે કાપલી ભરી બતાવવી. પછીથી બાળકને પોતાની મેળાએ કામ કરવા છોડી દેવું. છતાં જો જરૂર પડે તો આગળની કાપલીઓ પણ કેમ ભરાઈ છે તે બતાવવું.

(અપૂર્ણ)

શંકર શાહ

અગત્યની સૂચના

આ માસિક દરેક મહિનાની વીશમી તારીખે ગ્રાહકોને રવાના કરવામાં આવે છે. ત્યાર પછીના પહેલા અઠવાડિયામાં જો અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહક નંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે.

સરનામાનો ફેરફાર તુરત જણાવવો.

પત્રવ્યવહાર લખતે ગ્રાહકનંબર અવશ્ય લખવો.

લવાજમના દર

દેશમાં	પરદેશમાં	બ્રહ્મદેશમાં
રૂ. ૧–૦–૦	શિ. ૨	રૂ. ૧–૪–૦

વ્યવસ્થાપક, **શિક્ષણ પત્રિકા**
ઉમા સદન, હિન્દુ કોલોની, ૪ થી ગલ્લી
દાદર, મુંબઈ ૧૪

શિક્ષક જોઈએ

એક હિંદી ભાષા બોલનાર કુટુંબ સાથે રહેવા નૂતન બાલશિક્ષણના અભ્યાસી અને અનુભવી શિક્ષક જોઈએ છે. જમવાની સગવડ સાથે રહી બે ત્રણ બાળકોને ભણાવવાનુ અને બદલી થાય તો કુટુંબ જાય તે રેલવેને ગામે જવાનું. કુટુંબમાં એક બાળક છે તેનું ખાસ ધ્યાન રાખી તેને ભણવામાં મદદરૂપ થાય એવા સહાનુભૂતિવાળા અને સંસ્કારી શિક્ષક જોઈએ. પગાર રહેવા જમવા સાથે રૂ. ૩૦ થી ૪૦ સુધી.

લખો:—શ્રી તારાબેન મોડક, શિશુવિહાર, દાદર.

મુદ્રક : કૃ. ના સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪
પ્રકાશક : શ્રી. તારાબાઈ મોડક : શિક્ષણપત્રિકા કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્ય તંત્રી : સ્વ. ગિજુભાઈ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

બાલસ્વાતંત્ર્ય

બાલસ્વાતંત્ર્ય એટલે શું ?

૧. પરાવલંબનમાંથી મુક્તિ.
એટલે કે સ્વાધીનતાનું શિક્ષણ.

૨. અભ્યાસપત્રક ને વખતપત્રકમાંથી મુક્તિ.
એટલે કે પોતે શું શીખવું અને શું ન શીખવું તે પસંદ કરવાની છૂટ.

૩. સ્પર્ધા, ઈનામ, શિક્ષા આદિમાંથી મુક્તિ.
એટલે કે બાળકો માટે સર્વથા હાનિકારક એવી એ પ્રથાનો સદંતર ત્યાગ.

વર્ષ ૧૪ :: કાર્યાલય :: અંક ૧૧

૧૯૯૬ દાદર, મુંબઈ ૧૪ પોષ

અસંગત વર્તનથી સહેજે નીકળેલાં હતાં. માબાપની સામે થવાની એમાં વૃત્તિ કે વાત જ નહોતી. પણ માબાપ તો પોતાની જવાબદારી ઢાંકવા અને ઊલટી પોતાની મોટાઇ બતાવવા માટે આમ વર્તે છે. અને માબાપ તે નથી જાણતાં એમ નથી પણ ભ્રમથી તે માને છે કે આપણે બાળકોને છેતરી શકીશું. આપણે બાળકોને ડરાવીને ખોટું કરાવી શકીશું.

પણ એ તેમની ભૂલ છે.

બાળક વિશ્વાસુ છે તેથી ને વિશ્વાસ રાખે છે. પણ વિશ્વાસ ઊડી જાય પછી થઇ રહ્યું.. અસંગતિ બાળકો અને માબાપો વચ્ચેનો વિશ્વાસનો સંબંધ તોડી નાખે છે.

સ્વ. ગિજુભાઈ

નોંધ અને સમાચાર . . . . . પાન ૧૮૨ નું ચાલુ

કિંમત અધિક લાગતી. કેમકે તે નાણાં એટલાં માનથી અને પ્રેમથી ભરાયેલાં દેખાતાં કે બસ, વગર માગ્યે, વગર બોલ્યે મનિઑર્ડરો આવ્યે જ જાય.” આ ઉદ્‌ગારપરથી નાની રકમો પ્રત્યે પણ ફંડ ભેગું કરનારની કેવી વૃત્તિ છે તે દેખાઇ આવે. આપણાથી બને તેટલું. વધારેમાં વધારે જેટલું આપી શકાય તેટલું, સેક્રેટરી તરફ અથવા અમારા તરફ મોકલી આપશો. મોકલેલી રકમની પહોંચ પત્રિકામાં પ્રગટ થશે.

ગુજરાતનાં બાળકો મારફત ઘણું જીવો તેમના દોસ્ત પૂ. ગિજુભાઇ અને તેમનાં મીઠાં અને મોંઘાં સ્મરણો!

ડૉ. મોંટીસોરી

ડૉ મૉંટીસોરીમા અત્યારમાં પોતાનું પ્રાણ-પૂરવાનું કામ જેસબંધ કર્યે જાય છે. તેના ખબર બબ્બે દિવસે, ચાર ચાર દિવસે ખૂબ ઉત્સાહી વાણીમાં આવે છે. હવે એકાદ માસ જ લગભગ તેમનું ત્યાંનું કામ ચાલશે. પછી તેઓ હિંદમાં જુદે જુદે સ્થળે ફરવા નીકળશે એમ સંભળાય છે. તેમના પગલાં ગુજરાતમાં થવાનો ય સંભવ છે એમ પણ લાગે છે. તેમનું નામ તો તેમના મહાન્ શિષ્યે – સ્વ. ગિજુભાઇએ – ગુજરાતને ખૂણે-ખાંચરે પહોંચાડી દીધું છે. તેમનું કામ પણ તેમણે ઘણી જગ્યાએ શરૂ કર્યું છે. એટલે ગુજરાતની જનતા બહુ જ પ્રેમથી અને ઉત્સાહથી તેમનું યોગ્ય સ્વાગત કરશે જ; તેમના દર્શન કરવા તે ઉત્સુક હશે જ; તેમની–Inspired–દૈવી વાણી સાંભળવા તલસી રહી હશે જ; બધાંની આ ઇચ્છા તૃપ્ત થશે એવી વકી દેખાય છે.

ડૉ. મૉંટીસોરી માતાજીને ગુજરાતમાં લઇ આવનાર તેમના પટ્ટશિષ્ય આવે પ્રસંગે દેહ છોડી ચાલ્યા ગયા હોઈ તેમની ગેરહાજરી ક્ષણે ક્ષણે અને પદે પદે સાલશે. આપણા દુર્ભાગ્ય કે ગુરુશિષ્યને એકી સાથે પાસે બેસી વાતો કરતાં જોવાની અને સાંભળવાની તક આપણને નહિ મળે.

અને છતાં પૂ ગિજુભાઇના કાર્યમાં તેમને બધી રીતે મદદ કરનાર, તેમનો માર્ગ સરલ કરી દેનાર, તેમને આટઆટલું કામ ઉપાડવાનો શક્યતા કરી દેનાર, ગુજરાતના જાણીતા અને મહાન્ કેળવણી-કાર મુ. નાનાભાઈ આપણી વચ્ચે છે એ પણ કાંઈ ઓછા ભાગ્યની વાત છે!

મુ. નાનાભાઈ અને આપણા સંઘના પ્રમુખ શ્રી સરલાદેવી અંબાલાલ ડૉ. મૉંટીસોરીને ગુજ-રાતમાં આમંત્રણ આપશે એમ સાંભળાય છે.

ઘણાં જ ભાગ્યની વાત!
ગુજરાત તેને વધારશે જ.

તા.

ગળતી

વાસણમાં કાણું પડયું કે તેમાંથી પાણી કે દૂધ ચૂવા લાગે છે એટલે એને માથા સુધી ભરો તો ય થોડા સમયમાં એ ચૂઇને ખાલી થઈ જાય છે.

આપણી નર્વ્હસ શક્તિ—જ્ઞાનતંતુની શક્તિ–નું પણ તેવું જ છે. ઘણાની શક્તિ આ રીતે વિનાકારણ ચૂઈ જાય છે.

નાનાં બાળકોને વિષે આ ઘણું સાચું છે. કારણ સિવાય હાથ હલાવવા, પગ હલાવવા, વસ્તુઓ ઉપાડવી, તોડવી, કાપવી, આંગળાં ચૂસવા, ખુરશી પર બેસી ખુરશી હલાવવી, અને બહુ-ચાર દોડવું, કૂદકા મારવા, બોદવું ને-રમવું એ આ ગળતીના પ્રકારો બને છે. તેથી તેમની આ શક્તિ ચપરીને તેનો ઉપયોગ કરવો, તેને યોગ્ય રીતે કામમાં લગાડવી એ જરૂરી છે–એ ચૂઇ જાય નહિ તે ધ્યાનમાં રાખવું જોઇએ.

તેનો ઉપાય વચ્ચે વચ્ચે તેમને શાંત બેસતાં શીખવવાનો છે. હાથપગ હલે નહિ એ રીતે શાંત અને સીધા આપણે બેસવું ને એમને બેસવા કહેવું. સીધા અને સ્થિર બેસવાં છતાં નસો ખેંચી ન રાખતાં ઢીલી છોડીને (Relax) બેસવાનું દેખાડવું.

બીજી વાત એમ કે વાર્તા સાંભળવા બેસતી વખતે કે કામે બેઠાં હોય ત્યારે બાલી ફોગટ હાથપગ હલાવવામાં આવે કે બરવર થાય તે તરફ તેમનું ધ્યાન ખેંચી 'શાંત' બેસવાની આદત કરાવવી.

સહેતુક હાલચાલને કામ કરવાનું પૂરું થયે શાંત પાડી વિશ્રાંતિ લેવાનું એમને બતાવવું, બિલ-કુલ શાંત કેમ પડવું એ એમને સરસ રીતે દેખાડવું જોઇએ.

વિનાકારણ એકસરખું બડબડ કરવું, કોઇપણ ગાયન અથવા તો ગાયનની એકાદ લીટી એકસરખી બબડયા કરવી વગેરે પ્રકાર લક્ષમાં લઇને તે બંધ કરવાની કાળજી લેવી જોઇએ. આ વસ્તુઓ પણ એમની સાથે બૂમો પાડીને કે ગુસ્સો કરીને ન કરાવી શકીએ. ધીરે ધીરે તેમને તેમ ન કરવા માટે કહેવું જોઇએ અને પછી તે માટે તેમ ન કરવા માટે માત્ર નિશાની કરતાં રહેવું જોઇએ એ યોગ્ય માર્ગ છે.

મોઢામાં અથવા તો નાકમાં આંગળાં ઘાલવાં, રૂમાલ, પહેરણાના છેડા વગેરે અથવા તો હાથમાં જે વસ્તુ આવે તે ચાવતાં રહેવું વગેરે બાબતો પણ શક્તિના વ્યયના પ્રકારોમાં આવે છે અને વિશેષ કરીને ગંદી આદતોમાં ખપે છે. એ સંબંધમાં પણ લક્ષ આપીને ફરી ફરી હાથ નીચે લેવા, ધોવા મોકલવા વગેરે સૂચનાઓથી–આદત જૂની થાય અને હઠથી ચાલુ રહે એમ બને તે પહેલાં–એટલે કે બાળક સવાબેઢ વર્ષનું થાય એ પહેલાં છોડાવવી જોઇએ.

આ સિવાય ચીઢાવું, ગુસ્સો કરવો હઠ પકડવી, રાડો પાડવી વગેરે પ્રકારોમાં પણ શક્તિનો વ્યર્થ વ્યય છે જ. અને વ્યર્થ વ્યય હમેશ બચા-વવો જ જોઇએ. આ સંબંધમાં હઠ સંબધીના લેખમાં વિસ્તારથી કહેવામાં આવશે એટલે વિશેષ વિસ્તારથી લખ્યું નથી: એનો નામનિર્દેશ માત્ર પૂરતો ગણાય.

બોલ બોલ કરવું તેમ મોટેથી એ બોલવું એ પણ વ્યય જ છે. એટલે હળવેથી બોલતાં શીખવવું એ પણ અત્યંત જરૂરી છે. અને એ માટે આપણે અવાજ કારણો સિવાય મોટો ન થાય તેની આગળથી કાળજી લેવી જોઇએ.

ત્રા.

સ્વ. ગિજુભાઈના પત્રો

પત્ર ચોથો : મારકણાં બાળકો

ભાવનગર તા. ૧૯-૧૨-૩૯.

શ્રી બેન તારાબેન,

મારા આગલા ત્રણે પત્રો મળ્યા હશે. તમે મારા પત્રોના જવાબો આપો અગર તે વિષે પૂરતો વિચાર કરી રહો તે પહેલાં તો હું પત્ર ઉપર પત્ર લખે જઉં છું મને એમ છે કે જવાબો આપવા જ ત્યારે આપ્યા જ કરું. એટલું કામ ઓછું. તમે તો અવકાશે અને નિરાંતે વાંચશો અને લખવા જેવું લખશો.

તમારો ચોથો સવાલ આ પ્રમાણે છે: "બે ત્રણ છોકરાં મારકણાં છે. આથી બીજાં બાળકોને ત્રાસ થાય છે. તેનું શું કરવું? એમને શી રીતે સમજાવવાં?"

આ બાળકો ક્યાં વાતાવરણમાંથી આવે છે તે જરા લક્ષ્યું હોય તો તેમને વિષે વિચાર કરવાનું થોડું સાધન મળત. કંઈ નહિ. સારા કે ખરાબ ગમે તે વાતાવરણમાંથી ચિત્રવિચિત્ર સ્વભાવનાં અને સારાંનરસાં બાળકો નીકળી આવે છે અને ઘણીવાર તો સારા વાતાવરણમાંથી એવાં તો નરસાં બાળકો મળી આવે છે કે આપણને એમ થાય કે ત્યારે વાતાવરણનો શો અર્થ? સારા માબાપ અને ઘરનો શો અર્થ?

આ મારકણાં બાળકોનો ત્રાસ સહી લેવાય નહિ. ચેપી રોગના ભોગ થઈ પડેલને જેમ જુદાં કાઢવાં જોઈએ જ (Segregate) તેમજ આવાં મારકણાં બાળકોને એક પ્રકારનાં માંદાં ગણી તેમને તુરત જોખાં કાઢવાં જોઈએ. શિક્ષકનું પ્રથમ કર્તવ્ય શાળાનું વાતાવરણ સ્વચ્છ, સમધારણ અને નિરોગી રાખવાનું છે. આવાં બાળકોને થોડા યા લાંબા વખતને માટે અસમધારણ ગણી લેવાથી થતા ગેરલાભમાંથી બીજાં સમધારણને બચાવી લેવાં જોઇએ.

આમ કરવાને માટે નીચે પ્રમાણે પગલાં લેવાં: (૧) જેઓ મારકણાં છે તેમને બાળકોના સમગ્રસમાજ વચ્ચે કહી શકાય કે જુઓ ભાઈઓ, તમે બીજાંને મારો છો તો ચાલી ન શકે. કોઇ કોઇને મારે તે આ શાળામાં નથી ચાલતું. મારનાર બાળકોને આ શાળામાં રાખી શકાતાં નથી. કોઈ બાળક કોઇને મારે તો તેને શાળામાંથી રજા આપવી પડે છે. કરડકણું કૂતરું શાળામાં કે ઘરમાં આવે તો તેને આપણે હાંકી કાઢવું જોઈએ. મારકણું ઢોર કે મારકણું બાળક પણ શાળામાં રહી ન શકે. આમ ઘણી શાંતિથી, નમ્રતાથી વિવેકથી, દમ માર્યા વગર આ બાળકોને કહેવું: એકવાર બેવાર, ત્રણવાર, એક દી, બે દી, ત્રણ દી, કહેવું: છતાં બાળકોને અસર ન થાય તો તેમના માબાપને કહેવું કે આ બાળકોને હમણાં ન મોકલો. તેઓ સાજા થાય ત્યારે મોકલશો.

(૨) ઉપલા ઉપાય સાથે કે તે પહેલાં કે પછી આ બાળકોને એકાન્તમાં બોલાવી શાંતિથી તેમને કહેવું કે જુઓ, તમે બીજાને મારો છો તો તેમને વાગે છે અને દુઃખ થાય છે. તમને કોઇ મારે તો તમને કેવું લાગે? તમને પણ પીડા-દુઃખ થશે ના? એવી રીતે તમને બીજાઓ પીડા કરશે તો સહન થશે? ત્રણ ચાર વર્ષની ઉપરનાં બાળકો આ દલીલો સમજી શકશે અને સમજી શકે છે. અલબત્ત મારકણાંપણું તેમનામાં દૃઢ હશે તો પણ તેઓ તમારી દલીલ તો સાંભળશે જ. દલીલ સમ-ળાવવી અને સમજાવવી એ જરૂરનું તો છે જ. બાળક સમજ્યા પ્રમાણે ન કરે તો તેનું કારણ

તેની ક્રિયાશક્તિ છે. બાળક સમજશે જ એમ માનીને આપણે દલીલ કરવી. બાળક સમજી શકે તેવી રીતે દલીલ કરવી. બાળકોને માટે સરળ, સીધી દલીલ કરતાં આપણને આવડવું જોઇએ. એટલું કર્યા પછી આપણે પરિણામ જોવું. જો એમના વર્તનમાં થોડો એવો પણ સુધારો થાય તો આ દવા પણ ચાલુ રાખવી. ટોકવા રૂપે નહિ પણ ધીરજથી એકાન્તમાં વળી પાછી આ દલીલ સમજાવવી અને 'તમે તો હવે બહુ મારકણા નથી, હવે તો સારા મજાના છો' એમ કહી તેને મળેલા આરોગ્ય તરફ તેનું ધ્યાન ખેંચવું. અલબત્ત આવું ભાન બાળકોને કરાવવું કે નહિ તે શિક્ષકે કાળજીપૂર્વક વિચારવાનું છે. કેમ કે ભાન કરાવવાથી દોષ જતો નથી પણ દરદીને ભાનના જ્ઞાનથી ઊલટું, કેટલીકવાર દરદને છુપાવવાની સ્થિતિમાં આવવું પડે છે. આ બધું તો બાળકો અને સ્થિતિ ઉપર આધાર રાખે છે. એટલું ખરું કે ઘણીવાર દલીલથી પણ બાળકો પોતાની બાબતમાં સમજી જાય છે અને પોતાના વર્તનમાં સુધારો આવી જાય છે. Rational type નું બાળક હોય તો તેને દલીલ appeal કરે છે અને જો બુધ્ધિ મજબૂત હોય તો ક્રિયાશક્તિને દોરીને ક્રિયાશક્તિ પાસે બાંમીઓ દૂર કરાવવા મહેનત કરે.

(૩) ત્રીજો ઉપાય પણ અજમાવવો ખરો. પણ તે અજમાવતાં પહેલાં ઘણો વિચાર કરવો પડે છે. એ ઉપાય જોખમ ભરેલો છે. કેમકે એ ઉપાય અજમાવતાં બાળકોનાં હાથમાં ડૂંભાણું આવ્યા જેવું કોઇવાર બને છે. છતાં એ ઉપાય છે જ અને તેનું મૂળ-પાયો-સામાજિક જીવન છે એટલે તે ઘણીવાર કામ આવે છે. બધાં બાળકોને એકઠાં કરીને પૂછવું:

'તમોને આ બાળકો મારે છે, ત્રાસ આપે છે એ વાત ખરી છે?' તેઓ હા કહે તો વધારે પૂછવું: 'તમને એ ગમે છે? તમે તે ચલાવી લેશો? તમને માર સારા લાગે છે?' બાળકો ના કહેશે. આપણે પૂછવું 'તો શું કરવું? આપણે તેને રજા આપવી? જો રજા આપવાનું તમે કહેતા હો તો તમે જ તેને કહો કે આવશો નહિ, આવશો નહિ, આવશો નહિ. આપણે બધાં તેને કહીએ કે, 'બાપુ, અહીં આવીને અમને મારવાં હોય તો ન આવવું.' સંભવ છે અને એવું બન્યું પણ છે કે મારકણાં બાળકો આ ચેતવણીથી શાળામાં મારકણાં થતાં અટકી ગયાં છે. બાળકોનાં હાથમાં નિર્ણય સોંપવામાં વાંધો નથી. આખરે તેમણે સ્વનિર્ણય તો કેળવવાનો જ છે. શરૂઆતમાં અલબલ આપણે તેની બાજીમાં રહેવાનું છે. કોઇ સમાજમાં કોઇને રહેવું હોય તો તેણે સમાજના સામાન્ય કાયદાકાનૂનને અનુકૂળ થવું પડે જ. સમાજના માણસોને પીડીને માણસ સમાજમાં માથાભારે થઇને રહી શકે નહિ. મારકણાં બાળકો શાળામાં ન જ રહી શકે તેવો આગ્રહ શાળાના બાળકોની સમાજે રાખવો જોઇએ અને રાખી શકે. શાળાના સ્વરાજની એ શરૂઆત છે. પણ આપણે ધ્યાન રાખવું કે શાળા કોર્ટ બની ન જાય. બહિષ્કાર શિક્ષા બની ન જાય. બહિષ્કાર એ કાળજી, સાવધાની રૂપે રહે અને નીવડે તો જ તે કામનો. આ ઉપાય અત્યારના સમાજની દૃષ્ટિ અને વૃત્તિમાંથી ઊભો થયેલો છે. સમાજ શહેરીપણાના હકકોમાં જ્યાંસુધી પહોંચેલ છે ત્યાં સુધીનો આ વિચાર છે.

(અપૂર્ણ) શુ. ગિજુભાઇ

લવાજમના દર

દેશમાં	પરદેશમાં	બ્રહ્મદેશમાં
રૂ. ૧-૦-૦	શિ. ૨	રૂ. ૧-૪-૦

વ્યવસ્થાપક, **શિક્ષણપત્રિકા**
ઉમાસદન, હિન્દુ કોલોની, ૪ થી ગલ્લી
દાદર, **મુંબઈ ૧૪**

બાલમંદિરો અને માબાપો

[શિશુવિહાર, એલીસબ્રીજ, અમદાવાદના વાર્ષિક ઉત્સવ પ્રસંગે થએલા આચાર્યના નિવેદનમાંથી થોડો એક ભાગ નીચે આપ્યો છે તે તરફ માબાપોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ.–તંત્રી]

ઘરનો સંપૂર્ણ સહકાર સાધવાની અનુકૂળતા અહીંની મર્યાદાઓ જોતાં થોડી હતી; છતાં અમે પ્રથમથી જ તે દિશાના પ્રયત્નો આદર્યા; અમારે સહર્ષ જણાવવું જોઇએ કે અમારા જેવા અદના શિક્ષક વર્ગના બોલ ઘણા સુશિક્ષિત માતાપિતાએ સાનંદ ઝીલ્યા છે, માટે જ આજે અનેક સંકડામણો, અને ત્રૂટીઓ વચ્ચે અહીંનુ કોળાતું વાતાવરણ અમારા પગમાં જોર આણે છે.

દૈનિક પત્રવ્યવહાર, સાપ્તાહિક પત્રિકા (સાઇકલોસ્ટાઇલ), પાક્ષિક કે માસિક પત્રિકાઓ (છાપેલી), અને રૂબરૂ મુલાકાતોથી પણ અમને આગળ જવાની જરૂર જણાઈ. આમ છેલ્લા છ માસથી, વાલીવર્ગોની નાનીશી શરૂઆત અહીં થઈ છે.

આ વર્ગોમાં કેટલીક વખત ગણિત, ભાષા, સંગીત, આદર્શ વાચન, વાર્તાકથન, ચિત્ર વગેરેના પ્રત્યક્ષ વર્ગો ચલાવી, તે તે વિષયની સૈદ્ધાંતિક ચર્ચા કરવાનું રાખ્યું છે. આથી ઘર આગળ, માતાપિતા તથા ગૃહશિક્ષક, બાળકને, અહીંની રીતે પૂરક બની, કેટલાક પ્રયત્નો કરી શકે છે. આ વર્ગોમાં કેટલીક વ્યવહારુ વાતચીત ઉપરાંત ઘણી વખત સૈદ્ધાંતિક ભાષણો આપવાનું પણ રાખેલ છે, અને તે માટે બાળમાનસના અન્ય અભ્યાસીઓની મદદ પણ લેવામાં આવે છે.

અહીંના વાલીઓ, તથા આજુબાજુના લત્તામાં વસતી બહેનો જો આ વર્ગોની ઉપયોગિતા સમજે તો તેમાંથી Parents class ની વ્યવસ્થિત યોજના અવશ્ય જન્મે.

સ્વ. પૂ. શ્રી. ગિજુભાઇના પ્રયત્નોથી, ગુજરાતમાં બાળશિક્ષકો તૈયાર કરવાની હવેાટી નક્કી થઈ ગઈ છે. હવે માતપિતાને પણ બાળમાનસ, બાળશિક્ષણ અને બાળઊછેરનું શાસ્ત્રીય જ્ઞાન આપવાની યોજના તૈયાર થાય તે આજના તબક્કે ઘણું જ આવશ્યક છે. આ દિશામાં અમારો નાનો શો ફાળો આપવાના અમારા આ પ્રયત્નો છે.

આવા પ્રયત્નો જો સર્વવ્યાપી બની શકે તો બાળકેળવણીનું કાર્ય એટલું જ સાર્વત્રિક થાય. આજે ઘણાં ઘરોમાં ગૃહશિક્ષકોની પ્રથાએ બાળશિક્ષણના પ્રદેશમાં પણ ઊંડી જડ નાખી છે. આથી બાળકની કેળવણી વિશેષ ખર્ચાળ દેખાય છે અને ઊપલક નજરે તે " આંખે આવે છે. "

આ જમાનામાં માતા, દાદાજી, તથા દાદીમાએ બાળઊછેરનું પોતાનું પવિત્ર કાર્ય છોડવા માંડયું છે. આથી બાળજગત ઑરમાઈ પ્રણાલિકામાં ચીમળાઈ છે. આવા વર્ગો મારફત જૂની પ્રથાના સદ્અંશોને શાસ્ત્રીય સ્વરૂપ આપી, સમાજનું ધ્યાન કેટલીક ભૂલાતી બાબતો પર દોરી શકાશે.

બાલમંદિરોનો કાર્યપ્રદેશ પ્રાયોગિક સ્વરૂપ જેટલો જ છે. બાલમંદિર મારફત થતા બાળમાનસના પ્રયોગો, તેની આસપાસના સમાજ સમક્ષ ધરાય અને તેની અસર સમસ્ત સમાજ ઉપર થાય તે પ્રયોગોને ધ્યાનમાં રાખી માતાઓ બાળકોને ઊછેરે અને કેળવણી આપે.

ઉપર્યુક્ત દૃષ્ટિએ સમસ્ત વાલી વર્ગ અમારા પ્રયત્નો તરફ આદરની નજર રાખી, અને તે જ કારણે અમારું કાર્ય કેટલેક અંશે સરળ પણ થયું.

આવા હાર્દિક સહકારના પરિણામે જે માતાઓ પોતાના બાળકને ઘેર શિક્ષણ આપવા પ્રયત્ન કરે છે તેમને આવશ્યક સૂચનાઓ અહીંથી આપી શકાય છે.

જે કુટુંબો ગૃહશિક્ષક વિના ચલાવી શકતાં નથી, તેમના ગૃહશિક્ષકો ઉત્સાહથી અહીંનો સહકાર સાધે છે.

આખા ઘરના ભાષાદોષને લીધે, તથા શરૂઆતના નિરુપણની ખામીઓને લીધે, જે બાળકમાં ભાષાદોષ દૃઢ થઈ ગએલ હતો તેનો કોયડો ઉકેલવાનું આજે અત્યંત સરળ બન્યું છે.

ઘણી લાંબી ગેરહાજરીને લીધે, જે બાળક પ્રત્યેક વિષયમાં પાછળ પડી જતું હતું અને જેનામાં Inferiority ઊભી થતી હતી તે આજે આત્મશ્રદ્ધાથી સૌની સાથે હરેફરે છે.

જે બાળકના વાચનલેખનનો પ્રશ્ન તેના વાલીને સદંતર મૂંઝવણમાં રાખતો તેનો પ્રશ્ન આજે ઊકલી ગયો છે.

જે બાળક અતડાં જણાતાં તે મળતાવડાં થયાં છે.

આવા ઉપરછલ્લા પ્રયત્નોથી જો સંતોષ મેળવવો હોય તો મેળવી શકાય.

હવે બીજી બાજુ તરફ નજર નાખીએઃ

જે બાળકો અહીં વ્યવસ્થિત હોય છે તે કેટલીક વખત ઘરમાં તદ્દન અવ્યવસ્થિત જણાય છે.

આવા બાળક માટે ઘરના વડિલોએ આખા ઘરનું વાતાવરણ ફેરવવું જોઇએ અને તેના રક્ષણ માટે ખાસ પ્રયત્નો કરવા જોઇએ. અમે તેવા સમૂળા ફેરફાર કરવવામાં મોળા પડયા છીએ.

જે બાળકને આપણે "રાછડા" જેવું કહીએ તે બાળક અમને અતિ તેજસ્વી જણાયું. ટૂંક સમયમાં જ અહીંના પ્રયત્નોથી તે તેનાં ખરા સ્વરૂપે પ્રગટવા લાગ્યું. છ માસના પ્રયત્નો પછી આજે તેને અહીં ખૂબ જ ગમે છે અને સારી રીતે અભ્યાસ પણ કરે છે. પરંતુ હવે તેને ૭ વર્ષ થયાં છે એટલે કોઈ પણ પ્રાથમિક શાળામાં તેને મૂકવું જોઇએ એમ તેના વાલી માને છે. અમે તે માન્યતામાં કાંઈ ફેરફાર કરાવી શકયા નથી.

આ જમાનાને હું "જપાનીઝ યુગ" તરીકે કોઈ કોઈ વખત ઓળખું છું. બીજી દૃષ્ટિએ આ જમાનાનું અવલોકન કરીએ તો તેને "યંત્ર યુગ" કહીએ. કેળવણીના ક્ષેત્રમાં ઝડપી રીતે, સોંઘા અને સસ્તા કાર્યની અપેક્ષા સમાજ રાખે છે. યંત્રની ઝડપે બાળક પાસેથી, અને સોંઘી રીતે સંસ્થાઓ પાસેથી કાર્યની આશા સેવાય છે. પરિણામે જપાનીઝ રમકડાં માફક આપણાં બાળકો, ઉપરછલ્લી ટાપટીપ પ્રાપ્ત કરે છે અને સંસ્કાર, ઓજસ્ અને મર્દાઈ વગરની હિંમતવિહીન પ્રજા આપણે તૈયાર કરીએ છીએ.

યંત્રોએ પ્રત્યેક કળા–કારીગરી અને વસ્તુનું હીર ચૂસવા માંડેલું છે; યંત્રયુગની હીર ચૂસનાર જાળમાં આવાં મોટાં શહેર અનિવાર્યપણે ફસાયાં છે. સમસ્ત સમાજની ભાવના એ યંત્રયુગને બંધબેસતાં થવાની છે. આ ભાવનાની ભયંકર માઠી અસર બાળકેળવણી પર થાય છે.

બાળકોને એવી અસરમાંથી બચાવી લેવાના વિચારો અહીંના કાર્યના બળે, સમાજ સમક્ષ ધરતા રહેવાના અમારા પ્રયત્નો છે.

અહીં કેટલાંક બાળકો એવાં પણ છે કે જેમનામાં, અહીંના સતત સંહવાસ છતાં ધાર્યો ફેરફાર નથી જ થયો.

આવાં બાળકો ઘર અને શાળા તરફથી વિશિષ્ટ વર્તાવ (Special treatment) માગે છે– જે ઉપર જણાવેલા આ જમાનામાં અશકય છે. છતાં સંયોગો અનુકૂળતા આપે છે તે રીતે અમે તે બાળકો માટે પ્રયત્નશીલ છીએ જ.

આ બધા અનુભવો ઉપરથી અમોને વિશેષ ખાતરી થઇ છે કે "સમાજની ચાલુ પરિસ્થિતિ જોતાં, ઘણાં ઘરોમાંથી, બાળકોને બચાવી લેવાની ખાસ આવશ્યકતા છે."

ડૉ. મોન્ટેસોરી આ વિચારને ટેકો આપે છે. તેમણે એક ઠેકાણે સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે "જો ઘરને બાળકની અનુકૂળતા મુજબ ફેરવી શકાય નહિ તો બાળકને ઘરમાંથી ખેસવી લેવું." જો બાળકની ખાતર ઘરનું વાતાવરણ ન જ ફેરવી શકાય તો બહેતર છે કે બાળકને ઘરના સહવાસમાંથી જેટલું બચાવી શકાય તેટલું બચાવી લેવું."

આથી "સહકારી શિશુવિહાર"ની અમારી મૂળ યોજના તરફ અમારી નજર વિશેષ તીવ્રપણે જાય છે.

પરંતુ વો દિન કહાંસે કે મીયાં કે પાઉમેં જૂતી!

ઈશ્વર જો તેવો રૂડો અવસર આપે તો ગુજરાતનાં ચરણે એક એવો અખતરો ધરવાની અમારી મુરાદ છે. એવો એકાદ શાસ્ત્રીય અખતરો, બાળજીવનનાં ઘણાં પાસાંનો અભ્યાસ કરવાની અનેરી તક આપણને આપશે.

અમદાવાદનાં થોડાંક કુટુંબો એકઠાં થાય તો એ સ્વપ્ન સત્ય ઠરે.

પ્રત્યેક કુટુંબ છૂટક છૂટક રીતે જે નાણાં ખરચે છે, તે જ નાણાં સંયુકત પ્રયત્નોથી ખરચાય તો બાળકેળવણીનું એક નમૂનેદાર કાર્ય ગુજરાત સમક્ષ ઊભું થાય. એનો લાભ કદાચ કેવળ ધનિક વર્ગ જ લઈ શકતો હશે તો પણ તેની સુવાસ સમગ્ર બાળજગત માટે હિતપ્રદ નીવડશે. એવા સંયુકત પ્રયત્નો વિના, કેવળ આનગી પ્રયોગો બાળજીવનની ઘણી જરૂરીઆતો પૂરી પાડવામાં અપૂર્ણ નીવડે છે. આથી આજે કે કાલે ઉપર જણાવ્યા તેવા સહકારી પ્રયત્નોની આવશ્યકતા અમદાવાદને જણાશે જ.

આપ કદાચ નહિ સ્વીકારો—છતાં એક ઉલ્લેખ અહીં કરું છું તો માફ કરશો.

આપણા સમાજમાં સૌથી વિશેષ જો કોઇ ત્યજાયેલું હોય તો તે "બાળક" છે. આના પુરાવા માટે હું આપને બહુ ઊંડા નહિ ઉતારું. અમદાવાદમાં જે બાલમંદિરો ચાલે છે તેમાંથી, કેવળ સમાજના જ પૈસાથી ખીલતું એક પણ બાલમંદિર દેખાડશો?

મોટા ભાગના બાલમંદિરો કેવળ આનગી સાહસ તરીકે નભે છે. તેનો શિક્ષકવર્ગ અનેક સંકડામણો સેવીને પોતાના ધ્યેયને વળગી રહી, પોતાનું ટટ્ટૂ જેમ તેમ કરીને હાંકે છે. એવા પ્રયત્નો કરનારની મૂંઝવણો કોઇએ ટાળી છે? આ પ્રશ્નનો જવાબ આપવો ભારે થઇ પડે તેમ છે.

પાંજરાપોળ, દવાખાનાં, કૉલેજો, છાત્રાલયો, તથા અન્ય સામાજિક કે કેળવણીવિષયક પ્રયત્નો કરનાર સમાજે ઘરઆંગણે રમતાં બાળકો માટે કેટલાં બાલમંદિરો ઊભાં કર્યાં?

બાળકેળવણી તરફ આપણા શિક્ષિત વર્ગનું ધ્યાન પણ પૂરતા પ્રમાણમાં નથી ખેંચાયું. સ્નાતકોને—ગ્રેજ્યુએટોને આ ક્ષેત્ર આકર્ષી શકયું નથી કારણકે તેમાં જોઇતું ઉત્તેજન તેમને મળતું નથી જ્યારે આપણો બુદ્ધિશાળી વર્ગ આ ક્ષેત્રમાં જીવી શકશે ત્યારે બાળકેળવણીનો સાચો યુગ મંડાશે.

અમદાવાદમાં બાળકેળવણીના અખતરા છેલ્લા પંદર વર્ષથી થાય છે. કયું બાલમંદિર પોતાના જ વિશાળ મકાનમાં, બાળકોને કેળવણી આપે છે? પ્રત્યેક બા. મં. ને ભાડાના મકાનથી ચલાવવું પડે છે. આનું શું કારણ?

બાલમંદિરોના વાલીઓને જો પોતાનાં બાળકો માટે પડી હોત તો ઘડીના છઠ્ઠા ભાગમાં, કેટલાંય બાલમંદિરો પોતાના જ મકાનમાં બેસી શકત.

અમદાવાદનાં ઘણાં બાલમંદિરોનો યશ તેમના મુખ્ય સંચાલકોને છે.

સરકાર, મ્યુનિસિપાલિટી, ધર્માદા સંસ્થાઓ, લોકલ બોર્ડઝ. પોળોના પંચ, વ્યાપારી મંડળો, આ સૌના હિસાબ જોઈ આવો. તેમને પૂછો, "બાળકેળવણી માટે આપે શું ખર્ચ્યું ?"

આ એક પ્રશ્નમાં આપને ઘણી સાબિતિઓ મળી જશે.

"દેશનું ભાવી તેનાં ટિનકુડિયાં બાળકોમાં છે." આ સત્ય આખો સમાજ ભૂલતો હોય એમ નથી લાગતું ?

આજે આપણી પાસે બાળકેળવણીનો સળગતો પ્રશ્ન અનેક ઉકેલ માગે છે.

Normal (સાધારણ) જણાતાં બાળકોમાં Abnormal (વિષમધારણ / અતિધારણ) કે Subnormal (અલ્પધારણ) તત્ત્વો થોડેઘણે અંશે હોય છે જ. આથી પ્રત્યેક બાળકનું નિદાન શાસ્ત્રીય દૃષ્ટિથી થવું જોઈએ, અને તે જ દૃષ્ટિએ તેનો ઊછેર પણ થવો જોઈએ.

તેમ ન થાય તો બાળક રૂપી દેશનું અણમૂલું ધન વેડફાય.

પશુધન સાચવવની બાયેશ રાખનાર સમાજ સંતતિ રૂપી અમૂલ્ય ધનની ઉવેખણી કરે તે કેમ પાલવે ?

———

સ્વર્ગસ્થ શ્રી. ગિજુભાઈ સ્મારકફંડ માટે અપીલ . . (પાન ૧૯૬ નું ચાલુ)

શ્રી માણેકલાલ હરગોવિંદ પંડ્યા
, છગનલાલ જોષી
,, પરમાનંદ કુંવરજી કાપડિયા
,, શૂરજી વલ્લભદાસ
,, એરચ જહાંગીર તારાપોરવાલા
,, મોતીચંદ ગિરધર કાપડિયા
શ્રી. લીલાવતી બાંડવાલા
શ્રી. સામળદાસ ગાંધી
,, પ્રાણલાલ કીરપારામ દેશાઈ
,, કલ્યાણજી વિ. મહેતા
,, રામનારાયણ પાઠક
,, જમુભાઈ દાણી
,, ઈંદુલાલ ભટ્ટ
,, વજુભાઈ દવે
,, ઉછરંગરાય ઢેબર
,, પોપટલાલ ચૂડગર

નોંધ—નાણાં નીચેના ગમે તે સરનામે મોકલી આપવા વિનંતી છે:

(૧) પોપટલાલ ચુડગર, બેરીસ્ટર-એટ-લો, રાજકોટ સદર.

(૨) ઈંદુલાલ ભટ્ટ, ઠે. ન્યુ એશિયાટીક ઇન્સ્યુરન્સ કું., ભદ્ર-અમદાવાદ.

(૩) રામજી હંસરાજ, ગિલ્બર્ટ બિલ્ડીંગ, બાબુલનાથ સેકન્ડ ક્રોસ રોડ, ચોપાટી, મુંબઈ.

(૪) તારાબેન મોડક, 'શિક્ષણ પત્રિકા' કાર્યાલય હિન્દુકોલોની, દાદર.

ઉપરોક્ત ફંડ શરૂ કરતાં ભરાયેલાં નાણાંની યાદી:

ફંડમાં નીચે પ્રમાણે નાણાં ભરાયાં છે:

રૂ. ૨૫૦૦ અ. સૌ. સરલાદેવી અંબાલાલ સારાભાઈ, શેઠ અંબાલાલ સારાભાઈ તથા તેઓશ્રીનું કુટુમ્બ. અમદાવાદ : રૂ. ૧૦૦૦ શ્રી. પોપટલાલ ચુડગર બેરીસ્ટર-એટ-લો રાજકોટ, રૂ. ૧૦૦૦ શ્રી. હીરાલાલ અમૃતલાલ મુંબઈ, રૂ. ૧૦૦૦ શ્રી. જીવણલાલ મોતીચંદ ચોરવાડ, રૂ. ૧૦૦૦ શ્રી. હેમચંદ મોહનલાલ ઝવેરી પાટણ રૂ. ૫૦૦ શ્રી. પરી મુલચંદ જીવરાજ, લીંબડી, રૂ. ૧૦૦૧ લુણાવાડાના ના. દરબારશ્રી.

આમ આ ફંડ કુલ્લે રૂ. ૮,૦૦૦ ની રકમથી શરૂ થયું છે.

———

બીક—ભય

(બાળકનો કટ્ટર વૈરી)

વેકેશન હતું એટલે બપોરે પડ્યો પડ્યો મેડી પર હું 'mastering fear' નામનું ચોપડું વાંચતો હતો. 'Fear as foe' નામે પ્રકરણ વંચાતું હતું. છોકરાંઓને નાનપણથી ડરાવીને, તેમને અવારનવાર ટોકીને, બીજાં છોકરાં સાથે સરખાવી તેમને હલકાં બતાવીને, તેમનામાં હોય કે ન હોય તેવા દોષો વિષે તેમના કાન કાણા કરીને અને આવી બીજી અનેક રીતે તેમને દુરાશયથી નહિ પણ અણસમજભર્યા સદાશયથી માબાપો અને વડિલો તેમની મોટપણની જિંદગી કેવી રીતે બરબાદ કરે છે એ વાત ચર્યતાં લેખકે એક બાઇનું દૃષ્ટાંત ટાંકયું હતું કે એ બાઇ એટલી બધી શરમાળ અને બીકણ હતી કે બે માણસો બેઠાં હોય એની વચ્ચે આવીને બેસતાં એને મરવાં જેવું થાય. એ બાઇના નાનપણનો ઇતિહાસ એવો હતો કે પડોશમાં રહેતી તેની જ ઉમરની એક છોકરી જોડે તેના રૂપ, ગુણ, આવડત વગેરેની સરખામણી કરી કરીને એને એની માએ એવી કરી મૂકી હતી કે જો હું કોઇ બે માણસ વચ્ચે જઇને ઊભી રહીશ તો મારી સરખામણીમાં હું હલકી જ લેખાઇશ એવી જ એક બીક એના મનમાં ઘર કરી ગઇ હતી.

ત્યાં નીચે કોઇ બોલતું સંભળાયું અને મેં કાન માંડયા તો જણાયું કે કોઇ બૈરાં મારી પત્ની પાસે બેસવાં આવ્યાં છે. એક મધ્યમ વયની બાઇ અને તેની દસ અને આઠ વર્ષની બે દીકરીઓ હતી.

વાતો ચાલતી હતી.

'આ મોટી બહેન જરા નબળાં બાંધાની છે બરું? નાની તંદુરસ્ત અને ચપળ જણાય છે!' મારી પત્નીએ કહ્યું.

'એમ જ છે ને જુઓને! મોટી માંદી ને માંદી છે જ્યારે આ અરુણા મારી જેવી ધીંગી ધોકા જેવી છે. મોટી જન્મી ત્યારથી આવી જ છે. એની બળતરામાં તો હું રાત દિ' બળ્યાં કરું છું. ભણતરમાં પણ મોંડું ને કામકાજ તો બીજું શું હોય પણ જે કાંઇ હાથે કરવાનું હોય તેમાં ય ભલીવાર ન મળે. આ નાનીનાં કામમાં સફાઇ, બોલવામાં સફાઇ અને ભણવામાં પણ એકવાર શીખવવું જુએ.' બેસવા આવનાર બાઈ બોલી.

ત્યાં ચા આવી. બધાં ચા પીવા લાગ્યાં. ચા ઊની હતી અને રકાબી—પ્યાલા ધાતુના હતા. એટલે પીતાં પીતાં મોટી દીકરીની રકાબી છલકાઇ.

બસ થઇ રહ્યું. મહેમાન બહેન ઉખડી પડ્યાં ને ધબ્બ કરતોકને એક ધબ્બો મોટીનાં વાંસામાં પડ્યો તે મેં સાંભળ્યો. 'અરે અરે, બહેન.....' મારી પત્ની બોલતી હતી, પણ સાંભળે કોણ?

મહેમાન બહેન ડોળા ફાડી ફાડી મોટીને કહેતાં હતાં: 'આંધળી છો? એટલી રકાબીએ ન ઝાલી શકી? મારે તે આ છોકરીનું શું કરવું? કહી કહીને થાકી, મારી મારીને થાકી. હું એને સાથે લાવતી જ નહોતી. ઘેરથી સબદાવી હતી...'

'હોય, એ તો દઝાણું હશે એટલે રકાબી છલકાણી, એમાં શું થઇ ગયું?' મારી પત્ની તેને શાંત પાડવા લાગી.

અને મહેમાન બહેનથી રહેવાયું નહિ એટલે તે રડી પડી. મિનિટ બે મિનિટ આંસુ સારી એ રડતે અવાજે કહેવા લાગી: 'હોય શું, બહેન. હું કેવી ચોખ્ખી ચટાક અને ચબરાક! મારા કોઠામાં આવું જણ્યું ન હોય! રાં...કોક મારી બોલ્યા

સમાજમાં બાળકનું સ્થાન

[તા. ૧૦–૧૨–૩૯ ના રોજ-મદ્રાસ–રેડીઓ સ્ટેશનપરથી બ્રોડકાસ્ટ થયેલું ભાષણ. મંડમ મોન્ટીસોરી તથા મદ્રાસ રેડીઓ સ્ટેશન ડાયરેક્ટરના સૌજન્યથી]

મિત્રો,

હિંદમાં મારા પ્રિય વિષય બાળક પર બોલવાનો લાભ સાચે જ અણુધાર્યો છે. જ્યારે દુનિયાના બીજા પ્રદેશોમાં માણસો ભયાનક લડાઇમાં પ્રવૃત્ત છે ત્યારે બાળકને માટે થોડો સમય આપવો એ સાચે જ સુંદર અને શાંતિ આપનારુ છે.

બાળકમાં એક એવી શક્તિ છે કે જેનો વિચાર હજુ થયો નથી અને છતાં જેની સમાજની રચનામાં જરૂરત છે. માનવજાત બાળક અને મોટેરાંઓ એમ બે વિભાગમાં વહેંચાયલી છે. એ સાચું છે કે એમને બન્નેને જુદાંજુદાં કાર્યો કરવાનાં છે પણ એ કરતાં કરતાં સામાજિક એકતા લાવવામાં એમનો ફાળો અપાવો જોઇએ. આજ સુધી માત્ર મોટેરાંઓનો વિચાર થયો છે પરંતુ આજે મનુષ્યનું ભાવિ ઘડવામાં બાળકની જરૂરીઆતનો વિચાર પણ સમજવા લાગ્યો છે. શારીરિક અને માનસિક બિમારીઓ અને ખામીઓ તથા ચારિત્ર્યના દોષો વગેરેનું મૂળ બાળક અવસ્થામાં દેખાવા લાગ્યું છે. આમાં બધા સહમત છે. પણ આ સાથે એક બીજી હકીકત પણ વિચારવા જેવી છે; અને તે એ કે માત્ર આપણા દોષો જ નહિ પણ સારી વાતોનું મંડાણ પણ બાળપણમાં જ થાય છે. આપણી ખાસિયતોનું ઘડનાર બાળક છે. જે ખાસિયતોને આપણે આપણી પોતાની અને વૈયક્તિક ચારિત્ર્ય તરીકેની વર્ણવીએ છીએ અને જેને આપણે વારસામાં અથવા તો જન્મગત મળેલી માનીએ છીએ તે બધું બાળક જ પ્રાપ્ત કરી આપે છે. દાખલા તરીકે આપણી ભાષા કે જે આપણે સરસ-રીતે બોલીએ છીએ અને જેણે આપણામાં મૂર્ત સ્વરૂપ લીધું છે એનું ઘડતર બાળપણામાં જ થયું છે. બીજી જે ભાષાઓ આપણે મોડેથી શીખીએ છીએ તે પરદેશી ભાષાઓ છે. એ સિવાય બીજી ઘણી શ્રદ્ધાઓ કે જે આપણા સમગ્ર જીવનમાં વણાયલી રહે છે. અને બીજી અમુક આદતો કે જેને આપણે આપણી જાતિમાંથી મેળવી કહોએ છીએ તે બધી બાળક વિકસિત કરી આપે છે અને આપણા વ્યક્તિત્વમાં જડી આપે છે. બીજા શબ્દમાં કહીએ તો બાળક એ માણસનો ઘડનોરો છે અને

ભવની...! મારું તો ઠીક; પણ જેના ઘરમાં જશે એ બિચારોનો ભવ બગડશે. મોટી દસ વરસની થઇ છે પણ આ મારી પાંચ વરસની અરુ જેટલીએ એનામાં આવડત કે શક્તિ નથી.'

પછી તો ઘડીક બેસી આડી અવળી વાતો કરી તેઓ ગયાં.

મારી પત્ની ઉપર આવી અને મને પૂછ્યું: 'શું વાંચો છો પડયા પડયા?'

મેં શરીર મરડતાં અને બગાસું ખાતાં કહ્યું: 'આપણામાં રહેલી બીક ઉપર આપણે વિજય મેળવી શકીએ તે ઉપર એક સરસ ચોપડી વાંચું છું.'

વાંચ્યા કરો ચોપડાં! નીચે એક નાનકડું કરુણ નાટક ભજવાઇ ગયું એ તમે જોયું નહિ પણ સાંભળ્યું હશે. ઓળખ્યાં એને? ઘેલાણી મારતરનાં વહુ. ઘેલાણી તો તમારી પત્રિકામાં લેખ લખ્યાં કરે ને ઘર તો આવું છે!'

હું કાંઇ બોલી શક્યો નહિ, ઉઘાડેલી ચોપડી મારી છાતી પર ઊંધી પડી હતી અને મારી આંખો બંધ હતી.

'અંકુલ'

બીજાઓ કહે છે તેમ કહીએ તો બાળક એ માણસનો પિતા છે.

જ્યારે કોઇપણ સામાજિક ધ્યેયની સિદ્ધિ મેળવવી હોય – જેવી કે દેશની સુધારણા. પ્રજાની આબાદી અને મનુષ્યજાતની ઉન્નતિ વગેરે, ત્યારે આ સિધ્ધિ બાળકદ્વારા સહજ પ્રાપ્ત બનેં છે. દાખલા તરીકે, આ ઉત્તમ તકે જ્યારે હિંદુસ્તાન પોતાની રાષ્ટ્રીય કેળવણીને ઉપાડવા ધારે છે ત્યારે એને માટે એ જરૂરી છે કે એ બાળકના બાલ્યકાળનો ઉપયોગ કરે. આ વસ્તુ આખી જાતિની કિંમતને ચેતનવન્તી બનાવી દેશે અને હિંદના લોકોની એકતા સાધી આપશે. આ સુધારણા વિદ્યાપીઠોથી ન થઇ શકે. એ વાત સાચી છે કે વિદ્યાપીઠોમાં ઉચ્ચ બૌદ્ધિક શિક્ષણ–સંસ્કાર મળે છે પણ ત્યાં માણસજાત પર સીધી અસર ન પહોંચાડી શકાય.

જો કોઇની ઇચ્છા--ધ્યેય એવું હોય કે હિંદના જુદા જુદા સમૂહો વચ્ચે સ્પષ્ટ અને વધુ અસરકારક સમજણ લાવવી અને એ રીતે એકતા લાવવી તો પણ બાળકના ઉપયોગની જરૂર છે. જો હિંદના કલાત્મક અને અધ્યાત્મિક ખજાનાઓને ફરી કીમતી બનાવવા હોય તો બાળકને ભૂલવું ન જોઇએ. માણસો કે જેઓનો વિકાસ અમુક થયેલો જ છે તેઓને એકઠાં કરવાં કે પૂર્ણ કરવાં એ કઠિન છે. સામાજિક પુનર્રચના એમના દ્વારા કરવી એ મુશ્કેલ છે. મોંટેસોરીઓ ઘણા આદર્શો સમજી શકે પણ એને મૂર્તિમંત એ નહિ કરી શકે. તેઓ નવી ભાષાની જેમ બધી નવી વસ્તુઓ સમજે છે અને શીખે છે પણ એ પ્રયત્નપૂર્વક અને ભૂલી જવાનો ભીતિ સાથે. જ્યારે એક વ્યક્તિ મોટી થઇ જાય છે ત્યારે તેના વ્યક્તિત્વમાં, તેના જીવનના વિભાગ તરીકે કોઈ નવી વાત કોતરાઈ શકતી નથી જે તેની જાતિ વિશેષતા કે સ્થાપિત કરી શકે.

હું માનું છું કે જ્યારે બાળક અવસ્થાનાં સાચી કિંમત સમજાશે ત્યારે બાળકને સામાજિક અગત્યતા મળશે. મનુષ્યજાતમાં મોંટેસોરીઓ અને બાળકોનાં જે બે બળો કામ કરે છે તે ત્યારે ઓળખાશે.

જ્યારે કોઇ સ્મારકો, ઇમારતો, મશીનો, કે વિજ્ઞાનની શોધોની રચનાની જરૂર હશે ત્યારે મોંટાસોનો ઉપયોગ થશે. પરંતુ જ્યારે મનુષ્ય સમાજની મહત્તાના ખેડાણની જરૂર હશે અને જ્યારે વધુ પૂર્ણ પ્રકારની સમાજરચનાની જરૂર હશે ત્યારે બાળકની શક્તિના ઉપયોગની જરૂર પડવાની છે.

કેળવણીમાં મારા ફાળાનો ગણના એ માટે થઇ છે કે એણે માણસના ઘડતરમાં જ નહિ પણ સામાજિક પુનર્રચનામાં પણ બાળપણની અગત્ય પ્રાયોગિક અખતરાથી શક્ય બતાવી છે. સામાજિક જીવન માટેની તૈયારી એ બાળપણથી શરૂ થતા અનુક્રમિક અનુભવોથી થવી જોઇએ.

આજ સુધી આ પગલાંઓ માત્ર કુદરતપર નિર્ભર હતાં હવે એ કામ કેળવણીને સોંપાયું છે. એના વડે બાળપણ અને બાળકોને જરૂરી સ્થિતિ પ્રાપ્ત કરાવી આપી એ દ્વારા પ્રચલિત સમાજને જાગ્રત રીતે મેળ સાંધો અપાય છે. જો કોઈ ખાસ પ્રકારની સમાજરચના તરફ મંડાણ કરાવવાં હોય અથવા તો મનુષ્ય સમાજના એકતા કે ઉન્નતિ માટે કંઇ સુધારણા કરવી હોય તો પણ આ જ જાતનો ખાસ અનુકૂળતાઓ કરી આપવી જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો જીવનમાં એવી ઘણી અગત્યની વસ્તુઓ છે કે જે મોઢે કહી ન શકાય દલીલોથી ફલિત ન કરી શકાય, કે હસ્તવ્યવસાયની જેમ હાથના કાર્યથી પ્રત્યક્ષ કરી ન શકાય. એને માત્ર માણસ જ્યારે વિકાસની દશામાં હોય ત્યારે મૂકી શકાય કે જેથી એનું ઘડતર થઇ શકે.

એટલે આપણે બાળકની સામાજિક અગત્ય સમજીએ અને એને માણસનો પિતા તરીકે ઓળખીએ.

અનુ. ચંદુલાલ ભટ્ટ

સ્વર્ગસ્થ શ્રી. ગિજુભાઇ સ્મારકફંડ માટે અપીલ

બાળકોને જ પોતાના ઉપાસ્ય દેવ માનનાર અને બાળશિક્ષણને પોતાનું જીવન અર્પણ કરનાર સ્વર્ગસ્થ ગિજુભાઇનું નામ અને કાર્ય ગુજરાતને સુપરિચિત છે.

શ્રીદક્ષિણામૂર્તિ બાળમંદિર, શિક્ષણપત્રિકા, વસંત બાળશિક્ષણપ્રચારમાળા, દક્ષિણામૂર્તિ બાળ-અધ્યાપનમંદિર અને દક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર મારફત ગિજુભાઇએ આપણે આંગણે બાળ-શિક્ષણનો નવો યુગ ઉતાર્યો; ગુજરાતના દરેક બાળશિક્ષકને બાળદેવનાં દર્શન કરતો કર્યો; ગુજ-રાતની દરેક માતાને સુયોગ્ય માતા થતાં શીખવ્યુ; ગુજરાતના દરેક પિતાને પોતાને ઘેર અવતરેલા બાળકની ઉપાસનાનો મંત્ર આપ્યો; ગુજરાતની સમગ્ર જનતાને આ નવા યુગના નવા દેવને જોવાની શાસ્ત્રીય આંખ આપી.

આપણા આવા ગિજુભાઇ વિદેહ થયા. તેમના સ્વર્ગવાસ પછી ગુજરાતે તેમ જ અન્ય પ્રાંતોએ શહેરે શહેરે શોકસભાઓ ભરીને ગિજુભાઇને પોતાની અંજલિ અર્પી છે; પણ માત્ર શોકસભાથી કે અંજલિઓથી ગુજરાત:ગિજુભાઇનું ઋણ અદા કરી શકે નહિ; સ્વર્ગસ્થ ગિજુભાઇ જે કાર્યને માટે જીવ્યા, જે કાર્યની પાછળ પોતાનું સમસ્ત જીવન ખર્ચી નાખ્યું અને જે કાર્ય કરતાં કરતાં પોતાનો દેહ છોડયો તે બાળશિક્ષણના કાર્યને ચાલુ રાખવું એ જ ગિજુભાઇને સાચી અંજલિ છે. ગિજુભાઇએ આપણને ખુદ આપણાં ઘરમાં ફરતા બાળદેવની પિછાણ કરાવી છે. તેમણે કહ્યું છે કે:

"મંદિરમાં દેવો છે અને ત્યાં બેઠેલા દેવોની પૂજાવિધિ પણ છે; મંદિરોની બહાર પણ દેવો છે અને ત્યાં રહેલાં દેવોની પૂજાવિધિ પણ છે; અને વિરાટ મંદિરોમાં દેવો છે અને સર્વત્ર વિચરતા દેવોની પૂજાવિધિ પણ છે જ.

"બાળમંદિરનાં બાળદેવોની પૂજા આપણને સૌને વિરાટ મંદિરના દેવોની પૂજા તરફ લઇ જાઓ.

"બાળમંદિરના બાળદેવોની પૂજા આપણને સૌને વિરાટ મંદિરના દૈવી સત્ત્વોની નિકટ અને નિકટ લઇ જાઓ.

"બાળમંદિર આપણું વિરાટ ઉપાસનાનું પ્રથમ પગલું થાઓ. બાળમંદિરને આંગણેથી આપણું વિરાટ મંદિર ઊઘડો. બાળમંદિરને આંગણે ઊગેલો સૂર્ય આપણને અનન્ત પ્રકાશથી અનન્ત જ્યોતિનાં દર્શન કરાવો"

મહાત્મા ગાંધીજીએ શ્રી ગિજુભાઇનું જીવનકાર્ય ચાલુ રાખવું જોઇએ તેવી ઇચ્છા નીચેના શબ્દોમાં વ્યકત કરી છે:

"બાળશિક્ષણક્ષેત્રમાં ગિજુભાઇની ગેરહાજરી ક્ષણે ક્ષણે જણાયા કરશે. એ ખોટ ઓછામાં ઓછી જણાય એમ જેઓ ગિજુભાઇનો મંત્ર ઝીલી શકયા હતા તેઓનો કરવાનો ધર્મ છે."

આવી ઇચ્છા શ્રી ગિજુભાઇનાં બાળશિક્ષણનાં જીવનકાર્યને પિછાણનારાં અસંખ્ય સજ્જનો અને સન્નારીઓએ પણ વ્યકત કરી છે.

શ્રી ગિજુભાઇનું જીવનકાર્ય સતત ચાલુ રહે, તેનો સંપૂર્ણરીતે વિકાસ થાય અને તેમણે રચેલી નૂતન બાળશિક્ષણ-પદ્ધતિ પ્રમાણેનું બાળશિક્ષણ સમગ્ર દેશવ્યાપી કરી શકાય તેવું સર્વાંગસંપૂર્ણ બાળશિક્ષણનું મધ્યસ્થ કેન્દ્ર શ્રી ગિજુભાઇનાં સ્મારક તરીકે સ્થાપવું જોઇએ તેમ અમે માનીએ છીએ. તે કેન્દ્રમાં નીચે પ્રમાણે અંગો હોય અને તે કેન્દ્ર મારફતે બાળશિક્ષણની પ્રવૃત્તિનું નિયમન કરી તેને વેગ આપી શકાય તેવી રીતે તેનાં સંચા-લન માટેની યોજના કરવી જોઇએ.

બાળશિક્ષણકેન્દ્રનાં અંગો

(૧) બાળઅધ્યાપનમંદિર
(૨) આદર્શ સર્વાંગસંપૂર્ણ બાળમંદિર
(૩) બાળકલામંદિર
(૪) સર્વાંગસંપૂર્ણ ક્રિડાંગણ
(૫) ગ્રામ્યબાળશાળા
(૬) બાળઉદ્યોગમંદિર
(૭) બાળપુસ્તકાલય
(૮) બાળશિક્ષણ પત્રિકાનું સંચાલન
(૯) બાળજ્ઞાનકોશની રચના
(૧૦) બાળશિક્ષણસાહિત્યની રચના

વગેરે વગેરે

ઉપર પ્રમાણેનું બાળશિક્ષણનું સર્વાંગસંપૂર્ણ કેન્દ્ર સ્થાપવા માટે ઓછામાં ઓછા પાંચ લાખ રૂપિયા જોઇએ એવો અમારો અંદાજ છે; પરંતુ હાલ શરૂઆત કરવા માટે અમે ગુજરાત પાસે એક લાખ રૂપિયાની માગણી કરીએ છીએ; અમને વિશ્વાસ છે કે ગુજરાતના બાળશિક્ષણપ્રેમી સજ્જનો, સન્નારીઓ અને સખી ગૃહસ્થો આ કાર્ય માટે ઉદાર હાથે નાણાં આપી ટૂંક સમયમાં અમારી માગણી પરિપૂર્ણ કરશે અને તેમ કરી ગિજુભાઇ પ્રત્યેનું ઋણ અદા કરશે.

સ્મારક ફંડમાં જેટલાં નાણાં એકઠાં થયાં હશે તેટલાં નાણાંના પ્રમાણમાં ઉપર જણાવેલાં અંગોમાંથી કયાં કયાં અંગોને વેગ આપી શકાશે તેનો વિચાર કરીને તેનો નિર્ણય કરવાની અને તે નિર્ણય પ્રમાણે યોજના કરવાની અમારી જવાબદારી અદા કર્યા પછી જ અમે સૌ આ કાર્યમાંથી છૂટા થશું તેવી ખાતરી અમે જનતાને આપીએ છીએ.

આ ફંડ એકઠું કરવા માટે તેમ જ તે માટે જે જે જરૂરી પ્રવૃત્તિ કરવાની જણાય તે તે પ્રવૃત્તિ કરવા માટે અમારા તરફથી અમે શ્રી પોપટલાલ લવજીભાઇ ચૂડગરને અધિકાર આપી અમારા મંત્રી નીમીએ છીએ અને ફંડમાં ભરાયેલાં નાણાં જમા રાખવા માટે તથા સાચવવા માટે શ્રી. હીરાલાલ અ. શાહ (મુંબઇ) તથા શ્રી. પરમાનંદ કુંવરજી ઝવેરીને (મુંબઇ) સંયુકત કોષાધ્યક્ષ તરીકે નીમીએ છીએ.

ઉપર જણાવેલા અમારા મંત્રી શ્રી. પોપટલાલ લવજીભાઇ ચૂડાગરને તેમ જ જેમને તેમણે લેખિત પરવાનગી આપી હોય તેમને જ ફકત આ ફંડનાં નાણાં ઉઘરાવવાનો અને તેની પહોંચ આપવાનો અધિકાર છે.

શ્રી. બાલગંગાધર ખેર
,, કનૈયાલાલ મા. મુનશી
,, મહાદેવ હરિભાઇ દેશાઇ
શ્રીમતિ સરલાદેવી અંબાલાલ સારાભાઇ
શ્રી. નાનાભાઇ ભટ્ટ
,, ગણેશ વાસુદેવ માવળંકર
,, કીશોરલાલ ઘ. મશરૂવાળા
શ્રીમતી હંસા મહેતા
,, લીલાવતી મુનશી
,, તારાબ્હેન માણેકલાલ પ્રેમચંદ
,, તારાબેન મોડક
શ્રી. જીવણલાલ હરિપ્રસાદ દીવાન
,, ગોપાળદાસ દેસાઇ
,, રામજી હંસરાજ
,, શાંતિલાલ હરજીવન શાહ
,, અમૃતલાલ લક્ષ્મીચંદ ખોખાણી
,, હીરાલાલ અમૃતલાલ શાહ
,, પરી કેશવલાલ મુળચંદ
,, જયકૃષ્ણ નાગરદાસ વર્મા
,, જયંતિલાલ ગિ. શાહ
,, જુગતરામ દવે
,, ભોગિલાલ ઠાકર

(ચાલુ પાન ૧૯૧ ઉપર)

મુદ્રક : કૃ. ના સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪
પ્રકાશક : શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

ગિજુભાઇ સ્મારકફંડ અંક

શિક્ષણ પત્રિકા

(નૂતન બાલશિક્ષણસંઘ)

આદ્ય તંત્રી : સ્વ. ગિજુભાઇ બધેકા

: તંત્રી :

તારાબેન મોડક

ભગીરથ યત્ન

સમાજ તો પ્રવાહપતિત છે.

ચાલુ પ્રવાહમાં તણાઇ જવું એ તેની સહજ પ્રવૃત્તિ છે.

સુધારક ચાલુ પ્રવાહની દિશા બદલવા માગનારો ભગીરથ છે.

સુધારકના કાર્યને યશ ત્યારે જ મળે કે જ્યારે તેનામાં

ભગીરથનો નિશ્ચય હોય
ભગીરથની શક્તિ હોય
ભગીરથનો પ્રયત્ન હોય
ભગીરથનો ઉદ્યોગ હોય

નોંધ અને સમાચાર

અંગત પત્ર : ગિજુભાઇ સ્મારક ફંડમાં નાણાં મોકલવા માટે પોતાના મિત્રને લખવા માટેનો અંગત પત્રનો એક નમૂનો અન્યત્ર છપ્યો છે. અંગત જ હોય ને ખાસ મિત્ર હોય એટલે અમે નમૂનો આપ્યો છે પણ તેથીયે ઘણો લાંબો અને હૃદય હલે એવો કાગળ મિત્રોને અંગત રીતે લખી શકાય છે. વિનતિ એટલી જ છે કે પત્રિકાના ગ્રાહકો તો મુ. ગિજુભાઇ સાથે સીધા પરિચયમાં આવેલા અને તેમના મહાન્ કાર્યથી તેઓ પૂરા વાકેફ હોય એટલે તેઓ આ કાર્યમાં બનતી મદદ કરશે જ પણ તેમણે પોતાના અંગત મિત્રોને અંગત કાગળો લખીને મદદ કરવા સંબંધે આગ્રહભરી સૂચના કરવી એવી અમારી કે સૌને વિનતિ છે. આશા છે કે તે વિફળ નહિ જ જાય.

સંધીઓને: આ વર્ષનો આ છેલ્લો અંક છે. આવતે મહિનાથી નવું વર્ષ શરૂ થશે. એટલે આપ સૌ આપનું નવા વર્ષનું લવાજમ મોકલશો ને તેની સાથે જ સ્વ. ગિજુભાઇના સ્મારક ફંડમાં ભરવા માટે આપ આપનો ફાળો મોકલશો. લવાજમની સાથે આ રકમ મોકલવાનું સહેલાઇથી થઇ શકશે. શ્રી. પોપટભાઈ તો બહારથી લોકોને મળીને, તેમને આ કાર્યની મહત્તા સમજાવીને નાણાં ભેગાં કરેજ છે, અને આજની ગતિએ જોઇએ તો તેમણે ધાર્યું છે તેથી પણ વધારે મોટું ફંડ થઈ જાય તો નવાઇ નહિ. પણ નૂતન બાલશિક્ષણ સંઘ, કે જેમની વચ્ચે સ્વ. ગિજુભાઇએ ૧૪ વર્ષ સુધી નિસ્વાર્થ ભાવે અખંડ સેવા આપી તે સંઘ તેમના સ્મારક માટે શું કરશે? આપણા આજે લગભગ ૪૦૦૦ સભાસદ છે. દરેક સરખી રીતે રૂપિયા પાંચ મદદ આપે તો એક મહિનામાં આપણે સંઘ તરફથી ફંડમાં વીસ હજાર રૂપિયા ભરી શકીશું. એટલે દરેક ગ્રાહકે ઓછામાં ઓછા રૂપિયા પાંચ આપવાનો નિશ્ચય કરવો. ને જે વધારે આપી શકે એવી સ્થિતિમાં હોય તેમણે જેટલું વધારે આપી શકાય તેટલું આપવું. એટલે બધાંના મળી સરાસરી રૂપિયાં પાંચ દરેકને ભાગે જતાં વાર ન લાગે.

સ્વ. ગિજુભાઇની સેવા અપાર હતી. તેમણે જે કાર્ય કર્યું છે તે આગળ ચલાવવાની આવશ્યકતા જોતા સંઘ તરફથી આટલું તો ઘણીજ ખુશીથી થઇ જશે એવી અમને શ્રદ્ધા છે.

એકી સાથે જે કોઇ રૂપિયાં પાંચ ન આપી શકે તે પાંચ વર્ષ સુધી દરવર્ષે રૂપિયા એકને બદલે રૂપિયા બે લવાજમ મોકલી રૂપિયા પાંચ ભરી શકે. મનનો નિશ્ચય હોય, મનની ધગશ હોય, તલસાટ હોય તો રસ્તા અનેક જડી આવશે.

સ્વ. ગિજુભાઇના નામથી નાખેલી આટલી ટેલ સંધીઓ સ્વીકારશે જ.

ડૉ. મૉંટીસોરીનું ગુજરાતમાં આગમન

સૌ. જાણીને ખુશી થશો કે નૂતન બાલશિક્ષણના પ્રણેતા અને સ્વ. શ્રી. ગિજુભાઇને પ્રેરણા આપનાર, દુનિયાના મહાન ફિલસૂફ ને કેળવણીકાર ડૉ. મેડમ મોન્ટીસોરી તેમના ૭૫ મે વર્ષે અમદાવાદમાં પધારવાના છે. આ રીતે ઘર બેઠાં આપણને એમનો લાભ મળશે. નૂતન બાલ શિક્ષણ સંઘ તરફના આમંત્રણને સ્વીકારી એમણે આપણને સૌને ખૂબ આભારી કર્યાં છે. કોઈ અણધારી અડચણ ઊભી નહિ થાય તો તેમના ભત્રિજા શ્રી. મોન્ટીસોરી સાથે તેઓ માર્ચનાં છેલ્લા

અઠવાડિયામાં અમદાવાદ આવી પહોંચશે અને ઓછામાં ઓછા બે દિવસ ત્યાં રોકાશે.

તે પ્રસંગે, બાલશિક્ષણ માટે કામ કરતા શિક્ષકો માટે એક ખાસ સભા થશે; એક સભા માબાપો અને બાલશિક્ષણમાં રસ લેનાર જનતા માટે રહેશે; અને એક પ્રસંગ પ્રશ્નોત્તર માટે રાખવામાં આવશે. તે સિવાય બાળકોનાં અને બાળકો માટે શિક્ષકો કે મોટેરાંઓએ, તૈયાર કરેલાં કામનું પ્રદર્શન તેમજ થોડો રંજનનો અને હળવા-મળવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવશે

ડૉ. મોન્ટીસોરીના દર્શનનો અને વ્યાખ્યાનનો લાભ બહાર ગામનાં ભાઈબહેનો પણ મોટી સંખ્યામાં આવીને લે એમ અમે ઇચ્છીએ છીએ. પરંતુ એ મહેમાનો માટે ઉતારા વગેરેની કાંઈ વ્યવસ્થા અમે કરી શકીએ તેમ નથી. એટલે તેઓને વિનંતિ કરીએ છીએ કે દરેક પોતાની સગવડ કરી લે પણ આ પ્રસંગનો લાભ લેવાનું ચૂકે નહિ.

કાર્યક્રમ બધો અંગ્રેજીમાં થશે, કેમકે ડૉ. મેડમ મોન્ટીસોરી ઇટાલિયન ભાષામાં બોલે છે. અને તેમના ભત્રિજા શ્રી. મોન્ટેસોરી તેનું ભાષાંતર કરે છે. બનશે તો તેનું ગુજરાતીમાં ભાષાંતર કરવાની અથવા ટૂંક સાર કહેવાની ગોઠવણ કરવામાં આવશે. તમારી તરફથી અગર તમારી શાળા તરફથી પ્રદર્શનમાં જે કંઈ મોકલવું હોય તો તેની તૈયારો કરવા લાગશો. બાલવિભાગમાં કોઇની મદદ વગર બાળકે જ કરેલું કામ મુકાશે અને બીજા વિભાગમાં મોટાંઓએ બાળકો માટે કરેલી વસ્તુઓ મુકાશે. આ સંબંધી પ્રદર્શન વિભાગના મંત્રી પાસેથી વિશેષ સૂચનાઓ મળી શકશે અને વખતોવખત છાપાઓમાં પણ સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવશે.

પ્રશ્નોત્તર વખતે પૂછવા જેવા સવાલો મોકલવા હોય તેમણે તા. ૧ લી માર્ચ સુધીમાં મળી જાય તેવી રીતે મંત્રી, નૂતન બાલશિક્ષણ સંઘ, ઉમા સદન, ૪ થી ગલી, હિન્દુ કોલોની, દાદર. એ સરનામે મોકલવા.

આ પ્રશ્નોનું વર્ગીકરણ કરી તે પ્રશ્નાવલી ડૉ. મેડમ મોન્ટીસોરીને અગાઉથી પહોંચાડવામાં આવશે. તેમાંથી વખત અને મહત્ત્વના પ્રમાણમાં બને તેટલાના તેઓ આ સંમેલન વેળા ઉત્તરો આપશે.

સરોજબેન યોધ,
તારાબેન મોડક,
મંત્રીઓ
નૂતન બાલશિક્ષણ સંઘ,
દાદર

અગત્યની સૂચના

આ માસિક દરેક મહિનાની વીશમી તારીખે ગ્રાહકોને રવાના કરવામાં આવે છે. ત્યાર પછીના પહેલા અઠવાડિયામાં જો અંક ન મળે તો ગ્રાહકે પોતાનો ગ્રાહક નંબર લખી ખબર આપવાથી તે અંક મોકલી આપવામાં આવશે.

સરનામાનો ફેરફાર તુરત જણાવવો.

પત્રવ્યવહાર લખતે ગ્રાહકનંબર અવશ્ય લખવો.

લવાજમના દર

દેશમાં	પરદેશમાં	બ્રહ્મદેશમાં
રૂ. ૧-૦-૦	શિ. ૨	રૂ. ૧-૪-૦

વ્યવસ્થાપક, **શિક્ષણપત્રિકા**
ઉમાસદન, હિન્દુ કોલોની, ૪ થી ગલી
દાદર, **મુંબઈ ૧૪**

સ્વ. ગિજુભાઇ સ્મારક સમાચાર

મદ્રાસની પહેલ

ડૉ. મે. મોન્ટેસોરીના હિન્દમાંના આગમનને લીધે સ્વ. ગિજુભાઇના શિષ્યોનો એક મોટો સમૂહ મદ્રાસ પહોંચ્યો છે. તેઓએ પોતાના કાર્યની ને બુદ્ધિની તેજસ્વીતાનો પરિચય ડૉ. મે. મોન્ટેસોરીને આપ્યો છે એટલું જ નહિ પણ મદ્રાસ ખાતે વસતી ગુજરાતી જનતાને પરિચય કરાવ્યો. પરિણામે મદ્રાસના ગુજરાતી મંડળે 'સ્વ. ગિજુભાઈ સ્મારક સમિતિ'નાં કાર્ય માટે શ્રી. પોપટલાલ ચુડગર, શ્રી. તારાબેન મોડક વગેરેને આકર્ષ્યાં. તેઓ ત્યાં પહોંચ્યા એટલે પોતાનું જ કામ હોય તે રીતે બબ્બે વાર ભેગા થયા. આર્યભવનના માલિક શ્રી. માણેકજી શર્માએ રૂ. ૫૦૧ થી શરૂઆત કરી ને ત્રણ દિવસમાં ત્રણ હજાર ભરાયા. આમ મદ્રાસે મહાગુજરાત ખાતે સુંદર પહેલ કરી. હૃદયના અભિનંદન હો!

એક વિદ્યાર્થીના રૂ. ૧૦૧

સ્વ. ગિજુભાઇ થેલીની શરૂઆત થતાં જ વિદ્યાર્થીઓમાંથી શ્રી. જગન્નાથ ગોરે રૂ. ૧૦૧ ભરીને પહેલ કરી હતી. આ રીતે તે ભાઈ પાછા સામેથી આવીને શરૂ કરે છે. તેઓ પોતાના કાગળમાં તેટલી જ રકમ ભરીને 'પુણ્ય બાપુજીના સ્મારકમાં' એમ લખે છે. સ્વ. ગિજુભાઇ સાચે માત્ર તેમનાં બાળકોના 'બાપુજી' નહતા. પણ હજારો બાળકો અને વિદ્યાર્થીઓના 'બાપુજી' બન્યા હતા. પણ બાપુજીનો સાચો વારસદાર તો બાપુએ સ્થાપેલી પેઢીનો વાવટો ફરકતો રાખે તે છે. સ્વ. ગિજુભાઇના વિદ્યાર્થીઓ આ વિચાર દૃષ્ટિ સમક્ષ રાખે એવી આશા છે. શ્રી. ગોર અટકેથી અટકી નહિ જાય. આ વેળા તો ફાળો પૂરો કરવાની જવાબદારી તેમના જેવા સ્વ. ગિજુભાઇના વારસદારોની છે. એટલે આસપાસથી બને તેટલી રકમ ભેગી કરીને પોતાની રકમથી દશ ઘણી રકમ ભેગી કરશે. પછી ભલેને તે રકમ નાની રકમોથી બનેલી હોય.

પરિપત્રો

કાર્યાલય તરફથી દરેક વિદ્યાર્થી અને દરેક બાળમંદિર સ્મારક ફાળો એકઠો કરવાનું કેન્દ્ર બને એવી અપેક્ષાથી 'સ્વ. ગિજુભાઇના પ્રિય વિદ્યાર્થીઓને' અને 'શિક્ષણ સંસ્થાઓને' એમ બે પરિપત્ર પાઠવવામાં આવ્યાં છે. (આ પરિપત્રો આ અંકમાં અન્યત્ર છાપવામાં આવ્યા છે.) સરનામાને અભાવે ન મળે તેને માટે લખવાનું કે કાર્યાલય સાથે આ બાબતમાં સીધો સંબંધ દરેક જણ બાંધી લે અને કામ શરૂ કરશે એવી વિનતિ છે.

નીચેના ગામોમાં કામ શરૂ થયું છે.

૧ શ્રી. વજુભાઇ દવેઃ મદ્રાસ, અમદાવાદ.
૨ શ્રી. રેવાશંકર મહેતાઃ નવી ગુજરાતી શાળા, દોલતખાના, અમદાવાદ.
૩ શ્રી. નટુભાઈ બરાનપુરીઆઃ બાળમંદિર, ડભોઇ. (વડોદરા રાજ્ય)
૪ શ્રી. પ્રભુલાલઃ સ્વ. વિ. ઝ. બાળમંદિર, ભાદરણ (વડોદરા રાજ્ય)
૫ શ્રી. સૂર્યકાન્ત ગોપાળદાસ દેસાઇ, વસો.
૬ શ્રી. તંત્રીઓ, 'બાલજગત' કારંજ, ભદ્ર, અમદાવાદ.

બીજાઓ પ્રમાણપત્ર, કાચી પહોંચ બુકો અને સાહિત્ય નીચેના સરનામેથી મંગાવી લે.

ઇન્દુપ્રસાદ ભટ્ટ, સહમંત્રીઃ સ્વ. ગિજુભાઇ સ્મારક સમિતિ, રંગીનવાલા બિલ્ડીંગ ભદ્રપાસે, અમદાવાદ.

અમદાવાદમાં જાહેર સભા

સ્મારકની યોજનાના પ્રચાર માટે તા. ૧-૨-૪૦ ગુરૂવારે અમદાવાદ ખાતે 'હંસરાજ પ્રાગજી હોલ'માં જાહેર સભા થઇ. સભાની શરૂઆતમાં શ્રી. ઇન્દુપ્રસાદ ભદ્રે મુખ્ય વકતા શ્રી. પોપટભાઈ ચુડગરને "ગિજુભાઇના અવસાનથી રાંક બનેલી બાળકેળવણીની વકીલાત કરવા કાયદાની બેરીસ્ટરી ત્યજીને આવેલા બેરિસ્ટર તરીકે" ઓળખાવ્યા હતા.

શ્રી. પોપટભાઇના નીચેના ઉદ્‌ગારો નોંધી લઇએ.

"ગિજુભાઇએ લોકમાં બાળશિક્ષણની દૃષ્ટિનો પ્રચાર કરી સુંદર ભૂમિકા ઊભી કરી છે. હવે તો આંતરિક કાર્યની જરૂર છે. ને આ યોજનાનો હેતુ પણ આ અગત્યતાની ખોટ પૂરવાનો છે.

"ગુજરાત–મુંબાઇના ઉત્તમ પ્રતિનિધિત્વવાળી સ્મારક સમિતિ તરફથી હું ફાળાની ટહેલ નાખું છું. છ સાત દિવસ જ મેં આપ્યા છે. ને અગિયાર હજાર ભરાયા છે. આથી મારી શ્રદ્ધા દૃઢ થઇ છે.

"ગુજરાતમાં સ્વતંત્ર વિદ્યાપીઠ પ્રભુકૃપાએ થોડા વખતમાં સ્થપાશે તે પ્રસંગે આ મધ્યસ્થ બાલશિક્ષણ કેન્દ્ર 'બાલવિદ્યાપીઠ' રૂપે પૂરક બનશે.

"આજે સૂંઠને ગાંગડે ગાંધી થયેલા બાળ શિક્ષકોથી બાળકેળવણીની કુસેવા થઈ રહી છે. સડો કાઢવાનું અને સેવાભાવી લાયકાતવાળા બાળશિક્ષકો પૂરા પાડવાનું કામ આ કેન્દ્ર કરશે અને ઉત્તમ બાલસાહિત્ય અને શિક્ષણસાહિત્ય પ્રગટ કરશે. અને બે પાંચ વર્ષે લોનફંડ દ્વારા બાળમંદિરોને મદદ પણ આપી શકશે."

અમદાવાદ મ્યુનિસિપાલીટીના માજી વિદ્યાધિકારી શ્રી. પ્રાણલાલ દેસાઇએ યોજનાને ટેકો આપતાં કહ્યું કે લેભાગુ બાળશિક્ષકોથી લાભને બદલે હાનિ થવાની છે. ગુજરાત પોતાના ઉત્તમ સેવકોની કદર કરે છે ને સ્વ. ગિજુભાઇના કાર્યને પણ આગળ ધપાવશેજ.

અંતમાં મુંબઈ ધારાસભાના પ્રમુખ માનનીય ગણેશ વાસુદેવ માવળંકરે ઉપસંહાર કરતાં જણાવ્યું હતું કે,

"બાળકેળવણીજ પાયાનું શિક્ષણ છે.

"આજે બાળશિક્ષણ સ્વપ્નવત નથી. પરંતુ સ્વ. ગિજુભાઇની સેવાથી રાષ્ટ્રીય જીવનના ઉદ્ધાર માટે એક મહત્ત્વનું અંગ બન્યું છે.

"આ યોજનાથી ગુજરાતની બાળકેળવણી સંગઠીત થશે."

ગ્રામવિદ્યાર્થીઓનો ભાવ

ગુજરાતના જાહેરજીવનના નકશામાં વેડછીનો સ્વરાજ્ય આશ્રમ એક જગમશહૂર બારડોલી તાલુકાનું મધ્યસ્થ કેન્દ્રરૂપ છે. ત્યાં બહાદૂર ખેડૂતોના અને મુકત થયેલા હળપતિઓના બાળકો તાલીમ લઈ રહ્યાં છે. આ આશ્રમના વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ રૂ. ૩૦ જેટલી રકમ મોકલી આપી નમૂનેદાર પાઠ આપ્યો છે અને સ્વ. ગિજુભાઈ પ્રત્યે તથા બાલશિક્ષણની પ્રત્યે સુંદર ભાવ દર્શાવ્યો છે. હુન્નરો ભરનારના જેટલાં જ આ દાનનાં મૂલ્ય છે અને કંઈક અંશે તેથી વધારે પણ. હાથમહેનતને પ્રધાનપણે રાખી સેવાભાવ અને ત્યાગી જીવન જીવતાં બાળકો અને શિક્ષકો પોતે બચાવીને–એટલે તેટલું સંકટ વહોરીને પણ–મોકલી આપે છે તે હુન્નરો વિદ્યાર્થીઓ અને શિક્ષકોને માટે બોધદાયક છે. આવા ભાવભર્યા હુન્નરો દાતાઓ આ બાળશિક્ષણના મધ્યસ્થ કેન્દ્રના ફાળાનાં પાયામાં હશે તો તે ઉપર એક સુંદર સર્વાંગી સેવાપરાયણ સંસ્થા થશેજ તે વિષે શ્રદ્ધા આપોઆપ બેસે છે.

ફાળો ઉઘરાવનારમાં વધારો

૫ શ્રી. ગંગારામ વરૂ. પોસ્ટ વાંકુ. (કચ્છ)

૬ શ્રી. પ્રભુદાસ ઘોળકિયા. સદન વાડી (કચ્છ(

ડૉ. મેડમ મૉંટીસોરીને દર્શને

આજ કેટલાંએ વર્ષોથી અમે આ પ્રસિદ્ધ તત્ત્વચિંતક શિક્ષણતજ્ઞ બાઇના દર્શન કરવા ઉત્સુક હતાં.

તેની સુસંધિ અમને ગયા મહિનામાં પ્રાપ્ત થઈ. મદ્રાસ શહેરની પાસે અડ્યારની થિઓસોફિકલ સોસાયટીનું સુંદર ધામ, દરિયાકિનારે આવેલ આ સુંદર સંસ્થામાં અમે ડૉ. મૉંટીસોરીના દર્શન પામ્યાં.

ડૉ. મૉંટીસોરીનો ભવ્ય સુંદર ચહેરો જોઇ મન પ્રસન્ન થયું.

સિત્તેર વર્ષની ઉમરે આ વૃદ્ધ સ્ત્રીના ચેહેરાપર ઘડપણની છાયા જરા પણ દેખાતી નથી. તેમના ચેહેરાપર માનવજાતિપ્રત્યેનો ઉત્કટ પ્રેમનો ભાવ સ્પષ્ટ પ્રગટ થાય છે. તેમની પ્રેમાળ નજર આપણા તરફ ફરે ત્યારે કોઇ દૈવી વ્યક્તિનાં આશિષ આપણા ઉપર ઊતરતા હોય એમજ લાગે અને અજાણે પણ આપણું શિર તેમને નમન કરવા ઝૂકી જાય છે.

ગુજરાતની જનતા મોટે ભાગે તેમનું ચરિત્ર જાણે જ છે. તેમણે કેટલો અભ્યાસ કર્યો છે, તેમની વિદ્વત્તા કેટલી મહાન્ છે એ સૌ જાણે છે. છતાં આવતા અંકમાં ડૉ. મૉંટીસોરીનું ટૂંકું ચરિત્ર ફરીથી આપવાનો વિચાર છે.

ડૉ. મૉંટીસોરી સામે જોઇને મન આશ્ચર્યમુગ્ધ થઇ જાય છે અને હજી સુધી તેમનું સંશોધન કાર્ય પૂર્ણ જોશથી ચાલુજ રહ્યું છે એ જોઇ પુલકિત થઈ જવાય છે.

અમારી કલ્પના હતી કે અત્યારસુધી તેમણે કરેલા સંશોધન ઉપરથી તેમણે કેટલાં એક ભાષણો તૈયાર કરી રાખ્યાં હશે; અને ઘણાંખરાં તો તેમને મોઢેજ થઇ ગએલાં હશે; અને તેજ ભાષણો તેઓ બધે આપતાં હશે. પરંતુ તેમનો ક્રમ જુદોજ દેખાય છે. દરેક વ્યાખ્યાનની તેઓ નવેસરથી તૈયારી કરે છે. તેમજ સભામાં કે બીજે તેમને ભાષણો આપવાના હોય તો તે માટે પણ તેઓ વિચારપૂર્વક તૈયારી કરે છે. વખત આપે ઊભા થઇને ગમે તેમ થોડુંઘણું બોલી નાખવું એવું તેઓ કરતાં નથી.

સાગરકિનારે આવેલાં તેમના શાંત ને પ્રશસ્ત બંગલામાં બેઠાં બેઠાં તેઓ આજે પણ પોતે મદ્રાસને કિનારે મળતાં છીંપલા, શંખલા આદિનું અવલોકન કરે છે અને કીટક જીવનનો અભ્યાસ ચાલુ રાખે છે. ચિત્રો આલેખવા અને તખ્તાઓ તૈયાર કરવાકરાવવાનું કામ પણ પોતે જાતે જ કર્યા કરે છે. તેમને બાળક માત્ર બાળક તરીકે જ દેખાય છે. હિંદનું બાળક, યુરોપનું બાળક શ્રીમંતનું બાળક, કે ગરીબનું બાળક એવાં ભેદ તેમને દેખાતાં નથી. દેશકાલથી અબાધિત એવી માનવ જાતિની બાલ્યાવસ્થા એજ તેમના અભ્યાસનો વિષય છે.

સર્વદેશીય અર્થાત્ વસુધૈવ કુટુંબકમ્ તેમનો આત્મા છે. તેમનો વૈજ્ઞાનિકનો જીવ છે. પ્રયોગ અને વિચાર એ તેમની સંશોધન પદ્ધતિ છે. નવાં નવાં સાધનો ઊપજાવી કાઢવાં જેટલી તાજગી અને બુદ્ધિનું નાવિન્ય તેમનામાં વસે છે. કોઇપણ શિક્ષણ વિષયક પ્રશ્ન લઇ તે ઉકેલવાની તેમને હોંશ છે.

આવી જગદ્વિખ્યાત શિક્ષણ સંશોધક વૈજ્ઞાનિક તત્ત્વચિંતક કેળવણીકાર આ મહિનામાં હિંદુસ્થાનમાં પ્રવાસે નિકળવાના છે. કદાચ તેઓ હિંદને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવે એ પણ સંભવે છે.

તેમના સહવાસનો આપણા દેશને લાભ મળે એમ ઇચ્છીએ છીએ. આજના આપણા શિક્ષણવિષયક જ્વલંત પ્રશ્નોનો ઉકેલ કરવામાં તેમનો અનુભવ અને પ્રતિભા આપણને સહાયભૂત થાય એમ ઇચ્છીએ છીએ.

પરમેશ્વર તેમને લાંબું આયુષ્ય આપે!

તારાબેન

મદ્રાસના બ્રહત્ ગુજરાતીઓ

ગયા મહિનામાં શ્રી પોપટલાલ ચુડગર, શ્રી ભોગીભાઇ ઠાકર અને હું મદ્રાસ ગયા હતાં. ત્યાંના ગુજરાતી ભાઇબ્હેનોએ અમને એટલે અમારા કામને ઘણોજ સરસ હાર્દિક આવકાર આપ્યો. તે બધાંએ શ્રી પોપટભાઇની થૈલી તો દ્રવ્યથી છૂટે હાથે ભરી દીધી જ; પણ તેથીયે વિશેષ તેમણે બતાવેલો પ્રેમ અને ઉત્સાહ છે જે હમેશને માટે હૃદયમાં રહી જ જશે.

સ્વ. ગિજુભાઇ તો કોઈ દિવસ મદ્રાસ ગએલાં જ ન હતા. છતાં તેમની કીર્તિ આટલે દૂર સુધી પ્હોંચી ગઇ હતી. ત્યાંના સૌ જાણે મુ. ગિજુભાઇના અંગત મિત્રો હોય એટલો ભાવ, આદર અને ઉત્સાહ ત્યાં ગિજુભાઇ માટે અને તેમના કામ માટે બતાવતાં હતા. તે ભાવ તેમણે માત્ર બોલી બતાવેલો નહિ પણ કરીને કૃતિમાં દેખાડી દીધો છે. થોડા જ દિવસ પહેલાં મદ્રાસમાં એક બાલ-મંદિર ડૉ. મૉંટીસોરીને હાથે તેમણે ખુલ્લું મૂકયું, ત્યાં મુ. ગિજુભાઇનું કાર્ય આગળ ધપાવવાની તેમની ધગશ દેખાઇ આવે છે.

સૌ ગુજરાતીઓ માટે એક જાહેર સભા ભરાણી હતી. જ્યાં ત્યાંના ભાઇબ્હેનો સારી એવી સંખ્યામાં ભેગાં મળ્યાં હતાં. અઘારમાં ડૉ. મોંટીસોરી પાસે ભણવા ગએલાં વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓમાંથી પણ ઘણાં ત્યાં આવેલાં. તેમાંના ઘણાંખરાં તો મુ. ગિજુભાઇના શિષ્યો અગર મિત્રો જ હતા. મુ. ગિજુભાઇના જન્મસ્થળ અને કાર્યભૂમિથી આટલે દૂર બેઠાં છતાં જાણે ભાવનગરમાંજ બેઠાં હઇએ એવું લાગતું હતું. લગભગ બે કલાક સભા ચાલી. પહેલાં શ્રી ભોગીભાઇ ઠાકરે સ્વ. ગિજુભાઇને લાગણીપૂર્વક શ્રદ્ધાંજલિ આપી. પછી શ્રી. તારાબ્હેને સ્વર્ગસ્થનું કામ કેવી રીતે આસ્તે આસ્તે વિસ્તૃત રૂપ લેતું ગયું અને આજે તે કેટલા બ્હોળા રૂપમાં આપણી આગળ છે અને આપણી મદદ માગે છે તે ટૂંકમાં બતાવ્યું. તે પછી શ્રી. પોપટભાઇએ દોઢ કલાકસુધી સ્વર્ગસ્થનું જીવન-ચરિત્ર અને કાર્ય સવિસ્તારથી વર્ણવ્યાં. અને જનતાને સ્વ. ગિજુભાઇના સ્મારક ફંડમાં નાણાં ભરી તે કામ ચિરંજીવી કરવાની ઘણીજ અસર-કારક વાણીમાં માગણી કરી. ત્યારપછી ત્યાંના ગુજરાત મંડળના ઉત્સાહી અને કાર્યચતુર સેક્રેટરી શ્રી નાનાલાલ ભટ્ટ જે પ્રમુખસ્થાને હતા તેમનું પ્રસંગ યોગ્ય એવું ભાષણ થઇ સભા સમાપ્ત થઇ. આવી રીતે બે થી અઢી કલાક સૌએ મળી સ્વ. ગિજુભાઇના સાન્નિધ્યમાં ગાળ્યાં. તેમનાં કાર્યની મહત્તા ગાવામાં ગાળ્યા. પરિણામે સૌ એક બીજાંના નજીકનાં સંબંધીઓ છઇએ એવી જ ભાવના પ્રગટ થઇ. સ્વ. ગિજુભાઇ સ્મારક ફંડમાં ત્રણ હજાર જેટલા રૂપિઆ ત્રણ દિવસમ ભરાણાં.

શ્રી. નાનાલાલભાઇએ ત્યાંની કન્યાશાળા અને બાલમંદિરનું કામ આગળ ધપાવવા માટે ખૂબ જ મેહનત લીધેલી દેખાય છે. તેમણે ખૂબ હોંશથી તે સંસ્થાઓ બતાવી. મુશ્કેલીઓ તો સૌને જ હોય, પણ તેમાંથી માર્ગ કાઢવાની ધગશ જોઇ સંતોષ થયો. આજે ત્યાંના બાલમંદિરને ડૉ. મૉંટીસોરીને હાથે ખુલ્લી મુકએલી હિંદની પહેલી સંસ્થા થવાનું માન છે. એ માનને છાજે એવી રીતે તે ફાલશે, ફૂલશે અને દક્ષિણની એક આદર્શ સંસ્થા બનશે એવી આશાઓ બાંધી શકાય.

મારી દક્ષિણની યાત્રા આમ સવ રીતે સફળ થઈ.

તા.

શ્રી ગિજુભાઇને અપાએલ સ્મરણાંજલીઓમાંથી કેટલાંક અવતરણો

મહાત્મા ગાંધીજી

બાળશિક્ષણ ક્ષેત્રમાં ગિજુભાઇની ગેરહાજરી ક્ષણે ક્ષણે જણાયા કરશે. એ ખોટ ઓછામાં ઓછી જણાય એમ જેઓ ગિજુભાઇનો મંત્ર ઝીલી શકયા હતા તેઓનો કરવાનો ધર્મ છે.

કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાર

ગુજરાતના ઊછરતા બાળકનૈયાની સ્નેહલ માતા જેવા પ્રસિદ્ધિ પામેલા ગિજુભાઇના અકાળ અવસાને જાણે ગુજરાતને માતા વિહોણું કીધું હોય તેવું ભાસે છે. પંદર વરસપર ભાવનગરમાં દક્ષિણામૂર્તિ ભવન જોવા જવાની મને તક મળી હતી ત્યારે મને ગિજુભાઇનો પ્રથમ પ્રસંગ પડયો હતો, અને ગિજુભાઇની નિશાળ નહિ પણ બાળવાટિકા જોઇને હું બહુ પ્રસન્ન થયો હતો. ગુજરાતને નવીન બાળશિક્ષણનો શુદ્ધ ખ્યાલ આપનાર પ્રથમ ગિજુભાઈ જ હતા. અને પ્રભુએજ જાણે એમને બાળકોના પયગમ્બર કરીને પૃથ્વીપર મોકલ્યા હતા. નવું ગુજરાત જ્યારે ઘડાવા માંડયું છે ત્યારે ગિજુભાઇ જેવા સાચા અને પયગમ્બરી શિક્ષકની ખોટ આપણ સૌને સાલે તેવી છે. અને આપ સાહેબની મારફતે એમના સ્મરણ યજ્ઞમાં ચંદનની બે સળી હોમવા અહીં બીછાનામાં પડેલો હું પાઠવું છું, અને એટલી ફરજ બજાવીને સંતોષ પકડું છું. ગિજુભાઇની મહોરેલી બાળ-વાડી સદા ફાલીફૂલી રહે તેમાં જ તેમનો અમર આત્મા પ્રફુલ્લિત રહેશે.

કાકા કાલેલકર

ગુજરાત કે શકિતશાળી શિક્ષાશાસ્ત્રીઓમેંસે એક તેજસ્વી તારા તૂટ ગયા હે. આજ અસંખ્ય કુટુમ્બો મેં પારીવારીક શોક છા ગયા હે. ખેલ કૂદમે મસ્ત ઔર ફૂલો કે જેસા આનંદ દેનેવાલે બાલકો કી આંખોમેંસે આજ દુઃખાશ્રુકે સ્રાત બઢ રહે છે. બડી બડી મુછોવાલે ઉન્કે પ્યારે ગિજુભાઇકા દેહાન્તકા સમાચાર આજ ઘર ઘર પહુંચા હે. ગિજુભાઇ દેહ છોડને પરભી કીતને જીવિત હે ઇસકા સબુત આજ મીલ રહા હે.

કાશીનાથ ત્રિવેદી

શિક્ષા કે ઔર વિશેષ કર છોટે બચ્ચોં કી શિક્ષા કે ક્ષેત્ર મેં પીછલે પચીસ વરસો મેં ઉન્હોની જયસી ઉજ્જવલ ઔર મહાન સેવા કી હે વયસી ઇસ દેસ મેં અભીતક કોઇ નહિ કર પાયા. ઇસ દેસ કે બાળજગત કે ઇતિહાસ મેં સ્વર્ગસ્થ શ્રી ગિજુભાઇ કી યે સેવાએ સુન્હેરા અક્ષરો મેં લીખી જાયગી. ઇસમે હમે રંચમાત્રભી સંદેહ નહિ હે.

દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

બાળસાહિત્યનાં ગિજુભાઇના હાથે લખાયેલા પુસ્તકો અજોડ છે. બાળકો તે વાંચતાં થાકતા નથી. વાંચે છે તેમાંથી શિક્ષણ ગ્રહણ કરે છે. સાથે સાથે હસે છે અને ગમ્મત કરે છે. આવા બીજા ગિજુભાઇ ગુજરાત અને કાઠિયાવાડને મળત દાયકાના દાયકા વહી જશે.

મગનલાલ વ્યાસ

ગુજરાત–મહાગુજરાતના ગિજુભાઇ માનીતા હતા. ગિજુભાઇથી ગુજરાત વધારે સમૃદ્ધ થયું છે. એવો એક પણ શિક્ષક અને માબાપ નહિ હશે કે જેણે ગિજુભાઇની બાળકેળવણીનો સંદેશ ન સાંભળ્યો હોય. બાળશિક્ષણશાસ્ત્રી તરીકે ગિજુભાઇ અજોડ હતા. ગુજરાતને અને મહા-ગુજરાતને ગિજુભાઇની ન પૂરાય તેવી અસહ્ય અને ભારે માટે પડી છે. ગુજરાત મહાગુજરાત ગિજુભાઇનું ઋણી છે. એ ઋણ અદા કરવાની શક્તિ પ્રભુ આપણ સર્વને આપે.

શૂરજીભાઇ વલ્લભદાસ

પ્રચંડ ઝંઝાવાતની સાથે અનેક જીર્ણ વૃક્ષો પડીને મેદાન સાફ થઇ જાય છે તેવું જ સ્વર્ગસ્થ ગિજુભાઇની મોન્ટેસોરી પદ્ધતિએ કર્યું છે. અને બાળશિક્ષણમાં રહેલા સડાને નાબૂદ કરી શિક્ષણનો એક નવીન ક્રાંતિકારી યુગ સ્થાપ્યો છે.

રાજ્યદ્વારી ક્ષેત્રમાં પૂ. મહાત્માજી જેટલું જ ભારતવર્ષના બાળશિક્ષણમાં સ્વ. ગિજુભાઇએ એક અનેરું અને સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી.

બાળકો એ કેવળ બાળકોજ નહિ, પણ પ્રભુએ પાઠવેલા પયગમ્બરો તેમજ દેવાંશી મનુષ્યો છે એ ભાવના એમણે ચોતરફ ઓતપ્રોત કરાવી છે.

એમના શિક્ષણપ્રેમ, અવિરત મૂક સેવાઓ, અદ્‌ભુત આત્મબળ, યંત્રવત્ અસ્ખલિત કાર્ય કરવાની શક્તિ અને બાળસુલભ નિર્મળ હાસ્ય અપરિચીતને પણ પોતાની તરફ આકર્ષતા, અને જોનારને પૂજ્યભાવ પ્રદર્શિત કરવા પ્રેરતા.

હંસાબેન મહેતા

આચાર્ય ગિજુભાઇનું નામ બાળ સાહિત્ય સાથે જોડાયું છે. અને સદા જોડાયેલું રહેશે જ. બાળ-સાહિત્યની અનુપમ સેવા બજાવી એમણે ગુજરાતને તો સદાને માટે ઋણી બનાવ્યું છે જ.

પ્રૌઢ શિક્ષણને અંગે પણ ગિજુભાઇએ ખૂબ લક્ષ્ય છે, અને પ્રૌઢ શિક્ષણની દક્ષિણામૂર્તિની જે પદ્ધતિ કહેવાય છે તેનાં એ જ જન્મદાતા છે.

આવા બાળશિક્ષણ અને પ્રૌઢશિક્ષણના પ્રખર ઉપાસકને ગુજરાત કેમ ભૂલી શકે?

વિદ્યાબેન રમણભાઇ નીલકંઠ

જે ભાઇએ સમસ્ત ગુજરાતના માબાપ અને શિક્ષકોને બાળકોનું સાચું સ્થાન દર્શાવવા અને તેમનો સર્વદેશીય વિકાસ સાધવા માટે જીવન સમર્પણ કર્યું, તેમનું જીવન સાર્થક થયું છે એ નિઃસંશય છે. હવેના અને ભવિષ્યના બાળકો તેમના સદા ઋણી રહેશે. પ્રજાનો દૃષ્ટિકોણ બાળકોના સંબંધમાં બદલવાનું ભગીરથ કામ તેમણે આરંભેલું અને તેમાં સફળતા મેળવી એ યશ જેવો તેવો નથી.

હિરાલાલ હરગોવિંદ પંડ્યા

બાળક એ પ્રભુની મહાન બક્ષીસ છે. અને બાળક આવતી કાલના સમાજનો પિતા છે એવા ગિજુભાઇના પ્રથમ વિચારરૂપી અંકુરમાંથી આજ ગુજરાત–કાઠિયાવાડના અનેક બાળમંદિરો રૂપી વૃક્ષ ઊભા થયાં છે, ગિજુભાઇની પાસેજ તાલીમ પામેલા અનેક અધ્યાપકો તેમનું પોષણ કરે છે, અને અનેક બાળકો શિક્ષણની નવી પધ્ધતિના ફળનો સ્વાદ લઇ રહ્યાં છે.

ગિજુભાઇ આપણી વચ્ચે રહ્યા નથી, પરંતુ બાળકેળવણી ઉપર લખેલા તેમના પુસ્તકો જેમાં બાળનાટકો, બાળવાર્તા, પ્રવાસવર્ણન, પ્રાણી-વર્ણન, સૃષ્ટિસૌન્દર્યનું વર્ણન, બાળકહેવતો, અને મહાન પુરુષોના જીવનચરિત્રોનો સમાવેશ થાય છે. તેમની પ્રેરણાથી ઠેકાણે ઠેકાણે સ્થપાયેલા બાળમંદિરો મોજુદ છે, અને તે રીતે ગિજુભાઇ અમર થઇ ગયા છે.

બાળકેળવણીમાં રસ લેનાર આબાલ વૃદ્ધ સ્ત્રીપુરુષોની હવે ફરજ ઊભી થાય છે કે ગિજુ-ભાઇએ વીસ વરસ સુધી સતત પરિશ્રમ કરી બાળકેળવણીનું જે કામ ઉપાડેલું છે તે આગળ વધારે અને તે રીતે એમના આત્માને સંતોષ પમાડે.

સ્વ. ગિજુભાઈના પત્રો

પત્ર ચોથો : મારકણાં બાળકો

(ગયા અંકથી ચાલુ)

(૪) હવે એક બીજો વિચાર. આ વિચાર અમલમાં મૂકવો આકરો છે. તેનો બોટો અર્થ બન્ને પક્ષે થવા સંભવ છે છતાં અતિ એક છેડાના દૃષ્ટિબિંદુમાં અજમાવી જોવો. આ ઉપાય તે મારકણાં બાળકોને બરી વસ્તુસ્થિતિનો અનુભવ કરાવવાનો. બાળકોને બુદ્ધિથી સમજાવીએ છીએ ત્યારે આપણે તેને બુદ્ધિદ્વારા સ્પર્શવા માગીએ છીએ. તેનો બહિષ્કાર ચોજીએ છીએ ત્યારે તેની સામાજિક બાજુ સાથે–રમવું, હરવું, ફરવું વગેરે લાભો – ને સ્પર્શીએ છીએ. અને તેને શિક્ષા કરીએ તો તેના શરીરને સ્પર્શીએ છીએ. આ ઉપલો પ્રકાર એક રીતે બોલીએ તો શિક્ષા થવા જોય તેવો છે. અને બીજી રીતે બોલીએ તો સામાજિક હલ્લો–સામાજિક બળ વાપરવાનો બને છે. હું પોતે આ પ્રકારનો અખતરો કરી ચૂકયો છું. બધાં બાળકો મારકણાં બાળકને મારે અને તેને અનુભવ કરાવે કે "જુઓ બોઈ, તમને કેવું લાગે છે? અમને નહિ લાગતું હોય?" આમ કરાવવું રમતવાત નથી. બાળકો બાળકો વચ્ચે મારામારી જ શરૂ થઈ જાય છે. બરબા મારકણાંને પૂરા મારકણાં થવાની તક મળે છે. સમાજ એટલે 'લે હાથમાં ધોકો' એવી કલ્પના દૃઢ થવાનો ભય છે. ઉપરાંત મારકણાં બાળકો વધારે બળવાન હોય તો તેઓ સામા થાય છે અને દુનિયામાં બન્યું છે તેમ વિગ્રહપરંપરા જ નહિ પણ વેરઝેરની પરંપરા ચાલુ થાય છે. સમાજ સામા માણસને દર્દનો અનુભવ કરાવે એમાં રહેલો ઉપાય કોઈક જ વાર સફળ થાય છે. દેખીતી રીતે કદાચ નબળુ મારકણુ બાળક, સમાજના ભયથી, શરીરની પીડાના ભયથી ચૂપ થઈ જાય છે પણ તેનામાં સુધારો થતો નથી. સમાજના પ્રતિનિધિ તરીકે કાયદો શિક્ષા કરે છે છતાં કાયદો અને શિક્ષા નિષ્ફળ જાય છે. તેમજ સમાજના હિત બાતર, સમાજના પ્રતિનિધિ રૂપ સમાજ પોતે શિક્ષા કરે એટલે કે પીડા કરે તોપણ તેની અસરમાં બહુ તફાવત પડતો નથી. આથી એકન્દરે તો આ દવા નઠારી છે છતાં અજમાવીને કોઈક જ વાર કદાચ થોડો લાભ થાય તે જોવા બજમાવી જોવી.

(૫) મારકણાં બાળકો મોટે ભાગે ઘરમાં થાય છે. ઘરમાં અધૂરાં રહ્યાં હોય તો તેઓ શેરી અગર શાળામાં પૂરાં થાય છે. સરખાં જ મારકણાં છોકરાં અગર મારકણો શિક્ષક, મારકણાં બાળકોને મજબૂત મારકણાં બનાવે છે. મારકણાં બાળકો પ્રથમ માબાપો બનાવે છે. અને તે કેવી રીતે અને માબાપોએ પોતાનાં વર્તનમાં શો ફેરફાર કરવો જોઈએ તે જુદા પત્રમાં વિચારશું. હમણાં તો આપણે શાળામાં શું કરવું ન કરવું તે જોઈએ છીએ. આપણો પ્રથમ કાર્યપ્રદેશ શાળા છે. પછી માબાપનું ઘર તો છે જ. અને ત્યારપછી સમાજ પણ છે જ. આપણે માત્ર શાળામાં ભરાઈ રહીએ તો નહિ ચાલે. પણ શાળામાં આવતાં બાળકો વિશે તો આપણી શાળાના સમય દરમ્યાન શાળામાં જ આપણું કાર્યક્ષેત્ર સમજવું જોશે એ ધ્યાનમાં રાખવું

મારકણાં બાળકો માટે ઉપરના ઉપાયો બસ નથી. શિક્ષક આશાવંત, શ્રદ્ધાવાળો અને થાકે નહિ એવો હોવો જોઇએ. આ ગુણો સામાન્ય છે. તેનામાં એક અસામાન્ય ગુણની જરૂર છે. આ ગુણ તે બાળકો પ્રત્યેનો પ્રેમ. મારકણાં બાળકો પ્રત્યે પણ શિક્ષકે આદર અને પ્રેમ રાખવાં. બાળકોની ખરાબ ટેવો કે અવગુણો બાળકો પોતે નથી. તે બધું તેના ઉપર ચડેલો કે ચોંટેલો કચરો છે. એ કચરાની પેલીમેર દરેક બાળક કેવું છે તે ચોખ્ખું ચોખ્ખું શિક્ષકને દેખાવું જોઇએ. ઉપરથી ગમે તેવાં ખરાબ બાળક તરફ શિક્ષકે પ્રેમ રાખવો જોઇએ. પ્રેમની શક્યતા બાળકના અંતરના દર્શનમાં છે; માત્ર વિચારમાં નથી. આપણે તો શુદ્ધસત્ત્વ તરફ જોઇ કચરો કાઢવા મથવાનું છે. પ્રેમ એક એવો પવિત્ર અગ્નિ છે, એવો કલ્યાણકારી અગ્નિ છે કે તે વડે બાળકના તમામ દોષો બળી જાય છે અગર તેનામાં ઓગળી જાય છે. મને તો બીજા ઉપરના જાતજાતના ઉપાયો કરતાં પ્રેમ–આપણા અંતરમાંથી ઊપજતો અને ઊછળતો પ્રેમ–રામબાણ ઉપાય લાગ્યો છે. સત્‌માંથી અસત્‌માં ગયેલાને, માંદાને, અવ્યવસ્થિતને, મૂઢને, મંદને, ગુન્હાતિતને સૌને પ્રેમ સ્પર્શી શકે છે. પ્રેમને સૌ ઝીલી શકે છે. પ્રેમની મૂક વાણી, તેનો ઉપદેશ, સૌ સાંભળવી શકે છે. પ્રેમના પારસમણિથી તમામ કથીર સોનું થાય છે. કોઇ પણ પદ્ધતિ ન જાણતા છતાં સાચો પ્રેમાળ શિક્ષક બાળકોનો સાચો સહાયક બની શકે છે. પણ પ્રેમ એટલે આપણે જેને પ્રેમ કહીએ છીએ તે નહિ. બાળકના કલ્યાણની શુદ્ધ ભાવના, ઈશ્વરની દયા વડે આ ભાવના સફળ થશે એવી શ્રદ્ધા, બાળક પોતાનું નથી પણ ઈશ્વરનું છે તેવી મનની ખાતરી, સર્વ સમગ્ર વિકાસમાં સહાય કરવાની ભક્તિપૂર્વકની પ્રવૃત્તિઃ આ બધું બાળક પ્રત્યેના પ્રેમના લક્ષણરૂપ છે. સમતા, સમાનતા, સહૃદયપણું, ક્ષમા અને વિસ્મૃતિ આ ગુણો પ્રેમના બંધારણમાં છે. આવી સામગ્રીવાળા શિક્ષકો જે આપણે કદી પ્રભુકૃપાએ થઇ શકવા ભાગ્યશાલી થઇએ તો આપણી શાળાના કોયડો સહેલો થઇ જાય. અને મારકણાં બાળકોની મૂંઝવણ ચાલી જાય.

(૬) શાળામાં ગમે તે જાતના મનના માંદાં બાળકોનું એક ઔષધ પ્રવૃત્તિ છે. પ્રેમના વાતાવરણમાં પ્રવૃત્તિ – સ્વયંપ્રવૃત્તિ, સ્વયંસર્જન એક ભારે અદ્‌ભુત દવા છે. મારકણાં બાળકોને તમે પ્રવૃત્તિ આપ્યા કરો. તેમને ગમે તે પ્રવૃત્તિ આપો. આખો દહાડો ગમે તે કામ કરવામાં રહેવા દો. બાળકોમાંથી શક્તિનો પ્રવાહ વહ્યા કરે છે. એને કામે લગાડવો એ આપણું કામ છે. નકામો જતો પ્રવાહ જોને તેને હેરાન કરે છે. મારકણાં બાળકો બીજી ઘણી દવા, ભલે માગે પણ તે કામ તો માગે જ છે. તેને ઘરમાં કામ ન મળવાથી, કામ કરવાની તેની વૃત્તિને દાબી દેવાથી, તો તે મારકણું બન્યું છે. નિર્મળ શક્તિનો ધોધ એકાએક રોકાઇ જવાથી તે આડી વહે છે અને મારકણાપણાના રૂપમાં બીજાં બાળકને હેરાન કરે છે. એકવાર આપણે રોકાએલાં બળોને પ્રવૃત્તિદ્વારા વહેતાં મૂકી દઇએ અને પછી એ બળો રોકનાર માબાપોની પાસે જઇ તેને પગે પડી સમજાવીએ કે તમે મારકણાં બાળકો કરવાનું છોડી દો. મારકણાં બાળકોને શબ્દ સ્પર્શે નહિ, ભાઇબંધોનો બહિષ્કાર સ્પર્શે નહિ અને દલીલપણ સ્પર્શે નહિ. કેમકે તે બધું બહારથી અંદર નાંખવામાં આવે છે. પણ પ્રવૃત્તિ તો તેની અંદરથી નીકળે છે. જેટલો વખત બાળક કામમાં રહેશે તેટલો વખત તે મારકણું અટકશે. એમ કરતાં મારકણાંપણાંની જગા પૂરાશે અને તેને બદલે આરોગ્ય આવશે. નહારી વસ્તુની, સારી વસ્તુ વડે જગા પૂરી દઇએ

(ચાલુ પાન ૨૦૮)

સ્વ. ગિજુભાઇ સ્મારક ફાળો

(તા. ૯–૨–૪૦ સુધીમાં ભરાએલ રકમો)

૨૫૦૦ અ: સૌ.સરલાદેવી અંબાલાલ સારાભાઇ; શેઠ અંબાલાલ સારાભાઇ તથા તેઓશ્રીનું કુટુમ્બ. અમદાવાદ
૧૦૦૦ શ્રી પોપટલાલ ચુડગર બેરીસ્ટર-એટ-લો રાજકોટ,
૧૦૦૦ શ્રી. હીરાલાલ અમૃતલાલ મુંબઇ,
૧૦૦૦ શ્રી. જીવણલાલ મોતીચંદ ચોરવાડ,
૧૦૦૦ શ્રી. હેમચંદ મોહનલાલ ઝવેરી પાટણ,
૫૦૦ શ્રી. પરી મુલચંદ જીવરાજ, લીંબડી,
૧૦૦૧ લુણાવાડાનાં ના. દરબારશ્રી.
૫૦૧ શ્રી. માણેકજી બેચરજી શર્મા, મદ્રાસ.
૨૨૫ શેઠ અમીચંદ નગીનદાસની કંપની ,, અને રૂપજી છબીલદાસ.
૧૫૧ શેઠ વીકમસી છબીલદાસ ,,
૧૫૧ શેઠ નાગજી પુરૂષોત્તમ એન્ડ કું. કાલીકટ
૧૫૧ મેસર્સ વાલજી કાનજી એન્ડ કંપની મદ્રાસ
૧૨૫ શ્રી. મણીલાલ એમ મહેતા ,,
૧૦૧ ,, વલ્લભદાસ તેજપાળ ,,
૧૦૧ મેસસ ગોપાળજી એન્ડ કંપની, ,,
૧૦૧ ,, વરજીવનદાસ હીરજીની કંપની ,,
૧૦૧ ,, જીવણલાલ લાલજીની કંપની ,,
૧૦૧ ,, ગોપાળજી ચાંપશીની કંપની ,,
૧૦૧ શ્રી. જે. એમ. શેઠ ,,
૧૦૧ મેસર્સ બાપાલાલ એન્ડ કં. ,,
૧૦૧ શ્રી. કેશવજી દેવચંદ ,,
૧૦૧ શેઠ ગોકળદાસ જમનાદાસ ,,
૭૫ શ્રી. છગનલાલ લખમીચંદ ,,
૭૫ મેસસ. જેશીંગભાઇ બાલાભાઇ એન્ડ સન્સ ,,
૭૫ શ્રી. વલ્લભદાસ મથુરાદાસ એન્ડ સન્સ ,,
૭૧ મેસર્સ પોપ્યેલર સાયકલ ઇમ્પોરીંગ કું. ,,
૫૧ શ્રી. ચિમનલાલ કોઠારી ,,
૫૧ ,, ગોકળદાસ રૂપશી ,,
૫૧ ,, એક ગૃહસ્થ ,,
૩૫ શ્રી. સી. જે. શેઠ ,,
૩૫ મેસર્સ શ્યામ એન્ડ કંપની ,,
૩૧ શ્રી. ભાણજીભાઇ ભગવાનદાસ ,,
૩૧ ,, દ્વારકાદાસ જમનાદાસ ,,
૨૫ ,, નંદલાલ અંબારામ ,,
૨૫ મેસર્સ બાટલીબોય એન્ડ કું. ,,
૨૫ શ્રી. કાન્તિલાલ ચીમનલાલ ,,
૧૦૧ શ્રી. જગન્નાથ ગોર બેંગ્લોર સિટી.
૨૫ શ્રી. બાળપ્રેમીઃ હ. શ્રી. જીતેન્દ્ર મહેતા અમદાવાદ.
૧ શ્રી. ડૉ. યજ્ઞાનંદ કે મહેતા, ડભોઇ.
૫ ,, પરભુદાસ ગુલાબદાસ શેઠ. ડભોઇ.
૧ ,, અંબાલાલ મગનલાલ મઢીયાવાળા ડભોઇ.
૧ ,, કાળીદાસ રાયજી ચોકસી ,,
૫ ,, દશાલાડ સ્ટુડન્ટસ યુનિયન, વડોદરા
૨ ,, જીગતરામ દવે, સ્વરાજ આશ્રમ વેડછી.
૩ ,, ચીમનલાલ ભટ્ટ ,,
૧ ,, ગોવિંદલાલા ,,
૧ ,, વલ્લભભાઇ પટેલ ,,
૧ ,, બળભદ્રભાઇ પટેલ ,,
૧ ,, મણીભાઇ નાયક ,,
૧ ,, ગણપતરામ વ્યાસ ,,
૧ ,, રમણીકલાલ અધ્વર્યુ ,,
૧ ,, અશ્વીન કુમાર નાયક ,,
૧ ,, ભાવસિંહ ચૌધરી ,,
૧ ,, ચુનીલાલ સાં. મહેતા ,,
૧૬ ,, વેડછીના સ્વરાજ આશ્રમના વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી

રૂ. ૧૧૧૩૯

રાષ્ટ્રિય ઉધ્ધારના પાયાનું કાર્ય

તા. ૧–૨–૪૦ ને ગુરૂવારે હંસરાજ પ્રાગજી હોલમાં સ્વ. ગિજુભાઈ સ્મારક અંગે પ્રચાર સભા ભરવામાં આવી હતી. સભાની શરૂઆતમાં શ્રી. ઇન્દુપ્રસાદ ભટે સભાનો હેતુ અને સ્મારક સમિતિના મુખ્ય મંત્રી શ્રી. ચુડગર બેરીસ્ટરનું ઓળખાણ આપતાં કહ્યું હતું કે "આજે શ્રી ગિજુભાઇના સ્વર્ગવાસ પછી બાળકેળવણી અને બાળમંદિરો છિન્નભિન્ન થયાં છે અને તેમને સાચી દોરવણી મળી શકે તેવું સ્થાન રહ્યું નથી. તેમજ સાચા માર્ગે બાળકેળવણીમાં શ્રદ્ધા ફેલાવી શકે તેવું સ્થાન પણ નથી. તે સ્થિતિમાં આ સ્મારક સમિતિની યોજના આજના મહેમાન શ્રી પોપટભાઇએ કરી છે અને તેઓએ મુંબઈ ઇલાકાનાં ઉત્તમ જાહેર આગેવાનો અને કેળવણીકારોનો સાથ પણ મેળવ્યો છે. ગિજુભાઇના અવસાનથી રાંક બનેલી બાળકેળવણીની વકીલાત કરવા તેઓ પોતાની કાયદાની બેરીસ્ટરની છોડીને આવ્યા છે."

આંતરિક કાર્ય શુદ્ધિની જરૂર

ત્યારબાદ શ્રી પોપટલાલ ચુડગરે ભાષણ આપતા જણાવ્યું કે "મારો ધંધો વકિલાતનો છે, અને બાળ શિક્ષણની બારાખડીની મને જાણ નથી. પરંતુ સ્વ. ગિજુભાઇની મૈત્રિના સંબંધે આજે સ્મારક યોજના લઇને બહાર આવ્યો છું. અમે બન્ને એક વેળા ભેગા વકીલાત કરતા. તેઓ ગરીબાઇનું વ્રત લઇને જીવનપર્યંત બાળકોને માટે જીવ્યા. હું મારા ધંધામાં સબડયા કર્યો. તેમની ઇચ્છા દક્ષિણામૂર્તિમાંથી ફારંગ થયા પછી હિમાલય આધ્યાત્મિક સાધના માટે જવાની હતી. પરંતુ મારા આગ્રહને વશ બની રાજકોટમાં અધ્યાપન મંદિર શરૂ કર્યું. તેમાં તેમણે અથાગ મહેનત લઇને શરીર નીચોવી ધસી નાંખ્યું. અંતે મરણ વખતે અમને કહ્યું "મારી યાત્રા પૂરી થાય છે, મિત્રો, મારા કામને ચાલુ રાખજો."

ગિજુભાઇને હું કહેતો કે "અધ્યાપન મંદિરમાં ગમે તેને પ્રવેશ કેમ આપો છો?" તો તે કહેતા કે "મારે લોકમાં બાળશિક્ષણ દૃષ્ટિ કેન્દ્રિત કરવી છે. બાળમંદિરની, શિક્ષકોની અને પદ્ધતિની આંતરિક શુદ્ધી કરવાની બાકી છે અને તે શુદ્ધિ મારે કરવી છે" તેમણે એ આંતરિક કાર્યનો ભાર હવે આપણા ઉપર મૂકયો છે.

જનસમાજમાં બાળશિક્ષણની ભૂમિકા ગિજુભાઇએ ઊભી કરી છે.

અમર રહો બાળશિક્ષણ

સ્વ. ગિજુભાઇના સ્મારક માટેનો વિચાર થયે અને પૂજ્ય ગાંધીજીએ પણ તેમના જીવનકાર્યને ચાલુ રાખવા પ્રેરણા આપી અને એથી મિત્રો સાથે ચર્ચા કરીને આ યોજના બહાર પાડી છે. ગુજરાત મુંબઇના પ્રતિનિધિત્વવાળી સ્મારક સમિતિ તરફથી આજે હું ફરું છું. આ કાર્યની જવાબદારી સમિતિએ લીધી છે. ને મને જવાબ પણ સારો મળ્યો છે. ૭ દિવસમાં મને અગિયાર હજાર મળ્યા. આ જવાબથી મારી શ્રદ્ધા વધે છે. ગુજરાતમાં એક સ્વતંત્ર યુનિવર્સિટી પ્રભુકૃપાએ થોડા વખતમાં થશે. તે પ્રસંગે ગુજરાતમાં બાળ કેળવણીનું મધ્યસ્થ કેન્દ્ર સ્થાપી શકીએ તો એક 'બાળવિદ્યાપિઠ' ની ખોટ તેથી પૂરાશે.

બાળ વિદ્યાપીઠ

સ્વ. ગિજુભાઇમાં એવી અગાધ શક્તિ હતી કે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ ઝડપથી એક વયમાં પૂરો કરાવી શકતા. પણ આપણે તો બે વર્ષનો અભ્યાસક્રમ રાખી ઉત્તમ અધ્યાપકોની દોરવણી

નીચે એક અધ્યાપનમંદિર શાસ્ત્રીય ઢબથી ચલાવવું પડશે. ચાલુ બાળશિક્ષણ આજે નિંદાય છે. કેટલેક સ્થળે સૂંઠને ગાંઠિયે ગાંધી થયેલા બાલ શિક્ષકો પથરાયા છે. બહારનો દેખાવ વધ્યો છે. એક ગામના આવા બાળમંદિરમાં હું જઈ ચઢેલો. ત્યાં શિક્ષક કયાંયે તાલીમ પામેલો નહિ ને ત્યાંનું વાતાવરણ અને પ્રકૃતિ જોઈ બાળકોની કુસેવા થતી મેં જોઇ. બાળશિક્ષણનો આ સડો કાઢવો અને સારામાં સારી લાયકાતવાળાં, સેવાભાવી અને તાલીમ પામેલાં બાઇબ્હેનો ગુજરાતભરમાં બાલ-કેળવણીનો ભાર ઉપાડી લે તેવો હેતુ આ યોજનામાં રખાયો છે. એક આદર્શ બાલમંદિર, ક્રીડાંગણ અને ગામડાંને અનુરૂપ બાળમંદિર પણ આ સાથે સ્થાપવાનું છે. પાઠ્ય પુસ્તકો, સાધનો, વાચનનું બાલસાહિત્ય એ પણ સાચું અને બને તેટલી રીતે ઓછી કિમ્મતે બાળકોને મળી રહે તે માટે એક 'કન્ટ્રોલ બોર્ડ' પણ સ્થાપવું પડશે. એ પાંચ વર્ષ લોનફંડદ્વારા બાળમંદિરોને મદદ પણ કરી શકાય.

જુનની ૨૩ મી પહેલાં

રાષ્ટ્રીય રચનાનું આ કામ છે. ઉત્તમ પ્રકારની સેવા છે. હજારો રૂપિયા સીનેમા વગેરેમાં ખર્ચીએ છીએ... લાખ્ખોની મિલ્કત બાળકોને માટે મૂકી જવા જીવન વિગ્રહ આપણે ખેડીએ છીએ. આ મધ્યસ્થ કેન્દ્ર સૌને માટે યાત્રાનું ધામ થાય અને આપણા બાળકો માટે સંગીન પાયા ઉપર, સ્વ. ગિજુભાઇની પહેલી સંવત્સરી તા. ૨૩ મી જુન ના રોજ આવે છે તે પહેલા, પ્રાથમિક ખર્ચ માટે રૂા. એક લાખ આપણે ભેગા કરી શકીએ તે રીતે કામે લાગવું જોઇશે અને અમદાવાદ તેમાં મોટો ફાળો આપશે. અમદાવાદમાં આનું મધ્યસ્થ કેન્દ્ર થાય એવો સમિતિના ભાઇબ્હેનોનો વિચાર છે: તે સ્થિતિમાં આ ભાર તેણે જ ઉપાડવો જોઇએ.

ગુજરાતથી નગુણું કેમ થવાય ?

આ પ્રશ્નના જવાબ રૂપે શ્રી. બાપાલાલ દેસાઇએ જણાવ્યું હતું કે લેભાગુ બાળશિક્ષકોથી લાભ કરતા હાનિ વધારે થશે. આ યોજના તે રીતે સર્વ અંગોવાળી હોઇ સંપૂર્ણ છે. ગુજરાત તેની વિભૂતિઓને અને તેમ તેઓની સેવાને પીછાને છે. અમદાવાદ પણ છેલ્લા છેલ્લા નગુણાનો આરોપ દૂર કરવા તત્પર થયું છે, અને સ્વર્ગસ્થ ગિજુભાઇની બાળકોની સેવા જ કરીએ છીએ તે ભલવું ના જોઇએ.

રાષ્ટ્રીય ઉદ્ધારના પાયાનું કાર્ય

ઉપસંહાર કરતા માનનીય શ્રી. માવલંકરે જણાવ્યું હતું કે "આજે કોલેજવાળા હાઇસ્કુલના શિક્ષણની ખામી બતાવે છે, જ્યારે હાઇસ્કુલવાળા પ્રાથમિક શિક્ષણની સામે ફરિયાદ કરે છે, અને પ્રાથમિક શિક્ષકો, માબાપો અને સમાજનો દોષ કાઢે છે, એટલે આઠીથી સાત વર્ષની બાળકેળવણી એ જ પાયાનું શિક્ષણ છે. કેળવણીરૂપી એકજ શરીરના પ્રાથમિક, માધ્યમિક, કે ઉચ્ચ એ અંગો છે, તેનું એકીકરણ બાળશિક્ષણના સંગીન પાયા ઉપર થવું જોઇએ, 'બાળકનાં લક્ષણ પારણામાં' એ કહેવતનો અર્થ આ છે. આ બાળશિક્ષણ હવે સ્વપ્નવત નથી રહ્યું પણ સ્વ. ગિજુભાઇની સેવાથી સાહિત્ય જીવનના ઉદ્ધારને માટે એક મહત્ત્વનું અંગ બન્યું છે. આ માટે સાચા હૃદયની જરૂર છે. આ યોજનાથી ગુજરાતની બાળકેળવણી સંગઠીત થશે અને ઉત્તમ દોરવણી પણ મળશે. છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદ કેળવણીની દિશામાં સહૃદયતાથી આગળ વધ્યું છે. હું તો કેળવણીના બધાએ અંગો વ્યવસ્થિત રીતે વિકસેલા જોવા ઇચ્છું છું. ધનિકો આવી યોજનાને વધાવે એ તેઓનો વિશેષ ધર્મ છે પરંતુ મધ્યમ વર્ગનો લોકોએ પણ આ યોજના માટે યથાશક્તિ મદદ કરવી જોઇએ. ગુજરાત અને ખાસ કરી અમદાવાદ સહૃદયતાથી આ સ્મારક ફાળો ભરી દેશે તેવી મને આશા છે. આ પછી તેઓએ આજના મુખ્ય વકતા શ્રી પોપટભાઇનો આભાર માન્યો હતો.

ત્યારબાદ સભા વિસર્જન થઇ હતી.

સ્વ. ગિજુભાઇના પ્રિય વિદ્યાર્થીઓને અને શિક્ષણસંસ્થાઓને

વહાલાં ભાંઇબહેનો,

છાપાંઓ દ્વારા "સ્વ. ગિજુભાઇ સ્મારક સમિતિ"નું વિજ્ઞાપન તમે વાચ્યું હશે, આપણા જીવનકાર્યના દીપક સમ ગિજુભાઇનું શરીર આપણી સમક્ષ નથી પરંતુ તેમનો તેજસ્વી હમદર્દી આત્મા રાતદિન આપણી સમક્ષ પ્રકાશ ને પ્રેરણા આપી રહ્યો છે. તેમાના જીવનકાર્યને સતત રીતે ચાલુ રાખવાની જબાબદારી આપણે માથે છે, વળી આપણી બાળકેળવણીની પ્રવૃત્તિને સક્રિય સાથ આપવા, સ્વ. ગિજુભાઇની તપસ્યાથી, સમર્થ અને પ્રતિષ્ઠિત સજ્જનો ને સન્નારીઓનો સાથ આપણે મેળવવા ભાગ્યશાળી થયા છીએ.તેઓની આ બાળકેળવણી પ્રત્યેની શ્રદ્ધાને લાયક નિવડવા માટે આ સ્મારક યોજનાને સફળ કરવાની ફરજ આપણી છે. અમારી ધારણા એવી છે કે 'ગિજુભાઇની પ્રથમ સંવત્સરીએ રૂ. એક લાખ ભેગાં થયા છે' તેવી આપણે જાહેરાત કરી શકીએ, ને તે દિવસે મધ્યસ્થ બાલશિક્ષણ કેન્દ્રની શરૂઆત કરીએ, તે રીતે ઝડપી કામ પૂરું કરી દેવું જોઇએ. તમે 'સન્માન થેલી' જે રીતે ભરી આપવા કમર કસી, તેથી અતિ ઘણી ઝડપે 'સ્મારક ફાળા' ને સંપૂર્ણ કરવા કામે લાગી જવું જોઇએ. ગિજુભાઇના જીવનઆદેશ ઝીલવાના અને તેનો ચુસ્તપણે અમલ કરવાનો ખડી ફોજ તરીકેનો દાવો પુરવાર કરવાનો આપણી પાસે આ અવસર છે. આ સફળતાથી ગુજરાતમાં બાળકેળવણીના કામમાં ગિજુભાઇએ નાખેલાં મૂળ ઉપર બાળકેળવણીનું મોટું વટવૃક્ષ ઊગશે. અને ગુજરાતી બાળકોને અને તેમની સેવાને જીવનધર્મ માનનાર માટે કલ્પવૃક્ષ બની જશે.

દરેક વિદ્યાર્થી પોતાની આવક–ઓછામાં ઓછી એક પવાડિયાની–ગુરુઋણ અદા કરવા આપશે એવી અપેક્ષા અમે રાખી છે. તમે અમારી સાથે પત્રવ્યવહારથી કામમાં જોડાશો અને આસપાસ નાનીમોટી રકમો ભેગી કરશો. આ માટે જરૂરી પ્રમાણપત્ર, પહોંચ બુકો, અને સાહિત્ય અમે તમારો જવાબ આવે મોકલી આપીશું. તમારા સ્થાનમાં પ્રચાર સભા સ્થાનિક સાર્વત્રિક સહકારથી ગોઠવશો ને એક ભંડોળ ભેગું કરવા કમિટિ નીમશો. આમ કરવાથી ફાળાના કામને વેગ મળશે. અમને ખબર આપશો તો અમારામાંથી કોઇ તે સભામાં હાજર રહેવા પ્રયત્ન કરીશું. પણ કામની શરૂઆત વગર વિલંબે કરી દેશો.

આ પરિપત્રથી અમે સ્વ. ગિજુભાઇ સ્મારક સમિતિના બહાર પડેલા વિજ્ઞાપન (આ વિજ્ઞાપન ગયા અંકમાં પ્રગટ થયું છે) તરફ આપ સૌનું ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ. એ વિજ્ઞાપનથી આખીએ યોજના વિશે સ્પષ્ટતા થશે.

શિક્ષણ સંસ્થાઓને

ગુજરાતની પ્રાથમિક કેળવણી અને બાળકેળવણી ઉપર સ્વ. ગિજુભાઇએ ચમત્કારીક ને ક્રાન્તિકારક અસર ઉપજાવી છે તે વિશે અત્રે લખવું વધારે પડતું છે. આવા કાર્યને સૌની તરફથી આગળ ધપાવવાની સૂચના થઇ રહે છે આથી આ સ્મારકની યોજના બહાર પાડવામાં આવી છે. ગુજરાત આજે કેળવણીની બાબતમાં સમૃદ્ધ થતું જાય છે. ત્યારે આ મધ્યસ્ત બાળશિક્ષણ કેન્દ્ર ગુજરાતની કેળવણીનું એક અગત્યનું અંગ પૂરું પાડી શકશે. આ કાર્યમાં શિક્ષણસંસ્થાઓને સ્મારક સમિતિ તરફથી અમે વિનંતિ કરીએ છીએ કે સદરહુ ફાળામાં નાની મોટી ફુલપાંખડી ભેગી કરી સ્મારક ફાળો પૂરો કરશો.

દરેક શિક્ષક, વિદ્યાર્થી, અને વાલી પોતાની ફુલપાંખડી આ ઋષિઋણ અદા કરવા અર્પશે એવી અમારી વિનંતિ છે.

અંગત વિનંતિ તરીકે મોકલવાના પત્રનો નમૂનો

ભાઇશ્રી/બહેનશ્રી

વિ. ખાસ લખવાનું કે ગુજરાત કાઠિયાવાડની બાળકેળવનીના પ્રાણસમાં સ્વ. ગિજુભાઇ બધેકાના સ્મારક રૂપે "મધ્યસ્થ બાળશિક્ષણ કેન્દ્ર" સ્થાપવાની એક યોજના માટે સ્મારક સમિતિનું વિજ્ઞાપન આ સાથે મોકલી આપું છું. આ સ્મારકમાં રૂપિયા એક લાખનો ફાળો કરવાનું વિચારાયું છે. આપને આ માટે અંગત રીતે મારી ભલામણ છે, કે આપ આ ફાળામાં સારી એવી રકમ મોકલી આપીને આ કાર્યને વધાવી લેશો. આ પત્રને રૂબરૂ મળ્યા તૂલ્ય ગણીને વેળાસર આપની પુલપાંખડી નીચેના કોઇ સ્થળે મોકલી આપી આભારી કરશો.

નાણા મોકલવાનું સ્થળ

૧. પોપટલાલ ચુડગર, બેરિસ્ટર,
રાજકોટ શહર.

૨. ઇંદુપ્રસાદ ભટ્ટ, રંગીનવાલા બિલ્ડીંગ,
ભદ્ર પાસે, અમદાવાદ.

૩. રામજી હંસરાજ, ગીલબર્ટ બિલ્ડીંગ,
બાણુલનાથ, સેકન્ડક્રોસ રોડ, ચોપાટી,
મુંબઈ નં. ૭.

૪. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન, ભાવનગર.

૫. તંત્રી શિક્ષણ પત્રિકા, હિંદુ કોલોની,
દાદર, મુંબઇ.

સ્વ. ગિજુભાઇના પત્રો . . . . . પાન ૨૦૮ નું ચાલુ

તો નઠારી આપોઆપ જ જાય. એમ છતાં નાનો આવું કામ લેવાનું છે. મારકણાં બાળકોને એવો પ્રવાહ રહી જાય તો તેનાં મૂળ આગળ જઈ તેને નિર્મૂળ કરીશું.

(૭) બાળક ઉપર પ્રેમ ઢોળવાથી બાળક બટકાઇ જાય છે તેમાં શંકા નથી. આ પ્રેમ ધાર્મિકબુદ્ધિપૂર્ણ જોઇએ. એનો અર્થ એ છે કે આપણે શિક્ષકોએ, કેવળ મનોવિજ્ઞાન કે માનસ પ્રથક્કરણ કે શિક્ષણશાસ્ત્રના જ્ઞાન ઉપર ઊભાં રહેવાનું નથીઃ આપણી અંતઃકરણની શુભ વૃત્તિઓ માત્ર બસ નથીઃ સમાજપ્રેમ પણ બસ નથી. જેને સનાતન કાળથી ધર્મભાવના કહે છે તે ભાવનાથી આપણે તરબોળ થઇ કામ કરવાનું છે. આપણે તો ભાગ્યશાળી છીએ. શિક્ષણનું કામ આપણા ભાગ્યે આપણને આવ્યું છે. એ કામના આપણે ઉપાસક છીએ. બાળક તો એક થાપણ છે. એને સંભાળવી, વધારવી, એ આપણો પરમ ધર્મ છેઃ આપણા મમત્વથી નહિ, અભિમાનથી નહિ. પણ જગતના જે કંઈ હેતુ હોય તે પાર પડે તેના નમ્ર નિમિત્ત થવાની ઉમેદથી આપણે આપણે ડાહ્યાં અને સારાં ત્યારે કરીશું જ્યારે આપણી બધી શક્તિ અને જ્ઞાનધમંડ વિના, હું જ એક કર્તા છું એવી માન્યા વિના, વિજ્ઞાન જ છેડો છે એ કબૂલ્યા વિના કામમાં પ્રવૃત્ત થઇશું અને બને તે કરી છૂટીશું. મારકણાં બાળકો મારકણાં હતાં નહિ અને રહેવાનાં નથી એ પાકી શ્રદ્ધા, આપણા કામનો પાયો છે. મારકણાં બાળકોનાં માબાપોનો પણ દોષ નથી એ ઉદારતા આપણું દૃષ્ટિબિન્દુ છે. અને આ જ નહિ તો કાલ ઉન્નતિના માર્ગ તરફ વહી રહેલ જીવનમાત્રના સંબંધમાં આપણે પણ બાળકો સાથે સાથે અને પાછળ પાછળ ચાલ્યા જઇએ છીએ એ જ્ઞાન સદૈવ આપણને રહેવું જોઇએ. મારકણાં બાળકો ઊલટાં આપણને મદદરૂપ થવાનાં છે અને થશે.

બુદ્ધિ અને ભાવ કેવાં અદ્‌ભુત છે?

શુ.
ગિજુભાઇ

મુદ્રક : કૃ. ના. સાપલે : રામકૃષ્ણ પ્રિં. પ્રેસ : ત્રિભુવન રોડ, મુંબઇ ૪
પ્રકાશક: શ્રી. તારાબેન મોડક : 'શિક્ષણપત્રિકા' કાર્યાલય : હિંદુ કૉલોની, દાદર.

શિશુપથિકા

ભેટ અંક : ૧૯૯૫

આધસંસ્થા :

સ્વ. ગિજુભાઇ બધેકા



ગોશ્રી

જાગૃતિન પ્રોડક્ટ

સુખી રાજપુત્ર

એક હતું શહેર. મોટું નગર.
તેમાં વસે એક રાજપુત્ર.
રાજપુત્ર બહુ સુખી હતો.
બધી રીતે સુખી હતો.

તે ચંદનમહેલમાં રહે. નંદનવનમાં રમે. ગુલાબપાણીથી નહાય. ફૂલની શય્યા પર પોઢે.

તે નહોતો જાણતો તડકો કે નહોતો જાણતો ટાઢ; પવન કે વરસાદથી તો કદીએ હેરાન થએલો નહિ.

તેના ચંદનમહેલમાં કે નંદનવનમાં દુઃખનું તો નામનિશાન નહોતું: દુઃખ ત્યાં પેસી શકેલું જ નહિ.

રાજપુત્ર તો જ્યારે જુઓ ત્યારે લહેરમા જ હોય.

આથી લોકો તેને કહેવા લાગ્યા સુખી રાજપુત્ર.

એકવાર રાજકુમાર બિચારા માંદા પડયા.



સુખી રાજપુત્ર


સખત માંદા પડયા ને ગુજરી ગયા.

ગામ આખું રડયું. સૌ કોઇ શોકમાં ડૂબી ગયા.

હાય! હાય! રાજપુત્ર ગયા!

અમારા સુખી રાજપુત્ર ગયા!!

રાજપુત્ર કેવા ભલા હતા!



લોકોએ રાજપુત્રનું બાવલું બનાવ્યું

લોકોએ રાજપુત્રનું બાવલું બનાવ્યું.

બૂબ ઊંચું અને બૂબ સુંદર.

પૂતળું આખું સીસાનું બનાવ્યું. તેના પર ચાંદીનું ઓપ ચડાવ્યો અને સોનાનાં પાંદડાં કરી તે પાંદડાનાં તેને કપડાં ચડાવ્યાં.

બે આંખે બે નીલમણિ જડયા. અને તલવારની મૂઠમાં મોટું એવું માણેક જડયું.

બાવલું ભારે ફાંકડું બન્યું.

ગામની વચ્ચોવચ્ચ મોટા ચોકમાં તે ઊભું કર્યું.

સૂર્યનાં કિરણમાં તે એવું તો ચળકે! ને ચાંદનીમાં તો તે એવું સુંદર દેખાય! બાવલું જોઈ સા ખુશી થયા.

બાળકો પૂતળાની આસપાસ ફરી વળતાં, ને નાચતાં નાચતાં બોલતાં:

"આ અમારો સુખી રાજપુત્ર!"

"જુઓ કેવો દેવદૂત જેવો લાગે છે!"

"અમને અમારો રાજપુત્ર બહુ વહાલો લાગે છે–વહાલો લાગે છે."

કોઈ બાઈ ત્યાંથી નીકળે તો પોતાના દીકરાને બાવલું બતાવીને કહેતીઃ

"જો પેલો સુખી રાજપુત્ર. તારે તેના જેવું થવું છે ને?"



એક દિવસ સંધ્યા ટાણે ત્યાં એક એક બબાબીલ બાવ્યું

એક દિવસ સંધ્યાટાણે ત્યાં એક બબાબીલ બાવ્યું ને પૂતળાં પર બેઠું. બબાબીલને બધાં પાકોળી કહે.

સાચું કહીએ તો તેને બહુ મોડું થયું હતું. તેની બધી બેનપણીઓ કયારનીયે ગરમ દેશોમાં હવા બાવા ઊપડી ગએલી. આ પણ હર વખત તેમની સાથે જ જતી.

પણ આ વર્ષે મોડી પડી. કેમકે રમતમાં રોકાણી.

વાત એમ બની:

ઉનાળામાં તે એક નદીકિનારે જઇને રહી હતી. તે નદીમાં એક સુંદર વાંસનું વન હતું. વાંસના આ વનમાં રમવાનું તેને બહુ જ ગમ્યું. પવન



પવન આવે ને વાંસ ડોલે

આવે ને વાંસ ડોલે. પાકોળી પણ ઊંચી ટોચે બેસી હીંચકા ખાય. વાંસનાં પાંદડાં સળસળ કરી સંગીત ગુંજે; પાકોળી તે સાંભળે ને પાણી પર ગોળ ગોળ ફરે. જાણે રાસડા જ ન લેતી હોય! આ બધી લહેરમાં તે બેનપણી સાથે જવાનું ભૂલી જ ગઇ. તેને એક સખી બોલાવવા પણ આવેલી. પણ ત્યારે એણે કહ્યું: "તમે ચાલતા થાવ. હું જરા હીંચકા ખાઈ આવું છું."

પણ વાંસના વન સાથે તેને એટલી તો દોસ્તી થઇ કે દેશફેરે જવાનું તે ભૂલી જ ગઇ.

પછી ઠંડી પડવા લાગી. હવા ઠંડી થઇ. પાકોળીને એકલું એકલું લાગવા માંડ્યું. તેને બેનપણીઓ યાદ આવી. તેને થયું: ચાલ, માંડું ઊડવા. હમણાં પહોંચી જઇશ.

તરત જ તે ઊડી ને આવી રાજકુમારને ગામે આઠેક દિવસ ઊડેલી તે સાંજ પડે નગરમાં આવી. ઊંચે આકાશમાંથી જ તેને રાજકુમારનું બાવલું દેખાણું. તેને થયું, આ કોઇ સારી જગ્યા દેખાય છે. અહીં રાતવાસો કરી, સારી પેઠે આરામ લઇ કાલે સવારે આગળ ઊડીશ.

તે નીચે ઊતરી. બાવલું જોઇ બહુ જ ખુશ થઇ. કેવું સરસ બાવલું! કેવી સરસ હવા! બસ અહીં એક રાત રહેવું જ જોઇએ.

આકાશમાંથી ઊતરી તે સીધી પૂતળા પર જ—તેના પગ આગળ જ—બેઠી.

ઊંચું મોઢું કરીને નીરખીને જોયું. મનમાં બોલી: "વાહ! વાહ! આજે રાત્રે તો સોનાચાંદીની જ પથારી મળવાની છે! કેવું સરસ!" પછી ઊડીને રાજપુત્રના ખભાપર બેઠી, ને પોતાની ચાંચ જ્યાંત્યાં ફેરવીને બરાબર જોવા લાગી.

પણ તેની ડોકં રાજપુત્રના ગળા પાસે આવી ત્યાં તો ભારે નવાઇની વાત બની.



ટપ કરતું આંસુનું ટીપું
તેના શરીર પર પડ્યું

ટપ કરતાં એક ટીપું તેના શરીર પર પડ્યું. આમ જુવે તેમ જુવે ત્યાં તો બીજું ટીપું, ત્રીજું ટીપું. ટપટપ ટપકયાં કરે.

પાકોળી મનમાં વિચારવા લાગી: "આ શી નવાઇ! વાદળાં નથી, વરસાદ નથી ને આ ટીપાં કયાંથી પડે છે?" ત્યાં તો વળી પાછું ટીપું!

પાકોળી કહે, "આ તે કેવું પૂતળું! આવડું મોટું છે છતાં પાણીનાં ટીપાં પણ નથી ઝીલી શકતું? આ પૂતળું કંઇ કામનું નહિ. આના કરતાં તો એકાદ મિલના ભૂંગળા પર બેસીને રાત કાઢવી સારી."

તે ઊડવા જતી હતી ત્યાં તેની નજર પૂતળા સામે ગઇ.

ને તેણે શું જોયું?

રાજકુમારની આંખો પાણીથી ભરાએલી હતી, ને તેના રૂપેરી ગાલપરથી આંસુ ટપકતાં હતાં. ચાંદનીમાં તેનો ચહેરો એટલો તો સુંદર દેખાતો હતો કે પાકોળી તેની સામે જોઇ જ રહી. તેનાથી રાજપુત્રને મૂકીને જવાયું નહિ.

પાકોળી બોલી: "તું કોણ છે?"

"હું સુખી રાજપુત્ર છું."

"તો પછી રડે છે શું કામ? તેં તો મને સાવ ભીંજવી નાખી."

"મને બહુ દુઃખ થાય છે, શું કરું?"

"શા માટે? તું તો સુખી છો ને?"

"હા જીવતો હતો ત્યારે તો ચંદનમહેલમાં રહેતો હતો, દી આખોગોઠિયાની સાથે નંદનવનમાં રમતો હતો, આખો દિવસ મજા મારતો અને આનંદમાં રહેતો, તેથી મારા મિત્રો મને સુખી રાજપુત્ર કહેવા લાગ્યા.


"હવે આ લોકોએ મને અહીં ઊભો કર્યો છે. રાજમહેલમાંથી તો ચારેકોર સુંદર દેખાતું, બધે આનંદ દેખાતો, મજા દેખાતી; પણ અહીંથી મને શહેરની ગંદકી દેખાય છે, શ્રમ દેખાય છે, થાક દેખાય છે, દુઃખ દેખાય છે.

"મને લાગે છે કે શું એ બધું મને દેખાય એટલા માટે જ મને અહીં ઊભો

કર્યો હશે ? હું અંદરથી સીસાનો ઘુંટો પણ મને રડવું આવે છે.”

તેની આંખમાંથી પાછાં આંસુ પડવા લાગ્યાં. પાકોળીના દિલ પર એક બે ટીપાં પડ્યાં પણ તે કંઈ બોલી નહિ, રાજપુત્રનું દુઃખ જોઈને પોતે ભીંજાણી તેની દરકાર તેણે કરી નહિ.

થોડીવાર પછી પૂતળું પાછું બોલવા લાગ્યું, “પણે જો, દૂર દૂર નાની ગલીમાં એક ગરીબનું ઘર છે. ઘરની એક નાની બારી ઉઘાડી છે ને તેમાંથી જોતાં એક ગરીબ



બીચારી ભરત ભર્યા જ કરે છે

બાઇ દેખાય છે. બિચારી ભરત ભર્યા જ કરે છે. તેનું ભરત પૂરું થાય પછી તેને પૈસા મળશે. પણ આજે તેનો દીકરો તાવમાં સણસણે છે. બિચારો સંતરું માગે છે પણ તેની મા પાસે પૈસા કયાં છે તે સંતરું લાવી આપે.

“પાકોળીબેન, તું મારું આટલું કામ ન કરે ? મારી આ તલવારમાં મોટું માણેક છે તે કાઢીને પેલી બાઇને આપી આવ ને, શું કરું ! મારું મન તો તેમના તરફ દોડે છે પણ મારા પગ આ પથ્થરમાં જડી દીધા છે. મારાથી કયાંય જવાય તેમ નથી.”

પાકોળી બોલી, “પણ રાજકુમાર, મારી બેનપણીઓ ત્યાં મીસરદેશમાં મારી રાહ જુએ છે. મારે જવું જોઇએ.”

“પણ બહેન, આજની રાત રહી જાઓ ને.



છોકરો તરસે તરફડિયાં
મારે છે...મા રડે છે

જુઓ તો, પેલો છોકરો તરસે તડફડે છે ને મા બીચારી રડે છે.”

પાકોળીએ મોં બગાડીને કહ્યું, “પણ મને નાનાં છોકરાં ગમતાં નથી. તે ભારે તોફાની હોય છે: બહુ જ બોડીલાં: અમારે ત્યાં નદી ઉપર ચક્કીવાળાના બે છોકરાં રમવા આવતાં હતાં, તે બરાબ છોકરા અમને પથ્થર મારતા. જો કે અમે બૂબ ચપળ હોવાથી અમને તે વાગતા નહિ, પણ તે કંઈ બોછા બરાબ કહેવાય !”


રાજકુમાર બહુ જ દુઃખી દેખાણો, એની સામે જોઇને પાકોળીનું મન પીગળી ગયું.

તે ધીમેથી બોલી: "અહીં હંડી જરા વધારે છે એટલે મારાથી રહેવાતું નથી. છતાં તું કહે છે એટલે એક રાત રહું અને તું કહે તે તારું કામ કરી આપું."

રાજપુત્રનો ચહેરો ખીલી ઊઠ્યો. "બહુ જ સરસ બહેન, તું કેટલી ભલી છો!"

પાકોળીએ તલવારની મૂઠમાંથી ચાંચથી મોટું માણેક કાઢ્યું અને લઈને શહેર તરફ ઊડી

તે ઘરોનાં છાપરાં ઉપરથી ઊડી, મંદિરનાં કળશ ઉપર ઊડી, મસ્જિદના ઘુમટ ઉપરથી ઊડી. નદી ઓળંગી. ગરીબનાં ઝૂંપડાં ઓળંગ્યા. ને પેલી બાઇના ઘર પાસે આવી છોકરો પથારીમાં તરફડીઆં મારતો



ઝોકું આવી ગયું

હતો ને તેની માને ભરતાં ભરતાં ઝોકું આવી ગયું હતું. તે ખૂબ જ થાકી ગઈ હતી.

પાકોળી પગ પર કૂદતી કૂદતી અંદર ગઈ અને બાઇના હાથ પાસે માણેક મૂકી દીધું. પછી હળવેથી છોકરાની પથારી ઉપર ગોળ ચક્કર ફરી અને પોતાની પાંખ હલાવી તેને ધીમે ધીમે પવન નાખ્યો.

છોકરાને ટાઢક વળી અને ઊંઘ આવી. પાકોળી ઊડતી ઊડતી પાછી ફરી. રાજપુત્રનો ચહેરો આનંદથી ખીલી ઊઠ્યો. પાકોળી પણ ખુશી થઈ. રાત્રે તેના બોલા પર જ સૂઈ રહી.

બીજે દિવસે સવારે સૂરજ ઊગ્યો ને પાકોળી ઊઠી. તે નદી ઉપર ફરવા ગઈ. પાણીમાં ખૂબ ન્હાઈ. ખૂબ રમી, પછી શહેર જોવા નીકળી. ઊંચા ઊંચા મિનારા પર બેઠી. તારના થાંભલા પર બેઠી. અહીં ફરી. ત્યાં ફરી. બધું જોઈને ખુશ થઈ. આ નવા મહેમાનને જોઈને ગામની ચકલીઓએ ચીવીંચીવીં કર્યું. અને કાબરોએ કલબલાટ કરવો શરૂ કર્યો. બધાંએ મળીને તેને આવકાર આપ્યો. પાકોળી ઘણી જ ખુશી થઈ. સાંજ પડી. થાળી જેવડો ચંદ્ર ઊગ્યો. પાકોળી બાવલાં પાસે આવી. સુખી રાજકુમારના બોલા પર બેઠી. પછી ધીમેથી બોલી: "રાજકુમાર, હું આજે ગરમ દેશમાં જાઉં છું. મીસર દેશમાં જવાની છું. ત્યાંનું કંઈ કામ હોય તો કહે."

રાજપુત્ર કહે, "પાકેાળીબેન, આજની રાત રહી જાએા ને !"

"પણ મારી બેનપણીએા તેા કયારનીયે મીસર દેશમાં પહેાંચી ગઇ હશે નેં મારી રાહ જોતી હશે. આજે તેા મારે જવું જ જોઇએ.

"તું નાઇલ નદીનેા બીજો ધેાધ જાણે છે ? અમે ત્યાં જવાનાં છીએ. ત્યાં જળઘેાડા જોવાની બહુ મજા આવે. અને તને બબર છે, ત્યાં બરે બપેારે સિંહ અને સિંહણ નદી ઉપર પાણી પીવા આવે છે. અહેાહેા એ કેટલાં જોરથી બરાડા પાડે છે ! પેલા ધેાધ કરતાં તેમની ગર્જના મેાટી હેાય છે. ત્યાં ઘણી જ મજા હેાય છે. ઠીક પણ મારે માેડું થયું છે એટલે આજે નીકળવું જ જોઇએ. માફ કરજો હેા."

" પણ બહેન, જો તેા બરી. પેલી બાજુના બૂણામાં જો પેલેા ગરીબ જુવાન કેવી ગંદી છાજલીમાં બેઠેા છે. મેજપર કાગળીઆં પડયાં છે. તેને વાર્તા પૂરી કરવી છે. પછી તેને પૈસા મળશે.

"પણ અત્યારે તે ઠંડીથી અકડાઇ ગયેા છે ને ભૂખથી બેવડ વળી ગયેા છે. તે વાર્તા શેા લખી શકે ? સગડી સળગાવી તે તાપ કરવાનેા વિચાર કરે પણ ઘરમાં કેાલસા કયાં છે ! જો જો બિચારેા બેભાન થઇ ગયેા !"

"ઠીક ત્યારે કુમાર, આજની રાત રહું. લાવ ત્યારે બીજું માણેક એને આપી બાવું."

"અરેરે ! હવે મારી પાસે માણેક કયાં છે ? મારી આંખનાં બે નીલમણિ છે, હેાંદર વર્ષ પહેલાં તે હિંદુસ્તાનમાંથી આણ્યાં હતાં, તેમાંનું એક કાઢીને પેલા માણસને આપી આવ. તેને કામ આવશે. બિચારેા મણિ વેચીને કેાલસા લાવશે. બાવાનું લાવશે એટલે ચેાપડી પૂરી કરી શકશે."

'શું કહ્યું રાજકુમાર ? તમારી આંખમાંથી મણિ કાઢું ? એવું ન બેાલતેા. એ મારાથી ન બને."

"તારે મારું કહ્યું માનવું પડશે. ઝટ મણિ લઇને બાપી આવ તેા બહેન."

પાકેાળીએ કુંમને મણિ કાઢયું અને ગામ તરફ ઊડી. પેલા લેખકની બારડીમાં



લમણે હાથ મુકી બેઠેા હતેા

જવું સહેલું હતું. કેમકે તેનાં ગપરામાં મોટાં મોટાં કાણાં હતાં. તે તો ટેબલપર માથું મૂકી બેઠો હતો.

પાકોળી ક્યારે અંદર આવી તેની પણ તેને બબર પડી નહિ. તેની પાંખના ફફડાટથી પણ તે જાગ્યો નહિ. થોડીવાર પછી તેણે ઊંચું જોયું ત્યાં તો પુલદાનીમાં સુકાઇ ગયેલાં ગુલાબ વચ્ચે એક નીલમણિ દેખાયું. તે આનંદથી બોલી ઊઠયો: "અહો! લોકો મારા લેખનના કિંમત કરતા જણાય છે. કોઈ ધનિકને મારા લેખો ગમ્યા હશે તે મને આ છાની મદદ કરી! હું મારું આ નાટક પરું કરીશ."

બીજે દિવસે પાકોળી પાછી ફરવા ગઇ, આજે તે બંદર ઉપર ગઇ. ત્યાં મોટાં વહાણો જોયાં. હોડીની દાંડી ઉપર બેઠી. બારવાઓ મોટા મોટા પટારાઓ વહાણ પર ચઢાવતા હતા તે જોયું. તેમનાં ગાયનો સાંભળ્યાં. તેમના પટારાઓ જોઇને તેને મીસરદેશ યાદ આવ્યો.

તે બોલી ઊઠી, "બસ આજે તો જવું જ જોઇએ."

રાત્રે ચાંદો ઊગ્યો ને પાકોળી રાજપુત્ર પાસે આવી.

"દોસ્ત રાજકુમાર, આજે હું વિદાય લેવા આવી છું."

"પાકોળીબેન, મારી નાનીબહેન, તું મારી બાતર એક રાત રહી જા ને."

"પણ ભાઇ, હવે શિયાળો આવ્યો, હવે બૂબ જ ટાઢ વાશે અને બરફ પણ પડવા લાગશે, મીસરદેશમાં સારો તડકો પડે છે. લીલીછમ બજૂરીમાં બેસવાની ત્યાં બહુ મજા પડે છે. ત્યાંની આળસુ મગરો બસ કાદવમાં પડી જ રહે છે. મારી બેન-પણીઓ તો બાલબેકના મંદિરમાં માળાઓ બાંધવા લાગી હશે. પેલાં ગુલાબી ઘોળાં કબૂતરો તો તેમની સામે જોયા જ કરતાં હશે, અને ઘૂઘવીને એકબીજાને કહેતાં હશે, બરેબર કુમાર, આજે તો નક્કી જ જવું જોઇએ, હું તને કદી પણ ભૂલવાની નથી. આવતી વસંતઋતુમાં હું અહીંયાં આવીશ ત્યારે બે સુંદર રત્નો લાવીશ. તેં તારાં રત્નો આપી દીધાં છે ને, હું તેમને બેસાડી દઇશ. તારી તલવારમાં હતું તેના કરતાંબે વધારે લાલ ચટક માણિક લાવીશ બને નીલમણિ તો આબેહૂબ નીલ સમુદ્ર જ જોઇ લ્યો."

રાજપુત્ર કહે, "પેલી બાજુના ચોકમાં એક છોકરી દીવાસળીની પેટીઓ વેચતી ઊભી રહી છે, આજે તેની બધી પેટીઓ ગટરમાં પડી ગઇ બને પલળી ગઇ. એનો બાપ જાણશે તો તેને કેટલુંય મારશે તે ઘરે પૈસા ન લઇ જાય તો એનો બાપ હંમેશ આવું જ કરે છે. જો, જો, તે

હાથ માથા પર મૂકી રડે છે. તેના પગમાં જોડા નથી કે માથા પર ટોપી કે બાંધવા સારૂ રૂમાલ પણ નથી. પાકેાણીબેન, આ બીજી આંખનો નિલમણિ કાઢી લે અને આપી આવ તેને એટલે તેનો બાપ તેને નહિ મારે."

"કુમાર, કહે તો રહું એક રાત વધારે; પણ ભાઇ, આ બીજી આંખ પણ ફોડી નાખવાનું ના કહેતો. તો તો તું તદ્દન આંધળો જ થઇ જઇશ."

"પાકેાણીબેન, એ મારી નાની બેન, આમ ના કરતી. હું કહું તેમ તારે કરવાનું. મારી આજ્ઞા તારે માનવી જ."

પાકેાણીએ દુભાતે હૈયે મણિ કાઢી લીધેા અને ભુર્રર્ કરતી ગામભણી ઊડી.



તેના હાથમાં મણિ સેરવી દીધેા

પેલી છોડી પાસે ગઇ ને તેના હાથમાં મણિ સેરવી દીધેા.

છોકરી હસવા લાગી: "બેાહેા! મને કેવેા સુંદર કાચ જડયેા. મને એક ચકલીએ આપ્યેા." એમ કહેતી ઘર તરફ દેાડી.

પાકેાણી ગમગીનીમાં બેઠી હતી.

રાજપુત્રના બભા પર બેઠી બરી. પણ તેના મેાં સામું જોવાતું નહતું. તેની સામે જુએ કે તેને રડવું આવે.

તે ધીમેથી બેાલી: "રાજકુમાર, હવે તું બન્ને આંખે આંધળેા થયેા છે. હવે તને મૂકીને હું કેવી રીતે જાઉં? હવે હું તારી પાસે જ રહીશ."

"ના, ના. પાકેાણી, તું એમ ના કરતી. તું તારે મિસર પહેાંચી જા. અહીં બૂબ જ ટાઢ પડશે. તું જા."

"ના. હવે તારે મારું માનવું પડશે. હું હવે કાયમ માટે અહીં જ રહેવાની."

એમ કહી રાજપુત્રના પગ આગળ આખી રાત સૂઇ રહી.

બીજે દિવસ આખેા દિવસ તે રાજપુત્રના બભાપર જ બેસી રહી. ઘણી ઘણી વાતેા કરી. દેશેદેશની ગંમતભરી વાતેા કરી.

તે કહે, "કુમાર, સાંભળેા. વાત કહું. નાઇલ નદીને કાંઠે બગલાં જોવાની ભારે ગંમત પડે. લાલ લાલ રંગના બધાં હારબંધ બેસે છે. બેસે છે તો ચુનિ જેમ પણ પાણીમાં એકાદ માછલું દેખાય

કે ટપ દઈને પકડી લે છે અને સ્ફિંક્સની વાત તો બહુ જ સરસ. તને કહું?"


આ પ્રમાણે તેણે ઘણી વાતો કરી. વેપારીઓ કેમ આવે છે; મૂઠી ભરી ભરીને અંબરમણિ વીણે છે ને પોઠો ભરી ભરી વેચવા કેમ લઇ જાય છે તે કહ્યું. પછી ચંદ્રગિરિપરની વાત કરી. ત્યાંનો રાજા તો કહે શાળિગ્રામ જેવો કાળો. તેની વાતો બૂબ ગમ્મતભરી હતી. પછી નાળીયેરી ઉપર વસનારા પ્રચંડ લીલાછમ સાપની વાત નીકળી. વીસ વીસ પૂજારી તેની પૂજા કરવા આવે છે ને સાથે મધની ભાકરી લેતા આવે વગેરે બધું કહ્યું. તળાવમાં મોટાં મોટાં ગોળ ગોળ પાન પથરાએલાં હોય, બટુવામન બેસી કેવી લાંબી લાંબી મુસાફરી કરે છે. ને ત્યાંના પતંગિયાં આપસમાં કેવી લડાઇઓ કરે છે તે બધી વાતો ભારે મનોરમ હતી.

બધી વાતો રાજપુત્ર બૂબ રસથી સાંભળતો હતો. છેલ્લે તે બોલ્યોઃ

"બેન, મારી વહાલી નાનકડી બેન, કેટલી મીઠી વાતો કરે છે તું? તારી વાતો બરેબર અદ્‌ભુત છે. પણ મને લાગે છે આના કરતાંયે દુઃખની વાત વધારે અદ્‌ભુત છેઃ તું એક વાર મારા શહેર પર ઊડી આવ અને તને શું શું દેખાય છે તે મને કહે."

પાકોળી નગરપર ઊડી આવી.

તેણે શ્રીમંત લોકો કેવાં સુંદર ઘરોમાં રહે છે અને મજા મારે છે ને તેમના ફાટક આગળ દી આખાના ભૂખ્યા ભિખારીઓ કેવા રાહ જોતા બેસી રહે છે તે જોયું. તે કાળી અંધારી ગલ્લીઓમાં ઊડી. ત્યાં ભૂખે મરતાં બાળકો દેખાણાં. "કોઇ આવશે અને બાવાનું આપશે" એ આશાથી તે દૂર દૂર જોયા કરતાં હતાં. તે પૂલની નીચે પણ ગઇ હતી. ત્યાં પૂલની કમાન નીચે તેને બે છોકરાં દેખાણાં. તે એક બીજાને



એક બીજાને વળગી હુંફ મેળવતા હતા

વળગી હુંફ મેળવવાનો પ્રયત્ન કરતાં હતાં. તે કહેતાં હતાં: "કેટલી બધી ભૂખ લાગી છે. અરેરે ભૂખે તો જાણે જીવ

નીકળી જાશે !" એટલામાં ત્યાં સિપાઈ આવ્યો ને તેણે તેઓને જોયા ને બોલ્યોઃ "એ, છોકરાઉં, અહીં પૂલ નીચે સૂવાનું નથી."

પેલા બિચારા સિપાઇનો અવાજ સાંભળી જીવ લઇને નાઠા. બિચારા વરસતે વરસાદે ભાગતા હતા.

પાકોળી ઊડતી ઊડતી બાવલા પાસે આવી. ને જે જે જોયું હતું તે બધું તેને કહ્યું.

રાજપુત્ર કહે, "હવે બેન, મારું એક બીજું કામ કર. મારા ડિલપર સોનાના પાંદડાનો ઝબ્બો છે તેમાંથી એક એક પાંદડું કાઢ અને પેલાં ગરીબ છોકરાંને આપી આવ. તે જીવતા છે એટલે સોનું તેમને કામ આવશે. તેઓ બિચારાં સુખી થશે. મારે એનું શું કામ છે ?"

અને આમ એકેક એકેક કરતાં પાકોળીએ રાજપુત્રના ઝબ્બામાંથી બધા પાંદડાં બેંચી કાઢયા. રાજપુત્ર કાળો ને કદરૂપો દેખાવા લાગ્યો. પાકોળી તો રોજ કોઇને કોઇને પાંદડું આપી આવે. તેથી ગરીબ બાળકોના ગાલ લાલ દેખાવા લાગ્યા. એ ગુલાબી ગાલવાળાં બાળકો હવે રસ્તામાં આનંદથી બોલતાંકૂદતાં દેખાતાં હતાં. તે હંમેશ બોલતાં સાંભળતાં કે "હવે અમને રોટલા મળે છે. રોટલા મળે છે."

ટાઢ જામી.

બરફ પણ પડવા લાગ્યો. બધે ધૂમસ ફેલાણું. જ્યાં જુઓ ત્યાં બરફ જ બરફ. રસ્તાઓ જાણે ચાંદીના બન્યા. ચકચકીત ને લીસા. ઘરોપર બરફનાં જ તોરણો લટકવા લાગ્યાં. ઝાડની ડાળીપર બરફના જાણે ભાલાંઓ ઊગ્યા. ગામના માણસો બધાં ગરમ કપડાં પહેરી ફરવા લાગ્યાં. નાનાં નાનાં છોકરાંઓ પણ લાલ લાલ ગરમ ટોપીઓ પહેરી બરફપર લપસણું કરવા લાગ્યાં.

બિચારી પાકોળી !
તે તો ટાઢથી ઠરી જ ગઇ !

પણ રાજકુમાર સાથે એની એવી દોસ્તી થઇ હતી કે તેને મૂકીને જવાનો તેને વિચાર સરખોયે નહતો આવતો.

પાસેના ભઠારણાનાની આસપાસ ઘણી-વાર અનાજના કણ કે કટકાણટકા પડતાં તે પાકોળી લઇ આવતી. તે પણ દુકાન-વાળાની નજર ચૂકવીને તેને લેવા પડતા. આટલું જ ભોજન તેને મળતું. અને ફૂંક તો કેમે કરી આવે જ નહિ. બિચારી પાંખ ફફડાવીને થોડીક ગરમી લાવવાનો પ્રયત્ન કરતી.

આખરે તેણે જાણ્યું કે હવે આપણે થોડા જ દિવસો કાઢવાના છે. તેના શરીરમાં જરાએ શક્તિ દેખાતી નહતી.

આખરે એક દિવસ તેણે વિચાર્યું કે એક છેલ્લી વાર પોતાના મિત્રના બાપા-પર બેસી લઉં. જેમ તેમ કરી તે બાબા સુધી પહોંચી.

"વહાલા કુમાર, હવે વિદાય લઉં છું હો કે. રામ રામ રામ. જાઉં છું હવે."

"હા હા વહાલી બેન, હું સાંભળીને ઘણો ખુશી થાઉં છું. તારા જેવાને માટે આવી ટાઢ ન હોય. જા, તું મિસર દેશમાં પહોંચી જા. તું અહીં ઘણું જ રોકાણી. અહીં તો તું હરી જ ગઇ છો. લાવ, એકવાર તારી ચાંચ મારા મોઢા પાસે લાવ તો."

"દોસ્ત, હવે મિસર દેશ કેવો? હું જાઉં છું મૃત્યુદેવ પાસે. મૃત્યુ એટલે નિદ્રાનો જ ભાઇ ને?"

તેણે પોતાની નાની એવી ચાંચ રાજપુત્રના હોઠપર મૂકી. તેની ડોક પર પોતાની ડોક મૂકી. ને તે જ ક્ષણે તે મરીને રાજપુત્રના પગ આગળ પડી! તે જ ક્ષણે પૂતળાની છાતીમાં તડ પડી ને તૂટવા જેવો અવાજ આવ્યો!

"સીસાના બાવલાને પણ તડ પડે એટલી સખ્ત ટાઢ પડી" લોકો કહેતા હતા.

બીજે દિવસે સવારે નગરશેઠ અને તેના મિત્રો તે ચોકમાંથી ફરવા નીકળ્યા. બાવલા પાસે તેઓ આવ્યા.

નગરશેઠ ઊંચી નજરે બાવલું જોવા લાગ્યો.

"અરે! આ સુખી રાજપુત્ર તો સાવ કઢંગો દેખાય છે!"

હા, હા કરનારાઓ ડોક હલાવી હલાવી બોલ્યા,

"સાવ કઢંગો, તદ્દન બરાબ."

નગરશેઠ ઝીણી નજરે જોવા લાગ્યો.

"આ શું? આ તલવારમાં મૂકેલું પેલું "મોટું માણેક ક્યાં ગયું? અને આંખમાં નીલમણિ પણ નથી! ને સોનાનાં પાંદડાં! આ રાજપુત્ર તો ભિખારી દેખાય છે."

ગામલોકો કહે: "સાવ ભિખારી, તદ્દન ભિખારી."

"અને આ તો જુઓ. આના પગ આગળ આ ચકલી મરીને પડી છે. બરોબર આ ન ચાલે. આપણે કાયદો કરવો જોઇએ કે બાવલાં પાસે પક્ષીઓએ ન મરવું જોઇએ."

નગરશેઠના કારકૂને લખી લીધું કે "બાવલાં પાસે પક્ષીઓથી ન મરાય."

આખરે નગરશેઠ અને ગામના મહાજને નક્કી કર્યું કે આ બાવલું ઘણું જ બરાબ દેખાય છે તેથી તેને કાઢી નાખવું અને ભઠ્ઠીમાં નાખી સીસું ગાળી ઉપયોગમાં લેવું.

તરત અમલ થયો.

ભઠ્ઠીમાં આખું પૂતળું તો જરાવારમાં ઓગળી ગયું.

પણ એક ભારે નવાઇની વાત બની. લુહાર તો અચંબો જ કરતો બેઠો. "આ શું ? આ કેવું ચેટક ? કે આખું પૂતળું



લુહાર તો અચંબો જ પામ્યો

ઓગળે પણ આ ચીરો પડેલું તેનું હૃદય કઠણ જ રહે છે. ગમે તેટલો તાપ કરીએ તો પણ જરા નરમેય નથી પડતું !"

લુહાર કંટાળ્યો. તેણે તે હૃદય લઇ સામેના ઉકરડા પર ફેંકી દીધું.

તે ઉકરડાપર જ પેલી મરી ગએલી પાકોળીને પણ ફેંકી દીધી હતી. રાજપુત્રનું હૃદય તેની પાસે જઇ પડયું.

* * *

સ્વર્ગમાં દેવોની સભા ભરાણી હતી. પરમેશ્વર કહે, "દેવદૂતો, પૃથ્વી પર જઇ અત્યંત મૂલ્યવાન એવી બે ચીજો લઇ આવો."

ચારે દિશામાં દેવદૂતની ટોળી ઊપડી. તેમણે રાજાના રતન જડેલા મુગટો જોયા; રાણીઓનાં નવલખા હાર જોયા; સાગરના ભંડારના બધાં રત્નો ને મોતી જોયાં; હીરાની ખાણમાં જઇ મોટામાં મોટા હીરા જોયા; અજબખાનાં જોયાં. શેઠિયાની તિજોરીઓ જોઇ. પણ એક પણ બરી મૂલ્યવાન વસ્તુ ન જડી. દેવદૂતો નિરાશ થઇ પાછા વળતા હતા ત્યાં એકની નજર લુહારની ભઠ્ઠી સામેના ઉકરડા પર પડી. દેવદૂત ખુશ થયા. ફૂલની જાળી કરી તેમાં પાકોળી અને રાજપુત્રનું હૃદય



પાકોળી અને રાજપુત્રનું
હૃદય લઇ તેઓ ઉડયા

મૂકી તેઓ સ્વર્ગ તરફ ઊડયા. પરમેશ્વર કહે, "કેટલાં મૂલ્યવાન ! મારા નંદનવનમાં આ બન્ને સતત મધુર ગાન ગાશે."

[મૂળ લેખક : ઓસ્કર વાઇલ્ડ : અનુવાદક : તારાબેન મોડક]

સ્વાર્થી રાક્ષસ

હંમેશ નિશાળ છૂટે કે તરત બાળકો તે બાગમાં રમવા જતાં.

બાગ બહુ મોટો હતો. તેમાં લીલી હરિયાળી અને છોડ હતા અને છોડે છોડે નાનાં નાનાં ફૂલ ઊઘડેલાં હતાં. બાગમાં દસબાર આંબાનાં ઝાડ હતાં. તે ઝાડ ઉપર વસંતઋતુમાં મહોર આવતો, ઉનાળામાં તે સુંદર ફળોથી લચકી પડતા, ને તેના પર બેસી કોયલ, બુલબુલ વગેરે પક્ષીઓ સુમધુર અવાજોથી આખા બગીચાને ભરી નાખતાં હતાં.

નાનાં બાળકો તે મહોર જોવા, પક્ષીઓનું સુંદર સંગીત સાંભળવા ત્યાં આવતાં. આનંદથી તેઓ ખૂબ નાચતાં અને રમતાં.

પણ આવો સુંદર બાગ એક રાક્ષસનો હતો. તે રાક્ષસ પોતાના એક મિત્રને મળવા ગયો હતો અને ત્યાં તે સાત વર્ષ સુધી રહ્યો. મિત્ર સાથેની મુલાકાત પૂરી થઇ ત્યારે તે પાછો ઘેર આવવા નીકળ્યો. પોતાના બાગમાં આવી તેણે જોયું તો ત્યાં તો પક્ષીઓનો કિલકિલાટ અને નાનાં બાળકોનો કોલાહલ હતો!

રાક્ષસ ચિડાયો અને બોલ્યો,

"શી આ ધમાલ માંડી છે? આ બાગ મારો છે. તેમાં તમે બધાં કોણ ઘૂસ્યાં છો?"

રાક્ષસનો એ ક્રૂર ચહેરો જોઇને અને ઘોઘરો અવાજ સાંભળીને બાળકો અને પક્ષીઓ નાસી ગયાં.

રાક્ષસે બાગની આગળ એક ઊંચી ભીંત બનાવી અને તેના ઉપર પાટિયું લગાવ્યું.

અંદર જવાની મનાઈ છે

બિચારાં બાળકોને ક્યાંય રમવાની જગ્યા જ રહી નહિ. તેઓ રસ્તા ઉપર રમવા લાગ્યાં, પણ ત્યાં તો ધૂળ પથરા એટલા હતા કે તે જગા તેમને ગમી નહિ.

બાળકો પેલી બાગની પથ્થરની દીવાલ આગળ ફરતાં અને વાતો કરતાં, "આપણો બાગ કેવો સરસ હતો!"

વસંતઋતુ આવી અને તેની સાથે ફરી પાછો નવો મહોર, નવાં પાન, નવાં ફૂલ આવ્યાં અને નવો નવો આનંદ અને પ્રફુલ્લતા પ્રસરી રહી!

એક માત્ર રાક્ષસના બગીચામાં હજુ શિયાળો જ હતો. ત્યાં ન હતાં બાળકો

કે ફૂલો! પક્ષીઓ ત્યાં ગયાં જ નહિ અને ઝાડ પણ અણફૂલ્યાં રહ્યાં!

એક વાર એક ફૂલ ઊઘડ્યું, પણ બાળકો ન હતાં એ જોઈને તેણે પોતાનું મોઢું પથરા નીચે લપાવી દીધું અને સુકાઇ ગયું.

બરફ અને ધુમ્મસને જ માત્ર આનંદ થયો, "ઠીક થયું! વસંત અહીં આવવું જ ભૂલી ગઇ. આપણે હવે આખું વર્ષ અહીં જ રહીશું."

બરફે બધી હરિયાળી પોતાનાથી આવરી દીધી અને બધું સફેદ કરી નાખ્યું. ધુમ્મસે ચારે તરફ બધું ઘેરું વાતાવરણ પસારી દીધું.

પછી તેણે ઉત્તરના ઠંડા પવનને બોલાવ્યો. તે ચારે તરફ ફેંકાવા લાગ્યો. તેના સુસવાટા સાંભળી ઝાડો ધ્રૂજવા લાગ્યાં.

તેણે પોતાની તોફાની બહેનને બોલાવી. તેણે વર્ષાની શરૂઆત કરી.

રાક્ષસ મનમાં બોલવા લાગ્યો, 'મારા બાગમાં હજુ વસંત કેમ ન આવી? આ ધુમ્મસ ને ઠંડીથી તો સાચે જ કંટાળો આવ્યો!'

બારણામાંથી જુએ તો ચારે તરફ માત્ર બરફ, ધુમ્મસ, ઠંડી અને હવા!

* * *

એક દિવસ રાક્ષસ પોતાના બિછાનામાં આળોટતો હતો એટલામાં એક સુંદર મધુર ગીત તેણે સાંભળ્યું. તેને લાગ્યું કે રાજાના સીતાર વગાડનારાઓ જ હશે. પણ બારણામાં જઇને જોયું તો એક નાની મેના હતી. પોતાના બાગમાં કેટલાય દિવસથી તેણે પક્ષીઓનું ગાન સાંભળ્યું જ ન હતું એટલે આ મેનાનું ગીત તેને બહુ મધુર લાગ્યું.

મેનાનું ગીત શરૂ થતાં જ કરાનો વરસાદ બંધ થયો અને ઉત્તર તરફની હવાના સુસવાટા પણ બંધ થયા.

રાક્ષસ કૂદકો મારી બાગમાં આવ્યો. બગીચામાં સુંદર સુગંધ મહેકતી હતી. રાક્ષસ બોલ્યો, "છેવટે એક વારની વસંત પાછી આવી બરી! કેવું સુંદર!"

પણ સામે જુએ છે તો શું દેખાયું? તેને જોઇને આશ્ચર્ય જ થયું.

તે પથ્થરની જડી દીવાલમાં એક નાનું કાણું પડ્યું હતું. તે કાણાંમાંથી નાનાં બાળકો અંદર ઘૂસ્યાં હતાં અને ઝાડની ડાળીઓ પર બેસી હીંચકતાં હતાં. બાળકોને જોઇને ઝાડોને એટલો આનંદ થયો કે તેના પર ફૂલની બહાર આવી. તેની સાથે જ ત્યાં નાનાંમોટાં પક્ષીઓ કિલકિલાટ કરવાં લાગ્યાં. ઘાસમાંથી અને છોડમાંથી ફૂલો પણ પોતાની ગરદનો ઊંચકી બાળકોની ગમ્મત જોવા લાગ્યાં.

રાક્ષસને આ બધું જોઈને આશ્ચર્ય થયું.

એક પેલી તરફના ખૂણામાં હજુ બરફ અને ધુમ્મસ હતું. ત્યાં હજુ બાળકો પહોંચ્યાં ન હતાં. એક નાનું બાળક ઝાડની ડાળી ઉપર ચડવા પ્રયત્ન કરતું હતું અને ડાળીઓ પણ નીચી નમી નમીને 'ઉપર ચડ, ઉપર ચડ' એમ કહી તેને બોલાવતી હતી, પણ તે બાળક બૂબ નાનું હતું એટલે એના પર એનાથી ચડી શકાતું ન હતું.

તે જોઈને રાક્ષસનું મન પીગળ્યું. 'આજ સુધી હું બૂબ સ્વાર્થી હતો એટલે જ મારા બાગમાં વસંત આવતી ન હતી. અત્યારે હું પેલાં બાળકને ઝાડ ઉપર બેસાડું અને આ પથ્થરની દીવાલને તોડી નંખાવી, બાળકોને રમવા માટે આ બાગ ખુલ્લો મૂકું.'

તે દોડતો નીચે ગયો. આગળ ફાટક ઊઘડ્યું અને તે બગીચામાં દાખલ થયો. તેને જોઈને બાળકો ગભરાયાં અને બહાર દોડી ગયાં. બાગમાં ફરી પાછો શિયાળો જ શિયાળો !

બીજાં બધાં બાળકો સાથે પેલું નાનું બાળક ન ગયું. કારણ તેની આંખો આંસુથી ભરાઈ હતી અને તેથી તેને તે રાક્ષસ દેખાયો જ નહિ.

રાક્ષસે હળવેથી પાછળ જઈ, તે બાળકને ઉપાડી લીધું અને નાજુક હાથથી તેને ઝાડ ઉપર ચડાવી દીધું. તેમ થતાંની સાથે જ ઝાડ ઉપર ફૂલો આવ્યાં અને પક્ષીઓએ ગાન શરૂ કર્યું. તે બાળકે આનંદથી બન્ને હાથ આગળ કર્યા અને રાક્ષસના ગળાને વળગી પડ્યું. રાક્ષસે તેને બચી ભરી.

બાકીનાં બાળકોએ જોયું કે રાક્ષસ હવે પહેલાં જેવો ક્રૂર નથી રહ્યો. એટલે તેઓ ધીરે ધીરે બાગમાં આવ્યાં અને બાગમાં ફરી ફૂલ બીલી નીકળ્યાં.

રાક્ષસ બૂબ આનંદ પામ્યો અને ઝપટથી ભીંત પાડી નાખી. બપોરે ગામના લોકો બંગલામાં જતાં હતાં ત્યારે તેઓએ નાનાં બાળકોને રાક્ષસનાં શરીર અને બંભા પર રમતાં જોયાં. વસંતની નવપલ્લવતા અને ફૂલોની બહાર પણ તેઓએ જોઈ.


હવે હંમેશ શાળા છૂટે એટલે બાળકો બાગમાં આવતાં અને રાક્ષસની સાથે રમતાં. બાળકો હસતાં, ફૂલો હસતાં અને રાક્ષસ પણ હસતો.

આમ કરતાં કરતાં કેટલાંક વર્ષો ગયાં. રાક્ષસ બિલકુલ વૃદ્ધ થયો. તેનાથી હવે બાળકો સાથે રમી શકાતું નહિ. તે હવે આરામખુરશી ઉપર બેસી બાળકોની રમતો જોતો.

તે કહેતો, "મારા બાગમાં બૂબ સુંદર ફૂલો છે પણ બધાથી સુંદર તો બાળકો જ છે."

અનુ: તારાબેન.

શિક્ષણપત્રિકાના આ ભેટ અંકનું ટિંરગી પૂઠું તથા અંદરના સોળ પેજ સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઈમાં છાપ્યાં છે.


22971
22971

२२१७।

शिक्षाङ्का पत्रिका

वर्ष १२: १९९५

કે ટપ દઈને પકડી લે છે અને સ્ફિંક્સની વાત તો બહુ જ સરસ. તને કહું?"


આ પ્રમાણે તેણે ઘણી વાતો કરી. વેપારીઓ કેમ આવે છે; મૂઠી ભરી ભરીને અંબરમણિ વીણે છે ને પોઠો ભરી ભરી વેચવા કેમ લઈ જાય છે તે કહ્યું. પછી ચંદ્રગિરિપરની વાત કરી. ત્યાંનો રાજા તો કહે શાળિગ્રામ જેવો કાળો. તેની વાતો બૂબ ગમ્મતભરી હતી. પછી નાળીયેરી ઉપર વસનારા પ્રચંડ લીલાછમ સાપની વાત નીકળી. વીસ વીસ પૂજારી તેની પૂજા કરવા આવે છે ને સાથે મધની ભાકરી લેતા આવે વગેરે બધું કહ્યું. તળાવમાં મોટાં મોટાં ગોળ ગોળ પાન પથરાએલાં હોય, બટુવામન બેસી કેવી લાંબી લાંબી મુસાફરી કરે છે. ને ત્યાંના પતંગિયાં આપસમાં કેવી લડાઈઓ કરે છે તે બધી વાતો ભારે મનોરમ હતી.

બધી વાતો રાજપુત્ર બૂબ રસથી સાંભળતો હતો. છેલ્લે તે બોલ્યોઃ

"બેન, મારી વહાલી નાનકડી બેન, કેટલી મીઠી વાતો કરે છે તું! તારી વાતો બરેબર અદ્‌ભુત છે. પણ મને લાગે છે આના કરતાંયે દુઃખની વાત વધારે અદ્‌ભુત છે. તું એક વાર મારા શહેર પર ઊડી આવ અને તને શું શું દેખાય છે તે મને કહે."

પાકોળી નગરપર ઊડી આવી.

તેણે શ્રીમંત લોકો કેવાં સુંદર ઘરોમાં રહે છે અને મજા મારે છે ને તેમના ફાટક આગળ દી આખાના ભૂખ્યા ભિખારીઓ કેવા રાહ જોતા બેસી રહે છે તે જોયું. તે કાળી અંધારી ગલ્લીઓમાં ઊડી. ત્યાં ભૂખે મરતાં બાળકો દેખાણાં. "કોઇ આવશે અને બાવાનું આપશે" એ આશાથી તે દૂર દૂર જોયા કરતાં હતાં. તે પૂલની નીચે પણ ગઇ હતી. ત્યાં પૂલની કમાન નીચે તેને બે છોકરાં દેખાણાં. તે એક બીજાને



એક બીજાને વળગી હુંફ મેળવતા હતા

વળગી હુંફ મેળવવાનો પ્રયત્ન કરતાં હતાં. તે કહેતાં હતાં: "કેટલી બધી ભૂખ લાગી છે. અરેરે ભૂખે તો જાણે જીવ

નીકળી જશે !” એટલામાં ત્યાં સિપાઈ આવ્યો ને તેણે તેઓને જોયા ને બોલ્યોઃ “એ, છોકરાઉં, અહીં પૂલ નીચે સૂવાનું નથી.”

પેલા બિચારા સિપાઇનો અવાજ સાંભળી જીવ લઇને નાઠા. બિચારા વરસતે વરસાદે ભાગતા હતા.

પાકોળી ઊડતી ઊડતી આવલા પાસે આવી. ને જે જે જોયું હતું તે બધું તેને કહ્યું.

રાજપુત્ર કહે, “હવે બેન, મારું એક બીજું કામ કર. મારા ડિલપર સોનાના પાંદડાનો ઝબ્બો છે તેમાંથી એક એક પાંદડું કાઢ અને પેલાં ગરીબ છોકરાંને આપી આવ. તે જીવતા છે એટલે સોનું તેમને કામ આવશે. તેઓ બિચારાં સુખી થશે. મારે એનું શું કામ છે?”

અને આમ એકેક એકેક કરતાં પાકોળીએ રાજપુત્રના ઝબ્બામાંથી બધા પાંદડાં બેંચી કાઢયા. રાજપુત્ર કાળો ને કદરૂપો દેખાવા લાગ્યો. પાકોળી તો રોજ કોઇને કોઇને પાંદડું આપી આવે. તેથી ગરીબ બાળકોના ગાલ લાલ દેખાવા લાગ્યા. એ ગુલાબી ગાલવાળાં બાળકો હવે રસ્તામાં આનંદથી બેલતાંકૂદતાં દેખાતાં હતાં. તે હંમેશ બોલતાં સાંભળતાં કે “હવે અમને રોટલા મળે છે. રોટલા મળે છે.”

ટાઢ જામી.

બરફ પણ પડવા લાગ્યો. બધે ધૂમસ ફેલાણું. જ્યાં જુઓ ત્યાં બરફ જ બરફ. રસ્તાઓ જાણે ચાંદીના બન્યા. ચકચકીત ને લીસા. ઘરોપર બરફનાં જ તોરણો લટકવા લાગ્યાં. ઝાડની ડાળીપર બરફના જાણે ભાલાંઓ ઊગ્યા. ગામના માણસો બધાં ગરમ કપડાં પહેરી ફરવા લાગ્યાં. નાનાં નાનાં છોકરાંઓ પણ લાલ લાલ ગરમ ટોપીઓ પહેરી બરફપર લપસણું કરવા લાગ્યાં.

બિચારી પાકોળી!
તે તો ટાઢથી ઠરી જ ગઇ!

પણ રાજકુમાર સાથે એની એવી દોસ્તી થઇ હતી કે તેને ભૂકીને જવાનો તેને વિચાર સરખોયે નહતો આવતો.

પાસેના ભઠારણાનાની આસપાસ ઘણીવાર અનાજના કણ કે કટકાબટકા પડતાં તે પાકોળી લઇ આવતી. તે પણ દુકાનવાળાની નજર ચૂકવીને તેને લેવા પડતા. આટલું જ ભોજન તેને મળતું. અને ફૂંફે તો કેમે કરી આવે જ નહિ. બિચારી પાંખ ફફડાવીને થોડીક ગરમી લાવવાનો પ્રયત્ન કરતી.

આખરે તેણે જાણ્યું કે હવે આપણે થોડા જ દિવસો કાઢવાના છે. તેના શરીરમાં જરાયે શક્તિ દેખાતી નહતી.

આખરે એક દિવસ તેણે વિચાર્યું કે એક છેલ્લી વાર પોતાના મિત્રના બાપા-પર બેસી લઉં. જેમ તેમ કરી તે બાપ સુધી પહોંચી.

"વહાલા કુમાર, હવે વિદાય લઉં છું હો કે. રામ રામ રામ. જાઉં છું હવે."

"હા હા વહાલી બેન, હું સાંભળીને ઘણો ખુશી થાઉં છું. તારા જેવાને માટે આવી ટાઢ ન હોય. જા, તું મિસર દેશમાં પહોંચી જા. તું અહીં ઘણું જ રોકાણી. અહીં તો તું હરી જ ગઇ છો. લાવ, એકવાર તારી ચાંચ મારા મોઢા પાસે લાવ તો."

"દોસ્ત, હવે મિસર દેશ કેવો? હું જાઉં છું મૃત્યુદેવ પાસે. મૃત્યુ એટલે નિદ્રાનો જ ભાઇ ને?"

તેણે પોતાની નાની એવી ચાંચ રાજપુત્રના હોઠપર મૂકી. તેની ડોક પર પોતાની ડોક મૂકી. ને તે જ ક્ષણે તે મરીને રાજપુત્રના પગ આગળ પડી! તે જ ક્ષણે પૂતળાની છાતીમાં તડ પડી ને તૂટવા જેવો અવાજ આવ્યો!

"સીસાના બાવલાને પણ તડ પડે એટલી સખ્ત ટાઢ પડી" લોકો કહેતા હતા.

બીજે દિવસે સવારે નગરશેઠ અને તેના મિત્રો તે ચોકમાંથી ફરવા નીકળ્યા. બાવલા પાસે તેઓ આવ્યા.

નગરશેઠ ઊંચી નજરે બાવલું જોવા લાગ્યો.

"અરે! આ સુખી રાજપુત્ર તો સાવ કઢંગો દેખાય છે!"

હા, હા કરનારાઓ ડોક હલાવી હલાવી બોલ્યા,

"સાવ કઢંગો, તદ્દન બરાબ."

નગરશેઠ ઝીણી નજરે જોવા લાગ્યો.

"આ શું? આ તલવારમાં મૂકેલું પેલું "મોટું માણેક ક્યાં ગયું? અને આંખમાં નીલમણિ પણ નથી! ને સોનાંનાં પાંદડાં! આ રાજપુત્ર તો ભિખારી દેખાય છે."

ગામલોકો કહે: "સાવ ભિખારી, તદ્દન ભિખારી."

"અને આ તો જુઓ. આના પગ આગળ આ ચકલી મરીને પડી છે. બરોબર આ ન ચાલે. આપણે કાયદો કરવો જોઇએ કે બાવલાં પાસે પક્ષીઓએ ન મરવું જોઇએ."

નગરશેઠના કારકૂને લખી લીધું કે "બાવલાં પાસે પક્ષીઓથી ન મરાય."

આખરે નગરશેઠ અને ગામના મહાજને નક્કી કર્યું કે આ બાવલું ઘણું જ બરાબ દેખાય છે તેથી તેને કાઢી નાખવું અને ભઠ્ઠીમાં નાખી સીસું ગાળી ઉપયોગમાં લેવું.

તરત અમલ થયો.

ભઠ્ઠીમાં આખું પૂતળું તો જરાવારમાં ઓગળી ગયું.

પણ એક ભારે નવાઇની વાત બની. લુહાર તો અચંબો જ કરતો બેઠો. "આ શું ? આ કેવું ચેટક ? કે આખું પૂતળું



લુહાર તો અચંબે જ પામ્યો

ઓગળે પણ આ ચીરો પડેલુ તેનું હૃદય કઠણ જ રહે છે. ગમે તેટલો તાપ કરીએ તો પણ જરા નરમેય નથી પડતું !"

લુહાર કંટાળ્યો. તેણે તે હૃદય લઇ સામેના ઉકરડા પર ફેંકી દીધું.

તે ઉકરડાપર જ પેલી મરી ગએલી પાકોળીને પણ ફેંકી દીધી હતી. રાજપુત્રનું હૃદય તેની પાસે જઇ પડયું.

*

સ્વર્ગમાં દેવોની સભા ભરાણી હતી. પરમેશ્વર કહે, "દેવદૂતો, પૃથ્વી પર જઇ અત્યંત મૂલ્યવાન એવી બે ચીજો લઇ આવો."

ચારે દિશામાં દેવદૂતની ટોળી ઊપડી. તેમણે રાજાના રતન જડેલા મુગટો જોયા; રાણીઓનાં નવલખા હાર જોયા; સાગરના ભંડારના બધાં રત્નો ને મોતી જોયાં; હીરાની ખાણમાં જઇ મોટામાં મોટા હીરા જોયા; અજબખાનાં જોયાં. શેઠિયાની તિજોરીઓ જોઇ. પણ એક પણ બરી મૂલ્યવાન વસ્તુ ન જડી. દેવદૂતો નિરાશ થઇ પાછા વળતા હતા ત્યાં એકની નજર લુહારની ભઠ્ઠી સામેના ઉકરડા પર પડી. દેવદૂત ખુશ થયા. ફૂલની જાળી કરી તેમાં પાકોળી અને રાજપુત્રનું હૃદય



પાકોળી અને રાજપુત્રનું
હૃદય લઇ તેઓ ઉડયા

ખૂબી તેઓ સ્વર્ગ તરફ ઊડયા. પરમેશ્વર કહે, "કેટલાં મૂલ્યવાન ! મારા નંદનવનમાં આ બન્ને સતત મધુર ગાન ગાશે."

[મૂળ લેખક : ઓસ્કર વાઇલ્ડ : અનુવાદક : તારાબેન મોડક]

સ્વાર્થી રાક્ષસ

હંમેશ નિશાળ છૂટે કે તરત બાળકો તે બાગમાં રમવા જતાં.

બાગ બહુ મોટો હતો. તેમાં લીલી હરિયાળી અને છોડ હતા અને છોડે છોડે નાનાં નાનાં ફૂલ ઊઘડેલાં હતાં. બાગમાં દસબાર આંબાનાં ઝાડ હતાં. તે ઝાડ ઉપર વસંતઋતુમાં મહોર આવતો, ઉનાળામાં તે સુંદર ફળોથી લચકી પડતા, ને તેના પર બેસી કોયલ, બુલબુલ વગેરે પક્ષીઓ સુમધુર અવાજોથી આખા બગીચાને ભરી નાખતાં હતાં.

નાનાં બાળકો તે મહોર જોવા, પક્ષીઓનું સુંદર સંગીત સાંભળવા ત્યાં આવતાં. આનંદથી તેઓ ખૂબ નાચતાં અને રમતાં.

પણ આવો સુંદર બાગ એક રાક્ષસનો હતો. તે રાક્ષસ પોતાના એક મિત્રને મળવા ગયો હતો અને ત્યાં તે સાત વર્ષ સુધી રહ્યો. મિત્ર સાથેની મુલાકાત પૂરી થઇ ત્યારે તે પાછો ઘેર આવવા નીકળ્યો. પોતાના બાગમાં આવી તેણે જોયું તો ત્યાં તો પક્ષીઓનો કિલકિલાટ અને નાનાં બાળકોનો કોલાહલ હતો!

રાક્ષસ ચિડાયો અને બોલ્યો,

"શી આ ધમાલ માંડી છે? આ બાગ મારો છે. તેમાં તમે બધાં કોણ ઘૂસ્યાં છો?"

રાક્ષસનો એ ક્રૂર ચહેરો જોઇને અને ઘોઘરો અવાજ સાંભળીને બાળકો અને પક્ષીઓ નાસી ગયાં.

રાક્ષસે બાગની આગળ એક ઊંચી ભીંત બનાવી અને તેના ઉપર પાટિયું લગાવ્યું.

અંદર જવાની મનાઈ છે

બિચારાં બાળકોને ક્યાંય રમવાની જગ્યા જ રહી નહિ. તેઓ રસ્તા ઉપર રમવા લાગ્યાં, પણ ત્યાં તો ધૂળ પથરા એટલા હતા કે તે જગા તેમને ગમી નહિ.

બાળકો પેલી બાગની પથ્થરની દીવાલ આગળ ફરતાં અને વાતો કરતાં, "આપણો બાગ કેવો સરસ હતો!"

વસંતઋતુ આવી અને તેની સાથે ફરી પાછો નવો મહોર, નવાં પાન, નવાં ફૂલ આવ્યાં અને નવો નવો આનંદ અને પ્રફુલ્લતા પ્રસરી રહી!

એક માત્ર રાક્ષસના બગીચામાં હજુ શિયાળો જ હતો. ત્યાં ન હતાં બાળકો

કે ફૂલો! પક્ષીઓ ત્યાં ગયાં જ નહિ અને ઝાડ પણ અણફૂલ્યાં રહ્યાં!

એક વાર એક ફૂલ ઊઘડ્યું, પણ બાળકો ન હતાં એ જોઈને તેણે પોતાનું મોઢું પથરા નીચે લપાવી દીધું અને સુકાઇ ગયું.

બરફ અને ધુમ્મસને જ માત્ર આનંદ થયો, "ઠીક થયું! વસંત અહીં આવવું જ ભૂલી ગઇ. આપણે હવે આખું વર્ષ અહીં જ રહીશું."

બરફે બધી હરિયાળી પોતાનાથી આવરી દીધી અને બધું સફેદ કરી નાખ્યું. ધુમ્મસે ચારે તરફ બધું ઘેરું વાતાવરણ પસારી દીધું.

પછી તેણે ઉત્તરના ઠંડા પવનને બોલાવ્યો. તે ચારે તરફ ફેંકાવા લાગ્યો. તેના સુસવાટા સાંભળી ઝાડો ધ્રૂજવા લાગ્યાં.

તેણે પોતાની તોફાની બહેનને બોલાવી. તેણે વર્ષાની શરૂઆત કરી.

રાક્ષસ મનમાં બોલવા લાગ્યો, 'મારા બાગમાં હજુ વસંત કેમ ન આવી? આ ધુમ્મસ ને ઠંડીથી તો સાચે જ કંટાળો આવ્યો!'

બારણામાંથી જુએ તો ચારે તરફ માત્ર બરફ, ધુમ્મસ, ઠંડી અને હવા!

* * *

એક દિવસ રાક્ષસ પોતાના બિછાનામાં આળોટતો હતો એટલામાં એક સુંદર મધુર ગીત તેણે સાંભળ્યું. તેને લાગ્યું કે રાજાના સીતાર વગાડનારાઓ જ હશે. પણ બારણામાં જઇને જોયું તો એક નાની મેના હતી. પોતાના બાગમાં કેટલાય દિવસથી તેણે પક્ષીઓનું ગાન સાંભળ્યું જ ન હતું એટલે આ મેનાનું ગીત તેને બહુ મધુર લાગ્યું.

મેનાનું ગીત શરૂ થતાં જ કરાનો વરસાદ બંધ થયો અને ઉત્તર તરફની હવાના સુસવાટા પણ બંધ થયા.

રાક્ષસ કૂદકો મારી બાગમાં આવ્યો. બગીચામાં સુંદર સુગંધ મહેકતી હતી. રાક્ષસ બોલ્યો, "છેવટે એક વારની વસંત પાછી આવી બરી! કેવું સુંદર!"

પણ સામે જુએ છે તો શું દેખાયું? તેને જોઇને આશ્ચર્ય જ થયું.

તે પથ્થરની જડી દીવાલમાં એક નાનું કાણું પડ્યું હતું. તે કાણાંમાંથી નાનાં બાળકો અંદર ઘૂસ્યાં હતાં અને ઝાડની ડાળીઓ પર બેસી હીંચકતાં હતાં. બાળકોને જોઇને ઝાડોને એટલો આનંદ થયો કે તેના પર ફૂલની બહાર આવી. તેની સાથે જ ત્યાં નાનાંમોટાં પક્ષીઓ કિલકિલાટ કરવાં લાગ્યાં. ઘાસમાંથી અને છોડમાંથી ફૂલો પણ પોતાની ગરદનો ઊંચકી બાળકોની ગમ્મત જોવા લાગ્યાં.

રાક્ષસને આ બધું જોઈને આશ્ચર્ય થયું.

એક પેલી તરફના ખૂણામાં હજુ બરફ અને ધુમ્મસ હતું. ત્યાં હજુ બાળકો પહોંચ્યાં ન હતાં. એક નાનું બાળક ઝાડની ડાળી ઉપર ચડવા પ્રયત્ન કરતું હતું અને ડાળીઓ પણ નીચી નમી નમીને 'ઉપર ચડ, ઉપર ચડ' એમ કહી તેને બોલાવતી હતી, પણ તે બાળક બૂબ નાનું હતું એટલે એના પર એનાથી ચડી શકાતું ન હતું.

તે જોઈને રાક્ષસનું મન પીગળ્યું. 'આજ સુધી હું બૂબ સ્વાર્થી હતો એટલે જ મારા બાગમાં વસંત આવતી ન હતી. અત્યારે હું પેલાં બાળકને ઝાડ ઉપર બેસાડું અને આ પથ્થરની દીવાલને તોડી નંખાવી, બાળકોને રમવા માટે આ બાગ ખુલ્લો મૂકું.'

તે દોડતો નીચે ગયો. આગળ ફાટક ઊઘડ્યું અને તે બગીચામાં દાખલ થયો. તેને જોઈને બાળકો ગભરાયાં અને બહાર દોડી ગયાં. બાગમાં ફરી પાછો શિયાળો જ શિયાળો!

બીજાં બધાં બાળકો સાથે પેલું નાનું બાળક ન ગયું. કારણ તેની આંખો આંસુથી ભરાઈ હતી અને તેથી તેને તે રાક્ષસ દેખાયો જ નહિ.

રાક્ષસે હળવેથી પાછળ જઈ, તે બાળકને ઉપાડી લીધું અને નાજુક હાથથી તેને ઝાડ ઉપર ચડાવી દીધું. તેમ થતાંની સાથે જ ઝાડ ઉપર ફૂલો આવ્યાં અને પક્ષીઓએ ગાન શરૂ કર્યું. તે બાળકે આનંદથી બન્ને હાથ આગળ કર્યા અને રાક્ષસના ગળાને વળગી પડ્યું. રાક્ષસે તેને બચી ભરી.

બાકીનાં બાળકોએ જોયું કે રાક્ષસ હવે પહેલાં જેવો ક્રૂર નથી રહ્યો. એટલે તેઓ ધીરે ધીરે બાગમાં આવ્યાં અને બાગમાં ફરી ફૂલ બીલી નીકળ્યાં.

રાક્ષસ બૂબ આનંદ પામ્યો અને ઝપટથી ભીંત પાડી નાખી. બપોરે ગામના લોકો બજારમાં જતાં હતાં ત્યારે તેઓએ નાનાં બાળકોને રાક્ષસનાં શરીર અને બંભા પર રમતાં જોયાં. વસંતની નવપલ્લવતા અને ફૂલોની બહાર પણ તેઓએ જોઈ.

હવે હંમેશ શાળા છૂટે એટલે બાળકો બાગમાં આવતાં અને રાક્ષસની સાથે રમતાં. બાળકો હસતાં, ફૂલો હસતાં અને રાક્ષસ પણ હસતો.

આમ કરતાં કરતાં કેટલાંક વર્ષો ગયાં. રાક્ષસ બિલકુલ વૃદ્ધ થયો. તેનાથી હવે બાળકો સાથે રમી શકાતું નહિ. તે હવે આરામખુરશી ઉપર બેસી બાળકોની રમતો જોતો,

તે કહેતો, "મારા બાગમાં બૂબ સુંદર ફૂલો છે પણ બધાથી સુંદર તો બાળકો જ છે."

અનુ: તારાબેન.

શિક્ષણપત્રિકાના આ ભેટ અંકનું દ્વિરંગી પૂઠું તથા અંદરના સોળ પેજ સ્ટેટસ પીપલ પ્રેસ, ૧૩૮, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈમાં છાપ્યાં છે.



22971

22971